શ્રીસ્વામિનારાયણ ભગવાને પરમહંસો ઉપર લખેલો પત્ર

॥ વેદરસ ॥

સારસહિત



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા



શ્રીહરિ પત્ર લખાવે છે.

INDEX



શ્રીસ્વામિનારાયણ ભગવાને પરમહંસો ઉપર લખેલો પત્ર

॥ વેદરસ ॥

સારસહિત

:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

વેદરસ (સારસહિત)

ઉદ્બોધક : શ્રીસ્વામિનારાયણ ભગવાન

પ્રેરક એવં સંશોધક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સારસંગ્રહ કર્તા : પૂ.ઈશ્વરચરણદાસજી સ્વામી-કુંડળધામ

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૩, દિવાળી, તા.૧૯/૧૦/૨૦૧૭

ત્રીજી આવૃત્તિ : સં.૨૦૭૫, રક્ષાબંધન, તા.૧૫/૦૮/૨૦૧૯

પ્રત : ૫૦૦

કુલ પ્રત : ૨૦૦૦

કિંમત : ₹ ૫૦/-

ISBN : 978-93-83456-79-6



- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- વડોદરા : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.org
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ સત્સંગહોલ, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જિ. :** ....

શ્રીહરિએ વેદ-વેદાંતનાં રહસ્યોને આ **'વેદરસ'** ગ્રંથમાં સરળ અને સહજ રીતે સમજાવ્યાં છે. અને શ્રીજીમહારાજે અનેકવાર 'હે પરમહંસો !' આવું સ્નેહસભર સંબોધન કરી પોતાના પ્યારા સંતોને સાધુતાના આધારસ્તંભ સમા પંચવર્તમાનનું પીયૂષપાન કરાવ્યું છે.

આ ગ્રંથના સેવનથી આપનો મોક્ષમાર્ગ પ્રશસ્ત બનો એ જ અભ્યર્થના સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ ....

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ્રસ્તાવના



આ વેદરસ ગ્રંથ આધ્યાત્મિક જ્ઞાનથી ભરપૂર છે. આ ગ્રંથના મુખ્ય પ્રવક્તા સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન છે. શ્રીહરિએ પ્યારા પરમહંસોને ઉદ્દેશીને જે ઉપદેશ આપ્યો, તેનો શુકમુનિ આદિ નંદસંતોએ સંગ્રહ કર્યો. આ ઉપદેશ વેદ-ઉપનિષદના અર્ક સમાન હોઈ તેનું **'વેદરસ'** એવું અન્વર્થ નામ રાખ્યું છે.

આ ગ્રંથમાં નિર્લોભી, નિષ્કામી, નિઃસ્પૃહી, નિઃસ્વાદી અને નિર્માની; આ ત્યાગીના પાંચ વર્તમાન સંબંધી જ્ઞાનવાર્તા વિશેષ કરેલી છે.

સદ્.ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, 'શ્રીસ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે, તે પાંચ પગ તે શું ? તો નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન; એ જે પાંચ પગ રોપ્યા, તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ઊપડ્યો નહિ, તેમ શ્રીહરિએ પણ વર્તમાનરૂપી પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહિ થાય.'

વળી સદ્.નિષ્કુળાનંદ સ્વામી પણ પુરુષોત્તમપ્રકાશ પ્ર.૮માં કહે છે,

રે'જો પંચવ્રત પ્રમાણ રે, ધારી વિચારી સહુ સુજાણ રે;
પંચ વ્રત છે સહુને પાર રે, નથી એથી બીજું કાંઈ બા'ર રે...૦૫

જોશો વિધવિધે જો વિચારી રે, ભર્યા અર્થે છે એ અતિ ભારી રે;
તેમાં ધન ને ત્રિયાનો ત્યાગ રે, ઘણો કહ્યો છે કરી વિભાગ રે...૦૬

અષ્ટ પ્રકારે તજવી નારી રે, તેમ ધન તજવું વિચારી રે;
કોઈ દેશ કાળ ક્રિયા સંગે રે, એથી અળગું રે'વું અષ્ટ અંગે રે...૦૭

સહુ જાણજો જન એમ પંડ્યે રે, ધન ત્રિયા બે નથી બ્રહ્માંડે રે;
એમ નક્કી કરી નિરધાર રે, ફરો પરહિતે પૃથ્વી મોઝાર રે...૦૮

આ વેદરસ ગ્રંથરૂપી ગાગરમાં શ્રીહરિએ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં ગુલતાન રહેવા સુધીનો સાગર સમો ઉપદેશ સમાવ્યો છે. અંતઃશત્રુને જીતીને અરોગી થાવા માટેનું આ ગ્રંથમાં ઉત્તમ ઔષધ આપેલું છે. સાધુતાના પાંચ પ્રાણ સમાન ત્યાગીના પાંચ વર્તમાન દૃઢ કરવા માટે આ ગ્રંથ સંજીવની ઔષધિ સમાન છે. એકાંતિક ધર્મના મર્મજ્ઞ શ્રીજીમહારાજે સંતોની શુદ્ધિ, વૃદ્ધિ અને સત્સંગની અભિવૃદ્ધિ કરાવનારી આજ્ઞા-ઉપાસનારૂપી બંને પાંખો આ ગ્રંથમાં સહેજે સમાવી લીધી છે.

આ વેદરસ ગ્રંથ ત્યાગી અને ગૃહી, સાધક અને સિદ્ધ, મુમુક્ષુ અને મુક્ત; એ બધાને અતિ ઉપયોગી છે. 'હે પરમહંસો !' આવાં સ્નેહભર્યાં સંબોધન કરી શ્રીહરિએ આ ગ્રંથમાં પોતાના હૈયાનું હેત વરસાવ્યું છે. શુકદેવજી, સનકાદિક, જડભરત, કદરજ, ઋષભદેવ અને દત્તાત્રેય જેવાના ચરિત્રના માધ્યમે સાધુતાના સ્થંભ રોપ્યા છે. શબ્દે શબ્દે સાચા સંતોનો સન્માર્ગ કંડાર્યો છે.

આચારશુદ્ધિ વિના આધ્યાત્મિક ઉન્નતિ અશક્ય છે. સદાચાર આધ્યાત્મિક જીવનનું પ્રથમ પગથિયું છે અને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવા એ આધ્યાત્મિક માર્ગનું અંતિમ પગથિયું છે. આ વેદરસ ગ્રંથના પાંચે પાંચ પ્રકરણમાં પ્રથમ આચારશુદ્ધિ ઉપર વજન મૂક્યો છે અને એ શુદ્ધિ સહજ જીવનનો ભાગ બની જાય તે માટે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી એ લક્ષ્ય બતાવ્યો છે.

નિર્માની વર્તમાનમાં **'अहं ब्रह्मास्मि', 'प्रज्ञानं आनन्दं ब्रह्म', 'तत्त्वमसि', 'अयमात्मा ब्रह्म'** આ વેદના બાર મહાવાક્યોનો મર્મ સમજાવી શબ્દે શબ્દે દેહભાવના ભૂકા કરી બ્રહ્મરૂપ થાવા અને છતાં દેહે જીવનમુક્ત બનવાનો આદેશ આપ્યો છે. આચારશુદ્ધિ અને જ્ઞાનશુદ્ધિ સદ્‌ગુરુ વિના અશક્ય છે. માટે આજ્ઞા ઉપાસનારૂપી બંને પાંખો મજબૂત કરવા સંતસમાજ મધ્યે અખંડ રહેવું, તેના ઉપર પણ પૂરો વજન મૂકવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં શાસ્ત્રીય ચર્ચા પણ ઘણી સંગ્રહિત કરવામાં આવી છે. જે બધાને સમજાય એવી નથી માટે પ્રગટ પુરુષોત્તમની પરાવાણીનો મુમુક્ષુઓને સરલપણે લાભ મળે તે હેતુથી આ આખા વેદરસનો સારભાગ જુદો તારવીને આ પુસ્તકમાં પ્રથમ જ મૂક્યો છે. જે સમુદ્રમંથનથી પ્રગટેલા અમૃતની જેમ સંતો-ભક્તો માટે અત્યંત ઉપયોગી છે.

આચારશુદ્ધિ અને જ્ઞાનશુદ્ધિથી સભર આ વેદરસનું પઠન-પાઠન, શ્રવણ-મનન; આપણા જીવનમાં પગલે પગલે પ્રકાશ પાથરતું રહે; એવી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અને તેમના પ્યારા પરમહંસોના પાવન ચરણોમાં પ્રાર્થના..

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના
ભાવથી જય સ્વામિનારાયણ



INDEX

અનુક્રમણિકા

વેદરસ સાર

॥ નિર્લોભી વર્તમાન ॥

॥ નિષ્કામી વર્તમાન ॥

॥ નિઃસ્પૃહી વર્તમાન ॥

॥ નિઃસ્વાદી વર્તમાન ॥

॥ નિર્માની વર્તમાન ॥

INDEX

અનુક્રમણિકા

વેદરસ

॥ નિર્લોભી વર્તમાન ॥

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦

॥ નિષ્કામી વર્તમાન ॥

૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૬૧	૬૨	૬૩							

॥ નિઃસ્પૃહી વર્તમાન ॥

૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩
૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦	૮૧	૮૨	૮૩
૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦	૯૧	૯૨	૯૩
૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦	૧૦૧	૧૦૨	૧૦૩
૧૦૪	૧૦૫	૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦	૧૧૧	૧૧૨	૧૧૩
૧૧૪	૧૧૫	૧૧૬	૧૧૭	૧૧૮	૧૧૯	૧૨૦	૧૨૧	૧૨૨	૧૨૩

અનુક્રમણિકા

INDEX

॥ નિઃસ્પૃહી વર્તમાન ॥

॥ નિઃસ્વાદી વર્તમાન ॥

॥ નિર્માની વર્તમાન ॥

અનુક્રમણિકા

INDEX

॥ નિર્માની વર્તમાન ॥

૨૮૩	૨૮૪	૨૮૫	૨૮૬	૨૮૭	૨૮૮	૨૮૯	૨૯૦	૨૯૧	૨૯૨
૨૯૩	૨૯૪	૨૯૫	૨૯૬	૨૯૭	૨૯૮	૨૯૯	૩૦૦	૩૦૧	૩૦૨
૩૦૩	૩૦૪	૩૦૫	૩૦૬	૩૦૭	૩૦૮	૩૦૯	૩૧૦	૩૧૧	૩૧૨
૩૧૩	૩૧૪	૩૧૫	૩૧૬	૩૧૭	૩૧૮	૩૧૯	૩૨૦	૩૨૧	૩૨૨
૩૨૩	૩૨૪	૩૨૫	૩૨૬	૩૨૭	૩૨૮	૩૨૯	૩૩૦	૩૩૧	૩૩૨
૩૩૩	૩૩૪	૩૩૫	૩૩૬	૩૩૭	૩૩૮	૩૩૯	૩૪૦	૩૪૧	૩૪૨
૩૪૩	૩૪૪	૩૪૫	૩૪૬	૩૪૭	૩૪૮	૩૪૯	૩૫૦	૩૫૧	૩૫૨
૩૫૩	૩૫૪	૩૫૫	૩૫૬	૩૫૭	૩૫૮	૩૫૯	૩૬૦	૩૬૧	૩૬૨
૩૬૩	૩૬૪	૩૬૫	૩૬૬	૩૬૭	૩૬૮	૩૬૯	૩૭૦	૩૭૧	૩૭૨
૩૭૩	૩૭૪	૩૭૫	૩૭૬	૩૭૭	૩૭૮	૩૭૯			

અનુક્રમણિકા

વેદરસ સાર



વેદરસ

➢ નિર્લોભી વર્તમાન

➢ નિઃસ્પૃહી વર્તમાન

➢ નિઃસ્વાદી વર્તમાન

➢ નિર્માની વર્તમાન



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વેદરસ સાર



સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાને સંતોને ઉદ્દેશીને વેદરસ નામનો એક મોટો પત્ર લખેલો. તે ત્યાગી-ગૃહી સર્વ મુમુક્ષુઓને પુરુષોત્તમને પામવામાં અતિ ઉપયોગી છે. પુરુષોત્તમની પરાવાણીરૂપ તે પત્રનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે.

॥ નિર્લોભી વર્તમાન ॥



૧. સંકલ્પને ટાળવાની શ્રેષ્ઠ રીત

હે પરમહંસો ! જે પરમહંસને પોતાના મનમાં કામક્રોધાદિકના સંકલ્પ ઉત્પન્ન થાય, તેણે એમ વિચાર કરવો જે, **'આ દેહ ને સંકલ્પ તે હું નહિ, હું તો એનો દ્રષ્ટા છું.'**

હવે તે દ્રષ્ટાનો વિચાર કેમ કરવો ? તો, જેમ પુરુષોત્તમની મૂર્તિને વિશે જોડાઈ ગયેલા તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિને વિષે સ્વતંત્ર થયેલા **જીવનમુક્ત સંત ભગવાનની મૂર્તિને નખથી શિખાપર્યંત સંભારે**

છે. પછી તે મૂર્તિને વિષે અતિશય જોડાવે કરીને પોતાના સંકલ્પને શમાવે છે. તેવી જ રીતે તમારે પણ પોતાના દેહના અંગોઅંગને ખોટાં કરવાં અને પોતાને દ્રષ્ટારૂપે માનવો.

આ અમે કહેલું વચન જે માનશે તેને થોડાક દિવસ વિચાર કરતાં જ પોતાનો આત્મા દેહથી જુદો સૂર્ય સરખો પ્રકાશવાન દેખાઈ આવશે. પછી દેહ તો આકાશ કે પાષાણ જેવો જણાશે, પણ કરચરણાદિકવાળો નહિ જણાય. પછી સમુદ્ર જેવા કામ-ક્રોધાદિકના ઘાટ થતા હશે, તોપણ એ સર્વે શમી જાશે.

વળી, **હું પણ તેના ઉપર કૃપા કરીશ ને તેના હૃદયને વિષે પ્રવેશ કરીને આત્મજ્ઞાન સંબંધી વિચારને પ્રકાશ કરીશ. તે વિચારને કારણે તેને આત્માને વિષે અહંપણું મનાશે. પછી તે આત્મારૂપે રહ્યો થકો મારી ઉપાસના કરશે.**

આ વિચાર કરતાં કરતાં જેમ બીજાનો દેહ પોતાના દેહથી નોખો જણાય છે, તેમ પોતાનો દેહ પણ પોતાના આત્માથી નોખો જણાશે. આ વિચાર અમારા અંતરના રહસ્યરૂપ છે અને સર્વે ઉપનિષદ્‌ના પણ રહસ્યરૂપ છે. આ વિચારને કોઈક વિશ્વાસી ગૃહસ્થ પૂછે તો તેને પણ બતાવવો.

૨. કોઈનોય અવગુણ ન લેવો.

વળી, આ વિચાર કર્યાની જેને શ્રદ્ધા હોય તેણે કોઈને શબ્દે કરીને ક્ષોભ ન પામવું. **દેહના દુઃખે કરીને પણ ક્ષોભ ન પામવું.** સત્સંગી ગૃહસ્થ કે પરમહંસ સૂઝે એટલું દેહને કષ્ટ દે અથવા કટુ વચને કરીને હૃદયને કષ્ટ દે તે સર્વ ખમવું જ.

વળી, **સત્સંગીનો ગુણ જ લેવો, પણ અવગુણ તો લેવો જ નહીં.** જેમ કદરજ નામના ભક્તને દુષ્ટ જીવે કષ્ટ દીધું, તેનો અવગુણ કદરજે ન લીધો; તેમ આપણે કોઈનો પણ અવગુણ લેવો જ નહીં.

૩. અવગુણ લેવાનું નુકશાન

જો કોઈ સત્સંગીનો અવગુણ લેશે તો તે મોક્ષના માર્ગથી પડી જાશે. એટલું જ નહિ, પરંતુ કુસંગીનો પણ અવગુણ ન લેવો. કેમ જે, જે સંત-ભક્તને કુસંગીનો પણ અવગુણ આવે છે, તેને ત્રણ નુકશાન થાય છે :

(૧) **તેની મતિમાં ભેદદષ્ટિ રહે છે.** અર્થાત્ સ્થૂળ દેહને કારણે ઉચ્ચ-નીચપણું મનાય છે.

(૨) **તેની મતિમાં કૃત્યદષ્ટિ રહે છે**. અર્થાત્ પાંચ વર્તમાન પાળ્યાનું કર્તાપણું પોતામાં જ રહે છે.

(૩) **તેની મતિમાં અભિમાનદષ્ટિ રહે છે.** અર્થાત્ શુદ્ધ સત્ત્વમય આકૃતિને વિષે અહંપણું રહે છે.

જો એ ખોટ રહી જાય તો તેને જીવનમુક્તપણું જ રહે છે, પણ વિદેહમુક્તપણું આવતું નથી; માટે કુસંગીનો પણ અવગુણ ન લેવો.

દુઃખમાત્રનું કારણ મન છે. જીવને જે સુખ-દુઃખ થાય છે, તેનું કારણ મોટા પુરુષ તો મનને માને છે. પરંતુ જીવ એ મનને પોતાનું જ સ્વરૂપ માને છે. પછી તે મનના ગુણે કરીને થનારા કર્મમાં બંધાયો થકો કામનાને સેવતો રહે છે. તેથી જ તેમાં બંધાણો છે. માટે **તે મનને દંડ દેવાથી જ સર્વ સાધન થાય છે; મનને દંડ દીધા વિનાનાં તો સર્વ સાધન ખોટાં છે.**

આવા મનને જે જીતતા નથી, તેઓ પોતાની ઈચ્છામાં ભળે તેની સાથે મિત્રતા કરે છે અને બીજા સાથે ખોટાં વૈર કરે છે. આવા જીવને દેહાભિમાની જાણવા. કારણ કે, તે પોતાના દેહને જ 'હું' કરીને માને છે અને સ્ત્રીપુત્રાદિકને મારાં માને છે. આવા જીવ સંસારને વિષે ભમતા રહે છે.

૪. વૈરાગ્યે યુક્ત આત્મવિચારથી મોહ મટે છે.

હે પરમહંસો ! **જે સંતને વૈરાગ્યે યુક્ત આત્મવિચાર ઊપજે છે, તેને સંસારમાંથી ચિત્ત ઊખડી જાય છે.** જેમ નદીને કાંઠે વેલ હોય તેને નદીનો પ્રવાહ ઉખેડી નાંખે છે, તેમ ચિત્તને વિશે જે કાંઈક જગતની આસક્તિરૂપી વેલ છે, તેને વૈરાગ્યે યુક્ત વિચારરૂપ પ્રવાહ ઉખેડી નાંખે છે. પછી તે ચિત્તને તે સંત ભગવાન તરફ તાણી જાય છે.

૫. સુખ-શાંતિ તો એક શ્રીહરિમાં જ છે.

જીવ જે માયિક પદાર્થને સત્ય તથા સુખદાયી જાણીને દોડે છે, તે સર્વે ઝાંઝવાનાં જળ જેવાં છે. જેમ ઝાંઝવાને દેખીને મૃગલાં દોડે છે, પણ તેમાં તેને જળની પ્રાપ્તિ નથી થાતી; તેમ મૂર્ખ જીવ પદાર્થમાંથી સુખ લેવા પ્રયત્ન કર્યા કરે છે, પણ તેમાં તેને સુખ કે શાંતિ મળતાં નથી. **સુખ-શાંતિ તો એક નારાયણનાં ચરણારવિંદને વિશે જ છે.**

જગતના ભોગ સર્વે ભ્રાંતિમાત્ર છે અને એક નારાયણ સત્ય છે. માટે એવા ભોગોને વિશે જે આસ્થા કરે છે તે મહામૂર્ખ છે. કેમ જે, એ સર્વે નાશવંત છે. માટે **જે પદાર્થ નાશવંત છે તે પામવા યોગ્ય નથી; પામવા યોગ્ય તો એક પુરુષોત્તમનારાયણ છે.**

૬. ભોગી સંસૃતિરૂપી ખાઈમાં પડે છે.

જેમ કોઈ ખાઈ લીલાઘાસથી ઢંકાયેલી હોય તેને દેખીને મૃગલાં દોડે છે, પરંતુ જ્યારે તેની નજીક જાય છે ત્યારે તે ખાઈને વિશે પડીને દુઃખ પામે છે; તેમ મૂરખ જીવ ભોગોને સુખરૂપ જાણીને ભોગવવાની ઈચ્છા કરે છે, પરંતુ જ્યારે ભોગવે છે ત્યારે જન્મજન્માંતરરૂપી ખાઈને વિશે પડે છે ને દુઃખને પામે છે. **માટે શાંતિ તો એક પરમેશ્વરને આશરે છે, બીજે તો અશાંતિ જ છે.**

૭. શરીર અને ભોગ ક્ષણભંગુર છે.

જે શરીરના અભિમાને કરીને આ જીવ ભોગ ભોગવવાનો પ્રયત્ન કરે છે, તે શરીર તો ક્ષણભંગુર છે. માટે જેને શરીરે કરીને ભોગ ભોગવવાની ઈચ્છા રહે છે તે મૂર્ખ છે. હે પરમહંસો ! જેમ ડાહ્યો મુસાફર રણના માર્ગે ચાલવાની ઈચ્છા નથી કરતો; તેમ આત્મજ્ઞાનને અર્થે પ્રવર્ત્યો એવો જે મુમુક્ષુ, તે ભોગને દુઃખરૂપ જાણીને ભોગની ઈચ્છા નથી કરતો.

૮. ધનરૂપી અર્થમાં અનેક અનર્થ રહ્યા છે.

એક ધનસંપત્તિમાં અનેક દોષો રહ્યા છે. જેને દ્રવ્ય પ્રાપ્ત થાય છે, તેના સર્વે સદ્‌ગુણો નાશ થાય છે. જ્યારે એ ગુણનો નાશ થાય છે, ત્યારે તે જીવને આત્મજ્ઞાન સંબંધી જે સુખ તે ક્યાંથી રહે ? પછી તો પરમ આપદાની પ્રાપ્તિ થાય છે. માટે ધનસંપત્તિને દુઃખનું પરમ કારણ જાણીને એનો ત્યાગ રાખવો.

હે પરમહંસો ! જે કાંઈ સંપત્તિ છે તે આપત્તિનું મૂળ છે. શા માટે? તો, જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે ખાન-પાન અને વ્યભિચારાદિક મોટા-મોટા વિષય ભોગવે છે. જ્યારે એ દ્રવ્ય જતું રહે છે ત્યારે તૃષ્ણાએ કરીને બળતો રહે છે. મર્યા પછી પણ જન્મ-મરણના મહા સંકટને પામે છે. આવી ધન સંપત્તિની જે ઈચ્છા કરે છે તે મૂર્ખ છે. કેમ જે, એ દ્રવ્ય તો નાશવંત છે અને એ ભોગ પણ વીજળીની જેમ અસ્થિર છે.

મુમુક્ષુને વિષે શુભ ગુણ પણ ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી દ્રવ્યની તૃષ્ણાનો જન્મ નથી થયો. **જ્યારે દ્રવ્યની તૃષ્ણા ઊપજે છે, ત્યારે કલ્યાણકારી ગુણોનો નાશ થઈ જાય છે.** જેમ દૂધને વિષે ઝેર ભળી જાય છે, ત્યારે તે દૂધ ઝેરરૂપ થઈ જાય છે; તેમ જ્યારે મુમુક્ષુમાં દ્રવ્યની તૃષ્ણા આવી જાય છે, ત્યારે એ આત્મજ્ઞાનથી રહિત દેહાત્મબુદ્ધિવાળો થઈ જાય છે.

માટે, **એ દ્રવ્ય ભલે બહું સારું લાગે, પણ સર્વ દુઃખનું કારણ છે.** હે પરમહંસો ! અમે વિચારીને જોયું છે કે, **એ ધન-સંપત્તિને વિષે કાંઈ જ સુખ નથી, કેવળ દુઃખ જ છે.**

૯. નિર્લોભી થવાનો ઉપાય

જે જીવ પોતાનાં ઈન્દ્રિયો-અંતઃકરણને નિયમમાં રાખે છે તથા જીવાત્માને વિષે પરમાત્માનો સાક્ષાત્ અનુભવ કરે છે, તેને એ ધનની મહત્તા કે પીડા રહેતી નથી.

૧૦. પ્રભુકૃપાથી જ પ્રભુપ્રાપ્તિ થાય છે.

એ ભગવાન તેની ખૂબ જ વાતો કરવાથી નથી પમાતા. બુદ્ધિએ કરીને નથી પમાતા અને શાસ્ત્રોને ભણવા કે જાણી લેવાથી પણ નથી પમાતા. પરંતુ **જેને એ પરમાત્મા પોતે પસંદ કરે છે, તેનાથી જ પમાય છે. અથવા જે ભક્ત એ ભગવાનને પોતાના શરીરની જેમ વરે છે, તેનાથી જ પમાય છે.**

જે અતિશય વાલા હોય તે જ વરવા યોગ્ય થાય છે. માટે **જે ભક્તને ભગવાન અતિશય પ્રિય હોય તે જ ભક્ત એ ભગવાનને અતિશય પ્રિયતમ થાય છે.** પછી પોતાને પ્રિયતમ એવો તે ભક્ત જે રીતે જલદી પોતાને પામે તેવો પ્રયત્ન ભગવાન પોતે જ કરે છે.



॥ નિષ્કામી વર્તમાન ॥



૧૧. સ્ત્રીમાં સુખ મનાય ત્યાં સુધી સર્વે સાધન વ્યર્થ છે.

હે પરમહંસો ! **જીવ જે સ્ત્રીસુખની ઈચ્છા રાખે છે, તે સ્ત્રી તો અસ્થિ, માંસ, રુધિર, મેદ, મજ્જા અને વિષ્ટાએ કરીને પૂર્ણ છે.** એવી ભૂંડી વસ્તુની બનેલી પૂતળી છે. તે સ્ત્રીને વિષે જેનું મન જાય છે તે ગમે તેટલું ભણ્યો હોય તોય શું ? અને તેણે રાજ્ય-દ્રવ્યાદિકનો ત્યાગ કર્યો હોય તો શું ? એ બધું નિષ્ફળ છે.

એટલું જ નહિ, પણ સ્ત્રીની વાસનાવાળો પંચાગ્નિ કરીને તાપતો હોય, વરસાદ, ટાઢ-તડકો ખમતો હોય અને જપ, તપ, વ્રત કરતો હોય કે મૌન રાખતો હોય તોપણ તેનાં એ સર્વે સાધન વ્યર્થ છે.

૧૨. સ્ત્રીના દેહનું ખંડન

જેમ નટની પૂતળી દોરાએ કરીને ચેષ્ટા કરે છે, તેમ આ સ્ત્રી પ્રાણવાયુએ કરીને ચેષ્ટા કરે છે. તેવી સ્ત્રીની ઈચ્છા જે રાખે છે તે મૂર્ખ છે. જેમ પર્વતનાં શિખર દૂરથી સુંદર ભાસે છે, પણ ઢૂંકડા જઈને દેખીએ તો મોટા મોટા પથરા જ હોય છે. તેમ એ સ્ત્રી વસ્ત્ર-ઘરેણાંએ કરીને સુંદર ભાસે છે, પણ જો વિચાર કરીને દેખીએ તો હાડકાં, માંસ, વિષ્ટા અને મૂત્રથી ભરેલ ચમારના કુંડ જેવી છે.

જેમ નાગણીનાં અંગ ઘણાં કોમળ દેખાય છે, પણ તેનો સ્પર્શ કરીએ તો નાશ કરી નાંખે છે; તેમ એ સ્ત્રીનો જે મુમુક્ષુ સ્પર્શ કરે છે તેની મુમુક્ષુતાનો નાશ કરી નાખે છે. અર્થાત્ તેના આત્મજ્ઞાનાદિક ગુણોને હરી દેહરૂપ કરી નાંખે છે.

જેમ વિષની વેલ દેખવામાં સુંદર જણાય છે, પણ તેનો ઉપભોગ કરીએ તો નાશ કરી નાંખે છે; તેમ એ સ્ત્રી પણ તેનો ઉપભોગ કરનારાનો નાશ કરી નાંખે છે. જેમ તોડી શકાય એવી સાંકળે કરીને પણ હાથી બંધાયેલો રહે છે; તેમ મુમુક્ષુ સ્ત્રીરૂપી સાંકળે કરીને બંધાણો થકો જીવનભર દુઃખી રહે છે.

તાત્ત્વિક રીતે જોઈએ તો સ્ત્રીનો દેહ કેવો છે ? તો, તેના પેટમાં નરક ભર્યો છે, ગાલમાં નરક ભર્યો છે, હોઠમાં નરક ભર્યો છે, મુખમાં નરક ભર્યો છે, કપાળમાં નરક ભર્યો છે, જીભમાં નરક ભર્યો છે. એ રીતે સ્ત્રી નખશિખ નરકની પૂતળી છે. કેમ જે, એ સ્ત્રીના દેહને સંગે કરીને ખાધેલું અન્ન નરકરૂપ થઈને નવેય દ્વારે ચૂએ છે.

૧૩. સ્ત્રી-સ્નેહમાં બંધાયેલાની દુર્દશા

જેમ વનને વિશે રહેલો હાથી સુખી હોય છે, પણ કાગળની હાથણીમાં લોભાઈને મહા દુઃખી થાય છે; તેમ સંતમંડળમાં રહેલો ત્યાગી સુખી હોય છે, પણ ભાવનાવાળી સ્ત્રીમાં લલચાઈને સંતમંડળમાંથી જુદો પડે, ત્યારે મહા દુઃખી થાય છે. માટે **સ્ત્રીનો સંગ પરમ દુઃખનું કારણ છે.** જેમ **પુરુષને એ સ્ત્રી બંધનકારી છે, તેમ જ સ્ત્રીને પુરુષ બંધનકારી છે.**

૧૪. દુઃખદાયી દેહનું ખંડન

હે પરમહંસો ! દેહ તો સ્ત્રી કે પુરુષ બન્નેના મલિન જ છે. કેમ જે, દેહ હાડકાંનું પીંજરું છે, ચામડે મઢ્યો છે, માંહી મળ-મૂત્ર તથા વિકાર ભર્યાં છે. તેના નવેય દ્વારમાંથી નરક ઝરે છે.

વળી, એ દેહ દુઃખનો દરિયો છે. કેમ જે, ક્યારેક પેટે પીડા થાય છે, ક્યારેક માથું દુઃખે છે, ક્યારેક આંખ દુઃખે છે, ક્યારેક કાન દુઃખે છે, ક્યારેક કેડ દુઃખે છે, ક્યારેક પગ દુઃખે છે. આમ **આ દેહ અનેક દુઃખનું મૂળ છે.**

સ્ત્રી કે પુરુષનો દેહ અગ્નિમાં બળે છે, ત્યારે તે રાખ થઈ જાય છે. તેને શિયાળ કે કૂતરાં ખાઈ જાય છે, ત્યારે વિષ્ટા થઈ જાય છે. અને જો મરેલો પડ્યો રહે છે, તો સડીને કીડારૂપ થઈ જાય છે. માટે એવી સ્ત્રીની ઈચ્છા તો મૂર્ખ હોય તે કરે છે, પણ સાચા સંત તો એની ઈચ્છા કરે જ નહીં.

જેમ અગ્નિના રૂપમાં લોભાઈને પતંગિયાં તેમાં પડે છે, પણ પોતે જ બળીને ખાખ થઈ જાય છે; તેમ દેહાભિમાની ત્યાગી સ્ત્રીના રૂપમાં લલચાઈને તેનો સંગ કરવા હોમાય છે, પણ તેનો જ નાશ થઈ જાય છે. માટે ડાહ્યા સાધુએ ક્યારેય સ્ત્રીસુખમાં લોભાવું જોઈએ નહીં.

૧૫. કામભોગની ભયાનકતા

હે પરમહંસો ! માનો સ્ત્રી સાક્ષાત્ ઝેરની વેલ છે. સ્ત્રીની ભુજા એની ડાંડીઓ છે. હાથપગની આંગળીઓ તેનાં પાંદડાં છે. સ્તન તેના ગુચ્છ છે અને નેત્રાદિક જે ઈન્દ્રિયો તે સ્ત્રીરૂપી વેલનાં ફૂલ છે. **જે મુમુક્ષુરૂપી ભમરો સંતસમાજમાંથી એકલો પડીને એ સ્ત્રીરૂપી વેલનો સ્વાદ માણવા જાય છે, તે પોતાનો જ નાશ કરે છે.**

હે સંતો ! માનો કામ એક પારધી છે. તેણે સ્ત્રીરૂપી જાળ પસારી છે. તેને વિષે જે પુરુષરૂપ પંખી આવીને ફસાય છે, તેને તે કામ જન્મ-મરણમાં હોમી દે છે. માટે એવા દુઃખની દેનારી સ્ત્રીની જે ઈચ્છા કરે છે તે **મહામૂર્ખ** છે.

જેમ નાગણી તો કરડે ત્યારે ઝેર ચડે છે, પણ સ્ત્રી તો સામે જુએ

ત્યાં જ તેનું ઝેર ચડી જાય છે. તેને સ્પર્શે કરીને તો પુરુષના મોક્ષરૂપી અંકુરને બાળી નાંખે છે.

૧૬. સંતમંડળથી છૂટા પડેલા ત્યાગીની અધોગતિ

હે પરમહંસો ! જેમ માછીમાર જાળે કરીને માછલાને સમુદ્રમાંથી કાઢી લે છે, તેમ એ સ્ત્રી પોતાના હાવભાવરૂપ જાળ બિછાવીને મુમુક્ષુને સંતસમાજમાંથી છેટો લઈ જાય છે. જેમ માછીમાર લોઢાના કાંટામાં માંસનો ટુકડો બતાવી માછલાને પકડી જાય છે; તેમ સ્ત્રી પોતાનાં રૂપ તથા શણગારે કરીને પુરુષને વશ કરી લે છે. માટે **ચકોર સાધુએ સ્ત્રીની માયાજાળમાં કોઈ પણ રીતે ફસાવું નહીં.**

જેમ પારધી સારા રાગ ગાઈને મૃગલાને પકડી લે છે, તેમ સ્ત્રી મીઠા શબ્દો સંભળાવીને મુમુક્ષુને સંતસમાજમાંથી જુદો પાડે છે. પછી સંતસમાજમાંથી નોખા પડેલા તે મુમુક્ષુને સ્ત્રી બળદની જેમ બાંધી દે છે.

જેમ નિર્બળ સર્પને ગારુડી રાફડામાંથી કાઢીને પીડા કરે છે, પણ મોટા સર્પને નથી કરતો; તેમ **સંતમંડળમાંથી જે મુમુક્ષુ નોખો પડે તેને સ્ત્રી વશ કરી નાંખે છે, પણ જે મુમુક્ષુ સંતમંડળમાં રહે છે તેને સ્ત્રી કાંઈ કરી શકતી નથી.**

જેમ સૂકાં તૃણને અગ્નિ ભસ્મ કરી નાંખે છે, તેમ સંતમંડળથી જુદા પડેલા જીવની મુમુક્ષુતાને સ્ત્રી ભસ્મ કરી નાખે છે. જેમ રાત્રિને વિષે પિશાચ પુરુષને મારે છે; તેમ સ્ત્રીસુખ માટે સંતમંડળમાંથી નોખા પડેલા મુમુક્ષુને કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ, આશા-તૃષ્ણા અને છળ-કપટ વગેરે શત્રુઓ મારે છે. માટે **એ સ્ત્રીનો સંયોગ જ પરમ દુઃખનું કારણ છે. તેથી સ્ત્રીની ઈચ્છા જ ન રાખવી.**

હે પરમહંસો ! **જે પુરુષ યુવાની અવસ્થામાં સ્ત્રીરૂપી તરવારના પ્રહારથી ઊગર્યો, તેને સ્ત્રીથી અજીત રહેલો સંત જાણવો. તે સહુને નમસ્કાર કરવા યોગ્ય છે.**

૧૭. કામવાસનાથી બચવાના નિયમો

જેમ અગ્નિમાં ઘી નાંખીએ તો અગ્નિની વૃદ્ધિ થાય છે, તેમ સ્ત્રીના સંગે કરીને વાસનાની વૃદ્ધિ થાય છે. માટે સર્વ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો. **જેણે સ્ત્રીનો ત્યાગ કર્યો તે જન્મ-મૃત્યુરૂપ સમુદ્રથી તરી ગયો છે. જે સંસારની વાસનાનો ત્યાગ કરી ભગવાનમાં જ પ્રીતિ રાખે છે, તે સુખી થાય છે.**

જન્મ-મૃત્યુનું બીજ તો સ્ત્રીની વાસના છે. માટે સ્ત્રીની વાત કરવી કે સાંભળવી નહીં. સ્ત્રીને જોવી નહીં. સ્ત્રી સાથે ઈશારા કરવા નહીં. સ્ત્રી સાથે હાસ્યવિનોદ કરવો નહીં. સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં. મનથી પણ સ્ત્રીનું ચિંતવન કરવું નહીં. સ્ત્રીનો સંગ તો કોઈ પણ ભોગે કરવો જ નહીં.

જે વસ્ત્રને સ્ત્રી અડી જાય તે વસ્ત્રને ધોઈને વાપરવું. જ્યાં સ્ત્રી ચિત્રેલી હોય તે ઘરમાં રહેવું નહીં. તે ચિત્રામણની સ્ત્રીને જોવી પણ નહિ અને અડવું પણ નહીં. સ્ત્રીને ઉદ્દેશીને વાત કરવી નહીં. સ્ત્રી જે સ્થળને વિષે નાતી હોય તે સ્થળને વિષે નાવું નહીં.

જે ગુરુ સ્ત્રીના ત્યાગી ન હોય, તે ગુરુ પાસેથી બ્રહ્મવિદ્યાનું પણ શ્રવણ કરવું નહીં. આ જેટલા નિયમ કહ્યા તેમાં જો ફેર પડી જાય તો ઉપવાસ કરવો. જો સ્ત્રીનો અંગસંગ થઈ જાય તો ચાંદ્રાયણ વ્રત કરે તો જ પરમહંસ મંડળમાં રાખવો, પણ વ્રત ન કરે તો સત્સંગમાંથી કાઢી મૂકવો.



॥ નિઃસ્પૃહી વર્તમાન ॥



૧૮. બાળકના હાવભાવમાં લલચાય તે પણ બાળક છે.

હે પરમહંસો ! **સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણેય શરીરથી નિઃસ્પૃહી રહેવું. પછી પોતાના આત્માને સત્ય જાણવો અને તેનાથી પર પુરુષોત્તમને વિષે અધિક પ્રીતિ રાખવી.** તે બે સિવાયનું જે કાંઈ છે, તેને અસત્ય જાણવું.

સ્થૂળ દેહની જે બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એથી પણ નિઃસ્પૃહી રહેવું. જો આ જીવ તેનાથી નિઃસ્પૃહી ન રહે તો કાળવશ થઈને સંસારસમુદ્રને વિષે પીડાય છે.

હે પરમહંસો ! જે બીજાની બાળઅવસ્થાને દેખીને ખુશ થાય છે તે મૂર્ખ છે. **બાળકની ક્રિયાને જોઈને જે તેવી ક્રિયા કરે છે, તેને પણ બાળક જ જાણવો. સંતને તો જ્ઞાને કરીને જે બાલ્યાવસ્થા આવે તે જ ઠીક છે.**

૧૯. યુવાવસ્થાનાં દુઃખો અને દોષો

યુવાવસ્થા તો બાલ્યાવસ્થાથી પણ વધુ દુઃખદાયી છે. કેમ જે, જ્યારે મુમુક્ષુને યુવાવસ્થા આવે છે, ત્યારે એને કામરૂપ પિશાચ વળગે છે. પછી વિષયભોગની ઈચ્છા વધી જાય છે. માટે **યુવાવસ્થામાં પણ પ્રીતિ રાખવી નહીં.**

૨૦. સંતમંડળથી નોખો પડે તેને વાસના પીડે.

જે મુમુક્ષુ સંતસમાજમાંથી નોખો પડે છે, તે સ્ત્રીમાં બંધાઈને અતિશે દુઃખ પામે છે.

આ જગતને વિષે જેટલા વિષયવિકાર છે, તે સર્વે યુવાવસ્થાને વિષે પેદા થાય છે. જેમ ધનવાનની પાસે દરિદ્રી માણસ સામેથી આવે છે, તેમ **યુવાવસ્થાને વિશે કામ-ક્રોધાદિક શત્રુ જીવના હૃદયને વિષે સામેથી આવે છે.**

જીવ સ્ત્રીને સુખરૂપ જાણીને તેની ઇચ્છા કરે છે, પણ તે પરમ દુઃખનું કારણ છે. જેમ દારૂ દેખવામાં સારો લાગે છે, પણ તેને જે પીવે છે તે બેહાલ થઈને સહુનો તિરસ્કાર પામે છે; તેમ એ **સ્ત્રી દેખવામાત્ર તો રૂડી લાગે છે, પણ જે એને વશ થાય છે તે દુઃખી-દુઃખી થઈ જાય છે.**

જેમ નદીનું જળ વર્ષાઋતુને કારણે મલિન થઈ જાય છે, તેમ જે સંતના સમાજથી નોખો પડે તેની બુદ્ધિ યુવાવસ્થાને વિષે મલિન થઈ જાય છે. જેમ બળવાન વાયુ સૂકા ઘાસને ઉડાડીને લઈ જાય છે, તેમ યુવાવસ્થા વૈરાગ્ય, ઉપશમ, સંતોષ, શ્રદ્ધા અને દયા વગેરે ગુણોનો નાશ કરે છે.

માટે, **દુઃખના દરિયા જેવી યુવાવસ્થાને વિષે પ્રીતિ ન રાખવી; પ્રીતિ તો એક નારાયણના ચરણારવિંદને વિષે જ રાખવી.**

૨૧. સંતમંડળથી જુદા પડનારની દુર્દશા

હે પરમહંસો ! જેનાં ભાગ્ય ફૂટ્યાં હોય તેને જ સંતસમાજનો વિયોગ થાય છે. કેમ જે, તેને પરમાત્માની પ્રાપ્તિ થાતી નથી. જેમ ચિંતામણિ હાથમાં આવે છતાં અભાગિયો જીવ તેને સમજ્યા વિના નાંખી દે છે; તેમ **જે જીવ સંતસમાજને પામ્યા પછી પણ તેથી જુદો પડે છે અને પરમાત્માને નથી પામતો તે મોટો અભાગિયો છે.**

એવો મૂર્ખ જીવ સંતસમાજથી જુદો પડીને દુઃખનાં કારણ એવાં કર્મ વધારે છે. સંતસમૂહથી જુદા પડેલા જીવને યુવાવસ્થાને વિષે કામ, ક્રોધ, માન, મોહ, મદ, ઈર્ષ્યા અને સ્ત્રીસંગની ઇચ્છા વગેરે વિકાર પ્રાપ્ત થાય છે. પછી એ વિકાર તેના મોક્ષનો નાશ કરે છે.

જેમ નદી વાયુએ કરીને અનેક તરંગો ઉત્પન્ન કરે છે, તેમ યુવાવસ્થા વિષયની અનેક કામનાઓ ઉપજાવે છે.

૨૨. સંતસમૂહ વિના નિર્દોષ રહેવું કઠણ છે.

હે પરમહંસો ! સમુદ્રને તરવો બહુ કઠણ છે. કેમ જે, તેમાં પાણી બહુ ઊંડું ને વિસ્તાર ઘણો મોટો હોય છે. વળી, તે સમુદ્રને વિષે મગર, મત્સ્ય વગેરે હિંસક પ્રાણીઓ હોય છે, તોપણ અભ્યાસે કરીને કદાચ તે સુગમ થઈ શકે છે; પણ **સંતસમાજથી જુદો પડ્યો જે મુમુક્ષુ તેને યુવાવસ્થામાંથી નિર્વિઘ્ન પાર પડવું તે સમુદ્ર તરવાથી પણ કઠણ છે.** જેમ વાવની નજીક રાખનો ઢગલો હોય તો તે રાખ વાવને મલિન કર્યા કરે છે, તેમ યુવાવસ્થા કામાદિક દોષ વડે ચિત્તને મલિન કર્યા કરે છે.

આવી મહા દુઃખદાયી યુવાવસ્થાને વિષે જે સંતસમાજમાંથી આઘા-પાછા નથી થતા તેને ધન્ય છે. તે સંત તો આખા બ્રહ્માંડને વિષે નમસ્કાર કરવા યોગ્ય છે.

૨૩. સંતસમૂહમાં રહેવાના ફાયદા

હે પરમહંસો ! **જો કોઈ યુવાન ત્યાગી નમ્રતા, વૈરાગ્ય, વિચાર, સંતોષ અને શાંતિ જેવા ગુણોએ યુક્ત હોય તો તે નિર્વિઘ્ન પાર પડે છે. પણ સંતસમૂહને સેવ્યા વિના તે ગુણો દુર્લભ છે; માટે સંતસમાજથી ક્યારેય જુદું પડવું નહીં.**

જેમ આકાશને વિષે ફૂલવાડીનું હોવું અશક્ય છે, તેમ યુવાવસ્થાને વિષે સંતસમાજની સહાય વિના સાધુતાના ગુણોનું ઊપજવું અશક્ય છે.

જો કોઈ સંતસમાજથી જુદો પડે તો તેને વિષે સાધુતાનો એક પણ ગુણ રહેતો નથી. માટે **યુવાવસ્થાને વિષે નિર્વિઘ્ન રહેવાનું કારણ સંતસમાજ જ છે.** વળી **આત્મા-પરમાત્માની સાક્ષાત્ પ્રાપ્તિનું કારણ પણ સંતસમાજ છે.**

૨૪. વૃદ્ધાવસ્થાનાં દુઃખો અને દોષો

હે પરમહંસો ! જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે શરીર અતિ શિથિલ થઈ જાય છે, બુદ્ધિ ક્ષીણ થઈ જાય છે અને ઈન્દ્રિય-અંતકરણનો સંયમ રહેતો નથી. માટે **જે મુમુક્ષુ વૃદ્ધાવસ્થામાં પણ સંતસમાજથી જુદો પડે છે તેને મોક્ષ સિદ્ધ થાતો નથી.**

વૃદ્ધાવસ્થાને વિષે સર્વે રોગ આવી જાય છે. શરીર અતિ દુર્બળ થઈ જાય છે. પછી તે વૃદ્ધ ડોસાને જોઈને સહુ કોઈ હાંસી કરે છે. કેમ જે, વૃદ્ધાવસ્થામાં બીજી બધી શક્તિઓ ઘટી જાય છે, પણ સ્વાદ, સ્નેહ અને ક્રોધ વધી જાય છે. માટે જે સંતસમાજથી જુદો પડે છે તેને માટે ગઢપણ મૂર્તિમાન દુઃખ છે. કેમ જે, જરાવસ્થામાં સર્વે દુઃખો આવીને રહે છે. **વાસનાનું બળ વૃદ્ધાવસ્થામાં દેહે કરીને તો ક્ષીણ થાય છે, પણ મને કરીને વૃદ્ધિ પામે છે.**

૨૫. શરીરમાં નહિ શ્રીહરિમાં પ્રીતિ રાખવી.

હે પરમહંસો ! શરીરને વિષે તમારે પ્રીતિ ન રાખવી, પ્રીતિ તો એક ભગવાનને વિષે જ રાખવી. કેમ જે, તે શરીર સદા વિકારવાન છે, માંસ-મજ્જા અને મળ-મૂત્રથી પૂર્ણ છે, અતિ અપવિત્ર છે.

એ દેહને વિષે જે અહંકાર સ્ફૂરે છે, તે દુઃખનું કારણ છે. જેમ કોઠીને વિષે બિલાડો અનેક પ્રકારના અવાજ કરે છે, તેમ અહંકાર દેહને વિષે રહ્યો થકો 'હું હું' કરતો રહે છે, પણ ક્યારેય મૌન રહેતો નથી.

જેમ રેતીમાં ખૂંતેલા નાવનું નીકળવું કઠણ છે, તેમ ભોગમાં ફસાઈ ગયેલ જીવને ભવસાગર તરવું કઠણ છે. જો તે નાવની નીચે પાણીનો

પ્રવાહ આવે અને કુશળ નાવિક હલેસા લગાવ્યા કરે તો ફસાયેલું નાવ નીકળે; તેમ મુમુક્ષુના અંતરમાં વૈરાગ્ય પ્રગટે અને અભ્યાસનું બળ હોય તો તે જીવ સંસાર થકી પાર પામે.

જેમ હોડીમાં કાણું પડી જાય તો તે ડૂબી જાય છે, તેમ શરીરને વિષે તૃષ્ણારૂપી કાણું થઈ જાય તો આત્મા સંસારસમુદ્રને વિષે બૂડી જાય છે. આવા દુઃખદાયી શરીરને જીવ વહાલું રાખે છે, તેથી મહાં દુઃખો તેને ભોગવવાં પડે છે. જ્યાં સુધી એ જીવ પોતાના કુટુંબમાં બંધાણો છે, ત્યાં સુધી તે મુક્ત નથી થાતો. તે કુટુંબ કયું ? તો દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ એ કુટુંબ છે. એને વિષે રહેલા અહંભાવનો જે ત્યાગ કરે છે તે મુક્ત થાય છે.

માટે હે **પરમહંસો ! એ શરીરને વિષે પ્રીતિ ન રાખવી. પ્રીતિ તો એક નારાયણને વિષે જ રાખવી.**

૨૬. દેહની દુષ્ટતાનું વર્ણન

હે પરમહંસો ! શ્રેષ્ઠ પુરુષો હંમેશાં અપવિત્ર સ્થાનને વિષે નથી રહેતા. **સૌથી ભૂંડું અપવિત્ર સ્થાન દેહ છે. તે દેહને વિષે જે અહંબુદ્ધિથી રહે છે તે પણ અપવિત્ર છે.** આ દેહરૂપી ઘરને વિષે હાડકાંરૂપી ઈંટો છે. મૂત્ર અને વિષ્ટારૂપ ગારો છે. માંસરૂપી એને કળીચૂનો લગાવ્યો છે. અહંકારરૂપી ચાંડાલ તેમાં રહે છે અને તૃષ્ણારૂપી ચાંડાળી એની સ્ત્રી છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ બધો એનો પરિવાર છે.

આવા અપવિત્ર દેહને વિષે અહં-મમત્વ થઈ ન જાય તે માટે સંતે સદા સાવધાન રહેવું. મુમુક્ષુ ત્યાગીએ હંમેશાં એવો વિચાર કરતા રહેવું જે, **'આ દેહ જીવો અથવા મરો, મારે એનું કાંઈ જ પ્રયોજન નથી; મારે તો એક ભગવાનનું જ કામ છે.'** માટે સુજ્ઞ સાધુએ **દુઃખનું દેનારું જે શરીર તેને વિષે પ્રીતિ ન રાખવી. પ્રીતિ તો એક નારાયણને વિષે અને પોતાના આત્માને વિષે રાખવી.**

૨૭. જડ દેહ દ્વારા ચૈતન્યની સિદ્ધિ કરવી.

હે પરમહંસો ! દુઃખદાયી દેહને પુષ્ટ કરવાથી જીવનો કોઈ જ અર્થ સિદ્ધ થાતો નથી. માટે એ શરીરને તો જપ-તપ, સેવા-સત્સંગ અને ભજનમાં વાપરીને પોતાના આત્માનો અર્થ સિદ્ધ કરી લેવો. જેમ બળતણને બાળીને ડાહ્યા પુરુષ પોતાનું કામ સિદ્ધ કરી લે છે, તેમ જડ શરીર વડે સંત આત્મા-પરમાત્માની પ્રાપ્તિરૂપ અર્થ સિદ્ધ કરી લે છે.

હે પરમહંસો ! તમારે સદા એમ સમજવું જે, **‘આ શરીર હું નહીં, શરીર મારું નહિ ને હું શરીરનો નહીં. મારે હવે આ શરીરની કાંઈ જ જરૂર નથી. હું તો નિર્વાસનિક પુરુષ છું. મારે તો પરમાનંદરૂપ જે પરમેશ્વર તેનાં ચરણારવિંદને પામ્યાની જ ઈચ્છા છે.’**

૨૮. દેહાભિમાનીને ધિક્કાર છે.

હે પરમહંસો ! **જેમણે આ શરીરના અભિમાનનો ત્યાગ કર્યો છે, તે આત્માના સુખે કરીને સુખિયા છે. જેને દેહનું અભિમાન છે, તે મહા દુઃખિયા છે.** જેટલું કાંઈ મુમુક્ષુને દુઃખ થાય છે, તે દેહના અભિમાનના કારણે જ થાય છે. જીવને જેટલું સુખ થાય છે, તે દેહના અભિમાનને ત્યાગે કરીને થાય છે. કેમ જે, માન-અપમાન, જરા-મૃત્યુ અને હર્ષ-શોક આદિક જે વિકાર છે, તે સર્વે દેહના અભિમાનને કારણે જ થાય છે. જેમ સમુદ્રને વિષે નદીઓ સામેથી પ્રવેશ કરે છે, તેમ દેહાભિમાનીને વિષે સર્વે આપત્તિ આવીને પ્રવેશ કરે છે. માટે **જેને દેહને વિષે અભિમાન છે, તેને ધિક્કાર છે..! વારંવાર ધિક્કાર છે !!**

જેને એવું દેહાભિમાન નથી તે મુમુક્ષુ શ્રેષ્ઠ છે. તે સર્વને નમસ્કાર કરવા યોગ્ય છે. તેને સર્વે દિવ્ય સંપત્તિની પ્રાપ્તિ થાય છે. જેમ માનસરોવરને વિષે સર્વે હંસ આવીને રહે છે, તેમ જ્યાં દેહાભિમાન નથી ત્યાં સર્વે વૈરાગ્ય-વિવેકાદિ મોક્ષની સંપત્તિ આવીને રહે છે.

તે દેહાભિમાન જ્યારે છૂટે છે ત્યારે મુમુક્ષુ સુખિયો થાય છે. માટે એવો ઉપાય કરવો કે, અહંકારનો જલ્દી નાશ થાય, શરીરની આસ્થારૂપી ફાંસી તૂટી જાય અને ભગવાનને વિષે દઢ પ્રીતિ થાય.

૨૯. તૃષ્ણાની જાળ તોડે, તે ચિદાકાશમાં ઊડે.

હે પરમહંસો ! **મુમુક્ષુને મોક્ષ માટે જે યત્ન કરવો જોઈએ, તે તૃષ્ણા કરવા દેતી નથી.** જેમ જાળને વિષે બંધાયેલ પંખી આકાશને વિષે ઊડી શકતું નથી, તેમ દેહ તથા સ્ત્રી-પુત્રાદિક કુટુંબની તૃષ્ણામાં બંધાયેલ જીવ આત્મા-પરમાત્મા તરફ જઈ શકતો નથી. **જ્યારે એ મુમુક્ષુ ભગવાનની કૃપાએ કરીને જ્ઞાન-વૈરાગ્યરૂપ પાંખોને પામે છે, ત્યારે તૃષ્ણાની જાળ તોડીને ચિદાકાશને વિષે ઊડે છે.**

તે તૃષ્ણા કેવી છે ? તો, જેમ નાગણીનો સ્પર્શ કોમળ છે, પણ જો કરડે તો મોત થાય છે; તેમ તૃષ્ણાની પૂર્તિ થાય તે મીઠી લાગે છે, પણ તે મુમુક્ષુના આત્મજ્ઞાનનો નાશ કરી નાંખે છે. જેમ જોરદાર વાયુએ કરીને વાદળનો નાશ થાય છે ત્યારે સૂર્ય દેખાય છે, તેમ **જ્યારે જ્ઞાને કરીને તૃષ્ણાનો નાશ થઈ જાય છે ત્યારે આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.**

તૃષ્ણારૂપી ડાકણ જીવના સંતોષાદિક ગુણરૂપ કાળજાને ખાઈ જાય છે. જીવને એવું દુઃખ અગ્નિએ કરીને નથી થાતું, તલવારની ધારે કરીને પણ એવું દુઃખ નથી થાતું અને ઈન્દ્રના વજ્રે કરીને પણ જીવને એવું દુઃખ નથી થાતું, જેવું દુઃખ તૃષ્ણાએ કરીને થાય છે. માટે હે પરમહંસો ! જે રીતે તે તૃષ્ણાનો જલ્દી નાશ થાય તેવો ઉપાય તમારે સદા કરતા રહેવું.

૩૦. તૃષ્ણા જીવને ભવસાગરમાં તાણી જાય છે.

હે પરમહંસો ! આ જીવ રાગરૂપી ઘોડા ઉપર ચડ્યો છે. તે ઘોડો એ જીવને ક્યારેક નરકમાં કે સ્વર્ગમાં તાણી જાય છે. વળી તૃષ્ણારૂપી

દોરડીએ કરીને બંધાણો થકો જીવ જ્યાં-ત્યાં ભટકતો રહે છે. તૃષ્ણારૂપી દુષ્ટ સ્ત્રી જીવના રૂડા ગુણનો નાશ કરી નાંખે છે; તેથી એ જીવ રાંક થઈ જાય છે.

જેમ વાયુ સૂકા ઘાસને છેટે ફેંકી દે છે, તેમ તૃષ્ણા જીવને આત્મજ્ઞાનથી છેટે કરી નાંખે છે. જેમ ભમરો કમળની ચારે બાજુ ભમ્યા કરે છે, તેમ તૃષ્ણાવાળો જીવ સંસારને વિષે ભમ્યા કરે છે, પણ ક્યારેય ઠરીને નથી બેસતો. તૃષ્ણારૂપી ધૂળ હૃદયરૂપી જળને મલિન કર્યા કરે છે.

૩૧. તૃષ્ણાનિવૃત્તિના ઉપાય

હે પરમહંસો ! **એ તૃષ્ણાનો નાશ વિવેકજ્ઞાન તથા વૈરાગ્યે કરીને થાય છે, પણ તેનો બીજો ઉપાય નથી. જેમ અંધારું પ્રકાશ વિના ન ટળે, તેમ તૃષ્ણા જ્ઞાન તથા વૈરાગ્ય વિના નથી ટળતી.** માટે તમારે એવો ચોક્કસ ઉપાય કરવો કે જેણે કરીને તૃષ્ણાનો નાશ થાય ને આત્મા-પરમાત્માની પ્રાપ્તિ થાય.

૩૨. દેહાભિમાનીનાં સર્વે સાધન નિષ્ફળ છે.

હે પરમહંસો ! દેહને અહંકારે સહિત જે કાંઈ ભજન થાય છે, પુણ્ય થાય છે અથવા તો જે કાંઈ દેવાય કે લેવાય છે, તે સર્વે ક્રિયા ખોટી થઈ જાય છે. કેમ જે, એ ક્રિયાએ કરીને પરમાર્થ સિદ્ધ થાતો નથી. જેમ રાખને વિષે ઘીની આહૂતિ દે તે વૃથા જાય છે, તેમ **દેહને અહંકારે યુક્ત થઈને જે કાંઈ મોક્ષસંબંધી ક્રિયા કરે છે, તે સર્વે નિષ્ફળ જાય છે; પણ આત્માના જ્ઞાને યુક્ત થઈને જે કાંઈ ક્રિયા કરે છે તે સફળ થાય છે.**

૩૩. અહંકારને ત્યાગે તો પરમ સુખ પામે.

જીવને જે કાંઈ દુઃખ છે, તે દુઃખમાત્રનું કારણ અહંકાર છે. એ અહંકારનો જ્યારે નાશ થાય છે ત્યારે કલ્યાણ થાય છે. માટે જેણે કરીને એ અહંકારની નિવૃત્તિ થઈ જાય તેવો ઉપાય કરવો.

હે પરમહંસો ! જે વસ્તુ સત્ય હોય છતાં તેનો ત્યાગ કરી દેવાથી દુઃખ થાય છે અને જે વસ્તુ ખોટી હોય તેનો ત્યાગ કરવાથી પરમ સુખ થાય છે. દેહાદિકનો જે અહંકાર છે તે મિથ્યા છે. જો જીવ એ અહંકારનો ત્યાગ કરી દે તો પરમ સુખની પ્રાપ્તિ થાય છે. કેમ જે, પરમ દુઃખનું કારણ એ અહંકાર છે. **તે અહંકાર જ્યારે નાશ પામે છે ત્યારે જીવને સર્વે દુઃખ મટી જાય છે અને પરમ સુખની પ્રાપ્તિ થાય છે.**

૩૪. દેહાભિમાન દોષ તથા દુઃખની ખાણ છે.

હે પરમહંસો ! જેમ સર્પ રાફડામાં રહે છે, તેમ મહા દુઃખદાયી મદ, મોહ, માનાદિક દોષોને રહેવાનું સ્થાનક અહંકાર છે.

જેમ વાદળ સૂર્યને ઢાંકી દે છે, તેમ આત્માને અહંકાર ઢાંકી દે છે. જ્યાં દેહનો અહંકાર છે, ત્યાં દુઃખદાયી સર્વે આપદાઓ આપોઆપ આવી જાય છે. માટે જેણે કરીને એ અહંકાર નાશ પામે તેવો તત્કાળ ઉપાય કરવો.

જેમ મૃગના ટોળામાંથી જુદો પડેલો મૃગ અવશ્ય દુઃખ પામે છે, તેમ અહંકારે કરીને બ્રહ્મવેત્તાના મંડળમાંથી જુદો પડેલો મુમુક્ષુ વાસનિક ચિત્તને વશ થઈને સદા દુઃખ પામે છે.

૩૫. મોટા પુરુષની કૃપા ને કોપનું ફળ

જો એ જીવ પંચવર્તમાન પાળનાર બ્રહ્મવેત્તા મોટા પુરુષને પ્રસન્ન કરે છે, તો એ જીવને સદ્‌વાસના થઈ જાય છે; પણ જો તેમને કોપ કરાવે છે, તો એને અસદ્‌વાસના થઈ જાય છે. કેમ જે, સદ્‌વાસના અને અસદ્‌વાસના એ તો મોટા પુરુષની કૃપામાં અને કોપમાં રહી છે.

૩૬. શ્રીહરિ અને સંત એ બેમાં જ પ્રીતિ રાખવી.

જેવું આ બ્રહ્માંડ છે તેવાં તો અસંખ્ય બ્રહ્માંડોના સમૂહ છે. તે સર્વે અક્ષરબ્રહ્મની એક રોમ જેટલી જગ્યામાં અણુની પેઠે જણાય છે.

તે દરેક બ્રહ્માંડોને વિષે ભગવાનના અવતાર અને નારદાદિક સંત તે જીવોના કલ્યાણને અર્થે વિચરે છે. તેના દ્વારા અનેક જીવોનાં કલ્યાણ થાય છે, માટે મુમુક્ષુએ પ્રગટ પરમાત્મા અને પ્રગટ સંત તેમાં જ પ્રીતિ રાખવી. તે સિવાયના પદાર્થ તો જન્મ-મરણના હેતુ છે; માટે એને વિષે પ્રીતિ ન રાખવી.

૩૭. સમૃદ્ધિ તથા સિદ્ધિઓથી પણ નિઃસ્પૃહી રહેવું.

જો જીવ એક નારાયણનાં ચરણારવિંદને વિષે જ પ્રીતિ રાખે, તો તેણે કરીને સદ્‌વાસના થાય છે. અને જો બીજે પ્રીતિ રાખે તો અસદ્‌વાસના થાય છે. માટે જેણે કરીને અસદ્‌વાસના થાય તે સર્વેથી નિઃસ્પૃહી રહેવું. બ્રહ્માંડોને વિષે જે નારાયણની વિભૂતિઓ છે તે થકી પણ નિઃસ્પૃહી રહેવું.

અભ્યાસ કરતાં કરતાં જીવને જ્યારે પોતાનું સ્વરૂપ એકરસ પરિપૂર્ણ બ્રહ્મ દેખાય છે, ત્યારે એને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે; પણ **મુમુક્ષુએ તો તે સિદ્ધિઓથી પણ નિઃસ્પૃહી રહેવું. કેમ જે, તે સિદ્ધિઓ પુરુષોત્તમને પામવામાં સૌથી વધુ વિઘ્ન કરે છે.** વળી, **કાળે કરીને આ જગતના સર્વ પદાર્થો નાશ થઈ જાય છે. માટે હે પરમહંસો ! તમારે તે કોઈ પદાર્થની ઈચ્છા ન રાખવી.**

૩૮. સુખરૂપ ભોગ દુઃખરૂપ જ છે.

હે પરમહંસો ! જેટલા માયિક ભોગ છે તે સર્વે રોગ છે. જેને જીવ સંપત્તિ જાણે છે તે સર્વે આપત્તિ છે. જેને સત્ય જાણે છે તે સર્વે અસત્ય છે. જે સ્ત્રી-પુત્રાદિકને પોતાને માટે સુખદાયી જાણે છે, તે સર્વે બંધનનાં કારણ હોવાથી મહા દુઃખદાયી છે. જે ઈન્દ્રિયો છે તે જીવના મહાશત્રુ છે. જે તૃષ્ણા છે તે ઝાંઝવાનાં પાણી જેવી મિથ્યા છે. આ દેહ છે તે પણ વિકારવાન છે. મન પણ મહા ચંચળ અને અશાંત છે અને જે અહંકાર છે તે પણ મહા નીચ છે.

આ જીવને એ બધા પદાર્થ સુખદાયક ભાસે છે, પણ તે સર્વે દુઃખનાં દેનારાં છે. કેમ જે, તેણે કરીને કોઈને કોઈ કાળે શાંતિ મળતી નથી. માટે હે વાલા સંતો ! **તમારે એક ભગવાન સિવાય એ કોઈને સુખદાયી ન જ માનવા.**

૩૯. કાળ કેટલું બધું ભક્ષણ કરી જાય છે ?

આ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ સર્વેનો કાળે કરીને નાશ થઈ જાય છે; તો એને વિષે રહેવાવાળા જે દેવતા ને મનુષ્યાદિક તેનો નાશ થઈ જાય એમાં તે શું આશ્ચર્ય છે ?! મોટા મોટા દેવ, દૈત્ય, સિદ્ધ અને ગંધર્વ તે સર્વે નાશ થઈ ગયા છે. તેમનું નામ પણ નથી રહ્યું. તે સર્વે અણિમાદિક અષ્ટસિદ્ધિના ઐશ્વર્યે યુક્ત હતા. એવાનો પણ નાશ થઈ ગયો, તો બીજાની તો શી વાર્તા ??

અરે ! જમદૂતોએ સહિત યમરાજ, યક્ષોએ સહિત કુબેર અને સેવકોએ સહિત વરુણ જેવા મોટા મોટા પણ નાશ થઈ જાય છે; તો સામાન્ય જીવોનો કોણ આધાર ? **અરે ! બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને બ્રહ્માંડના મોટા મોટા અધિષ્ઠાતાનો પણ નાશ થઈ જશે, તો બીજા જીવોની શું વાત કહીએ ?** આમ, પ્રતિક્ષણ જે નાશ થાય છે તેને **નિત્ય પ્રલય** કહેવાય છે.

હે પરમહંસો ! જ્યારે ચાર યુગની હજાર ચોકડી જાય છે, ત્યારે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય છે. જ્યારે બ્રહ્માની રાત્રી શરૂ થાય ત્યારે સંપૂર્ણ ત્રિલોકીનો પ્રલય થાય છે. તે **રાત્રી પ્રલય કે નિમિત્ત પ્રલય** કહેવાય છે.

જ્યારે બ્રહ્માનાં સો વર્ષ પૂરાં થાય છે, ત્યારે બ્રહ્માનો પણ કાળે કરીને નાશ થાય છે. તેવા બ્રહ્મા પણ એટલા નાશ થાય છે કે, તેમની ગણતરી થઈ શકે નહિ, તો પ્રાકૃત જીવો નાશ થાય તેમાં શું આશ્ચર્ય છે ? બ્રહ્માનાં સો વર્ષે આઠ આવરણે સહિત આખા બ્રહ્માંડનો નાશ

થાય છે. તેમાં પ્રધાનપ્રકૃતિમાંથી થયેલું બધું નાશ થતું હોવાથી તેને **પ્રાકૃત પ્રલય** કહે છે.

મહા માયા અને મહા પુરુષ દ્વારા થયેલાં સર્વ બ્રહ્માંડોનો એક સાથે નાશ થાય, તેને **આત્યંતિક પ્રલય** કહે છે.

૪૦. ગોલોક સુધીની વિભૂતિઓથી પણ નિઃસ્પૃહ રહેવું.

એ રીતે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક ને આત્યંતિક - એ ચાર પ્રકારના પ્રલય છે. એ કાળની ગતિ છે. પ્રધાનપતિ પુરુષના એક મટકા જેટલા કાળે કરીને વિરાટનો નાશ કહ્યો છે. તે પુરુષના સો મટકા જેટલો કાળ જાય, ત્યારે ગોલોકને વિષે એક મટકા જેટલો કાળ વ્યતીત થાય છે. આમ, ગોલોકને વિષે કાળની અતિ મંદગતિ છે, પણ **ગોલોકને વિષેય કાળની પ્રવૃત્તિ છે ખરી; માટે એ સર્વે વિભૂતિઓથી સંતોએ નિઃસ્પૃહી રહેવું.**

હે પરમહંસો ! તમારે ગોલોકની, વૈકુંઠની અને કૈલાસની વિભૂતિઓ તથા બ્રહ્માંડને વિષે બીજી જે જે વિભૂતિઓ તથા સિદ્ધિઓ છે; તે સર્વે થકી નિઃસ્પૃહી રહેવું. અને **ખરી પ્રીતિ તો એક પુરુષોત્તમ નારાયણનાં ચરણારવિંદને વિષે જ રાખવી તથા સંતનાં ચરણારવિંદને વિષે રાખવી.**

૪૧. ખરા જ્ઞાની પુરુષ દુર્લભ છે.

હે પરમહંસો ! એવા જે જ્ઞાનવાન પુરુષ છે તેમને વિષયભોગની ઈચ્છા હોતી નથી. કેમ જે, તેઓ જ્ઞાને કરીને વિષયને મિથ્યા જાણે છે. તેથી તેમને કોઈ પણ પ્રકારની કામના રહેતી નથી. તેઓ તો સદા બ્રહ્મનિષ્ઠ થકા શોભે છે. એવા જે જ્ઞાનવાન પુરુષ છે, તે અતિ દુર્લભ છે. એવા મોટા પુરુષોનો સમાગમ તો અતિ મોટાં ભાગ્ય હોય ત્યારે મળે છે.

૪૨. પુરુષોત્તમનું બે રૂપે પ્રગટપણું

ભગવાનનું બે પ્રકારે પૃથ્વીને વિષે પ્રગટપણું છે. તેમાં **પહેલો પ્રકાર** એ જે, કપિલદેવજી માતા દેવહૂતિ દ્વારા પ્રગટ થયા. નરનારાયણ દેવ માતા મૂર્તિ દ્વારા પ્રગટ થયા. રામચંદ્રજી મા કૌશલ્યા દ્વારા અને શ્રીકૃષ્ણ પ્રભુ દેવકીજી દ્વારા પ્રગટ થયા. આ રીતે પુરુષોત્તમ ભગવાન જીવના કલ્યાણને અર્થે મનુષ્યરૂપે જન્મ ધરીને પૃથ્વીને વિષે પ્રગટ થાય છે.

બીજી રીત એ છે કે, **એ જ પુરુષોત્તમ ભગવાન પંચવર્તમાને યુક્ત એવા સદ્‌ગુરુરૂપે પ્રગટ થાય છે.** તે નારદના હૃદયને વિષે પ્રવેશ કરીને નારદરૂપે પ્રગટ થાય છે. સનકાદિકના હૃદયને વિષે પ્રવેશ કરીને સનકાદિકરૂપે પ્રગટ થાય છે. શુકજીના હૃદયને વિષે પ્રવેશ કરીને શુકજીરૂપે પ્રગટ થાય છે અને ઉદ્ધવજીના હૃદયને વિષે પ્રવેશ કરીને ઉદ્ધવરૂપે પ્રગટ થાય છે.

વળી, રામાનંદ સ્વામીના હૃદયમાં પ્રવેશ કરીને રામાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. મુક્તાનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને મુક્તાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. બ્રહ્માનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને બ્રહ્માનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. અને નિત્યાનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને નિત્યાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. **એ રીતે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ જીવોના કલ્યાણને અર્થે ગુરુરૂપે કરીને જગતને વિષે પ્રવર્તે છે.**

જો એ ગુરુને વિષે પાંચેય વર્તમાન ન હોય તો એ ગુરુનો ત્યાગ કરી દેવો ને એમ જાણવું જે, એ ગુરુના હૃદયને વિષે પુરુષોત્તમનું પ્રગટપણું નથી. એટલે એને વિષે સાચું ગુરુપણું પણ નથી. વળી, અંતર્યામીરૂપે કરીને એના હૃદયને વિષે પરમેશ્વરની દૃષ્ટિ પણ નથી; માટે એવા ગુરુને દેહાભિમાની જાણીને એનો ત્યાગ કરી દેવો.

૪૩. પ્રભુને રાજી કરવા છે ? તો...

આત્મા દેહના હૃદયને વિશે રહ્યો છે, પણ તે દેહ થકી ન્યારો છે. એ અજન્મા, અજર અને અમર છે. તે આત્મા લાંબો કે ટૂંકો નથી. બાળક, યુવાન કે વૃદ્ધ નથી. એ તો તે ત્રણ દેહ તથા ત્રણ અવસ્થાને વિષે તેના પ્રકાશકપણે રહ્યો છે.

માટે હે **પરમહંસો ! તમારે મને પ્રસન્ન કરવો હોય તો પોતાને શરીર રહિત આત્મસત્તારૂપે માનીને મારી ઉપાસના કરવી; તો તેવી ઉપાસનાએ કરીને હું અતિ પ્રસન્ન થઈશ.**



॥ નિઃસ્વાદી વર્તમાન ॥



૪૪. આહાર માટે અજગરવૃત્તિ રાખવી.

હે પરમહંસો ! મુમુક્ષુએ હરિઇચ્છાથી જે મળે તે આહારે કરીને સંતુષ્ટ રહેવું, પણ મનને ગમતા સ્વાદે કરીને રાજી થાવું નહીં. ઈશ્વરની ઇચ્છાએ કરીને આહાર થોડો મળે, સારો મળે કે જેવો તેવો મળે, તે જમી લેવો. અજગરની જેમ આહારને અર્થે ઉદ્યમ ન કરવો.

મુમુક્ષુ ત્યાગી થઈને જો અન્નનો સંગ્રહ કરે તો એની હંસવૃત્તિનો નાશ થઈ જાય છે. મધમાખી મધનો અને કીડી કણનો સંગ્રહ કરતી જ રહે છે, પણ છેવટે તે જ તેના દુઃખનું કારણ બને છે. માટે જે કાંઈ ભોજન મળે તે તમારે ખાઈ લેવું, પણ સંગ્રહ તો ન જ કરવો. 'આ સાંજે ખાશું અને આ કાલે ખાશું;' એમ અન્નનો સંગ્રહ ન કરવો. મુમુક્ષુએ તેટલું જ અન્ન ઘેરઘેરથી માંગવું કે જેટલે અન્ને કરીને પોતાના દેહનો નિર્વાહ થાય, પણ ગૃહસ્થને ભિક્ષા અર્થે કચવાવવા નહીં.

વળી, ભમરાની વૃત્તિનું ગ્રહણ કરવું. જેમ ભમરો એક જ કમળમાં આસક્ત થતો નથી, સર્વ કમળ થકી થોડો થોડો રસ લે છે; તેમ મુનિએ

જ્યાં સારું ખાવાનું મળે ત્યાં તેના લોભે કરીને આસક્ત ન થાવું, પણ જુદે જુદે ઘેરથી ભિક્ષા માંગી લેવી. જો એક જ ઘેર રોજ ઘી-ખાંડે યુક્ત ભોજન મળવા લાગે તો તે ઘેર જાવું નહીં. કેમ જે, જો ત્યાગી થઈને રસાસ્વાદમાં મોહ રાખે તો તેને દેહાત્મબુદ્ધિ વધી જાય છે.

૪૫. ભેગું કરીને જમવાથી ભોજન નિર્ગુણ થઈ જાય છે.

કદાચ બીજી ઇન્દ્રિયો જીતી હોય પણ જીહ્વા ઇન્દ્રિયને ન જીતી હોય તો એ જીતેન્દ્રિય કહેવાય નહીં. **એક રસની આસક્તિ જીતી તો સર્વ જીત્યું કહેવાય.** જે કેવળ ખાન-પાનપરાયણ પેટભરા હોય કે જે શિશ્ન ઇન્દ્રિયપરાયણ કામી પુરુષ હોય તેનો સંગ ક્યારેય કરવો નહીં. જો કોઈ તેનો સંગ કરે છે, તો તે પણ આંધળાના સંગીની જેમ જન્મ-મૃત્યુરૂપ કૂવામાં પડે છે.

સાત્ત્વિક, રાજસ અને તામસ - એ ત્રણ પ્રકારનો આહાર છે. એ આહારને જે સ્વાદ માટે જુદું જુદું જમે છે, તેને ત્રણ પ્રકારનાં કર્મ લાગે છે. તેથી જ તેની સ્વર્ગ, મૃત્યુ કે પાતાળ લોકમાં ગતિ થાય છે, પરંતુ અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી. **જો તે અન્નને ભેળું કરી તેમાં જળ મેળવીને જમે તો તે જ ભોજન નિર્ગુણ થઈ જાય છે. માટે હે પરમહંસો ! તમારે સર્વેએ સર્વ અન્નને ભેળું કરીને જળ નાંખીને જ જમવું.**

૪૬. ભિક્ષાવૃત્તિ તથા ભોજનના નિયમ કેવા રાખવા ?

અમારા ત્યાગીએ મદ્ય, માંસ, તમાકુ કે ગાંજાદિક કોઈ પણ વ્યસન ન કરવું. ડુંગળી, લસણ અને હિંગ જેવું તમોગુણી પદાર્થ ન ખાવું. પાન, સોપારી, લવિંગ, ઇલાયચી અને તજ આદિક મુખવાસ ન ખાવો.

વળી ક્યારેક અન્ન થોડું મળે તો થોડું અને ટાઢું મળે તો ટાઢું ખાવું. કોઈ સન્માન સાથે ભોજન દે કે કોઈ અપમાન કરીને દે, પણ

પ્રેમથી તે જમી લેવું. જો તમે ભૂખ્યા હો ને કોઈક ચોખાની કણકી દે, તલનો ખોળ દે, ખીચડી દે - આમ જે અન્ન ઝોળીમાં દે તે લઈ લેવું.

હે પરમહંસો ! પરમહંસ આશ્રમ ગ્રહણ કર્યા પછી પણ પોતાને જેનું ખપતું હોય તેનું જ ખાવું. વળી, જમ્યા ટાણે કોઈ અભ્યાગત આવે તો રંતિદેવની જેમ તેને દઈને પછી જમવું. અને **પ્રભુપ્રસાદ લઈને થોડીવાર બ્રહ્મવિચાર કરવો.**



॥ નિર્માની વર્તમાન ॥



૪૭. સંતોએ શુકજી જેવી સમજણ રાખવી.

હે પરમહંસો ! પરમહંસ મધ્યે શ્રેષ્ઠ એવા જે શુકજી તેને નમસ્કાર કરવો. કેમ જે, તે શુકજી નિર્માની વર્તમાન પાળ્યાને વિષે મુખ્ય છે. તે શુકજી તો ભગવાનના યોગબળે કરીને જીવપ્રાણીમાત્રના હૃદયને વિષે પ્રવેશ કરી શકે એવા છે, તોય પણ નિર્માની રહે છે.

એક વખત વ્યાસજી શુકજીની પાછળ જઈ રહ્યા હતા. ત્યારે શુકજી દિગંબર હતા છતાં તેને જોઈને સ્ત્રીઓએ વસ્ત્ર ન પહેર્યાં. પરંતુ વ્યાસે વસ્ત્ર પહેર્યાં હતાં છતાં તેને જોઈને સ્ત્રીઓ વસ્ત્ર પહેરવા લાગી. પછી તે આશ્ચર્ય જોઈને વ્યાસજીએ તે વિશે તેઓને પૂછ્યું. ત્યારે તે સ્ત્રીઓએ ઉત્તર આપ્યો કે, **"તમને આ સ્ત્રી છે ને આ પુરુષ છે, એવો ભેદ છે; જ્યારે શુકદેવજીને તો સ્ત્રી-પુરુષની ભેદદૃષ્ટિ જ નથી."**

૪૮. ધનના મદથી અંધ થયેલાને સેવવા નહીં.

એવા તે શુકજીએ પરમહંસોને શિખામણ આપી છે જે, હે સંતો ! આપણી પાસે પૃથ્વીરૂપ શય્યા છે, તેથી ઢોલિયાનું શું પ્રયોજન છે ? પોતાના હાથરૂપ ઓશીકું છે તો બીજા ઓશીકાનું શું પ્રયોજન છે ?

હે સંતો ! આપણે ઓઢવાની ગોદડી કરવાને અર્થે જ્યાં-ત્યાંથી વસ્ત્રના કટકા શું નથી મળતા ? મળે છે. શું આપણને વૃક્ષ ભિક્ષા નથી આપતા ? આપે જ છે. જળપાન માટે નદીઓ શું સુકાઈ ગઈ છે ? નથી સુકાઈ ગઈ. અને કદાચ એવી વસ્તુ ન મળે તોપણ સર્વ સમર્થ એવા જે નારાયણ તે પોતાના શરણાગતની રક્ષા શું નથી કરતા ? કરે જ છે. માટે હે **પરમહંસો ! ધનના અભિમાને કરીને અંધ થઈ ગયેલ ધનવાનને આપણે સેવવા નહીં. દેહના સુખની અને માનની ઈચ્છા આપણે રાખવી જ નહીં.**

૪૯. સાચા સંતનાં લક્ષણ કેવાં હોય ?

હે પરમહંસો ! **મોટા સત્પુરુષની સેવા તે મોક્ષનું દ્વાર છે.** તે સંત કેવા છે ? તો, તે સંત સમચિત્તવાળા છે, શાંત છે, ક્રોધે રહિત છે, સર્વના સગાં છે. મારી આજ્ઞાના પાળનારા છે, કૃપાળુ છે, સર્વના દ્રોહે રહિત છે ને સર્વના અપરાધને સહન કરનારા છે. રાગ-દ્વેષાદિકે રહિત છે. સર્વને વિષે સમબુદ્ધિવાળા છે ને સર્વ ઉપર ઉપકાર કરવાવાળા છે. કામનાએ રહિત છે. અતિ ડાહ્યા છે, કોમળ છે, પવિત્રપણે વર્તે છે અને ધનાદિકના સંગ્રહે રહિત છે. દેહની ચંચળતાએ રહિત છે.

તે સંત મારે જ આશરે રહે છે. આત્મા-અનાત્માનો વિચાર કરે છે. પ્રમાદે રહિત છે, ગંભીર મનવાળા છે, ધીરજવાળા છે અને રાગ-દ્વેષાદિક દ્વંદ્વના જીતનારા છે. પોતે માને રહિત છે, પણ બીજાને માનના આપનારા છે. સમર્થ છે, સર્વના મિત્ર છે, કરુણાવાળા છે, બ્રહ્મનિરૂપણના કરનારા છે. જગત સંબંધી વાતોએ રહિત અને જ્ઞાનગોષ્ઠીના કરનારા છે.

૫૦. સંત આશરે આવનારને પોતા સરખા કરે છે.

જેમ ભમરી ઈયળને પોતા સરખી કરે છે, તેમ તેવા સંત અશુદ્ધ જીવને પણ તત્કાળ શુદ્ધ કરે છે. **જેમ ચંદનનું વૃક્ષ બીજા વૃક્ષને ચંદન કરે છે, જેમ ગંગા બીજા જળને ગંગા કરે છે, તેમ સાચા સંત જે પોતા**

પાસે આવે છે, તેને પોતા જેવો પવિત્ર કરે છે. તે સંત વિવેકી વૈદ્ય જેવા છે. જે જીવને જેવો રોગ હોય તેને તેવો ઉપદેશ કરીને તેના કલંકને કાપી નાંખે છે. જેમ સુવર્ણને સોની શુદ્ધ કરે છે તેમ સંત જીવને શુદ્ધ કરે છે. જેમ નાવિક તેની પાસે આવનારને નાવમાં બેસારીને સમુદ્ર પાર ઉતારે છે, તેમ ભાગવત સંત જે પોતા પાસે આવે તેને ભગવાનનો નિશ્ચય કરાવીને સંસારસમુદ્રને પાર ઉતારે છે.

૫૧. સંતની અલૌકિકતા અને દુર્લભતા

તે સંત ધનને ધૂળ જેવું જાણે છે ને સંસારના સુખને શૂળી જેવું જાણે છે. સત્તાને પાપ જેવી જાણે છે, સન્માનને સર્પ જેવું જાણે છે અને લૌકિક મોટાઈને વીંછણ જેવી જાણે છે. સ્ત્રીને નાગણી જેવી જાણે છે અને કીર્તિને કલંક જેવી જાણે છે. સર્વે સિદ્ધિઓને ઠગારી જાણે છે. એવા જે સંત છે તે જીવને મળવા ઘણા દુર્લભ છે.

મા, બાપ, સ્ત્રી, સત્તા, સ્વર્ગલોક, સત્યલોક અને વૈકુંઠાદિક ધામની પ્રાપ્તિ જીવને થઈ શકે છે; પણ બ્રહ્મવેત્તા સંતની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. કેમ જે, પંચવર્તમાને યુક્ત જે બ્રહ્મવેત્તા સંત તેના સમાગમ થકી તો અક્ષરરૂપ થવાય છે તથા સાક્ષાત્કાર પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે.

૫૨. માયાના બંધનથી છૂટવાનાં ૨૫ સાધન

હે સંતો ! જેણે કરીને મુમુક્ષુ ધન, સ્ત્રી અને માન આદિક બંધનમાંથી છૂટે છે, તે સાધનો કહીએ છીએ :

૧. પરમ વિવેકી સદ્‌ગુરુ અને મારે વિષે અત્યંત પ્રીતિ થાય.

૨. મને જ આધીન રહે તથા મારી આજ્ઞાને વિષે તત્પર રહે.

૩. તૃષ્ણાએ રહિત રહે.

૪. સુખ-દુઃખને સહન કરે.

૫. ટાઢ-તડકો, ભૂખ-તરસ ઈત્યાદિને સહન કરે.

૬. માયાને વિષે દુ:ખ જ છે, પણ સુખ નથી એવો વિચાર રાખે.

૭. ભગવાનનો મહિમા જાણ્યાની શ્રદ્ધા રાખે.

૮. દેહ-ઈન્દ્રિયોનું દમન કરે.

૯. જગત સંબંધી પ્રવૃત્તિની નિવૃત્તિ રાખે.

૧૦. મારે અર્થે જ સર્વ ક્રિયા કરે.

૧૧. મારા ઉપાસક એવા જે સંત તેમનો નિત્ય સંગ રાખે.

૧૨. મારા ગુણ, ચરિત્ર અને લીલાનું ગાન કરતો રહે.

૧૩. કોઈ સાથે વેર ન કરે.

૧૪. સર્વમાં મારો ભાવ રાખે.

૧૫. ઈન્દ્રિયોને નિયમમાં રાખે.

૧૬. અહં-મમત્વનો ત્યાગ રાખે.

૧૭. આત્મા-અનાત્માના વિવેકવાળાં શાસ્ત્રોનો અભ્યાસ રાખે.

૧૮. વિષયી પુરુષના સંગનો ત્યાગ રાખે.

૧૯. પ્રાણ, ઈન્દ્રિયો ને મન તેમને સંપૂર્ણપણે જીતે.

૨૦. સત્પુરુષને વિષે શ્રદ્ધા રાખે.

૨૧. અષ્ટ પ્રકારના મૈથુનનો નિરંતર ત્યાગ રાખે.

૨૨. ભજન કર્યામાં આળસ ન રાખે.

૨૩. વાણીને નિયમમાં રાખે.

૨૪. ભગવાનના સાક્ષાત્કારવાળા જ્ઞાને યુક્ત રહે.

૨૫. પુરુષોત્તમને વિષે જ પોતાનું ચિત્ત નિરંતર રાખે.

આ પચ્ચીશ સાધન યુક્ત એવો જે મુમુક્ષુ તે અહંકારનો ત્યાગ કરી શકે છે. સ્ત્રીઆદિકના બંધનથી પણ સહેજે મુકાઈ જાય છે અને તેના દુષ્ટ સ્વભાવો પણ છૂટી જાય છે. છેવટે તે મને પામે છે.

હે પરમહંસો ! મારા અનુગ્રહની ઈચ્છાવાળા જે સદ્‌ગુરુ હોય તે પોતાના શિષ્યોને આવો જ ઉપદેશ કરે, પણ બીજા કર્મને વિષે ન જોડે. જો બીજી જ પ્રવૃત્તિને વિષે જોડે ને આવો ઉપદેશ ન કરે તો તેને ગુરુ ન જાણવો, હિતેચ્છુ ન જાણવો. તે ગુરુને તો તેના મને ઠગ્યો જાણવો. અને એ મનનો વિશ્વાસ કરે છે, માટે એ ગુરુને મૂર્ખ જાણવો.

૫૩. મુમુક્ષુએ મનનો ક્યારેય વિશ્વાસ ન કરવો.

હે સંતો ! ચંચળ મનનો તમારે ક્યારેય વિશ્વાસ ન જ કરવો. કેમ જે, એ મનના વિશ્વાસને કારણે શિવ, સૌભરી અને પરાશર જેવા સમર્થ પુરુષોનું તપ નાશ થઈ ગયું હતું. આમ, **મનના વિશ્વાસથી મોટો અનર્થ થાય છે. માટે, મનનો વિશ્વાસ ન જ કરવો.**

જો કોઈ મનનો વિશ્વાસ કરે તો તેનું મન કામદોષને પ્રવેશ આપે છે. પછી તો તેની પાછળ ક્રોધ, લોભ, મદ, મત્સરાદિક અનેક શત્રુ તેના અંતરમાં આવી જાય છે. જેમ વિશ્વાસુ પતિને છેતરી વેશ્યા જેવી સ્ત્રી વ્યભિચારી પુરુષને મોકો આપે છે કે પોતાના પતિને મરાવી નાંખે છે; તેમ **મન પણ મોક્ષમાર્ગેથી યોગીને ભ્રષ્ટ કરે છે.**

હે સંતો ! કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ, ભય ને કર્મનું બંધન - એ સર્વનું કારણ મન છે. માટે **ડાહ્યો પુરુષ 'મન મારે વશ છે' એવું કદી ન જ માને.**

૫૪. દત્તાત્રેયની જેમ ગુણ લેતા શીખવું.

હે પરમહંસો ! જે વિવેકદષ્ટિએ કરીને દત્તાત્રેયે આ સંસારરૂપી ભવાટવીનો ત્યાગ કર્યો હતો, તે સમજણ હવે તમને કહીએ છીએ.

યદુ રાજાએ તેમને પૂછ્યું કે, "તમે ઇન્દ્રિયોને લાડ લડાવવા માટે કાંઈ જ કર્મ કરતા નથી, તો એવી સમજણ તમને કેવી રીતે પ્રાપ્ત થઈ છે ? વળી, બીજા જનો તો કામ ને લોભરૂપ અગ્નિએ કરીને બળ્યા કરે છે, જ્યારે તમે તે અગ્નિએ કરીને તપતા નથી. આવી રીતે તમારા મનને વિષે જેણે કરીને સદા સુખ રહે છે, તે સમજણ અમને કૃપા કરીને કહો."

૫૫. દત્તાત્રેયે શેમાંથી શું ગુણ લીધો ?

ત્યારે દત્તાત્રેયે કહ્યું જે, તે માટે મેં આ લોકમાં ઘણાક ગુરુ કર્યા છે. અર્થાત્ જે જે પદાર્થમાંથી મેં લેવા જેવી પ્રેરણાઓ લીધી છે, તે હું તમને બતાવું છું.

૧. **પૃથ્વી તથા વૃક્ષમાંથી :** જેમ કોઈ વ્યક્તિ પૃથ્વી સાથે ગમે તેવો દુર્વ્યવહાર કરે તોપણ પૃથ્વી તેને ધારણ કરવારૂપ ધર્મથી ડગતી નથી. **તેમ સુખ-દુઃખાદિક કોઈ પણ પરિસ્થિતિમાં હું ધીરજ ધારવારૂપ જ્ઞાનમાર્ગ થકી ડગતો નથી.**

 જેમ વૃક્ષ પોતાના ફળ, ફૂલ, પાન કે છાંયો એ બધું બીજાને અર્થે જ ઉપજાવે છે. કદાચ કોઈ તેને કાપતો કે ઉખેડતો હોય તોપણ વૃક્ષ તેનું ભલું જ કરે છે. તેમ સાધુએ પણ પરોપકારી તથા નિર્માની જ રહેવું જોઈએ.

૨. **પ્રાણમાંથી :** જેમ પ્રાણવાયુ ફક્ત આહાર માગે છે, પણ સ્વાદને ઇચ્છતો નથી. તેમ સાચા સંતે માત્ર આહારે કરીને જ સંતુષ્ટ રહેવું જોઈએ; પણ રસાદિક વિષયે કરીને સંતોષ માનવો જોઈએ નહીં. અર્થાત્ **સ્વાદમાં રસ રાખ્યા વિના માત્ર જરૂર પૂરતા આહારે કરીને જીવવું જોઈએ.**

 વાયુમાંથી : જેમ વાયુ ચંદન કે અગ્નિને વિષે બંધાતો

નથી, તેમ સાચા ત્યાગીએ સારા-મોળા વિષયોમાં બંધાવું નહીં. જેમ વાયુ સુગંધ કે દુર્ગંધવાળા પ્રદેશમાંથી પસાર થાય છે, પણ તેનાથી સંપૂર્ણ નિર્બંધ રહે છે; તેમ આત્મારૂપ એવો યોગી દેહને વિષે રહે છે, તોપણ તે દેહમાં બંધાતો નથી. અર્થાત્ દેહને યોગે પોતાને જાડો-પાતળો, ઊંચો-નીચો કે સ્ત્રી-પુરુષ માનતો નથી, પરંતુ **તે દેહ થકી આત્માને જુદો જ માને છે.**

૩. **આકાશમાંથી :** જેમ પૃથ્વી, જળ, તેજ તથા વાયુના વિકારોનો આકાશને સહેજેય સ્પર્શ થાતો નથી; તેમ સ્થાવર-જંગમ સર્વ પદાર્થનો કે કાળે કરેલા કોઈ પણ વિકારનો આત્માને લવલેશ સ્પર્શ થાતો જ નથી. એમ મેં આકાશમાંથી અવિકારિતા અને નિર્લેપતાની શિક્ષા લીધી છે.

૪. **જળમાંથી :** જેમ જળ સ્વચ્છ છે તથા બીજાને શુદ્ધ કરનારું છે; તેમ સાચા સંતનું જીવન સંપૂર્ણ નિર્દોષ અને સહુ કોઈને પવિત્ર કરનાર હોય છે.

૫. **અગ્નિમાંથી :** જેમ અગ્નિ પોતાના તેજથી દેદીપ્યમાન હોય છે તથા સ્વાદ-કુસ્વાદને જોયા વિના જેવું મળે તેને ગ્રહણ કરી લે છે; તેમ સંત પણ પોતાના જ્ઞાન તથા તપે કરીને શોભાયમાન હોય છે તથા સ્વાદ-કુસ્વાદને જોયા વિના હરિઇચ્છાથી જેવું મળે તેવું પ્રેમથી જમી લે છે.

જેમ અગ્નિ યજ્ઞ કરનાર માટે આહૂતિ સ્વીકારે છે; તેમ સંત સેવા કરનારના ભલા માટે જ સેવા સ્વીકારે છે. જેમ અગ્નિ ક્યાંક પ્રગટ વર્તે છે અને બહુધા ગુપ્ત રહે છે; તેમ સાચા સંત ક્યાંક જ પોતાનો પ્રતાપ દેખાડે છે, બાકી તો ગુપ્ત જ રાખે છે.

૬. **ચંદ્રમાંથી :** જેમ ચંદ્રમાની કળા વધે-ઘટે છે ચંદ્ર નહીં; તેમ ગર્ભાધાનથી મૃત્યુપર્યંતના વિકારો દેહના છે, પણ આત્માના નથી.

૭. **સૂર્યમાંથી :** જેમ સૂર્ય શિયાળા-ઉનાળામાં જળનું ગ્રહણ કરે છે ને ચોમાસામાં છોડી દે છે; તેમ યોગી સાધનદશા વિષે શાસ્ત્રીય પ્રવૃત્તિનું ગ્રહણ કરે છે અને **આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે તેનો ત્યાગ કરે છે.**

૮. **હોલામાંથી :** જેમ હોલી તેનાં બચ્ચાંના સ્નેહે કરીને મરી અને હોલીના સ્નેહે કરીને હોલો મર્યો; તેમ સંત પણ જો કોઈ સંગાથે આસક્તિ રાખે તો હોલાની પેઠે સંતાપને પામે. માટે **સંતે નારાયણનાં ચરણારવિંદ વિના ક્યાંય સ્નેહ કે આસક્તિ રાખવી નહીં.**

૯. **અજગરમાંથી :** જેમ અજગર પોતાના આહાર માટે ઉદ્યમ કરતો નથી; તેમ ત્યાગીએ આહાર માટે કોઈ પણ પ્રકારનો સંકલ્પ કરવો નહીં. હરિઇચ્છાથી જે મળે તેનાથી દેહનિર્વાહ કરી લેવો.

૧૦. **સમુદ્રમાંથી :** જેમ સમુદ્ર ઉનાળામાં સુકાઈ જાતો નથી અને ચોમાસામાં છલકાઈ જાતો નથી; તેમ **સંતે સુખ-દુઃખ, માન-અપમાન વગેરે પરિસ્થિતિમાં સદા સ્થિર રહેવું.**

૧૧. **પતંગિયામાંથી :** જેમ પતંગિયું અગ્નિના રૂપમાં લોભાઈને તેમાં પડે છે, તો પોતે નાશ થઈ જાય છે; તેમ ત્યાગી ધન, સ્ત્રી વગેરે વિષયોમાં લોભાઈ જાય તો તેના મોક્ષનો નાશ થઈ જાય છે. માટે તન, ધન, સ્ત્રી કે વસ્ત્રાદિક પદાર્થને વિષે લોભાવું નહીં.

૧૨. **ભમરામાંથી :** જેમ ભમરો દરેક પુષ્પમાંથી જોઈએ તેટલો રસ ગ્રહણ કરી લે છે, પણ એકેય ફૂલને ભાંગી-તોડી નાખતો નથી; તેમ ત્યાગીએ દેહના નિર્વાહ માટે જરૂરી હોય તેટલું અલગ અલગ ગૃહસ્થ પાસેથી માંગવું, પણ કોઈને પીડા પહોંચાડવી નહીં. વળી **દરેક શાસ્ત્ર, વ્યક્તિ કે વસ્તુમાંથી મોક્ષોપયોગી સાર-સારનું ગ્રહણ કરતા રહેવું.**

૧૩. મધમાખીમાંથી : જેમ મધમાખીઓ જ્યાં-ત્યાંથી લાવી લાવીને મધ ભેગું જ કર્યા કરે છે, પણ છેવટે તે મધનો અને પોતાનો પણ નાશ થાય છે; તેમ ત્યાગી થઈને અન્ન, ધન, વસ્ત્રાદિક પદાર્થના લોભે કરીને જે તેનો સંગ્રહ કર્યા કરે છે, તેને પોતાના મોક્ષમાં જરૂર વિઘ્ન થાય છે. છેવટે તે ધન વગેરે પણ બીજાના હાથમાં જતું રહે છે. માટે ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કશું જ ભેગું કરવું નહીં.

૧૪. હાથીમાંથી : જેમ હાથીને હાથણીના સ્પર્શમાં આસક્તિ હોવાથી ખોટી હાથણીમાં લોભાઈને કાયમ માટે બંધનમાં આવી જાય છે; તેમ ત્યાગી જો સ્ત્રીઆદિક વિષયમાં લોભાય છે, તો તેમાં બંધાઈને કાયમ માટે દુઃખી થાય છે. માટે **એક ભગવાન સિવાય ક્યાંય લોભાવું નહીં.**

૧૫. મૃગલામાંથી : જેમ મૃગલાને ગીત-સંગીતમાં આસક્તિ હોવાથી પારધી ગીત-સંગીત દ્વારા તેને પકડીને મારી નાંખે છે; તેમ ત્યાગી થઈને ગીત-સંગીત જેવા વિષયોમાં આસક્તિ રાખે તો માયાના બંધનથી અવશ્ય દુઃખી થાય છે.

૧૬. માછલામાંથી : જેમ માછલાને રસાસક્તિ હોવાથી માછીમારે નાખેલી સ્વાદિષ્ટ વાનગીમાં લોભાઈને ફસાઈ જાય છે; તેમ ત્યાગી થઈને રસાસ્વાદમાં આસક્તિ રાખે તો માયામાં બંધાઈ જાય છે. માટે જીભને અવશ્ય જીતવી. કેમ જે, **રસના ઈન્દ્રિય જીતે તો તેણે સર્વે ઈન્દ્રિયો જીતી લીધી છે.**

૧૭. પિંગળામાંથી : જેમ પિંગળા નામની વેશ્યાને જ્યાં સુધી દ્રવ્યની આશા હતી ત્યાં સુધી તે જાર પુરુષની રાહમાં દુઃખી થતી હતી; પરંતુ જ્યારે તેણે તે આશા સંપૂર્ણ છોડી દીધી, ત્યારે તે તરત

સુખી થઈ ગઈ. તેમ ત્યાગી થઈને જે ભગવાન સિવાયની તમામ આશાઓ છોડી દે છે, તે સંપૂર્ણ સુખી થઈ જાય છે. કેમ જે, **આશા જ પરમ દુઃખનું કારણ છે અને નિરાશા તે પરમ સુખનું કારણ છે. માટે ત્યાગીએ તીવ્ર વૈરાગ્ય હંમેશાં જાળવી રાખવો.**

૧૮. **સમળીમાંથી :** જેમ એક સમળી પાસે જ્યાં સુધી માંસ હતું ત્યાં સુધી તેને ગીધ વગેરે પક્ષી હેરાન કરતાં હતાં. પણ જ્યારે તેણે તે માંસનો લોચો મૂકી દીધો એટલે તરત જ સુખી થઈ ગઈ. તેમ ત્યાગી થઈને જે વહાલી વસ્તુનો સંગ્રહ પકડી રાખે તે દુઃખી થાય છે અને જે છોડી દે છે તે સદા સુખી રહે છે.

૧૯. **બાળકમાંથી :** જેમ બાળકને માન કે અપમાન હોતાં નથી; તેમ ત્યાગીએ માન-અપમાનના હર્ષ-શોકથી સદૈવ પર રહેવું.

૨૦. **કન્યામાંથી :** જેમ કુંવારી કન્યાએ બંગડીઓ કાઢી નાંખી તો બધો જ દેકારો શાંત થઈ ગયો; તેમ સાચા સંત ભગવાન સિવાયની બધી આશાઓનો ત્યાગ કરે તો તરત શાંતિ થઈ જાય. માટે આળસ મૂકી વૈરાગ્યનો અભ્યાસ કરવો. જેથી **એક નારાયણને વિષે ચિત્ત જોડાઈ જાય તો પરમ શાંતિ થઈ જાય.**

૨૧. **કમાનગરમાંથી :** જેમ તીર બનાવનાર તે કામમાં મશગુલ થઈ જાય છે; તેમ સાચા સંતે એક ભગવાનને વિષે જ પોતાનું ચિત્ત સંપૂર્ણ જોડાયેલું રાખવું જોઈએ.

૨૨. **સર્પમાંથી :** જેમ સર્પ હંમેશાં એકલો રહે છે, તેમ મુમુક્ષુ જીવ ભગવાન તથા મોટા સંત વિના કોઈનો સંગાથ રાખતા નથી.

૨૩. **કરોળિયામાંથી :** જેમ કરોળિયો પોતાના શરીરમાંથી લાળ બહાર કાઢે છે, તેની જાળ બનાવે છે, તેમાં વિહાર કરે છે અને છેવટે પોતે તેને ગળી જાય છે, ત્યારે તે એકલો જ રહે છે. તેમ સર્વ કારણના કારણ ભગવાન નારાયણ પોતાના શરીરરૂપ જડ-ચિદ્ દ્વારા આ

વિશ્વને સર્જે છે, તેમાં રહે છે અને છેવટે સંહારી લે છે, ત્યારે સર્વાત્મા એવા તે શ્રીહરિ એકલા જ હોય છે.

૨૪. **ભમરીમાંથી** : જેમ ભમરીના તીવ્ર ધ્યાને કરીને ઈયળ તેવી જ ભમરી થઈ જાય છે; તેમ નારાયણના ધ્યાને કરીને પરમહંસના ધર્મનું પાલન કરનાર સંત નારાયણરૂપ થઈ જાય છે.

આમ, દત્તાત્રેયે **ચોવીસ ગુરુ** થકી શિક્ષા લીધી છે, તેમ મુમુક્ષુ સંતે સર્વમાંથી મોક્ષોપયોગી પ્રેરણા લેતા રહેવું જોઈએ.

૫૬. જ્ઞાની પુરુષની ઓળખ તથા સમજણ

જે સંતને આત્મા-પરમાત્માના જ્ઞાનની દૃઢતા થઈ ગઈ હોય, તે તેના આચરણ ઉપરથી દેખાઈ આવે છે. કેવી રીતે ? તો, તે તમામ વિષય થકી ઉદાસ હોય છે. વર્તમાન સંબંધી નિયમોનું સહજ પાલન કરતા હોય છે. તેઓ વૈરાગ્યવાળા મુમુક્ષુ પાસે જોરદાર કથા-વાર્તા કરતા હોય છે. તેની તમામ વાતો મોક્ષ પમાડનારી હોય છે. તેમની દૈહિક ક્રિયાઓ જડભરત જેવી હોય છે. તે દેહ તથા દુનિયાને ખોટા માને છે, છતાં નિયમ-ધર્મમાં સાવધાન રહે છે. એવા જ્ઞાની મહાપુરુષને બ્રહ્મ-પરબ્રહ્મનું જ્ઞાન સાક્ષાત્ થયેલું હોય છે. તેઓ જ્યાં દેહ છોડે ત્યાં જ બ્રહ્મમહોલ હોય છે.

એવા જ્ઞાની એમ સમજે છે કે, 'આ મારો દેહ કાશીમાં છૂટો કે બીજે તીર્થસ્થાનકે છૂટો, યજ્ઞશાળામાં છૂટો કે ચાંડાળના ઘરમાં છૂટો, વનમાં, ગામડામાં કે શહેરમાં છૂટો; પણ મારે તો તે બધું સમાન જ છે. મારે માટે તો સ્વર્ગલોક ને પૃથ્વીલોક એ બેય નરક તુલ્ય છે.

વળી, આ દેહ આજ છૂટી જાઓ કે બ્રહ્માના કલ્પ સુધી રહો, ગ્રીષ્મઋતુમાં પડો કે વર્ષાઋતુમાં પડો અને ચાહે તો આ દેહ દક્ષિણાયનમાં મરી જાઓ કે ઉત્તરાયનમાં છૂટી જાઓ. **મારે તો આ પોતાનો અને પરનો એ બેય દેહ તુલ્ય છે. કેમ જે, હું તો બ્રહ્મ છું,**

અખંડ છું. મારે હવે બ્રહ્મનું સ્વરૂપ જાણ્યામાં સંશય કોઈ જ નથી, સાક્ષાત્કાર જાણું છું.

વળી, પડી ગયેલા આ દેહને કોઈ સૂઝે ત્યાં નાંખી દો, સૂઝે તો ચંદનના લાકડામાં બાળો, તે દેહને ચાહે તો કૂતરાં-શિયાળિયાં ખાઈ જાઓ કે નદીમાં વહી જાઓ. કેમ જે, મારે આ દેહનું અહં-મમત્વ જરા પણ નથી.'

આવા જે જ્ઞાની હોય તેના દેહની ગમે તે સારી ભૂંડી અવસ્થા થાય, પણ તેણે કરીને તેનું કાંઈ જ બગડતું નથી. માટે એવા જ્ઞાની **ભગવાનના સંત-ભક્તનો દેહ સૂઝે તે રીતે પડે, પણ તેનો સંશય કરવો નહીં. કેમ જે, તેનો જીવ તો બ્રહ્મરૂપ થઈને સાક્ષાત્કાર પુરુષોત્તમને પામ્યો છે.**

આઠ પ્રકારે સ્ત્રીના તથા દ્રવ્યના ત્યાગી એવા જે અનુભવી સંત, તેને તો હરિ જેવા જાણવા. કેમ જે, એવા જે સંત છે તે જ ગુરુ છે અને તે જ હરિ છે.

૫૭. અક્ષરબ્રહ્મનાં લક્ષણ

અક્ષરબ્રહ્મ કેવા છે ? ઉત્પત્તિ અને પ્રલયથી રહિત છે. એ અક્ષરને તેજે કરીને કાળનો પણ નાશ થઈ જાય છે. તે અક્ષર સ્થિર છે, સનાતન છે, પરમેશ્વરને રહ્યાનું સ્થાનક છે ને તે અક્ષરને વિષે બ્રહ્મસૃષ્ટિ રહી છે. તે બ્રહ્મસૃષ્ટિવાળા સર્વે મુક્તો બ્રહ્મરૂપે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે. **તે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું ધામ છે.**

તે ધામ કેવું છે ? તો એ ધામને વિષે રહ્યા જે મુક્ત તેના એક એક રોમને વિષે પ્રલયકાળના બાર સૂર્ય સરખો દીપ્તિમાન શીતળ શાંત પ્રકાશ છે. એવા અસંખ્ય મુક્તો પુરુષોત્તમનાં ચરણારવિંદની ઉપાસના કરે છે.

૫૮. પુરુષોત્તમનારાયણનો મહિમા

તે પુરુષોત્તમ કેવા છે ? તો, અનંત મુક્તના દેહનો જે પ્રકાશ તે અક્ષરબ્રહ્મના એક રોમને વિષે લીન થાય છે. એવા અક્ષરબ્રહ્મના અનંત

તેજને લીન કરી નાંખે એવું પુરુષોત્તમના એક રોમનું તેજ છે. એવા **જે સાક્ષાત્ ધર્મ-ભક્તિ પુત્ર શ્રીહરિ પુરુષોત્તમ તેની આજ તમને સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ છે. સર્વે જે બાઈ-ભાઈ સત્સંગી છે તેને દેહત્યાગ કર્યા પછી એ ધામની પ્રાપ્તિ થાય છે. એ ધામને હું મારે બળે કરીને સર્વને પમાડીશ; પણ સાધને કરીને એ ધામ પમાતું નથી.**

૫૯. અક્ષરમુક્તોમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી.

અક્ષરધામને વિષે જે મુક્તો રહ્યા છે તેના દેહનો આકાર સ્ત્રી કે પુરુષ જેવો નથી. અર્થાત્ સ્ત્રી કે પુરુષનાં ચિહ્નોએ રહિત છે. તે મુક્તો સ્ત્રી-પુરુષની વાસના કે ઈચ્છાએ રહિત છે. તે સર્વે મુક્તને એક ભગવાન સંબંધી સુખની જ ઈચ્છા છે.

૬૦. અક્ષરધામની અન્ય ધામોથી વિલક્ષણતા

અક્ષરધામને પામેલા મુક્તો ગોલોક તથા વૈકુંઠથી વિજાતીય જે પુરુષોત્તમ સંબંધી સુખ તેને ભોગવે છે. જેમ બીજા લોકને વિષે સ્ત્રી-પુરુષ ગૃહસ્થ થઈને પુરુષોત્તમની ઉપાસના કરે છે, તેવી રીત અક્ષરધામમાં નથી. **ત્યાં તો એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની જ ઉપાસના છે.** બીજાં ધામોને વિષે સ્ત્રી-પુરુષ એકબીજાને સેવે છે અને નવધા ભક્તિએ કરીને પુરુષોત્તમની મૂર્તિનાં ચરણારવિંદની પણ સેવા કરે છે. એવી જે ઉપાસના ને ભક્તિ તે અક્ષરરૂપ ધામને વિષે નથી.

૬૧. કામને જીતે તે જ અક્ષરધામને પામી શકે.

એ અક્ષરબ્રહ્મ મારું ધામ છે; પણ જ્યાં સુધી સ્ત્રી-પુરુષને પરસ્પર ભોગબુદ્ધિ વર્તે છે, ત્યાં સુધી તેને પુરુષોત્તમ અક્ષરધામને વિષે રાખતા નથી; બીજાં ધામોને વિષે રાખે છે.

જ્યારે એ ભક્ત કામસુખની ઈચ્છાએ રહિત થાય ત્યારે જ અક્ષરધામને પામે છે. જ્યાં સુધી જીવ મૈથુનમાં સુખબુદ્ધિએ યુક્ત હોય છે, ત્યાં સુધી તેને એ અક્ષરધામ સ્વપ્નમાં પણ દેખાતું નથી.

૬૨. બ્રહ્મરૂપ ગુરુનાં લક્ષણ અને મહિમા

જે બ્રહ્મવેત્તા સંત આઠ પ્રકારે સ્ત્રીના ત્યાગી હોય ને આઠ પ્રકારે ધન-સંપત્તિના ત્યાગી હોય અને પોતાની સર્વ ક્રિયા પ્રભુને અર્થે જ કરતા હોય તેના મુખ થકી શાસ્ત્રના સારભૂત વાક્યનું ગ્રહણ કરવું. તેવા ગુરુને અને બ્રહ્મને વિષે એકપણું જાણવું.

એવા ગુરુના પ્રતાપે કરીને તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવને મોટપની પ્રાપ્તિ થઈ છે. તે કેવળ ગુરુના કૃપાપ્રસાદે કરીને થઈ છે. 'જે કનક-કામિનીના ગ્રહણ કરનારા ગુરુ હોય તેના પ્રતાપે કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય' એમ કોઈ ઠેકાણે કહ્યું નથી. અષ્ટ પ્રકારે સ્ત્રી-દ્રવ્યના ત્યાગી એવા ગુરુની કૃપાએ કરીને જ આત્મ-પરમાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને એવા ગુરુની કૃપાએ કરીને જ જીવનાં જન્મ-મરણ ટળે છે.

૬૩. આત્મનિષ્ઠાની તાકાત

જેમ સૂર્યને તેજે કરીને બરફની પાટો ઓગળીને પાણી થઈ જાય છે, તેમ જેને આત્મજ્ઞાન પ્રગટ થાય છે તેને માયાના દોષો સહેજે ગળી જાય છે. **માયાનું બળ ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી આત્માને જાણ્યો નથી.**

જેમ નિદ્રાને વિષે જે સ્વપ્નસંબંધી ભોગ જણાય છે, તે જાગ્રતને વિષે નથી જણાતા; તેમ આત્મજ્ઞાનરૂપી જાગ્રત અવસ્થાને જે પામે છે, તેને સંસાર સંબંધી ભોગ લીન થઈ જાય છે. પછી તે જ્ઞાની ભક્ત જે દેહમાં પોતે રહે છે, તે દેહને પણ બીજાના દેહ જેવો જ જાણે છે. તે પોતાના દેહને અને બીજાના દેહને પણ મિથ્યા દેખે છે.

૬૪. પ્રભુપરાયણ સંતની સેવાથી બ્રહ્મરૂપ બનાય છે.

આત્મા દેહ થકી ન્યારો છે. તે નિર્મળ છે, અખંડ છે, અવિનાશી છે, અજર છે, અમર છે. તે આત્મા ઊંચો-નીચો, ખારો-ખાટો,

મીઠો-મોળો કે લાંબો-ટૂંકો નથી. તે આત્મા બાળક કે વૃદ્ધ નથી. **જીવને જ્યારે એ આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે ચિત્તનો નાશ થઈ જાય છે. જેમ સૂકું ખડ અગ્નિએ કરીને બળી જાય છે, તેમ આત્મજ્ઞાનરૂપ અગ્નિએ કરીને ચિત્ત બળી જાય છે. એવો જે તે આત્મા તે હરિગુરુરૂપ પરમહંસની સેવાએ કરીને પમાય છે.**

૬૫. બ્રાહ્મી ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય છે.

હે પરમહંસો ! કોઈ જીવ બ્રહ્મા, વિષ્ણુ, શિવનો દેહ પામીને પુરુષોત્તમની ઉપાસના કરે, તેના ઉપર પ્રભુ અતિ પ્રસન્ન થતા નથી. પરંતુ જો તે જીવ પોતાના સ્વરૂપને સુષુપ્તિનો સાક્ષી, દ્રષ્ટા અને બ્રહ્મ માનીને પુરુષોત્તમની ઉપાસના કરે, તો તેની ઉપર પુરુષોત્તમની અતિશય પ્રસન્નતા થાય છે.

માટે હે પરમહંસો ! **જો તમારે સર્વેએ મને અતિ પ્રસન્ન કરવો હોય, તો નિરાકાર આત્મસત્તારૂપે પોતાને માનીને મારી ઉપાસના કરવી, તો તે ઉપાસનાએ કરીને હું અતિ પ્રસન્ન થઈશ.**

૬૬. જીવનમુક્તની સ્થિતિ તથા લક્ષણો

હે પરમહંસો ! **જે જીવનમુક્ત હોય છે, તે શુદ્ધ ચિત્તે બ્રહ્મ-પરબ્રહ્મનું જ ચિંતવન કરે છે.** તેને જગતને વિષે સત્યતાની નિવૃત્તિ થઈ ગઈ હોય છે. તે જીવનમુક્ત દેહે કરીને ક્રિયા કરે છે, પણ તેમાં મોહ નથી પામતા. **બીજાના દેહની જેમ પોતાના દેહને પણ પોતાથી છેટે દેખે છે.**

તે જીવનમુક્ત કેવા છે ? તો, **મહાકારણ દેહે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે; પરંતુ જ્યારે તે અક્ષરને વિષે આત્મબુદ્ધિ કરે છે, ત્યારે તે અક્ષરરૂપે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે.**

ક્યારેક પુરુષોત્તમની ઇચ્છાથી તે અક્ષરબ્રહ્મ પણ અણુની પેઠે પુરુષોત્તમને વિષે લીન થાય છે; ત્યારે એક અદ્વિતીયપણે કરીને તે પુરુષોત્તમ જ રહે છે, પણ બીજું અક્ષરાદિ કાંઈ રહેતું નથી.

૬૭. અક્ષરનાં સગુણ-નિર્ગુણ બે સ્વરૂપ

તે અક્ષરનાં બે રૂપ છે. એક શુદ્ધ ચિદાકાશ નિર્ગુણરૂપ છે. તે પુરુષોત્તમને અને શુદ્ધ બ્રહ્મસૃષ્ટિને ધરી રહ્યા છે. અક્ષરનું બીજું સગુણ સ્વરૂપ છે. તે રૂપે કરીને તે અનંત બ્રહ્માંડો તથા કાળ, માયા, મહાવિષ્ણુ, વિરાટ અને તમામ જીવોને ધરી રહ્યા છે. તે સાક્ષીપણે કરીને સમગ્ર બ્રહ્માંડોના અંતર્યામી છે, સુષુપ્તિના સાક્ષીરૂપ દ્રષ્ટા છે અને તે આપણી સમીપે જ વર્તે છે. **હે પરમહંસો ! તમારે એને વિષે આત્મબુદ્ધિ રાખવી અને એ વિચારે કરીને જીવનમુક્ત થાવું. એવા જે જ્ઞાનવાન છે તે મન, ઇન્દ્રિય ને દેહને અયોગ્ય ચેષ્ટા કરવા દેતા નથી.**

૬૮. બ્રહ્મરૂપ થવા માટેની શ્રેષ્ઠ સમજણ

હે નિષ્પાપ પરમહંસો ! **જ્ઞાની સંતે જગતને અર્થે કરવામાં આવતી પ્રવૃત્તિનું ગ્રહણ ન કરવું ને ભગવાનને અર્થે કરવામાં આવતી પ્રવૃત્તિનો ત્યાગ ન કરવો.** અંતરથી આકાશવત્ જે આત્મા છે તેને વિષે સ્થિતિ રાખવી અને દેહે કરીને વર્તમાનને વિષે ખબરદાર રહેવું અને કાષ્ટ-પાષાણની પેઠે અંતરને વિષે હર્ષ-શોક થવા દેવો નહીં.

હે પરમહંસો ! તમારે એમ સમજવું કે, '**હું મારું સ્વરૂપ જે આત્મા તે રૂપે રહ્યો છું. હવે મારી અવિદ્યા નિવૃત્તિ પામી છે ને આત્માના આનંદે કરીને તૃપ્ત થયો છું.**'

જેને પરમેશ્વરનો વિશ્વાસ નથી તે તો અતિ દાખડો કરે તોય પણ તેને બ્રહ્મસત્તા નથી ભાસતી. સાચા જ્ઞાનીને એવો નિશ્ચય હોય છે જે, હું બ્રહ્મ છું, નિત્ય શુદ્ધ છું, સર્વને વિષે રહ્યો છું. હું મરતો કે જન્મતો

નથી. શરીરને નાશે મારો નાશ નથી. શરીરને જન્મે મારો જન્મ થતો નથી. જીવને ભૂંડી વાસના છે, તેથી શરીર સાથે જન્મ-મરણ અનુભવવાં પડે છે. જ્યારે વાસના નાશ થાય છે, ત્યારે એ જીવ શુદ્ધ થાય છે; તેથી એને આત્મતત્ત્વ ભાસે છે. જેમ શુદ્ધ વસ્ત્ર પર રંગ તરત ચઢી જાય છે, તેમ **નિર્વાસનિક ચિત્તને વિષે બ્રહ્મ તત્કાળ ભાસી આવે છે.**

તે બ્રહ્મ ત્રણે કાળને વિષે નિત્ય શુદ્ધ શાંતરૂપ છે. જેને એનું અનુભવજ્ઞાન થાય છે તે એમ જાણે છે જે, હું બ્રહ્મ છું અને આકાશની પેઠે સર્વને વિષે વ્યાપીને રહ્યો છું. જો પરમેશ્વરને આશરે રહું તો મને કોઈ દુઃખ કે સુખ નથી. મને કાળ કે કર્મ સ્પર્શી શકતાં નથી.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ બધાંથી પર જે આત્મસ્વરૂપ છે તે દ્રષ્ટા છે. તે સાક્ષી છે. એને જ પોતાનું સ્વરૂપ માનવું. પછી માયાથી પર જે અક્ષરબ્રહ્મ તેને જ પોતાનું સ્વરૂપ માનવું. એથી પર પુરુષોત્તમ છે. તે આપણા ઈષ્ટદેવ છે. તે સર્વના સ્વામી **'સ્વામિનારાયણ'** છે.

૬૯. જીવના સ્વરૂપનું નિરૂપણ

જીવાત્મા કોને કહેવાય ? તો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ - એ ત્રણ દેહ તો જડ છે. એ ત્રણ દેહમાં જે જીવ રહ્યો છે તે ચૈતન્ય છે ને સત્ય છે. એ જીવ ત્રણ દેહમાં રહીને ત્રણે અવસ્થાને ભોગવે છે. સ્થૂળ દેહમાં રહીને જાગ્રત અવસ્થાને ભોગવે છે. ત્યારે તે 'વિશ્વાભિમાની' નામે કહેવાય છે. સૂક્ષ્મ દેહમાં રહીને સ્વપ્ન અવસ્થા ભોગવે છે. ત્યારે તે 'તેજસાભિમાની' નામે કહેવાય છે. કારણ દેહમાં રહીને સુષુપ્તિ અવસ્થાને ભોગવે છે. ત્યારે તે 'પ્રજ્ઞાભિમાની' નામે કહેવાય છે. આમ, દેહના યોગે જન્મ-મરણ અનુભવી રહેલા આત્માને 'જીવ' કહેવાય. આ રીતે લખચોરાશીમાં ભમતા જીવાણુથી લઈને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સુધીના તમામ આત્માઓ જીવ કોટીમાં ગણાય છે.

જીવ જડ દેહ પ્રત્યે વ્યાપી રહ્યો છે પણ તે પોતે નાશ પામતો નથી. અવિનાશી એવા તે ચૈતન્યને શસ્ત્ર, જળ, અગ્નિ, વાયુ વગેરે કોઈ જ નાશ કરવા સમર્થ નથી. જન્મ ને મરણ તો દેહનો ધર્મ છે. જીવ તો નિત્ય જેવો છે તેવો ને તેવો જ રહે છે.

જેમ જૂનાં વસ્ત્રને મૂકીને મનુષ્ય નવાં વસ્ત્રને ગ્રહણ કરે છે, તેમ જીવ જીર્ણ થયેલા શરીરને મૂકીને નવાં બીજા દેહને પામે છે. જેમ ઘટપદાદિક પદાર્થ ઈન્દ્રિયો-અંતકરણથી જણાય છે, તેમ આ જીવ જણાતો નથી. તેને જાણવાનું સાધન આત્મા-પરમાત્માનું શ્રવણ-મનનાદિક છે.

૭૦. ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ

ઈશ્વર કોને કહેવાય ? તો વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ દેહમાં રહીને ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય અવસ્થાને અનુભવી રહેલ આત્માને ઈશ્વર કહીએ. આ રીતે વૈરાજપુરુષથી લઈને પ્રધાનપુરુષ સુધીના તમામ આત્માઓ ઈશ્વરકોટીમાં ગણાય છે.

૭૧. કેવા યોગીને બ્રહ્માનુભવ થાય છે ?

હે પરમહંસો ! ચંચળ સ્વભાવે કરીને અસ્થિર એવું જે મન તે વિષયમાં પ્રવીણ છે. તે માટે જ્યાં જ્યાં મન જાય ત્યાંથી પાછું વાળી નિયમમાં જ રાખવું. આત્મા-પરમાત્માને વિષે અતિશય સુખની ભાવના વધારીને મન વશ કરવું. **આત્મા-પરમાત્માને વિષે નિશ્ચલ મનવાળા યોગીને આત્મા-પરમાત્માનું ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.**

૭૨. આ રીતે ઉપાસના કરે તેને ધન્ય છે !

હે પરમહંસો ! નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્પૃહી અને નિર્માની - એ **પાંચ વર્તમાનમાં રહ્યા થકા પોતાના જીવને અક્ષરબ્રહ્મ**

માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે, તે પુરુષને ધન્ય છે ! પણ અક્ષર અને પોતાના જીવને જે સ્વામી-સેવકભાવે વિચારે છે તેને ધિક્કાર છે.

અક્ષર અને પોતાના આત્માને એક માનીને જે પુરુષોત્તમની સ્વામી-સેવકપણે ઉપાસના કરે છે તેને ધન્ય છે ! પણ પુરુષોત્તમને અને પોતાને જે એકપણે માની ભજે છે તેને ધિક્કાર છે.

હે પરમહંસો ! આવી રીતે પાંચ વર્તમાન સંબંધી અમે જે આ વાર્તા તમને લખી મોકલી છે, તે સર્વે વેદાંતનું રહસ્ય છે. એ સર્વે વાતો મેં મારા સ્વરૂપને વિષે દેખીને લખી છે, તે તમે નક્કી માનજો.

૭૩. પુરુષોત્તમનો અમોઘ આશીર્વાદ !!

હે પરમહંસો ! આટલું જાણ્યા પછી તમારે કાંઈ જાણવું રહેતું નથી. મારે તમારા ઉપર અતિશય હેત છે તેથી તમને આ પત્ર લખ્યો છે. આ મારાં વચનોને તમે જીવનમાં ઉતારશો, તો મારી કૃપાએ કરીને અક્ષરરૂપ થઈ તમને સર્વેને પુરુષોત્તમની પ્રાપ્તિ થાશે, આ વચન સત્ય છે.

॥ ઈતિ વેદરસ સાર સંપૂર્ણ ॥



INDEX



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વેદરસ





॥ श्रीस्वामिनारायणाय नमो नमः ॥
॥ श्रीपुरुषोत्तमनारायणसच्चिदानन्दाय नमो नमः ॥

૧. પત્રનો પ્રારંભ

॥ અથ નિર્લોભી વર્તમાન ॥



સ્વસ્તિશ્રી પરમહંસ મંડળ મહાશુભ સ્થાને પૂજ્યારાધે ઉત્તમોત્તમ, પરમ પૂજ્ય, અર્ચનીય, સકળ શુભ ગુણનિધાન, સર્વશુભોપમાયોગ્ય, ભાઈ શ્રીસ્વયંપ્રકાશાનંદ સ્વામી તથા સમસ્ત પરમહંસ : એતાન શ્રીઅનિર્દેશથી(અક્ષરધામથી) લિખાવીતં સ્વામીશ્રી ૭ સહજાનંદજીના જય સચ્ચિદાનંદ વાંચજો.

૨. સંકલ્પને શમાવવાની રીત

બીજું લખવા કારણ એમ છે જે, જે પરમહંસને પોતાના મનમાં જાગ્રત અવસ્થાને વિષે કામક્રોધાદિકના અતિશે સંકલ્પ ઉત્પન્ન થાય, તે પરમહંસને એમ વિચાર કરવો જે, 'આ દેહ ને સંકલ્પ તે હું નહીં, હું તો એનો **દ્રષ્ટા** છું.'

વળી, તે દ્રષ્ટાનો વિચાર જીવનમુક્તના લક્ષણને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે, પુરુષોત્તમની મૂર્તિને લક્ષે યુક્ત ને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિને વિષે સ્વતંત્ર **એવા જે જીવનમુક્ત સંત તેને જ્યારે જાગ્રતમાં સંકલ્પ થાય છે, ત્યારે તે સંકલ્પને શમાવવા સારુ ભગવાનની મૂર્તિને આગળ ધારીને નખથી શિખાપર્યંત સંભારીને મૂર્તિને વિષે અતિશય લક્ષે કરીને તે સંકલ્પને તે જીવનમુક્ત શમાવે છે.** તેવી જ રીતે તે પરમહંસ પોતાના દેહને નખશિખાપર્યંત ચિંતવન કરીને અંગઅંગને ખોટાં કરે ને પોતાને દ્રષ્ટા માને.

અને (તે અંગોને કેવી રીતે ખોટાં કરે ? તો,) વિચાર કરવામાં નેત્રને વિચારે ત્યારે નેત્રને ખોટાં કરે, અને મુખને વિચારે ત્યારે મુખને ખોટું કરે, છાતીનો વિચાર કરે ત્યારે છાતીને ખોટી કરે, હાથનો વિચાર કરે ત્યારે હાથને ખોટા કરે, પેટને વિચારે ત્યારે પેટને ખોટું કરે, કેડનો વિચાર કરે ત્યારે કેડને ખોટી કરે, પિંડીનો વિચાર કરે ત્યારે પિંડીને ખોટી કરે, વાંસાનો વિચાર કરે ત્યારે વાંસાને ખોટો કરે, પગનો વિચાર કરે ત્યારે પગને ખોટા કરે; **એ સર્વે જે પોતાના દેહનાં અંગ તેના વિચારનો કરનારો જે આત્મા, તે આત્માને વિષે અર્થાત્ પોતાને વિષે પોતાપણું માને અને આ દેહને ખોટો માને.**

૩. ભગવદ્‌વચને વિચાર કર્યાનું વિશેષ ફળ

એ વચન અમે કહ્યું છે તેને જે માનશે તેને થોડાક દિવસે વિચાર કરતાં કરતાં પોતાનો આત્મા દેહથી જુદો સૂર્ય સરખો પ્રકાશવાન દેખાઈ

આવશે. અને દેહ તો શૂન્ય આકાશ ભેળે આકાશ જેવો જણાશે, પણ કરચરણાદિક ચિહ્નરૂપે નહિ જણાય, શૂન્ય આકાશ સરખો જણાશે.

જેમ આકાશને વિષે વાદળાંની ઘટા જણાતી હોય ને પછી વાયુ જ્યારે અતિશય લાગે ત્યારે તે ઘટા આકાશને વિષે લીન થઈ જાય છે, તેમ આત્માના વિચારરૂપ જે વાયુ તે જાગ્રત અવસ્થાને વિષે અતિશય જ્યારે લાગે છે ત્યારે જાગ્રતને વિષે ઘોર સુષુપ્તિ વર્તે છે, તેણે કરીને આ દેહ શૂન્ય થઈ જાય છે.

અને વળી, જ્યારે એવી રીતે વિચાર કરશે ત્યારે આ દેહ શૂન્ય પાષાણ જેવો થઈ જાશે અને સંકલ્પ પણ પાષાણ જેવા થઈ જશે. અને સમુદ્ર જેવા કામ-ક્રોધાદિક ઘાટના સમૂહ થતા હશે, તોપણ એ સર્વે શમી જાશે.

અને **હું પણ તે ઉપર કૃપા કરીશ અને વચનરૂપે કરીને તેના હૃદયને વિષે પ્રવેશ કરીને આત્મજ્ઞાન સંબંધી વિચારને પ્રકાશ કરીશ. તે વિચારે કરીને તેને આત્માને વિષે અહંપણું મનાશે. પછી તે આત્મારૂપ દેહને અભિમાને કરીને મારી ઉપાસના કરશે.** આ વિચાર છે તે કોઈક વિશ્વાસી ગૃહસ્થ હોય ને પૂછે તો તેને પણ બતાવવો.

બીજું, આ વિચાર કરતાં કરતાં જેમ બીજાનો દેહ પોતાના દેહથી નોખો જણાય છે, તેમ પોતાનો દેહ પણ પોતાના આત્માથી નોખો જણાશે. બીજું, આ કાગળને વિષે તમારે અર્થે બ્રહ્મવિદ્યા સંબંધી વિચાર જે અમે લખીએ છીએ તે વિચાર અમારા અંતરના રહસ્યરૂપ છે અને સર્વે ઉપનિષદ્‌ના પણ રહસ્યરૂપ છે.

૪. સહન કરી લેવું પણ કોઈનોય અવગુણ ન લેવો.

બીજું, આ વિચાર કર્યાની જેને શ્રદ્ધા હોય તેણે કોઈને શબ્દે કરીને ક્ષોભ ન પામવું અને દેહને દુઃખે કરીને પણ ક્ષોભ ન પામવું. બીજું

સત્સંગી ગૃહસ્થ તથા પરમહંસ તે તો સૂઝે એટલું દેહને કષ્ટ દે અથવા કટુક વચને કરીને હૃદયને કષ્ટ દે તે સર્વ ખમવું જ.

અને સત્સંગીનો ગુણ જ લેવો, પણ અવગુણ લેવો જ નહીં. જેમ કદરજને વિમુખ દુષ્ટ જીવે કષ્ટ દીધું તેનો અવગુણ કદરજે ન લીધો, તેમ આપણે સત્સંગીનો તો અવગુણ લેવો જ નહીં.

૫. અવગુણ લેવાનું નુકશાન

અને **જો જે સત્સંગીનો અવગુણ લેશે તો તે મોક્ષના માર્ગથી પડી જશે. અને કુસંગીનો પણ અવગુણ ન લેવો; કાં જે, જે યોગીને કુસંગીનો અવગુણ આવે છે,** તેને

(૧) **ભેદદષ્ટિ** = જે સ્થૂળ ઉપાધિ(દેહનો યોગ), તેને વિષે જ્યેષ્ઠ-કનિષ્ઠપણું(ઉચ્ચ-નીચપણું) તે રહે છે. અને

(૨) **કૃત્યદષ્ટિ** = જે પાંચ વર્તમાનનું કર્તૃત્વપણું તે રહે છે. અને

(૩) **અભિમાનદષ્ટિ** = જે શુદ્ધ સત્ત્વમય મૂર્તિ આદિકને વિષે અહંપણું તે રહે છે. તે સારુ બ્રહ્મવિદ્યાશ્રિત યોગીને એ ત્રણ ભેદ ન ઘટે. (કેમ જે) એ ભેદે કરીને જીવનમુક્તપણું રહે છે અને વિદેહમુક્તપણું નથી આવતું, તે સારુ (કુસંગીનોય અવગુણ ન લેવો).

૬. સુખ-દુઃખનું કારણ મન છે.

હે પરમહંસો ! ભિક્ષુક જે કદરજ તેણે ક્ષમાની રીતિ કહી છે જે, આ જન જે મનુષ્ય તે જીવને સુખ-દુઃખ દેવાનું કારણ નથી. વળી દેવતા અને આત્મા જે પોતે જીવ અને સૂર્ય આદિ લઈને જે નવ ગ્રહ અને કર્મ જે પોતાનાં કરેલ અને કાળ જે દેહનો ઉપજાવતલ, એ સર્વે જીવને સુખ-દુઃખ દેવાનાં કારણ નથી; એમ મોટા સંત કહે છે.

અને જીવને સુખ-દુઃખનું કારણ તો મોટા પુરુષ મનને માને છે. એટલા માટે વેદમાં કહ્યું છે જે, **આ જીવ મને કરીને જોવે છે ને મને કરીને સાંભળે છે, એ આદિ સર્વ ક્રિયા મન વડે કરે છે.**

૭. ગુણ, કર્મ અને સંસૃતિનું કારણ પણ મન છે.

અને મન જીવને સંસારના ચક્ર પ્રત્યે કહેતાં જન્મ-મરણ પ્રત્યે પરિભ્રમણ કરાવે છે. વળી જેમ મન પરિભ્રમણ કરાવે છે તેની રીતિ કહે છે જે, બળવાન એવું જે મન તે ગુણને ઉપજાવે છે, ને ગુણની વૃત્તિ થકી વિલક્ષણ એવાં જે કર્મ તેને ઉપજાવે છે. તે **કર્મ ત્રણ પ્રકારનાં છે**. (૧) એક તો **શુક્લ**(સારા) કહેતાં સત્ત્વગુણરૂપ, (૨) **કૃષ્ણ**(નઠારા) કહેતાં તમોગુણરૂપ અને (૩) **લોહિત**(પંચવિષય કે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરાવનારા) કહેતાં રજોગુણસંબંધી એવાં છે.

અને તે કર્મ થકી કર્મને યોગ્ય એવી સંસૃતિ જે (૧) **દેવતાપણું,** (૨) **પશુ-પક્ષીપણું** અને (૩) **મનુષ્યાદિકપણું** એ જાતની સંસૃતિ જે જન્મ-મરણ તે થાય છે.

ત્યારે કોઈ કહેશે મનને જ સંસાર હોય, આત્માને ન હોય. તો એ આશંકા ઉપર કહે છે જે, અવિદ્યાએ કરીને જીવને મનનો જે અધ્યાસ(એકપણાનો ભ્રમ) તેણે કરીને જન્મ-મરણ જીવને છે.

૮. ઈશ્વરના સ્વરૂપનું વર્ણન

અને તે મનને અધ્યાસે રહિત સુષુપ્તિના સાક્ષી એવા જે ઈશ્વર તેને સંસૃતિ નથી. તે કહે છે જે, **અનિહ** કહેતાં અકર્તા અને મન અને જીવ સંગાથે નિયંતાપણે કરીને વર્તે છે, તોય પણ આત્મા એવા ઈશ્વર તે હિરણ્યમય(સુવર્ણ જેવા તેજસ્વી) પુરુષ છે. અને તેની હિરણ્યમય દાઢી છે, હિરણ્યમય કેશ છે, અને નખથી કરી શિખાપર્યંત તેનાં સર્વે અંગ હિરણ્યમય છે. અને કમળ સરખાં તેનાં નેત્ર છે. અને તે પુરુષ સર્વ પાપે રહિત છે, અને સ્થૂળ નથી, ને અણુ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી, રક્ત નથી ને છાયાએ રહિત છે. અને તે પુરુષ ઉત્તર અક્ષિને (જમણી આંખને) વિષે અને સૂર્યના મધ્યને વિષે ઉપાસકને અર્થે સર્વે અવયવે યુક્ત થકા જણાય છે.

૯. ઈશ્વર તથા પરમેશ્વરના ઉપાસકની સ્થિતિનું વર્ણન

અને તે પુરુષની(ઈશ્વરની) ઉપાસનાએ કરીને વૃદ્ધિને પામ્યું એવું જે પુણ્યવિશેષ તેણે કરીને ઉપાસક જીવ ઘણાંક ઐશ્વર્યને પામ્યો થકો જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને પણ કરે છે અને તેના(ઈશ્વરના) સાધર્મ્યપણાને પામે છે.

અને તે પછી બ્રહ્મવિદ્યાએ યુક્ત જે એ **મુક્ત**, તે ઉત્તમ પુરુષ જે પરમાત્મા તેના ચરણારવિંદની ઉપાસના કરે છે. અને એવી સ્થિતિએ રહે છે જે, માયાનું નિયંતાપણું, સર્વ લોકનું નિયંતાપણું, સર્વ ભૂતનું અંતરાત્માપણું અને વિજરપણું(વૃદ્ધપણાએ રહિત), મૃત્યુએ રહિતપણું, વિશોકપણું, છ ઊર્મિએ રહિતપણું ને સત્યસંકલ્પ આદિક જે ગુણ, તેણે યુક્ત થકો દ્રષ્ટાપણે વર્તે છે. ને વિદ્યાશક્તિ છે પ્રધાન જેને એવો છે, ને જીવનો મિત્ર છે અને (જીવને) નિયમમાં રાખતલ છે, ને અધિકપણે કરીને રહ્યું એવું જે પોતાને વિષે જ્ઞાન તેણે કરીને કેવળ દ્રષ્ટા છે.

૧૦. બદ્ધ જીવની સ્થિતિનું વર્ણન

અને વળી, આ જીવ તો પોતાને વિષે સંસારને જણાવે એવું જે મન, તેને પોતાપણે કરી માનીને, તે મનને ગુણે કરીને જે કર્મ, તે સંગાથે મળ્યો થકો, કામનાને ગુણના સંગ થકી સેવતો થકો બંધાણો છે.

૧૧. મનને દંડ દીધા વિના કાંઈ થઈ શકતું નથી.

એટલા **માટે મનને દંડ દીધે સતે સર્વ સાધન થાય છે. અને તે મનને દંડ દીધા વિના સર્વ સાધન ખોટું છે.** (તે મનને દંડ દેવા માટે) એમ કહે છે જે, **દાન દેવું** = (સ્વધર્મમાં રહીને ઉપાર્જિત કરેલ નિજદ્રવ્યથી સત્પાત્રને સંતોષવા) અને **સ્વધર્મ** = જે નિત્ય નૈમિત્તિક ધર્મ કરવો(પાળવો) અને **સદ્વ્રત** = જે એકાદશી આદિ વ્રત કરવાં, નિયમ પાળવા, **યમ** = જે ઈન્દ્રિયો નિયમમાં રાખવી, **શ્રુત** = જે શાસ્ત્ર

સાંભળવાં અને બીજાં જે શુભ કર્મ કરવાં, એ સર્વે ઉપાય મનનો નિગ્રહ જે દંડ દેવો એ લક્ષણ છે અંતે ફળ જેનું એવા છે. (અર્થાત્ મનને દંડ દેવા માટે આ બધું કરવું.)

૧૨. મનને જીતે તે દેવોનો પણ દેવ છે.

અને કોઈક કહેશે જે સાધનનું ફળ તો જ્ઞાન છે, તો (તેનો ઉત્તર જે,) મનનો જે નિગ્રહ તે જ નિશ્ચે ઉત્કૃષ્ટ જ્ઞાન છે. અને જે પુરુષનું મન નિશ્ચલ થયું છે ને અતિશે શાંત થયું છે, કહો તેને દાનાદિકે કરીને શું યત્ન કરવા યોગ્ય છે ? અને જે પુરુષનું મન નિયમમાં નથી રહ્યું અને વણસતું(વંઠેલ) છે, તે પુરુષને એ દાનાદિકે કરીને બીજું પ્રયોજન શું થયું ? કહેતાં કાંઈ પ્રયોજન સિદ્ધ થયું નહીં.

એટલા માટે બીજા દેવતા અને ઈન્દ્રિયું મનને વશ છે અને મન બીજા દેવતાને વશ થાતું નથી. અને નિશ્ચે મનરૂપ જે દેવ છે તે બળિયા થકી પણ બળિયો છે અને યોગીને મહા ભયંકર છે; એટલા **માટે તે મનરૂપ દેવતાને જે પોતાને વશ કરે તે જ પુરુષ નિશ્ચે દેવનો પણ દેવ છે, કહેતાં સર્વ ઈન્દ્રિયોનો જીતતલ થાય છે.**

૧૩. મનને નહિ જીતનાર હેરાન થાય છે.

એટલા માટે નથી સહેવાતા રાગદ્વેષાદિક વેગ જેના એવો અને મર્મનો(જીવ-હૃદયનો) પીડવાવાળો એવો દુર્જય શત્રુ જે મન, તેને ન જીતીને કેટલાક આ સંસારને વિષે મનુષ્ય સંગાથે ખોટા વૈરને કરે છે. વળી કેનેક મિત્ર કરે છે, વળી કેટલાકને ઉદાસી કરે છે ને વૈરી કરે છે. તે પુરુષ અતિશે વિમુખ જાણવા, કહેતાં દેહાભિમાની જાણવા.

એવા જે પુરુષ તે અનેક પ્રકારે કરી સંસારને વિષે ભમે છે અને મનના સંકલ્પમાત્રે કરીને પરિકલ્પિત એવો જે આ પોતાનો દેહ તેને 'હું' એ રીતે ગ્રહણ કરીને, 'આ પુત્રાદિક મારા' એ રીતે માનીને અંધ

છે બુદ્ધિ જેની એવા જે મનુષ્ય તે, 'આ હું છું ને આ બીજો છે' એ રીતે ભ્રમે કરીને અપાર એવો જે સંસાર તેને વિષે ભમે છે.

૧૪. ખરેખર સુખ-દુઃખના હેતુ કોણ છે ?

૧. મનુષ્ય સુખ-દુઃખના હેતુ નથી.

વળી (કોઈ પણ) મનુષ્ય જીવને સુખ-દુઃખનો જો હેતુ હોય તો એને વિશે આત્મા જે જીવ તેને શું ? એ તો ભૂમિના વિકારરૂપ એવા જે બે દેહ, પોતાનો ને પરનો, તેને સુખ-દુઃખ થાય છે. જેમ પુરુષ ક્યારેક પોતાને દાંતે કરીને પોતાની જીભને ડંસે છે, તેની વેદનાને વિશે કેને અર્થે કોપ કરે ? તેમ.

૨. દેવ સુખ-દુઃખના હેતુ નથી.

અને જો દુઃખનો હેતુ દેવતા હોય તોપણ તેને વિષે આત્માને શું ? તે દુઃખ તો વિકારરૂપ એવા જે બે દેહ, પોતાનો અને પરનો, તેને થાય છે. જેમ ક્યારેક પોતાના દેહને વિષે અંગે કરીને અંગ જે હસ્ત, તે મુખને હણે છે ત્યારે પુરુષ તેને અર્થે ક્રોધ કરે ? કહેતાં ન કરે (તેમ).

૩. આત્મા પોતે પણ સુખ-દુઃખનો હેતુ નથી.

અને જો આત્મા સુખ-દુઃખનો હેતુ પોતે હોય અથવા સુખ-દુઃખાદિકરૂપે પોતે આત્મા જો પરિણામ પામ્યો હોય, તો તે (બંને) પક્ષને વિશે બીજા થકી (શાથી) સુખ-દુઃખ થાય ? જે તેને અર્થે કોપ કરીએ ! તે કાં(કેમ) ? તો એ (સુખ-દુઃખ) તો આત્માનો સ્વભાવ થયો (પણ ખરેખર એવું નથી. અર્થાત્ સુખ-દુઃખ આત્માનો સ્વભાવ નથી એ તો સુખ-દુઃખનો જ્ઞાતા છે). એટલા માટે આત્મા થકી બીજું (સુખ-દુઃખનું કારણ) છે નહિ, ને જો કાંઈ જણાય છે તો તે ખોટું છે. તે માટે શા સારુ ક્રોધ કરવો ? **માટે આત્માને સુખેય નથી ને દુઃખેય નથી.**

૪. નવ ગ્રહો સુખ-દુઃખના હેતુ નથી.

અને જો ગ્રહ સુખ-દુઃખનું નિમિત્ત હોય તો અજન્મા એવો જે

આત્મા તેને શું છે ? તે ગ્રહ તો જન્મે એવો જે દેહ તેને સુખ-દુઃખના હેતુ થાય છે. માટે ગ્રહે કરીને તો ગ્રહરૂપ એવો જે દેહ તેને જ પીડા છે, એમ સંત કહે છે. માટે કેને અર્થે ક્રોધ કરીએ ? અને પુરુષ જે જીવ તે ગ્રહરૂપી જે દેહ તે થકી જુદો છે.

૫. કર્મ સુખ-દુઃખના હેતુ નથી.

વળી સુખ-દુઃખનો હેતુ જો કર્મ હોય તો આત્માને શું ? તે કર્મ, એક જે આત્મા તેને જ જડ ને અજડ(ચેતન)પણું સતે સુખ-દુઃખના હેતુ થાય.(અર્થાત્ જીવમાં જડપણું અને ચેતનપણું તે બંને વિરોધી ધર્મો હોય તો કર્મ જીવને સુખ-દુઃખના હેતુ થાય.) માટે દેહ તો જડ છે અને આ પુરુષ(આત્મા) સંપૂર્ણ છે અને શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. માટે કેને અર્થે ક્રોધ કરીએ ? નિશ્ચે કર્મનું મૂળ નથી; કહેતાં સુખ-દુઃખનાં કારણ કર્મ છે જ નહીં.

૬. કાળ સુખ-દુઃખનો હેતુ નથી.

વળી સુખ-દુઃખનો હેતુ જો કાળ હોય તો તેને વિશે આત્માને શું ? (કેમ જે,) આ મારો આત્મા જ પોતે કાળરૂપ છે. જે કારણપણા માટે અગ્નિનો તાપ અગ્નિને હોય નહિ અને હિમની શીતળતા હિમને ન હોય, માટે કેને અર્થે ક્રોધ કરવો ? **તે સારુ પર એવો જે મારો આત્મા તેને દ્વંદ્વ જે સુખ-દુઃખ તે નથી.**

૧૫. આત્મભાવ-બ્રહ્મભાવના વિચારો

વળી પર થકી પર કહેતાં પ્રકૃતિ થકી પણ પર એવો જે આત્મા(બ્રહ્મ-અક્ષર), તે સાથે મારા જીવાત્માને એકત્વપણું કર્યું છે. તે માટે મારા આત્માને પણ કોઈ સંગાથે કે'વારે(કોઈ દિવસ) કોઈ રીતે સુખ-દુઃખનો સંબંધ ન હોય. અને જન્મ-મરણનો જે સંબંધ તે દેહયુક્ત જે અહંકાર તેને છે, પણ આત્માના અભિમાને યુક્ત જે અહંકાર તેને ન

હોય. એ રીતે વિચારે કરીને જાગ્યો એવો જે પુરુષ, તે ભૂતપ્રાણીમાત્ર કોઈથી બીતો નથી.

અને પૂર્વે હતા એવા જે મુમુક્ષુ તેમણે અતિશે સેવી એવી જે એ આત્મનિષ્ઠા તે પ્રત્યે રહીને હું મુકુંદ જે નારાયણ તેનાં ચરણારવિંદની સેવાએ કરીને જ અપાર એવો મોહરૂપ તમ જે સંસાર તેને તરીશ, કહેતાં પાર પામીશ.

૧૬. વૈરાગ્યે યુક્ત વિચારથી સંસારનો મોહ મટે.

હે પરમહંસો ! એવી રીતે કદરજને વૈરાગ્યે યુક્ત શુદ્ધ વિચાર ઊપજ્યો, તેમ જે સંતને વૈરાગ્યે યુક્ત **એવો વિચાર ઊપજે** છે તેને સંસારમાંથી ચિત્ત ઊખડી જાય છે. જેમ નદીને કાંઠે વેલ હોય તેને નદીનો પ્રવાહ ઉખેડી નાંખે છે, તેમ ચિત્તને વિશે જે કાંઈક જગતની આસ્તારૂપી(સત્યપણાના ભ્રમરૂપી) વેલ છે, તેને વૈરાગ્યે યુક્ત જે શુદ્ધ વિચારરૂપ પ્રવાહ તે ઉખેડી નાંખે છે. અને ચિત્તને ભગવાનની કોરે તાણી જાય છે ત્યારે એ પુરુષ એમ જાણે છે જે, રાજ્યે કરીને શું ? અને ભોગે કરીને શું ? અને જગત શું ? એ સર્વ ભ્રાંતિમાત્ર છે, એક નારાયણ સત્ય છે. અને જે એ જગતની વાસના રાખે છે તે મૂર્ખ છે; કાં જે, સ્થાવર-જંગમરૂપ જે વિરાટ તે સર્વ મિથ્યા છે અને વિરાટના દ્રષ્ટા તે સત્ય છે.

૧૭. મન ભ્રાંતિરૂપ છે ને શ્રીહરિ શાંતિરૂપ છે.

હે પરમહંસો ! જેટલાં કાંઈ પદાર્થ કાર્ય-કારણ સહિત છે તે સર્વે મનને વિશે છે. અને તે મન ભ્રાંતિરૂપ છે અને અણછતું(ગુપ્તપણે) દુઃખદાયી થયું છે. અને (જીવ) જે પદાર્થને સત્ય જાણીને દોડે છે અને સુખદાયી જાણે છે તે સર્વે પદાર્થ ઝાંઝવાનાં જળ જેવાં છે. જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે પણ તેમાં જળની પ્રાપ્તિ નથી થાતી; તેમ

મૂર્ખ જીવ પદાર્થને સુખદાયી જાણીને પામવાનો યત્ન કરે છે, પણ શાંતિને નથી પામતો. **શાંતિ તો એક શ્રીકૃષ્ણનારાયણના ચરણારવિંદને વિશે છે.**

૧૮. જે નાશવંત છે, તે પામવા યોગ્ય નથી.

હે પરમહંસો ! ઈન્દ્રિયોના જે ભોગ છે તે સર્પ સરખા છે. (કેમ) જે, ઈન્દ્રિયોના વિષયના માર્યા થકા (જીવો) જન્મ-મરણને પામે છે તે સારુ.

ભોગ ને જગત સર્વે ભ્રાંતિમાત્ર છે, એક નારાયણ સત્ય છે. અને એ ભોગોને વિશે જે આસ્તા કરે છે તે મહામૂર્ખ છે. એ પદાર્થ સર્વેને જાણીને વિચાર કરવો જે, એ સર્વે આગમાપાઈ(નાશવંત) છે, અસત્ય છે. તે સારુ જે પદાર્થ નાશવંત છે તે પામવા યોગ્ય નથી. પામવા યોગ્ય તો એક શ્રીમન્નારાયણ છે.

૧૯. માયિક ભોગમાત્ર દુઃખરૂપ છે.

તે કારણપણા માટે હે પરમહંસો ! જેટલા પદાર્થ સંપદારૂપ ભાસે છે, તે સર્વે આપદારૂપ છે. એમને વિશે લગાર પણ સુખ નથી. જ્યારે એમનો વિયોગ થાય છે, ત્યારે કાંટાની પેઠે ખૂંચે છે; ને જ્યારે ઈન્દ્રિયોના ભોગની પ્રાપ્તિ થાય છે ત્યારે રાગ-દ્વેષે કરીને તે ભોગ એ પુરુષને બાળે છે. અને જ્યારે પ્રાપ્તિ નથી થાતી ત્યારે તૃષ્ણાએ કરીને બાળે છે. તે સારુ ભોગ દુઃખરૂપ છે અને માયામય છે. અને વળી જેમ પથ્થરની શીલાને વિશે છિદ્ર નથી થાતું તેમ ભોગરૂપ દુઃખની શીલાને વિશે લગાર પણ સુખરૂપ છિદ્ર નથી.

૨૦. ભોગ ઇચ્છે તે મૂર્ખ છે.

હે પરમહંસો ! વિષયની ચિંતાએ કરીને આ પુરુષ ઘણાક કાળથી બળે છે. જેમ લીલા વૃક્ષના કોતરને વિશે અગ્નિ મૂક્યો હોય તે ધખધખ બળતો રહે છે(ધૂંધવાયા કરે છે); તેમ ભોગરૂપ અગ્નિએ કરીને આ

પુરુષ બળતો રહે છે. (અર્થાત્ ઈચ્છા પૂરી પણ નથી થાતી અને છૂટતી પણ નથી, તેથી હેરાન થાય છે; એને જ ધૂંધવાણો કહેવાય. માટે) એને વિશે સુખ કાંઈ નથી, ને દુઃખ ઘણું છે. તે સારુ એની જે ઈચ્છા કરે છે તે મૂર્ખ છે.

૨૧. ભોગી સંસૃતિરૂપી ખાઈમાં પડે છે.

અને વળી, જેમ ખાઈ લીલે તૃણે કરીને ઢંકાણી છે, તેને દેખીને મૂર્ખ મૃગલાં દોડે છે, અને જ્યારે તેને ઢૂંકડાં જાય છે ત્યારે તે ખાઈને વિશે પડે છે, અને દુઃખને પામે છે; તેમ મૂરખ ભોગોને સુખરૂપ જાણીને ભોગવવાની ઈચ્છા કરે છે અને જ્યારે ભોગવે છે ત્યારે જન્મજન્માંતરરૂપી ખાઈને વિશે પડે છે ને દુઃખને પામે છે.

૨૨. ભોગો આત્મજ્ઞાનને લૂંટી જાય છે.

હે પરમહંસો ! ભોગરૂપી ચોર છે તે અજ્ઞાનરૂપી રાત્રીને વિશે આ પુરુષને લૂંટે છે અને એનું આત્મજ્ઞાન સંબંધી જે ધન છે તેને લૂંટી લઈ જાય છે, ત્યારે એ પુરુષ દેહાત્મવાદી થાય છે. અને આત્મજ્ઞાનરૂપી ધનને વિયોગે કરીને એ પુરુષ મહાદીન થઈ રહે છે. **અને જે ભોગ સારુ એ પુરુષ યત્ન કરે છે તે સર્વે ભોગ દુઃખના દેતલ છે; પણ શાંતિ નથી કરતા. શાંતિ તો એક પરમેશ્વરને આશરે છે, બીજે તો અશાંતિ છે.**

૨૩. શરીર અને ભોગ ક્ષણભંગુર છે.

અને જે શરીરના અભિમાને કરીને આ પુરુષ ભોગ ભોગવવાનો યત્ન કરે છે, તે શરીર તો ક્ષણભંગુર છે અને અસાર છે. અને જેને આ શરીરે કરીને ભોગ ભોગવવાની ઈચ્છા રહે છે તે મૂર્ખ છે, જડ છે અને એ પુરુષનું બોલવું પણ એવું (વ્યર્થ) છે. જેમ સૂકા વાંસના છિદ્રને વિશે પવન જાય છે ને તે પવનને વેગે કરીને તે વાંસ શબ્દ કરે છે, તેમ એ પુરુષનું બોલવું વ્યર્થ છે. હે પરમહંસો ! જેમ થાક્યો એવો જે વટેમાર્ગુ

તે મારવાડ દેશના માર્ગની ઈચ્છા નથી કરતો તેમ આત્મજ્ઞાનને અર્થે પ્રવર્ત્યો એવો જે મુમુક્ષુ, તે ભોગને દુઃખરૂપ જાણીને ભોગની ઈચ્છા નથી કરતો.

૨૪. ધનરૂપી અર્થમાં પંદર અનર્થ રહ્યા છે.

અને આ જે લક્ષ્મી છે તે પરમ અનર્થની દેનારી છે. અને જ્યાં સુધી એ સંપત્તિની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી એને પામવાનો યત્ન કરે છે. અને એની પ્રાપ્તિ પણ પંદર અનર્થે કરીને થાય છે, તે પંદર અનર્થ કહીએ છીએ.

૧. ચોરી, ૨. હિંસા, ૩. અનૃત(અસત્ય), ૪. દંભ, ૫. કામ, ૬. ક્રોધ, ૭. ગર્વ, ૮. મદ(અસહ્ય હર્ષ), ૯. ભેદ(ફાટફૂટ), ૧૦. વૈર, ૧૧. અવિશ્વાસ(શંકા), ૧૨. સ્પર્ધા, ૧૩. ચિંતા, ૧૪. ભય, ૧૫. ખેદ; એ રીતે પંદર છે.

૨૫. દ્રવ્ય પ્રાપ્ત થતાં સદ્‌ગુણો નાશ થાય છે.

અને જ્યારે એ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે ત્યારે શીતળતા, સંતોષ, ધર્મ, ઉદારતા, કોમળતા, વિચાર, વૈરાગ્ય, દયા એ આદિક જે મોક્ષની સંપત્તિરૂપ ગુણ તેનો નાશ થાય છે. અને જ્યારે એ ગુણનો નાશ થયો ત્યારે (તે જીવને) આત્મજ્ઞાન સંબંધી જે સુખ તે ક્યાંથી હોય ? (પછી તો તે જીવને) પરમ આપદાની પ્રાપ્તિ થાય છે; કહેતાં દેહાત્મબુદ્ધિ થઈ જાય છે. તે સારુ પરમ દુઃખનું કારણ જાણીને એ દ્રવ્યનો ત્યાગ રાખવો. હે પરમહંસો ! એ પુરુષને વિષે શમદમાદિક ગુણ ત્યાં લગી જ છે, જ્યાં લગી સુવર્ણાદિક દ્રવ્યની પ્રાપ્તિ નથી થઈ.

૨૬. દ્રવ્યની સાથે કેવા દુર્ગુણ આવે છે ?

અને એ સુવર્ણાદિક દ્રવ્ય કેવું છે ? તો જે સુવર્ણને વિષે કળિયુગને પરીક્ષિત રાજાએ સ્થાનક દીધું છે. અને તે સુવર્ણ થકી અનૃત(અસત્ય)

થાય છે, મદ થાય છે, કામ જે સ્ત્રીસંગ તે થાય છે અને રજોગુણ છે મૂળ જેનું એવી હિંસા થાય છે અને પાંચમું વેર થાય છે. અને **૧.** દ્યુત જે જુગટે રમવું અને **૨.** પાન જે મદિરા પીવી અને **૩.** સ્ત્રીઓનો સંગ કરવો અને **૪.** સૂના જે જીવનો વધ કરવો - એ ચાર સ્થાનક પણ કળિનાં છે. અને એ ચારેય સ્થાનક પાપની ઉત્પત્તિનાં કારણ છે, (માટે) તે મુમુક્ષુએ સેવવાં નહીં.

૨૭. ધનપ્રાપ્તિથી ધર્મના ચાર પગનો નાશ થાય છે.

અને જો સેવે તો તેને ગર્વ આવે, તે ગર્વે કરીને તપનો નાશ થાય. અને સ્ત્રીસંગે કરીને પવિત્રતાનો નાશ થાય. અને સ્ત્રીના સંબંધે કરીને ત્યાગીને પગલે-પગલે બ્રહ્મહત્યાએ યુક્તપણું રહે છે. અને મદિરાપાને કરીને દયા જાય છે. અને અનૃતને બોલવે કરીને સત્ય જાય છે. એવી રીતે ધર્મના ચારેય પગનો નાશ થાય છે.

અને જ્યારે એ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, ત્યારે સર્વે રૂડા ગુણનો નાશ થાય છે. જેમ વસંતઋતુની મંજરી તથા વેલ તે ત્યાં સુધી લીલી છે કે જ્યાં સુધી જેઠ મહિનો નથી આવ્યો. અને જ્યારે જેઠ મહિનો આવે છે ત્યારે તેને વિષેથી રસ બળી જાય છે, તેમ જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે મોક્ષના કોંટારૂપ જે મંજરી તે બળી જાય છે, ત્યારે એ પુરુષ જડબુદ્ધિ થઈ જાય છે.

૨૮. દ્રવ્યપ્રાપ્તિથી થતી દુર્દશાનું વર્ણન

અને જેમ જળ ત્યાં સુધી જ કોમળ છે કે જ્યાં સુધી હિમ(અતિ ઠંડી)નો સંયોગ નથી થયો અને જ્યારે એ જળને હિમનો સંયોગ થાય છે ત્યારે એ જળ કરારૂપ થઈને દુઃખદાયી કઠોર થઈ જાય છે, તેમ મુમુક્ષુ દ્રવ્યની પ્રાપ્તિએ કરીને એવો થઈ જાય છે; કહેતાં મહાનિર્દય થઈ જાય છે. અને મુમુક્ષુ મધુર વચન ત્યાં લગી બોલે છે જ્યાં લગી

દ્રવ્યની પ્રાપ્તિ નથી થઈ. ને દ્રવ્યની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે કસાઈ જેવો થઈ જાય છે.

હે પરમહંસો ! જે કાંઈ સંપત્તિ છે તે આપદાનું મૂળ છે. શા હેતુ માટે ? જે, જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે મોટા વિષયને ભોગવે છે, કહેતાં સ્ત્રીઓનો સંગી થાય છે. અને જ્યારે એ દ્રવ્ય જતું રહે છે ત્યારે તૃષ્ણાએ કરીને બળતો રહે છે અને જન્મ-મરણને પામે છે. તે સારુ એ દ્રવ્યની જે ઇચ્છા કરે છે તે મૂર્ખ તુલ્ય છે. અને એ દ્રવ્ય તો નાશવંત છે અને એ ભોગ ઊપજે પણ છે અને નાશ પણ થઈ જાય છે. જેમ જળમાં તરંગ ઉપજે છે ને મટી જાય છે. અને જેમ વીજળી સ્થિર નથી રહેતી તેમ એ ભોગ સ્થિર નથી રહેતા.

૨૯. ધન-સંપત્તિથી કલ્યાણકારી ગુણો નાશ પામે છે.

અને મુમુક્ષુને વિષે રૂડા શુભ ગુણ પણ ત્યાં સુધી છે જ્યાં સુધી દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ નથી થયો. ને **જ્યારે દ્રવ્યની તૃષ્ણા ઉપજે છે ત્યારે કલ્યાણરૂપ ગુણનો નાશ થઈ જાય છે.** જેમ દૂધને વિષે મીઠાશ ત્યાં સુધી છે જ્યાં સુધી સર્પનો સ્પર્શ નથી થયો. જ્યારે સર્પનો સ્પર્શ થાય છે ત્યારે તે દૂધ વિષરૂપ થઈ જાય છે. તેમ જ્યારે મુમુક્ષુને દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ થાય છે ત્યારે એ આત્મજ્ઞાનથી રહિત થાય છે, કહેતાં દેહાત્મબુદ્ધિ(વાળો) થઈ જાય છે.

૩૦. દ્રવ્ય વ્યક્તિને દીન અને અંધ બનાવી દે છે.

હે પરમહંસો ! લક્ષ્મી જે દ્રવ્ય, તે દેખવા માત્ર સુંદર છે, પણ એની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે પુરુષની મુમુક્ષુતાનો નાશ કરે છે; કહેતાં વિષ્ટાના કીડા જેવો કરી નાંખે છે.

જેમ વિષની વેલી દેખ્યામાત્ર સુંદર છે, પણ સ્પર્શ કર્યે થકે મૃત્યુ થાય છે; તેમ દ્રવ્ય (તથા) સ્ત્રીની પ્રાપ્તિ થયે સતે મુમુક્ષુ આત્મજ્ઞાન

થકી પડી જાય છે અને મહાદીન થઈ જાય છે. જેમ કેનાક ઘરને વિષે ચિંતામણિ દાટેલ હોય એને ખોદીને કાઢે નહીં ત્યાં સુધી દરિદ્રી રહે છે; તેમ પોતાના દેહને વિષે પોતાના આત્માને નથી ખોળતો તે સારુ અજ્ઞાને કરીને મહાદીન જેવો થઈ જાય છે. અને આત્મજ્ઞાનની પ્રાપ્તિને પામી નથી શકતો. અને તે આત્માને પામ્યાનો જે માર્ગ છે તેના નાશનું કરનારું દ્રવ્ય છે. તેની પ્રાપ્તિ થયે સતે પુરુષ મહા આંધળો થઈ જાય છે.

૩૧. ધનનો ઉપભોગ કાળજાને કાળું કરી નાંખે છે.

હે પરમહંસો ! જેમ દીવો જ્યારે પ્રજ્વલિત થાય છે ત્યારે તેનો મોટો પ્રકાશ દૃષ્ટિએ આવે છે. અને દીવાની શગ(ટોચ) ઉપર કાજળ(મશ) પણ ઉપજે છે. અને જ્યારે દીવો ઓલાઈ જાય છે ત્યારે પ્રકાશનો અભાવ થાય છે. અને કાજળ જે દીવાની શગમાંથી હળવે હળવે ઊપજ્યું હતું તે રહે છે. તેમ જ્યારે એ સુવર્ણાદિક ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે મોટા ભોગને ભોગવાવે છે અને તૃષ્ણારૂપ તે થકી કાજળ ઉપજતું રહે છે. અને જ્યારે દ્રવ્ય જાતું રહે છે ત્યારે તે દ્રવ્યની વાસનારૂપ તૃષ્ણાનું જે કાજળ(કાળપ) તે રહી જાય છે. તે વાસનાની તૃષ્ણાએ કરીને આ જીવ અનેક જન્મોને ધરે છે અને જન્મ-મરણને પામે છે, શાંતિને ક્યારેય નથી પામતો.

૩૨. ધનની તૃષ્ણા આત્મજ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે.

હે પરમહંસો ! જ્યારે એ પ્રકારે એને દ્રવ્યની આસક્તિ થાય છે, ત્યારે આત્મજ્ઞાન સંબંધી શાંતિના ઉપજાવનારા જે ગુણ, તેનો નાશ થાય છે. જેમ મેઘ ત્યાં લગી રહે છે કે જ્યાં લગી પવન નથી ચાલતો અને જ્યારે વાયુ ચાલે છે ત્યારે મેઘનો નાશ થાય છે, તેમ દ્રવ્યની પ્રાપ્તિ જ્યારે થઈ ત્યારે મોક્ષ સંબંધી ગુણનો નાશ થાય છે અને ગર્વ ઊપજે છે.

૩૩. કેવા મનુષ્ય દુર્લભ છે ?

હે પરમહંસો ! (જેમ) જે **શૂરવીર હોય અને પોતાને મુખે પોતાની શોભા ન કહે તે દુર્લભ છે, અને જે સમર્થ હોય ને તેની કોઈક અવજ્ઞા(અપમાન) કરે તેને વિષે સમબુદ્ધિ રહે તે પણ દુર્લભ છે;** તેમ **ધનવાન** થઈને જે કોઈ **ગૃહસ્થ રૂડા ગુણે** અને **સત્સંગે યુક્ત** હોય તે ગૃહસ્થ પણ દુર્લભ છે.

૩૪. વિવિધ રૂપક દ્વારા દ્રવ્યની ભયંકરતાનું વર્ણન

હે પરમહંસો ! ભોગરૂપ જે સર્પ છે તેને રહ્યાનું સ્થાનક દ્રવ્યરૂપ રાફડો છે. અને વિષયરૂપ પવનનો આહાર કરતો થકો તે સર્પ કોઈ દિ' નથી ધરાતો. અને વળી, મહામોહરૂપ જે ઉન્મત્ત હાથી છે તેને રહ્યાનું સ્થાનક આ દ્રવ્યરૂપ પર્વતનું વન છે અને શુભ ગુણરૂપ જે સૂર્યમુખી કમળ છે તેની એ દ્રવ્ય રાત્રી છે. અને વળી ભોગરૂપ જે ચંદ્રમુખી કમળ(રાત્રી કમળ-પોયણાં) છે, તેનો એ દ્રવ્ય ચંદ્રમા છે. અને વૈરાગરૂપ જે કુમુદિની (પોયણાં) છે, તેનો નાશ કરવાને અર્થે દ્રવ્ય કરારૂપ છે.

અને જ્ઞાનરૂપ જે ચંદ્રમા તેનો એ દ્રવ્ય ઢાંકનારો રાહુ તુલ્ય છે. અને મહામોહરૂપ જે ઘૂડ છે, એને એ દ્રવ્ય રાત્રીરૂપ છે. અને દુઃખરૂપ જે બીજ છે તેનું એ દ્રવ્ય ક્ષેત્ર છે. અને તૃષ્ણારૂપ જે વેલી છે, તેનો વધારનારો એ દ્રવ્ય મેઘરૂપ છે. અને વાસનારૂપ જે તરંગ છે તેને રહ્યાનો એ દ્રવ્ય સમુદ્રરૂપ છે. અને ભોગરૂપ પિશાચોને એ દ્રવ્ય રાત્રીરૂપ છે. અને તૃષ્ણારૂપ ભમરાને એ દ્રવ્ય કમળ છે. અને ઘણાક જન્મનાં દુઃખરૂપ જે જળ(ભવસાગર), તેને રહ્યાનું એ દ્રવ્ય સ્થાનક છે.

હે પરમહંસો ! દેખ્યામાત્ર એ દ્રવ્ય સુંદર લાગે છે, પણ સર્વ દુઃખનું કારણ છે. જેમ તરવારની ધાર દેખ્યામાત્ર સારી લાગે છે, પણ અડવે કરીને નાશ કરી નાંખે છે; તેમ એ દ્રવ્ય છે. અને અવગુણરૂપ જે વીજળી

છે તેનો એ દ્રવ્ય મેઘ છે. અને વિચારરૂપ મેઘનો નાશ કરનારો એ દ્રવ્ય પવન છે. અને વિચારરૂપી દીવાનો નાશ કરનારો એ દ્રવ્ય વાયુ છે.

હે પરમહંસો ! એ અમે વિચારીને જોયું છે જે, એ દ્રવ્યને વિષે કાંઈ સુખ નથી, કેવળ અતિશે દુઃખ છે. અને સંતોષરૂપ મેઘનો નાશ કરનારું એ દ્રવ્ય શરદઋતુ છે. અને એ પુરુષને વિષે ઉત્તમ ગુણ ત્યાં સુધી દૃષ્ટિએ આવે છે કે જ્યાં સુધી દ્રવ્યની પ્રાપ્તિ નથી થઈ. જ્યારે દ્રવ્યની પ્રાપ્તિ થાય છે ત્યારે કલ્યાણકારી સર્વે ગુણનો નાશ થઈ જાય છે.

૩૫. જ્ઞાનીને ધનની સત્યતા રહેતી નથી.

હે પરમહંસો ! એવું દુઃખદાયક જાણીને મુમુક્ષુ એ દ્રવ્યની ઈચ્છાનો ત્યાગ કરે છે. અને એ ભોગ મિથ્યારૂપ છે. જેમ વીજળી પ્રગટ થાય છે ને મટી જાય છે તેમ એ દ્રવ્ય છે. જેમ એ વીજળી જડ એવું જે જળ તેને આશરે રહે છે, તેમ એ ધનની જે સત્યતા છે તે મૂર્ખ પુરુષ જડ જેવાને આશરે રહે છે; પણ જે **પુરુષ શાંત** થકો, **દાંત** થકો, **ઉપરત** થકો, **તિતિક્ષુ** થકો, **સમાહિત** થકો થઈને **પોતાના જીવાત્માને વિષે જ આત્માને(પરમાત્માને) દેખે છે, તે પુરુષને આશરે એ ધનની સત્યતા નથી રહેતી.**

૩૬. ભગવદ્‌જ્ઞાનથી અવિદ્યા નાશ પામે છે.

તે આત્મા(પરમાત્મા) કેવો છે ? તો એક છે, અદ્વિતીય છે, સત્ય છે, જ્ઞાનરૂપ છે, અનંત છે, બ્રહ્મ છે, નિષ્કલંક છે, નિષ્ક્રિય છે, શાંત છે, નિરવદ્ય(દોષરહિત) છે, નિરંજન(માયારહિત) છે, એવો જે આત્મા(પરમાત્મા) તેનું જ્ઞાન જે, **अयं आत्मा ब्रह्म, अहं ब्रह्मास्मि, प्रज्ञानमानन्दं ब्रह्म, तत्त्वमसि** (१ अयं, २ आत्मा, ३ ब्रह्म, ४ अहं, ५ ब्रह्म, ६ अस्मि, ७ प्रज्ञानं, ८ आनन्दं, ९ ब्रह्म, १० तत्, ११ त्वं, १२ असि) એ જે બાર મહાવાક્ય તેના વિચાર થકી ઊપજ્યું એવું જે જ્ઞાન તે જ્ઞાન થકી થાય છે ને અવિદ્યા જે તે નિવૃત્તિ પામે છે.

૩૭. શ્રવણ, મનન અને નિદિધ્યાસની વ્યાખ્યા

અને તે મહાવાક્યના અર્થના જ્ઞાનના ઉપયોગી શ્રવણ, મનન, નિદિધ્યાસન છે (ને તેથી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે).

૧. શ્રવણ : તે શ્રવણ એવું જે નામ તે વેદાંતનાં જે વચન તે આત્માની જે એકત્વવિદ્યા તેના પ્રતિપાદનના કરતલ છે. એવી રીતે તત્ત્વદર્શી જે આચાર્ય તે થકી ન્યાયે યુક્ત(યુક્તિ સહિત) અર્થનું ગ્રહણ કરવું તેને 'શ્રવણ' કહીએ છીએ. અને

૨. મનન : એ રીતે આચાર્યે દેખાડ્યો એવો જે મહાવાક્યનો અર્થ તેનું પોતાના આત્માને વિષે 'એમ જ યુક્ત છે', એ રીતે હેતુ થકી સંશયે રહિત જે સ્થાપન કરવું; તેને 'મનન' કહીએ. અને

૩. નિદિધ્યાસ : એ શ્રવણ-મનનના વિરોધની કરતલ એવી અનાદિ ભેદવાસના = જે આત્મપદની(આત્માના આધારરૂપ પરમાત્માની) પ્રાપ્તિ વિના બીજી ઈચ્છા, તેને ટાળ્યાને અર્થે જે યત્ન કરવો, અને મહાવાક્યના અર્થને પોતાના જીવ સાથે જે એકત્વપણે ભાવના કરવી; તેને 'નિદિધ્યાસ' કહીએ. અને

૪. સાક્ષાત્કાર : એ રીતે આત્માનો નિદિધ્યાસ કરતે સતે **અનાદિ ભેદવાસના ટળી જાય છે, અને સ્વસ્વરૂપનો**(મુક્તસ્વરૂપનો) **સાક્ષાત્કાર થાય છે.** એને 'સાક્ષાત્કાર' કહીએ.

૩૮. સાધન ચતુષ્ટયની વિગત

અને એ જે સ્વસ્વરૂપ છે તેને જાણવાને અર્થે ચતુષ્ટય સાધન કહ્યાં છે. તેનાં નામ (૧) નિત્યાનિત્ય વસ્તુવિવેક(આત્મા, પરમાત્મા અને માયાનું જ્ઞાન) અને (૨) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા ઈત્યાદિક સાધન સંપત્ (છઠ્ઠું સમાધાન, આ છને વેદાંતમાં ષટ્સંપત્ કહેવામાં આવે છે.) (૩) અને ઈહામુત્રફલભોગ(આ લોક-પરલોકના ફળભોગમાં) વિરાગ અને (૪) મુમુક્ષુત્વ, એ રીતે સાધનચતુષ્ટય છે.

૩૯. ભેદવાસના ટાળવાના ઉપાય

અને અનાદિ કાળે વૃદ્ધિ પામી એવી જે ભેદવાસના(સ્વતંત્રાત્મભ્રમ) તેને ટાળ્યાને અર્થે વેદાંત વાક્યે કરીને એ સર્વે સાધન કહ્યાં છે. અને પોતાના જીવાત્માને જાણે ને ઈશ્વર સંબંધી બુદ્ધિ(વિચાર-ઉપાસના)ને કરે છે. વળી આત્માને જાણીને વિશેષે (પોતાને બ્રહ્મરૂપ) જાણે છે ને ૐ **એ રીતે આત્મા(પરમાત્મા)નું ધ્યાન કરે છે.** ને તે આત્મા(પરમાત્મા)ને જાણીને મૃત્યુના મુખ થકી મુકાય છે. અને આત્મા તે જ જે લોક(સર્વાધાર) તેની(પરમાત્માની) ઉપાસના કરે છે.

અને તે હિરણ્મય એવા જે આત્મા તે **'દ્રષ્ટવ્ય'** કહેતાં દેખવા યોગ્ય છે, ને **'શ્રોતવ્ય'** કહેતાં સાંભળવા યોગ્ય છે, ને **'મંતવ્ય'** કહેતાં વિચાર કરવા યોગ્ય છે, ને **'નિદિધ્યાસિતવ્ય'** કહેતાં અધ્યાસ કરવા યોગ્ય છે, ને **'અન્વેષ્ટવ્ય'** કહેતાં ખોળવા યોગ્ય છે અને **'વિજિજ્ઞાસિતવ્ય'** કહેતાં જાણવા યોગ્ય છે.

૪૦. ભગવાનની પ્રાપ્તિ કોને થાય છે ?

અને વળી એ આત્મા જે ભગવાન, તે અતિશે વાતને કરવે કરીને નથી પમાતા, વળી બુદ્ધિએ કરીને નથી પમાતા. વળી બહુ શાસ્ત્રે કરીને નથી પમાતા. (પરંતુ) **જેને એ આત્મા જે ભગવાન તે વરે છે(પસંદ કરે છે), તે પુરુષ તેણે જ પમાય છે અથવા તે ભક્ત એ આત્મા જે ભગવાન તેને પોતાના શરીરની પેઠે વરે છે; તેણે જ પમાય છે.** અને તે ભગવાનની મૂર્તિની ઉપાસના વિના કેવળ જે શ્રવણ, મનન, નિદિધ્યાસન એ સાધનને પોતાની આત્મપ્રાપ્તિનો અનુપાય કહ્યો.(કહેતાં ભગવાનની ઉપાસના વિના આત્મદર્શન કે બ્રહ્મદર્શન થાય જ નહીં.) માટે જે પુરુષને એ ભગવાન વરે છે, તેણે જ તે આત્મા(પરમાત્મા) પમાય છે એવું કહ્યું.

અને જે અતિશે વલ્લભ(વાલા) હોય તે જ વરવા યોગ્ય થાય છે. વળી **જે ભક્તને એ ભગવાન અતિશે પ્રિય હોય તે જ ભક્ત એ ભગવાનને અતિશે પ્રિયતમ(વાલા) હોય છે.** વળી પોતાને પ્રિયતમ એવો ભક્ત જેમ પોતાને પામે, તેમ જ ભગવાન પોતે યત્ન કરે છે. અને અખંડ સાક્ષાત્કારરૂપ ભગવાનની મૂર્તિની જે સ્મૃતિ કહેતાં સંભારવું તે જ ભક્તિ શબ્દે કરીને કહ્યું છે, એવું જે ભગવાનની મૂર્તિનું અખંડ સાંભરવું, તેની ઉત્પત્તિના વિવેક આદિ લઈને સાત સાધન તે કહીએ છીએ.

૪૧. ભક્તિપ્રાપ્તિના સાત સાધનોનાં લક્ષણ

તે સાતનાં નામ : ૧. વિવેક, ૨. વિમોક, ૩. અભ્યાસ, ૪. ક્રિયા, ૫. કલ્યાણ, ૬. અનવસાદ ને ૭. અનુદ્ધર્ષ; એ રીતે સાત (સાધન) છે. હવે એનાં લક્ષણને કહીએ છીએ.

૧. વિવેક : જે પોતાથી નીચ જાતિના સંબંધનિમિત્ત થકી અદુષ્ટ(અભડાયા વિનાનું) એવું જે અન્ન તે ખાવું તે થકી દેહની શુદ્ધિ થાય છે, એ વિવેકનું લક્ષણ છે. ત્યાં એમ કહ્યું છે જે, આહાર શુદ્ધ થયે સતે અંતઃકરણની શુદ્ધિ થાય છે ને અંતઃકરણની શુદ્ધિ થયે સતે ધ્રુવાનુસ્મૃતિ(અખંડવૃત્તિ) થાય છે. તે માટે આહાર શુદ્ધ રાખવો તેને 'વિવેક' કહીએ.

૨. વિમોક : તે કામના જે સ્ત્રીસંગની ઈચ્છા અથવા સ્ત્રીને પુરુષની ઈચ્છા તેની આસક્તિએ રહિત રહેવું તેને 'વિમોક' કહીએ. તે માટે શાંતપણે ઉપાસના કરવી એમ કહ્યું છે.

૩. અભ્યાસ : આરંભણ જે પ્રભુ ભજવાનો આરંભ કર્યો તેનું વારંવાર સેવન કરવું તેને 'અભ્યાસ' કહીએ. ત્યાં એમ કહ્યું છે જે, સદાકાળ સત્સંગને વિષે ભાવે કરીને ભાવનાએ સહિત રહેવું.

૪. ક્રિયા : અને પોતાની શક્તિ થકી પંચ મહાયજ્ઞાદિકનું જે કરવું કહેતાં વૈશ્વદેવ, અતિથિભાગ, ગૌગ્રાસ, શ્વાનભાગ અને કાગપર્યંત જંતુ ઉપર જેવી દયા કરવી ઘટે, તેવી દયા કરવી તેને 'ક્રિયા' કહીએ. ત્યાં એમ કહ્યું છે જે, બ્રહ્મવેત્તા મધ્યે ક્રિયાવાન એવો એ પુરુષ તે શ્રેષ્ઠ છે. વળી તે ભગવાનને, બ્રાહ્મણ જે બ્રહ્મવેત્તા તે વેદને કહેવે કરીને જાણવાને ઈચ્છે છે. વળી યજ્ઞે કરી, દાને કરી, તપસ્યાયે કરી, અનાશક જે અનશન(ઉપવાસ) વ્રત તેણે કરી, બ્રાહ્મણ જાણવાને ઈચ્છે છે.

૫. કલ્યાણ : સત્ય જે સાચું બોલવું, આર્જવ જે કોમળપણું, દયા, દાન, અહિંસા અને અનભિદ્યા જે પરના દ્રવ્યને વિષે ઈચ્છા ન કરવી અને વળી કૃપાળુ રહેવું અને કોઈનો દ્રોહ ન કરવો ને સુખ-દુઃખને સહેવું અને સત્યનું બળ રાખવું. વળી શુદ્ધ છે મન જેનું એવું રહેવું, સુખ-દુઃખને વિષે સમ વર્તવું, સર્વને ઉપકાર કરવો અને કામનાએ કરીને બુદ્ધિ હણાય નહિ એવું રહેવું. અને દાંત કહેતાં દમી છે ઈન્દ્રિયો જેણે એવું ચતુર રહેવું. મૃદુ કહેતાં કોમળપણું રાખવું અને પવિત્રપણે રહેવું. અકિંચન રહેવું કહેતાં ભગવાન વિના બીજી વસ્તુમાં પ્રીતિ રાખવી નહીં, દેહની ચેષ્ટાએ રહિત રહેવું, આહાર થોડો કરવો, શાંત રહેવું. વળી સ્થિર રહેવું અને મારું શરણ રાખવું.

વળી મુનિ કહેતાં વિચારવાન રહેવું અને સાવધાન રહેવું. વળી ગંભીર છે મન જેનું એવું રહેવું. અને સુખ-દુઃખને વિષે ધીરજવાન રહેવું અને જીત્યા છે રાગદ્વેષાદિક છ ગુણ જેણે એવું રહેવું અને પોતે માને રહિત રહેવું અને બીજાને માન દેવું. અને સમર્થપણે રહેવું અને સર્વને વિષે મિત્રભાવ રાખવો અને કરુણાએ સહિત રહેવું. વળી કવિ કહેતાં ગ્રંથને જાણવા, એને 'કલ્યાણ' કહીએ.

૬. અનવસાદ : દેશ-કાળના અવળાઈપણા થકી શોકે કરીને અથવા કોઈ વસ્તુની સ્મૃતિ થકી ઊપજ્યું જે દીનપણું ને મનનું અપ્રકાશપણું, તેને

'અવસાદ' કહેતાં મૂંઝાવું કહીએ. અને તે મૂંઝવણ જેને ન ઊપજે તેને 'અનવસાદ' કહીએ. ત્યાં એમ કહ્યું છે જે, એ આત્મા જે નારાયણ તે બળહીન એવો જે પુરુષ તેણે નથી પમાતા.

૭. **અનુદ્ધર્ષ :** વળી તે દેશકાળના અવળાઈપણા થકી ઊપજી એવી તુષ્ટિ જે સંતોષ તેને 'ઉદ્ધર્ષ' કહેતાં ગાફલ કહીએ. અને દેશકાળના અવળાઈપણે વિરામ ન પામે ને ભજન કરતો રહે એને 'અનુદ્ધર્ષ' કહેતાં સાવધાન કહીએ. **એ સારુ અતિ સંતોષ કલ્યાણનો વિરોધી છે,** એમ કહ્યું છે.

એ સર્વે સાધને યુક્ત જે સંત હોય તેનું અંતઃકરણ શુદ્ધ થાય છે. ને બ્રહ્મની સાક્ષાત્કારપણે સ્મૃતિ થાય છે.

૪૨. અક્ષરબ્રહ્મનું નિરૂપણ

તે બ્રહ્મ સમગ્ર વિશેષ જે પૃથ્વી આદિક તત્ત્વ તેણે રહિત અને ચૈતન્યમાત્ર એવા પરમાર્થરૂપ છે. અને તે બ્રહ્મના જ્ઞાન થકી જુદું જ્ઞાન જે નાના પ્રકારનું ત્રિપુટી સંયુક્ત જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયાદિક છે અને તેણે કીધા જે જ્ઞાનના ભેદાદિક તે બ્રહ્મને વિષે નથી. અને એક જ અદ્વિતીય બ્રહ્મ છે. અને તે અક્ષરબ્રહ્મ પરાવિદ્યાએ કરીને પમાય છે. અને જે બ્રહ્મ તે અદૃશ્ય છે, અગ્રાહ્ય છે, અગોચર છે, અવર્ણ છે, અચક્ષુ છે, અશ્રોત્ર છે, અપાણી છે, અપાદ છે, નિત્ય છે, વિભુ છે, સર્વગત(સર્વમાં રહેલા) છે, અતિશે સૂક્ષ્મ છે, અવ્યય છે, અને તે બ્રહ્મ ભૂતપ્રાણીમાત્રની ઉત્પત્તિનું કારણ છે.

અને ધીર પુરુષ જેને દેખે છે અને દૃષ્ટિના દ્રષ્ટા એવા જે બ્રહ્મ તેને દૃષ્ટિ નથી દેખી શકતી, ને મતિના મન્તા એવા જે બ્રહ્મ તેને મતિ માની નથી શકતી. અને એ બ્રહ્મના જ્ઞાનને વિષે કાંઈ નાના પ્રકારપણું નથી, એકપણું છે. અને મૃત્યુ થકી તે પુરુષ મૃત્યુને પામે છે, કે જે પુરુષ એ બ્રહ્મને વિષે નાના પ્રકારપણાને દેખે છે.

અને જે બ્રહ્મ ભેદે રહિત છે ને સત્તામાત્ર છે અને વચનોને અગોચર છે અને આત્મતાએ કરીને જાણવા યોગ્ય જે જ્ઞાન તે બ્રહ્મસંજ્ઞિત છે. (એ જ્ઞાનનું જ નામ બ્રહ્મ છે.) અને જ્ઞાનસ્વરૂપ જે બ્રહ્મ તે પરમાર્થ થકી (તાત્ત્વિકપણે) અત્યંત નિર્મળ છે.

૪૩. બ્રહ્મ સાથે એકતા કર્યાનો લાભ

અને હે પરમહંસો ! એ બ્રહ્મ સાથે પોતાના જીવાત્માને એકત્વ વિજ્ઞાને કરીને મુમુક્ષુને અવિદ્યાની નિવૃત્તિ થાય છે અને તે એક બ્રહ્મને દેખે છે. તે પુરુષ વળી(ફરી) મૃત્યુને અર્થે નથી કલ્પાતો ને મૃત્યુને દેખતો પણ નથી. અને અદૃશ્ય ને દેહાદિકથી રહિત અને વચનના કહ્યામાં ન આવે એવા ને સ્થાનકે રહિત એવા જે બ્રહ્મ તેને વિષે અભય પ્રતિષ્ઠાને(કાયમી સ્થિતિને) પામે છે.

અને તે પુરુષ પોતે નિર્ભયપણાને પામ્યો હોય છે ને હૃદયને વિષે જે 'અહં જીવ' એવી ગ્રંથી તે ભેદાઈ જાય છે અને સર્વ સંશય છેદાઈ જાય છે અને તેનાં સંચિત કર્મ ક્ષીણ પામી જાય છે. અને તે બ્રહ્મનો જાણનારો બ્રહ્મ જ થાય છે ને તે બ્રહ્મને જાણીને મૃત્યુને ઉલ્લંઘે છે. અને તે બ્રહ્મને જાણ્યા વિના મોક્ષને અર્થે બીજો માર્ગ વિદ્યમાન નથી.

૪૪. બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ ગુરુગમ્ય છે.

અને એ બ્રહ્મ વિના જે અન્ય દેવતાની ઉપાસના કરે છે ને એમ કહે છે જે, આ દેવતા તે બીજો છે ને આ હું ઉપાસક બીજો છું, તે પુરુષ બ્રહ્મને નથી જાણતો. તે માટે ગુરુની પોતે આત્મરૂપે થઈને ઉપાસના કરવી. અને તે ગુરુ એમ ઉપદેશ કરે છે જે, 'તે આત્મા તું છું.'

અને આદિ અંતે રહિત એવું, ને અખંડ ગુરુપરંપરાએ કરીને શુદ્ધ સંપ્રદાયરૂપ એવું, ને નથી જણાતો દોષના લેશનો અવકાશ જેને વિષે એવું જે શાસ્ત્રજન્ય જ્ઞાન; તે જ્ઞાન થકી નિર્વિશેષ, નિત્ય, શુદ્ધ,

બુદ્ધ, મુક્ત, સ્વપ્રકાશ, ચૈતન્યમાત્ર જે બ્રહ્મ, તેને વિષે આત્મભાવને (હું બ્રહ્મરૂપ છું એમ) જાણવે કરીને, અનેક ભેદનું સ્થાનક ને પ્રત્યક્ષ જણાતું એવું બાધ્યરૂપ(બાધ પામનારું-ખોટું જણાનારું) જે જગત, તેનું શુદ્ધ સંપ્રદાયરૂપ જે પંચ વર્તમાનના સાધને સહિત જે શાસ્ત્રજન્ય જ્ઞાન તે બાધક(જગત સાચું અને સારું છે એવા ભ્રમને ટાળનાર) છે. તે માટે ગુરુ પરંપરાએ કરીને જે જ્ઞાન, તેણે કરી બંધનની નિવૃત્તિ થાય તે યુક્ત છે. અને બે પ્રકારે કરીને તે બ્રહ્મની પ્રાપ્તિ છે : સગુણ ને નિર્ગુણ.

૪૫. સગુણબ્રહ્મ તથા નિર્ગુણબ્રહ્મનું નિરૂપણ

હે પરમહંસો ! તેમાં પ્રથમ તો સગુણ બ્રહ્મનું સ્વરૂપ કહીએ છીએ. જે સગુણ બ્રહ્મ સર્વત્ર છે ને સર્વવિત્ છે. અને એ બ્રહ્મની પરાશક્તિ નાના પ્રકારની સંભળાય છે. ને વળી તે બ્રહ્મની સ્વાભાવિક જ્ઞાન, બલ, ક્રિયા, શક્તિ છે. ને તે બ્રહ્મ સત્યકામ છે, સત્યસંકલ્પ છે. અને વળી એ બ્રહ્મ હિરણ્યમય પુરુષ છે, ને જીવના મિત્ર છે અને તેને તત્પદે કરીને કહેવાય છે; ઈત્યાદિક વચન **સગુણ બ્રહ્મ** પ્રતિપાદન પર છે. અને તે સગુણ પર એવાં જે વચન તેને પણ નિર્ગુણ પર વચનના સામર્થ્ય થકી બાધ્યપણું(બાધ પામવાપણું) છે.

તે નિર્ગુણ (પર) વચન કહીએ છીએ જે, એ બ્રહ્મ સ્થૂળ નથી, અણુ નથી, હ્રસ્વ નથી, અને સત્ય છે, જ્ઞાન છે, અનંત છે, એવા જે બ્રહ્મ તે નિર્ગુણ છે, નિરંજન છે, શુદ્ધ છે; ઈત્યાદિક જે વચન તેણે કરીને ટળ્યા છે સમસ્ત વિશેષ(ભેદ) જે થકી એવા ને કૂટસ્થ(અચળ), નિત્ય, ચૈતન્ય એવા જે બ્રહ્મ તેનું પ્રતિપાદન કરે છે.

૪૬. સત્ય, જ્ઞાન અને અનંત પદથી બ્રહ્મનિરૂપણ

અને **સત્ય, જ્ઞાન** ને **અનંત** એ ત્રણ પદ સંગાથે બ્રહ્મને એકાર્થપણું જણાય છે. અને તે બ્રહ્મને લક્ષણ થકી પામવું(જાણવું) અને તે બ્રહ્મ

પોતા થકી સમગ્ર ઈતર પદાર્થ સંગાથે વિરોધીરૂપ છે. અને બીજા સર્વને એ ત્રણ પદે કરીને ટાળીએ છીએ.

તેમાં **સત્યપદ :** વિકારના સ્થાનકપણે કરીને અસત્ય એવી જે વસ્તુમાત્ર તે થકી જુદું એવું જે બ્રહ્મ તે પર છે.

વળી **જ્ઞાનપદ :** અન્યને આધીન છે પ્રકાશ જેનો એવી જડરૂપ જે વસ્તુમાત્ર તે થકી જુદું એવું જે બ્રહ્મ તે પર છે.

અને વળી **અનંતપદ :** દેશે કરી, કાળે કરી, વસ્તુએ કરી પરિછિન્ન (સીમિત) એવા જે પદાર્થમાત્ર તે થકી જુદું એવું જે બ્રહ્મ તે પર છે.

અને એ ત્રણ પદ એક વસ્તુ એવા જે બ્રહ્મ, તેને સમગ્ર બીજા સંગાથે વિરોધી આકારપણાને જણાવે છે. તે માટે એક જ બ્રહ્મ સ્વયંજ્યોતિ છે ને ટળ્યું છે સમગ્ર વિશેષ જે થકી એવું છે. એટલા માટે એ લક્ષણ વાક્ય અખંડ એકરસ એવા જે બ્રહ્મ તેને જ પ્રતિપાદન કરે છે.

૪૭. અનુભૂતિરૂપ આત્માએ કરીને અનુભવ થાય છે.

અને વળી તે બ્રહ્મ સત્તામાત્ર અનુભૂતિરૂપ(જ્ઞાનસ્વરૂપ) છે. અને તે અનુભૂતિ પોતા થકી જ સિદ્ધ છે. કાં જે અનુભૂતિપણું છે એ હેતુ માટે. અને અંતઃકરણ દ્વારે જે અનુભવ તે અનુભવની અપેક્ષા અનુભૂતિને કલ્પવાને કાજે કોઈ રીતે સમર્થ ન થાય. અને **અનુભવ(ધર્મભૂતજ્ઞાન) અનુભૂતિએ કરીને જ પ્રકાશવાન છે.** અને વળી અનુભૂતિ વર્તતી સતી ઘટાદિકની પેઠે જે ઈન્દ્રિયું, તેની પેઠે અપ્રકાશ(જ્ઞાનરહિત - જડ) નથી દેખાતી. કાં જે, પ્રકાશવાન છે અને અનુભવની પણ પ્રકાશક છે, જે અનુભવે કરીને અનુભૂતિનું પણ અનુમાન થાય છે.

અને તે અનુભૂતિરૂપ જે બ્રહ્મ તેને આશ્રિત જે અનુભવ તે વડે કરીને મુમુક્ષુને શ્રવણજ્ઞાનનો (જે અનુભવ) અને બ્રહ્મ તેનું બ્રહ્મવેત્તા ગુરુના મુખથી જે શ્રવણાદિ, તેણે કરીને જે મુમુક્ષુને શ્રવણાદિકના અભ્યાસની પરિપક્વતાએ કરીને થયો જે અનુભવ તેને વિષે એમ જણાય

છે જે, આ મનનું સ્વરૂપ, આ ચિત્તનું સ્વરૂપ, આ બુદ્ધિનું સ્વરૂપ, આ અહંકારનું સ્વરૂપ, આ દશ-ઈન્દ્રિયોનું સ્વરૂપ અને આ સૂર્યાદિક સર્વે દેવતાનું સ્વરૂપ, અને આ પંચભૂત, પંચતન્માત્રાનું સ્વરૂપ. એ રીતે સર્વનું સ્વરૂપ જણાય છે. પણ એ અંતઃકરણાદિકને વિષે જે ભિન્ન ભિન્નપણે અનુભવ રહ્યો છે, તે અનુભવે કરીને પોતપોતાની ક્રિયાને જ અનુભવે છે, પણ પરસ્પર એકબીજાની ક્રિયાને નથી અનુભવતા, તો એ સર્વે બ્રહ્મના સ્વરૂપને તો ક્યાંથી અનુભવે ? ન અનુભવે.

૪૮. અનુભૂતિ એ જીવ છે અને અનુભવ એ ધર્મભૂત જ્ઞાન છે.

અને એ સર્વને વિષે અન્વયપણે જે અનુભૂતિ સ્થિર રહી છે, તે અનુભૂતિ આશ્રિત જે અનુભવ તે દેહથી બહાર અનુભૂતિને દેખાડે છે. તે અનુભવને સંકલ્પરૂપ દેહની અપેક્ષા છે. એ હેતુ માટે અનુભવ તે અંતઃકરણને વિષે છે. અને દેહથી બહાર જે સંકલ્પરૂપ દેહ તેમાં અનુભૂતિ આશ્રિત જે અનુભવ, તે અનુભવ સ્થૂળદેહના હૃદયને વિષે અનુભૂતિને દેખાડે છે. અને એ બે અનુભવ જુદા નથી. ને એ બે અનુભૂતિ જુદી નથી, એક જ છે. એ તો દેહ આશ્રિત વિચારે કરીને માંહી-બહાર જણાય છે.

૪૯. અનુભૂતિથી જ સર્વ સિદ્ધ થાય છે.

અને હૃદયને વિષે રહી જે અનુભૂતિ, તે અનુભૂતિને આશ્રિત જે અનુભવ, તે અનુભવને વિચારે કરીને મન આદિક જે ચતુષ્ટય અંતઃકરણ અને શ્રોત્રાદિક જે દશ ઈન્દ્રિય તે રૂપી જે દેશ, તે સિદ્ધ થાય છે. જેમ બ્રહ્માંડને વિષે સૂર્ય વડે કરીને દેશ, કાળ, ઊર્ધ્વ(ઉપર), અધઃ(નીચે), મધ્ય, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ઈત્યાદિક સર્વે દેશ નામરૂપ(ના) વિભાગપૂર્વક સિદ્ધ થાય છે; તેમ એ અનુભૂતિએ કરીને કાર્યકારણરૂપ જે અજ્ઞાન, તે થકી ઊપજ્યું જે પિંડ-બ્રહ્માંડ, તે એ સર્વે કાર્યકારણે સહિત સિદ્ધ થાય છે.

૫૦. આત્મજ્ઞાન થયા પછી પણ ત્યાગ જરૂરી છે.

અને હે પરમહંસો ! એ અનુભૂતિરૂપ જે સંવિત(યથાર્થ જ્ઞાન), તે સંવિતના અનુભવની જે પુરુષને પ્રાપ્તિ થઈ છે, તે પુરુષને દ્રવ્યનો અતિશે ત્યાગ રાખવો. અને જે દ્રવ્યનું ગ્રહણ કરે છે તેને નિષ્કામી, નિઃસ્પૃહી, નિઃસ્વાદી, નિર્માની, એ ચારેય વર્તમાનમાંથી ફેર પડી જાય છે, વિષયને અનુભવે છે અને આત્માના અનુભવનો નાશ થઈ જાય છે. તે સારુ કપટરૂપ એ દ્રવ્યને જાણીને એનો સર્વ પરમહંસને ત્યાગ રાખવો.

તેની વિગત - સોનું, રૂપું, ત્રાંબું, પિત્તળ, સીસું, લોઢું, કાંસું, પરવાળાં, હીરા, મોતી, કાચ, એ સર્વેનો ત્યાગ રાખવો. અને સપ્તધાતુમાંથી કોઈ ધાતુએ યુક્ત જે વસ્ત્ર હોય, તેનો પણ ત્યાગ રાખવો. અને કંથા, કોપીન, ઝોળી ને પાણીગરણું એને અર્થે જૂનાં વસ્ત્ર માંગી લેવાં. ને કંથાને સીવવા સારુ દોરા માંગી લેવા ને સોય રાખવી. ને એ વિના બીજું કાંઈ માંગવું નહીં અને જે માંગે તે સત્સંગ બહાર છે.

।। ઇતિ શ્રીનિર્લોભી વર્તમાન સંપૂર્ણ ।।

।। શ્રીનારાયણઃ સત્યોઽસ્તિ ।।



॥ શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ ॥

॥ અથ નિષ્કામી વર્તમાન ॥





૫૧. સ્ત્રીમાં સુખ મનાય તેનાં સર્વે સાધન વૃથા છે.

હે પરમહંસો ! જે કામના વિલાસ સારુ એ પુરુષ સ્ત્રીની વાંછા કરે છે, તે સ્ત્રી તો અસ્થિ, માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા, શ્લેષ્મ, વિષ્ટા, મૂત્ર તેણે કરીને પૂર્ણ છે; કહેતાં એની જ પૂતળી બની છે. તે સ્ત્રીને વિષે જેનું મન જાય છે તે વિદ્યા ભણ્યો તો શું થયું ? એ નિષ્ફળ છે. અને તેણે રાજ્ય-દ્રવ્યાદિકનો ત્યાગ કર્યો તો શું થયું ? એ ત્યાગ પણ નિષ્ફળ છે.

અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય જીત્યા અને ઇન્દ્રિયોને દમ્યાં અને પંચાગ્નિ કરીને તપ્યો અને વરસાદ ખમ્યો, ટાઢ ખમી, નગ્ન રહ્યો, તીર્થાટન કર્યાં, કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રત કર્યાં, દેવપૂજન કર્યું, ગુરુ કર્યા, તુલસી-રુદ્રાક્ષ ધારણ કર્યાં, શિવ-વિષ્ણુના જે મંત્ર છે તેનું ગ્રહણ કર્યું, માળા ફેરવી, ભેખ લીધો, સાધુસેવા કીધી, સદાવ્રત દીધાં એ આદિક લઈને જે વ્રત કર્યાં તે સર્વે તેના વ્યર્થ થયાં. અને વળી, જેનું સ્ત્રીને દેખીને મન હરાઈ જાય છે, તે પુરુષે મૌન રાખ્યું, ગુફામાં રહ્યો એ સર્વે સાધન તેનાં વ્યર્થ થયાં.

૫૨. સ્ત્રીના દેહનું ખંડન

અને જેમ યંત્રની પૂતળી હોય તે દોરે કરીને ચેષ્ટા કરે છે, તેમ આ સ્ત્રી અસ્થિ, માંસાદિકની પૂતળી બની છે અને પ્રાણવાયુરૂપ દોરે કરીને ચેષ્ટા કરે છે. તેની ઈચ્છા જે મૂર્ખ છે તે કરે છે. જો વિચાર કરીને દેખે તો તેમાં અસ્થિ માંસાદિક વિના બીજું કાંઈ નથી. જે વિચાર કરીને નથી દેખતો તેને રમણીય ભાસે છે. જેમ પર્વતનાં શિખર દૂર થકી સુંદર પાણીનાં નિઝરણાએ સહિત ભાસે છે. અને ઢૂકડા જઈને દેખીએ તો સાર કાંઈ નથી નીકળતો, પથરા મોટા મોટા હોય છે. તેમ એ સ્ત્રી વસ્ત્ર-ઘરેણાંએ કરીને સુંદર ભાસે છે, પણ જો અંગ અંગનો વિચાર કરીને દેખીએ તો કેવળ હાડકાં, માંસ ને વિષ્ટા, મૂત્રે ભરેલ જે ચમારનો કુંડ તે જેવી છે.

૫૩. સ્ત્રીસ્પર્શથી થતાં નુકશાન

અને જેમ સર્પણીનાં અંગ ઘણાં કોમળ દેખાય છે, પણ તેનો સ્પર્શ કરીએ તો ઝેરે કરીને નાશ કરી નાંખે છે; તેમ એ સ્ત્રીનો જે મુમુક્ષુ સ્પર્શ કરે છે તે મુમુક્ષુની આત્મજ્ઞાન સંબંધી જે વિદ્યા છે તેને હરી લે છે, ને દેહરૂપ કરી નાંખે છે.

અને જેમ વિષની વેલ્ય દેખ્યામાત્ર સુંદર છે ને શોભાયમાન છે, પણ સ્પર્શ કરીએ તો નાશ કરી નાંખે છે. તેમ એ સ્ત્રી દેખ્યામાત્ર સુંદર છે, પણ જે સ્પર્શ કરે છે તેનો નાશ કરી નાંખે છે. અને જેમ હાથીને સાંકળે કરીને બાંધે છે ત્યારે તે હાથી બંધાણો થકો ત્યાં ઊભો રહે છે. તેમ આ મુમુક્ષુનું ચિત્તરૂપ જે હાથી તે શ્રીનારાયણના ચરણારવિંદમાંથી નીસરીને સ્ત્રીના હેતરૂપી સાંકળે કરીને બંધાણો થકો સ્ત્રીરૂપ સ્થાનકને વિષે રહે છે, કહેતાં સ્ત્રીનાં ચરણારવિંદને સેવે છે.

૫૪. સ્ત્રીદેહનાં અંગોઅંગનું ખંડન

અને તે સ્ત્રી કેવી છે ? તો તેના પેટમાં નરક ભર્યો છે, ગાલમાં

નરક ભર્યો છે, હડપચીમાં નરક ભર્યો છે, હોઠમાં નરક ભર્યો છે, મુખમાં નરક ભર્યો છે, કપાળમાં નરક ભર્યો છે, જીભમાં નરક ભર્યો છે અને એ સ્ત્રીના દેહને સંગે કરીને અન્ન તે નરકરૂપ થઈ જાય છે. અને પછી નવેય દ્વારે કરીને ચૂએ છે. અને એના માથામાં નરક ભર્યો છે, આંખમાં નરક ભર્યો છે, કાનમાં નરક ભર્યો છે, નાકમાં નરક ભર્યો છે, છાતીમાં નરક ભર્યો છે, હાથમાં નરક ભર્યો છે, વાંસામાં નરક ભર્યો છે, પિંડીમાં નરક ભર્યો છે, નખમાં નરક ભર્યો છે, એ રીતે નખશિખાપર્યંત તે નરકની પૂતળી છે.

૫૫. સ્ત્રીના સ્નેહમાં બંધાયેલાની દુર્દશા

એને વિષે જે પડે છે તે નારકી છે, મુમુક્ષુ નથી. અને હાથી તો મહાવતના અંકુશના પ્રહારે કરીને સાંકળ તોડીને નીસરે છે, પણ ચિત્તરૂપી હાથી એવો મૂર્ખ છે કે, જે મહાવતરૂપ ગુરુ (તે) એને ઉપદેશરૂપ અંકુશનો વારંવાર પ્રહાર કરે છે, પણ સ્ત્રીના સ્નેહરૂપ સાંકળને ભાંગી(તોડી) નથી શકતો. કાં જે, **સ્ત્રીને સંગે કરીને જે સદ્‌વાસના હતી તે નાશ થઈ ગઈ છે ને અસદ્‌વાસના થઈ ગઈ છે. તે સારુ એને સંત, સદ્‌ગુરુનો ઉપદેશ નથી લાગતો.**

હે પરમહંસો ! જે એ સ્ત્રીની ઇચ્છા કરે છે, તે પોતે પોતાના નાશને અર્થે કરે છે. જેમ કદલી વનનો હસ્તિ છે તે કાગળની હાથણીના છળે કરીને બંધનને વિષે આવે છે, તેમ સંતના મંડળરૂપ જે કદલીવન તેમાંથી એ મુમુક્ષુને ભગવાનની ભક્તિ-ભાવનાવાળી જે સ્ત્રીરૂપ હસ્તિની, તે જ્ઞાનને અર્થે પ્રાર્થના કરે છે. તે પ્રાર્થનાએ કરીને સંતમંડળમાં જે પરમહંસરૂપ હસ્તિને દયા આવે છે ને તેના ઉપદેશને અર્થે પ્રવર્તે છે, તેને(પરમહંસરૂપ હસ્તિને) નોખો પાડે છે ને પોતાના ચરણારવિંદનું ચિંતવન કરાવે છે અને અતિ દુઃખને પમાડે છે. તે **સારુ પરમદુઃખનું બીજ એ સ્ત્રીનો સંગ છે.**

૫૬. સ્ત્રીની આસક્તિનું ખંડન

હે પરમહંસો ! સર્વે અગ્નિ થકી અધિક તામિસ્ર આદિક નરકમાં અગ્નિ છે. તે સર્વે જીવોને બાળે છે, પણ તે નરકરૂપ અગ્નિએ કરીને પાપનું નિવારણ થાય છે. અને સ્ત્રીરૂપ અગ્નિએ કરીને પાપની વૃદ્ધિ થાય છે. તે સારુ સ્ત્રીરૂપી અગ્નિ અધિક દુઃખની પમાડનારી છે. અને જે સ્ત્રીરૂપ સુખને એ પુરુષ રમણીય જાણે છે, તે તો જ્યાં સુધી એ સ્ત્રીના દેહને વિષે જીવ છે ત્યાં સુધી રમણીય છે. અને જીવ ગયા કેડે તો મહા ભયાનક લાગે છે. અને એ સ્ત્રીનો જ્યારે વિયોગ થાય છે ત્યારે પોતે પણ મડા(શબ-મડદા) જેવો થઈ જાય છે. અને એ સ્ત્રી જીવતી હતી ત્યારે પણ મડા તુલ્ય જ હતી, પણ અવિવેકે કરીને રમણીય જણાય છે. **જેમ એ સ્ત્રી પુરુષને બંધનકારી છે, તેમ જે મુમુક્ષુ સ્ત્રી હોય તેને પુરુષ પણ એમ જ બંધનકારી છે.**

૫૭. દુઃખભર્યા દેહનું ખંડન

હે પરમહંસો ! એ દેહ તો સ્ત્રી-પુરુષ બેયનો મલિન છે. અને હાડકાંનું પીંજરું છે અને ચામડે મઢ્યો છે ને માંહી મળ-મૂત્ર વિકાર ભર્યા છે અને મુખમાંથી થૂંક-લાળ પડે છે. ને બીજા દ્વારમાંથી પણ નરક ઝરે છે. અને એ દેહમાં ક્યારેક પેટે પીડા થાય છે, ક્યારેક માથું દુઃખે છે, ક્યારેક આંખ દુઃખે છે, ક્યારેક કાન દુઃખે છે, ક્યારેક કેડ દુઃખે છે, ક્યારેક પગ દુઃખે છે, ક્યારેક હાથ દુઃખે છે; એ રીતે અનેક દુઃખનું મૂળ એવો દેહ છે.

અને મેદ, મજ્જા, માંસ અને રગરગમાં રગત(લોહી, પરું) ભર્યું છે, ને મુખ હાડકે કરીને ભર્યું છે, નાક પણ હાડકાનું છે, અને આંખમાં હાડકાં ભર્યાં છે, અને માથું પણ હાડકાંનું છે, હાથ પણ હાડકાંના છે, પગ પણ હાડકાંના છે, છાતી પણ હાડકાંની છે, કેડ પણ હાડકાંની છે; એ રીતે સર્વ હાડકાંનો સ્ત્રીનો દેહ છે. તેની મુમુક્ષુ કેમ ઇચ્છા કરે ?

અને જ્યારે અગ્નિમાં સ્ત્રી-પુરુષનો દેહ બળે છે, ત્યારે રાખ થઈ જાય છે, અને શિયાળ, કૂતરાં ખાઈ જાય છે ત્યારે વિષ્ટા થઈ જાય છે, ને જ્યારે પડ્યો રહે છે ત્યારે કીડારૂપ થઈ જાય છે; એવી જે સ્ત્રી તેની ઈચ્છા મૂર્ખ કરે છે. સંત તો એની ઈચ્છા કરે જ નહીં.

૫૮. મુમુક્ષુ માટે સ્ત્રી અગ્નિ સમાન છે.

અને એ સ્ત્રી અગ્નિરૂપ છે ને પુરુષ પતંગિયા રૂપ છે. જેમ અગ્નિની જ્વાળા ઉપર શ્યામતા થાય છે તેમ સ્ત્રીના માથા ઉપર શ્યામ કેશ છે, તે કેશ નહિ એ તો અગ્નિરૂપ સ્ત્રીનો ધુમાડો છે. વળી જેમ તે અગ્નિની જ્વાળાને દેખીને મૂર્ખ પતંગિયા માંહી પડે છે અને ડાહ્યાં પક્ષી નથી પડતાં અને જે પડે છે તેની પાંખ બળી જાય છે; તેમ એ સ્ત્રીના કેશને દેખીને મુમુક્ષુની જ્ઞાન-વૈરાગ્યરૂપ જે પાંખ તે બળી જાય છે ને દેહાભિમાની થઈ જાય છે. તે સારુ સ્ત્રી ને અગ્નિ એ બેય તુલ્ય છે.

હે પરમહંસો ! તે સારુ એ મુમુક્ષુના જ્ઞાન-વૈરાગ્યને નાશ કરનારી સ્ત્રીરૂપ અગ્નિ છે અને જે એની ઈચ્છા કરે છે તે મહામૂર્ખ છે અને અજ્ઞાની છે, અને પોતાના નાશને અર્થે એની ઈચ્છા કરે છે. જેમ પતંગિયું દીપકની ઈચ્છા કરે છે તે પોતાના નાશને અર્થે કરે છે; તેમ આ મુમુક્ષુ પુરુષ, સ્ત્રીની ઈચ્છા કરે છે તે પોતાના નાશને અર્થે કરે છે પણ કલ્યાણને અર્થે તો ભગવાનનાં ચરણારવિંદ છે.

૫૯. વિવિધ રૂપકો દ્વારા સ્ત્રીભોગનું ખંડન

હે પરમહંસો ! આ સ્ત્રીરૂપ વિખ(ઝેર)ની વેલી છે, ને હાથપગની આંગળીઓ તેનાં પાંદડાં છે, અને ભુજારૂપી એની ડાંડી છે ને સ્તનરૂપ તેના ગુચ્છ છે અને નેત્રાદિક જે ઈન્દ્રિયો તે તેનાં ફૂલ છે. અને જ્યારે એ મુમુક્ષુ સંતસમાજમાંથી નીસરીને એકલો ફરે છે ત્યારે એ સ્ત્રીરૂપી વેલીની ઉપર ભમરાની પેઠે પોતાના નાશને અર્થે બેસે છે.

અને **કામરૂપી ધીમર(પારધી)** છે અને **સ્ત્રીરૂપી તેણે જાળ** પસારી છે, તેને વિષે ભગવાનથી વિમુખ એવો જે પુરુષ તે રૂપ જે પંખી તે આવીને ફસાય છે. અને કામરૂપ ધીમર તેના ગળામાં ફાંસી નાંખીને જન્મ-મરણરૂપ કષ્ટને પમાડે છે, એવા દુઃખની દેનારી જે સ્ત્રી તેની જે ઈચ્છા કરે છે તે **મહામૂર્ખ** છે.

હે પરમહંસો ! સ્ત્રીરૂપ સર્પણી છે. જેમ સર્પણીના મુખમાંથી ફુત્કારા નીસરે છે ત્યારે તેની પાસે કમળનું જે ફૂલ હોય તે બળી જાય છે; તેમ સ્ત્રીરૂપ સર્પણી છે તે નારાયણે પ્રકૃતિના અંશે કરીને રચી છે. તે સ્ત્રી જ્યારે પોતાને સમીપે પુરુષ આવે છે ત્યારે મટકાં રહિત નેત્રે કરીને પુરુષના મુખ સામું જોઈ રહે છે અને પોતાનાં અંગોને અતિ ચંચળ કરે છે, પોતાના સ્તનને દેખાડે છે, પેટને દેખાડે છે, માથાથી લૂગડું ખસતું મેલે છે, સાથળ દેખાડે છે, હાથ દેખાડે છે; એવી રીતના હાવભાવે કરીને હસીને પુરુષને મોહ ઉપજાવે છે. એ હાવભાવરૂપ જે ફુત્કારા તેણે કરીને મુમુક્ષુના વૈરાગ્ય-વિવેકરૂપી કમળને બાળી નાંખે છે.

૬૦. સ્ત્રીના સંસર્ગની ભયાનકતા

અને **સર્પણી તો કરડે ત્યારે ઝેર ચડે છે ને સ્ત્રીરૂપ જે સર્પણી છે તે તો જુએ તેટલે કરીને ઝેર ચડી જાય છે; અને અડવે કરીને તો પુરુષના મોક્ષરૂપી કોંટાને બાળી નાંખે છે.** જેમ ચંદ્રમાને દેખીને સૂર્યમુખી કમળ બિડાઈ જાય છે, તેમ સ્ત્રીની જોબનઅવસ્થા તે ચંદ્રમા તુલ્ય છે, તેને દેખીને મુમુક્ષુની ભગવાન સંબંધી જે બુદ્ધિ તે રૂપ જે સૂર્યમુખી કમળ તે બીડાઈ જાય છે. અને દુર્વાસનિક બુદ્ધિરૂપ જે કુમુદિની(પોયણાં) તે પ્રફુલ્લિત થાય છે. તે સારુ સ્ત્રી સામું જોવું નહીં.

અને હે પરમહંસો ! એ સ્ત્રી નહીં, એ તો નરકના અગ્નિનાં ઈંધણાં તુલ્ય છે. એ સ્ત્રી ચંદનઘો જેવી છે. જેમ ચંદનઘો જેને કરડે તેને મંત્ર-ઔષધ ન લાગે. તેમ સ્ત્રીનો ડંખ જે પુરુષને લાગે તેને

જ્ઞાન-વૈરાગ્યનો ઉપદેશ ન લાગે. અને જેમ અગ્નિ છે તે તાપે કરીને સર્પને દરમાંથી બહાર કાઢે છે, તેમ મુમુક્ષુના મનરૂપી જે સર્પ તેને સ્ત્રી પોતાના રૂપનો રાગ જે સોળ શૃંગાર ને હાવભાવ તે રૂપ જે તાપ, તેણે કરીને ભગવાનના ચરણમાંથી કાઢીને બાળી નાંખે છે. તે સારુ એ **સ્ત્રી દાવાનળ અગ્નિરૂપ છે.**

૬૧. સંતસમાજથી જુદા પડેલા મુમુક્ષુની અધોગતિ

હે પરમહંસો ! જેમ ધીમર(માછીમાર) જાળે કરીને મહાસમુદ્રમાંથી મચ્છને કાઢી લે છે, તેમ એ સ્ત્રી મહાસમુદ્રરૂપ જે સંતસમાજ, તેથી જો કોઈ છેટે વર્તે છે તો પોતાના હાવભાવરૂપ જે જાળ તેણે કરીને જુદો પડ્યો જે પુરુષ તેને બાંધી લે છે. અને એ પુરુષ મચ્છ તુલ્ય છે અને કાળ તે ધીમર તુલ્ય છે અને સ્ત્રીરૂપ લોઢાનો કાંટો છે, ને સોળ શૃંગારરૂપ જે માંસ તેણે વીંટાણો એવો જે સ્ત્રીરૂપ કાંટો (તે) સ્નેહરૂપી દોરે બંધાણો છે. તેણે કરીને કાળરૂપી ધીમર તે મુમુક્ષુરૂપી સંતને સંતસમાજમાંથી તાણી કાઢે છે અને સ્ત્રીની તૃષ્ણારૂપી શૂળીએ કરીને પુરુષને મારે છે, તે સારુ તે સ્ત્રીની ઇચ્છા ન રાખવી.

અને કામરૂપી જે પારધી છે, તે રાગરૂપી સ્ત્રીએ કરીને મુમુક્ષુરૂપી મૃગલાને સંતસમાજમાંથી જુદો પાડે છે. અને સ્ત્રીના સ્નેહરૂપી જે રાસડી(દોરી) તેણે કરીને સંતસમાજમાંથી નોખો પડ્યો એવો જે મુમુક્ષુ તેને બળદની પેઠે બાંધે છે. અને સંતસમાજથી જુદો પડ્યો જે મુમુક્ષુ પુરુષ, તે સ્ત્રીના મુખરૂપી ચંદ્રમાને દેખીને કુમુદિનીની પેઠે વિકસે છે. ને સંતના સમાજમાં રહ્યો જે પુરુષ તે સ્ત્રીના મુખરૂપી ચંદ્રમાને જોઈને સૂર્યમુખી કમળની પેઠે સંકોચ પામી જાય છે. અને જેમ નિર્બળ સર્પને ગારુડી રાફડામાંથી કાઢીને મર્દન કરે છે, પણ મોટા સર્પને નથી કરતો; તેમ સંતમંડળમાંથી જે મુમુક્ષુ નોખો પડે તેને સ્ત્રી મર્દન કરી નાંખે છે.

અને જે મુમુક્ષુ સંતમંડળમાં રહે છે તેને સ્ત્રી મર્દન કરી નથી શકતી; એ તો બળિયા સર્પતુલ્ય છે.

૬૨. સંતસમાજથી છૂટો પડે તેને અનેક દોષો વળગે છે.

અને જે સંતમંડળથી જુદો પડી જાય છે તેને સ્ત્રી ભસ્મ કરી નાંખે છે. જેમ સૂકા તૃણને તથા ઘૃતને અગ્નિ ભસ્મ કરી નાંખે છે, તેમ સંતમંડળથી જુદો પડ્યો જે મુમુક્ષુ તેને સ્ત્રીનો જો સ્પર્શ થાય તો મોક્ષરૂપી કોંટો ભસ્મ થઈ જાય છે.

હે પરમહંસો ! જેમ અંધારી રાત્રિને વિષે ઘૂડ ને પિશાચ રહે છે, તે જે કોઈ પુરુષને દેખે છે તેને મારે છે; તેમ સ્ત્રીરૂપ જે રાત્રિ છે તેને વિષે સ્નેહરૂપ અંધારું છે. તે અંધારામાં જે મુમુક્ષુ સંતમંડળમાંથી નોખો પડી જાય છે, તેને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, ઈર્ષ્યા, તૃષ્ણા, ભય, હર્ષ, શોક, છલ, કપટ, અસત્ય, અશુચિપણું, ઈત્યાદિક જે ઘૂડ ને પિશાચ તે મારે છે.

૬૩. નિષ્કામી સંત નમસ્કાર કરવા યોગ્ય છે.

હે પરમહંસો ! **જે પુરુષ જુવાની અવસ્થામાં સ્ત્રીરૂપી તરવારના પ્રહારથી ઊગર્યો, તેને સ્ત્રીએ ન જીત્યો એવો સંત જાણવો. ને તે નમસ્કાર કરવા યોગ્ય છે.** વળી એ સ્ત્રીનો સંયોગ તે પરમ દુઃખનું કારણ છે. તે માટે સ્ત્રીની ઈચ્છા ન રાખવી.

૬૪. સ્ત્રીની આસક્તિ ટાળવાના નિયમો

હે પરમહંસો ! જે રોગ થાય છે તે જેણે કરીને ટળે એવું ઓસડ જાણીને જ્યારે કરે છે, ત્યારે તે રોગની નિવૃત્તિ થાય છે અને જો ચરી ન રાખે તો રોગની વૃદ્ધિ થાય છે; **તેમ જન્મ-મૃત્યુરૂપ રોગ છે તેના ટાળતલ તો મોટા સંત છે.**

અને સ્ત્રી આદિ જે ભોગ છે તે તો જન્મ-મૃત્યુરૂપ રોગની વૃદ્ધિ કરનારા છે અને જેમ અગ્નિ માથે ઘી નાંખીએ તો અગ્નિની વૃદ્ધિ થાય છે, તેમ સ્ત્રીસંગે કરીને સ્ત્રીના સંગની નિવૃત્તિ થાતી નથી, પણ વૃદ્ધિ થાય છે. તે સારુ સર્વે અંગે કરીને સ્ત્રીનો ત્યાગ રાખવો. અને **જેણે સ્ત્રીનો ત્યાગ કર્યો છે તે જન્મ-મૃત્યુરૂપ એવો જે સંસારસમુદ્ર તેથી તર્યો છે. અને જેણે સંસાર ત્યાગ કર્યો છે અને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખી છે તે સુખી થાય છે.**

અને વળી, **જન્મ-મૃત્યુનું બીજ તો સ્ત્રી છે,** તે સારુ સ્ત્રીની વાત કરવી નહિ ને સાંભળવી પણ નહીં. ને સ્ત્રી સાથે હાસ્યવિનોદ કરવો નહીં. અને સ્ત્રીને જોવી પણ નહિ અને સ્ત્રી સાથે સંકેતનો મર્મ(ઇશારો) પણ કરવો નહીં. સ્ત્રીના રૂપનું મનમાં ચિંતવન કરવું નહીં. સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં. સ્ત્રીનો સંગ કરવો નહીં. અને સ્ત્રીને વાંસો દઈને(તે ન દેખાય તેમ) બેસવું, પણ સન્મુખ બેસવું નહીં.

અને સ્ત્રી જે ઠેકાણે બેઠી હોય તે સ્થાનકે ચાર ઘડી કેડે બેસવું. અને જે વસ્ત્રને સ્ત્રી અડી જાય તે વસ્ત્રને ધોઈને ઓઢવું(વાપરવું). અને જ્યાં ચિત્રામણની સ્ત્રી લખી(ચિત્રી) હોય તે ઘરમાં રહેવું નહીં. અને ચિત્રામણની સ્ત્રીને જોવી પણ નહિ અને અડવું પણ નહીં અને ચિત્રામણની સ્ત્રી લખવી(દોરવી) પણ નહીં. અને **જે ઘરમાં સ્ત્રી રહેતી હોય તેને કરે કરો(વચ્ચે એક જ દિવાલ) હોય તો તે ઘરમાં રહેવું પણ નહીં, કરે કરો ન હોય તો રહેવું.**

અને જે ઘરનો ગૃહસ્થની ફળીમાં નિકાલ(રસ્તો) હોય તો ન રહેવું, જ્યાં ગૃહસ્થની ફળીમાં નિકાલ ન હોય ત્યાં રહેવું. સ્ત્રીના સ્વરૂપનું વર્ણન શૃંગાર જે ગ્રંથમાં હોય તે ગ્રંથને ભણવો પણ નહિ ને (તેનું) વ્યાખ્યાન પણ ન કરવું અને તે ગ્રંથને સાંભળવો પણ નહીં. અને સ્ત્રીના નામનું

ઉચ્ચારણ પણ ન કરવું. ને સ્ત્રીને ઉદ્દેશીને વાત ન કરવી. અને સ્ત્રી જે સ્થળને વિષે ન્હાતી હોય તે સ્થળને વિષે ન્હાવું નહીં. અને સ્ત્રી જે સ્થળને વિષે દિશાએ જતી હોય તે સ્થળને વિષે દિશાએ ન જાવું. અને સ્ત્રી જે સ્થળને વિષે લઘુશંકા કરવા જાતી હોય તે સ્થળને વિષે લઘુશંકા કરવા ન જાવું.

અને જે ગુરુ એટલા પ્રકારે કરીને સ્ત્રીનો ત્યાગી ન હોય, તે ગુરુની પાસે બ્રહ્મવિદ્યાનું શ્રવણ ન કરવું. અને એ જેટલા નિયમ કહ્યા છે, તેમાં મનને વશ થઈને જો ફેર પડી જાય તો ઉપવાસ કરવો, ને જો સ્ત્રીનો સંગ થઈ જાય તો ચાંદ્રાયણ વ્રત કરે તો પરમહંસ મંડળમાં લેવો ને વ્રત ન કરે તો સત્સંગમાંથી કાઢી મૂકવો.

॥ ઇતિ શ્રીનિષ્કામી વર્તમાન સંપૂર્ણ ॥



॥ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ ॥

॥ અથ નિઃસ્પૃહી વર્તમાન ॥





૬૫. દેહાતીત થઈ સર્વાધિક સ્નેહ શ્રીહરિમાં કરવો.

હે પરમહંસો ! વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીર અને એ ત્રણ શરીરના અભિમાનથી નિઃસ્પૃહી રહેવું. અને એ ત્રણ શરીરની કારણ જે માયા તે માયા થકી પર જે પુરુષ તેને વિષે પ્રીતી રાખવી ને **તે સ્વરૂપને પોતાનો આત્મા માનવો.** અને કારણ (શરીરરૂપ) અજ્ઞાને સહિત જે ત્રણ દેહ તેને અસત્ય જાણવા.

અને પોતાનો જે આત્મા તેને સત્ય જાણવો અને પોતાનો આત્મા જે પર(શ્રેષ્ઠ) પુરુષ(બ્રહ્મ) તે થકી પુરુષોત્તમને વિષે અધિક પ્રીતિ રાખવી અને પોતાનો આત્મા ને પોતાના આત્માથી પર જે પરમાત્મા તે વિના યત્કિંચિત્ જે કાંઈ છે, તેને અસત્ય જાણવું. અને લોક-અલોક એ સર્વમાંથી નિઃસ્પૃહી રહેવું. અને આત્મા વિના બીજા સર્વને કાળવશ જાણવા.

અને પોતાનો આત્મા જે પર પુરુષ તેની પ્રાપ્તિ તો વ્યષ્ટિ દેહને વિષે(વિરાટથી નીચેની સૃષ્ટિમાં) જે સુષુપ્તિનો સાક્ષી તે (રૂપ)

છે. અને તેને પોતાનું સ્વરૂપ માનવું અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી નિઃસ્પૃહી રહેવું. અને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી પણ નિઃસ્પૃહી રહેવું અને (તે અવસ્થાને) અસત્ય જાણવી. અને સચ્ચિદાનંદરૂપ જે પોતાનો આત્મા તેને વિષે પ્રીતિ રાખવી અથવા પોતાનો આત્મા જે કાર્ય અજ્ઞાન ને કારણ અજ્ઞાનથી પર દ્રષ્ટા, તેથી પર જે **પરમાત્મા તેને વિષે પોતાના આત્માથી અધિક પ્રીતિ રાખવી** અને તે વિના બીજા સર્વમાંથી નિઃસ્પૃહી રહેવું.

બીજું, સ્થૂળ દેહને વિષે જે બાલ્યાવસ્થા, યુવાવસ્થા, જરાવસ્થા એ ત્રણ અવસ્થા છે, તેથી પણ નિઃસ્પૃહી રહેવું. **અને એ ત્રણ અવસ્થાનો દ્રષ્ટા જે પોતાનો આત્મા છે, તેને વિષે પ્રીતિ રાખવી.**

૬૬. બાલ્યાવસ્થાનાં દુઃખો અને દોષો

બીજું હે પરમહંસો ! જો આ જીવ નિઃસ્પૃહી નથી રહેતો તો કાળવશ થઈને સંસારસમુદ્રને વિષે ઊપજે છે અને જેવું પ્રારબ્ધ છે તે અનુસારે દેહની પ્રાપ્તિ થાય છે. તેને વિષે પ્રથમ બાલ્યાવસ્થાની પ્રાપ્તિ થાય છે તે પણ પરમ દુઃખનું મૂળ છે. તે બાલ્યાવસ્થાને વિષે એ જીવ મહાદીન થઈ જાય છે. ને આટલા અવગુણ એને વિષે પ્રવેશ કરે છે. એક તો અસમર્થપણું, મૂર્ખપણું, ઇચ્છા, ચપળપણું ને ભ્રાંતિ, દીનપણું ને દુઃખે કરીને બળ્યા કરે, એવા વિકાર બાલ્યાવસ્થાને વિષે આ જીવને આવીને પ્રાપ્ત થાય છે. તે સારુ બાળક અવસ્થા મહાવિકારવાન છે.

અને બાળક જે પદાર્થને દેખે છે તે સારુ દોડ્યા કરે છે. એક વસ્તુને ગ્રહણ કરે છે ને બીજી વસ્તુ સારુ દોડે છે. જેમ માંકડો ઠરીને નથી બેસતો તેમ બાળક ઠરીને નથી બેસતો. અને જે કોઈ એ ઉપર ક્રોધ કરે છે તો તે ઉપર અંતરમાં બળતો રહે છે, પણ તેને પૂગી નથી શકતો. અને એ બાળક મોટી મોટી ઇચ્છાને કરે છે, પણ તેની પ્રાપ્તિ નથી થતી. સર્વકાળે તૃષ્ણાએ કરીને બળતો રહે છે.

૬૭. બાલ્યાવસ્થાની પરાધીનતા

અને એ બાળક ક્ષણ-ક્ષણને વિષે ભય પામતો રહે છે અને શાંતિને ક્યારેય નથી પામતો અને મહાદીન થઈ જાય છે. જેમ કદળીવનનો હાથી સાંકળે કરીને બાંધ્યો થકો દીન થઈ જાય છે, તેમ એ ચૈતન્ય જીવ તે બાલ્યાવસ્થાએ કરીને દીન થઈ જાય છે. અને **જ્યારે સુષુપ્તિ પર જે ઈશ્વર(બ્રહ્મ) તેને વિષે પોતાપણું માને છે ત્યારે સ્વાધીન થાય છે.** અને આ બાળક જે કાંઈક ઈચ્છાને કરે છે તે વિચાર્યા વિના કરે છે ને મૂઢ છે અને મૂંગો છે. કાં જે, એ અવસ્થાને વિષે આત્માને જાણ્યાનાં સાધન કરવાને અર્થે સમર્થ નથી થાતો. અને તમ, મોહ, મહામોહ, તામિસ્ર, અંધતામિસ્ર એ અવસ્થાને પામે છે.

૬૮. અજ્ઞાની બાળક તપે છે અને જ્ઞાની નથી તપતો.

અને એ બાળકને જે કાંઈ પદાર્થની પ્રાપ્તિ થાય છે, તેને વિષે એક ક્ષણ સુખમાન(સુખી) થાય છે, વળી બળવા લાગે છે. જેમ ઊની પૃથ્વી ઉપર જળ નાખીએ ત્યારે ક્ષણમાત્ર ટાઢી થાય અને વળી એમની એમ તપવા માંડે છે, તેમ આત્મજ્ઞાને રહિત એવો જે બાળક તે પણ તપતો રહે છે. **અને જે બાળકને સ્વસ્વરૂપ જે સુષુપ્તિનો સાક્ષી આત્મા, તેનું જ્ઞાન છે તે બાળક નથી તપતો.** અને જેમ રાત્રી વ્યતીત થયે સતે સૂરજ ઊગે છે તેણે કરીને ઘૂડ આદિક કષ્ટને પામે છે; તેમ એ દેહાભિમાની જે જીવ તે આત્મજ્ઞાનવાળાને દેખીને કષ્ટ પામે છે.

૬૯. સમજણે કરીને બાળક રહેવું તે યોગ્ય છે.

હે પરમહંસો ! જે બાળકઅવસ્થાને દેખીને વખાણે છે તે પણ મૂર્ખ છે. કાં જે એ તો વિવેક રહિત અવસ્થા છે, અને અપવિત્ર છે, અને સ્થિર ક્યારેય થાતી નથી, અને પદાર્થની કોરે દોડ્યા કરે છે; એવી મૂઢ અને દીન અવસ્થાની ઈચ્છા સંતને ન રાખવી. **અને આત્મા-અનાત્માના**

જ્ઞાને કરીને બાલ્યાવસ્થા છે તો ઠીક છે, અને અજ્ઞાને કરીને તો ઠીક નથી. અને એ બાળક જે જે પદાર્થને દેખે છે તેની જ કોરે દોડે છે અને ક્ષણ-ક્ષણમાં અપમાનને પામે છે. જેમ કૂતરો ક્ષણ-ક્ષણમાં ઘરોઘર દોડે છે અને અપમાનને પામે છે; તેમ બાળક અપમાનને પામે છે અને તે અપમાનને ખમે છે. અને આત્મા-અનાત્માના વિવેકજ્ઞાનને જાણવાવાળા જે બાળક છે તે અપમાનને નથી ખમતા, સંસારનો ત્યાગ કરી દે છે.

૭૦. બાલ્યાવસ્થાનાં ભય અને ચંચળતા

અને અજ્ઞાની બાળકને તો માતાનો ભય રહે છે, પિતાનો ભય રહે છે, ભાઈનો ભય રહે છે અને પોતાથી મોટા બાળકનો ભય રહે છે, પશુ-પંખીનો ભય રહે છે. તે સારુ હે પરમહંસો ! એવી દુઃખરૂપ બાલ્યાવસ્થાની ઇચ્છા ન રાખવી. અને જેમ સ્ત્રીનાં નેત્ર ચંચળ છે, જળનો પ્રવાહ ચંચળ છે અને વીજળી ચંચળ છે, તેથી પણ મન અને બાળક અધિક ચંચળ છે. અને એમ જણાય છે જે, એ સર્વે ચંચળપણું બાળકમાંથી શીખ્યા છે. જેવું મન ચંચળ છે તેવું જ બાળક ચંચળ છે. મનનું જ રૂપ બાળક છે. હે પરમહંસો ! જેમ વેશ્યાનું ચિત્ત એક પુરુષને વિષે નથી ઠરતું; તેમ બાળકનું ચિત્ત એક પદાર્થને વિષે નથી ઠરતું.

૭૧. બાળકનો સંગી બાળકની જેમ દુઃખી થાય છે.

બાળકની ચેષ્ટાને અનુસારે જે બાળક ભેળે વરતે છે, તેને પણ બાળક જેવો જ જાણવો. અને એ વિચાર પણ બાળકને નથી રહેતો જે, 'આ પદાર્થે કરીને મારો નાશ થશે અને આ પદાર્થે કરીને મારું રૂડું થાશે.' એવા વિચારે રહિત જે બાળક તે સાથે જે ચેષ્ટા કરે છે ને બાળકની બોલી કરે છે, તેનું ચિત્ત બાળકને સ્નેહે કરીને જે સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ તેણે કરીને સર્વકાળે તપાયમાન રહે છે. જેમ જેઠ મહિનાને વિષે પૃથ્વી તપાયમાન રહે છે, તેમ બાળકને સ્નેહે કરીને બાળકના સંબંધીના હૃદય તપાયમાન રહે છે.

૭૨. બાલ્યાવસ્થાનાં અવગુણો ને અસ્થિરતા

અને જ્યારે એ બાળક વિદ્યા ભણવા નિશાળે બેસે છે ત્યારે મહેતા(શિક્ષક) થકી એવો ભય લાગે છે, જેવો જમને દેખીને મોક્ષની ઈચ્છાવાળાને ભય લાગે છે; ને જેવો ગરુડને દેખીને સર્પને ભય લાગે છે, તેવો એને ભય લાગે છે. અને જ્યારે બાળકના શરીરને કોઈ કષ્ટ આવી પ્રાપ્ત થાય છે ત્યારે મોટા દુઃખને પામે છે, પણ તે દુઃખના નિવારણ કરવાને અર્થે સમર્થ નથી થાતો. અને અંતરમાં બળ્યા કરે છે અને મુખથી કાંઈ બોલી નથી શકતો. જેમ ઝાડ કાંઈ નથી બોલી શકતું, ને જેમ પશુ દુઃખ પામે છે ને બોલી નથી શકતું, ને નિવારણ કરી નથી શકતું, ને અંતરમાં બળ્યા કરે છે, તેમ બાળક મૂંગો ને મૂઢ થકો દુઃખ પામે છે.

હે પરમહંસો ! એવા બાળકને વિષે જે બાળક જેવા થઈને લાડ કરે છે, તે મૂર્ખ છે, જડ છે. તે સારુ એ થકી નિઃસ્પૃહી રહેવું. એ તો પરમ દુઃખરૂપ અવસ્થા છે, એને વિષે કાંઈ વિવેક-વિચાર નથી. અને એ બાળકની ચેષ્ટાને અનુસારે જે વર્તે છે તેને વિષે પણ કાંઈ વિવેક-વિચાર નથી. જેમ બાળક કહે છે તેમ જ કરે છે તે સારુ એને બાળક તુલ્ય જાણવો. અને એ બાળક તો એક ખાધ્યામાં અને રોયામાં સમજે છે. અને એવી અવગુણરૂપ અવસ્થાને વિષે ગુણ દેખીને રાજી ન થવું. જેમ વીજળી ચંચળ થાય છે, ને જેમ જળમાં બુદબુદાં સ્થિર નથી રહેતાં, તેમ બાળક ને બાળકનો સંગી તે ક્યારેય સ્થિર નથી થાતા.

૭૩. બાલ્યાવસ્થાની ઇચ્છા ન રાખવી.

હે પરમહંસો ! એ તો મહામૂર્ખ અવસ્થા છે. તે ક્યારેક કહે છે જે, 'હે પિતા ! મને કરાની ધાણી શેકી આપો.' ક્યારેક કહે છે કે, 'મુને ચંદ્રમા ઉતારી આપો.' એવાં મૂર્ખતાનાં વચન કહે છે. તે સારુ એવી મૂર્ખ અવસ્થાને અંગીકાર ન કરવી. અને જેવો અવળાં દુઃખોનો

અનુભવ બાળકને થાય છે તેવો અમારા સાંભળવામાં પણ નથી આવ્યો. એ બાલ્યાવસ્થા અને બાળકનો સંગી પુરુષ, એ બે અવગુણનાં ભૂષણ છે. અને અવગુણે કરીને જ શોભે છે. **એવી જે એ નીચ અવસ્થા છે તેની ઈચ્છા હે પરમહંસો ! તમારે ન રાખવી.** અને એ બેનું જે વખાણ કરવું તે પણ મૂર્ખપણું છે. એ બાલ્યાવસ્થાને વિષે ગુણ કાંઈ પણ નથી.

૭૪. યુવાવસ્થાનાં દુઃખો અને દોષો

હે પરમહંસો ! દુઃખરૂપ બાલ્યાવસ્થાને અંતે જોબનઅવસ્થા આવે છે. તે બાલ્યાવસ્થાથી દુઃખ દેવાને અર્થે ચડતું પગથિયું છે. તે અવસ્થા પણ ઉત્તમ નથી. કાં જે, સંસારસમુદ્રમાં પડવાને અર્થે અધિક દુઃખદાયક છે. અને જોબનઅવસ્થા જ્યારે એ મુમુક્ષુને આવે છે ત્યારે એને કામરૂપ પિશાચ વળગે છે. અને તે કામરૂપ પિશાચ જ્યારે જોબનઅવસ્થારૂપ શહેરને વિષે આવીને રહે છે, ત્યારે ચિત્તરૂપી કમળ તે વિષયવિકારરૂપ સૂર્યને દેખીને ઉઘડી આવે છે. અને વિષય ભોગવ્યાની ઈચ્છા અને સંકલ્પ તેને બહુ વિસ્તારે છે.

જેમ સૂર્યના ઊગવા થકી સૂર્યમુખી કમળ ઊઘડી આવે છે અને પાંખડીઓનો બહુ વિસ્તાર થાય છે; તેમ જોબનઅવસ્થા આવે છે ત્યારે ચિત્તરૂપી કમળને વિષે વિષયની ઈચ્છારૂપી પાંખડીઓ બહુ વિસ્તાર પામે છે. તે વારે નાના પ્રકારના વિષય ભોગવવાની ઈચ્છાઓ સ્ફૂરી આવે છે, ત્યારે કામરૂપી જે પિશાચ તે એ મુમુક્ષુને સ્ત્રીઓને વિષે નાંખી દે છે.

૭૫. સંતસમાજથી નોખો પડે તેને વિષય-વાસના પીડે.

જો સંતસમાજમાંથી નોખો પડે તો પછી સત્સંગથી નોખો પડ્યો એવો જે મુમુક્ષુ, તે સ્ત્રીઓમાં પડ્યો થકો અતિશે દુઃખને પામે છે. અને તે કેડે કુંભીપાક આદિક જે નરકના અગ્નિ તેને વિષે અતિશે બળે છે.

હે પરમહંસો ! આ જગતને વિષે જેટલા વિષય-વિકાર છે, તે સર્વે આ જોબનઅવસ્થાને વિષે ઉદય થાય છે. અને જેમ દ્રવ્યવાન પુરુષને

દેખીને દરિદ્રી પુરુષ પોતાની મેળે જ આવીને દ્રવ્યવાળાને આશરે રહે છે; તેમ એ મુમુક્ષુની જોબનઅવસ્થાને દેખીને આત્મજ્ઞાનના વિરોધી એવા જે સર્વે **કામ-ક્રોધાદિક દોષરૂપ શત્રુ, તે જો સંતસમાજથી જુદો પડે તો તે મુમુક્ષુના હૃદયને વિષે આવીને ભેળા થાય છે.**

પછી તે સ્ત્રીને સુખરૂપ જાણીને ભોગવ્યાની ઈચ્છા કરે છે, તે પરમ દુઃખનું કારણ છે. અને જેમ દારૂનો ભરેલો ઘડો દેખવામાત્ર સુંદર છે, પણ જ્યારે પીવે છે ત્યારે તે પીનારો ઘેલો થઈ જાય છે. તે ઘેલછાએ કરીને દીન થઈ જાય છે, ને અતિશે બેહાલ થાય છે, ને ફજેત થકો નિરાદરને પામે છે; તેમ એ સ્ત્રી દેખવામાત્ર તો રૂડી લાગે છે, પણ જ્યારે એને ભોગવે છે ત્યારે તૃષ્ણાએ કરીને ઉન્મત્ત થઈને સ્ત્રીને આધીન થઈ જાય છે.

૭૬. દેહભાવ અશાંતિનું અને આત્મભાવ શાંતિનું મૂળ છે.

હે પરમહંસો ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર એ આદિક જે ચોર છે, તે યૌવનાવસ્થારૂપ રાત્રીને દેખીને સંતસમાજથી નીકળ્યો એવો જે મુમુક્ષુ, તેને લૂંટવા લાગે છે. અને એનું આત્મજ્ઞાન રૂપી જે ધન તેને હરી લે છે. તેણે કરીને એ પુરુષ દેહરૂપ થઈ જાય છે. અને જેમ મેઘના વિયોગે કરીને મયૂર દીન થઈ જાય છે તેમ એ પુરુષ આત્મજ્ઞાનને વિયોગે કરીને દીન થઈ જાય છે.

હે પરમહંસો ! એવા દુઃખની દેનારી જે યૌવનાવસ્થા, તેને ગ્રહણ ન કરવી અને આત્મજ્ઞાનનું ગ્રહણ કરવું. કાં જે, **ચિત્તને શાંતિ તો આત્મજ્ઞાને કરીને જ થાય છે અને આત્મજ્ઞાને રહિત એવું જે ચિત્ત તે તો અશાંત છે.**

અને યૌવનાવસ્થાને વિષે ચિત્ત વિષયની કોરે દોડે છે. જેમ બાણ કમાનમાંથી છૂટીને નિશાન સામું દોડે છે તેમ ચિત્ત વિષય સામું દોડે છે. ને જ્યારે વિષયને અર્થે સ્ત્રીનો સંયોગ થાય છે, ત્યારે પણ સ્ત્રીના

સંગની તૃષ્ણા નિવૃત્ત નથી થતી. ને તૃષ્ણાએ કરીને બંધાણો થકો જન્મ-મૃત્યુને પામે છે અને લખચોરાશીને વિશે પશુ-પક્ષીના અવતારને પામ્યો થકો સ્ત્રીના ભોગને ભોગવે છે, તોપણ તૃપ્ત થતો નથી.

૭૭. યુવાવસ્થાની વિચિત્રતા

તે સારુ હે પરમહંસો ! એવી દુઃખદાયી જે યૌવનાવસ્થા તેની ઈચ્છા ન રાખવી. અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, અભિમાન, ચપળતા આદિક જે દોષ છે તે સર્વે આ યૌવનાવસ્થાને વિષે આવીને રહે છે. તે માટે જે પરમહંસના મંડળથી જુદો પડે છે તેને એ યૌવનાવસ્થા દુઃખ દે છે. અને જેમ પ્રલયકાળમાં બ્રહ્માંડના નાશને અર્થે સર્વે ઉપદ્રવ આવીને ઉદય થાય છે, તેમ યૌવનાવસ્થાને વિષે કામક્રોધાદિક ઉપદ્રવ એ જીવની મુમુક્ષુતાના નાશને અર્થે આવીને ઊપજે છે.

હે નિષ્પાપ પરમહંસો ! એ યૌવનઅવસ્થા ક્ષણભંગુર છે. જેમ વીજળીનો ઝબકારો ઉદય થઈને મટી જાય છે, તેમ યૌવનાવસ્થા આવીને મટી જાય છે. અને જેમ સમુદ્રને વિષે તરંગ ઊપજીને મટી જાય છે, તેમ યૌવનાવસ્થા પણ આવીને મટી જાય છે. અને જેમ સ્વપ્નને વિષે સ્ત્રીના વિકારનો છળ આવે છે ને એ પુરુષને છળી જાય છે, તેમ અજ્ઞાને કરીને યૌવનાવસ્થા છળી જાય છે.

હે નિષ્કલંક પરમહંસો ! યૌવનઅવસ્થા એ મુમુક્ષુની પરમ શત્રુ છે. અને **જે પુરુષ એ યૌવનાવસ્થારૂપ શત્રુના શસ્ત્ર જે કામ-ક્રોધાદિક તે થકી બચ્યો છે અને એ યૌવનાવસ્થા થકી છૂટ્યો છે તે પુરુષ વજ્રે કરીને પણ નહિ વિંધાય** અને જે યૌવનાવસ્થાના શસ્ત્રે કરીને વિંધાણો તે તો પશુ છે.

હે પરમહંસો ! દેખ્યામાત્રમાં તો તે યૌવનઅવસ્થા સુંદર છે, પણ અંતરમાં તો તૃષ્ણાએ કરીને જીર્ણ થઈ ગઈ છે. જેમ વૃક્ષ દીઠામાં સુંદર હોય અને માંહી ઘુણે(લાકડું કોરી ખાનાર ઘણ નામનું એક જંતુ તેણે)

કરીને ખવાઈ ગયું હોય તેમ જોબનઅવસ્થા છે. અને જે સ્ત્રી-દ્રવ્યાદિ ભોગ સારુ યત્ન કરે છે તે પણ નાશવંત છે, તે વિચાર વિના સુંદર લાગે છે. અને જ્યારે એનો વિયોગ થાય છે ત્યારે અતિશે દુઃખ થાય છે. તે માટે એ ભોગોને વિષે તૃષ્ણાએ કરીને મૂર્ખ પુરુષ પ્રસન્ન થાય છે.

૭૮. સ્ત્રીતૃષ્ણાની ભયંકરતા

અને હે નિષ્પાપ પરમહંસો ! જે પુરુષ જોબનઅવસ્થાએ કરીને ઉન્મત્ત થયો છે તેને શાંતિ નથી થતી. અંતરને વિષે સદાય સ્ત્રીની તૃષ્ણા રહે છે. અને એનું ચિત્ત સ્ત્રીને વિષે જ આસક્ત થાય છે. અને જ્યારે તે સારી સ્ત્રીનો વિયોગ થાય છે ત્યારે તેને સંભારીને બળ્યા કરે છે. જેમ વનનાં વૃક્ષ અગ્નિએ કરીને બળતાં રહે છે તેમ જોબનઅવસ્થાને વિષે રૂડી સ્ત્રીના વિયોગે કરીને એ પુરુષ બળતો રહે છે.

અને જેમ મદોન્મત્ત હાથી સાંકળે કરીને જ્યારે બંધાય છે ત્યારે સ્થિર રહે છે, ક્યાંય જઈ નથી શકતો; તેમ કામરૂપ હાથી તે જોબનઅવસ્થારૂપ સાંકળે કરીને બંધાણો થકો સ્ત્રીની સ્મૃતિએ સહિત ચિત્તરૂપી સ્થાનકને વિષે સદાકાળ રહે છે. એ જોબનઅવસ્થારૂપ નદી છે તેને વિષે સ્ત્રીની ઇચ્છારૂપી અનેક તરંગ ઊઠે છે અને કોઈ દહાડે તે તરંગોની શાંતિ નથી થતી.

અને હે નિષ્પાપ પરમહંસો ! આ જોબનઅવસ્થા બહુ દુષ્ટ છે. શા સારુ જે, કોઈક પુરુષ મોટો બુદ્ધિવાન હોય, ને તેની બુદ્ધિ સદા નિર્મળ રહેતી હોય અને પ્રસન્ન હોય, અને શમ-દમ વૈરાગ્ય વિવેકાદિ ગુણે કરીને સંપન્ન હોય, અને તેને જોબનઅવસ્થા આવે ત્યારે તેની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે. તે સારુ એ જોબનઅવસ્થા અતિશે દુષ્ટ છે.

૭૯. યુવાવસ્થા શુભ ગુણોને હરી લે છે.

અને જેમ મોટી નદી હોય ને તેનું જળ નિર્મળ હોય ને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે તે પણ મલિન થઈ જાય છે, તેમ જે સંતના

સમાજથી નોખો પડે તેની બુદ્ધિ જોબનઅવસ્થાને વિષે મલિન થઈ જાય છે. અને હે નિષ્કલંક પરમહંસો ! આ શરીરરૂપી વૃક્ષ છે, તેને વિષે જોબનઅવસ્થારૂપ વેલી પ્રગટ થાય છે. અને જ્યારે તે વેલી પુષ્ટ થાય છે ત્યારે તેની ઉપર ચિત્તરૂપી ભમરો આવીને બેસે છે. અને તૃષ્ણારૂપી તેની સુગંધીએ કરીને ચિત્તરૂપી ભમરો મદોન્મત્ત થાય છે. અને આત્મજ્ઞાન સંબંધી વિચારને ભૂલી જાય છે.

અને જેમ વાયુ ચાલે છે ત્યારે સૂકા ખડને ઉખેડીને લઈ જાય છે, રહેવા નથી દેતો; તેમ જ્યારે જોબનઅવસ્થા આવે છે ત્યારે તે જોબનઅવસ્થા વૈરાગ્ય, ઉપરતિ, તિતિક્ષા, સંતોષ, શ્રદ્ધા, દયા ઈત્યાદિક ગુણનો અભાવ કરે છે. અને દુઃખરૂપી કમળને જોબનઅવસ્થા સૂર્યરૂપ છે. શા સારુ જે, જોબનઅવસ્થાનો ઉદય થયે સતે એ જીવને દુઃખ દેવાને અર્થે સર્વે સંસૃતિરૂપી કમળ પ્રફુલ્લિત થઈ આવે છે. તે સારુ સર્વે દુઃખનું મૂળ જોબનઅવસ્થા છે.

અને જેમ સૂર્યનો ઉદય થયે સતે સૂર્યમુખી કમળ ઉઘડી આવે છે, તેમ જોબનઅવસ્થારૂપ સૂર્યને દેખીને ચિત્તરૂપી જે કમળ તે સંસૃતિરૂપી પાંખડીઓએ સહિત અને સંસારરૂપી સુગંધીએ સહિત અને તૃષ્ણારૂપી ભમરાએ સહિત ઉઘડી આવે છે. અને સંસારરૂપી રાત્રી છે તેને જોબનઅવસ્થા ચંદ્રમાની પેઠે પ્રકાશે છે.

અને જેમ ડાંગરનો થૂમડો ત્યાં લગી લીલો રહે છે જ્યાં સુધી એને ફળ નથી આવ્યાં. ને જ્યારે ફળ આવે ને પાકે ત્યારે તે ડાંગરનો થૂમડો સુકાઈ જાય છે. તેમ જ્યાં સુધી જોબનઅવસ્થા નથી આવી ત્યાં સુધી શરીર સુંદર કોમળ રહે છે ને જ્યારે જોબનઅવસ્થા આવે ત્યારે શરીર ક્રૂર(કઠોર) થઈ જાય છે. અને વળી પરિપક્વ થઈને ક્ષીણ થઈ જાય છે, ઘરડો થઈ જાય છે ને જીર્ણ થઈ જાય છે.

૮૦. યુવાવસ્થા મર્યાદાને તોડી નાંખે છે.

હે પરમહંસો ! એવી દુઃખનું મૂળ જે જોબનઅવસ્થા તેને વિષે પ્રીતિ ન રાખવી. **પ્રીતિ તો એક નારાયણના ચરણારવિંદને વિષે રાખવી.** જોકે સમુદ્ર ઘણાક જળે કરીને પરિપૂર્ણ છે અને લહેરોને વિસ્તારતો થકો ઊંચો ઊછળે છે, તોપણ મર્યાદાને નથી લોપતો ને ઈશ્વરની આજ્ઞાએ કરીને મર્યાદાને વિષે રહે છે, પણ જોબનઅવસ્થા તો શાસ્ત્રની મર્યાદાને નથી માનતી અને લોકની મર્યાદાને નથી માનતી અને મુમુક્ષુના વિચારને પણ નથી રહેવા દેતી. વળી ધર્મ-અધર્મનો વિચાર પણ નથી રહેવા દેતી. અને જેમ અંધકારને વિષે પદાર્થનું જ્ઞાન નથી થાતું, તેમ જોબનઅવસ્થાને વિષે શુભ-અશુભ કર્મનું જ્ઞાન નથી રહેતું. અને જેને શુભ વિચાર પણ ન રહ્યો તેને શાંતિ ક્યાંથી થાય ? ન થાય.

૮૧. જોબનઅવસ્થામાં સ્ત્રીના સંકલ્પ જીવને બાળે છે.

અને સદાકાળ જોબનઅવસ્થાને વિષે આધિ, વ્યાધિને તાપે કરીને પુરુષ બળતો રહે છે. જેમ જળ વિના મચ્છને શાંતિ નથી થાતી, તેમ આત્મા-પરમાત્માના વિચાર વિના પુરુષ બળતો રહે છે. અને વળી જોબનઅવસ્થારૂપી રાત્રી આવે છે ત્યારે સંતના સમાજથી જો મુમુક્ષુ જુદો પડે છે તો તેને કામરૂપી પિશાચ આવીને વળગે છે. ત્યારે એને એવા સંકલ્પ ઊપજે છે જે, કોઈ કામી પુરુષ આવે ત્યારે તે સાથે એવો વિચાર કરતો રહે છે જે, “હે મિત્ર ! ઓલી સ્ત્રી કેવી સુંદર હતી ! ને કેવાં તેનાં નયનકટાક્ષ હતાં ! અને કઈ રીતે તે સ્ત્રીની મને પ્રાપ્તિ થાય !” એવી રીતે જે સ્ત્રીની ઈચ્છા, તે ભેળો તે પુરુષ સદાકાળ બળતો રહે છે. અને જેમ ઝાંઝવાની નદીને દેખીને મૃગલાં દોડે છે ને જળની અપ્રાપ્તિએ કરીને બળે છે, તેમ સંતસમાજથી જુદો પડ્યો એવો જે પુરુષ તે સ્ત્રીના વિષયની વાસનાએ કરીને બળતો રહે છે, શાંતિ નથી પામતો.

૮૨. સંતસમાજથી જુદા પડનારની દુર્દશા

હે નિષ્કલંક પરમહંસો ! મનુષ્યનું શરીર તો ઉત્તમ છે, પણ જેનાં ભાગ્ય ફૂટ્યાં હોય તેને જ સંતસમાજનો વિયોગ થાય છે, ત્યારે તેને આત્મપદની પ્રાપ્તિ નથી થાતી. અને જેમ ચિંતામણિ તો હાથમાં આવી પણ અભાગિયો એવો જે પુરુષ તે નિરાદર કરે છે અને તે ચિંતામણિને જાણ્યા વિના નાંખી દે છે; તેમ **જે પુરુષ મનુષ્ય-શરીરને પામીને આત્મપદને નથી પામતો ને સંતસમાજથી જુદો પડે છે તે મોટો અભાગિયો છે.**

અને મૂર્ખતાએ કરીને મનુષ્યદેહની આવરદાને વૃથા ખોવે છે. કાં જે, બાળક અવસ્થાને વિષે મહાજડ મૂર્ખ હોય છે, ને જોબનઅવસ્થાને વિષે સંતસમાજથી જુદો પડીને પરમ દુઃખના ક્ષેત્રરૂપ એવાં જે કર્મ, તેને પોતા સારુ વાવે છે. અને આટલા વિકાર એ યૌવનઅવસ્થાને વિષે એ જીવને પ્રાપ્ત થાય છે. તે માન, મોહ, મદ, ઈર્ષ્યા, સ્ત્રી સંગની ઇચ્છા ને ક્રોધ ઇત્યાદિક વિકાર પ્રાપ્ત થાય છે. પછી એ સર્વે વિકાર તે પુરુષાર્થ જે આત્મલાભ(આત્મનિષ્ઠા), તેનો નાશ કરે છે.

અને જે સંતસમાજથી જુદો પડ્યો એવો જે મુમુક્ષુ તેને યૌવન અવસ્થા મોટા વિકારોને પમાડે છે. જેમ નદી વાયુએ કરીને અનેક લહેરોને કરે છે તેમ જોબનઅવસ્થા જ્યારે આવે છે, ત્યારે ચિત્ત અનેક વિષયની કામનાઓને ઉપજાવે છે.

અને જેમ પક્ષી પાંખને બળે કરીને અતિશે દોડે છે, તેમ શિશ્ન ને ઉદરપરાયણ જે પુરુષ તેની કથાને સાંભળવે કરીને મુમુક્ષુનું ચિત્ત સ્ત્રીની ઇચ્છાને વિષે અધિક દોડે છે. અને જેમ સિંહ પોતાના બાહુબળે કરીને પશુને મારવા નિમિત્ત દોડે છે, તેમ ચિત્ત યૌવનઅવસ્થાને બળે કરીને વિષયની કોરે દોડે છે.

૮૩. સંતસમાજ વિના નિર્દોષ રહેવું કઠણ છે.

હે પરમહંસો ! સમુદ્રનું તરવું તો કઠણ છે, કાં જે જળ પણ અથાહ છે ને વિસ્તાર પણ મોટો છે અને ઘણાંક જોજન લગી લાંબો ચાલ્યો ગયો છે. તે સમુદ્રને વિષે મચ્છ, કાચબા મોટા દેહધારી રહે છે એવો જે દુસ્તર સમુદ્ર તેનું તરવું કઠણ છે, તોય પણ કોઈક સિદ્ધિની પ્રાપ્તિએ કરીને સુગમ જેવું જણાય છે; પણ **સંતસમાજથી જુદો પડ્યો એવો જે મુમુક્ષુ તેને જોબનઅવસ્થાનું જે નિર્વિઘ્નપણે પાર પામવું તે સમુદ્રથી પણ કઠણ જણાય છે. કાં જે, સંતસમાજ વિના યૌવનઅવસ્થાને વિષે નિર્દોષપણે રહેવું મહા કઠણ છે.**

પ્રથમ કહ્યાં એવાં જે સંકટ તેણે યુક્ત એવી જે **યૌવનઅવસ્થા, તેને વિષે જે સંતસમાજને વિષે રહ્યા થકા ચળાયમાન નથી થાતા તે પુરુષને ધન્ય છે.** અને તે પુરુષ બ્રહ્માંડને વિષે નમસ્કાર કરવા યોગ્ય છે. એ જે જોબનઅવસ્થા તે સંતસમાજથી જુદો પડ્યો તેને મલિન કરી નાંખે છે. જેમ કોઈક વાવ હોય તેને ઢૂંકડો રાખનો ઢગલો હોય, તે રાખનો ઢગલો વાયુએ કરીને વાવને મલિન કરી નાંખે છે, તેમ વાયુરૂપ જે જોબનઅવસ્થા તે કામ, ક્રોધ ને લોભ એ દોષરૂપ જે રાખ તેને ઉડાડવે કરીને ચિત્તરૂપી વાવને મલિન કરી નાંખે છે.

૮૪. યુવાવસ્થા ઇચ્છવા યોગ્ય નથી.

હે નિષ્પાપ પરમહંસો ! અવગુણે કરીને પૂર્ણ એવી જે જોબનઅવસ્થા તેની ઈચ્છા રાખવી નહીં, ને તેમાં પ્રીતિ પણ રાખવી નહીં. પ્રીતિ તો **એક પુરુષોત્તમનારાયણને વિષે રાખવી.** અને જોબનઅવસ્થાને એમ કહેવું જે, 'હે જોબનઅવસ્થા ! તારે તો મારે માથે એવી કૃપા કરવી જે તારું દર્શન મને દેવું નહીં. કાં જે, તારું આવવું મેં પરમદુઃખનું કારણ જાણ્યું છે. જેમ પુત્રના મરણનું જે કષ્ટ તેને પિતા દેખી શકતો નથી

અને સુખનિમિત્ત નથી થાતું; તેમ હે જોબનઅવસ્થા ! તારું આવવું હું સુખનું નિમિત્ત નથી દેખતો. તે માટે મારી ઉપર એવી દયા કરવી કે તારું દર્શન મને દેવું જ નહીં.'

૮૫. સંતસમાજમાં રહેવાના ફાયદા

હે પરમહંસો ! એ જે જોબનઅવસ્થા તરવી તે મહા કઠણ છે. **અને જે કોઈ જોબનવાન હોય અને નમ્રતાએ જુક્ત હોય, વળી સંતના ગુણ જે વૈરાગ્ય, વિચાર, સંતોષ, શાંતિ તેણે કરીને સંપન્ન હોય, તે સંતસમાજ વિના બીજે ઠેકાણે દુર્લભ છે. માટે સંતસમાજ થકી જુદું પડવું નહીં.**

હે પરમહંસો ! જેમ આકાશને વિષે ફૂલવાડીનું થાવું આશ્ચર્યરૂપ છે, તેમ જોબનઅવસ્થાને વિષે સંતસમાજ વિના મનને વિચારે કરીને વૈરાગ્ય, વિવેક, શાંતિ, સંતોષ એનું ઊપજવું આશ્ચર્યરૂપ છે. અને સંતસમાજથી જુદો પડ્યો તેને વિષે એકે ગુણ રહેતો નથી. તે માટે જોબનઅવસ્થાને વિષે નિર્વિઘ્ન રહેવાનું કારણ તો સંતસમાજ છે. વળી **આત્મા-પરમાત્માના પદની પ્રાપ્તિનું કારણ પણ સંતસમાજ છે.**

૮૬. વૃદ્ધાવસ્થાનાં દુઃખો અને દોષો

હે પરમહંસો ! જ્યારે વૃદ્ધ અવસ્થા આવે છે ત્યારે જોબનઅવસ્થાને ગળી જાય છે. વળી શરીર અતિ જર્જરીભૂત થઈ જાય છે. વળી બુદ્ધિ પણ ક્ષીણ થઈ જાય છે. અને વળી એમ કરતો મરણને પામે છે.

હે પરમહંસો ! **જે મુમુક્ષુ સંતસમાજ થકી જુદો પડે છે તેનું વૃદ્ધ અવસ્થાએ કરીને જીવિત વ્યર્થ થઈ જાય છે, કાંઈ અર્થ સિદ્ધ થાતો નથી.** વળી જેમ નદીના કાંઠા ઉપર વૃક્ષ હોય, તે વૃક્ષ નદીને પ્રવાહે કરીને અતિશે જીર્ણ થઈ જાય છે; તેમ વૃદ્ધ અવસ્થાને વિષે શરીર જર્જરીભૂત થઈ જાય છે. વળી પવને કરીને જેમ પત્ર જર્જરીભૂત થઈ જાય છે, વળી

પવને કરીને જેમ મેઘ જીર્ણભાવને પામે છે તેમ જરા અવસ્થાને વિષે શરીર અતિશે જર્જરીભૂત થઇ જાય છે.

અને વૃદ્ધ અવસ્થાને વિષે જેટલા કાંઈ રોગ છે તે સર્વે આવીને પ્રાપ્ત થાય છે. વળી શરીર કૃશ થઈ જાય છે. અને સ્ત્રી-પુત્રાદિક જે સર્વે સંબંધી તે એનો ત્યાગ કરે છે. જેમ પાકા ફળનો વૃક્ષ ત્યાગ કરી દે છે તેમ વૃદ્ધ અવસ્થાને વિષે સર્વ સંબંધી એનો ત્યાગ કરે છે. ઘરડાને જોઈ જોઈને સ્ત્રીઓ હસે છે, દીકરા હસે છે. જેમ કોઈ ઉન્મત્ત-ઘેલાને દેખીને હાંસી કરે છે, તેમ વૃદ્ધ અવસ્થાવાળાની હાંસી કરે છે. વળી એમ કહે છે જે, 'એની બુદ્ધિ હવે કાંઈ રહી નથી.'

૮૭. વૃદ્ધાવસ્થાની વિચિત્રતા

વળી હે પરમહંસો ! વૃદ્ધા અવસ્થા કેવી છે ? તો જેમ કમળ પર હિમના કાંકરા પડે છે અને કમળ જર્જરીભાવને પામે છે, તેમ જરા અવસ્થાને વિષે પુરુષ જીર્ણ થઈ જાય છે, ને શરીર લાંબુ થઈ જાય છે, કેશ લાંબા થઈ જાય છે. વળી શક્તિ કાંઈ રહેતી નથી.

જેમ ઘણાક કાળનું વૃદ્ધ વૃક્ષ હોય તે વૃક્ષના મધ્યને વિષે ઘુણ(ઘણ) ખાઈ જાય છે, તે વૃક્ષને વિષે શક્તિ કાંઈ રહેતી નથી; તેમ જરા અવસ્થાને વિષે શક્તિ કાંઈ રહેતી નથી. બીજી સર્વે શક્તિઓ ક્ષીણ થઈ જાય છે, પણ એક શક્તિ આવીને રહે છે. જેમ મોટા ઊંચા વૃક્ષને વિષે એક ઘૂડ આવીને બેસે છે, તેમ એ વૃદ્ધ અવસ્થાને વિષે એક ક્રોધશક્તિ આવીને સ્થિર રહે છે. બીજી શક્તિઓ સર્વે ક્ષીણ થઈ જાય છે.

એટલા માટે હે પરમહંસો ! જે સંતસમાજથી જુદો પડે છે તેને જરા(ગઢપણ) અવસ્થા કેવળ દુઃખના ગ્રહરૂપ(વળગાડરૂપ) છે. અને જ્યારે જરા અવસ્થા થાય છે ત્યારે સર્વે દુઃખ એકઠાં આવીને રહે છે. તેણે કરીને પુરુષ મહાદીન થઈ જાય છે. અને જોબનઅવસ્થાને વિષે

જે **કામનાનું બળ હતું તે વૃદ્ધ અવસ્થામાં દેહે કરીને ક્ષીણ થાય છે ને મને કરીને વૃદ્ધિને પામે છે.** જેમ સુંદર વૃક્ષને દેખી હાથી ખાઈ જાય છે, તેમ જરા અવસ્થાને દેખીને શરીરને કાળ ખાઈ જાય છે. તે સારુ જરા અવસ્થા મહા ભૂંડી છે.

૮૮. શરીરમાં નહિ શ્રીહરિમાં સ્નેહ રાખવો.

હે પરમહંસો ! એને વિષે તમારે પ્રીતિ ન રાખવી, પ્રીતિ તો ભગવાનને વિષે રાખવી. અને જે શરીરની એ વૃદ્ધ અવસ્થા છે તે શરીર પણ મહા અમંગળરૂપ છે, અતિ અભાગ્યરૂપ છે ને સદા વિકારવાન છે. માંસ-મજ્જાએ કરીને પૂર્ણ છે, અપવિત્ર છે. એ શરીર વ્યર્થ છે, કેનેય કામ આવતું નથી. તે સારુ **વિકારવાન શરીરને વિષે પ્રીતિ ન રાખવી.**

૮૯. દેહ દુઃખની ખાણ છે.

હે પરમહંસો ! એ શરીર જડ છે, ચૈતન્ય નથી. જેમ અગ્નિને સંગે કરીને લોઢું ચૈતન્ય થાય છે, તેમ એ જીવના સંયોગે કરીને દેહ ચૈતન્ય સરખો ભાસે છે. શા સારુ જે, એ ચૈતન્ય જીવ તે એ દેહને વિષે વ્યાપ્યો છે. તે શરીર તો અપવિત્રરૂપ છે ને વિકારવાન છે, હાડકાં, માંસ, વિષ્ટા, મૂત્રે કરીને પૂર્ણ છે; એવો જે દેહ તે દુઃખનું સ્થાનક છે. ઈષ્ટને પામીને તે હર્ષવાન થાય છે અને અનિષ્ટને પામીને શોકવાન થાય છે, એવું જે શરીર તેની ઈચ્છા ન રાખવી. એ તો અજ્ઞાને કરીને ઊપજ્યું છે અને નાશવંત છે.

૯૦. અહંકાર યુક્ત વાણી વ્યર્થ છે.

અને હે પરમહંસો ! એવો અમંગળરૂપ જે દેહ તેને વિષે જે અહંકાર સ્ફૂરે છે, તે દુઃખનું કારણ છે. અને એ અહંકાર શરીરને વિષે રહીને નાના પ્રકારના શબ્દને કરે છે. જેમ કોઠલાને વિષે બિલાડો બેઠો થકો નાના પ્રકારના શબ્દને કરે છે, મૌન ક્યારેય નથી થાતો; તેમ

અહંકારરૂપી બિલાડો દેહને વિષે રહ્યો થકો 'હું હું' કરતો રહે છે, મૌન ક્યારેય નથી થાતો.

હે પરમહંસો ! શબ્દ તો તે જ સુંદર છે, જે જયને અર્થે હોય, નહિ તો વ્યર્થ છે. જેમ જયને અર્થે ઢોલનો શબ્દ સુંદર થાય છે, નહિ તો રૂડો નથી થતો, **તેમ જે અહંકારે રહિત બોલવું તે જ રૂડું છે અને દેહના અહંકારે સહિત બોલવું તે વ્યર્થ છે.**

૯૧. શરીરરૂપી નાવથી સંસારસાગર તરવો.

અને આ શરીરરૂપી નાવ ભોગરૂપી રેતીને વિષે ખૂંત્યું છે તેને પાર થવું કઠણ છે. તેને જ્યારે વૈરાગ્યરૂપી જળનો મોટો પ્રવાહ હોય ને અભ્યાસરૂપી હલેસાનું બળ પણ હોય ત્યારે આ પુરુષ સંસાર થકી પારને પામે છે. વળી શરીરરૂપી હોડી છે, તે સંસારરૂપી સમુદ્રને વિષે પડી છે. તેમાં તૃષ્ણારૂપી જળનો મોટો પ્રવાહ છે. અને તેમાં ભોગરૂપી મચ્છ છે, તે શરીરરૂપી હોડીને પાર નથી થવા દેતો. અને જ્યારે શરીરરૂપી હોડીને વૈરાગ્યરૂપી સુકાન લાગે અને અભ્યાસરૂપી હલેસાનું બળ લાગે ત્યારે શરીરરૂપી હોડી પાર પામે છે.

હે પરમહંસો ! જે પુરુષે એવી શરીરરૂપી હોડીને પામીને પોતાના આત્માને સંસાર થકી પાર કર્યો છે તે સુખી છે, અને જેણે પાર નથી કર્યો તે પરમ દુઃખને પામશે; અને એ શરીરે કરીને મૂળગો બૂડશે. જેમ હોડીને વિષે છિદ્ર હોય તેણે કરીને જ્યારે જળ પ્રવેશ કરે છે ત્યારે ડૂબી જાય છે અને જળને વિષે મચ્છ રહે છે તે એને ખાઈ જાય છે; તેમ શરીરરૂપી હોડી છે, તેમાં તૃષ્ણારૂપી છિદ્ર છે, તેણે કરીને સંસાર સમુદ્રને વિષે એ પુરુષ બૂડી જાય છે અને ભોગરૂપી મચ્છ એને ખાઈ જાય છે. અને આશ્ચર્ય દેખાય છે જે, આ પુરુષને શરીરરૂપી હોડી નોખી નથી ભાસતી અને પોતાને હોડીરૂપ ભાસે માને છે, તે મૂર્ખતા છે. અને તૃષ્ણારૂપી છિદ્રે કરીને દુઃખ પામે છે.

૯૨. શરીરરૂપ વૃક્ષમાં પ્રીતિ ન રાખવી.

હે પરમહંસો ! શરીરરૂપી વૃક્ષ છે ને ભુજારૂપી એની ડાળીઓ છે ને આંગળીઓ એનાં પાંદડાં છે અને સાથળ એનું થડ છે અને માંસરૂપી એની છાલ છે અને વાસનારૂપી એનાં મૂળ છે અને સુખદુઃખરૂપી એનાં ફળ છે ને તૃષ્ણારૂપી એને વિષે ઘુણ(લાકડું ખાનારો કીડો) છે તે વૃક્ષને ખાતો રહે છે. અને જ્યારે એને ધોળા મુવાળારૂપી ફળ આવે છે ત્યારે એને મોત ઢૂંકડું આવે છે.

વળી શરીરરૂપી વૃક્ષ કેવું છે ? તો કર્મરૂપી જળે કરીને વધે છે અને એ વૃક્ષને વિષે ઝેરે કરીને પૂર્ણ એવી તૃષ્ણારૂપી સર્પણી રહે છે અને જે કામરૂપી વટેમાર્ગુ છે તે એ દેહરૂપી વૃક્ષનો જ્યારે આશરો લે છે, કે'તાં એની છાયામાં બેસે ત્યારે તૃષ્ણારૂપી સર્પણી એને કરડે છે. તે સર્પણીના ઝેરે કરીને તે મરી જાય છે; કેતાં આત્મજ્ઞાને રહિત થાય છે.

તે સારુ હે પરમહંસો ! એવું **અમંગળરૂપ જે શરીરરૂપી વૃક્ષ તેને વિષે પ્રીતિ ન રાખવી. પ્રીતિ તો એક શ્રીનારાયણને વિષે રાખવી.** અને એ શરીર તો પરમ દુઃખનું કારણ છે. એ સારુ એને વિષે પ્રીતિ ન રાખવી.

૯૩. મમત્વ મૂકે તો મુક્ત થાય.

અને જ્યાં સુધી એ પુરુષ પોતાના કુટુંબમાં બંધાણો છે ત્યાં સુધી મુક્ત નથી થાતો. જ્યારે કુટુંબનો ત્યાગ કરે છે ત્યારે મુક્ત થાય છે. તે કુટુંબ કયું ? તો દેહ, ઇન્દ્રિયો, દેવતા, અંતઃકરણ એ કુટુંબ છે. એને વિષે જે અહંભાવ છે તેનો જ્યારે ત્યાગ કરે છે ત્યારે મુક્ત થાય છે, નહિ તો નથી થાતો.

૯૪. દેહની અપવિત્રતાનું વર્ણન

હે પરમહંસો ! શ્રેષ્ઠ પુરુષ પવિત્ર સ્થાનકને વિષે રહે છે, અપવિત્ર સ્થાનકને વિષે નથી રહેતો. તે **અપવિત્ર સ્થાનક દેહ છે. ને તે દેહને**

વિષે જે રહેનારો છે તે પણ અપવિત્ર છે. અને આ દેહરૂપી ઘરને વિષે હાડકાંરૂપી ઈંટો લાગી છે અને રુધિર, પરુ, મૂત્ર, વિષ્ટારૂપ એને ગારો લાગ્યો છે, ને માંસરૂપી એને કળીચૂનો ચડાવ્યો છે, અને અહંકારરૂપી એને વિષે શ્વપચ-ચાંડાલ રહે છે, અને તૃષ્ણારૂપી ચાંડાળી એની સ્ત્રી છે.

અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એનો પરિવાર છે, અને આંતરડાં ને કીડે ભરેલી હોજરીએ કરીને પૂર્ણ ભર્યું એવું જે અપવિત્ર અમંગળરૂપ સ્થાનક(જે દેહ), તેનું ગ્રહણ ન થાય એમ વિચાર કરવો. અને પવિત્ર તો એક ભગવાનનાં ચરણારવિંદરૂપ સ્થાનક છે, તેનું ગ્રહણ કરવું. અને **'દેહ મરો અથવા જીવો, મારે એ સાથે પ્રયોજન નથી; મારે તો ભગવાન સાથે પ્રયોજન છે.'** એમ વિચાર કરવો.

૯૫. શરીરમાં થયેલ અહંભાવ ખુવાર કરે છે.

હે પરમહંસો ! જેમ એક મોટું ઘર છે, તેમાં શિંગડાવાળાં મોટાં પશુ રહે છે અને એક ઘૂડ રહે છે. તેને તે પશુ ઉડાડે છે અને તે ઘરમાં કોઈ જાય છે તો તેને તે પશુ મારે છે અને ઘૂડ આવીને માથે પડે છે; તેમ એ શરીર તો મોટું ઘર છે અને તેમાં ઇન્દ્રિયોરૂપ મોટાં શિંગડાંવાળાં પશુ છે અને તૃષ્ણારૂપી ઘૂડ છે. અને એ શરીરમાં પુરુષ જ્યારે અહંભાવને ધરે છે ત્યારે ઇન્દ્રિયોરૂપી પશુ એને વિષયરૂપ શિંગડાંએ કરીને મારે છે અને તૃષ્ણારૂપી ઘૂડ એની બુદ્ધિને મલિન કરે છે.

૯૬. શરીરરૂપી ઘરમાં તૃષ્ણા રહે છે.

હે પરમહંસો ! એવા દુઃખદાયી શરીરને વિષે પ્રીતિ ન રાખવી. અને જે પ્રીતિ રાખે છે તેને ક્લેશ થાય છે, સુખ નથી થાતું. કાં જે, એ શરીરરૂપી ઘરને વિષે તૃષ્ણારૂપી રિસાળ સ્ત્રી રહે છે અને ઇન્દ્રિયોરૂપી બારણે કરીને બાહેર વિષયની સદા કલ્પના કરે છે અને અંતરને વિષે જે આત્મા તેની કલ્પના નથી કરતી. તેણે કરીને એ (તૃષ્ણારૂપી) સ્ત્રી, શમ-દમાદિકરૂપ સંપદાને એ શરીરરૂપ ઘરને વિષે નથી પ્રવેશ કરવા દેતી.

હે પરમહંસો ! એ શરીરરૂપી ઘરને વિષે એક સુષુપ્તિરૂપ શય્યા પણ છે. તે ઉપર જ્યારે એ જીવ વિશ્રામ કરે છે, ત્યારે કાંઈક સુખ પામે છે; પણ તે તૃષ્ણારૂપી રિસાળ સ્ત્રીનો પરિવાર છે, તે એ જીવને સુવા નથી દેતો. અને તે સુષુપ્તિરૂપ શય્યા છે તેને વિષે જ્યારે એ જીવ વિશ્રામ કરે છે, ત્યારે તે રિસાળ સ્ત્રીના દીકરા જે કામ-ક્રોધ તે રુદન કરે છે અને જીવને વાસનાએ કરીને ઊઠાડી દે છે.

હે પરમહંસો ! એવા દુઃખનું મૂળ શરીરરૂપ ગૃહ છે, તેને વિષે પ્રીતિ ન રાખવી. એ તો મહાદુઃખનું દેનારું છે. હે પરમહંસો ! એક શરીરરૂપી વૃક્ષ છે, તેને વિષે એ તૃષ્ણારૂપ કાગડો આવીને બેઠો છે. અને જેમ કાગડો વિષ્ટા તથા હાડકાંની કોરે(તરફ) દોડે છે, તેમ તૃષ્ણારૂપી કાગડો મલિન પદાર્થની કોરે દોડે છે.

૯૭. પ્રીતિ દેહમાં નહીં, આત્મા-પરમાત્મામાં રાખવી.

અને વળી તૃષ્ણા કેવી છે ? તો વાંદરીની પેઠે શરીરરૂપ જે વૃક્ષ તેને સ્થિર નથી થાવા દેતી, હલાવ્યા કરે છે. અને જેમ મદોન્મત્ત હાથી ગારાને વિષે ખૂંતે છે અને નીસરી નથી શકતો ને દુઃખને પામે છે; તેમ અજ્ઞાનરૂપી મદે કરીને ઉન્મત્ત થયો એવો જે જીવ તે શરીરરૂપી ગારાને વિષે ખૂંત્યો છે, તે નીસરી નથી શકતો, દુઃખ પામ્યા કરે છે. એવા **દુઃખનું દેનારું જે શરીર તેને વિષે પ્રીતિ ન રાખવી. પ્રીતિ તો એક નારાયણને વિષે રાખવી કે પોતાના આત્માને વિષે પ્રીતિ રાખવી.**

૯૮. દેહની દુષ્ટતા

હે પરમહંસો ! એ શરીરરૂપી ઘર હાડકાં, માંસ, રુધિરે કરીને પૂર્ણ છે, અપવિત્ર છે. અને જેમ હાથીના કાન સર્વ કાળે હાલતા રહે છે, તેમ એ શરીરને મૃત્યુ હલાવતું રહે છે. તે કાંઈક કાળ વિલંબ છે (અર્થાત્ કાંઈ વાર નથી) ને પછી એને મૃત્યુ ખાઈ જાય છે. અને એ

શરીર કૃતઘ્ની છે. જે એને સદા પુષ્ટ કરે છે અને ભોગ ભોગવાવે છે ને મોટા ઐશ્વર્યને પમાડે છે, તેને પણ એ શરીર કાંઈ સુખદાયી નથી થાતું.

અને જ્યારે એ જીવ મરે છે ત્યારે એકલો જાય છે. એ શરીર ને એ શરીરનાં સંબંધી તે કોઈ ભેળાં નથી આવતાં. જેના સુખ સારુ અનેક પાપ-ઉપાય કરતો હતો, તે શરીર કુટુંબીએ સહિત અહીંયાં પડ્યું રહે છે ને પોતે એકલો જમપુરીમાં જાય છે. તે સારુ એવું કૃતઘ્ની જે શરીર તેને વિષે પ્રીતિ ન રાખવી. એ તો પરમ દુઃખનું દેનારું છે.

હે પરમહંસો ! બીજું આશ્ચર્ય તો દેખો ! જેમ વાયુનો ક્ષોભ થાય છે ત્યારે તે વાયુ વેગે સહિત ચાલે છે, તેણે કરીને ધૂળ ઊડે છે ને માર્ગ નથી સૂઝતો; તેમ એ જીવ જ્યારે શરીરના અભિમાને સહિત ચાલે છે ત્યારે ક્ષોભ થાય છે, અને વાસનારૂપી ધૂળે કરીને એની આંખો ભરાઈ જાય છે; તેણે કરીને એને આત્માનો માર્ગ સૂઝતો નથી, ત્યારે એ મોટા કષ્ટને પામે છે.

૯૯. શરીરની ક્ષણભંગુરતા

હે પરમહંસો ! એ શરીર તો ક્ષણભંગુર છે. જેમ જળનું ટીપું પાંદડા ઉપર મોતી સરખું ભાસે છે ને ક્ષણમાત્ર રહે છે, તેમ શરીર સુંદર સરખું ભાસે છે પણ ક્ષણભંગુર છે. એવા શરીરને વિષે જે આસ્થા કરે છે તે મૂર્ખ છે. **એવા શરીરનો જે ઉપકાર કરવો તે પણ દુઃખને અર્થે છે, કાંઈ સુખ નથી.** જે ધનવાળા છે તે ઘણા ભોગ ભોગવે છે અને જે નિર્ધન છે તે થોડા ભોગ ભોગવે છે, પણ જરા અવસ્થા તો એ બેયને આવે છે અને મૃત્યુ પણ એ બેયને આવે છે; એને વિષે કાંઈ વિશેષ નથી. તે સારુ શરીરને ભોગ ભોગવાવવાનો ઉપકાર કરવો તે ઊલટું દુઃખનું કારણ છે.

અને જેમ કોઈ તૃષ્ણાએ કરીને સર્પણીને ઘરને વિષે રાખે છે અને તેના ઉપર ઉપકાર કરે છે ને તેને દૂધ પાય છે, તોપણ તે સર્પણી અંતે

તેને મારશે; તેમ જે પુરુષ શરીરરૂપી સર્પણી સાથે ભાઈબંધાઈ કરે છે તેને એ જરૂર મારશે.

હે પરમહંસો ! એ શરીર તો નાશવંત છે, એને જે ભોગ ભોગવાવ્યાનું યત્ન કરે છે તે પણ મૂર્ખ છે. જેમ પવનનો વેગ આવે છે ને જાય છે, તેમ શરીર નાશવંત છે, આગમાપાયી(આવે ને જાય એવું; ક્ષણિક) છે. જે એને વિષે પ્રીતિ છે તે દુઃખનું કારણ છે. અને સર્વે જીવ એ શરીરની આસ્થાને વિષે બંધાણા છે. કોઈક વીરલા છે, તેણે એની આસ્થા ત્યાગી છે, તે સંત છે.

૧૦૦. સત્સંગ કરી અહં-મમતાનો ત્યાગ કરવો.

હે પરમહંસો ! દીવાનો અને વિજળીનો પ્રકાશ તે પણ આવતો જાતો ભાસે છે, પણ એ શરીરનો આદિ-અંત નથી ભાસતો, જે એ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે ? જેમ સમુદ્રને વિષે બુદબુદાં ઊપજે છે ને મટી જાય છે, તેની આસ્થા કરવી તે કાંઈ સત્ય નથી; તેમ એ શરીરની આસ્થા કરવી યોગ્ય નથી. એ તો અત્યંત નાશવંત છે, સ્થિર ક્યારેય નથી થાતું. જેમ વીજળી સ્થિર નથી થાતી, તેમ શરીર સ્થિર નથી થાતું. એને વિષે આસ્થા ન રાખવી. એના અભિમાનનો ત્યાગ કરવો. અને જેમ ચોમાસાને વિષે જવાસો પાંદડાંનો ત્યાગ કરે છે, તેમ **સત્સંગરૂપ મેઘની પ્રાપ્તિએ કરીને એ શરીરને વિષે અહં-મમતાનો ત્યાગ કરવો.**

૧૦૧. દેહ દ્વારા આત્માનો અર્થ સિદ્ધ કરવો.

હે પરમહંસો ! એવા શરીરને પુષ્ટ કરવું તે દુઃખને અર્થે છે. એમાં કાંઈ અર્થ સિદ્ધ નથી થાતો. એ શરીરને તો તપે કરીને બાળીને પોતાના આત્માનો અર્થ સિદ્ધ કરવો. જેમ ઈંધણાં બીજે ક્યાંય કામ નથી આવતાં, તેને બાળીને ડાહ્યા પુરુષ પોતાનું કામ કરી લે છે; તેમ જડ અને મૂઢ એવું જે પોતાનું શરીર તેમાં રહ્યા થકા સંત પોતાના આત્માને ખોળીને અર્થ સિદ્ધ કરે છે.

હે પરમહંસો ! જે પુરુષ શરીરરૂપ કાષ્ટને જ્ઞાનરૂપ અગ્નિએ કરીને બાળે છે, તેને તો પરમ અર્થ સિદ્ધ થાય છે. અને જે એને નથી બાળતો તેને પરમ દુઃખને અર્થે થાય છે.

૧૦૨. સદ્‌વિચારે કરી દેહાભિમાન ટાળવું.

હે પરમહંસો ! એમ સમજવું જે, આ શરીર હું નહીં, શરીર મારું નહિ ને હું શરીરનો નહીં. અને હવે મને એ શરીરની ઈચ્છા-કામના કાંઈ નથી. હું તો નિર્વાસનિક પુરુષ છું. આ શરીર સંગાથે મારે પ્રયોજન નથી. મારે તો પરમાનંદરૂપ જે પરમેશ્વર છે, તેનાં ચરણારવિંદને પામ્યાની ઈચ્છા છે. એમ વિચાર કરવો.

૧૦૩. દેહાભિમાનીને ધિક્કાર છે.

હે પરમહંસો ! જેમણે આ શરીરના અભિમાનનો ત્યાગ કર્યો છે, તે આત્માના સુખે કરીને સુખિયા છે. જેને દેહનું અભિમાન છે તે મહાદુઃખિયા છે. અને જેટલાં કાંઈ મુમુક્ષુને દુઃખ થાય છે તે દેહના અભિમાનના સંયોગે કરીને થાય છે, જેટલાં સુખ થાય છે તે દેહના અભિમાનને ત્યાગે કરીને થાય છે. માન-અપમાન, જરા-મૃત્યુ, દ્વંદ્વ, ભ્રાંતિ, શોક, મોહ આદિક જે સર્વ વિકાર છે, તે પણ દેહના અભિમાને કરીને જ થાય છે. **તે સારુ જેને દેહને વિષે અભિમાન છે તેને ધિક્કાર છે, વારંવાર ધિક્કાર છે. અને સર્વે આપદા પણ એ દેહાભિમાનીને પ્રાપ્ત થાય છે.** જેમ સમુદ્રને વિષે નદીયો આવીને પ્રવેશ કરે છે, તેમ દેહાભિમાનીને વિષે સર્વે આપદા આવીને પ્રવેશ કરે છે.

૧૦૪. આત્મજ્ઞાની નમસ્કાર કરવા યોગ્ય છે.

જેને એ દેહાભિમાન નહિ તે મુમુક્ષુમાં શ્રેષ્ઠ છે અને નમસ્કાર કરવા યોગ્ય છે. અને સર્વે સંપત્તિની પણ તેને પ્રાપ્તિ થાય છે. જેમ માનસરોવરને વિષે સર્વે હંસ આવીને રહે છે, તેમ જ્યાં દેહાભિમાન નહિ ત્યાં સર્વે વૈરાગ્ય-વિવેકાદિ જે મોક્ષની સંપત્તિઓ તે આવીને રહે છે.

હે પરમહંસો ! જેમ બાળક પોતાની છાયાને વિષે પિશાચની કલ્પના કરે છે, તેણે કરીને બાળક દુઃખ પામે છે. જ્યારે તેને વિચારની પ્રાપ્તિ થાય છે ત્યારે પિશાચની કલ્પનાનો અભાવ થઈ જાય છે અને ભયની પણ નિવૃત્તિ થાય છે ને સુખિયો થાય છે; તેમ અજ્ઞાને કરીને અહંકારરૂપી પિશાચે આ મુમુક્ષુને શરીરને વિષે દઢ આસ્થા બંધાવી દીધી છે. **તે દેહાભિમાન જ્યારે છૂટે છે ત્યારે મુમુક્ષુ સુખિયો થાય છે. તે સારુ તે જ ઉપાય કરવો કે જેણે કરીને અહંકારરૂપી પિશાચનો નાશ થાય, શરીરની આસ્થારૂપી ફાંસી તૂટી જાય અને ભગવાનને વિષે પ્રીતિ થાય.**

૧૦૫. અહંકારને કારણે શરીરમાં આસ્થા થાય છે.

હે પરમહંસો ! પ્રથમ તો મુમુક્ષુને આત્મજ્ઞાનનો જે વિયોગ અને અજ્ઞાનનો જે સંયોગ થાય છે, તે અહંકારે કરીને થાય છે. તે અહંકારે કરીને અંતરને વિષે શરીરની આસ્થા ઊપજે છે. જેમ પ્રથમ તો બીજ છે અને પછી અંકુર થાય છે, તે અંકુરથી વૃક્ષ થાય છે; તેમ અહંકાર થકી શરીરની આસ્થા થાય છે.

૧૦૬. શુદ્ધ વિચારથી અહંકાર ટળે છે.

હે પરમહંસો ! એ અહંકારરૂપી પિશાચે સર્વે જીવોને દીન કરી નાંખ્યા છે. જેમ બાળકને પડછાયાને વિષે ભૂત ભાસે છે ને બાળક દીન થઈ જાય છે; તેમ અહંકારરૂપી પિશાચે મુમુક્ષુને દીન કરી નાંખ્યો છે. અને એવો જે અહંકારરૂપી ભૂત તે વિચાર વિના સત્ય છે, ને વિચારીએ તો નાશ થઈ જાય છે. જેમ પ્રકાશે કરીને અંધકારનો નાશ થઈ જાય છે, **તેમ શુદ્ધ વિચારે કરીને અહંકારનો નાશ થઈ જાય છે.**

હે પરમહંસો ! જે શરીરને વિષે એ જીવ આસ્થા કરે છે, તે શરીર તો જળના પ્રવાહની પેઠે અસ્થિર છે. જેમ વીજળીનો ઝબકારો સ્થિર નહિ અને ગંધર્વ(આકાશમાં ભાસતું કાલ્પનિક) નગર સ્થિર નહિ અને શરદ કાળનો મેઘ સ્થિર નહીં, તેમ આ શરીર પણ સ્થિર નથી.

૧૦૭. દેહાભિમાન દુઃખ દેનારું છે.

હે પરમહંસો ! જે એવા શરીરને વિષે અહંકાર ધરે છે અને એને પોષણ કરવા સારુ પદાર્થનો યત્ન કરે છે તે મહામૂર્ખ છે. જેમ સ્વપ્નને વિષે સામગ્રીએ સહિત સુરત જેવું શહેર દીઠું ને તે જાગ્યા પછી મિથ્યા છે, તેમ આ શરીર મિથ્યા છે. અને એને સત્ય જાણીને જે એને અર્થે યત્ન કરે છે તે પોતાના બંધનને અર્થે થાય છે.

જેમ ભમરી દરને વિષે મૃત્તિકા ચડાવે છે તે પોતાના બંધનને અર્થે થાય છે, તેમ મુમુક્ષુ ખટરસે કરીને દેહને પુષ્ટ કરે છે તે પોતાના બંધનને અર્થે થાય છે. અને અનાત્મા જે દેહ તેને વિષે આત્મબુદ્ધિ થઈ જાય છે. જેમ પતંગિયો દીવાની ઇચ્છા કરે છે તે પોતાના નાશને અર્થે થાય છે, તેમ આ પુરુષ દેહને વિષે અભિમાન કરીને ભોગ ભોગવવાની ઇચ્છા કરે છે, તે પોતાના નાશને અર્થે થાય છે.

હે પરમહંસો ! તે સારુ આ શરીરનું અભિમાન ન રાખવું. **એ શરીરનું અભિમાન તો દુઃખનું દેનારું છે.** અને જેને એ દેહાભિમાન નથી તેને ભોગની ઇચ્છા પણ નથી. તે સારુ નિર્વાસનિક રહેવું અને ઇચ્છા તો **એક નારાયણનાં ચરણારવિંદની રાખવી**, જેણે કરીને આવા ભૂંડા મનુષ્યાદિક શરીરની પ્રાપ્તિ ફરીને ન થાય અને **આત્મપદની** પ્રાપ્તિ થાય.

૧૦૮. તૃષ્ણા તમામ ગુણનો નાશ કરે છે.

હે પરમહંસો ! આ શરીરને વિષે જે જીવરૂપ આકાશ છે તેને વિષે તૃષ્ણારૂપી રાત્રી આવી છે. તે રાત્રીને વિષે કામ, ક્રોધ, લોભ, માન, મોહાદિક ઘૂડ રહે છે. અને જ્યારે જ્ઞાનરૂપી સૂર્ય ઊગે છે ત્યારે તૃષ્ણારૂપી રાત્રીનો નાશ થાય છે અને મોહાદિક ઘૂડનો પણ નાશ થાય છે. અને જેમ સૂર્ય ઊગે છે ત્યારે જળના કિચડને સૂકવી નાખે છે, તેમ જ્યારે તૃષ્ણારૂપી ઉષ્ણતાનો હૃદયને વિષે ઉદય થાય છે ત્યારે સંતોષરૂપી રસને સૂકવી નાંખે છે.

વળી તૃષ્ણા કેવી છે ? તો જેમ ઉજ્જડ વનને વિષે પિશાચણી પોતાના કુટુંબે સહિત નૃત્ય કરે છે અને રાજી થાય છે; તેમ આત્મજ્ઞાને રહિત જે ચિત્ત તે ઉજ્જડ વન છે, તેને વિષે તૃષ્ણારૂપી પિશાચણી રહે છે, અને કામ-ક્રોધાદિક એનો પરિવાર છે, તેણે સહિત નૃત્ય કરે છે અને રાજી થાય છે.

હે પરમહંસો ! ચિત્તરૂપી પર્વત છે, તેને આશરે તૃષ્ણારૂપી નદીનો પ્રવાહ ચાલે છે અને નાના પ્રકારના સંકલ્પ-વિકલ્પરૂપી તરંગ પ્રસરે છે. અને જેમ મોર મેઘને દેખીને રાજી થાય છે; તેમ તૃષ્ણારૂપી મોર ભોગરૂપી મેઘને દેખીને રાજી થાય છે. તે સારુ એ તૃષ્ણા પરમ દુઃખનું મૂળ છે. અને જ્યારે એ મુમુક્ષુ સંતોષ આદિક ગુણનો આશરો કરે છે, ત્યારે તેની તૃષ્ણા નાશ થાય છે. જેમ સુંદર હીરની દોરીને ઉંદર કાપી નાંખે છે, તેમ આ **તૃષ્ણારૂપી ઉંદરડી ભગવાન સંબંધી રૂડા ગુણોને કાપી નાંખે છે.**

૧૦૯. તૃષ્ણાની જાળ તોડે તે ચિદાકાશમાં ઊડે.

હે પરમહંસો ! આ મુમુક્ષુ જે કાંઈ આત્મા સંબંધી યત્ન કરે છે, તેને પણ એ તૃષ્ણા નથી કરવા દેતી. જેમ જાળને વિષે બંધાણું થકું પંખી તે આકાશને વિષે ઊડવા યત્ન કરે છે, પણ ઊડવાને સમર્થ નથી થાતું; તેમ આ પુરુષ આત્મારૂપ આકાશને વિષે ઊડવાનું યત્ન કરે છે, પણ સ્ત્રી-પુત્ર-કુટુંબરૂપ જે તૃષ્ણાની જાળ, તેમાંથી નીસરી નથી શકતો.

અને તે કુટુંબની આશારૂપી ફાંસીએ કરીને બંધાણો થકો ક્યારેક ઊંચો જાય છે ને ક્યારેક હેઠો જાય છે; એમ ને એમ ઘટમાળની પેઠે સ્વર્ગ અને નર્કને વિષે ભમે છે. **અને જ્યારે એ મુમુક્ષુ ભગવાનની કૃપાએ કરીને જ્ઞાન-વૈરાગ્યરૂપ પાંખોને પામે છે, ત્યારે તૃષ્ણાની જાળને તોડીને ચિદાકાશને વિષે ઊડે છે.**

૧૧૦. મલિન અંતઃકરણમાં તૃષ્ણા ઊપજે છે.

હે પરમહંસો ! એ તૃષ્ણા તો ઈન્દ્રધનુષ્યની પેઠે છે. જેમ ઈન્દ્રધનુષ્ય મલિન મેઘને વિષે થાય છે અને મોટું થાય છે; અને ગુણ જે પણછ(ધનુષની દોરી) તેણે રહિત થાય છે, અને નાના પ્રકારના રંગે સહિત થાય છે, અને મધ્યને વિષે શૂન્ય(કાંઈ ન હોય એવું) થાય છે; તેમ તૃષ્ણા મલિન અંતઃકરણને વિષે ઊપજે છે ને મોટી થાય છે અને રૂડા ગુણરૂપી પણછ(દોરીથી) રહિત છે અને દેખ્યામાત્ર સુંદર છે, પણ એને વિષે કાંઈ અર્થની સિદ્ધિ નથી થાતી.

૧૧૧. વિવિધ રૂપકો દ્વારા તૃષ્ણાની ભયંકરતા

હે પરમહંસો ! તૃષ્ણારૂપી મેઘ છે તેમાંથી દુઃખરૂપી બુદબુદાં નીસરે છે. તૃષ્ણારૂપી કાળી સર્પણીનો સ્પર્શ તો કોમળ છે, પણ તેને કરડવે કરીને મરી જાય છે; તેમ તૃષ્ણારૂપી સર્પણીને સ્પર્શે કરીને મુમુક્ષુ આત્મજ્ઞાને રહિત થઈ જાય છે. વળી તૃષ્ણારૂપી વાદળું છે, તે આત્મારૂપ સૂર્યની આગળ આવીને આવરણ કરે છે. **જ્યારે જ્ઞાનરૂપી વાયુ પ્રગટે છે ત્યારે તૃષ્ણારૂપી વાદળાંનો નાશ થઈ જાય છે, ને પોતાના આત્માનો સાક્ષાત્કાર થાય છે.**

અને વળી શમ-દમાદિક ગુણરૂપ જે કમળ તેને નાશ કરનારી તૃષ્ણા કરા તુલ્ય છે. તૃષ્ણારૂપી મહા કાળી રાત્રી છે, તેણે કરીને મોટા ધીરજવાન પણ ભયભીત થાય છે. અને આંખવાળા પણ આંધળા થઈ જાય છે. કેતાં વિચારરૂપ આંખવાળાને પણ આંધળા(અજ્ઞાની) કરી નાંખે છે. જ્યારે એ તૃષ્ણા આવે છે ત્યારે વૈરાગ્ય અને અભ્યાસરૂપ નેત્રને આંધળા કરી નાંખે છે.

હે પરમહંસો ! તૃષ્ણારૂપી ડાકણ છે, તે સંતોષાદિક ગુણરૂપ જે કાળજું તેને કાઢીને ખાઈ જાય છે. અને તૃષ્ણારૂપી ગુફા છે તેને આશરે

મોહરૂપી મદોન્મત્ત હાથી ગર્જના કરે છે. અને તૃષ્ણારૂપી સમુદ્ર છે તેને વિષે દુઃખરૂપી નદીયો આવીને પ્રવેશ કરે છે.

તે સારુ હે પરમહંસો ! તે જ ઉપાય કરવો કે જેણે કરીને તૃષ્ણારૂપી દુઃખ થકી છુટાય. અને એવું દુઃખ અગ્નિએ કરીને નથી થાતું, ને તલવારની ધારે કરીને પણ એવું દુઃખ નથી થાતું, અને ઈન્દ્રના વજ્રે કરીને પણ એવું દુઃખ નથી થાતું; જેવું દુઃખ તૃષ્ણાએ કરીને થાય છે. અને તૃષ્ણાના પ્રહારે કરીને ઘાયલ થયો થકો મોટા દુઃખને પામે છે. અને તૃષ્ણારૂપી દીવો બળ્યા કરે છે, તેમાં જન્મ-મરણની પરંપરારૂપ કાજળ ઊપજતું રહે છે.

૧૧૨. તૃષ્ણાની કદી તૃપ્તિ થાતી નથી.

જેમ જળને વિષે માછલી રહે છે, તે જે કાંઈક જળમાં કાંકરા આદિક પડે છે તેને માંસ જ જાણીને ગ્રહણ કરવા દોડે છે, પણ તેમાંથી અર્થ કાંઈ સિદ્ધ નથી થાતો; **તેમ તૃષ્ણા પણ જે કાંઈ પદાર્થને દેખે છે તેની કોરે દોડે છે, પણ તૃપ્તિને નથી પામતી.**

અને જેમ કોઈક પંખિણી હોય તે ઊડ્યા જ કરે છે સ્થિર નથી થાતી; તેમ તૃષ્ણારૂપી પંખિણી તે ક્યારેક કોઈક પદાર્થને ગ્રહણ કરે છે પણ સ્થિર એકે વારે નથી થાતી. અને જેમ માંકડો ઝાડવે ઝાડવે ઠેકતો ફરે છે, પણ સ્થિર થઈને નથી બેસતો; તેમ તૃષ્ણા પદાર્થ પ્રત્યે દોડતી ફરે છે, પણ ભોગે કરીને તૃપ્ત નથી થાતી. જેમ ઘીની આહૂતિએ કરીને અગ્નિ તૃપ્ત નથી થાતો, તેમ તૃષ્ણા પદાર્થે કરીને શાંત નથી થાતી.

૧૧૩. તૃષ્ણા જીવને જ્યાં ત્યાં તાણી જાય છે.

હે પરમહંસો ! આ જીવ તૃષ્ણારૂપી મદોન્મત્ત ઘોડાની ઉપર ચડ્યો છે. તે તૃષ્ણારૂપી ઘોડો તે એ જીવને ક્યારેક નરકની કોરે તાણી જાય છે, ક્યારેક સ્વર્ગની કોરે તાણી જાય છે, ક્યારેક ધનની કોરે તાણી

જાય છે; એમ એ જીવને સર્વ ઠેકાણે લઈ ફરે છે. અને તૃષ્ણારૂપી નદી છે તેને વિષે વાસનારૂપી જળ છે, તેના અનેક તરંગો ઊઠતા રહે છે, ક્યારેય શમતા નથી.

અને તૃષ્ણારૂપી નટણી છે ને જગતરૂપી તેણે અખાડો રચ્યો છે. તે જગતને તૃષ્ણારૂપી નટણી માથું ઊંચું કરીને જુએ છે. ને મૂર્ખ પુરુષ તેને દેખીને પ્રસન્ન થાય છે. જેમ સૂર્યનો ઉદય થયે સતે સૂર્યમુખી કમળ ઊઘડી આવે છે અને ઊંચું થાય છે, તેમ મૂર્ખ પુરુષ એ તૃષ્ણારૂપી નટણીના મુખને દેખીને પ્રસન્ન થાય છે. અને તૃષ્ણારૂપી વૃદ્ધ સ્ત્રી છે, **જે પુરુષ એનો ત્યાગ કરે છે તોય પણ પછવાડે લાગી ફરે છે. ક્યારેય એનો ત્યાગ નથી કરતી.**

૧૧૪. તૃષ્ણા જીવને દીન બનાવે છે.

અને વળી તૃષ્ણારૂપી દોરડી છે, તેણે કરીને જીવરૂપી પશુ બંધાણાં થકાં ભમતાં ફરે છે. અને તૃષ્ણારૂપી દુષ્ટ સ્ત્રી છે. તે જ્યારે એ જીવને રૂડા ગુણ આવીને પ્રાપ્ત થાય છે ત્યારે તેનો નાશ કરી નાંખે છે, તેણે કરીને એ જીવ દીન થઈ જાય છે. જેમ બપૈયો મહામેઘને દેખીને પ્રસન્ન થાય છે ને સ્વાતિ બુંદને ગ્રહણ કરવા માંડે છે અને વાયુ આવીને તે મેઘને ઉડાડી લઈ જાય છે, ત્યારે બપૈયો દીન થઈ જાય છે; તેમ જ્યારે એ તૃષ્ણારૂપી દુષ્ટ સ્ત્રી રૂડા ગુણનો નાશ કરે છે, ત્યારે એ જીવ દીન થઈ જાય છે.

૧૧૫. તૃષ્ણા જન્મ-મરણમાં ભટકાવે છે.

હે પરમહંસો ! જેમ વાયુ સૂકા ખડને(ઘાસને) છેટે નાંખી દે છે, તેમ આ તૃષ્ણારૂપી વાયુ તે આ જીવને આત્મસ્વરૂપથી છેટે કરી નાંખે છે. જેમ ભમરો કમળની ચારે બાજુ ફરે છે, પણ સ્થિર થઈને નથી બેસતો; તેમ તૃષ્ણારૂપી ભમરો સંસારરૂપી કમળને વિષે ક્યારેક ઉપલા

લોકમાં ભમે છે, ક્યારેક હેઠલા લોકમાં ભમે છે, પણ ક્યારેય ઠરીને નથી બેસતો. અને જેમ મોતી નીપજ્યાના વાંસમાંથી ઘણાંક મોતી નીસર્યા કરે છે, તેમ તૃષ્ણારૂપી વાંસમાંથી જન્મ-મરણરૂપી મોતી નીસર્યા કરે છે. અને દુઃખરૂપી રત્નનો એ તૃષ્ણારૂપી ડાબલો છે.

૧૧૬. તૃષ્ણા નિવૃત્તિના ઉપાય

હે પરમહંસો ! એ તૃષ્ણાની વૈરાગ્યે કરીને નિવૃત્તિ થાય છે, બીજો ઉપાય નથી. જેમ અંધારુ પ્રકાશ વિના ન ટળે તેમ તૃષ્ણા વૈરાગ્ય વિના નથી ટળતી. અને તૃષ્ણારૂપી હળ છે, તે રૂડાગુણરૂપી પૃથ્વીને ખેડે છે. તૃષ્ણારૂપી ધૂળ છે, તે અંતઃકરણરૂપી જળને મલિન કરે છે. અને તૃષ્ણારૂપી નદી ભોગરૂપી જળે કરીને વહે છે અને જ્યારે ભોગરૂપી જળ ન મળે ત્યારે સૂકાઈ જાય છે.

અને જેમ સૂકા ખડને અને સૂકાં પાનને વાયુ ખેદમાન(પરેશાન) કરે છે, તેમ એ જીવને તૃષ્ણા ખેદ ઉપજાવે છે. તે સારુ તે જ ઉપાય કરવો કે જેણે કરીને તૃષ્ણાનો નાશ થાય ને આત્માની પ્રાપ્તિ થાય. અને હે પરમહંસો ! **વિવેક જ્ઞાને કરીને જ તૃષ્ણાની નિવૃત્તિ થાય છે અને આત્માની પ્રાપ્તિ થાય છે, એનો એ જ ઉપાય છે.**

૧૧૭. હું ઇન્દ્રિયો નથી, હું તો તેનો દ્રષ્ટા છું.

હવે એ જે વિવેકજ્ઞાન તે કહીએ છીએ જે, કાનના દુઃખે કરીને દુઃખ તે **શ્રોત્ર** ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહીં. અને અશુભ શબ્દે કરીને દુઃખ થાય તે **દિગ્પાલ** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો એનો દ્રષ્ટા છું.

અને ચર્મને ટાઢ-તડકાને દુઃખે કરીને જે દુઃખ તે **ત્વચા** ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહીં. અને સારા-નરસા સ્પર્શના અનુભવની વિગતિએ કરીને જે સુખ-દુઃખ, તે મનને અને **વાયુ** દેવતાને છે, પણ મારે નહિ; હું તો એનો દ્રષ્ટા છું.

અને આંખના દુઃખે કરીને દુઃખ તે **ચક્ષુ** ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહીં; હું તો એનો દ્રષ્ટા છું. અને રૂપ-કુરૂપના સુખ-દુઃખની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **સૂરજ** દેવતાને અને મનને છે પણ મારે નહિ; હું તો એનો જાણનારો છું.

અને જીભની પીડાએ કરીને જે દુઃખ તે **જીહ્વા** ઈન્દ્રિય અને મનને છે, પણ મારે નહીં. અને સ્વાદ- કુસ્વાદની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **વરુણ** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો એનો સાક્ષી છું.

અને નાકની પીડાને દુઃખે કરીને જે દુઃખ તે **ઘ્રાણ** ઈન્દ્રિયને અને મનને છે; પણ મારે નહિ; હું તો એનો અધિષ્ઠાતા છું. અને સુંગધ-દુર્ગંધની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **અશ્વિનીકુમાર દેવતાને** અને મનને છે, પણ મારે નહિ; હું તો આત્મા છું.

૧૧૮. કર્મેન્દ્રિયો પણ હું નથી, હું તેનો દ્રષ્ટા છું.

અને મોઢાની પીડાએ કરીને જે દુઃખ તે વાક્ ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહીં. અને સારા-નરસા બોલવાની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **અગ્નિ** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો ચૈતન્યાનંદ છું.

અને હાથની પીડાએ કરીને જે દુઃખ તે **હસ્ત** ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહિ; હું તો એથી જુદો છું. અને સારા-નરસા લીધા-દીધાની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **ઈન્દ્ર** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; **હું તો સુખાનંદ છું.**

અને પગની પીડાએ કરીને જે દુઃખ તે **પાદ** ઈન્દ્રિયને અને મનને છે, પણ મારે નહીં. અને સારી-નરસી પૃથ્વીને વિષે ચાલવાની ગતિએ કરીને જે સુખ-દુઃખ તે **વિષ્ણુ** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો બ્રહ્મ માર્ગને વિષે ચાલનારો છું, પૃથ્વીને વિષે નથી ચાલતો.

અને શિશ્નને વિષે ગૂમડાં આદિકની પીડાએ કરીને જે દુઃખ તે **ઉપસ્થ** ઇન્દ્રિયને અને મનને છે અથવા એના ઉપાસકને છે, પણ મારે નહિ; હું તો એથી જુદો અરૂપ છું. અને ધાતુ વિકારે કરીને અને ઊનવા ને પેશાબે કરીને જે દુઃખ તે **પ્રજાપતિ** દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો અશરીરી આત્મા છું.

અને વળી ગુદાને વિષે ગૂમડાંની પીડાએ કરીને જે દુઃખ તે **પાયુ** ઇન્દ્રિયને અને મનને છે, પણ મારે નહિ; હું તો આકારે રહિત છું. અને મળઉત્સર્ગની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **નિરતિ**દેવતાને અને મનને છે, પણ મારે નહિ; હું તો સર્વેથી જુદો છું.

૧૧૯. અંતઃકરણ હું નહીં, હું તેનો દ્રષ્ટા છું.

અને હૃદયને વિષે જે શૂળ અને કફ ને પેટપીડ ને પેટમાં બળતરા એ સર્વે **મન** ઇન્દ્રિયને અને દેહને છે, પણ મારે નહિ; હું તો શુદ્ધ જીવ છું ને જીવ સાક્ષી સાથે જોડ્યો છે. અને જે શુભ-અશુભ સંકલ્પની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **ચંદ્રમા** દેવતાને અને દેહને છે, પણ મારે નહિ; હું તો સત્ય છું ને એ તો અસત્ય છે.

અને હૃદયને વિષે જે સુખ-દુઃખ તે **બુદ્ધિ** ઇન્દ્રિયને અને દેહને છે, પણ મારે નહિ; હું તો એથી જુદો છું. અને શુભ-અશુભ, ભય-નિર્ભય એમની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **બ્રહ્મા** અને દેહને છે, પણ મારે નહિ; હું તો સદા કુશળ છું.

અને હૃદયને વિષે જે પીડા તેણે કરીને જે દુઃખ તે **ચિત્ત** ઇન્દ્રિયને અને દેહને છે, પણ મારે નહિ; હું તો એનો સાક્ષી છું. અને શુભ-અશુભ ચિંતવનની વિગતિએ કરીને જે સુખ-દુઃખ તે **વાસુદેવ** કહેતાં મહત્તત્ત્વને અને દેહને છે, પણ મારે નહિ; હું એ સર્વે નહીં, હું તો એ સર્વને નિયમમાં રાખું એવો છું.

અને હૃદયને વિષે જે પીડા તે **અહં** ઇન્દ્રિયને છે અને દેહને છે,

પણ મારે નહિ; હું તો દેહાદિક જે એ સર્વે તેને અહંકારે રહિત જે ચૈતન્ય બ્રહ્મ તે છું. અને દેવાદિક અને મનુષ્યાદિકને વિષે રહી જે અહંવૃત્તિ તેને અનુભવે સહિત જે સુખ-દુઃખ તે **રુદ્ર** દેવતાને અને દેહને છે, પણ મારે નહિ; હું તો એ સર્વેનો જોનારો છું.

૧૨૦. સ્થૂળદેહ હું નહીં, હું તો આત્મા છું.

હે પરમહંસો ! હવે સ્થૂળ દેહને વિષે જે સર્વે તત્ત્વનો વિવેક છે, જે વિવેકે કરીને સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય છે; તે કહીએ છીએ જે, હાડ, માંસ, નાડીઓ, ત્વચા અને રોમ એ પાંચ પ્રકાર દેહને વિષે **પૃથ્વી**ના જાણવા, **પણ એ પાંચેય હું નહિ; હું તો સત્ય છું. અને હું તો એથી જુદો છું, કહેતાં સચ્ચિદાનંદ છું.**

અને વીર્ય, મૂત્ર, પરસેવો, લાળ ને લોહી એ પાંચ પ્રકાર દેહને વિષે **જળ**ના જાણવા; પણ એ પાંચેય હું નહિ, હું તો એથી જુદો છું. અને ભૂખ, તરસ, નિદ્રા, આળસ અને રૂપ કહેતાં દેહને વિષે તેજ સરખું જણાય, એ પાંચ પ્રકાર દેહને વિષે **અગ્નિ**ના જાણવા; પણ એ પાંચેય હું નહીં, હું તો આત્મા છું.

અને દોડવું, હાથ-પગ લાંબા કરવા, ઊઠવું, ચાલવું અને દેહને ભેળું કરવું એ પાંચ પ્રકાર દેહને વિષે **વાયુ**ના જાણવા; એ પાંચેય હું નહીં, હું તો નિત્ય છું અને એ તો અનિત્ય છે. અને કેડને વિષે રહ્યો જે અવકાશ, ઉદરને વિષે રહ્યો જે અવકાશ અને હૃદયને વિષે રહ્યો જે અવકાશ અને કંઠને વિષે રહ્યો જે અવકાશ ને માથાને વિષે રહ્યો જે અવકાશ, એ પાંચ પ્રકારે દેહને વિષે **આકાશ** જાણવો; પણ એ પાંચેય હું નહીં, હું તો આકાશને ધરી રહું એવો છું.

૧૨૧. પંચભૂતો એકબીજામાં કેવી રીતે મળ્યાં છે ?

હે પરમહંસો ! એ પંચવીશે માંહોમાંહી મળ્યાં તે કેમ જાણીએ ? અને એ પંચવીશથી પંચભૂત અપંચીકૃત(જુદા) રહ્યાં છે તે કેમ જાણીએ ?

તે કહીએ છીએ. એ પાંચ સૂક્ષ્મભૂત તેના (એકના બે એમ) દશ ભાગ કર્યા છે, ને (તેમાં) પાંચ જુદા રહ્યા છે. તેમાંથી એક એકના ચાર ચાર ભાગ કર્યા છે. ને (તે ચારેય ભાગ) પોતપોતાના (અર્ધા) ભાગને મૂકીને એકબીજામાં મળ્યા છે.

તે કહીએ છીએ જે, **આકાશ**નો એક ભાગ વાયુમાં મળ્યો, ને બીજો તેજમાં મળ્યો, ને ત્રીજો આકાશનો ભાગ જળમાં મળ્યો, ચોથો આકાશનો ભાગ પૃથ્વીમાં મળ્યો; એમ આકાશના ચાર ભાગ મળ્યા. એમ પોતાના ભાગને મેલીને એ આકાશના ચારે ભાગ મળ્યા.

અને **વાયુ**નો એક ભાગ આકાશને મળ્યો, ને બીજો વાયુનો ભાગ તેજમાં મળ્યો, ને ત્રીજો વાયુનો ભાગ જળમાં મળ્યો, ને ચોથો વાયુનો ભાગ પૃથ્વીમાં મળ્યો; એમ પોતાના ભાગને મૂકીને એ વાયુના ચારે ભાગ મળ્યા.

અને **તેજ**નો એક ભાગ આકાશમાં મળ્યો, બીજો ભાગ વાયુમાં, ત્રીજો ભાગ જળમાં મળ્યો, ને ચોથો ભાગ પૃથ્વીમાં મળ્યો; એમ પોતાના ભાગને મેલીને તેજના ચાર ભાગ મળ્યા.

અને **જળ**નો એક ભાગ આકાશને મળ્યો, બીજો ભાગ વાયુમાં મળ્યો, ત્રીજો ભાગ તેજમાં મળ્યો, ને ચોથો ભાગ પૃથ્વીમાં મળ્યો; એમ પોતાના ભાગને મેલીને જળના ચારે ભાગ મળ્યા.

તેમ જ **પૃથ્વી**નો એક ભાગ આકાશમાં મળ્યો, બીજો ભાગ વાયુમાં મળ્યો, ત્રીજો ભાગ તેજમાં મળ્યો, ને ચોથો ભાગ જળમાં મળ્યો છે; એમ પોતાના ભાગને મૂકીને ચારે ભાગ પૃથ્વીના મળ્યા. એવું જે સ્થૂળ શરીર તે હું નહિ; હું તો આત્મા છું.

૧૨૨. સ્થૂળ દેહમાં રહેલા પંચભૂતની વિગત

અને સ્થૂળ દેહમાં પંચભૂત પરસ્પર મળ્યાં તે કેમ જાણીએ ? તે કહીએ છીએ જે,

પૃથ્વી : અસ્થિ છે તે મુખ્ય પૃથ્વી છે. તે કેમ જાણીએ ? તો બળ થકી જણાય છે. અને કઠણતા ને પીળો વર્ણ છે, તેણે કરીને જણાય છે. અને માંસરૂપી જળ આવી પૃથ્વીમાં મળ્યું છે, તે કેમ જાણીએ ? તો ગળીને વહી(પ્રવાહરૂપે) ચાલે છે. અને નાડીરૂપે તેજ પૃથ્વીમાં કેમ જાણીએ ? તો નાડી ઉષ્ણ છે તે જ્વરની પરીક્ષા થકી જાણીએ, અને ત્વચારૂપ વાયુ પૃથ્વીમાં કેમ જાણીએ ? તો સ્પર્શ ધર્મ થકી. અને રોમરૂપ આકાશ પૃથ્વીમાં કેમ જાણીએ ? તો રોમ કાપે ત્યારે દુઃખ ન થાય, તે શૂન્યધર્મ થકી.

જળ : હવે જળને વિષે પાંચ ભાગ કેમ જાણીએ ? તો કહીએ છીએ જે, દેહમાં વીર્યરૂપ જળ મુખ્ય છે. તે કેમ જાણીએ ? તો વીર્ય થકી દેહની ઉત્પત્તિ છે તેણે કરીને જાણીએ. અને મૂત્રરૂપ જળમાં તેજ કેમ જાણીએ ? તો ઉષ્ણ છે. અને પરસેવારૂપ જળમાં વાયુ કેમ જાણીએ ? તો ચાલે અને દોડે ત્યારે પરસેવો આવે તે થકી. અને કફરૂપ જળમાં આકાશ કેમ જાણીએ ? તો ઊંચો ચડે છે. અને રક્તરૂપ જળમાં પૃથ્વી કેમ જાણીએ ? તો જામી જાય છે.

તેજ : અને ક્ષુધાને વિષે મુખ્ય તેજ કેમ જાણીએ ? તો ક્ષુધા અન્નને પચાવે છે. અને તૃષારૂપ તેજમાં વાયુ કેમ જાણીએ ? તો જ્યારે તૃષા લાગે ત્યારે હોઠ, કંઠ સુકાઈ જાય છે. અને નિદ્રારૂપ તેજમાં આકાશ મળ્યો કેમ જાણીએ ? તો શૂન્યભાવ છે. અને કાંતિરૂપ તેજમાં જળ મળ્યું કેમ જાણીએ ? તો ટાઢ-તડકો લાગે ત્યારે કાંતિ ઊતરી જાય છે ને કાળપ ને રાતપ મુખ ઉપર થાય છે. અને આળસરૂપ તેજમાં પૃથ્વી મળી કેમ જાણીએ ? તો જડ થઈ જાય છે.

વાયુ : અને દોડવામાં મુખ્ય વાયુ કેમ જાણીએ ? તો બળિયાથી જ દોડાય છે ને પાંખ વાગે(પક્ષીની પાંખ અવાજ કરે) છે. અને પ્રસારણરૂપ વાયુમાં આકાશ કેમ જાણીએ ? તો વ્યાપે છે ને લાંબો થાતો જાય છે.

અને ઉત્ક્રમણરૂપ વાયુમાં તેજ કેમ જાણીએ ? તો ઊઠીને ક્રિયા-વેપાર કરે છે. અને ચલણરૂપ વાયુમાં જળ મળ્યું કેમ જાણીએ ? તો ચાલે ત્યારે શીતળ થાય છે. અને સંકોચનરૂપ વાયુમાં પૃથ્વી મળી કેમ જાણીએ ? તો હાથ-પગને જ્યારે સંકોચે ત્યારે જડ થઈ રહે છે.

આકાશ : અને માથાને વિષે મુખ્ય આકાશ કેમ જાણીએ ? તો અનહદ શબ્દ(કાન બંધ કરવાથી મસ્તકમાં સંભળાતો ધ્વનિ) માથામાં થાય છે. અને કંઠરૂપ આકાશમાં વાયુ મળ્યો કેમ જાણીએ ? તો મુખ-નાસિકાને વિષે શ્વાસોશ્વાસ ચાલે છે. અને હૈયાને વિષે આકાશમાં તેજ મળ્યું કેમ જાણીએ ? તો હૃદય ઉષ્ણ થઈ રહે છે. ને ઉદરને વિષે જે આકાશ તેમાં જળ મળ્યું કેમ જાણીએ ? તો ઉદરમાં જળ રહે છે. ને કેડને વિષે આકાશમાં પૃથ્વી મળી કેમ જાણીએ ? તો દુર્ગંધ કેડ થકી આવે છે.

૧૨૩. દેહમાં અહંકાર તે દુઃખમાત્રની ખાણ છે.

એ રીતે પંચભૂત પરસ્પર મળ્યાં છે, તેણે કરીને સ્થૂળ દેહ થયો છે. તેને વિષે જે ગુરુને અને તે ગુરુના શિષ્યને અજ્ઞાને કરીને વર્ણાશ્રમના ધર્મે સહિત ‘હું દેહ’ એવો અહંકાર ઉદય થયો છે, તે મહાદુષ્ટ છે. ને એ અહંકાર જ શત્રુ છે. એ અહંકાર મહાભયનો પમાડતલ ને મિથ્યારૂપ છે. ને જે કાંઈ દુઃખ છે તે **દુઃખમાત્રની ખાણ એ અહંકાર છે.** જ્યાં લગી એ અહંકાર હોય છે, ત્યાં લગી આધિ જે મનની પીડા તે ઉત્પન્ન થાય છે. અને તે મનની પીડાનો અભાવ કોઈ દહાડે થાતો નથી.

૧૨૪. દેહાભિમાને સહિત કરેલ સર્વે સાધન નિષ્ફળ છે.

હે પરમહંસો ! જે કાંઈ દેહને અહંકારે સહિત ભજન થાય છે, અને જે પુણ્ય થાય છે, અને જે કાંઈ દેવાય છે, વળી જે કાંઈ લેવાય છે; ઇત્યાદિ જે કાંઈ ક્રિયા કરે છે, તે સર્વે ક્રિયા ખોટી થઈ જાય છે. એ ક્રિયાએ કરીને પરમાર્થ સિદ્ધ કાંઈ થાતો નથી. જેમ અગ્નિની રાખને

વિષે ઘીની આહુતિ દે તે વૃથા જાય છે, તેમ **દેહને અહંકારે યુક્ત થઈને જે કાંઈ મોક્ષ સંબંધી ક્રિયા કરે છે તે વ્યર્થ-નિષ્ફળ થઈ જાય છે.** અને **આત્માના અહંકારે યુક્ત થઈને જે કાંઈ ક્રિયા કરે છે, તે સફળ થાય છે.**

૧૨૫. દેહના અહંકારને ત્યાગે તો પરમ સુખ પામે.

વળી જે કાંઈ દુઃખ છે તે દુઃખમાત્રનું બીજ દેહનો અહંકાર છે. એ અહંકારનો જ્યારે નાશ થાય છે ત્યારે કલ્યાણ થાય છે. તેટલા માટે તે ઉપાય કરવો, જેણે કરીને એ અહંકારની નિવૃત્તિ થઈ જાય.

હે પરમહંસો ! જે વસ્તુ સત્ય હોય તેનો ત્યાગ કર્યાને વિષે દુઃખ થાય છે અને જે વસ્તુતાએ વસ્તુ ન હોય અને ભ્રમે કરીને ભાસે તેનો ત્યાગ કર્યાને વિષે પરમ સુખ થાય છે. **તે માટે દેહે યુક્ત જે અહંકાર તે મિથ્યા છે. એ અહંકારના ત્યાગે કરીને પરમ સુખની પ્રાપ્તિ થાય છે.**

૧૨૬. દેહાભિમાનથી આત્મા અવરાઈ જાય છે.

વળી શાંતરૂપ જે આત્મા તે રૂપ ચંદ્રમા છે, તેને આચ્છાદન કરવા(ઢાંકી દેવા) માટે એ દેહનો અહંકાર રાહુ તુલ્ય છે. જેમ દૈત્યરૂપી રાહુ ચંદ્રમાને ગ્રસી જાય છે ત્યારે એ ચંદ્રમાની શીતળતા ને પ્રકાશ તે ઢંકાઈ જાય છે; તેમ જ્યારે એ દેહનો અહંકાર ઊપજે છે ત્યારે એ આત્માનું શાંતપણું ને પ્રકાશપણું ઢંકાઈ જાય છે. અને વળી દેહનો અહંકારરૂપી મેઘ જ્યારે આવીને ગર્જનાટ કરે છે ને વૃષ્ટિ કરે છે, ત્યારે તૃષ્ણારૂપી જે કડવી વેલની મંજરી તે વૃદ્ધિ પામતી જાય છે, ક્યારેય ઘટતી નથી.

૧૨૭. દેહભાવ ટળે તો જ તૃષ્ણા બળે.

અને વળી જ્યારે દેહયુક્ત અહંકાર નાશ થાય છે ને જેને આત્માને વિષે અહંપણું આવે છે, ત્યારે તેને તૃષ્ણાનો નાશ થઈ જાય છે. જેમ જ્યાં લગી મેઘ છે ત્યાં લગી વીજળી છે અને જ્યારે પવન ચાલે છે ત્યારે વિજળીએ સહિત મેઘનો નાશ થાય છે; તેમ જ્યારે વિવેકરૂપી પવન ચાલે

છે ત્યારે વર્ણાશ્રમના ધર્મે સહિત દેહના અહંકારરૂપી મેઘનો નાશ થાય છે. અને ત્યારે તૃષ્ણારૂપી વીજળીનો પણ અભાવ થઈ જાય છે. અને જેમ જ્યાં લગી તેલ ને વાટ હોય છે, ત્યાં લગી દીવાનો પ્રકાશ હોય છે અને જ્યારે તેલ-વાટનો નાશ થઈ જાય છે ત્યારે દીપકના પ્રકાશનો પણ અભાવ થઈ જાય છે; તેમ જ્યારે અહંકારનો નાશ થાય છે, ત્યારે તૃષ્ણાનો નાશ થઈ જાય છે.

૧૨૮. અહં હટે તો સર્વ દુઃખ મટે.

હે પરમહંસો ! પરમ દુઃખનું કારણ એ દેહનો અહંકાર છે; તે જ્યારે અહંકાર નાશ પામે છે, ત્યારે સર્વે દુઃખ પણ મટી જાય છે.

હે પરમહંસો ! જે અહંકાર દેહ સહિત છે, તે તમારું સ્વરૂપ ન હોય અને જે અહંકાર સુષુપ્તિના સાક્ષીની સાક્ષિતાએ(સાક્ષી હોવાની સભાનતાએ) સહિત છે, તે તમારું રૂપ છે. તે અહંકારને વિષે દેહની ઈચ્છા પણ નથી, કાં જે તે અહંકારને વિષે દેહ જ નથી, તો તેને દેહની ઈચ્છા કેમ હોય ? અને જો કાંઈ ઈચ્છા છે તો અહંકારથી રહિત એવું જે આત્મપદ તેની ઈચ્છા છે. જે આત્મપદને વિષે શુદ્ધ માયા ને સુષુપ્તિની સાક્ષિતાનો જે અહંકાર ને શુદ્ધ માયાની સાક્ષિતાનો જે અહંકાર તેનું ઉત્થાન પણ નથી થાતું, તેની ઈચ્છા વર્તે છે.

હે પરમહંસો ! જેમ દેવતાઓને વિષે ઈન્દ્ર પ્રધાન છે, તેમ આત્મપદના જે જાણનારા છે તે મધ્યે બ્રહ્મવેત્તા પ્રધાન છે. હે પરમહંસો ! જેમ કમળને હિમના કરા નાશ કરે છે, તેમ દેહે યુક્ત જે અહંકાર તે આત્મજ્ઞાનનો નાશ કરે છે; ને ચૈતન્ય સત્તાએ યુક્ત જે અહંકાર તે આત્મજ્ઞાનની વૃદ્ધિ કરે છે.

૧૨૯. દેહાભિમાનીને તૃષ્ણા દીન બનાવે છે.

અને જેમ ધીમર જાળે કરીને પક્ષીને બંધન કરે છે, તે બંધને કરીને પક્ષી દીન થઈ જાય છે; તેમ દેહના અહંકારરૂપી ધીમરે તૃષ્ણારૂપી

જાળે કરીને જીવને બંધન કીધું(કર્યું) છે. તે તૃષ્ણાના બંધને કરીને જીવ મહાદીન થઈ ગયો છે.

અને જેમ પક્ષી ચણને સુખરૂપ જાણીને ચૂગવાને(ચણવાને) આવે છે. વળી ચણને જ્યારે ચણવા લાગે છે, ત્યારે જાળ સાથે બંધાઈ જાય છે. તે બંધને કરીને પક્ષી દીન જેવો થઈ જાય છે. તેમ આ મુમુક્ષુ સંતસમાજથી જુદો પડીને પંચવિષય સંબંધી જે ભોગ તે રૂપી ચણ તેને સુખરૂપ જાણીને ભોગવવાની ઈચ્છા કરે છે, ત્યારે તૃષ્ણારૂપી જાળ સાથે બંધાઈ જાય છે. તેણે કરીને મહા દીનપણાને પ્રાપ્ત થાય છે.

૧૩૦. દેહાભિમાનને આધારે મન સંકલ્પો કરે છે.

તે માટે હે પરમહંસો ! એ ઉપાય કરવો, જેણે કરીને દેહનો અહંકાર નાશ થઈ જાય. અને **જ્યારે અહંકારનો નાશ થાશે ત્યારે પરમાનંદ સંબંધી સુખની પ્રાપ્તિ થાશે.** વળી જેમ વિંધ્યાચળ પર્વતને આશ્રયે મોટા ઉન્મત્ત હસ્તિ(હાથી) ગર્જનાટ કરે છે ને વળી શબ્દ કરે છે; તેમ દેહના અહંકારરૂપી જે વિંધ્યાચળ પર્વત તેને આશ્રયે મનરૂપી જે ઉન્મત્ત હસ્તિ તે નાના પ્રકારના સંકલ્પ-વિકલ્પરૂપી ગર્જનાટ શબ્દને સમવિષમપણે કરીને કરે છે. તે માટે એ ઉપાય કરવો, જે ઉપાયે કરીને અહંકારનો નાશ થાય.

૧૩૧. દેહાભિમાન દોષોનું દર છે.

અને કલ્પનામાત્રનું મૂળ કારણ અહંકાર જ છે. અને જેમ મેઘનો નાશકર્તા શરદઋતુ હોય છે, તેમ વૈરાગ્ય-વિવેકનો નાશકર્તા અહંકાર છે. અને મદ, મોહ આદિક વિકારરૂપ જે સર્પ છે, તેને રહેવાનું સ્થાનક દેહના અહંકારરૂપી રાફડો છે.

વળી અહંકાર કામી પુરુષની પેઠે છે. જેમ કામી પુરુષ કામનાને કરે છે અને ફૂલની માળા ગળાને વિષે નાંખે છે અને પોતાના મનમાં પ્રસન્ન

થાય છે; તેમ તૃષ્ણારૂપી દોરો છે તે તૃષ્ણારૂપી દોરાને વિષે અનેક જન્મ-મરણરૂપ જે ફૂલ તે રૂપ પારા પરોવ્યા છે. એવી માળાને અહંકારરૂપી કામી પુરુષ ગળાને વિષે પહેરી રહ્યો છે અને પ્રસન્ન થાય છે.

હે પરમહંસો ! આત્મારૂપી જે સૂર્ય છે, તેને ઢાંકનારો અહંકાર મેઘરૂપ છે. અને જ્યારે આત્મજ્ઞાનરૂપી શરદકાળ વર્તે છે, ત્યારે દેહના અહંકારરૂપી મેઘનો નાશ થાય છે અને તૃષ્ણારૂપી જે જળ તે પણ નિર્મળ થઈ જાય છે; કહેતાં સદ્‌વાસનાએ યુક્ત થાય છે. અને આત્મારૂપ જે ચંદ્રમા તે આકાશવત્ શુદ્ધ ભાસે છે.

હે પરમહંસો ! એ નિશ્ચય કરી જાણજો જે, **જ્યાં દેહનો અહંકાર છે ત્યાં દુઃખદાયી સર્વે આપદાઓ આવી ભેળી થાય છે.** જેમ સર્વ નદીયો સમુદ્રને વિષે ભેળી થાય છે, તેમ સર્વે આપદા દેહના અહંકારને વિષે પ્રવેશ કરે છે. તે માટે હે પરમહંસો ! તે જ ઉપાય કરવો, જેણે કરીને દેહનો અહંકાર નાશ પામે.

૧૩૨. સદ્‌ગુરુના સંગે દેહાભિમાન ટાળવું.

અને તે ઉપાય તો એ જ છે જે, આત્મારૂપી જે લોક તેને અભિમાને યુક્ત જે ગુરુ, તે ગુરુ થકી **'तत्त्वमसि'** આદિક મહાવાક્યરૂપ જે બ્રહ્મવિદ્યા તેનું શ્રવણ કરવું, ને તે થકી જ મનન કરવું, ને તે થકી જ નિદિધ્યાસ કરવો, ને તે થકી જ સાક્ષાત્કાર કરવો. તે ગુરુના સંગે કરીને જ્ઞાન-વૈરાગ્યે રહિત જે ખોટા ગુરુ તેના સંગનો ત્યાગ કરવો.

૧૩૩. ખોટા ગુરુનાં લક્ષણો

તે ખોટા ગુરુ કેવા છે ? તો દેહને અહંકારે યુક્ત છે ને ચિત્તને સંકલ્પે યુક્ત છે. વળી તે ખોટા ગુરુના દેહને વિષે જે ચિત્ત છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, તૃષ્ણા ઇત્યાદિક દુઃખે કરીને જીર્ણ થઈ ગયું છે. એ ખોટા ગુરુનું ચિત્ત જે મોટા પરમહંસના ગુણ જે વૈરાગ્ય, વિચાર, ધૈર્ય

અને સંતોષ, એના પુરુષપ્રયત્નમાં દાખડો કરતું નથી. અને એ ચિત્તરૂપ ગુરુ સર્વ કાળે વિષય સન્મુખ દોડતો રહે છે, માટે તે ચિત્તરૂપ ગુરુનો ઉપદેશ મુમુક્ષુને ગ્રહણ કરવો જ નહીં.

૧૩૪. ચિત્તરૂપી ચોર ક્યારેય ધરાતો નથી.

અને મોરના પીંછાં પવનને લાગવે કરીને સ્થિર રહેતાં નથી, તેમ એ ચિત્તરૂપી ગુરુ વિષયરૂપી પવને કરીને ભટકતો ફરે છે; પણ લાભ કાંઈ એ ચિત્તરૂપ ગુરુને પ્રાપ્ત થાતો નથી. જેમ શ્વાન ઘર-ઘરનાં બારણાં પ્રત્યે ભટકતો ફરે છે, તેમ એ ચિત્તરૂપ ગુરુ પદાર્થને પામવા નિમિત્ત ભટકતો રહે છે; પણ પ્રાપ્તિ કાંઈ થાતી નથી. જો કાંઈ પદાર્થની પ્રાપ્તિ થાય છે તો તેટલે પદાર્થે કરીને તૃપ્ત નથી થાતો, અંતરને વિષે તૃષ્ણા રહે છે.

જેમ કરંડીઆને વિષે જળ ભરીએ પણ કરંડીઓ પૂર્ણ થાતો નથી, છિદ્રને માર્ગે કરીને જળ નીકળી જાય છે, ને કરંડીઓ ઠાલો ને ઠાલો રહે છે; તેમ ચિત્તરૂપ ગુરુને જો ભોગ-પદાર્થની પ્રાપ્તિ થાય છે તોપણ સંતોષને નથી પામતો, સદાકાળ તૃષ્ણાએ યુક્ત રહે છે. તે માટે એ ચિત્તરૂપ ગુરુને માનવો નહીં. અને પોતાને વિષે આત્માપણું માનીને એ ચિત્તરૂપી ગુરુના ઉપદેશથી છેટે રહેવું.

૧૩૫. ચિત્તરૂપ તરંગો મુમુક્ષુને સંસારસમુદ્રમાં ઢસડી જાય છે.

અને એ ચિત્તરૂપ ગુરુ મહા મોહરૂપ સમુદ્ર છે. તેને વિષે તૃષ્ણારૂપી તરંગ ઊપજે છે. તે તરંગ ક્યારેય પણ સ્થિર નથી રહેતા. અને જેમ સમુદ્રને વિષે અતિશે વેગે કરીને તરંગ ઊઠે છે, તે તરંગે કરીને કાંઠાનાં વૃક્ષ પડી જાય છે અને તે વૃક્ષ જળને વિષે વહી જાય છે; **તેમ સંતસમાજથી જે જુદો પડે છે તે ચિત્તરૂપી ગુરુરૂપ જે સમુદ્ર, તેના ઉપદેશરૂપ જે તરંગ, તેના વેગે કરીને મુમુક્ષુ સંસારસમુદ્રને વિષે વહી જાય છે.** પછી તે મુમુક્ષુને વાસનારૂપી તરંગને વેગે કરીને અચળ સ્વભાવ રહેતો નથી,

ચંચળ થઈ જાય છે અને દેહાત્મબુદ્ધિ થાય છે. અને ચિત્તના સંકલ્પને જીતવાને અર્થે એ જીવ મહા દીન થઈ જાય છે.

૧૩૬. ચિત્તરૂપી શત્રુની વિચિત્રતા

અને ચિત્તરૂપી ગુરુ તે ધીમર છે ને વિષયરૂપી તેની જાળ છે. તે જાળમાં મુમુક્ષુરૂપ પંખી પડ્યો થકો દીન થઈ જાય છે. અને તે ગુરુની સમીપે સ્ત્રીના વિષયરૂપી જાળ છે અને અસદ્‌વાસનાએ યુક્ત જીવરૂપ પંખી છે, તે વિષયરૂપ જાળમાંથી ઊડી નથી શકતો ને સદ્‌વાસનાએ યુક્ત જે જીવરૂપ પક્ષી જળકૂકડીની કળાને પામ્યો તે ઊડી જાય છે.

અને જેમ જાળને વિષે પડ્યો જે પક્ષી તે દીન હોય છે, તેમ ચિત્તરૂપી ગુરુરૂપ ધીમરને વિષે વાસનારૂપી જાળને વિષે બંધાણો થકો જીવરૂપ પક્ષી દીન થઈ જાય છે.

વળી જેમ મૃગના ટોળામાંથી ભૂલો પડ્યો જે મૃગ તે દુઃખને પામે છે, તેમ બ્રહ્મવેત્તાઓના ટોળામાંથી જુદો પડ્યો એવો જે મુમુક્ષુ તે ચિત્તરૂપ ગુરુને વશ થઈને સદાકાળ દુઃખને પામે છે, ને તેનું ચિત્ત સદા દોષે યુક્ત રહે છે અને સ્થિર ક્યારેય પણ થાતું નથી.

અને જેમ ક્ષીર સમુદ્ર મંદરાચળ પર્વતે કરીને સદાકાળ ચંચળ રહે છે, તેમ આ ચિત્તરૂપ જે ગુરુ તે રૂપ જે સમુદ્ર તે મોટા-મોટા સંકલ્પ-વિકલ્પે કરીને ક્ષોભમાન રહે છે. વળી જેમ પાંજરાને વિષે આવ્યો જે સિંહ તે ફરતો રહે છે, સ્થિર કદાપિ નથી થાતો, તેમ વાસનારૂપી પાંજરાને વિષે આવ્યો જે મુમુક્ષુના ચિત્તરૂપ સિંહ તે સ્થિર નથી રહેતો, ચંચળ રહે છે.

૧૩૭. સંતસમાજથી છૂટો પડે, તેનો ચિત્ત નાશ કરે છે.

હે પરમહંસો ! સંતસમાજથી જે જુદો પડે છે તેને ચિત્તરૂપી ગુરુ આત્મપદ થકી છેટે નાંખી દે છે. જેમ અતિ પવનને ચાલવે કરીને સૂકું તૃણ પોતાના સ્થાનક થકી ક્યાંય છેટે પડી જાય છે; તેમ ચિત્તરૂપી

ગુરુના વચનરૂપ પવને કરીને આ જીવ આત્માનંદ સુખ થકી સામું છેટે પડી જાય છે.

અને વળી જેમ સૂકા તૃણને અગ્નિ બાળે છે તેમ ચિત્તરૂપ ગુરુ તેણે કહ્યાં જે **'तत्त्वमसि'** આદિક વાક્ય તે એના મુખને સંબંધે કરીને મૂળગા અગ્નિરૂપ થાય છે અને મુમુક્ષુ જીવને આત્મવેત્તા ગુરુના સંબંધની જે ઈચ્છા તેને બાળે છે.

વળી જેમ અગ્નિ થકી ધૂમ્ર નીકળે છે તેમ ચિત્તરૂપી જે ગુરુ તેના હૃદયરૂપ અગ્નિ થકી તૃષ્ણારૂપ ધૂમ્ર નીકળે છે, તે ધૂમ્રે કરીને તે ગુરુના શિષ્ય અતિ દુઃખને પામે છે. અને એ ચિત્તરૂપી ગુરુ હંસ નથી, જો હંસ હોય તો ક્ષીર-નીરને જુદાં કરે છે. માટે તે ક્ષીર-નીરની પેઠે જે દેહ ને આત્મા એક જેવા થઈ ગયા છે તેને ભિન્ન ભિન્ન નથી કરી શકતો. તે સારુ એ હંસ નથી, જીવ છે.

અને જો એ ગુરુ આત્મા-અનાત્માના વિવેકે યુક્ત થકો આત્મપદને પામવાને કાજે જતન કરે છે, તોપણ એનું ચિત્ત એને પુરુષપ્રયત્ન કરવા દેતું નથી. જેમ નદીનો પ્રવાહ સમુદ્ર પ્રત્યે જાય છે તેને આવરણરૂપ જે વન તે રોકી રાખે છે, સમુદ્ર પ્રત્યે જાવા દેતું નથી; તેમ સંતસમાજ થકી જે મુમુક્ષુ જુદો પડ્યો તેને એ ચિત્તરૂપ ગુરુ આત્માની પ્રાપ્તિની કોરથી(તરફથી) વનની પેઠે રોકી રાખે છે ને સચ્ચિદાનંદરૂપ સમુદ્રને વિષે પ્રવેશ કરવા દેતો નથી. તે ચિત્તરૂપ જે ગુરુ તે પરમ શત્રુ છે.

૧૩૮. ચિત્તરૂપી સિંહ મુમુક્ષુતાને ખાઈ જાય છે.

તે માટે હે પરમહંસો ! સંતસમાજમાં રહીને તે ઉપાય કરવો, જેણે કરીને ચિત્તરૂપ ગુરુ જે શત્રુ, તેનો અભાવ થાય અને આત્માની પ્રાપ્તિ થાય. અને આત્માની પ્રાપ્તિ રહિત થકો જે પુરુષ શિષ્ય આગળ બ્રહ્મઉપદેશ કરે છે તેને તો મૂઆ તુલ્ય જાણવો. અને ચિત્ત યુક્ત જે ગુરુ

તે પોતાની સ્ત્રી જે દેહાત્મબુદ્ધિ, તે બુદ્ધિએ યુક્ત થઈને દેહાભિમાની જે મુમુક્ષુ તેની મુમુક્ષુતાને ખાય છે. જેમ મૃતકના શરીરને શ્વાન ને શૂની(કૂતરી) ભોજન કરે છે તેમ તેનું ભક્ષણ કરે છે.

અને વળી જેમ બાળક પોતાની છાયાને ખવીસ માની ભય પામે છે; તેમ એ ચિત્તરૂપી ખવીસ જેવા ગુરુને જે અડે ને માને તે ભયને પામે છે. અને હે પરમહંસો ! દેહાત્મબુદ્ધિવાળાને એ ચિત્તરૂપી ખવીસ ગુરુ તે દૃઢ થઈને વળગે છે અને આત્મબુદ્ધિવાળા જે મુમુક્ષુ તેને તો નથી વળગતો. અને **તે ચિત્તરૂપી ગુરુના ઉપદેશને નાશ કરવાને અર્થે તો શ્રીનારાયણના ચરણારવિંદની ઉપાસનાએ કરીને સંત સમર્થ છે.**

૧૩૯. ભગવત્પ્રતાપે સહેજે ચિત્ત જિતાય છે.

અને જેને નારાયણના ચરણારવિંદની ઉપાસના સાક્ષાત્કાર નથી અને તે અગ્નિમાં બેસે એવો સમર્થ હોય, અને મોટા પર્વત ઉપર ચડવાને સમર્થ હોય, ને વજ્ર જેવી કઠણ વસ્તુને પણ ચૂર્ણ કરવાને સમર્થ હોય; તોપણ ચિત્તરૂપ ગુરુને ત્યાગ કરવાને અર્થે સમર્થ ન થાય. કાં જે, તે ગુરુને વિષે પ્રપંચ ઘણા છે. અને બ્રહ્મનિષ્ઠાવાળા સંત શ્રીમન્નારાયણના ચરણારવિંદના પ્રતાપે કરીને મહાચંચળ સ્વભાવવાળો એવો જે ચિત્તરૂપ ગુરુ તેને સહેજમાં મૂકી દે છે.

હે પરમહંસો ! હવે એ ગુરુને ચિત્તરૂપે કરીને કહીએ છીએ જે, ભગવાનથી વિમુખ એવા હિરણ્યકશિપુ આદિક સમુદ્રનું પાન કરી જાવા સમર્થ છે, અને અગ્નિને ભક્ષણ કરી જાવા સમર્થ છે, અને મેરુ જેવા પર્વતને ઓળંગવાને સમર્થ છે, પણ ચિત્તને જીતવાને અસમર્થ છે; કાં જે, ચિત્ત તો સદા ચંચળરૂપ છે, તેને જીતવાને સમર્થ તો સંત છે.

અને ચિત્ત કેવું છે ? તો (જગતની ઉત્પત્તિ વેળાએ) જે ચિત્તના ઉદય થયે ત્રિલોકી ઉપજી આવે છે અને (પ્રલય સમયે) ચિત્તને લીન

થયે ત્રિલોકી લીન થઈ જાય છે. તે ચિત્તને સંત જીતી લે છે. અને તે સંતને જીતવાને સમર્થ તો એક ભગવાનરૂપ ગુરુ છે, બીજો કોઈ નથી. બીજા તો ચિત્તરૂપ ગુરુ થકી હાર્યા છે, તો સંતને ક્યાંથી જીતી શકે ? સંત તો સમર્થ છે. સંતથી બળિયો બીજો કોઈ નથી.

૧૪૦. ચિત્તનું વિવિધરૂપે દુઃખદાયીપણું

હે પરમહંસો ! ચિત્તરૂપી ગુરુ સમુદ્ર છે. તેમાં વાસનારૂપી ઝેરનું જળ ભર્યું છે. ને તે ચિત્તરૂપ ગુરુરૂપી સમુદ્રને વિષે ભોગરૂપી સર્પ છે. તેની પાસે દેહાભિમાની જાય છે ત્યારે તૃષ્ણારૂપી ઝેર એને ચડી જાય છે. તેણે કરીને મડદા તુલ્ય થઈ જાય છે. અને ચિત્તરૂપી ગુરુરૂપ જે મૂર્ખ મૃગ તે ભોગરૂપી લીલા તૃણને સુખરૂપ માનીને તૃષ્ણારૂપી ખાઈમાં પડી જાય છે અને જન્મ-જન્માંતરનાં દુઃખને ભોગવે છે.

અને ક્યારેક આ ચિત્ત વૈરાગ્યવાન થઈને બેસે છે. ને જ્યારે પ્રારબ્ધયોગે કરીને સ્ત્રી, દ્રવ્ય, ખાન-પાનાદિક ભોગની પ્રાપ્તિ થાય છે ત્યારે જેમ સમળાં માંસ ઉપર પડે છે; તેમ આ ચિત્ત જીવ સહિત તે ભોગ ઉપર પડે છે. આ ચિત્ત વાસનારૂપી સજ્યાને વિષે સૂતું પડ્યું છે અને આત્મપદની પ્રાપ્તિની કોરે જાગતું નથી.

આ ચિત્ત ધીમરની જાળ સરખું છે, તેમાં વાસનારૂપી સૂત્ર છે, સંસારની સત્યતારૂપી ગાંઠ બંધાણી છે અને તે જાળને વિષે ભોગરૂપી ચૂગો(પક્ષીનો ચારો) પડ્યો છે. તેને દેખીને દેહાત્મબુદ્ધિવાળા જીવ ચિત્તરૂપી જાળને વિષે બંધાઈ ગયા છે. અને તે ચિત્તરૂપી જાળ ક્યારેક એ જીવને પાતાળમાં લઈ જાય છે, ક્યારેક અંતરિક્ષ લોકમાં લઈ જાય છે, ક્યારેક દેવતાના લોકમાં લઈ જાય છે અને તે વાસનારૂપી રેંટમાળમાં ઘેડ(કૂવા ઉપર પાણી ખેંચવા માટે માટીના ઘડાને એકબીજા સાથે સાંકળી કરવામાં આવતી ગોળ હાર)ની પેઠે ફેરવે છે.

૧૪૧. પંચવર્તમાને યુક્ત સંતનો સંગ કરવો.

તેટલા માટે હે પરમહંસો ! તે ઉપાય કરવો, જેણે કરીને ચિત્તરૂપી ગુરુ જિતાય. અને નારાયણના ચરણારવિંદને વિષે પ્રીતિ થાય એમ કરવું. અને જ્યારે પંચવર્તમાને યુક્ત જે સંત તેનો એ ચિત્તરૂપી ગુરુ સંગ કરે છે, ત્યારે એ ચિત્તરૂપી ગુરુ(વિદ્યા)રૂપે કહ્યો છે. હે પરમહંસો ! હવે તે શુદ્ધ થાય છે ને વિદ્યારૂપ થાય છે.

અને જ્યારે પંચવર્તમાને રહિત એ ચિત્તરૂપી ગુરુ વર્તે છે ને પંચવર્તમાને રહિત જે કુસંગી તેનો સંગ કરે છે ત્યારે એ ચિત્તરૂપ ગુરુ અવિદ્યારૂપ થઈ જાય છે ને ત્યારે એના જીવની અસદ્‌વાસના થઈ જાય છે.

૧૪૨. સદ્-અસદ્ વાસનાનું કારણ મોટાની કૃપા ને કોપ છે.

અને જો એ જીવ **મોટા પુરુષ બ્રહ્મવેત્તા જે પંચવર્તમાનના પાળતલ, તેને પ્રસન્ન** કરે છે તો એ જીવની **સદ્‌વાસના થઈ જાય છે.** અને જો **કોપ** કરાવે છે તો એની **અસદ્‌વાસના** થઈ જાય છે. અને સદ્‌વાસના અને અસદ્‌વાસના એ બે મોટા પુરુષની પ્રસન્નતામાં અને કોપમાં રહી છે.

તે સારુ જો આ બ્રહ્માંડને વિષે મોટા પુરુષને એ જીવ પ્રસન્ન કરે છે, તો એ ચિત્તરૂપી ગુરુના જીવની સદ્‌વાસના થઈ જાય છે ને મોટા પુરુષને કોપ કરાવે છે, તો એ જીવના ચિત્તની અસદ્‌વાસના થઈ જાય છે.

હે પરમહંસો ! (ખોટા) ગુરુને ચિત્તરૂપે શા સારુ કહ્યા છે ? જે એ ગુરુને વિષે ચિત્તના જેટલું ચંચળપણું છે ને વિકારપણું છે, તે સારુ એને ચિત્તરૂપે કહ્યા છે.

૧૪૩. મોટા પુરુષની મશ્કરી કરવી નહીં.

હે પરમહંસો ! હવે દૃષ્ટાંતે કરીને સદ્-અસદ્‌વાસનાનો વિવેક કહીએ છીએ જે, જેમ બ્રહ્માદિકના લોકને વિષે અપ્સરાઓ હતી, તે અપ્સરાઓ નારાયણના અંગસંગને અર્થે તપ કરવા સારુ બેઠી. ને તે

તપે કરીને પ્રસન્ન થયા એવા જે અષ્ટાવક્ર ઋષિ, તે પોતે પણ કંઠ સુધી જળમાં ઊભા થકા તપ કરતા હતા. તેમણે અપ્સરાઓને વર દીધો જે, 'તમારે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્માના અંગનો સંગ થાશે.'

અને જ્યારે તે ઋષિ જળમાંથી બહાર નીસર્યા ત્યારે તેના શરીરના આઠ વાંક દેખીને તે અપ્સરાઓ હસી. પછી તે ઠેકડીએ કરીને તે ઋષિનો કોપ થયો ત્યારે શાપ દીધો જે, 'તમારે નારાયણ શ્રીકૃષ્ણના અંગનો સંગ થાશે અને બીજા પુરુષના અંગનો પણ સંગ થાશે.'

૧૪૪. ભગવત્કૃપા અને કોપ સદ્-અસદ્ વાસનાના હેતુ છે.

વળી, અષ્ટ આવરણની બહાર જે ગોલોક ને વૈકુંઠ, તે ગોલોકને વિષે રાધિકાએ શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા. ત્યારે તે રાધિકા શ્રીકૃષ્ણને જીવથી પણ અધિક વહાલા થયાં. અને જ્યારે શ્રીકૃષ્ણને વિષે અતિશે મનુષ્યપણું પરઠ્યું ને પરમાત્માબુદ્ધિ ન રાખી ત્યારે શ્રીકૃષ્ણે શ્રીદામાના હૃદયમાં પ્રેરીને શાપ દેવરાવ્યો જે, 'તેં મારે વિષે મનુષ્યપણું પરઠ્યું તે સારુ તારે પણ મનુષ્યલોકને વિષે રહેવું ને મનુષ્યના અંગનો સંગ થાઓ.' એવી રીતે શ્રીકૃષ્ણને કોપ કરાવ્યો તેણે કરીને રાધિકાની પણ અસદ્વાસના થઈ ગઈ. અને રાધિકાને કોપ કરાવીને શ્રીદામાની પણ અસદ્વાસના થઈ ગઈ. પછી તે અસદ્વાસનાએ કરીને તે શ્રીદામા શંખચૂડ નામે રાક્ષસ થયો.

પછી જ્યારે શ્રીકૃષ્ણને રાધિકાએ પ્રસન્ન કર્યા ત્યારે સદ્વાસના થઈ ને ગોલોકને પામ્યાં. ને જ્યારે શ્રીદામાએ પણ શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા ત્યારે સદ્વાસના થઈ અને ગોલોકને પામ્યા. **તે ગોલોક કેવો છે ?** તો સર્વ જે સાધનમાત્ર તેના ફળરૂપ છે.

૧૪૫. મૂળાધાર આદિ ચક્ર અને તેના સ્થાનનું વર્ણન

અને તે સાધન કહીએ છીએ જે, **મૂળાધાર** ચક્રને વિષે ગણેશનું સ્થાનક છે ને ચાર પાંખડીનું કમળ છે; તેનો રાતો વર્ણ છે; તે ઉપર

બેસીને મારી મૂર્તિના ધ્યાને કરીને પ્રાણ જીતીને, પછી વાયુ ને મૂર્તિએ સહિત ત્યાંથી (મુમુક્ષુ આત્મા) ચાલ્યો થકો લિંગને વિષે **સ્વાધિષ્ઠાન** ચક્ર નામે જે બ્રહ્માનું સ્થાનક, તેને પામે છે.

ત્યાં છ પાંખડીનું કમળ છે, તેનો પીત્તવર્ણ છે, તે ઉપર બેસીને, મારી મૂર્તિને ધ્યાને કરીને, પ્રાણ જીતીને, પછી વાયુ ને મૂર્તિએ સહિત ત્યાંથી ચાલ્યો થકો નાભીને વિષે જે **મણિપુર** ચક્ર જે વિષ્ણુનું સ્થાનક તેને પામે છે. ત્યાં દશ પાંખડીનું કમળ છે. તેનો શ્વેત વર્ણ છે, તે ઉપર બેસીને મારી મૂર્તિને ધ્યાને કરીને પ્રાણને જીતીને, પછી વાયુ ને મૂર્તિએ સહિત ત્યાંથી ચાલ્યો થકો હૃદયને વિષે શિવનું સ્થાનક જે **અનાહત** ચક્ર તેને પામે છે.

ત્યાં બાર પાંખડીનું કમળ છે. તેનો સ્ફાટિક મણિના જેવો વર્ણ છે અને વિચિત્ર છે. તે ઉપર બેસીને મારી મૂર્તિને ધ્યાને કરીને, પ્રાણને જીતીને, પછી વાયુ ને મૂર્તિએ સહિત ત્યાંથી ચાલ્યો થકો ઉરને વિષે શક્તિનું સ્થાનક જે **વિશુદ્ધિ ચક્ર** તેને પામે છે. ત્યાં સોળ પાખડીનું કમળ છે. તે નાના પ્રકારના રંગે યુક્ત છે. તે ઉપર બેસીને મારી મૂર્તિને ધ્યાને કરીને પ્રાણને જીતીને, પછી ત્યાંથી વાયુ ને મૂર્તિએ સહિત ચાલ્યો થકો વિશુદ્ધિ ચક્રને આગળ જે તાલુમૂળ તેને પામે છે.

અને ત્યાં થકી હળવેક ભ્રકુટીના મધ્યને વિષે શિવની સિદ્ધિઓનું સ્થાનક જે **આજ્ઞા ચક્ર** તેને પામે છે. ત્યાં બે પાંખડીનું કમળ છે. તેનો શ્યામ વર્ણ છે ને તેમાં અતિશે રક્ત અગ્નિના સમૂહ જેવું ને સર્વ દિશાને વિષે ને આકાશ તથા પૃથ્વીને વિષે વ્યાપક અને પ્રલયકાળના અગ્નિ તુલ્ય એવું જે જ્યોતિનું લિંગ તે છે. તે આજ્ઞાચક્ર ઉપર બેસીને, સાત પ્રાણના માર્ગને રુંધીને, મારી મૂર્તિના ધ્યાને કરીને પ્રાણને જીતી લેવો. ત્યાંથી કેવળ મૂર્તિએ સહિત ચાલ્યો થકો બ્રહ્મરંધ્રને વિષે મહાલક્ષ્મીએ સહિત નિરંજન એવા જે મહાવિષ્ણુ તેના સ્થાનકને પામે છે. ત્યાં હજાર

પાંખડીનું કમળ છે. તેનો શ્વેતવર્ણ છે અને તે મહાવિષ્ણુરૂપ થઈને મારા ધ્યાનને વિષે જોડાય છે.

૧૪૬. બ્રહ્મરંધ્રને વિષે રહેલી વિશેષતાઓ

અને બીજું, બ્રહ્મરંધ્રને વિષે જે આકાશ તે આકાશ તે વ્યષ્ટિ દેહને (વિરાટથી નીચેની સૃષ્ટિના દેહને) વિષે જે પાંચ પ્રકારે આકાશ કહ્યો છે, તે આકાશ જાણવો. અને વ્યષ્ટિ દેહને વિષે ભ્રકુટીને મધ્યે જે બે પાંખડીનું કમળ કહ્યું છે, તે કમળ ને મૂળાધાર એ સર્વે સ્થાનક સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તેને વિષે રહ્યાં છે. અને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિના સાક્ષી જે દ્રષ્ટા તેની દૃષ્ટિના પ્રકાશ વડે એ પ્રકાશવાન છે; ને એને વિષે જે પ્રકાશ છે તે દ્રષ્ટાની દૃષ્ટિનો પ્રકાશ છે.

અને બીજું, જે બ્રહ્મરંધ્રને વિષે હજાર પાંખડીનું કમળ કહ્યું છે તે વ્યષ્ટિ દેહને વિષે(વિરાટથી નીચેની સૃષ્ટિના દેહને વિષે) ને સમષ્ટિ દેહને વિષે(પ્રધાનપુરુષથી લઈને વિરાટ સુધીની સૃષ્ટિના દેહને વિષે) પણ છે. અને એ સ્થાનક તે સમષ્ટિ દેહને વિષે ને વ્યષ્ટિ દેહને વિષે પણ જણાય છે. જેમ આકાશ પાંચ પ્રકારે જણાય છે તેમ.

હવે ત્યાંથી બ્રહ્માંડને વિષે રહ્યો જે મુખ્ય પ્રાણ જે એ સ્થાનકને વિષે વ્યાપીને રહ્યો હતો, તેને જીતીને અને પોતાના સ્થૂળને વિરાટરૂપે માનીને વાયુ ને મૂર્તિએ સહિત ચાલ્યો થકો પોતાના દેહને વિષે જે આકાશ તેને વિષે અતિશે ઝીણો નાદ તેને પામે છે.

૧૪૭. રોધનાદિક શક્તિના સ્થાનને પામ્યાની રીત

પછી તે નાદમંડળને ભેદીને મૂર્તિએ સહિત ચાલ્યો થકો સર્વને મોહ કરનારી જે રોધની નામે શક્તિ, તેને વશ કરીને પરમ વિશાળ જે નાદમંડળ તેને પામે છે. તે નાદમંડળમાં ચાલીશ કરોડ ગાઉ પહોળું કમળ છે. તે કમળને વિષે અતિશે અદ્ભુત એવું જે જ્યોતિર્લિંગ તેને

જુએ છે. અને ત્યાં થકી પણ મૂર્તિએ સહિત ચાલ્યો થકો તે નાદના અંતને પામીને તે નાદના લયનું સ્થાનક જે બ્રહ્મ-રાફડો તેને પામે છે. ત્યાંથી પણ મૂર્તિએ સહિત ચાલ્યો થકો સુમના નામે શક્તિને પામે છે. અને ત્યાંથી પણ મૂર્તિએ સહિત ચાલ્યો થકો ઉન્મની શક્તિને પામે છે. તે કેડે મૂર્તિએ સહિત ચાલ્યો થકો ઘોર તમરૂપ જે મહાશૂન્ય તેને ભેદે છે. તેની રીત કહીએ છીએ.

૧૪૮. મૂર્તિની ધારણા કરનાર ભક્તની પ્રાપ્તિ

જે મુમુક્ષુ તે મહાશૂન્યને પોતાનો આત્મા માનીને પુરુષોત્તમની મૂર્તિની ધારણાએ કરીને મહાશૂન્યરૂપી સમુદ્રને પુરુષોત્તમની મૂર્તિરૂપ વહાણે કરીને તરી જાય છે અને ઐશ્વર્યવાન થાય છે. જેવું વિષ્ણુનું રૂપ છે ને જેવું શિવનું રૂપ છે, તેવું એનું રૂપ થાય છે. અને અષ્ટસિદ્ધિઓ એને વશ થાય છે. અને ગોલોક, વૈકુંઠ, કૈલાસ તે સર્વે જે શ્રીકૃષ્ણની વિભૂતિઓ તેને દેખે છે.

અને બીજું, જો વિષ્ણુને સ્વામી-સેવકભાવે કરીને ભજે છે તો તેને ચાર પ્રકારની મુક્તિ પ્રાપ્ત થાય છે. તે મુક્તિને વિષે સદ્-અસદ્ભાવના થાય છે. અને જો પોતાના જીવને ને વિષ્ણુને એકભાવે કરીને જાણે છે ને સર્વ ભેદમાત્રને ટાળી નાખે છે અને પરબ્રહ્મ પુરુષોત્તમ જે શ્રીકૃષ્ણ, તેની ઉપાસના રાખે છે, અને વિષ્ણુ સાથે પોતાના આત્માને અભેદપણે કરી જાણે છે; તેને તો બ્રહ્મગતિની પ્રાપ્તિ થાય છે, એક અદ્વિતીયપણે રહે છે, સર્વે ઐશ્વર્ય વિભૂતિને ગ્રહણ કરતો નથી, અને એક પુરુષોત્તમના ચરણારવિંદની ભક્તિ રાખે છે, પણ ઐશ્વર્યને ઇચ્છતો નથી, જે ગોલોક સંબંધી ઐશ્વર્ય, વૈકુંઠ સંબંધી ઐશ્વર્ય, કૈલાસ સંબંધી ઐશ્વર્ય, તે સર્વેને ઇચ્છતો નથી. જાણીને ત્યાગ કરે છે, તે ઐશ્વર્ય કહીએ છીએ.

૧૪૯. ગોલોકધામનું વર્ણન

તેમાં પ્રથમ તો ગોલોક કહીએ છીએ. તે ગોલોક પરમ ધામરૂપ છે

અને જરા-મૃત્યુનો હરતલ છે અને શ્રેષ્ઠ છે. ને વૈકુંઠ થકી પચાસ કરોડ જોજન ઊંચો છે અને કૈલાસ થકી પણ પચાસ કરોડ જોજન ઊંચો છે અને ભગવાને પોતાની ઈચ્છાએ કરીને રચ્યો છે અને અનિર્વચનીય છે. સ્ફાટિકમણિના સરખી છે કાંતિ જેની એવો છે. ને અતિશે વિસ્તારવાન છે ને મનોહર છે. અને મોતી, માણેક, મણિ ને રત્નની ખાણો તેણે યુક્ત છે. અને શ્યામમણિ, શુક્લમણિ ને નીલમણિ ને રક્તમણિ તેની પંક્તિએ કરીને શોભે છે. અને પરવાળાના અંકુરયુક્ત છે. ને બ્રહ્માને પણ જોવા યોગ્ય નથી (એનેય દુર્લભ છે). ને આશ્ચર્યકારી વસ્તુનો તો ભંડાર છે અને નાના પ્રકારની લીલાએ યુક્ત છે.

અને હે પરમહંસો ! તે ગોલોકને વિષે ક્યાંક તો રત્નની ખાણો છે. ક્યાંક પદ્મરાગમણિની ખાણો છે. ને ક્યાંક ઈંદ્રનીલમણિની ખાણો છે. અને ક્યાંક મરકતમણિની ખાણો છે. અને ક્યાંક તો તે ગોલોકને વિષે સ્યમંતકમણિની ખાણો છે. ક્યાંક રુચકમણિની ખાણો છે ને ક્યાંક તો અમૂલ્ય એવા જે પીતમણિ તેની ખાણોની પંક્તિ છે. ક્યાંક તો કેવળ રત્નની ખાણો છે ને ક્યાંક તો કૌસ્તુભમણિની ખાણો છે ને ક્યાંક તો કહ્યામાં ન આવે એવા જે મણિ તેની ખાણો છે. અને કોક કોક સ્થાનકને વિષે મનોહર એવાં જે રમ્યાનાં સ્થાનક તેણે યુક્ત છે.

૧૫૦. ગોલોકમાં શતશૃંગ પર્વતનું વર્ણન

અને તે ગોલોકને વિષે શતશૃંગ એવે નામે સુંદર પર્વત છે. તે પર્વત પારિજાતનાં જે વૃક્ષ તેના વનની પંક્તિએ કરીને અતિશે શોભે છે. તે પર્વત કલ્પવૃક્ષના વૃક્ષે કરીને વીંટાણો છે. અને વળી કામધેનુ જે કામદુઘા ગાયુ તેણે વીંટાણો છે. અને એક કરોડ જોજન ઊંચો છે. અને ચાળીસ કરોડ જોજન લાંબો છે, વિસ્તારવાન છે.

અને તે પર્વતનાં શિખર પચાસ કરોડ જોજનમાં વિસ્તારવાન છે. તે પર્વતને ઉપર ગઢને આકારે રાસમંડળ છે. તે રાસમંડળ દશ જોજનમાં

વિસ્તારવાન છે અને ગોળ છે. અને પુષ્પે સહિત અને સુગંધે સહિત જે પુષ્પનાં વન તેણે યુક્ત છે. તે પુષ્પ માથે ભમરા ગુંજારવ કરે છે. કામક્રીડાના જે પદાર્થ તેણે યુક્ત જે ભોગનાં મંદિર તેણે કરીને શોભાયમાન છે.

૧૫૧. ગોલોકના રાસમંડળની શોભાનું વર્ણન

અને તે રાસમંડળ ફરતું જે વન તે હજાર કરોડ જે રત્નના મંડપ તેણે કરીને યુક્ત છે. તે મંડપ સર્વે રત્નના પગથિયાએ યુક્ત છે. ને રત્નના કળશ યુક્ત છે. તે રાસમંડળ શોભાયમાન એવા જે નીલમણિના થાંભલા તેણે યુક્ત છે. સિંદુર સરખા જે મણિ તેણે કરીને ચારે પાસે જડ્યું છે. અને અતિશે મનોહર એવા જે ઇન્દ્રનીલમણિ તેણે કરીને શોભાયમાન છે. અને રત્નનો જે ગઢ તેણે યુક્ત છે. અને કમાડે યુક્ત જે ચાર બારણાં તેણે શોભાયમાન છે. ને તે ચારે બારણાં આંબાનાં પાંદડાંના તોરણે યુક્ત છે અને ચારે પાસે જે કેળના થાંભલાના સમૂહ તેણે યુક્ત છે. ને અક્ષત, ધાણી, ફળ, ધ્રો, જુવારા તેણે યુક્ત છે. ને વળી તે રાસમંડળ ચંદન, અગર, કસ્તુરી, કુંકુમ, તેના ગારાએ કરીને છાંટેલ છે.

હે પરમહંસો ! તે રાસમંડળ કોટાન કોટિ જે ગોપકન્યા તેના સમૂહે કરીને વીંટાણું છે. તે ગોપકન્યાના સમૂહ તે રાસમંડળની રક્ષા કરે છે. તે ગોપકન્યાઓ રત્નનાં જે ઘરેણાં અને રત્નની માળા, કંકણ ને રત્ને જડેલ બાજુબંધ, ઝાંઝર, તેણે કરીને શોભાયમાન છે. અને રત્નનાં કુંડળ અને વીંટીઓ તેણે કરીને સુંદર છે. અને રાધિકાજીની આજ્ઞાએ કરીને તે ગોપકન્યાઓ તે રાસમંડળની રક્ષા કરે છે. તે રાસમંડળ જળક્રીડાનાં જે લાખ તળાવ તેણે કરીને વીંટાણું છે. ને તે તળાવ રાતાં, પીળાં, શ્વેત ને નીલાં એવાં જે કમળ તેણે યુક્ત છે. તે કમળ ઉપર ભમરા ગુંજારવ કરે છે. અતિશે ફૂલ્યાં જે ફૂલનાં હજાર વન તેણે કરીને તે રાસમંડળ સંયુક્ત છે.

અને તે વનોમાં કોટાન કોટિ કુંજની કુટિઓ(વૃક્ષ વેલીની કુટિરો) છે. અને કુંજકુટિઓમાં પુષ્પની શય્યાઓ છે. અને નાના પ્રકારના ભોગનાં દ્રવ્ય છે અને કપૂરે સહિત પાનની બીડીઓ છે. ને નાનાં પ્રકારનાં વસ્ત્ર છે ને રત્નના દીવા છે ને રત્ને જડીત ચમર છે, અરીસા છે, પુષ્પની માળાઓ છે; ઈત્યાદિક સામગ્રીએ સહિત શતશૃંગ પર્વતને વિષે રાસમંડળ છે.

૧૫૨. ગોલોકસ્થ વૃંદાવનની શોભાનું વર્ણન

અને તે પર્વતથી બહાર વૃંદાવન છે. તે વૃંદાવન શ્રીકૃષ્ણને ને રાધિકાને અતિશે વલ્લભ(વ્હાલો) છે ને રમ્યાનું સ્થાનક છે. અને તે વૃંદાવનમાં કલ્પવૃક્ષનાં ઝાડ છે. તે વૃંદાવન વિરજા નદીને કાંઠે છે. અને તે વૃંદાવનને વિષે કસ્તુરીના જેવો સુગંધ છે જેનો એવાં કમળ છે, તે નવાંકુર છે. અને તે વૃંદાવનને વિષે કોકિલા શબ્દ કરે છે.

અને વળી તે વૃંદાવનને વિષે કદમનાં વૃક્ષ છે, મંદારના વૃક્ષ છે, ચંપાનાં વૃક્ષ છે, ચંદનનાં વૃક્ષ છે અને સુગંધીમાન ફૂલનાં વૃક્ષ છે. ને આંબાનાં વૃક્ષ છે, ફણસનાં વૃક્ષ છે, તાડનાં વૃક્ષ છે, નાળિયેરનાં વૃક્ષ છે, જાંબુડાનાં વૃક્ષ છે, બોરડીના વૃક્ષ છે, ખજૂરીનાં વૃક્ષ છે, ગુવાક(સોપારી)નાં વૃક્ષ છે, આંબલીનાં વૃક્ષ છે, જંબીર(તુલસી કે બીજોરા)નાં વૃક્ષ છે, કેળનાં વૃક્ષ છે, શ્રીદાડમનાં વૃક્ષ છે અને પીંપરનાં વૃક્ષ છે ને પીપળાનાં વૃક્ષ છે, સાલનાં વૃક્ષ છે, લીમડાનાં વૃક્ષ છે, સાલમલિના વૃક્ષ છે, આંબલીનાં વૃક્ષ છે અને બીજા પણ ઘણીક જાતનાં વૃક્ષ છે; ઈત્યાદિક વૃક્ષે કરીને તે વૃંદાવન યુક્ત છે. અને મલ્લિકા, માલતી, મોગરો, કેતકી, કેવડો, ચનોખડી ને યૂથિકા(જુઈ) ઈત્યાદિક વેલીએ કરીને તે વૃંદાવન યુક્ત છે.

અને તે વૃંદાવનને વિષે અતિશે રૂડાં પચાસ કરોડ કુંજનાં ઘર(લતામંડપોના કુદરતી ઘર) છે. તે ઘરમાં રત્નના દીવા છે ને ધૂપે

કરીને સુગંધીમાન છે, ક્રીડાના પદાર્થે યુક્ત છે. ને તે ઘરમાં ચંદને છાંટેલ પુષ્પની શય્યાઓ છે. તે પુષ્પ માથે ભમરા ગુંજારવ કરે છે. અને તે વૃંદાવનમાં રત્નનાં ઘરેણાંએ યુક્ત એવી જે પચાસ કરોડ ગોપીઓ તે રાધિકાની આજ્ઞાએ કરીને રહે છે. બીજા પણ બત્રીસ વન છે. એ બત્રીસ વનથી જુદું એક મનુષ્ય રહિત સ્થાનક છે. તે વૃંદાવનમાં ગાયો છે ને ગાયોના વાડા છે. અને બીજાં પણ પુષ્પનાં હજાર વન છે. અને તે વૃંદાવનને વિષે શ્રીકૃષ્ણ સરખું છે રૂપ જેમનું એવા પચાસ કરોડ ગોવાળિયા છે.

૧૫૩. શ્રીકૃષ્ણ ભગવાનના નિવાસસ્થાનનું વર્ણન

અને તે વૃંદાવનથી આગળ શ્રીકૃષ્ણ ભગવાનને રહ્યાનું શહેર છે. ને તે શહેર કરોડ જોજનમાં વિસ્તારવાન છે ને ચારે પાસે ગોળ છે, ને રત્નના ગઢે કરીને યુક્ત છે ને ચાર દરવાજાએ યુક્ત છે, ને ગોપીઓના સમૂહે યુક્ત છે ને પરોળિયા(દરવાણી)એ યુક્ત છે, ને રત્ને જડિત એવા જે આશ્રમ તેણે યુક્ત છે અને નાના પ્રકારના ભોગે યુક્ત છે. ગોપીઓના ચાકર એવા જે ગોવાળિયા તે ચાળીસ કરોડ રહે છે. અને હરિભક્ત એવા જે ગોવાળિયા તેના જે સમૂહ તેના સો કરોડ આશ્રમ છે.

અને તે આશ્રમ એક થકી એક અધિક છે ને રૂડા રત્ને કરીને રચ્યા છે. ને તેથી અધિક શોભા છે જેની, એવાં બીજા પાર્ષદોનાં સો કરોડ ઘર છે. તે પણ અમૂલ્ય રત્ને કરીને રચ્યાં છે. અને તે શ્રીકૃષ્ણના સ્વરૂપને ધરી રહ્યા એવા જે કોટાનકોટિ ગોપ તેના આશ્રમે કરીને યુક્ત છે. અને તે પાર્ષદોના આશ્રમ રૂડાં રત્ને કરીને વિશેષે રચ્યાં છે.

અને રાધિકાની શુદ્ધ ભક્ત જે ગોપીઓ તેના બત્રીસ કરોડ આશ્રમ છે. તે ગોપીઓના આશ્રમ પણ શ્રેષ્ઠ રત્ને કરીને રચ્યાં છે. અને તે ગોપીઓની દશ કરોડ દાસીઓ છે, તેમનાં પણ ઘર મણિએ કરીને ને રત્ને કરીને રચ્યાં છે.

અને તે શહેરની બહાર મનોહર એવો જે **અક્ષયવડ** છે, તે વડ પાંચ યોજનમાં તો વિસ્તારવાન છે ને દશ યોજન ઊંચો છે. તે વડને હજાર થડ છે. અસંખ્ય ડાળીઓએ યુક્ત છે. તે વડ રાતાં અને પાકાં જે ફળ તેણે વ્યાપ્ત છે. ને તે વડ હેઠે રત્નની ઓટલીઓ છે, ને તે વડને હેઠે શ્રીકૃષ્ણ સમાન છે રૂપ જેમનાં એવા બાળક ગોવાળિયા રમે છે. તે ગોવાળિયા પીતાંબર વસ્ત્ર પહેરી રહ્યા છે. ને રમ્યાને વિષે આસક્ત છે ને મનોહર છે ને ચંદનની ખોરે(અર્ચાએ) યુક્ત છે ને રત્નજડિત ઘરેણાં પહેર્યાં છે.

૧૫૪. ગોલોકના રાજમાર્ગનું વર્ણન

અને તે વડથી કાંઈક છેટે રાજમાર્ગ છે. તે સિંદૂર જેવાં મણિએ કરીને બાંધ્યો છે. અને ઈન્દ્રનીલમણિ, પદ્મરાગમણિ, હીરારુચકમણિ ને બીજા પણ નાના પ્રકારના મણિએ કરીને તે રાજમાર્ગ બાંધ્યો છે. વળી તે માર્ગમાં રત્નજડિત ઓટલીઓ છે.

તે માર્ગને બે કોરે રત્નના મંડપ છે. તે મંડપ ચંદન, અગર, કસ્તુરી, કુંકુમના ગારાએ કરીને છાંટેલ છે. અને દધિ, કલશ, ધાણી, ફૂલ, ફળ, ધ્રો, જવારા તેણે કરીને ઉચ્છવે યુક્ત છે. અને ઝીણા સૂત્રમાં ગાંઠેલ એવા જે ચંદનનાં પાંદડાં ને નવાંકુર તેનાં તોરણે યુક્ત છે. અને તે રાજમાર્ગ કુંકુમે રંગ્યા એવા જે કેળના થાંભલા તેણે શોભાયમાન છે. અને તે રાજમાર્ગે કરીને શહેરમાં જવાય છે.

૧૫૫. રાધાજીના મહેલનું વર્ણન

અને તે શહેરમાં રાધિકાનું મંદિર છે, તેને સોળ બારણાં છે; તેની ચારે પાસે ખાઈ છે ને મોટો ગઢ છે. અને તે આશ્રમ અતિશે મનોહર છે અને ગોળ છે ને અનિર્વચનીય છે. અને પંડિતના કહ્યામાં પણ નથી આવતો અને બાર ગાઉમાં છે. અને બીજા સો મંદિરે યુક્ત છે અને

અતિશે મોંઘાં જે રત્ન તેણે કરીને રચ્યાં છે અને ન ઉલંઘાય એવી જે ઊંડી ખાઈ તેણે વીંટાણો છે.

અને કલ્પવૃક્ષ અને પુષ્પનાં જે સો એ સો વન તેણે કરીને વીંટાણો છે. અને વળી રૂડા રત્નની જે ઓટલીઓ તેણે યુક્ત એવા જે શ્રેષ્ઠ સાત બારણાં તેણે યુક્ત એવો જે મણિનો ગઢ, તેણે કરીને વીંટાણો છે. અને નાના પ્રકારનાં ને અતિશે ગોળ એવાં જે રત્નનાં ચિત્રામણ તેણે સંયુક્ત છે.

અને પ્રધાન જે સાત બારણાં કહ્યાં તેમાંથી એક દરવાજામાં પણ પેસીએ તો અનુક્રમે કરીને સોળ દરવાજા આવે છે. તે માટે સોળ ગઢે કરીને વીંટાણો છે. એક એક ગઢને સાત-સાત બારણાં છે. સોળે ગઢ હજાર હજાર ધનુષ્ય ઊંચા છે. તે ઉપર નાના-નાના જે કળશ તેના સમૂહે કરીને અતિશે મનોહર સાત દરવાજા છે. તે કેવા છે ? તો રૂડાં રત્ન ને મણિ તેણે રચી એવી જે બે બે ઓટલીઓ તેણે જુક્ત છે.

૧૫૬. સોળ દ્વારપાળોનું વર્ણન

તેમાં **એક** જે મુખ્ય બારણું છે તે હળદર સરખા છે આકાર જેના એવા જે મણિ ને હીરા તેણે જડ્યું છે ને રત્નજડિત જે કમાડ તેણે યુક્ત છે. ને તેને વિષે **વીરભાનુ** નામે ગોપ પરોળિયો છે. તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે. ને તેણે રત્નનાં ઘરેણાં પહેર્યાં છે ને પીતાંબર વસ્ત્ર પહેર્યાં છે ને રત્નનો મુગટ પહેર્યો છે ને બારણાને ચિત્રામણે કરીને ચીતરેલ છે; ને પોતે પણ ચિત્રે યુક્ત છે. અને અતિશે અદ્‌ભુત છે અને લાખ ગોપે યુક્ત છે ને ભગવાનની આજ્ઞાએ કરીને રહ્યો છે.

અને એથી આગળ **બીજું** બારણું છે તે પ્રથમનાથી અધિક સુંદર છે. ને નાના પ્રકારનાં ચિત્રોએ યુક્ત છે. ને જોયામાત્રમાં મનને અતિશે સુંદર લાગે એવું છે ને મનને હરી લે એવું છે. અને તે દ્વારને વિષે **ચંદ્રભાનુ** નામે ગોવાળિયો બેઠો છે. તે પંદર વર્ષની અવસ્થાએ યુક્ત

છે, શ્યામ છે. ને સુંદર સુવર્ણની જે છડી તે તેના હાથમાં છે ને શ્રેષ્ઠ છે. ને રત્નનું જે સિંહાસન તેના ઉપર બેઠો છે અને ઘરેણે કરીને શોભે છે ને પાંચ લાખ ગોપે કરીને વીંટાણો છે.

અને એની આગળ **ત્રીજો** દરવાજો છે ને એ થકી અતિ સુંદર છે. ને મણિના તેજે કરીને જ્વલિત છે. તે દ્વારને વિષે **સૂર્યચંદ્ર** એવે નામે ગોપ પરોળિયો છે. તેને બે હાથ છે. મોરલી હાથમાં છે ને એક હાથને વિષે રત્નજડિત છડી છે. ને નવ લાખ ગોપે કરીને વીંટાણો થકો સિંહની પેઠે બેઠો છે.

અને એ થકી **ચોથો** દ્વાર તે એ ત્રણે દ્વારથી અતિશે અદ્ભુત છે ને મનોહર છે. તેને વિષે **વસુધાન** નામે ગોપ પરોળિયો છે. તે નવ લાખ ગોપે વિંટાણો છે ને કિશોર અવસ્થાએ યુક્ત છે ને અતિશે સુંદર છે. અને રત્નનું જે મનોહર સિંહાસન તે ઉપર બેઠો છે. ને તેણે રત્નનાં ઘરેણાં પેર્યાં છે.

અને એથી આગળ **પાંચમો** દ્વાર તે તો હીરે જડિત છે. ને પછવાડે ચાર કહ્યા તેથી અધિક છે. ને નાના પ્રકારના ચિત્રામણે યુક્ત છે. ને તેને વિષે **દેવભાનુ** નામે ગોવાળિયો પરોળિયો છે. તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે ને તેણે રત્નનાં ઘરેણાં પેર્યાં છે. ને મોરનો મુગટ ધર્યો છે, ને રત્નની માળા પહેરી છે, ને કદમના ફૂલ ખોસ્યાં છે. ચંદન, અગર, કસ્તુરી તેણે કરીને તેનાં સર્વે અંગ ચરચ્યાં છે ને દશ લાખ ગોપે વીંટાણો છે ને હાથમાં છડી ધારી રહ્યો છે.

હવે એથી આગળ **છઠ્ઠું** દ્વાર છે તે એ પાંચેથી અધિક છે. અને તેને હીરાની ભીંતો છે. તેને વિષે **શક્રભાનુ** નામે ગોપ પરોળિયો છે. તેણે નાના પ્રકારનાં વસ્ત્ર ને ઘરેણાં પેર્યાં છે. ને દશ લાખ ગોપે વીંટાણો છે, ને કાનમાં કુંડલ પહેર્યાં છે.

હવે એથી આગળ **સાતમો** દ્વાર છે. તે તો એ છથી અતિશય સુંદર છે. ત્યાં **રત્નભાનુ** નામે ગોપ પરોળિયો છે. તે ભગવાનને અતિશે વાલો છે ને ચંદને કરીને તેનાં સર્વે અંગ ચરચ્યાં છે. ને તેણે રત્નનાં ઘરેણાં પેર્યાં છે. ને બાર લાખ ગોપે વીંટાણો થકો રાજાની પેઠે રત્નના સિંહાસન ઉપર બેઠો છે. ને મંદ-મંદ હસે છે અને હાથમાં છડી લઈ રહ્યો છે.

હવે એથી આગળ **આઠમો** દ્વાર છે. તે એ સાતેથી સારો છે. ત્યાં **રવિભાનુ** નામે ગોપ પરોળિયો છે. તે બાર લાખ ગોપે વીંટાણો છે. અને એથી આગળ **નવમો** દ્વાર તે તો એ આઠેથી વિલક્ષણ છે. ત્યાં **સુબલ** એવે નામે ગોપ પરોળિયો છે. તે બાર લાખ ગોપે વીંટાણો થકો બેઠો છે. અને એથી આગળ **દશમો** દ્વાર છે તે તો અનિર્વચનીય છે. તેને વિષે **સુદામા** નામે ગોપ પરોળિયો છે. તે તો શ્રીકૃષ્ણ તુલ્ય છે ને વીશ લાખ ગોપે કરીને વીંટાણો છે.

અને એથી આગળ **અગિયારમો** જે દ્વાર છે તે તો અતિશે અદ્‌ભુત છે. તેને વિષે **શ્રીદામા** નામે ગોપ પરોળિયો છે. તે કરોડ ગોપે વીંટાણો થકો મોટા રાજાની પેઠે રત્નના સિંહાસનને વિષે બેઠો છે ને તે રાધિકાને પુત્ર તુલ્ય છે ને તેણે પીતાંબર વસ્ત્ર પહેર્યાં છે ને રત્નનાં ઘરેણાં પહેર્યાં છે, ને ચંદન, અગર, કસ્તુરી, કુંકુમ તેણે વિરાજમાન છે ને રૂડાં રત્નનાં કુંડળ પેર્યાં છે ને રૂડાં રત્નનો મુગટ પેર્યો છે.

હવે એથી આગળ **બારમો** દ્વાર તે તો અતિશે મનોહર છે ને સર્વને દુર્લભ છે. તેને વિષે સો કરોડ ગોપીઓની ચોકી છે. એ રીતે **તેરમા** દ્વારમાં પણ તેટલી જ ગોપીઓ છે ને **ચૌદમા** દ્વારમાં પણ એટલી જ ગોપીઓ છે ને **પંદરમા** દ્વારમાં પણ એટલી જ ગોપીઓ છે. હવે એ થકી આગળ **સોળમું** દ્વાર છે. તે તો સર્વમાં પ્રધાન છે ને અતિશે મનોહર છે. અને ગોપીકાના સમૂહો તેની રક્ષા કરે છે અને તે રાધિકાની તેત્રીસ સખીઓ પોતાની દાસીઓ જે કોટાનકોટી તેણે સહિત સોળમા દ્વારને વિષે રહે છે. તે સર્વ વેષે કરીને અનિર્વચનીય છે.

૧૫૭. તેત્રીશ મુખ્ય ગોપીઓનાં નામ

અને તે તેત્રીસનાં નામ કહીએ છીએ. ૧. સુશીલા, ૨. શશિકલા, ૩.યમુના, ૪. માધવી, ૫. રતિ, ૬. કદંબમાલા, ૭. કુંતિ, ૮. જાહ્નવી, ૯. સ્વયંપ્રભા, ૧૦. ચંદ્રમુખી, ૧૧. પદ્મમુખી, ૧૨. સાવિત્રી, ૧૩. ગાયત્રી, ૧૪. સુધામુખી, ૧૫. શુભા/સુખા, ૧૬. પદ્મા, ૧૭. પારિજાતા, ૧૮. ગૌરી, ૧૯. સર્વમંગલા, ૨૦. કાલિકા, ૨૧. કમલા, ૨૨. દુર્ગા, ૨૩. ભારતી, ૨૪. સરસ્વતી, ૨૫. ગંગા, ૨૬. અંબિકા, ૨૭. મધુમતિ, ૨૮. ચંપાવર્ણા, ૨૯. સુંદરી, ૩૦. કૃષ્ણપ્રિયા, ૩૧. સતી, ૩૨. નંદિની, ૩૩. નંદના, એ રીતે તેત્રીસ રાધિકાની સખીઓ પોતાની કોટાનકોટિ દાસીઓએ સહિત તે સોળમા દ્વારને વિષે રહે છે.

૧૫૮. શ્રીરાધાકૃષ્ણના મહેલનો વૈભવ

હવે એથી આગળ રાધિકાનો મહોલ છે, તે ઘણાંક મંદિરોના મધ્યે છે. ચતુઃશાલ કહેતાં ચારે પાસે છે ઓસરી જેને એવો છે. ને મનોહર છે. ને અમૂલ્યમાં અમૂલ્ય એવાં જે રત્ન તેણે રચ્યો છે. ને હીરાએ યુક્ત જે નાના પ્રકારના રત્નમણિના થાંભલા તેણે શોભાયમાન છે. ને પારિજાતના ફૂલની માળાના સમૂહે કરીને વિરાજીત છે. ને મોતી માણેક યુક્ત છે ને શ્વેત ચામર ને દર્પણે યુક્ત છે.

અને અતિશે અમૂલ્ય રત્નના જે કળશ તેણે ભૂષિત છે. ને પવિતરાં, રાખડીઓ, ચંદનનાં પાદડાં તેમણે યુક્ત જે મણિના થાંભલા તેણે કરીને મનોહર છે. ને આંગણાએ યુક્ત છે. ને તે આંગણામાં ચંદન, અગર, કસ્તુરી, કુંકુમ તેનો ગારો છાંટ્યો છે. ને અક્ષત, ફૂલ, ફળ, પરવાળાં, ધ્રો, ધાણી તેણે વિભૂષિત છે. અને શ્રીફળ, સિંદૂર ને કુંકુમે યુક્ત રત્નના કળશ મૂક્યા છે અને તે કળશોને પારિજાતનાં ફૂલની માળાઓ પહેરાવી છે.

અને ઠેકાણે ઠેકાણે જે ધૂપ કર્યા છે તેણે કરીને સુંગધીમાન છે. અને બ્રહ્માંડને વિષે જે વસ્તુ અતિશે દુર્લભ છે તેણે વિરાજીત છે. અને તે મહોલમાં અતિશે ઝીણાં ને સુંદર ને ઘણાં ને અમૂલ્ય એવાં નાના પ્રકારનાં વસ્ત્ર છે. અને તે મહોલમાં ઝીણા ઓછાડે યુક્ત રત્નની શય્યાઓ ઘણી છે. અને તે રત્નની રત્નશૈયાઓમાં પારિજાતનાં પુષ્પ પાથર્યાં છે.

અને તે મહેલમાં કોટાનકોટી રત્નના ઘડા છે, થાળી છે, વાટકા છે, કળશિયા છે. ને તે મહોલ નાના પ્રકારના વાજિંત્રયુક્ત છે ને તે મહોલમાં ગોપીઓ સંગીતનું ગાન કરે છે. ને સારંગી, વીણા, સતાર, મૃદંગ ઈત્યાદિના શબ્દે કરીને યુક્ત છે. અને શ્રીકૃષ્ણ સરખા જે કોટાનકોટી ગોપના સમૂહ તેણે વીંટાણો છે ને રાધિકાની જે કોટાનકોટી સખીઓ તેના સમૂહે કરીને વિરાજિત છે. ને રાધા ને શ્રીકૃષ્ણના ગુણે યુક્ત જે મધુર સંગીતનું ગાન તે થાય છે. ને અતિશે ઉત્તમ નૃત્ય થાય છે.

અને ત્યાં એક સિંહાસન છે, તે અતિશે રૂડું છે. ને સો ધનુષ્ય પ્રમાણ છે ને ચારે પાસે ગોળ છે ને રૂડા રત્નના જે નાના નાના કળશ તેણે યુક્ત છે ને ચિત્રામણની જે પૂતળીઓ ને પુષ્પ તેણે કરીને શોભાયમાન છે. અને તે સિંહાસનને વિષે કોટાનકોટી સૂર્ય સરખો તેજનો સમૂહ છે. તે આશ્ચર્યમય છે ને અતિશે અદ્‌ભૂત ને સાત તાડ ઊંચો છે. ને સાત તાડ પ્રમાણ ચારેપાસ વિસ્તારવાન છે. ને સર્વના તેજને ચોરતલ છે. ને સર્વવ્યાપી છે, ને સર્વનું બીજ છે અને સર્વના ચક્ષુનો રુંધતલ છે. અને એ જે તેજરૂપે ભગવાન છે, તેની કાળભૈરવરૂપ શક્તિ છે. ને રાધિકાની ભૈરવી દાસી છે. એને કાળી કહીએ, ચંડી કહીએ. તે કાળભૈરવની સ્ત્રી છે. એ બેને શ્રીકૃષ્ણ ભગવાને રાખ્યાં છે. તે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને અર્થે છે.

૧૫૯. શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું વર્ણન

અને તે તેજના સમૂહને વિષે શ્રીકૃષ્ણ ભગવાન રહે છે ને તે

અતિશે મનોહર છે. ને સજળ મેઘ સરખા શ્યામ છે, મંદમંદ હસે છે ને પરમાનંદરૂપ છે ને ત્રિલોકીના ચિત્તને મોહનારા છે. ને મકરાકૃત કુંડળ પહેર્યાં છે ને રૂડા રત્નનાં બે પગમાં નૂપુર પહેર્યાં છે. અને અગ્નિમાં શુદ્ધ થાય એવા હળદર સરખાં અમૂલ્ય વસ્ત્ર પહેર્યાં છે. ને પોતા વડે શોભતાં એવાં જે રૂડા ઘરેણાં તે પેર્યા છે ને હાથમાં મોરલી છે. ને રાતા એવા જે હોઠ તેણે કરીને મનોહર છે. ને પ્રસન્ન નેત્રે કરીને જુએ છે ને ભક્તના અનુગ્રહને વિષે દીન છે. વળી તે તેજને વિષે રાધાજી પણ છે તે રાધાજી પોતાની સામું હસીને જોતા એવા જે શ્રીકૃષ્ણ તેને વાંકે નેત્રે કરીને જુએ છે.

૧૬૦. શ્રીરાધાજીના સ્વરૂપનું વર્ણન

અને વળી તે રાધાજી કેવાં છે ? તો મોતીની પંક્તિની નિંદાને કરે એવા જે સુંદર દાંત તેણે કરીને વિરાજિત છે. ને થોડુંક હસવાએ કરીને પ્રસન્ન ને શરદઋતુની પૂનમના જે ઘણાક ચંદ્રમા તેની શોભાને ચોરી લે એવું મુખ છે. અને ઘોલા(ઘિલોડા-લાલ ટીંડોરા) સરખા રાતા હોઠ છે ને પગમાં મંજીર જે ઝાંઝર તે પહેર્યાં છે. મહારત્નની કટિમેખલા પહેરી છે ને રૂડા રત્નના બાજુબંધ બાંધ્યા છે ને રૂડાં રત્નનાં કંકણ પહેર્યાં છે. પોપટ સરખી નાસિકા છે, તેમાં ગજમોતી પહેર્યું છે. ને ચોટલામાં માલતીનાં ફૂલ ગૂંથ્યા છે અને ડોકમાં રૂડા કૌસ્તુભમણિની માળા પહેરી છે અને પારિજાતનાં ફૂલની માળાઓ પહેરી છે, ને આંગળીઓમાં રત્નની વીંટીઓ પહેરી છે. ને હાથને વિષે અતિશે રૂડો ચૂડલો પહેર્યો છે. એવાં જે રાધાજી તે જ્યારે રથ ઉપર બેસીને નીસરે છે ત્યારે એકવીશ સો કરોડ(૨૧ અબજ) ગોપીઓએ સહિત રથમાં બેસે છે.

૧૬૧. શ્રીરાધાજીના રથનું વર્ણન

અને તે રથ કેવો છે ? તો રત્નમાં સાર એવાં જે રત્ન તેણે રચ્યો છે ને કોટી સૂર્ય સરખું તેનું તેજ છે. ને તે રથ રત્નના ત્રણ કરોડ

કળશથી યુક્ત છે, ને ચિત્રામણે કરીને વિરાજિત છે, ને લાખ પૈડાંએ યુક્ત છે. મનના સરખો તેનો વેગ છે. ને નાના પ્રકારનાં ચિત્ર-વિચિત્ર ઘરેણાંએ કરીને શોભાયમાન એવા ને મણિમાં જે સાર મણિ તેણે કરીને રચ્યા એવા જે કરોડ સ્થંભ તેણે કરીને મનોહર છે. ને તે થાંભલા નાના પ્રકારના ચિત્રામણે સહિત છે. ને મધ્યમાં સિંદૂર સરખા મણિએ કરીને રચ્યાં છે(બનાવેલા છે.) ને તે થાંભલામાં રત્નના કરેલ સિંહ છે તે સિંહ રત્ન મુખમાં લઈને ઊંચું જોઈ રહ્યા છે. ને તે સિંહ ચાર લાખ છે. તેમણે પગમાં રત્નના ચિત્રવિચિત્ર ઝાંઝર પેર્યાં છે.

અને તે રથમાં રત્ને કરીને નિર્મિત એવાં લાખ રતિનાં મંદિર છે. અને તે મંદિરોને મણિમાં સાર એવાં જે મણિ તેનાં કમાડ છે. ને તે કમાડ ચિત્રામણે કરીને શોભે છે. ને તે મંદિર રત્નના કળશે કરીને ઉજ્જ્વળ છે. ને ભોગના પદાર્થ ને વેશ ધર્યાના પદાર્થ એણે યુક્ત છે. ને તે મંદિરોમાં રત્નની શય્યાઓ છે અને રત્નનાં પાત્ર છે, રત્નનાં ઘડા છે અને નીલમણિની ઓટલીઓના સમૂહે યુક્ત છે.

અને કુંકુમ જેવા મણિ, સ્યમંતકમણિ, કૌસ્તુભમણિ, રુચકમણિ ને બીજા પણ ઘણાંક રૂડા મણિ તેણે કરીને તે રથ રચ્યો છે. અને સો કરોડ જે ચિત્રામણના કમળ તેણે કરીને ને ચિત્રામણના વનની જે પંક્તિઓ તેણે કરીને શોભાયમાન છે. તે રથ સો યોજન ઊંચો છે ને દશ યોજન પહોળો છે.

અને પારિજાત, મોગરો, કણીયેર, યૂથિકા(જુઈ), ચંપો, નાગચંપો, મલ્લિકા, માધવી, માલતી, કદંબ અને હજાર પાંખડીવાળાં કમળ એ સર્વની કોટાનકોટી જે માળા, તેણે કરીને તે રથ યુક્ત છે. બીજાં પણ ચિત્રામણનાં જે પચરંગી પુષ્પ તેના વને કરીને યુક્ત છે. ને તે રથને વિષે નાના પ્રકારનાં સુગંધીમાન જે પદાર્થ તેનો શ્રેષ્ઠ વાયુ વહે છે. અને રૂડાં ને ઝીણાં જે વસ્ત્ર તેના સમૂહે કરીને તે રથ ઢાંકેલ છે.

અને લાખ જે રત્નના ઢોલિયા તેણે યુક્ત છે. ને કરોડ જે શ્વેત ચમર તેણે યુક્ત છે. તે ચમર અગર, કસ્તુરી, કુંકુમ તેને ગારે કરીને છાંટ્યા છે. ને તે રથ પારિજાતનાં ફૂલોની જે કરોડ શય્યા તેણે યુક્ત છે. ને કરોડ રત્નની શય્યાએ યુક્ત છે ને તે શય્યા ચંદને છાંટેલ જે ચંપાનાં પુષ્પ તેણે શોભાયમાન છે. એવી રીતની સામગ્રીએ યુક્ત રાધિકાનો રથ છે.

૧૬૨. શ્રીકૃષ્ણનું રાજાધિરાજપણું

અને એ ગોલોકને વિષે વ્રજા(વિરજા) આદિક બીજી ગોપીઓ પણ રાધિકા જેવી ઘણી છે અને એ ગોલોકને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું મહારાજાધિરાજપણું છે. તે સારુ અનેક બ્રહ્માંડોના અધીશ્વર જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, નારાયણ, શેષજી એ આદિક સર્વે દર્શને આવે છે. અને વળી મહાલક્ષ્મી, સરસ્વતી, પાર્વતી, સાવિત્રી એ આદિક જે દેવીઓ તે પણ દર્શને આવે છે.

૧૬૩. શ્રીકૃષ્ણના દર્શને આવતા નારાયણનું વર્ણન

તેમાં નારાયણ કોઈક સમયને વિષે મણિને હીરે જડીત એવો જે ઉત્તમ રથ તે ઉપર મહાલક્ષ્મી ને સરસ્વતી જે પોતાની બે સ્ત્રીઓ તેણે સહિત બેસીને એ ગોલોકને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરવા આવે છે. અને **તે રથ કેવો છે ?** તો લાખ જે શ્વેત ચમર ને દશ હજાર જે દર્પણ તેણે કરીને શોભાયમાન છે. ને ઝીણું ને અગ્નિમાં શુદ્ધ થાય એવું જે કાષાય વસ્ત્ર તેણે શોભિત છે. ને સાચા રત્નના જે હજાર કળશ તેણે યુક્ત છે ને શ્રેષ્ઠ જે પાર્ષદ તેણે યુક્ત છે ને તે રથ સુવર્ણનો છે ને સો સૂર્ય સરખું તેનું તેજ છે.

એવો જે રથ તે ઉપર નારાયણ બેઠા છે તે કેવા છે ? તો શ્યામ છે, મનોહર છે, અતિ સુંદર છે; શંખ, ચક્ર, ગદા ને પદ્મ તેના ધરતલ છે અને પીતાંબર વસ્ત્ર પહેર્યું છે ને શ્રેષ્ઠ છે. અને મુગટ મસ્તક ઉપર પહેર્યો છે ને વનમાળાએ કરીને શોભાયમાન છે. ને ચંદન, અગર,

કસ્તુરી ને કુંકુમ તેણે કરીને ચર્ચિત છે ને ચારભુજા છે ને હસતું મુખ છે ને ભક્ત ઉપર દયાવાળા છે. ને મણિમાં સાર એવાં જે મણિ તેનાં ઘરેણાં પહેર્યાં છે.

વળી તે નારાયણને ડાબે પડખે શુક્લ છે વર્ણ જેનો એવી, ને વેણું ને વીણા છે જેના હાથમાં એવી ને વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી ને જ્ઞાનસ્વરૂપ એવી જે સરસ્વતી તે બેઠી છે. અને જમણે પડખે તપાવેલ સુવર્ણ સરખો છે વર્ણ જેનો એવાં જે મહાલક્ષ્મી તે બેઠાં છે. એવા જે નારાયણ તે શ્રીકૃષ્ણની મૂર્તિને વિષે લીન થઈ જાય છે.

૧૬૪. શ્રીકૃષ્ણના દર્શને આવતા વિષ્ણુ વગેરેનું વર્ણન

અને વિષ્ણુ પણ સુવર્ણના રથ ઉપર બેસીને લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનના દર્શનને અર્થે આવે છે. તે વિષ્ણુ કેવા છે ? તો જગતના પતિ છે ને ચાર ભુજાએ યુક્ત છે ને વનની માળાએ યુક્ત છે. ને પીતાંબર વસ્ત્ર પહેર્યું છે ને શોભાયમાન છે ને કાંઈક હસે છે. ને મનોહર છે ને સર્વે ઘરેણાંએ યુક્ત છે. ને કોટી સૂર્ય સરખી કાંતિએ યુક્ત છે. એવા જે વિષ્ણુ તે પણ શ્રીકૃષ્ણના દેહને વિષે લીન થઈ જાય છે.

અને શુદ્ધ સ્ફાટિકમણિના સરખી છે કાંતિ જેની એવા જે **સંકર્ષણ** તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને દર્શને આવે છે. તે કેવા છે તો હજાર મસ્તકે યુક્ત છે ને સો સૂર્યના સરખી કાંતિએ યુક્ત છે, એવા જે સંકર્ષણ તે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરે છે. અને નરનારાયણ પણ એ ગોલોકને વિષે શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કરવા આવે છે. તે આવીને શ્રીકૃષ્ણ ભગવાનના દેહને વિષે લીન થાય છે.

વળી હજાર પૈડાંએ યુક્ત ને મનના સરખો વેગવાળો ને મધ્યાહ્નના સૂર્ય સરખો ને ચાર યોજન પહોળો ને પચાસ યોજન ઊંચો ને સૂર્ય સરખા સો મંદિર તેણે યુક્ત એવો જે રથ તે ઉપર બેસીને પોતાના દીકરા જે શ્યામ કાર્તિક ને ગણેશ તેણે સહિત **પાર્વતી** ગોલોકને વિષે

શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શને આવે છે. અને રથ ઉપરથી ઉતરીને સિંહના વાંસા ઉપર બેસીને ભગવાનનાં દર્શન કરે છે ને સ્તુતિ કરે છે. અને **શિવ** પણ પોઠિયા ઉપર બેસીને શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા આવે છે. અને **બ્રહ્મા** પણ સાવિત્રીએ સહિત તે ગોલોકને વિષે ભગવાનનાં દર્શન કરવા આવે છે. ને ધર્મ પણ મૂર્તિએ સહિત રથ ઉપર બેસીને ભગવાનનાં દર્શન કરવા આવે છે.

૧૬૫. વિરજા નદીથી વ્યાપ્ત ગોલોકાદિ વર્ણન

એવો જે સર્વ વિભૂતિઓએ યુક્ત ગોલોક તે વિરજા નદીએ કરીને વ્યાપ્ત છે. ને શતશૃંગ પર્વતે વ્યાપ્ત છે. ને વિરજા નદી કરોડ જોજન પહોળી છે ને એથી અરધી ઊંડી છે ને દશગણી લાંબી છે. અને એવો જે ગોલોક તેને જમણે પડખે વૈકુંઠ છે, તે કરોડ જોજનમાં વિસ્તારવાન છે ને ગોલોકને ડાબે પડખે પચાસ કરોડ જોજન હેઠો કૈલાસ છે. તે કરોડ જોજનમાં વિસ્તારવાન છે. ને એ ત્રણે લોક આત્માની પેઠે નિત્ય છે ને સનાતન છે, ને અનંતકોટિ બ્રહ્માંડની સામગ્રીએ યુક્ત છે ને માયામય છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની યોગમાયાએ કરીને નિર્મિત છે.

અને શ્રીકૃષ્ણનાં ચરણારવિંદમાંથી જેને પ્રીતિ ઓછી થાય અને એ વિભૂતિઓને વિષે પ્રીતિ થાય તો તે જીવ જન્મ-મરણને પણ ભોગવે. ને જો ભગવાનના ચરણારવિંદ વિષે જેને પ્રીતિ હોય તે ગોલોકને વિષે રહે ને જો ચરણારવિંદને વિષેથી પડે તો સદ્-અસદ્વાસનાએ યુક્ત થઈને બ્રહ્માંડોને વિશે વાસનાનુસારે જન્મને પામે. તે સદ્-અસદ્વાસના નિર્મિત જે લોક તેને કહીએ છીએ.

૧૬૬. જંબુદ્વીપની વિવિધ રચનાઓનું વર્ણન

હે પરમહંસો ! પૃથ્વીનું જે મંડળ તે રૂપ જે કમળ તેના ડોડા જે સપ્તદ્વીપ તેમને વિષે માંહીલો જે ડોડો તે પ્રથમ જંબુદ્વીપ છે. તે જંબુદ્વીપ લાખ જોજન પહોળો છે અને સમ છે ને ગોળ છે, જેમ કમળનું પાંદડું

છે તેમ. અને તે જંબુદ્વીપને વિષે નવ નવ હજાર જોજનમાં છે વિસ્તાર જેમનો એવા નવ ખંડ છે. તે આઠ એવા જે મર્યાદાના પર્વત તેણે કરીને રૂડા પ્રકારે વહેંચાણા છે.

એમના(જંબુદ્વીપના) મધ્યને વિષે ઈલાવ્રત નામે વચલો ખંડ છે તે મેરુને હેઠે એક કોરે છે અને જે ઈલાવ્રતની નાભિને વિષે **મેરુ** રહ્યો છે તે સર્વ સુવર્ણનો છે અને સર્વ ગિરિના કુળનો રાજા છે. અને જંબુદ્વીપનો જેટલો પ્રમાણ(પહોળો) છે તેટલો ઊંચો છે કહેતાં લાખ જોજન ઊંચો છે અને પૃથ્વીરૂપ કમળની ડાંડીરૂપ છે અને માથાને વિષે બત્રીશ હજાર જોજન પહોળો છે અને મૂળને વિષે સોળ હજાર જોજન પહોળો છે. અને સોળ હજાર જોજન પૃથ્વીમાં પેઠો છે અને ચોર્યાશી હજાર જોજન બહાર દેખાય છે. એ રીતે લાખ જોજન ઊંચો છે.

અને ઈલાવ્રતની ઉત્તર ઉત્તર દિશાને વિષે(ઉત્તર દિશાને વિષે આગળ આગળ) અનુક્રમે કરીને નીલ, શ્વેત અને શૃંગવાન એ ત્રણ પર્વત રમ્યક, હિરણ્ય અને કુરુ એ જે ખંડ તેની મર્યાદાના પર્વત છે. તે પૂર્વ દિશાથી પશ્ચિમ દિશાયે લાંબા છે અને બેય કોરે સમુદ્રને વિષે છે અવધિ જેમની એવા છે. અને બે હજાર જોજન પહોળા છે અને તે પર્વત એક એક કરીને પૂર્વ થકી આગળ આગળ દશમા અંશ થકી કાંઈક અધિક એવો જે અંશ તેણે કરીને દીર્ઘપણાને વિષે જ નાના છે પણ ઊંચાપણાને વિષે અને પહોળાપણાને વિષે બરાબર છે.

એ રીતે ઈલાવ્રતની દક્ષિણ દિશાને વિષે નિષધ, હિમકુટ, હિમાલય એ ત્રણ પર્વત હરિવર્ષ, કિંપુરુષ અને ભરતખંડના અનુક્રમે કરીને મર્યાદાના રાખનારા છે. અને નીલાદિક પર્વતની જેમ પૂર્વ દિશા થકી દીર્ઘ છે અને બેય પાસે સમુદ્રને અડ્યા છે. અને દશ દશ હજાર જોજન ઊંચા છે અને બે બે હજાર જોજન પહોળા છે અને નીલાદિક (પર્વત) પણ દશ હજાર જોજન ઊંચા છે.

તેમજ ઇલાવ્રતને પૂર્વ પશ્ચિમ દિશાને વિષે માલ્યવાન ને ગંધમાદન એ બે પર્વત જે ઉત્તર દિશાને વિષે નીલ પર્વત પર્યંત અને દક્ષિણ દિશાને વિષે નિષધ પર્વત પર્યંત લાંબા છે અને બે હજાર જોજન પહોળા છે. અને કેતુમાળ ને ભદ્રાશ્વ એ બે ખંડની સીમાને ધરે છે અને મંદર, મેરુમંદર, સુપાર્શ્વ, કુમુદ એ ચાર પર્વત મેરુની ચારે દિશા પ્રત્યે થાંભલારૂપ કલ્પ્યા છે અને દશ હજાર જોજન છે વિસ્તાર ને ઊંચાપણું જેમનું એવા છે.

અને એ ચાર પર્વતને વિષે આંબો, જાંબુ, કદંબ ને વડ એ ચાર શ્રેષ્ઠ ઝાડવાં છે, તે પર્વતની ધજાની પેઠે રહ્યાં છે અને અગિયારસો જોજન ઊંચાં છે ને તેટલો જ છે ડાળખિયુંનો વિસ્તાર જેમનો એવા છે. અને સો સો જોજન પહોળાં છે થડ જેમનાં એવાં છે. અને તે પર્વત ઉપર ચાર ધરા છે. તેમાં એક દૂધનો છે, બીજો મધનો છે અને ત્રીજો શેલડીના રસનો છે અને ચોથો મીઠા જળનો છે. હે સંતો ! એ ધરાને સેવનારા એવા જે ઉપદેવના ગણ, સ્વાભાવિક એવાં જે યોગનાં ઐશ્વર્ય તેમને ધારે છે.

અને વળી તે પર્વતની ઉપર દેવતાઓનાં ચાર વન છે. એક તો નંદન, બીજું ચૈત્રરથ, ત્રીજું વૈભ્રાજક, ચોથું સર્વતોભદ્ર એ રીતે ચાર પર્વત ઉપર ચાર વન છે. એમને વિષે દેવતાઓની જે સ્ત્રીઓ તેના મધ્યમાં શ્રેષ્ઠ એવી જે સ્ત્રીઓ તેનો જે સમૂહ, તેના પતિ એવા અને ઉપદેવ જે ગંધર્વના સમૂહ તેણે ગાન કર્યો છે મહિમા જેનો, એવા જે મોટા દેવતા, તે સ્ત્રીયું ભેળે રમે છે.

૧૬૭. વિવિધ પર્વતસ્થ વનરાજીનું વર્ણન

અને મંદરાચલની ઉપર અગિયારસો જોજન ઊંચો જે દેવતાઓનો **આંબો** તેના માથા થકી પર્વતનાં શિખર જેવાં જાડાં ને અમૃત જેવાં જે ફળ તે પડે છે અને તે ફળ ત્યાંથી પડીને ફૂટી જાય છે. તેનો અતિશે મીઠો, રુડો, સુગંધીમાન ઘણો ને રાતો એવો જે રસ તે જ જે જળ તેણે

કરીને અર્ણોદા એવે નામે નદી થઈ છે. તે મંદરાચલના શિખર થકી પડતી સતિ પૂર્વ દિશાને વિષે ઈલાવ્રતને પલાળે છે. જે રસના સેવન થકી ભવાનીની દાસીઓ જે પુરાપજન(યક્ષ)ની સ્ત્રીઓ, તેમના અવયવને સ્પર્શ કરીને સુગંધીમાન થયો એવો જે વાયુ, તે દશ યોજન પર્યંત ચારે પાસ સુગંધીમાન કરે છે.

એ રીતે મેરુમંદરાચલ પર્વતને ઉપર જે **જાંબુનો** વૃક્ષ તેની અતિ ઊંચાઈ થકી પડીને ફૂટ્યાં એવાં, અને નથી ગોટલી જેમને વિશે એવાં, અને હાથીનાં દેહ સરખાં જાડાં એવાં જાંબુનાં ફળ તેનો જે રસ તેણે કરીને જંબુ નામે નદી થઈ છે. તે અગિયારસો જોજન ઊંચો જે મેરુમંદર તેનાં શિખર થકી પૃથ્વીના તળને વિષે પડતી થકી, ને પોતાને પલાળતી થકી દક્ષિણ દિશાને વિષે સર્વ ઈલાવ્રતને પલાળે છે. તેના બે કાંઠાને વિષે જે મૃત્તિકા તે તેના રસે કરીને પલળી અને વાયુ ને સૂર્ય તેના સંયોગનો જે વિપાક તેણે કરીને સદા દેવતાઓને આભરણરૂપ જે જાંબુનદ નામે સુવર્ણ તે થાય છે. જેને વિબુધાદિક(દેવો) પોતાની સ્ત્રીયુંયે સહિત મુકટ, કડાં, કટીસૂત્ર એ આદિક ઘરેણાં કરીને નિશ્ચે ધારે છે.

અને જે મોટો **કદંબ** વૃક્ષ સુપાર્શ્વ પર્વતને વિષે રહ્યો છે તેના કોટર(પોલાણ; બખોલ)માંથી પાંચ મધની ધારા નીસરે છે. તે પાંચ વાંભ(એક વાંભ = બે હાથ પહોળા કરીએ તેટલું માપ) જાડિયું છે. તે સુપાર્શ્વ પર્વતના શિખર થકી પડતી થકીયું, પોતાને પલાળીને પશ્ચિમ દિશાને વિષે ઈલાવ્રતને આનંદ ઊપજાવે છે. તે ધારાઓને સેવનારા એવા જે દેવતા તેના મુખમાંથી નીસર્યો એવો જે વાયુ, તે ચારે પાસે સો જોજન સુધી સુગંધીમાન કરે છે.

એ રીતે **કુમુદ** પર્વતને વિષે રહ્યો એવો જે **શતવલ્શ** નામે વડ તેના ડાળ થકી હેઠે પડ્યા એવાં જે દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, અન્નાદિક, વસ્ત્ર, શય્યા, આસન, આભરણ આદિક, તે એ વડની ડાળીઓ થકી

નીસરે છે. એ સર્વે નદ(પ્રવાહ) કામના દેનારા કુમુદ પર્વત થકી પડતા થકા, તે ઈલાવ્રતને ઉત્તરાદિ દિશાને વિષે જોડાય છે.

એમને સેવનારી જે પ્રજા તેમને કોઈ દિવસ પણ ત્વચાની કરચલી, પળી(ધોળા વાળ) ને ખેદ, પરસેવો, દુર્ગંધ, તાવ, રોગ, મૃત્યુ, શીત, ઉષ્ણ અને કુરૂપપણું એની આપ્તિ(પ્રાપ્તિ)રૂપ જે તાપના ભેદ તે નથી થાતા અને જ્યાં સુધી જીવે ત્યાં સુધી અતિશે સુખ જ છે.

૧૬૮. અન્ય પર્વતોનું વર્ણન

અને કુરંગ, કુરર, કુસંભ, વૈકુંક, ત્રિકુટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિતિવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર, નારદ એ આદિ વીશ પર્વત મેરુને કમળની ડાંડીના કેસર(પરાગ) હોય ને શું ? એમ મેરુના મૂળ દેશને વિષે ચારે કોરે કલ્પ્યા છે.

અને જઠર ને દેવકુટ એ બે પર્વત, મેરુના મૂળથી હજાર જોજન છેટે મેરુને ઉગમણી કોરે મેલ્યા(રહ્યા) છે અને અઢાર હજાર જોજન વિસ્તારવાન છે, કહેતાં લાંબા છે અને બે હજાર જોજન પહોળા ને ઊંચા છે.

એ રીતે પવન ને પારિયાત એ બે પર્વત, મેરુને પશ્ચિમ દિશાને વિષે મૂક્યા(રહેલા) છે અને એવા જ કૈલાસ ને કરવીર એ બે પર્વત, મેરુને દક્ષિણાદિ કોરે મૂક્યા છે. એ રીતે જ ત્રિશૃંગ ને મકર એ બે પર્વત, મેરુને ઉત્તરાદિ દિશાને વિષે છે. એ આઠ પર્વતે કરીને વિસ્તારવાન એવો જે સુવર્ણનો પર્વત મેરુ, તે ચારે પાસે શોભે છે.

૧૬૯. મેરુ પર્વત ઉપર રહેલી નગરીઓનું વર્ણન

અને મેરુના મસ્તકના મધ્યને વિષે સમર્થ એવા આત્મયોની જે બ્રહ્મા તેની પુરી રચી છે. તે દશ હજાર જોજનમાં છે અને ચારે પાસે સમ છે, તેને વાતકુંભી કહેતાં સુવર્ણની કહે છે.

તેને કેડે(નીચે) ચારે પાસ આઠ લોકપાળની આઠ પુરીઓ છે. તે ઉગમણી આદિક જે દિશા તેને વિષે અનુક્રમે કરીને છે. અને ઈન્દ્રાદિકનાં રૂપને ન ઓળંગીને બ્રહ્માની પુરીનો ચોથો ભાગ જે અઢી હજાર જોજન તેણે કરીને રચી છે, કહેતાં અઢી અઢી હજાર જોજન પહોળીયું છે.

૧૭૦. ગંગાજીના અવતરણનું વર્ણન

(વામન)ભગવાનના ચરણારવિંદે ફોડ્યો એવો જે અંડકટાહ, તેમાંથી જળ નીસર્યું. તે હજાર યુગે કરીને પ્રથમ ધ્રુવના લોકમાં આવ્યું. ત્યાંથી સપ્તઋષિના લોકમાં આવ્યું. તે જળને સપ્તઋષિ પોતાની જટાએ કરીને ધારે છે. ત્યાંથી ઊતરતી થકી અનંતકોટી વિમાન તેણે કરીને ભરેલ એવો જે દેવયાન કહેતાં આકાશમાર્ગ તેણે કરીને ઊતરતી થકી, મેરુ ઉપર જે બ્રહ્માનો લોક તેમાં આવી.

ત્યાં ચાર પ્રકારે ભેદન પામીને ચાર નામ થયાં. તે ગંગા મેરુને ચારે કોરે પડતી થકી સમુદ્રને વિષે પ્રવેશ કરે છે. તે ચાર નામ : સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા. તેમાં **સીતા** તો બ્રહ્માના લોક થકી કેસરાચલ આદિક પર્વતોમાં થઈને ગંધમાર્દન પર્વત માથે પડીને ભદ્રાશ્વ ખંડમાં થઈને, ઉગમણી દિશાને વિષે (ખારા) સમુદ્ર પ્રત્યે પ્રવેશ કરે છે. અને **ચક્ષુ** એવા નામે જે ગંગા તે મેરુ પર્વત થકી માલ્યવાન આદિક પર્વતમાં થઈને પશ્ચિમ દિશામાં (ખારા) સમુદ્રને વિષે પ્રવેશ કરે છે.

અને **ભદ્રા** એવે નામે ગંગા, મેરુના માથાથી પડતી થકી ઉત્તર દિશામાં જઈને (વહેતી થકી સમુદ્રમાં મળે છે.) **અલકનંદા** ગંગા બ્રહ્માના લોક થકી પડતી થકી દક્ષિણ દિશાને વિષે પર્વતોને ભેદતી થકી ભરતખંડમાં આવીને (તે અલકનંદા) નવે ખંડને વિષે જે ભક્ત તેમના અનુગ્રહને અર્થે પોતાની મૂર્તિઓના સમૂહે કરીને સમર્થ એવા નારાયણ તેની સમીપે રહે છે.

૧૭૧. નવેય ખંડના ભક્તો અને તેની ઉપાસનાની વિગત

તેમાં પ્રથમનો જે **ઈલાવ્રત ખંડ** તેને વિષે એક શિવ જ પુરુષ છે, બીજી તો હજાર અર્બુદ સ્ત્રીઓએ સહિત પાર્વતી રહે છે. અને તે શિવ સંકર્ષણની મૂર્તિની મને કરીને ઉપાસના કરે છે.

અને **ભદ્રાશ્વ ખંડ**ને વિષે ભદ્રશ્રવા એવે નામે જે ધર્મનો દીકરો, તે પોતાના સેવકે સહિત થકો વાસુદેવની મૂર્તિ જે હયગ્રીવ નામે તેની ઉપાસના કરે છે.

અને **હરિવર્ષ ખંડ**ને વિષે વાસુદેવ ભગવાનની મૂર્તિ જે નૃસિંહ નામે રહે છે તેની તે ખંડના મનુષ્યે સહિત પ્રહ્લાદજી ભક્તિ-સ્તુતિ કરે છે.

અને **કેતુમાળ ખંડ**ને વિષે વાસુદેવ ભગવાન લક્ષ્મીનું પ્રિય કરવાને અર્થે કામદેવરૂપે કરીને રહે છે. તે ખંડને વિષે સંવત્સર નામે પ્રજાપતિ, પોતાના દીકરા ને દીકરીઓએ સહિત રહે છે. તે છત્રીશ હજાર દીકરા છે અને છત્રીસ હજાર દીકરીઓ છે. તે મનુષ્યની આવરદાએ કરીને ગણના કરી છે. તેથી વધુ થાય છે, તેને સુદર્શન ચક્ર કાપી નાંખે છે. અને તે કામદેવની, લક્ષ્મી દિવસને વિષે તે પુરુષ તેમણે સહિત સ્તુતિ કરે છે અને રાત્રિને વિષે તે સ્ત્રીઓએ સહિત સ્તુતિ કરે છે.

અને **રમ્યક ખંડ** તેને વિષે વાસુદેવ ભગવાન મત્સ્યરૂપે કરીને રહે છે. તેની સત્યવ્રતમનુ સ્તુતિ કરે છે.

અને **હિરણ્યમય ખંડ**ને વિષે વાસુદેવ ભગવાન કૂર્મરૂપે કરીને રહે છે, તેની અર્યમા પિત્રિ ખંડના પુરુષે સહિત સ્તુતિ કરે છે.

અને ઉત્તર **કુરુ ખંડ**ને વિષે વાસુદેવ ભગવાન વારાહરૂપે કરીને રહે છે, તેની આ પૃથ્વી તે ખંડના પુરુષે સહિત સ્તુતિ કરે છે.

અને **કિંપુરુષ ખંડ**ને વિષે લક્ષ્મણના મોટાભાઈ રામચંદ્ર રહે છે, તેની હનુમાન તે ખંડના પુરુષે સહિત સ્તુતિ કરે છે.

અને **ભરતખંડ**ને વિષે ભગવાન નરનારાયણ રહે છે, તેની સમર્થ એવા નારદજી સ્તુતિ કરે છે.

૧૭૨. ભરતખંડનાં પર્વતો અને નદીઓનાં નામ

અને તેવા આ ભરતખંડને વિષે નદીયો ને પર્વત ઘણાંક છે. તે **પર્વતો**નાં નામ : મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકુટ, ઋષભ, કુટક, કોલ્લક, સહ્ય, દેવગીરી, ઋષ્યમૂક, શ્રીશૈલ, વૈંકટ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, અક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકુટ, ગોવર્ધન, રૈવતક(ગિરનાર), કકુભ, નીલ, ગોકામુખ, ઈન્દ્રનીલ, કામગિરિ - એટલા અને બીજા પણ સો એ સો અને હજારે હજાર પર્વત છે. તે પર્વતો થકી થઈ એવી નદીઓ અને શ્રોત(ઝરણાં)-ધ્રો(ધરા) તે ઘણાંક છે.

અને તે **નદીઓ**નાં નામ : ચંદ્રવંશા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણી, ભીમરથી, ગોદાવરી, નિર્વિંધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિંધુ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકલ્યા, ત્રિસામા, કૌશિકી, મંદાકિની, જમુના, સરસ્વતી, દૃષદ્વતી, સરયૂ, ઓઘવતી, સપ્તવતી, સુષોમા, શતદ્રુ, ચંદ્રભાગા, મરુદ્‌વૃધા, વિતસ્તા, અસિક્નિ, વિશ્વા - એ આદિ થઈને ઘણીક નદીઓ છે અને અંધ અને શોણ એ આદિ થઈને ઘણાંક નદ છે.

અને આ જંબુદ્વીપને વિષે સગર રાજાના દીકરાઓએ ઘોડો ખોળવા સારુ ખોદ્યા એવા આઠ **ઉપદ્વીપ** છે. તેમનાં નામ કહે છે : સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુકર, આવર્તન, રમણક, મંદર, હરિણ, પાંચજન્ય, સિંહલ એ રીતે આઠ અને નવમો લંકા છે. એ રીતે કેટલાક કહે છે. આ સર્વે જંબુદ્વીપનું વર્ણન કર્યું તે **જંબુદ્વીપ** લાખ જોજનનો છે.

૧૭૩. પ્લક્ષદ્વીપનું વર્ણન

હવે આ જંબુદ્વીપ થકી બીજા પ્લક્ષાદિક દ્વીપ તેમનાં પ્રમાણ, લક્ષણ અને રચનાયે કરીને ખંડનો વિભાગ વર્ણન કરીએ છીએ. અને જેટલો આ જંબુદ્વીપ પહોળો છે તેટલો પહોળો જે ખારો સમુદ્ર તેણે કરીને વીંટાણો છે. જેમ મેરુ જંબુદ્વીપે કરીને વીંટાણો છે તેમ ખારો સમુદ્ર પણ પોતા થકી બમણો પહોળો જે **પ્લક્ષદ્વીપ** તેણે કરીને ચારે કોરે વીંટાણો છે. જેમ ખાઈ બહારલા વને કરીને વીંટાય તેમ વીંટાણો છે.

અને તે પ્લક્ષદ્વીપને વિષે જંબુદ્વીપનો જેટલો છે પ્રમાણ જેનો એવો ને દ્વીપના નામનો કરનારો અને સુવર્ણ જેવો એક પીપળાનો વૃક્ષ છે, તેને વિષે સપ્તજિહ્વ એવે નામે અગ્નિ રહે છે. તે દ્વીપના ધણી પ્રિયવ્રતના દીકરા **ઈધ્મજીહ્વ** એવે નામે છે. તે પોતાના દ્વીપના સાત ખંડ કરીને અને સાતનાં નામ કરીને પોતે આત્મયોગે કરીને રમતો હતો.

તે ખંડનાં નામ : શિવ, યવસ, સુભદ્ર, શાન્ત, ક્ષેમ, અમૃત અને અભય એ સાત નામ કહ્યાં અને એ ખંડને વિષે સાત નદી અને સાત પર્વત એટલા જ પ્રસિદ્ધ છે.

તે પર્વતનાં નામ : મણિકુટ, વજ્રકુટ, ઈન્દ્રસેન, જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ ને મેઘમાલ એ રીતે સાત મર્યાદાના ગિરિ છે. અને વળી સાત નદીનાં નામ : અરુણા, નૃમણા, અંગિરસિ, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા એ રીતે સાત મોટી નદીયો છે.

જેના જળના સ્પર્શે કરીને ટળી ગયા છે રજોગુણ ને તમોગુણ જેના એવા ચાર વર્ણ છે. તે વર્ણનાં નામ : હંસ, પતંગ, ઉર્ધ્વાયન, સત્યાંગ એ રીતે ચાર છે અને હજાર વરસની આવરદાવાળા તે વર્ણ છે અને દેવતા સરખાં છે રૂપ અને પ્રજા જેમની એવા છે અને એ સર્વે સ્વર્ગના દ્વારરૂપ અને વેદમૂર્તિ એવા જે સમર્થ સૂર્યરૂપ આત્મા તેને યજે છે અને

એ રીતે સ્તુતિ કરે છે કે, 'પુરાણ પુરુષ એવા જે વિષ્ણુ તેનું રૂપ જે સૂર્ય તેને અમે શરણે છીએ.'

તે સૂર્ય કેવા છે ? તો સત્ય જે કહ્યો એવો ધર્મ તેના આત્મા છે અને ઋત જે અતિ વહાલો ધર્મ તેના આત્મા છે અને વેદના આત્મા છે અને શુભફળના આત્મા છે, કહેતાં એ સર્વના અધિષ્ઠાતા છે. અને પ્લક્ષાદિક જે પાંચ દ્વીપ તેમને વિષે (સર્વે) પુરુષોની (જન્મથી જ) આવરદા, ઇન્દ્રિયો ને ઓજ જે ઇન્દ્રિયો ને પ્રાણની શક્તિ અને સહ જે મનની શક્તિ અને બળ જે દેહની શક્તિ અને બુદ્ધિ, પરાક્રમ એ સર્વની સ્વાભાવિક સિદ્ધિ અવિશેષે(સમાનપણે) કરીને વર્તે છે.

૧૭૪. શાલ્મલીદ્વીપનું વર્ણન

અને જેમ પ્લક્ષદ્વીપ પોતા જેવડો છે ઉનમાન(માપ) જેનો એવો જે બે લાખ યોજનનો શેલડીના રસનો સમુદ્ર તેણે કરીને વીંટાણો છે, તેમ (ત્રીજો) **શાલ્મલીદ્વીપ** પણ ચાર લાખ જોજન પહોળો છે અને પોતા જેવડો જે દારુનો સમુદ્ર તેણે વીંટાણો થકો રહ્યો છે. અને જે દ્વીપને વિષે શાલ્મલીના વૃક્ષ છે અને તેને વિષે પક્ષીઓના રાજા અને વેદે કરીને ભગવાનની સ્તુતિ કરતા એવા ગરુડજીનું સ્થાનક છે. તે શાલ્મલીવૃક્ષ તે દ્વીપનું નામ કરવાને અર્થે કારણ છે.

અને તે દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના દીકરા **યજ્ઞબાહુ** છે. તે પોતાના સાત દીકરાઓના નામે છે નામ જેમનાં એવા જે સાત ખંડ તેને પોતાના સાત દીકરાઓને વહેંચી દેતા હતા. તે સાત દીકરાઓનાં નામ : સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત એ નામે સાત છે. એ રીતે તેને વિષે ખંડના સાત પર્વત અને સાત નદીઓ એટલા જ પ્રસિદ્ધ છે.

અને તે પર્વતોનાં નામ : સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, કુમુદ, પુષ્પવર્ષ ને સહસ્રશ્રુતિ એ રીતે સાત છે. હવે નદીનાં નામ : અનુમતિ,

સિનીવાલી, સરસ્વતી, કુહુ, રજની, નંદા ને રાકા એ રીતે સાત છે. તે ખંડમાં જે મનુષ્ય તેના જે ચાર વર્ણ તેનાં નામ : શ્રુતધર, વીર્યધર, વસુંધર ને ઈષુંધર એ રીતે તે ચાર વર્ણ દેવરૂપ ને સમર્થ એવા ચંદ્રમારૂપ આત્માને યજે છે. (તે ચાર વર્ણો સ્તુતિ કરે છે કે,) 'શુક્લપક્ષ ને કૃષ્ણપક્ષને વિષે પોતાના કિરણે કરીને પિત્રીને, દેવને, સર્વપ્રજાને અને અમને અન્નને વહેંચતા થકા હે ચંદ્રમા ! સન્મુખપણે કરીને અમારા રાજા થાઓ,' એ રીતે સ્તુતિ કરે છે.

૧૭૫. કુશદ્વીપનું વર્ણન

એ પ્રકારે દારૂના સમુદ્ર થકી બહાર આઠ લાખ જોજન પહોળો (ચોથો) **કુશદ્વીપ** છે. તે પોતા જેવડો જે ઘીનો સમુદ્ર તેણે વીંટાણો છે અને જે કુશદ્વીપને વિષે દાભનો થૂંમડો છે તે દેવતાયે કર્યો છે. અને તે દ્વીપનાં નામ જણાવતો થકો જાણે બીજો અગ્નિ હોય ને શું ? એમ પોતાની ડાળખિયુંના તેજે કરીને દિશાઓને શોભાડે છે.

અને તે દ્વીપના પતિ પ્રિયવ્રત રાજાના દીકરા **હિરણ્યરેતા** એવે નામે છે. તે પોતાના દ્વીપને પોતાના સાત દીકરાઓને બરોબર વહેંચી આપીને પોતે તપને કરતા હતા. તે દીકરાનાં નામ : વસુ, વસુદાન, દઢરુચિ, નાભિગુપ્ત, સત્યવ્રત, વિપ્રનામ અને દેવનામ એ રીતે સાત છે. અને એને નામે કરીને સાત ખંડનાં નામ જાણવાં. અને તેમના ખંડને વિષે મર્યાદાના સાત પર્વત અને સાત નદીઓ એટલી જ પ્રસિદ્ધ છે.

તે પર્વતનાં નામ : ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકુટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ એ રીતે સાત છે. અને નદીઓનાં નામ : રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાલા એ રીતે સાત નદીઓ છે. તેના જળે કરીને તે કુશદ્વીપમાં રહેનારા જે કુશળ, કોવિદ, અભિયુક્ત, લકુક એ નામે ચાર વર્ણના (મનુષ્ય છે). તે સમર્થ

એવા જે અગ્નિરૂપ ઈશ્વર તેને કર્મના કુશળપણાયે કરીને યજે છે. અને એ રીતે સ્તુતિ કરે છે જે, 'હે અગ્નિ ! તમે સાક્ષાત્ પરબ્રહ્મ જે હરિ તેના હુતદ્રવ્યના વહેનારા છો, તે કારણપણા માટે પુરુષના અંગરૂપ એવા જે દેવ તેના યજ્ઞે કરીને પુરુષ જે હરિ તેને યજો (પૂજો).'

૧૭૯. ક્રૌંચદ્વીપનું વર્ણન

અને તેમજ ઘીના સમુદ્ર થકી બહાર સોળ લાખ યોજન પહોળો (પાંચમો) **ક્રૌંચદ્વીપ** છે. તે જેમ ઘીના સમુદ્રે કરીને કુશદ્વીપ વીંટાણો છે, તેમ પોતા જેવડો જે દૂધનો સમુદ્ર તેણે કરીને વીંટાણો છે. અને જે ક્રૌંચદ્વીપને વિષે તે દ્વીપના નામને પ્રવર્તાવતો થકો ક્રૌંચ એવે નામે મોટો પર્વત છે. તે શામકાર્તિકના આયુધે કરીને મંથન કર્યા છે નિતંબ(મધ્યભાગ) ને કુંજ(વૃક્ષ-વેલીઓ) જેનાં એવો છે. તોય પણ ક્ષીર સમુદ્રે કરીને પલળ્યો થકો સમર્થ એવા જે વરુણ તેણે રક્ષાને કર્યો છે. એ હેતુ માટે નિર્ભય થતો હતો.

તે ક્રૌંચદ્વીપને વિષે **ઘૃતપૃષ્ટ** એવે નામે પ્રિયવ્રતનો દીકરો તે રાજા છે. તે પોતાના દ્વીપને વિષે સાત કટકા કરીને પોતાના પુત્રને નામે નામ પાડીને પોતાના સાત દીકરાઓને તે ખંડને વિષે રાખીને પોતે ભગવાનનાં ચરણારવિંદને પામતા હતા.

તે ભગવાન કેવા છે ? તો કલ્યાણરૂપ છે યશ જેનો એવા અને આત્મારૂપ છે અને પાપને હરનારા છે. તે ઘૃતપૃષ્ટ રાજાના સાત દીકરાનાં નામ : આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એ સાત છે અને તેમના ખંડની મર્યાદાના રાખનારા સાત પર્વત અને સાત નદીઓ એટલા જ વિખ્યાત છે.

તે સાત પર્વતનાં નામ : શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર એ સાત છે. અને સાત નદીઓનાં નામ :

અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી, શુક્લા એ રીતે છે. એ સાત જે નદીઓનાં પવિત્ર અને નિર્મળ એવાં જે જળ તેને સેવતા એવા ખંડના રહેનારા પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક એવે નામે ચાર વર્ણ તે જળરૂપ જે દેવ તેને જળપૂર્ણ એવી જે અંજલિ તેણે કરીને યજે છે. અને આમ સ્તુતિ કરે છે, 'હે જળ ! તમે ઈશ્વર થકી સામર્થી પામ્યાં એવાં છો, એ કારણ માટે જ ભૂર, ભૂવ અને ખં એ જે ત્રણેય લોક તેને પવિત્ર કરો છો. તે તમને સ્પર્શને કરતા એવા જે અમે તે અમારા શરીરને પવિત્ર કરો, જે કારણપણા માટે તમે સ્વરૂપે કરીને પાપને ટાળો એવા છો.'

૧૭૭. શાકદ્વીપનું વર્ણન

અને એ રીતે દૂધના સમુદ્ર થકી બહાર ચારે પાસ રહ્યો એવો અને બત્રીશ લાખ જોજન લાંબો પહોળો એવો (છટ્ઠો) **શાકદ્વીપ** છે, તે પોતા જેવડો જે દહીંનો સમુદ્ર તેણે કરીને વીંટાણો છે અને જે શાકદ્વીપને વિષે શાક એવે નામે વૃક્ષ છે તે પોતાના દ્વીપની સંજ્ઞાને કરે છે. અને જેનો અતિશે રૂડો સુગંધ દ્વીપને સુગંધીમાન કરે છે.

તેના પણ અધિપતિ પ્રિયવ્રતના દીકરા **મેધાતિથિ** છે. તેણે પણ પોતાના દીકરાઓના નામે છે નામ જેના એવા પોતાના દ્વીપના સાત ખંડ કર્યા છે. તેમને વિષે પોતાના સાત દીકરા જે : પુરોજન, મનોજન, પવમાન, ધુમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વાધાર છે. તે સાતને રાજા કરીને પોતે અનંત એવા જે ભગવાન તેને વિષે પ્રવેશ કરાવી છે મતિ જેણે એવા થકા તપોવન પ્રત્યે જાતા હતા. એમના ખંડની મર્યાદાના પર્વત સાત અને સાત નદીઓ એટલાં જ પ્રસિદ્ધ છે.

તે સાત પર્વતનાં નામ : ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રશ્રોત, દેવપાલ અને મહાનસ છે. અને સાત નદીઓનાં નામ : અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતિ અને

નિજધૃતિ એ રીતે સાત છે. તેના ખંડને વિષે રહેનારા : ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત એવે નામે ચાર વર્ણ તે પ્રાણાયામે કરીને ટળી ગયા છે રજોગુણ ને તમોગુણ જેમના એવા છે. અને પરમ સમાધિએ કરીને સમર્થ એવા જે વાયુ તેને યજે છે. અને આ રીતે સ્તુતિ કરે છે જે, 'વાયુ માંહી પ્રવેશ કરીને પ્રાણાદિકની વૃત્તિએ કરીને તેને જે ધારે છે અને અંતર્યામી છે, એવા સાક્ષાત્ ઈશ્વર તે અમારા અંતરને પવિત્ર કરો.'

૧૭૮. પુષ્કરદ્વીપનું વર્ણન

અને હવે એ પ્રકારે દહીંના સમુદ્ર થકી પર (સાતમો) **પુષ્કર** એવે નામે દ્વીપ તે ચારે પાસે રહ્યો છે અને ચોસઠ લાખ જોજન પહોળો છે અને પોતાના જેવડો જ મીઠા જળનો સમુદ્ર તેણે કરીને બહાર વીંટાણો છે અને જેને વિષે મોટું કમળ છે. તે કમળ કેવું છે ? તો અગ્નિની જ્વાળા સરખાં નિર્મળ એવાં જે સુવર્ણનાં હજાર પાંદડાં તેણે યુક્ત છે અને તે કમળ સમર્થ એવા જે બ્રહ્મા તેનું આસન છે.

અને તે દ્વીપને વિષે માનસોત્તર નામે એક જ પર્વત છે, તે ઓરા ને પરા જે બે ખંડ તેની મર્યાદાનો રાખનારો છે. અને તે પર્વત દશ હજાર જોજન ઊંચો છે અને દશ હજાર જોજન પહોળો છે અને જેને વિષે ચારે દિશાઓમાં ઈન્દ્રાદિક જે લોકપાલ તેની ચાર પુરીઓ છે. અને વળી મેરુ ઉપર ભમતો એવો જે સૂર્યનો રથ તેનું સંવત્સરાત્મકરૂપ જે ચક્ર તે માનસોત્તર પર્વતને ઉપર દેવતાઓના દિવસ-રાત્રિએ કરીને ભમે છે, કહેતાં ઉત્તરાયન દક્ષિણાયને કરીને ભમે છે.

અને એ દ્વીપના પણ અધિપતિ પ્રિયવ્રતના દીકરા **વિતિહોત્ર** એવે નામે છે. તેના દીકરા જે રમણક અને ઘાતકિ તેમને પોતાના દ્વીપને બે ભાગે વહેંચી આપીને પોતે ભગવાનને ભજતા હતા. તે ખંડના પુરુષ સમર્થ એવા જે બ્રહ્મા તેને સકર્મ એવું છે કર્મ તેણે કરીને આરાધે છે.

અને એમ બોલે છે જે, 'કર્મના ફળરૂપ છે અને જે થકી બ્રહ્મ જણાય છે તેને જન પૂજો. અને જેને એક પરમેશ્વરને વિષે નિષ્ઠા છે અને અદ્વિતીય છે અને શાંત છે એવા જે સમર્થ બ્રહ્મા તેને નમસ્કાર કરીએ છીએ.'

૧૭૯. લોકાલોકપર્વતાદિકનું વર્ણન

અને તે મીઠા જળના સમુદ્ર થકી પર, લોક જે સૂર્યાદિકના પ્રકાશે સહિત દેશ અને અલોક જે સૂર્યાદિકના પ્રકાશે રહિત દેશ, તેમના મધ્યને વિષે લોક ને અલોકના વિભાગને અર્થે **લોકાલોક** નામે પર્વત ચારે પાસે(ફરતો) નાંખ્યો છે. અને જેટલું માનસોત્તર પર્વતને અને મેરુ પર્વતને છેટું છેટું છે. તેટલી સાડા સાત લાખ ને દોઢ કરોડ જોજન પૃથ્વી મીઠા સમુદ્ર થકી પર(લોકાલોક પર્વત તરફ) છે. તેમાં પ્રાણી પણ છે. તે થકી પર બીજી ઓગણચાલીસ લાખ અને આઠ કરોડ જોજન સુવર્ણની ભૂમિ છે, તે દર્પણ સરખી છે. જેને વિષે પડ્યો એવો જે કોઈ પદાર્થ તે ફરી જડે નહિ; તે કારણપણા માટે સર્વ પ્રાણીમાત્ર તેણે રહિત છે.

અને અડધા પુષ્કરદ્વીપે સહિત મીઠો સમુદ્ર છન્નું લાખ જોજન છે. એ પ્રકારે મેરુ પવર્તને અને લોકાલોક પર્વતને સાડાબાર કરોડ જોજનનું છેટું છે. અઢી કરોડ અને સાડા ત્રણ લાખ જોજનમાં સમુદ્રે સહિત સાત દ્વીપ છે અને તે થકી પર દશ કરોડ જોજન સુવર્ણની ભૂમિ છે, તે થકી પર લોકાલોક પર્વત છે.

અને લોક અને અલોકને મધ્યે વર્તતો એવો જે એ પર્વત તેણે કરીને લોકાલોક એ રીતેની સંજ્ઞા કહેવાય છે. તે ત્રણ લોકને અને ચારે પાસે મર્યાદારૂપ ઈશ્વર તેણે રચ્યો છે. અને સૂર્ય છે આદિ જેમને અને ધ્રુ છે અંતે જેને એવા જે તારાઓના ગણ, તેમની કિરણો તે લોકાલોક થકી ઓરી છે અને ત્રણ લોકને પ્રકાશતી થકી કિરણો કે'દાડે પણ લોકાલોક પર્વત થકી પર જાવાને અર્થે સમર્થ નથી થાતી; તેટલો તે ઊંચો અને પહોળો છે. અને ધ્રુ થકી પણ ઊંચો છે, એ હેતુ માટે ત્રિલોકીની મર્યાદારૂપ છે.

એટલો લોકનો વિન્યાસ જે સ્થાપન તે ઉન્માન લક્ષણ અને સંસ્થાએ કરીને કવિ જે તેમણે ચિંતવન કર્યો છે. તે એ લોકાલોક પર્વત પચાસ કરોડ જોજન જે પૃથ્વીનો ગોલક તેનો ચોથો ભાગ છે. એ હેતુ માટે સાડા બાર કરોડ જોજન ઊંચો છે.

૧૮૦. દિશાઓના હાથી તથા લોકપાલોનું વર્ણન

અને તે લોકાલોક પર્વતને ઉપર ચારે દિશાઓને વિષે સમગ્ર જગતના ગુરુ જે બ્રહ્મા, તેણે ચાર મોટા **હાથી** રાખ્યા છે. તેનાં નામ : ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજીત; એ રીતે ચાર હાથી છે. તે સર્વ લોકની સ્થિતિના હેતુ છે. તે દિશાઓના હાથી તેમનો અને પોતાની વિભૂતિરૂપ જે ઇન્દ્રાદિક લોકપાલ તેમનો નાના પ્રકારનો જે વીર્ય(પરાક્રમ) તેની વૃદ્ધિને અર્થે, અને સકલ લોકના કલ્યાણને અર્થે, તે લોકાલોક પર્વતને વિષે પરમ મહાપુરુષ એવા અને પરમ ઐશ્વર્યના પતિ એવા અને અંતર્યામી અને પોતાનું જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય આદિક જે મોટી સિદ્ધિઓ તે છે ઉપલક્ષણ(ઓળખનું નિશાન) જેમાં એવું જે વિશુદ્ધ સત્ત્વ(પરમાત્માનું સ્વરૂપ) તેને પ્રગટ કરે છે.

અને પોતાના પાર્ષદમાં મુખ્ય એવા જે વિશ્વક્સેનાદિક તેણે વીંટાણા એવા, અને પોતાનાં રૂડાં એવાં જે આયુધ તેણે કરીને શોભતા એવા જે આઠ હાથ, તેણે કરીને જણાતા થકા ચારે (હાથી) પાસે ભમતા થકા રહે છે.

અને એ ભગવાન કલ્પ સુધી લીલાએ કરીને આવા વેશને પામ્યા થકા પોતાની યોગમાયાએ કરીને રચ્યા એવા જે લોક, તેની રક્ષાને અર્થે ચારે પાસે રહ્યા છે. મેરુ પર્વત અને લોકાલોક પર્વતને જે છેટું છે, તેના મધ્યનો વિસ્તાર સાડા બાર કરોડ જોજન કહ્યો છે. એટલે કરી નિશ્ચે અલોકનું પરિમાણ જે પ્રમાણ તે કહ્યું છે. અને જે લોકાલોક પર્વત થકી બહાર વિશુદ્ધ યોગેશ્વરની ગતિને પુરાણવેત્તા કહે છે.

૧૮૧. સૂર્યનું નામ માર્તંડ કે હિરણ્યગર્ભ કેમ પડ્યું ?

અને હવે પૃથ્વી ને આકાશનો ઉપરનો લોક તેનું જે અંતર કહેતાં વચલો ભાગ તેના મધ્યમાં સૂર્ય અને અંડગોળ જે ઉપરનું પૃથ્વીનું પડ તેના મધ્યને વિષે પચીશ કરોડ જોજન પોલાણનો વિસ્તાર છે. અને મરેલ એવો જે આ અંડ તેને વિષે આ સૂર્ય વૈરાજરૂપે કરીને હોતા હવા. તે કારણપણા માટે આ સૂર્ય માર્તંડ એવે નામે કહેવાય છે. અને સુવર્ણ સરખો જે અંડ તેને વિષે ઉગે છે, તે હેતુ માટે હિરણ્યગર્ભ એ રીતે કહેવાય છે.

અને સૂર્ય તેણે કરીને જ દિશાઓનો ભેદ છે, આકાશનો ભેદ છે કહેતાં અંતરિક્ષનો ભેદ છે, સ્વર્ગનો ભેદ છે, પૃથ્વીનો ભેદ છે, ભોગનો ભેદ છે, મોક્ષનો ભેદ છે, નરકનો ભેદ છે, પાતાળનો ભેદ છે. અને દેવ, મનુષ્ય, સાપ, વેલી અને સર્વ જીવનો સમૂહ; તેમના સૂર્ય આત્મા છે ને નેત્રના દેવતા છે.

૧૮૨. નક્ષત્રો અને શુક્રાદિ તારાઓનું વર્ણન

અને તે સૂરજની કિરણ થકી લાખ જોજન ઊંચાઈએ **ચંદ્રમા** રહ્યો છે. અને તે ચંદ્રમા થકી ત્રણ લાખ જોજન ઊંચા અભિજીત આદિક **અઠ્ઠાવીશ નક્ષત્ર** રહ્યાં છે. અને તે નક્ષત્ર થકી બે લાખ જોજન ઊંચો **શુક્ર** તારો છે. અને શુક્ર થકી બે લાખ જોજન ઊંચો **બુધ** છે. અને તે બુધ થકી બે લાખ જોજન ઊંચો **મંગળ** તારો છે. અને તે મંગળ ગ્રહ થકી બે લાખ જોજન ઊંચો **બૃહસ્પતિ** તારો છે. અને તે બૃહસ્પતિ થકી બે લાખ જોજન ઊંચો **શનીશ્વર** તારો છે. અને તે શનીશ્વર થકી અગિયાર લાખ જોજન ઊંચા **સપ્તઋષિ** છે. અને તે સપ્તઋષિ થકી તેર લાખ જોજન ઊંચું **ધ્રુવ**નું સ્થાનક છે.

૧૮૩. જન વગેરે લોક તથા અષ્ટાવરણનું વર્ણન

અને તે ધ્રુવ થકી ઊંચો **મહર્લોક** છે. અને તેથી ઉપર **જનલોક** છે. અને તે જનલોકથી ઉપર **તપલોક** છે. અને તેથી પર **સત્યલોક** છે.

અને તે સત્યલોકથી ઉપર **પૃથ્વીનું** આવરણ પચાશ કરોડ જોજન જાડું છે. અને તેથી ઉપર દશગણું અધિક **જળનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **તેજનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **વાયુનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **આકાશનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **અહંકારનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **મહત્તત્ત્વનું** આવરણ છે. અને તેથી ઉપર દશગણું અધિક **પ્રકૃતિનું** આવરણ છે.

૧૮૪. ભગવાન અને સંત એ બેમાં જ પ્રીતિ રાખવી.

એ રીતે અષ્ટ આવરણે સહિત જે આ બ્રહ્માંડ છે તેવાં અસંખ્ય બ્રહ્માંડોના સમૂહ છે, તે અક્ષરબ્રહ્મના રોમને વિષે અણુંની પેઠે જણાય છે. **અને તે બ્રહ્માંડોને વિષે ભગવાનના જે અવતારાદિક ને નારદાદિક જે સંત તે જીવોના કલ્યાણને અર્થે વિચરે છે. તે દ્વારે જીવોનાં કલ્યાણ થાય છે. તે સારુ એ બેને વિષે પ્રીતિ રાખવી. ને એ બે વિના બ્રહ્માંડોને વિષે જે પદાર્થ છે તે જન્મ-મરણના હેતુ છે; તે સારુ એમને વિષે પ્રીતિ ન રાખવી. પ્રીતિ તો એક નારાયણના ચરણારવિંદને વિષે રાખવી.**

૧૮૫. જેવાં કર્મ અને વાસના તેવી પ્રાપ્તિ થાય છે.

બીજું આ દેહને વિષે સુષુપ્તિનો જે સાક્ષી(જીવાત્મા) છે, અને બ્રહ્માંડને વિષે માયાનો સાક્ષી(ઈશ્વર) છે; એ બે સત્ય છે. અને એ વિના જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ અને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત; એ સર્વે અસત્ય છે, ને કાળનું ભક્ષ છે. બીજું આ જીવ બ્રહ્માંડને વિષે કર્મે કરીને ભમે છે. તે જેવું કર્મ કરે તેવી તેને દેહની પ્રાપ્તિ થાય છે અને તેવા તેને લોકની પ્રાપ્તિ થાય છે, અને તેવા તેને દુઃખની પ્રાપ્તિ થાય છે.

બીજું જેને જેવી શુભવાસના તેને તેવા સુખની પ્રાપ્તિ અને જેને અશુભવાસના તેને તેવા દુઃખની પ્રાપ્તિ થાય છે. અશુભવાસનાવાળાને

ચોરાસી લાખ જાતના દેહની પ્રાપ્તિ થાય છે અને જમપુરીને વિષે પણ જવું પડે છે. શુભવાસનાવાળાને ગોલોક વૈકુંઠાદિકની પ્રાપ્તિ થાય છે અથવા ખંડખંડને વિષે જે ભગવાનની મૂર્તિઓ છે તેની ઉપાસનાની પ્રાપ્તિ થાય છે. તથા મનુષ્ય દેહે કરીને રામ, કૃષ્ણ, નરનારાયણાદિક અવતારોની પ્રાપ્તિ થાય છે.

૧૮૬. બ્રહ્માંડની વિભૂતિઓથી નિઃસ્પૃહી રહેવું.

અને ભરતખંડને વિષે તેમના ચરણારવિંદના પ્રતાપે કરીને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિનો સાક્ષી જે દ્રષ્ટા, તેને વિષે આત્મબુદ્ધિ થાય છે. અને પિંડ બ્રહ્માંડ થકી નિઃસ્પૃહી થાય છે. **તે સારુ પ્રીતિ તો એક નારાયણના ચરણારવિંદને વિષે જ રાખવી, તેણે કરીને સદ્‌વાસના થાય છે. ને નારાયણના ચરણારવિંદ વિના બીજે કયાંઈ પ્રીતિ રાખીએ તો અસદ્‌વાસના થાય છે. તે સારુ જેણે કરીને અસદ્‌વાસના થાય તે સર્વેથી નિઃસ્પૃહી રહેવું. ને બ્રહ્માંડને વિષે જે નારાયણની વિભૂતિઓ છે તે થકી પણ નિઃસ્પૃહી રહેવું.**

૧૮૭. સિદ્ધિઓથી પણ નિઃસ્પૃહી રહેવું.

અને સર્વનો ત્યાગ કરીને એકરસ પરિપૂર્ણ જે આત્મા(બ્રહ્મ), તે રૂપ પોતાના આત્માને જ્યારે દેખે છે ત્યારે એ મુમુક્ષુ યોગસમાધિની કળાને વિષે પ્રવીણ થાય છે અને ત્યારે એને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, **તે સિદ્ધિઓ થકી પણ નિઃસ્પૃહી રહેવું.**

હે પરમહંસો ! જ્યારે બ્રહ્મને વિષે દઢ નિષ્ઠા થાય છે ત્યારે સિદ્ધિઓ પ્રગટ થાય છે; તે અઢાર કહી છે. તેને વિષે આઠ સિદ્ધિઓ નારાયણના સ્વરૂપની ધારણા તે જ છે મુખ્ય કારણ જેનું એવી છે. કહેતાં નારાયણના સ્વરૂપની ધારણાથી જ પમાય છે; અને સત્ત્વાદિક ગુણને બળે કરીને નથી પમાતી.

૧૮૮. અણિમાદિ સિદ્ધિઓની વિગત

અને બીજી દસ સિદ્ધિઓ જે સત્ત્વાદિક ગુણના બળનું વધવું તે જ છે ઉપજવાનું કારણ જેનું એવી છે, કહેતાં સત્ત્વાદિક ગુણના બળે કરીને પમાય છે. તેને વિષે **અણિમા, લઘિમા** ને **મહિમા** એ ત્રણ સિદ્ધિયો દેહની છે અને સર્વપ્રાણીમાત્રની ઈન્દ્રિયોએ સહિત તે તે ઈન્દ્રિયના દેવતારૂપે કરીને જે સંબંધ તે **પ્રાપ્તિ** નામે સિદ્ધિ છે.

અને સાંભળ્યા એવા જે પરલોક સંબંધી ભોગ ને જોવા જોગ એવા જે પાતાળાદિક લોકના આવરણે ઢંકાણા એવા ભોગ, તેને વિષે પણ જે ભોગ દેખવાનું સામર્થ્યપણું તેને **પ્રાકામ્ય** સિદ્ધિ કહીએ. અને માયા અને માયાના અંશ જે મહત્તત્વાદિક તેને જે પ્રેરવું તેને **ઈશિતા** નામે સિદ્ધિ કહીએ. અને વિષયના ભોગને વિષે જે અસંગ તેને **વશિતા** સિદ્ધિ કહીએ. અને જે સુખને ઈચ્છે છે તે સુખની સીમાને પામે છે એ **કામાવસાયિતા** સિદ્ધિ છે. હે પરમહંસો ! એવી રીતે આઠ સિદ્ધિઓ સ્વાભાવિક નારાયણની મૂર્તિને વિષે રહી છે. તે નારાયણની મૂર્તિના સાક્ષાત્કારપણે પમાય છે.

૧૮૯. સત્ત્વાદિ ગુણથી પ્રાપ્ત થતી દશ સિદ્ધિઓની વિગત

અને સત્ત્વાદિક ગુણ છે પ્રાપ્તિનું કારણ જેનું એવી જે દશ સિદ્ધિઓ તે કહે છે. ૧. આ દેહને વિષે જે અનુર્મીપણું = જે ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ ન જણાય તે સિદ્ધિ અને ૨. છેટેથી સાંભળવું ને ૩. દેખવું તે સિદ્ધિ અને ૪. મનના જેવો દેહનો વેગ તે સિદ્ધિ અને ૫. મને ઈચ્છિત રૂપની પ્રાપ્તિ થાય તે સિદ્ધિ અને ૬. પરના દેહને વિષે પ્રવેશ કરવો તે સિદ્ધિ અને ૭. પોતાની ઈચ્છાએ મૃત્યુ થાય તે સિદ્ધિ અને ૮. અપ્સરાઓ સંગાથે દેવતાઓની જે ક્રીડા તેના દર્શનની જે પ્રાપ્તિ થાય તે સિદ્ધિ અને ૯. જેવો સંકલ્પ કરે તે સિદ્ધ થાય તે સિદ્ધિ અને ૧૦. આજ્ઞા ને ગતિ હણાય નહિ તે સિદ્ધિ. એ રીતે દશ સિદ્ધિઓ છે.

૧૯૦. પાંચ સામાન્ય સિદ્ધિઓની વિગત

અને પાંચ ક્ષુદ્ર સિદ્ધિ કહે છે. ૧. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળને જાણવું તે સિદ્ધિ ને ૨. ટાઢ તડકે પીડા ન પામે એ સિદ્ધિ અને ૩. પરના ચિત્ત આદિકને જાણવું તે સિદ્ધિ અને ૪. અગ્નિ, સૂર્ય, જળ, ઝેર ઈત્યાદિક પદાર્થને સ્તંભન કરવું કહેતાં ચાલવા દેવું નહિ તે સિદ્ધિ અને ૫. અપરાજય કહેતાં હારે નહિ તે સિદ્ધિ. એ રીતે યોગધારણાની સિદ્ધિઓ નામમાત્રે કરીને કહી છે.

૧૯૧. સિદ્ધિઓને પામવાની રીત

હવે તે સિદ્ધિને પામવાની રીત કહે છે.

૧. (અણિમા સિદ્ધિ કોણ પામે ? તો) ભૂતસૂક્ષ્મ જે શબ્દાદિક તન્માત્રા તેના આત્મા એવા કહેતાં ભૂતસૂક્ષ્મની છે ઉપાધિ જેને એવા જે નારાયણ, તેને વિષે તન્માત્રારૂપ એવું જે મન, તેને ધારતો ને તન્માત્રાની ઉપાસના કરતો એવો જે યોગી, તે નારાયણની અણિમા સિદ્ધિને પામે છે.

૨. (મહિમા સિદ્ધિ કોણ પામે ? તો) જ્ઞાન-શક્તિરૂપ જે મહત્તત્ત્વ, તેની ઉપાધિએ યુક્ત જે નારાયણ, અને આકાશાદિક પંચભૂતની ઉપાધિએ યુક્ત જે નારાયણ, તેને વિષે મહત્તત્ત્વને આકારે એવું જે મન, તેને ધારતો એવો યોગી, તે આકાશાદિક ભૂતના મોટપપણારૂપ જે મહિમા સિદ્ધિ તેને પામે છે.

અને ૩. (લઘિમા સિદ્ધિ કોણ પામે ? તો) વાયુ આદિક ભૂતના જે પરમાણુ, તે મય ને પરમાણુની ઉપાધિએ યુક્ત એવા જે નારાયણ, તેને વિષે ચિત્તને રાગવાન કરતો એવો જે યોગી, તે કાળના પરમાણુરૂપ સૂક્ષ્મપણારૂપ લઘિમા સિદ્ધિને પામે છે, કહેતાં કાળનું સૂક્ષ્મરૂપ જે પરમાણુ તેવો થાય છે.

૪. (પ્રાપ્તિ સિદ્ધિને કોણ પામે ? તો) સાત્ત્વિક અહંકારની ઉપાધિએ યુક્ત જે નારાયણ, તેને વિષે એકાગ્ર મનને ધારતો ને મારે વિષે

છે મન જેનું એવો જે યોગી તે, સર્વની ઈન્દ્રિયોના અધિષ્ઠાતાપણારૂપ પ્રાપ્તિ સિદ્ધિને પામે છે.

અને ૫. (પ્રાકામ્ય સિદ્ધિને કોણ પામે ? તો) ક્રિયાશક્તિ પ્રધાન જે મહત્તત્ત્વ તેને જ સૂત્ર કહીએ. તે સૂત્રની ઉપાધિએ યુક્ત જે નારાયણ તેને વિષે મનને ધારતો એવો જે યોગી, તે સર્વ થકી ઉત્કૃષ્ટ એવું જે મારું પ્રકાશ્યપણું, કહેતાં સર્વલોકના ભોગને દેખવાના સમર્થપણારૂપ પ્રાકામ્ય સિદ્ધિને પામે છે.

૬. (ઈશિત્વ સિદ્ધિને કોણ પામે ? તો,) તે નારાયણ કેવા છે ? તો સૂત્રની ઉપાધિએ યુક્ત છે, ને ત્રણ ગુણરૂપ જે માયા તેના નિયંતા ને કાળના પણ નિયંતારૂપ એવા જે વિષ્ણુનારાયણ, તેને વિષે ચિત્તને ધારતો એવો જે યોગી, તે ક્ષેત્રજ્ઞ જે જીવ અને ક્ષેત્ર જે જીવોની ઉપાધિરૂપ દેહ, તેની પ્રેરણાની જે સિદ્ધિ ઈશિત્વપણું તેને પામે, કહેતાં અનંત જીવોને ને અનંત જીવોના દેહને પોતે પ્રેરે.

અને ૭. (વશિતા સિદ્ધિને કોણ પામે ? તો,) વિરાટ, હિરણ્યગર્ભ, અવ્યાકૃત જે કારણ એ ત્રણે રહિત ને જ્ઞાન-વૈરાગ્યાદિક ભગવત્શબ્દે કહેવાતા એવા તૂર્યા નામે જે નારાયણ, તેને વિષે મનને ધારતો ને નારાયણનો છે ધર્મ જેને એવો જે યોગી, તે ગુણને વિષે અસંગરૂપ જે વશિતા સિદ્ધિ તેને પામે છે.

અને ૮. (કામાવસાયિતા સિદ્ધિને કોણ પામે ? તો,) નિર્ગુણ બ્રહ્મરૂપ એવા જે નારાયણ તેને વિષે નિર્મળ એવું જે મન તેને ધારતો એવો જે યોગી તે પરમાનંદને પામે છે. જે પરમાનંદને વિષે સર્વ કામ પૂરો થાય છે. આ રીતે કામાવસાયિતા સિદ્ધિને પામે છે.

૧૯૨. નારાયણના ચિંતનથી અનેક સિદ્ધિઓ પ્રગટે છે.

અને સત્ત્વાદિક ગુણ છે ઉત્પત્તિનું કારણ જેના એવી સિદ્ધિઓને કહે છે. અને વળી શ્વેતદ્વીપના પતિ ધર્મમય એવા જે વિષ્ણુ તેને વિષે

ચિત્તને ધારતો એવો જે યોગી તે છ ઊર્મિએ રહિત થકો શુદ્ધરૂપતાને પામે છે. અને આકાશરૂપ જે સમષ્ટિપ્રાણ કહેતાં મુખ્ય પ્રાણ તે સૂત્રાત્મારૂપ એવાં જે વિષ્ણુ તેને વિષે મને કરીને નાદનું ચિંતવન કરતો એવો જે યોગી તે હંસરૂપ થકો, તે આકાશને વિષે જ્ઞાતા થકો ભૂતપ્રાણીમાત્રની વાણીને દૂર થકો સાંભળે છે. (તેને દૂરશ્રવણ નામની સિદ્ધિ કહે છે.)

અને ચક્ષુ ઇન્દ્રિય સૂર્યને વિષે જોડીને સૂર્યને ચક્ષુ ઇન્દ્રિય વિષે જોડીને અને તે બેના સંયોગને વિષે નારાયણનું ધ્યાન કરતો થકો અને સૂક્ષ્મ છે દૃષ્ટિ જેની એવો જે યોગી તે છેટે થકી વિશ્વને દેખે છે. (તેને દૂરદર્શન નામની સિદ્ધિ કહે છે.)

અને વળી મનને ને દેહને, દેહમનની કેડે વર્તતો એવો જે વાયુ તેણે સહિત નારાયણને વિષે જોડીને, જે યોગી ભગવાનની ધારણા કરે છે તે ધારણાને પ્રભાવે કરીને જે સ્થાનકને વિષે મન જાય છે તે સ્થાનકને વિષે દેહ જાય છે. (તેને મનોજવ નામની સિદ્ધિ કહે છે.)

જે વારે યોગી મનને મુખ્ય કારણ કરીને જે જે દેવાદિક રૂપને થવાને કાજે ઇચ્છે છે તે તે મનને વાંછિત જે રૂપ તેને યોગી પામે છે. **તે યોગી કેવો છે ?** તો અચિંત્ય શક્તિ એવા જે નારાયણ તેને વિષે જે મનની ધારણા તેના બળને આશર્યો છે અને પરના દેહને વિષે પ્રવેશ કરવાને ઇચ્છતો એવો જે સિદ્ધ તે પરના દેહને વિષે પોતાના આત્માનું ચિંતવન કરે. તે વાર પછી પોતાનો પિંડ જે દેહ તેનો ત્યાગ કરીને પ્રાણપ્રધાન લિંગ શરીરની છે ઉપાધિ જેને એવો વાયુરૂપ થકો ભમરાની પેઠે પરના શરીરને વિષે પ્રવેશ કરે છે.

૧૯૩. યોગીની સ્થિતિનું નિરૂપણ

અને જોગી પોતાની પેનીએ કરીને મૂલદ્વારને રુંધીને અને પ્રાણની છે ઉપાધિ જેને એવો જે પોતાનો જીવ, તેને હૃદય, ઉર, કંઠ ને મસ્તક તેને વિષે આરોપીને બ્રહ્મરંધ્રે કરીને બ્રહ્મ પ્રત્યે પમાડીને દેહનો ત્યાગ કરે છે.

અને જોગી દેવતાઓના વનને વિષે વિહાર કરવાને ઈચ્છતો થકો ભગવાનની મૂર્તિરૂપ એવો જે શુદ્ધ સત્ત્વ તેનું ચિંતવન કરે છે, તે વારે સત્ત્વગુણના અંશ થકી ઉપજી એવી જે દેવતાની સ્ત્રીઓ તે વિમાને કરીને સમીપે ઉભી રહે છે.

વળી નારાયણપરાયણ એવો જે પુરુષ તે જે વારે અકાળને(જેમાં શક્ય જ ન હોય તેવા સમયને) વિષે પણ જે કોઈ પ્રકારે કરીને બુદ્ધિએ સંકલ્પ કરે તે વારે સત્ય એવા જે નારાયણ તેને વિષે મનને જોડતો થકો તે સંકલ્પને અનુરૂપ તે સર્વ વસ્તુને પામે છે.

અને વળી **જે પુરુષ સર્વના નિયંતા, સ્વતંત્ર એવા જે નારાયણ તેના સ્વભાવને પામ્યો છે તેની આજ્ઞા જેમ ભગવાનની આજ્ઞા હણાતી નથી તેમ કોઈથી હણાતી નથી.**

નારાયણની ભક્તિએ કરીને શુદ્ધ છે અંતઃકરણ જેનું ને ત્રણ કાળના જાણતલ એવા જે ઈશ્વર, તેની ધારણાનો જાણતલ એવો જે યોગી, તેને પોતાના જન્મ-મૃત્યુના જ્ઞાને સહિત ત્રણ કાળને વિષે હતી એવી જે વસ્તુ તેના જ્ઞાને સહિત બુદ્ધિ થાય છે, કહેતાં ત્રણ કાળનું જ્ઞાન થાય છે.

અને નારાયણના યોગમય એવું જે મુનિનું શરીર તે અગ્નિ, ઝેર, શસ્ત્રાદિકે કરીને હણાતું નથી. **તે મુનિ કેવા છે ?** તો અગ્નિ આદિક સર્વ ઉપઘાતે(નાશક તત્ત્વે) કરી (અસમર્થપણા) રહિત ભગવાન છે. એ રીતે ભગવાનનો જે યોગ તેણે કરીને શાંત છે ચિત્ત જેનું તેવો છે. ને જેમ જળજંતુને જળ હણતલ નથી થાતું, તેમ યોગીના શરીરને અગ્નિ આદિક બાળતા નથી.

૧૯૪. અવતારના ધ્યાનથી પ્રાપ્ત થતી સિદ્ધિઓની વિગત

અને ભગવાનની વિભૂતિ જે મચ્છાદિક અવતાર કહેતાં શ્રીવત્સ-શંખ-ચક્રાદિક આયુધ તેણે શોભતા એવા જે ભગવાનના અવતાર તેના ધ્યાનને કરતો એવો યોગી તથા ધ્વજ, છત્ર, ચામર, વીંજણા તેણે સહિત

એવા જે ભગવાન તેનું ધ્યાન કરતો એવો જે યોગી તે અપરાજીત થાય છે, કહેતાં શત્રુ આગળ હારે નહીં.

હે પરમહંસો ! એ રીતે યોગધારણાએ કરીને નારાયણનો ઉપાસક જે યોગી તેને પૂર્વે કહી એવી જે સિદ્ધિઓ તે સમગ્રપણે આવી પ્રાપ્ત થાય છે. વળી જીતી છે ઇન્દ્રિયો જેણે અને દાંત કહેતાં ચતુર, ને જીત્યાં છે પ્રાણ ને મન જેણે અને વળી નારાયણની ધારણાને ધરતો એવો જે યોગી તેને એવી કઈ સિદ્ધિ છે જે અતિશે દુર્લભ હોય ? કહેતાં કોઈ દુર્લભ ન હોય !

૧૯૫. સર્વ સિદ્ધિઓ પ્રભુપ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે.

અને હે પરમહંસો ! ઉત્તમ જે નારાયણનો યોગ તેને જોડતો એવો યોગી અને નારાયણને પામતો એવો જે યોગી, તેને કાળ નિર્ગમવાનું કારણ એવી જે સિદ્ધિઓ તેને મોટા પુરુષ અંતરાયરૂપ કહે છે, કહેતાં એ સિદ્ધિઓનાં ફળને ભોગવીને ભગવાનના ચરણારવિંદમાંથી પડે છે.

(માટે તે તમામ સિદ્ધિઓથી નિઃસ્પૃહ રહેવું. અને પ્રીતિ તો એક નારાયણના ચરણારવિંદને વિશે રાખવી.)

અને સિદ્ધિઓનો ભોગ યોગીને જે દેહે કરીને ભોગવાય છે, તે દેહની તો ત્રણ અવસ્થા છે. એક તો બાળ, જોબન ને વૃદ્ધ. એવી અવસ્થાએ યુક્ત જે દેહ, તેને માથે તો કાળનો ભય છે. (માટે તેમાં પ્રીતિ ન રાખવી. તેથી નિઃસ્પૃહ થઈને શ્રીહરિમાં પ્રીતિ કરવી.) – ઇતિ સિદ્ધિ પ્રકરણ સંપૂર્ણ.

૧૯૬. કાળ સર્વેનો નાશ કરે છે.

હે પરમહંસો ! કાળ બડો બળવાન છે. જેમ રાજાનો પુત્ર શિકારે નીકળે છે ત્યારે વનને વિષે પશુપંખી તેને દેખીને મોટા ભયને પામે છે, તેમ આ સંસારરૂપી વનને વિષે જીવ પ્રાણી પશુપક્ષી છે, તે જ્યારે

કાળરૂપી રાજપુત્ર શિકાર ખેલવા સારુ આવે છે ત્યારે સર્વ જીવ ભયને પામે છે અને જર્જરીભૂત(નાશ થવા યોગ્ય) થાય છે.

હે પરમહંસો ! આ કાળ મહાભૈરવ છે જે સર્વને ગ્રસી લે છે, મહાપ્રલયને વિષે સર્વને લય કરે છે. અને એની જે ચંડિકા શક્તિ છે, તેનું મોટું ઉદર છે અને કાળી છે, તે સર્વનો ગ્રાસ કરીને પછી નૃત્ય કરે છે. જેમ વનના મૃગનું સિંહ ને સિંહણી ભોજન કરીને નૃત્ય કરે છે; તેમ જગતરૂપી વનને વિષે જીવરૂપી મૃગ છે, તેનું ચંડિકા ભોજન કરીને નૃત્ય કરે છે.

૧૯૭. કાળ કોઈને સ્થિર રહેવા દેતો નથી.

વળી એ કાળની શક્તિએ કરીને જગતની ઉત્પત્તિ થાય છે. તે નાના પ્રકારના પદાર્થને રચે છે ને પૃથ્વી, બગીચા, વાડીઓ આદિક સર્વ પદાર્થ તે થકી ઉત્પન્ન થાય છે. અને સુંદર જીવોને રચે છે; પણ એકસરખા કેને રહેવા દેતો નથી. સુંદર સમુદ્રને રચીને વડવાનળ અગ્નિ લગાવી દે છે.

સુંદર બગીચા ને કમળોને રચીને, કરાઓની વૃષ્ટિ તેના ઉપર કરે છે; ઈત્યાદિક નાના પ્રકારના પદાર્થો રચીને ફરીને નાશ કરે છે. જે સ્થાનક વસે છે તેને ઉજ્જડ કરે છે અને ઉજ્જડ છે તેને વસાવે છે. અને નાશ પણ કરે છે, સ્થિર કેને રહેવા દેતો નથી. જેમ બગીચાને વિષે વાનર પ્રવેશ કરે છે અને ઝાડવાને સ્થિર રહેવા દેતો નથી તેમ.

હે પરમહંસો ! એ પ્રકારે સર્વ પદાર્થ કાળે કરીને જર્જરીભૂત થાય છે, તે સારુ સર્વે નાશવંત છે. તે માટે તમારે કોઈ જાતના પદાર્થની ઈચ્છા ન રાખવી.

૧૯૮. કાળની ચંડિકાદિ શક્તિઓનું વર્ણન

હે પરમહંસો ! એ કાળનું મોટું પરાક્રમ છે. તેના તેજ સામું ઠરવાને કોઈ સમર્થ નથી. ક્ષણને વિષે ઊંચને નીચ કરે છે. તેનું નિવારણ કોઈ

કરી શકતો નથી. સર્વે એને ભયે કરીને કંપતા રહે છે. એ કાળ મહા ભૈરવ છે; સર્વે વિશ્વને ગ્રસી લે છે. અને એની જે ચંડિકા શક્તિ છે તે મહાબળવાન છે અને એ જ નીતિરૂપ છે. તે થકી કોઈ ઉલ્લંઘી શકતા નથી. મહાકાળરૂપ જે કાળી છે અને મોટો જેનો ભયાનક આકાર છે તે કાળરૂપી જે રુદ્ર તેથી જુદી નથી. ને જ્યારે સર્વને પાન કરી લે છે અને ત્યાર કેડે ભૈરવ ને ભૈરવી બે નૃત્ય કરે છે.

તે કાળરૂપ ભૈરવી કેવી છે ? તો મોટો જેનો આકાર છે અને માથું જેનું મહાઆકાશ છે અને પગ જેના પાતાળ છે. અને દશે દિશાઓ જેની ભુજા છે અને સાત સમુદ્ર જેના હોજ છે. અને લોકાલોક પર્વત જેની કટિમેખલા છે અને પાતાળલોક જેનાં ઝાંઝર છે. અને નરકમાં પડ્યા જીવ જે બરકા પાડે છે તે એના ઝણકાર વાગે છે અને સમગ્ર પૃથ્વી જેના હસ્તને વિષે પાત્ર છે. તેને વિષે સિદ્ધિએ સહિત જે જીવ તથા બીજા જીવ, ઉત્તમ-મધ્યમ ગતિવાળા જીવ, તે સર્વે એને ભોજન કરવા યોગ્ય છે.

અને હિમાલય પર્વત ને મેરુ પર્વત એ બે જેના કાનના અકોટા(પહેરવાનાં ઘરેણાં) છે અને ચંદ્રમા ને સૂર્ય એ બે જેનાં કર્ણનાં ફૂલ છે. ને તારાના ગણ જેને મસ્તકને વિષે ટીબકડીઓ છે. અને હાથને વિષે ત્રિશુળ, મૂશળ, ખડગ, આદિક શસ્ત્ર છે અને જીવોને મારવારૂપી ફાંસી જેના હાથમાં છે; તેણે કરીને જીવોને મારી નાંખે છે. એવી જે કાળી દેવી તે સર્વ જીવોને ગ્રાસ કરીને મહાભૈરવ જે રુદ્ર તેની આગળ નૃત્ય કરે છે અને અટ્ટહાસ્ય શબ્દ કરે છે. અને જીવોનું ભોજન કરીને તેમનાં માથાની માળા પહેરીને અટ્ટહાસ્ય કરે છે. એવી જે કાળી તે કાળરૂપી ભૈરવ તેની આગે નૃત્ય કરે છે.

૧૯૯. કાળભૈરવના કાર્યની ભયંકરતા

અને તે ભૈરવ કેવા છે ? તો તેનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને કહીએ છીએ. જેમ મદોન્મત્ત કોઈ હસ્તિ હોય તે ઉંમરાની ડાળખી ને ફળ

જીવે સહિત ને પાંદડે સહિત ભાંગીને, ખાઈને, ધરાઈને ચિત્કાર કરે છે; તેમ ભૈરવ અષ્ટ આવરણે વીંટાણું જે બ્રહ્માંડ, જીવના સમૂહે સહિત તે બ્રહ્માંડોને ખાઈને અટ્ટહાસ્ય કરે છે. જેના બળની સન્મુખ કોઈ ઠહરવા(ટકવા) સમર્થ નથી.

અને એ બે ધણી-ધણિયાણી કેવાં છે ? તો જ્યાં ઉજ્જડ હોય ત્યાં વસ્તી કરવાને ઈચ્છે છે; અને વસ્તી હોય ત્યાં ઉજ્જડ કરવાને ઈચ્છે છે. તે સારુ એનું દૈવ નામ પણ કહે છે ને કૃત્તાંત પણ કહે છે. તે એને કૃત્તાંત કેમ કહે છે ? તો મોટા મોટા પદાર્થ ઉપજે છે, તેનો અંત કરવાને ઈચ્છે છે, સ્થિર કોઈને રહેવા દેતો નથી. સર્વે પદાર્થનો નાશ કરે છે, તે માટે એને કૃત્તાંત કહીએ છીએ. અને નીતિરૂપ પણ છે. જેમ એણે પ્રથમ ધાર્યું તેમ જ કરે છે. અને કર્મરૂપ પણ છે. શા માટે ? તો પરિણામરૂપ છે જેનું, તે માટે એને કર્મ નામ કહીએ.

૨૦૦. કાળ સર્વનો કેવી રીતે વિનાશ કરે છે ?

તે કેમ નાશ કરે છે ? તો અભાવરૂપી ધનુષ્ય હસ્તને વિષે ધરે છે. તેણે કરીને રાગ ને દ્વેષરૂપી બાણ ચલાવે છે. તે બાણે કરીને સર્વજીવોને જર્જરીરૂપ કરીને નાશ કરે છે.

અને ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ પણ એ જ કરે છે. અને ઉત્પત્તિ-નાશને વિષે એને દાખડો કાંઈ નથી, રમત જેવું છે. જેમ બાળક મૃત્તિકાની પ્રતિમાની ફોજ કરે છે અને વળી નાશ કરે છે તેને વિષે બાળકને કાંઈ દાખડો નથી, તેમ કાળને ઉપજાવવે કરીને ને નાશ કરવે કરીને કાંઈ પરિશ્રમ પડતો નથી.

હે પરમહંસો ! કાળરૂપી ધીમર છે તેણે સ્નેહરૂપી જાળ પસારી છે. તેને વિષે જીવરૂપી પંખી આવીને બંધાય છે. તે બાંધ્યા છતાં શાંતિને નથી પામતા. તે શા માટે ? જે કાળરૂપી ધીમર સ્થિર કોઈને રહેવા દેતો નથી.

૨૦૧. નાશવંત જગતની ઇચ્છા કરે છે, તે મૂર્ખ છે.

હે પરમહંસો ! આ સર્વ પદાર્થ નાશવંત છે તેને વિષે કોઈ આશ્રય કરવા જોગ નથી. સ્થાવર જંગમ જગત સર્વ કાળના મુખને વિષે છે, એ તો સર્વ નાશરૂપ દ્રષ્ટે(નજરે) આવે છે.

હે પરમહંસો ! એની ઈચ્છા કરવી એ જ મૂર્ખતા છે. જેટલી ક્રિયા અજ્ઞાની કરે છે તે સર્વે જીવને પોતાનાં દુઃખને નિમિત્ત કરે છે. એને જીવવાને વિષે કાંઈ અર્થ સિદ્ધ થાતો નથી. શા માટે ? તો જે બાળકઅવસ્થામાં જડપણું ને મૂર્ખપણું રહે છે અને વિચાર કાંઈ રહેતો નથી. અને જ્યારે જુવાનઅવસ્થા આવે ત્યારે મૂર્ખપણે કરીને વિષયને સેવે છે. અને માન, મોહાદિક વિકારે કરીને મોહી જાય છે ત્યાં પણ વિચાર કાંઈ રહેતો નથી અને સ્થિર પણ નથી રહેતો. વળી આવરદા દિવસ દિવસ પ્રત્યે ચાલી જાય છે તોપણ વિષયની ઈચ્છા કરતો રહે છે, શાંતિને નથી પામતો.

હે પરમહંસો ! આ આવરદા મહાચંચળ છે અને મૃત્યુ તે અતિ સાવધાન છે, તે પોતાનું ધાર્યું જ કરે છે.

૨૦૨. દેહાદિક જે સુખરૂપ લાગે છે, તે દુઃખરૂપ છે.

હે પરમહંસો ! **જેટલા ભોગ છે તે સર્વે રોગ છે અને જેને સંપદા જાણે છે તે સર્વે આપદારૂપ છે.** અને જેને સત્ય જાણે છે તે સર્વે અસત્યરૂપ છે. જે સ્ત્રી-પુત્રાદિકને પોતાના મિત્ર જાણે છે તે સર્વે એને બંધનના કારણ છે. અને એ જે ઈન્દ્રિયો છે તે મહાશત્રુરૂપ છે. અને તૃષ્ણા છે તે ઝાંઝવાના પાણી જેવી છે. અને દેહ જે છે તે પણ વિકારવંત છે. અને મન જે છે તે પણ મહાચંચળ છે, અને અશાંત છે. અને અહંકાર જે છે તે પણ નીચરૂપ છે, તેણે દીનતા ભાવને પમાડ્યો છે.

એ આદિક લઈને જેટલા પદાર્થ તેને સુખદાયક ભાસે છે, તે સર્વે દુઃખનાં દેનારાં છે. તેમણે કરીને એને શાંતિ કોઈ કાળે થતી નથી. જોકે

દેખાવમાં સુંદર લાગે છે તોપણ સુખ કાંઈ નથી. એ પદાર્થ સ્થિર નથી રહેતા. જેમ સમુદ્રને વિષે નાના પ્રકારના તરંગ ભાસે છે તે સર્વે વડવાનળ અગ્નિએ કરીને નાશ થાય છે તેમ એ પદાર્થ પણ સર્વે નાશ પામશે.

હે પરમહંસો ! મોટા સમૂહ નજરે આવે છે તે અને મેરુ આદિક મોટા પદાર્થ (તે) પણ સર્વે નાશ પામશે.

૨૦૩. મોટા-મોટાનું પણ કાળ ભક્ષણ કરે છે.

અને મોટા મોટા દૈત્ય ને દેવતા ને સિદ્ધ ને ગંધર્વ તે સર્વે નાશ થઈ ગયા. તેમની નામ-સંજ્ઞા પણ ન રહી. તે તે સર્વે કેવા હતા ? તો અણિમાદિક જે અષ્ટસિદ્ધિઓ તેમના ઐશ્વર્યે યુક્ત હતા. એવાનો પણ નાશ થઈ ગયો, તો બીજાની તો શી વાર્તા ?

અને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ સર્વેનો કાળે કરીને નાશ થઈ જાય છે, તો એને વિષે રહેવાવાળા જે દેવતા ને મનુષ્યાદિક તેનો નાશ થઈ જાય એમાં તે શું આશ્ચર્ય છે ? અને જમે સહિત ધર્મરાજ ને યક્ષે સહિત કુબેર, ને સેવકે સહિત વરુણ એ સર્વે મોટા મોટા તેજવાળા છે તોપણ નાશ થઈ જાય છે; તો બીજા જીવોનો શો આશરો છે ? અને આ તારામંડળ દ્રષ્ટે આવે છે તે પણ ખરી પડશે. જેમ વૃક્ષથી સૂકાં પાંદડાં વાયુએ કરીને ખરી પડે છે તેમ તારા ખરી જાય છે.

હે પરમહંસો ! ધ્રુવ છે તે સ્થિર છે તોપણ ચલાયમાન થઈ જશે. અને ચંદ્રમા જે દેખાય છે ને અમૃતનું છે મંડળ જેમનું ને અખંડિત છે મંડળ જેનું એવો જે સુરજ દ્રષ્ટે(દેખ્યામાં) આવે છે ; એ સર્વે મોટા પ્રકાશે યુક્ત દેખાય છે, તેમનાં નામ પણ નહિ રહે. સર્વે નાશ થઈ જાશે તો બીજાની શી ગણતી ?

હે પરમહંસો ! બ્રહ્મા, શિવ, વિષ્ણુ ને બ્રહ્માંડના મોટા અધિષ્ઠાતા છે તેમના પણ દેહનો નાશ થઈ જશે તો બીજા જીવોની શી વાર્તા કહીએ ?

૨૦૪. અજ્ઞાનીનું જીવવું વ્યર્થ છે.

હે પરમહંસો ! કાળે કરીને સર્વે જગત ઊપજી પણ આવે છે ને નાના પ્રકારના પદાર્થે યુક્ત સુંદર ભાસે છે, તે સર્વે નાશવંત છે. એની ઈચ્છા મૂર્ખ કરે છે, એ તો મનની કલ્પનાએ કરીને રચ્યાં છે.

હે પરમહંસો ! અજ્ઞાની જે જીવ તેનું જીવવું તે વ્યર્થ છે. શા માટે જે જીવવાને વિશે એનો કોઈ અર્થ સિદ્ધ થતો નથી. ને જ્યારે એને કામ-ક્રોધાદિક વિકાર ઉત્પન્ન થાય છે. તેણે કરીને સદા આવર્યો થકો રહે છે. જેમ જાળને વિશે પક્ષી અવરાય છે ને ઊડીને આકાશ માર્ગને દેખી નથી શકતો, તેમ કામ-ક્રોધાદિકે કરીને આવર્યા થકા વિચાર માર્ગને દેખી નથી શકતો.

હે પરમહંસો ! આ શરીર ત્યાં સુધી સુંદર ભાસે છે, જ્યાં સુધી જરા અવસ્થા પ્રાપ્ત નથી થઈ. જેમ ચંદ્રમાનો પ્રકાશ ત્યાં સુધી ઉજ્જવળ ભાસે છે, જ્યાં સુધી રાહુ દૈત્યે આવરણ નથી કીધું, અને જ્યારે રાહુ દૈત્ય આવરણ કરે છે ત્યારે પ્રકાશ નથી ભાસતો; તેમ જરા અવસ્થાને આવવે કરીને જુવાની અવસ્થાની સુંદરતા જાતી રહે છે.

હે પરમહંસો ! જરાઅવસ્થા આવે છે ત્યારે શરીર કૃશ થઈ જાય છે અને તૃષ્ણા વધતી જાય છે. જેમ વર્ષાઋતુને વિષે નદી વધતી જાય છે, તેમ જરાઅવસ્થાને વિષે તૃષ્ણા વધતી જાય છે.

૨૦૫. અજ્ઞાની મનુષ્ય પશુ જેવા છે.

હે પરમહંસો ! એક મોહરૂપી વૃક્ષ છે. તેની ચારે પાસે સ્ત્રીરૂપ વેલીઓ છે; તે ઝેરે કરીને પૂર્ણ છે. તેની વિષે ચિત્તરૂપી ભમરા આવીને બેસે છે. તે તેને સ્પર્શે કરીને નાશ થાય છે. જેમ મોરનું પૂછ પવને કરીને હાલતું રહે છે તેમ અજ્ઞાનીનું ચિત્ત ચંચળ રહે છે.

હે પરમહંસો ! એવા જે મનુષ્ય છે તે પશુ જેવા છે. જેમ પશુ દિવસે વનમાં જાય છે ને આહાર કરે છે ને ચાલતા ફરે છે ને રાત્રિને

વિષે ઘેર આવે છે; તેમ મૂર્ખ મનુષ્ય પણ દિવસે નીકળી જાય છે ને વહેવારાદિક કરે છે અને રાત્રિને વિષે ઘરમાં આવીને રહે છે, પણ પરમાર્થ કાંઈ સિદ્ધ થતો નથી.

૨૦૬. જ્ઞાનવાન પુરુષ દુર્લભ છે.

હે પરમહંસો ! જે જ્ઞાનવાન પુરુષ છે તેમને વિષય ભોગની ઈચ્છા રહેતી નથી, શા માટે જે આત્માના પ્રકાશે કરીને વિષયને મિથ્યા જાણે છે.

હે પરમહંસો ! એવા જે આત્મવાન પુરુષ છે તે દુઃખે કરીને જણાય છે(દુર્લભ છે). ને એવા મોટા પુરુષોનો સમાગમ તો અતિ મોટા ભાગ્ય હોય છે ત્યારે થાય છે. એવા વિરક્ત આત્મા દુર્લભ છે, જેને સંસારની કામના કોઈ રહી નથી અને સર્વદા બ્રહ્મનિષ્ઠ થકા શોભે છે.

૨૦૭. ગોલોકાદિ ધામની વિભૂતિઓથી પણ નિઃસ્પૃહ રહેવું.

હે પરમહંસો ! જ્યારે યુગની હજાર ચોકડી જાય છે ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. તે બ્રહ્માના દિવસનો નાશ થયે સતે જગતનો પ્રલય થાય છે. અને બ્રહ્મા પણ કાળે કરીને નાશ થાય છે, તે બ્રહ્મા પણ એટલા નાશ થાય છે જે તેમની ગણતાં સંખ્યા આવે નહિ તો પ્રાકૃત જીવો નાશ થાય તેમાં શું આશ્ચર્ય છે ?

તે સારુ હે પરમહંસો ! ગોલોકની વિભૂતિઓ તથા વૈકુંઠની વિભૂતિઓ તથા કૈલાસની વિભૂતિઓ તથા અષ્ટ આવરણે યુક્ત જે બ્રહ્માંડ તેને વિષે જે વિભૂતિઓ તથા સિદ્ધિઓ એ સર્વેનાં સુખ થકી નિઃસ્પૃહી રહેવું. ને પ્રીતિ તો એક નારાયણનાં ચરણારવિંદને વિષે જ રાખવી અથવા સંતના ચરણારવિંદને વિષે રાખવી.

અને ખંડ ખંડને વિષે (ભગવાનની) જે મૂર્તિઓ છે તથા ધામોને વિષે જે મૂર્તિઓ છે તેને વિષેથી નિઃસ્પૃહી ન થાવું. વિભૂતિઓને વિષેથી તો નિઃસ્પૃહી થાવું. શા સારુ જે તે નાશવંત છે, તે કહીએ છીએ જે, કાળની ગણનાએ કરીને મનુષ્યની આવરદા તથા દેવતાની આવરદા તથા

વિરાટની આવરદા, તે પરમાણુરૂપ જે આદિકાળ અને પરમ મહાનરૂપ જે વિરાટનો અંત તે બેય કાળની ગણનાએ કરીને છે.

૨૦૮. નિમિત્ત પ્રલયનું વર્ણન

જે કાળની ગતિ અવ્યાકૃત પુરુષને વિષે નિમેષ વરતે છે ને વિરાટને વિષે શીઘ્ર વરતે છે. કાં જે અવ્યાકૃતને વિશે કાળની ગતિ મંદ છે. જે અવ્યાકૃત પુરુષના મટકાએ કરીને જે કાળ વ્યતીત થયો તેટલે જ કાળે કરીને વિરાટનો નાશ કહ્યો છે.

અને વિરાટને એક દિવસે કરીને ત્રિલોકનો નાશ થાય છે. તે વિરાટના દિનનું પ્રમાણ કહીએ છીએ. જે ચારે જુગની ચોકડીનું જે હજારપણું તે સમગ્ર મળીને બ્રહ્માનો દિવસ છે.

અને હે પરમહંસો ! તે બ્રહ્માના દિવસને વિષે ચૌદ મનુ અનુક્રમે કરીને થાય છે અને તે દિવસને અંતે ચાર જુગની હજાર (ચોકડી) પ્રમાણે રાત્રિ કહી છે તે રાત્રિ પ્રલયરૂપ છે. જે રાત્રિપ્રલયને વિષે ભૂ, ભુવર ને સ્વર્ગ એ ત્રણ લોક પ્રલયને અર્થે નિશ્ચે કલ્પાય છે, એ **નૈમિત્તિક પ્રલય** કહ્યો છે.

જે નૈમિત્તિક પ્રલયને વિષે વિશ્વના સર્જનાર એવા જે નારાયણ વિશ્વને પોતાને વિષે લીન કરીને શેષજીનું છે આસન જેને એવા થકા સૂએ છે. અને આત્મભુ જે બ્રહ્મા તે નારાયણ ભેળા સૂએ છે.

૨૦૯. પ્રાકૃતિક પ્રલયનું વર્ણન

અને પરમેષ્ઠી એવા જે બ્રહ્મા તેમની દ્વિપરાર્ધ જે આવરદા તે ગયે સતે પંચ તન્માત્રા, ને મહત્તત્ત્વ ને અહંકાર એ સાત પ્રકૃતિ નિશ્ચે પ્રલયને અર્થે કલ્પાય છે. હે પરમહંસો ! એ **પ્રાકૃતિક પ્રલય** કહેવાય છે. અને જે લયને વિષે મહદાદિક જે કાર્યનો સમૂહ અને અંડકોષ તેને કાળ નાશ પમાડે છે. અને તે જેમ પ્રકૃતિને વિષે લય થઈ જાય છે તે લયની રીત કહીએ છીએ.

૨૧૦. પ્રલયની રીત

હે પરમહંસો ! સો વર્ષ પર્યંત પૃથ્વીને વિષે પર્જન્ય જે મેઘ તે વરસતો નથી. તે વાર પછી અન્ને રહિત એવું જે પૃથ્વીનું તલ તેને વિષે ક્ષુધાએ કરીને પીડાણી અને માંહોમાંહી ભક્ષ કરતી સતી, કાળે કરીને ઉપદ્રવ પામી એવી પ્રજા, ધીરે ધીરે ક્ષયને પામે છે. અને પ્રલયકાળ સંબંધી સૂર્ય મહાતીખી એવી જે પોતાની કિરણ તેણે કરીને સમુદ્ર સંબંધી રસ તથા દેહસંબંધી રસ તથા પૃથ્વી સંબંધી રસ તે સર્વે રસને પી જાય છે. અને રસને નથી જ મૂકતો.

તે વાર પછી સંકર્ષણના મુખ થકી ઊપજ્યો એવો જે સાંવર્તક નામે અગ્નિ તે વાયુને વેગે કરીને વધતો થકો શૂન્ય એવા જે પાતાળાદિક લોક તેને બાળે છે. અને ઉપર સૂર્ય ને હેઠે અગ્નિ તેની જ્વાળાએ કરીને ચારે કોરે બળતું એવું જે અંડ તે બળ્યા એવા જે છાણના પિંડાની પેઠે ભાસે છે. તે વાર પછી કાંઈક અધિક વર્ષના શતપર્યંત પર(સો વર્ષ ઉપરાંત સમય સુધી) એવો જે પ્રલય સંબંધી પ્રચંડ વાયુ તે વાય છે. અને રજે અવરાણો એવો જે આકાશ ધૂમ્ર થાય છે.

તે વાર પછી હે પરમહંસો ! ચિત્રવિચિત્ર છે વર્ણ જેના એવા અનેક પ્રકારના મેઘનો સમૂહ તે સો વર્ષ પર્યંત વરસે છે. ને તીખી ગર્જનાટે કરીને શબ્દ કરે છે. અને તે વાર પછી બ્રહ્માંડના મધ્યને વિષે રહ્યું એવું જે વિશ્વ તે એક જળે કરીને વ્યાપ્ત હોય છે, એમ જળે કરીને બૂડે છે.

પછી પૃથ્વીનો જે ગંધ ગુણ તેને જળ ગળી જાય છે ને તે ગંધ ગુણે ગળેલી જે પૃથ્વી તે અભાવને અર્થે કલ્પાય છે. અને જળનો જે રસમય ગુણ તેને તેજ ગળી જાય છે અને રસે રહિત જે જળ તે લય પામી જાય છે. તેજનો જે રૂપ ગુણ તેને વાયુ ગળી જાય છે. તે વારે રૂપે રહિત જે તેજ તે વાયુને વિષે લીન થઈ જાય છે. અને વાયુનો સ્પર્શ ગુણ તેને આકાશ ગળી જાય છે, ત્યારે તે વાયુ આકાશ પ્રત્યે લય પામી જાય છે.

અને આકાશનો ગુણ જે શબ્દ તેને ભૂતાદિક જે તામસ અહંકાર તે ગળી જાય છે અને આકાશ તામસાહંકાર પ્રત્યે લય પામે છે. તેજસ ને રાજસ અહંકાર તે દશ ઈન્દ્રિયોને ગળી જાય છે. અને વૈકારિક જે સાત્ત્વિક અહંકાર તે અંતઃકરણની વૃત્તિએ સહિત દેવતાને ને અંતઃકરણને ગળી જાય છે. અને તે અહંકારને મહત્તત્ત્વ ગળી જાય છે અને તે મહત્તત્ત્વને શુદ્ધ એવા જે સત્ત્વાદિક ગુણ તે ગળી જાય છે.

હે પરમહંસો ! કાળે પ્રેર્યું એવું જે પ્રધાન તે મહત્તત્ત્વના કારણરૂપ એવા જે શુદ્ધ સત્ત્વાદિક ગુણ તેને ગળી જાય છે. અને તે માયાના ગુણ કાળનાં અંગરૂપ દિવસ ને રાત્રિ વડે પરિણામાદિકને પામતા નથી, કહેતાં માયાનો લય થતો નથી. અને તે માયાને વિષે વાણી નથી, મન નથી, સત્ત્વ, તમ ને રજ એ જે શુદ્ધ ગુણ તે નથી અને મહત્તત્ત્વ આદિ લઈને જે એ તત્ત્વ તે નથી. અને જે પ્રધાનને વિષે પ્રાણ નથી, બુદ્ધિ નથી, ઈન્દ્રિયો નથી, દેવતા નથી અને લોકરૂપ જે રચનાવિશેષ તે નથી.

અને માયાને વિષે સ્વપ્ન નથી, જાગ્રત નથી ને સુષુપ્તિ પણ નથી. ને તેને વિષે આકાશ નથી, જળ નથી ને ભૂ કહેતાં પૃથ્વી નથી અને અનિલ કહેતાં વાયુ નથી અને અગ્નિ કહેતાં દેવતા નથી અને અર્ક કહેતાં સૂર્ય નથી. અને માયા તત્ત્વને ઈન્દ્રિયાદિકનો અભાવ છે. તે માટે અતિશે સુષુપ્તિવત્ છે અને શૂન્યવત્ છે અને વિચારમાં આવતું નથી અને અતર્ક્ય છે એવું જે પ્રધાન તેને મોટા સંત મૂળભૂતપદને માને છે; કહેતાં જગતના કારણરૂપ માને છે.

અને હે પરમહંસો ! પુરુષ ને અવ્યક્ત જે માયા તેની શક્તિઓ જે શુદ્ધ સત્ત્વાદિક તે કાળે કરીને ઊપજીને પરવશ થકા જ્યારે માયાને વિષે લીન થઈ જાય છે, તેને **પ્રાકૃતિક પ્રલય** કહ્યો છે.

૨૧૧. આત્મા સ્થૂળ-સૂક્ષ્મ દેહથી જુદો છે.

હે પરમહંસો ! ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ ત્રણે બુદ્ધિની અવસ્થા છે અને પ્રત્યેક આત્માને વિષે નાનાત્મકપણું(ઉચ્ચ-નીચપણું) તે માયા માત્ર છે. જેમ આકાશને વિષે મેઘ થાય છે અને નથી થતો તેમ અવયવે સહિત આ વિશ્વ, ઉદય ને અસ્ત થકી પ્રત્યગાત્મા(સ્વયંપ્રકાશ આત્મા) જે વિરાટઅભિમાની, અરૂપ ને ચિદાત્મા, તેને વિષે સ્થૂળ-સૂક્ષ્મ રૂપે પરમાત્માની ઇચ્છાએ કરીને ઊપજે છે ને નથી ઊપજતું. જેમ આ જગતને વિષે કાર્યમાત્રનો કારણ સત્ય કહ્યો છે તેમ.

હે પરમહંસો ! કાર્ય થકી કારણ તે જુદું જણાય છે. જેમ વસ્ત્ર થકી વસ્ત્રનાં કારણ જે ત્રાગડા તે જુદા જણાય છે, તેમ સ્થૂળ-સૂક્ષ્મ થકી અરૂપ જે આત્મા તે જુદો જણાય છે. અને આત્માને વિષે સ્થૂળ-સૂક્ષ્મપણું અબુદ્ધિએ(અજ્ઞાને) આરોપ્યું છે. અને જે કાર્યકારણપણે કરીને માંહોમાંહી આશ્રય થકી જે સ્થૂળ-સૂક્ષ્મ જણાય છે તે તો સર્વે આદ્ય-અંતવત્ છે, ને ભ્રમમાત્ર છે અને અવસ્તુ છે. અને જણાય છે તોય પણ પ્રપંચ(દેહાદિક જગત) પ્રત્યગાત્માના પ્રકાશ વિના અણુમાત્ર પણ નિરૂપણ કરવા યોગ્ય નથી. અને જો પ્રપંચ આત્મા વિના નિરૂપણ કરવા યોગ્ય હોય તો તે પ્રપંચ પણ ચૈતન્યરૂપ જે આત્મા તેણે કરીને સ્વપ્રકાશ હોય અને આત્માએ યુક્ત હોય.

૨૧૨. આત્માના ભેદ-અભેદની વિગત

અને સત્ય એવા જે આત્મા તેને વિષે નિશ્ચે નાનાત્વપણું(સ્ત્રી-પુરુષાદિક ભિન્નપણું) નથી, ને જો નાનાત્વપણું માને છે તો અવિદ્વાન્ છે. જેમ ક્ષુદ્ર જે ઘટાકાશ ને મઠાકાશ તેનું નાનાત્વપણું નથી, અને જેમ આકાશ ને જળને વિષે રહ્યા જે સૂર્ય તેનું નાનાત્વપણું નથી, ને જેમ બહાર અને શરીરને વિષે રહ્યો જે વાયુ તેનું નાનાત્વપણું નથી, કહેતાં ભેદપણું નથી; તેમ આત્માને વિષે ભેદપણું નથી. તે વાચ્યનો ત્યાગ કરે તે કેડે ભેદ નથી અને વાચ્યે(મૂળ અર્થે) સહિત તો ભેદ છે.

૨૧૩. અહંકાર બ્રહ્મદર્શનમાં બાધક છે.

જેમ સુવર્ણને વ્યવહારમાર્ગને વિષે મનુષ્યે ક્રિયાએ કરીને કટક(કડું), કુંડળ આદિક રૂપે કરીને બહુ પ્રકારે જાણ્યું હોય છે; તેમ અધોક્ષજ = ઇન્દ્રિય પર એવા ભગવાનને, આત્મા = જે અહંકારની ઉપાધિયુક્ત એવા જે મનુષ્ય, તેણે લોક સંબંધી ને વેદ સંબંધી વચને કરીને બહુ પ્રકારે કહ્યા હોય છે.

જેમ સૂર્ય થકી ઊપજ્યો એવો જે મેઘ(વાદળ) તે સૂર્યે જ પ્રકાશ કર્યો છે, તોપણ સૂર્ય છે દેવતા જેના એવાં જે ચક્ષુ ઇન્દ્રિય તેને સૂર્યનાં દર્શનને વિષે આવરણરૂપ થાય છે; કહેતાં જેમ મેઘ સૂર્યને આડાં આવે છે, તેમ અહંકાર બ્રહ્મનો કાર્યરૂપ છે અને તે બ્રહ્મે જ પ્રકાશ્યો છે **અને તે અહંકાર બ્રહ્મના અંશરૂપ એવો જે જીવ તેને બ્રહ્મદર્શન પ્રત્યે બંધકરૂપ થાય છે**, કહેતાં બ્રહ્મનું દર્શન કરવા દેતો નથી.

૨૧૪. આત્યંતિક પ્રલયનું વર્ણન

જ્યારે સૂર્યથી ઊપજ્યો એવો જે મેઘ તે નાશ પામી જાય છે ત્યારે ચક્ષુ, સ્વરૂપ કહેતાં પોતાના પ્રકાશક એવા સૂર્યને દેખે છે; તેમ જ્યારે આત્માને ઉપાધિરૂપ એવો જે અહંકાર તે બ્રહ્મ વિચારે કરીને નાશ પામે છે, ત્યારે ‘બ્રહ્મ હું છું’ એવી રીતે સ્મરણ થાય છે અને બ્રહ્મને દેખે છે.

હે પરમહંસો ! જ્યારે એ રીતે વિવેક હોય, તે જે જ્ઞાનરૂપ શસ્ત્ર તેણે કરીને, માયામય એવો જે અહંકાર, એ જ આત્માને બંધન છે, તે બંધનને છેદીને, પરિપૂર્ણ એવો જે આત્મા(પરમાત્મા) તેને અનુભવતો થકો રહે છે; કહેતાં સાક્ષીનો અનુભવ કરે છે ત્યારે તેને આત્યંતિક પ્રલય કહીએ.

૨૧૫. નિત્યપ્રલયનું વર્ણન

હે પરમહંસો ! હે પરમ તપવાળાઓ ! કેટલાક સૂક્ષ્મ વસ્તુના જાણવાવાળા (મોટા સંતો) બ્રહ્માદિ સર્વે જીવની ઉત્પત્તિ ને પ્રલયની વાત નિરંતર કહે છે.

અને પરિણામને પામતો એવો જે નદીપ્રવાહ અને દીવાની જ્વાળા તેની જે ઊંચ-નીચ અવસ્થાઓ તે અવસ્થા કાળરૂપ પ્રવાહને વેગે કરીને તત્કાળ તણાતા એવા દેહાદિકને નિરંતર દેખાય(થાય) છે, (આત્માને નહીં.) તેમ જ (દેહાદિક) નિરંતર જન્મ-પ્રલયના હેતુ થાય છે, (આત્માઓ નહીં.)

અને નથી આદ્ય-અંત જેને એવા ઈશ્વરમૂર્તિ જે કાળ તેણે કરીને ઊપજતી એવી જે અવસ્થાઓ તે દેખાતી નથી. જેમ આકાશને વિષે ચંદ્રાદિક નક્ષત્રોની ગતિની અવસ્થાઓ દેખાતી નથી, તેમ દેહાદિકની બાલ્ય-તરુણાદિક અવસ્થાઓ ક્ષણે ક્ષણે ફરી જાય છે ને દેખાતી નથી તેને **નિત્ય પ્રલય** કહીએ.

૨૧૬. ગોલોકમાં પણ કાળની ગતિ છે.

એ રીતે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક ને આત્યંતિક એ ચાર પ્રકારનો પ્રલય કહ્યો છે. એ રીતની કાળની ગતિ છે. અને પ્રાકૃત પ્રલયે કરીને વિરાટનો નાશ કહ્યો છે. તે કેવી રીતે ? તો અવ્યાકૃત જે માયા શબલિત બ્રહ્મ કહ્યો છે, તેના(પ્રધાનના પતિ એવા પુરુષના) એક મટકાએ કરીને વિરાટનો નાશ કહ્યો છે. અને તે અવ્યાકૃત પુરુષના સો મટકારૂપ જે કાળનું વ્યતીતપણું છે, તે કાળ ગોલોકને વિષે એક મટકાપણે કરીને વર્તે છે; એટલા સારુ ગોલોકને વિષે કાળની અતિશે મંદગતિ છે, પણ **ગોલોકને વિષે કાળની પ્રવૃત્તિ છે. તે સારુ એ સર્વે વિભૂતિઓથી નિઃસ્પૃહી વર્તવું, ને નારાયણનાં ચરણારવિંદને વિષે પ્રીતિ રાખવી ને વિભૂતિઓને વિશે નિઃસ્પૃહી રહેવું.**

૨૧૭. ભગવાનનું પૃથ્વી પર બેરૂપે પ્રગટપણું

અને તે શ્રીકૃષ્ણનારાયણનું બે પ્રકારે કરીને પૃથ્વીને વિષે પ્રગટપણું છે. તેમાં એક તો એવી રીતે પ્રગટપણું છે જે : કપિલદેવજી

દેવહૂતિના ઉદરને વિષે આવીને પ્રગટ થયા; અને ઋષભદેવજી મેરુદેવીના ઉદરમાં આવીને પ્રગટ થયા; અને વામનજી અદીતિના ઉદરને વિષે આવીને પ્રગટ થયા; ને દત્તાત્રેય અનસૂયાના ઉદરને વિષે આવીને અને નરનારાયણ મૂર્તિના ઉદરને વિષે આવીને પ્રગટ થયા; અને પરશુરામ રેણુકાના ઉદરને વિષે આવીને પ્રગટ થયા; અને રામચંદ્રજી કૌશલ્યાના ઉદરને વિષે આવીને પ્રગટ થયા; અને શ્રીકૃષ્ણ દેવકીજીના ઉદરને વિષે આવીને પ્રગટ થયા. એ સર્વે સાક્ષાત્કાર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન જીવના કલ્યાણને અર્થે મનુષ્યદેહે જન્મ ધરીને પૃથ્વીને વિષે પ્રગટ થયા.

અને **બીજી રીતે** એના એ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ **પંચવર્તમાને સહિત સદ્‌ગુરુરૂપે કરીને પ્રગટ થાય છે.** તે વિષ્ણુના હૃદયને વિષે પ્રવેશ કરીને વિષ્ણુરૂપે પ્રગટ થાય છે. અને શિવના હૃદયને વિષે પ્રવેશ કરીને શિવરૂપે પ્રગટ થાય છે. અને નારદના હૃદયને વિષે પ્રવેશ કરીને નારદરૂપે પ્રગટ થાય છે. અને સનકાદિકના હૃદયને વિષે પ્રવેશ કરીને સનકાદિકરૂપે પ્રગટ થાય છે. અને શુકજીના હૃદયને વિષે પ્રવેશ કરીને શુકજીરૂપે પ્રગટ થાય છે. અને મૈત્રેયના હૃદયને વિષે પ્રવેશ કરીને મૈત્રેયરૂપે પ્રગટ થાય છે. અને ઉદ્ધવના હૃદયને વિષે પ્રવેશ કરીને ઉદ્ધવરૂપે પ્રગટ થાય છે.

અને આત્માનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને આત્માનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. અને રામાનંદ સ્વામીના હૃદયમાં પ્રવેશ કરીને રામાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. અને મુક્તાનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને મુક્તાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. અને બ્રહ્માનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને બ્રહ્માનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે. અને નિત્યાનંદ સ્વામીના હૃદયને વિષે પ્રવેશ કરીને નિત્યાનંદ સ્વામીરૂપે પ્રગટ થાય છે.

એ રીતે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ જીવોના કલ્યાણને અર્થે ગુરુરૂપે કરીને જગતને વિષે પ્રવર્તે છે. તે સારુ એ નારાયણનાં ચરણારવિંદને વિષે પ્રીતિ રાખવી ને બીજા સર્વ જગતથી નિઃસ્પૃહી રહેવું.

૨૧૮. પંચવર્તમાન રહિત ગુરુથી દૂર રહેવું.

અને જો એ ગુરુને વિષે પાંચે વર્તમાન ન હોય તો એ ગુરુનો ત્યાગ કરી દેવો ને એમ જાણવું જે, એ ગુરુના હૃદયને વિષે પુરુષોત્તમનું અન્વયપણું પણ નથી અને પ્રવેશપણું પણ નથી. અને એને વિષે ગુરુપણું નથી. અને અંતર્યામીરૂપે કરીને એના હૃદયને વિષે પરમેશ્વરની દૃષ્ટિ પણ નથી. તે માટે એ થકી નિઃસ્પૃહી રહેવું. અને એવા ગુરુને દેહાભિમાની જાણીને એનો ત્યાગ કરી દેવો. જેમ શ્વપચનો અને ચાંડાળનો ત્યાગ કરીએ તેમ એને વિષ્ટાતુલ્ય જાણવો અને કદી એનું દર્શન ન કરવું. કાં જે, બ્રહ્મવેત્તા જે ગુરુ તેના માર્ગનો ઉચ્છેદનનો કરનારો થયો, તે સારુ એનું નામ પણ ન લેવું. એથી અત્યંત નિઃસ્પૃહી રહેવું.

૨૧૯. આત્મસ્વરૂપનું નિરૂપણ

અને આત્મા પોતાના દેહમાં હૃદયને વિશે રહ્યો છે અને તે આત્મા દેહ થકી ન્યારો છે, અમળ છે, એક છે, અચ્યુત છે, નિરંશ છે, પૂર્ણ છે, અખંડ છે, અકર્તા છે, અવિનાશી છે, અમર છે. આદ્ય, અંત ને મધ્ય તેણે રહિત છે ને દેશકાળે રહિત છે. અને નીલ, પીત, રક્ત, શ્યામ, ઉજ્જવલ એ સર્વે આત્મા વડે ભાસે છે. અને ખારો, ખાટો, મીઠો, મોળો, તીખોતમતમો નથી. ને આત્મા લાંબો ટૂંકો નથી ને આત્મા ડાબો જમણો કે'વાય નહિ. અને આત્મા બાળક નહીં, વૃદ્ધ નહિ ને એ જીવાત્મા ત્રણ અવસ્થાને વિષે રહ્યો છે.

હે પરમહંસો ! તમારે સર્વને મને પ્રસન્ન કરવો હોય તો અશરીર-આત્મસત્તારૂપે પોતાના જીવાત્માને માનીને મારી ઉપાસના કરવી. તે ઉપાસનાએ કરીને હું અતિ પ્રસન્ન થઈશ.

૨૨૦. આત્મા દેહના યોગે અભિમાન ધારણ કરે છે.

અને હે પરમહંસો ! બ્રહ્માદિથી લઈને કીટ પર્યંત સર્વ જીવ ભિન્ન ભિન્ન અભિમાનવાળા છે. અને તે તે જાતના દેહનું અભિમાન ધરે છે, જે અહં(હું) સુખી, અહં દુઃખી, અહં કૃશ(પાતળો), અહં સ્થૂળ, અહં મૂક, અહં જડ, અહં પંડિત, અહં મૂર્ખ, અહં રાજા, અહં ભૃત્ય(નોકર), અહં શ્રોત્રિય, અહં બ્રાહ્મણ, અહં ક્ષત્રિય, અહં વૈશ્ય, અહં શૂદ્ર, અહં ઈશ્વર(સમર્થ), અહં દરિદ્ર, મમ ભાર્યા(પત્ની), મમ પુત્ર, મમ ધન, મમ ક્ષેત્ર, ઈત્યાદિક નાના પ્રકારની કલ્પના પોતાના ગુણને અનુસારે કરે છે. અને એ બ્રહ્માદિક સર્વે દેહ થકી જીવાત્મા વિજાતીય છે.

૨૨૧. જીવનમુક્ત સંતની સંકલ્પ શમાવવાની રીત

અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિને વિષે સ્વતંત્ર એવા જે જીવનમુક્ત સંત તેને જ્યારે જાગ્રતમાં સંકલ્પ થાય છે, ત્યારે તે સંકલ્પ ને સમાવવા સારુ ભગવાનની મૂર્તિને આગળ ધારીને નખથી શિખાપર્યંત સંભારીને, મૂર્તિને વિષે અતિશે લક્ષે(સમાધિએ) કરીને સંકલ્પને તે જીવનમુક્ત સમાવે છે. તેવી રીતે તે પરમહંસ જે પોતાના દેહને નખશિખાપર્યંત ચિંતવન કરીને અંગ અંગને ખોટાં કરે ને પોતાને દ્રષ્ટા માને.

૨૨૨. આત્મારૂપે ઉપાસના કરનાર પર પ્રભુની કૃપા થાય છે.

અને વિચાર કરવામાં નેત્રને વિચારે ત્યારે નેત્રને ખોટાં કરે અને મુખને વિચારે ત્યારે મુખને ખોટું કરે. અને છાતીનો વિચાર કરે ત્યારે છાતીને ખોટી કરે, હાથનો વિચાર કરે ત્યારે હાથને ખોટા કરે. પેટનો વિચાર કરે ત્યારે પેટને ખોટું કરે. જ્યારે કેડનો વિચાર કરે ત્યારે કેડને ખોટી કરે, પીંડીનો વિચાર કરે ત્યારે પીંડીને ખોટી કરે, વાંસાનો વિચાર કરે ત્યારે વાંસાને ખોટો કરે, પગનો વિચાર કરે ત્યારે પગને ખોટા કરે.

એ સર્વે જે પોતાના દેહનાં અંગ તેના વિચારનો કરનારો જીવાત્મા તે જીવાત્મા પોતાને (વિષે) પોતાપણું માનીને આ દેહને ખોટો માનશે, એ વચન અમે કહ્યું છે તે જે માનશે તેને થોડાક દિવસે વિચાર કરતાં કરતાં પોતાનો આત્મા દેહથી જુદો સૂર્ય સરખો પ્રકાશમાન દેખાઈ આવશે. ને દેહ તો શૂન્ય જણાશે પણ કરચરણાદિક ચિહ્નરૂપે નહિ જણાય, શૂન્ય આકાશ જેવો જણાશે.

જેમ આકાશને વિષે વાદળાંની ઘટા જણાતી હોય ને પછી વાયુ જ્યારે અતિશે લાગે ત્યારે તે ઘટા આકાશને વિષે લીન થઈ જાય છે; તેમ જીવાત્માના વિચારરૂપી જે વાયુ તે જાગ્રત અવસ્થાને વિષે અતિશે જ્યારે લાગે છે ત્યારે જાગ્રતને વિષે ઘોર સુષુપ્તિ વર્તે છે, તેણે કરીને આ દેહ શૂન્ય થઈ જાય છે. અને સમુદ્ર જેવા કામ-ક્રોધાદિક ઘાટના સમૂહ થાતા હશે તોપણ સર્વે શમી જાશે અને હું પણ તેની ઉપર કૃપા કરીશ અને વચનરૂપે કરીને તેના હૃદયને વિષે પ્રવેશ કરીને જીવાત્માના જ્ઞાન સંબંધી વિચારને પ્રકાશ કરીશ. ને જીવાત્માને વિષે અહંપણું મનાશે, પછી તે આત્મારૂપ દેહને અભિમાને કરીને મારી ઉપાસના કરશે. ને આ વિચાર કર્યાની જેને શ્રદ્ધા હોય તેને કોઈ શબ્દાદિક વિષયે કરીને ક્ષોભ ન પામવું.

॥ ઈતિ શ્રીનિ:સ્પૃહી વર્તમાન સંપૂર્ણ ॥



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ અથ નિઃસ્વાદી વર્તમાન ॥



૨૨૩. મુમુક્ષુએ અજગરવૃત્તિ રાખવી.

હે પરમહંસો ! મુમુક્ષુ પ્રાણવૃત્તિ જે આહારમાત્ર તેણે કરીને સંતોષમાં રહે, પણ ઈન્દ્રિયોને વહાલા જે રસાદિક તેણે કરીને રાજી થાય નહિ. અને અજગર-સર્પની પેઠે ક્રિયાએ રહિત રહેવું અને ઈશ્વર ઈચ્છાએ કરીને આહાર થોડો મળે અથવા રૂડું અન્ન મળે, રસે રહિત મળે કહેતાં સૂકું મળે ને ઝાઝું મળે, જેવું મળે તે લેવું. અને અજગરવૃત્તિવાળાને આહારને અર્થે ઉદ્યમ ન કરવો. અને જો અન્ન ખાવાને માટે ન મળ્યું તો મોટા અજગરની પેઠે નિરાહાર થકા ઘણાંક દિવસ પર્યંત પડ્યા રહેવું. ને નારાયણનાં ચરણારવિંદનું ચિંતવન કરવું. ને આહારનું પમાડનાર તો દેહનું પ્રારબ્ધ છે, એ રીતે (સમજીને) ધીરજવાન રહેવું.

અને જો (અન્નનો) સંગ્રહ કરે તો એની હંસવૃત્તિનો વનમક્ષિકાની(મધમાખીની) પેઠે નાશ થઈ જાય છે અથવા પિપીલિકાની(કીડીની) પેઠે નાશ થઈ જાય છે અને વળી સમળીની પેઠે દુઃખ પામે છે. તે સારુ જે કાંઈ ભિક્ષા માંગી આવ્યા હોઈએ તે પોતે ખાઈ જાવી, ને વધે તો કોઈને દઈ દેવું પણ સંગ્રહ ન કરવો; એ રીતે જે ધીરજવાન રહે તેને અજગરવૃત્તિવાળા કહીએ.

૨૨૪. ભિક્ષા માટે ભ્રમરવૃત્તિ રાખવી.

હે પરમહંસો ! હવે ભ્રમરવૃત્તિવાળા કહીએ છીએ. જે જે કોઈ ભિક્ષા ઉત્તમ ઘરેથી માંગી આવ્યા હોઈએ, તેને જે આ તો સાયંકાળે ખાશું અને આ તો કાલે ખાશું; એ રીતે ભિક્ષાના અન્નનો સંગ્રહ ન કરવો. અને હાથનું જ પાત્ર જાણવું અથવા ઉદરનું જ પાત્ર માનવું. અને મુમુક્ષુને તેટલું જ અન્ન ઘેરઘેરથી માંગી લેવું, જેટલે અન્ને કરીને પોતાના દેહનો નિર્વાહ થાય, પણ ગૃહસ્થને ભિક્ષા અર્થે કચવાવવા નહીં.

અને માધુકરીવૃત્તિનું ગ્રહણ કરવું. જેમ ભમરો છે તે એક કમળમાં આસક્ત થતો નથી, સર્વ કમળ થકી થોડો થોડો રસ લે છે; તેમ મુનિને એક ગૃહસ્થને ઘેર શ્રેષ્ઠ ભિક્ષાના લોભે કરીને આસક્ત ન થાવું અને જુદે જુદે ઘેરથી ભિક્ષા માંગી લેવી. અને એક ઘેરથી જો રોજ ઘી ખાંડે યુક્ત ભિક્ષા મળે તો તે ઘેર જાવું નહીં. કાં જે, જીહ્વા ઈન્દ્રિય અતિ ક્ષોભની પમાડનારી છે અને દુર્જય છે અને તે જીહ્વા ઈન્દ્રિયે કરીને જો રસમાં મોહ પામે છે, તો કાળ થકી મૃત્યુને પામે છે અને દેહાત્મબુદ્ધિ થાય છે.

૨૨૫. રસના ઇન્દ્રિય જીતે તો સર્વે ઇન્દ્રિય જિતાય.

અને બીજી ઈન્દ્રિયો જીતી હોય અને રસની આસક્તિ રૂપ એવી જે જીહ્વા ઈન્દ્રિય તેને જીતી ન હોય તો ત્યાં લગી એ જીતેન્દ્રિય કહેવાય નહીં અને રસની આસક્તિરૂપ એવી જીહ્વા જીતી તો સર્વ જીત્યું કહેવાય.

અને ખાન-પાન પરાયણ એવા જે પેટભરા અને શિશ્નઈન્દ્રિય પરાયણ એવા જે અસત્પુરુષ તેનો સંગ ક્યારેય કરવો નહીં. અને તેનો સંગ જે કરે છે, તે જેમ આંધળાનો સંગી આંધળાની સાથે ખાડામાં પડે છે, તેમ જ જન્મ-મૃત્યુરૂપ ખાડામાં પડે છે.

૨૨૬. કેવા ગુણવાળાને કેવો આહાર ગમે ?

હે પરમહંસો ! મીઠે રસે યુક્ત અને ઘી દૂધે યુક્ત આહાર તે સ્થિર કહેતાં ચાર પહોર રહે છે અને ખાંડ-સાકરે કરીને મનોહર લાગે

એવા જે આહાર તે **સાત્ત્વિકગુણવાળાને** પ્રિય છે. અને ખાંડના લાડુ અને ખાંડનો શીરો, દૂધપાક, સાબુડી(ઘઉંના લોટની વાનગી; જુવારના લોટની રાબ; દૂધ ને ચોખાના લોટની વાનગી) એ આદિક જે અન્ન તે શાક-અન્ને સહિત જળ નાંખીને ભેગું કરીને ખાય તો એનો એ જ આહાર તે નિર્ગુણ આહાર છે. તે બ્રહ્મવેત્તાને પ્રિય છે.

અને કડવો રસ જે કારેલાં એ આદિક લઈને અને ખાટો રસ જે દહીં આદિક લઈને અને ખારો રસ અને અતિ તીખો રસ અને અતિ ઊનો રસ અને રુખો ને ગરમીને ઊપજાવનારા એવા જે આહાર તે **રજોગુણવાળાને** ઈષ્ટ છે. અને એના એ આહાર જો જળમાં ભેળા કરીને ખાય તો નિર્ગુણ છે.

અને જે ભોજનને રાંધ્યા પછી ઘણી વાર થઈ ગઈ હોય એવું અને સ્વાભાવિક રસે રહિત એવું જે અન્ન અને દુર્ગંધયુક્ત કહેતાં સડી ગયું એવું જે અન્ન અને પૂતિગંધ કહેતાં લસણ, ડુંગળી, વઘારણી એણે કરીને યુક્ત એવું જે અન્ન અને ઉચ્છિષ્ટ અને અપવિત્ર એવું જે અન્ન; એટલા પ્રકારનું જે અન્ન તે **તમોગુણીને** પ્રિય હોય છે. એનું એ જ અન્ન તે જળમાં મેળાવીને જમે તો નિર્ગુણ છે.

બીજું એ જે ત્રણ પ્રકારના આહાર તેને ભિન્ન ભિન્ન સ્વાદે કરીને જે જમે છે, તેને ત્રણ પ્રકારનાં કર્મ લાગે છે અને તેણે કરીને ત્રણ પ્રકારની ગતિઓ થાય છે. તે સારુ હે પરમહંસો ! એ સર્વ અન્નને ભેળું કરીને જળ નાંખીને જમવું.

૨૨૭. ભિક્ષાવૃત્તિ તથા ભોજનના નિયમ

બીજું મદ્ય, માંસ, ભાંગ, તમાકુ, ગાંજો એ આદિક કેફ ન કરવો અને ડુંગળી, લસણ, હિંગ એ આદિક ન ખાવું. અને ભોજન ટાણે ઝોળીમાં જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય, આદિક છ રસે યુક્ત અન્ન

મળ્યું તે સર્વને ભેગું કરીને જળ નાંખીને જમવું. અને કોઈકે નોતરું દીધું હોય અથવા કોઈ આસન ઉપર લઈ આવે એવું જે અન્ન તે દહીં, દૂધ, ઘી તેણે રહિત તથા શેરડી ને શેરડીના રસમાંથી ઊપજ્યો જે ગોળ, ખાંડ, સાકર તેણે રહિત હોય તો જમવું. અને રોગે કરીને યુક્ત જેનો દેહ હોય તેને ગળ્યું, ચીકણું ખાધાનું નિયમ નથી.

અને વળી નાગરવેલનાં પાન, સોપારી, લવિંગ, એલાયચી, જાયફળ, જાવંત્રી, કેસર, કસ્તુરી, તજ એ આદિક મુખવાસ ન ખાવો. અને વળી ક્યારેક ભિક્ષામાં અન્ન થોડું મળે તો થોડું ખાવું અને ઘણું મળે તો ઘણું ખાવું, ને સ્વાદુ મળે તો સ્વાદુ ખાવું અને કોઈ વખત ટાઢું-શીળું મળ્યું તો તે ખાવું. અને કોઈક વેળા કોઈએ ઘણાંક માને કરીને ભિક્ષા દીધી તો તે ઝોળી લેવી અને કોઈક વાર કોઈએ ઘણે અપમાને કરીને ઝોળીમાં ભિક્ષા દીધી તો તે પણ લેવી. અને કોઈ વારે દિવસમાં ભિક્ષા મળે તો તે લેવી ને કોઈવારે ભૂખ્યા હોઈએ અને રાત્રીમાં ભિક્ષા મળે તો તે પણ લેવી. અને ભૂખ્યા હોઈએ ને કોઈક ચોખાની કણકી દે અથવા તિલનો ખોળ દે, કુશકા દે, સળેલ અડદનો રાંધેલ ખીચડો દે, બળેલ અન્ન, બળેટા(દાઝીને ચોંટી ગયેલ) એવું અન્ન જો ઝોળીમાં દે તો તે લેવું.

અને દેહમાં રોગ થાય ત્યારે ઔષધમાં એક મીંઢી આવળ ખાવી અને ભાજી, રાબ આદિક લઈને જે અન્ન વડે ઔષધ થાતું હોય તો તે કરવું. અને ખસ, દાદર ઉપર ઔષધ ચોપડવું, તે સુગંધી તેલ વિનાનું જે હોય તે ચોપડવું. અને શરીરે ચંદનનું લેપન ન કરવું અને પાણી તથા દૂધ તે ગાળ્યા વિનાનું ન પીવું અને એકવાર ભોજન કરવું.

હે પરમહંસો ! પરમહંસ આશ્રમ ગ્રહણ કર્યા પછી પણ પોતાને ખપતું હોય તેનું ખાવું અને પોતા થકી ઉત્તમ હોય તેને એંઠું દેવું નહીં, અને પોતા થકી નીચ હોય તેનું એંઠું લેવું નહીં. અને ગામમાંથી ભિક્ષા

માંગીને જ્યાં જળનું આશ્રય હોય અથવા ગામમાં ક્યાંય ઉતારો હોય તો તે જગ્યાએ જઈને હાથપગ ધોવા અને અન્ન ભેળું કરીને જમવું અથવા ત્યાં રસોઈ કરીને જમવું. અને તે જમ્યા ટાણે કોઈ અભ્યાગત આવે તો તેને દઈને જમવું. જેવી રીતે રંતિદેવ જે કોઈ ભિક્ષા માંગવા આવી જતા તો તેને આપતા અને પોતે ભૂખ્યા રહેતા, તેમ દયા રાખવી. ને પ્રસાદ લઈને ઘડીએક બેસીને બ્રહ્મવિચાર કરવો.

૨૨૮. સચ્ચિદાનંદરૂપે બ્રહ્મવિચાર કરવાની રીત

તે (વિચાર) કેમ કરવો ? જે બ્રહ્માંડ પિંડમાં ને પિંડ બ્રહ્માંડમાં મળ્યા છે, પરસ્પર દ્વીપે ને ખંડે સહિત મળ્યા છે. અને મારો આત્મા સત્, ચિત્, આનંદ છે. તે અસ્તિ(છે તેવું અસ્તિત્ત્વનું ભાન), ભાતિ(પોતાના સ્વરૂપે પ્રકાશે તેવું જ્ઞાન), પ્રિય એક(સાથે) છે. અને (તે કેવી રીતે ? તો,) અસ્તિ તે સત્ય, સત્ય તે અસ્તિ અને એ સત્ય અસ્તિ એક છે. ચિત્ ભાતિ છે, ને ભાતિ ચિત્ છે. અને આનંદ તે પ્રિય છે, ને પ્રિય તે આનંદ છે, એ તો નામે ભેદ છે. અને સચ્ચિદાનંદ તે બ્રહ્મ છે ને બ્રહ્મ તે સચ્ચિદાનંદ છે અને પોતાનો આત્મા તે સચ્ચિદાનંદ છે અને (તે સિવાયના) નામરૂપ પ્રપંચનો(જગતનો) ત્યાગ કરવો. કેમ જે, નામરૂપ પ્રપંચ તે જડ, દુઃખ, મિથ્યા છે.

અને બ્રહ્માંડ તો અસ્તિ (સાથે) મળીને પ્રકાશે છે. અને તેથી સત્યને નોખો કરે તો બ્રહ્માંડ અસત્ય ભાસે છે. ને અસત્યરૂપ શક્તિ રહે છે, તે કારણશક્તિ જાણવી અને કારજ પ્રપંચ(કાર્યરૂપ જગત) પણ તેને જ સંગે જાણવો.

અને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ને બ્રહ્માંડ એ સર્વે કારણશક્તિમાં લીન થાય છે અને આકાશમાંથી અસ્તિ ભિન્ન કરીએ ત્યારે આકાશ, અવકાશ ને શબ્દ એ ત્રણે મળીને કારજશક્તિ કહીએ. તેણે કરીને એ શક્તિને અસત્ય કહીએ. કારજ વિના જણાય નહીં. અને

એ કારજ છે તે તો ચિદ્ ભાસે છે અને ચિદ્ વિના કારજશક્તિ જડ રહે છે. ભાતિ વિના તેને ન પામીએ. અને દુઃખરૂપ શક્તિ છે તે પ્રિય સાથે મળવાથી દુઃખ જેવું જણાય છે.

જેમ ચણાનો લોટ ખાંડમાં ભેળો કરવાથી મીઠો લાગે છે, તેમ માયાશક્તિનું કાર્ય આનંદ વડે કરીને આનંદ જેવું ભાસે છે, ને સત્ ચિત્ ભિન્ન કરીએ ત્યારે અસત્ જડ દુઃખરૂપ રહે છે; એવો વિચાર કરવો. જેમ આકાશ, અવકાશ ને શબ્દ તેમાંથી જેમ અસ્તિ, ભાતિ ને પ્રિય નોખો પાડ્યો છે, તેમ જ વાયુમાંથી, તેમ જ તેજમાંથી, તેમ જ જળમાંથી, તેમ જ પૃથ્વીમાંથી અસ્તિ, ભાતિ, પ્રિયને નોખા પાડવા તેનું નામ મનન કહીએ.

અને સત્, ચિત્, આનંદ, વિવેકે કરીને જાણવો. ને અસ્તિ ને બ્રહ્માંડ મળ્યા છે, તે અસ્તિ સત્તાને બ્રહ્માંડમાંથી નોખો પાડવો, ને બ્રહ્માંડને અસત્(નાશવંત) જાણવો, ને સત્ પણ બ્રહ્માંડથી નોખું કરી લેવું. જ્યારે બ્રહ્માંડને અસત્ય જાણ્યું ત્યારે બ્રહ્માંડમાં માયા પણ અસત્ય જાણી. અને તે માયા નાના(વિવિધરૂપે થયેલી), સકારણ કહીએ, છાયા(પ્રકાશરહિત) કહીએ, અવ્યક્ત કહીએ, પ્રધાન કહીએ, અવિદ્યા કહીએ, અજા(અનાદિ) કહીએ.

અને તે માયા બ્રહ્માંડમાં મળી પણ છે. આ બ્રહ્માંડ સ્થૂળ-સૂક્ષ્મ છે, તેનું કારણ માયા છે ને બ્રહ્માંડ કાર્ય છે; પંચભૂત બ્રહ્માંડનાં કારણ છે. તે પંચભૂતમાં અસત્(વિકારી) જે માયા તે ને સત્ જે આત્મા તે અનુસ્યૂત છે. તે સત્‌ને સત્તારૂપ આત્મા જાણવો અને અસત્તાએ કરીને માયા કહી છે. અને સર્વ લોકે સહિત બ્રહ્માંડ અસત્ય છે. અને મન-વચને કરીને એ નિરધાર કરવો જે નામરૂપ સર્વે અસત્ય છે. સચ્ચિદાનંદ તે સત્ય છે.

૨૨૯. સંપ્રજ્ઞાત તથા અસંપ્રજ્ઞાત સમાધિનું નિરૂપણ

અને બે પ્રકારની સમાધિ કહી છે. તે એક સંપ્રજ્ઞાત(સવિકલ્પ) સમાધિ અને બીજી અસંપ્રજ્ઞાત(નિર્વિકલ્પ) સમાધિ. તેમાં સંપ્રજ્ઞાત સમાધિ જે, રૂડી રીતે કરીને બ્રહ્મને જાણીએ. તેની રીત જે, જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એ ત્રિપુટી મળીને જીવનું સ્વરૂપ છે. અને જે સંપ્રજ્ઞાત સમાધિ કહી છે તે સવિકલ્પ છે. માટે જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એ ત્રણ પ્રકારના જે વિકલ્પ કહેતાં જીવની ત્રિપુટી તેને વિષે સાક્ષીને અનુસ્યૂતપણે કરીને ધારવું, તેને સવિકલ્પ કહીએ. અને જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય તેને સાક્ષી કરી જાણવું, ને સાક્ષીને ને પોતાના સ્વરૂપને એક કરી માનવું, તે પણ સવિકલ્પ સમાધિ કહીએ.

હવે અસંપ્રજ્ઞાત સમાધિ કહીએ છીએ. અસંપ્રજ્ઞાત સમાધિ એને કહીએ જેમાં ત્રિપુટીનો ભેદ નથી અને એને જ નિર્વિકલ્પ કહીએ અને તેને ત્રણ પ્રકારના વિકલ્પનો ભેદ નથી.

૨૩૦. સંપ્રજ્ઞાત તથા અસંપ્રજ્ઞાત સમાધિના વધુ ભેદ

હવે બે સમાધિના છ ભેદ છે તે કહે છે. તે ત્રણ પ્રકારના માંહેલી કોર ભેદ છે ને ત્રણ પ્રકારના બહારલી કોર ભેદ છે. તે છ ભેદ બે દૃષ્ટાંતે કહીએ છીએ. તે એક દૃષ્ટાંત છીપનું ને બીજું દોરડીનું છે.

જેમ છીપના અંશ બે, એક સામાન્ય ને એક વિશેષ અને જેમ દોરડીના અંશ બે, એક સામાન્ય અને એક વિશેષ. તેમ સિદ્ધાંતમાં ચૈતન્યના અંશ બે, એક સામાન્ય અને એક વિશેષ. એક અજ્ઞાન થકી પ્રગટ થાય છે. અને સામાન્ય અંશ છીપનો તે જેમ રૂપા સાથે મળ્યો છે, ને સામાન્ય અંશ જેમ દોરડીનો સર્પ સાથે મળ્યો છે; એવી રીતે વિશેષ એવી જે છીપ તેને વિષે મુમુક્ષુને સામાન્યપણે કરીને રૂપું જણાય છે, તે તો મુમુક્ષુના અંતઃકરણને વિષે રૂપાની સત્યતા છે; અને છીપને

વિષે ધોળપ છે તેણે કરીને ભાસે છે. અને રૂપું જો સત્ય ન હોય ને જો છીપમાં ધોળપ ન હોય તો ન ભાસે.

અને વિશેષ એવી જે દોરડી તેને વિષે જે મુમુક્ષુને સામાન્યપણે કરીને સર્પ જણાય છે, તે તો મુમુક્ષુને અંતઃકરણને વિષે સર્પની સત્યતા છે અને દોરડીને વિષે કાળપતા ને વાંકાઈ છે તેણે કરીને ભાસે છે. અને જો સર્પ સત્ય ન હોય ને દોરડીને વિષે કાળપ ને વાંકાઈ ન હોય તો ન ભાસે. અને નીલી પીઠ ને ત્રણ ખૂણાવાળી એ છીપનો વિશેષ અંશ છે અને કલ્પિત વિશેષ તે રૂપું અને છીપનો જે સામાન્ય અંશ તે તો અબાધપણે રહ્યો છે, કહેતાં ખોટો ન થાય. અને પાધરી(સીધી), વાંકી ને કાળી, એ દોરડીનો વિશેષ અંશ છે; તે સર્પ જણાય છે. તે દોરડીમાં વિશેષ કલ્પિત અંશ છે. સામાન્ય અંશ છે તે અબાધ છે. અને વિશેષ અંશ જે છીપ, અને વિશેષ અંશ જે દોરડી તેનું સમ્યક્ પ્રકારે જ્ઞાન થયું ત્યારે રૂપારૂપ ને સર્પરૂપ જે કલ્પિત વિશેષ ભ્રમણા તેનો નાશ થયો.

અને બ્રહ્મને વિષે સત્ ચિત્ ને આનંદ છે, તે બ્રહ્મનો વિશેષ અંશ છે. ને અસ્તિ, ભાતિ ને પ્રિય; એ પણ બ્રહ્મનો વિશેષ અંશ છે. અને બ્રહ્મનો સામાન્ય અંશ તે જીવ છે તે પણ અબાધ છે. ને જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય; ત્રિપુટીએ કરીને જગતને જાણે છે. અને કર્તા, ક્રિયા ને કર્મ; એ ત્રણ માયાની વૃત્તિયો છે. અને જ્ઞાતા કર્તાવૃત્તિને મળે છે, ને જ્ઞાન ક્રિયાવૃત્તિને મળે છે, ને જ્ઞેય કર્મવૃત્તિને મળે છે; તેણે કરીને જીવને જગતના પદાર્થનું જ્ઞાન થાય છે. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય; એ ત્રણ અને ધ્યાતા, ધ્યાન અને ધ્યેય; એ ત્રણ અને પ્રમાતા, પ્રમાણ ને પ્રમેય; એ ત્રણ અને બોધક, બોધ અને બોધ્ય; એ ત્રણ ત્રિપુટી છે.

૨૩૧. કર્તા, કર્મ અને ક્રિયાના સંપુટની વિગત

હવે અંતઃકરણની ત્રિપુટી કહીએ છીએ. તે એક વૃત્તિ તો દેહમાં નખશિખાપર્યંત વ્યાપીને રહી છે ને બીજી અંતઃકરણની વૃત્તિઓ તે

ઇન્દ્રિયો સાથે મળીને વિષય લગણ ચાલીને રહી છે, અને ત્રીજી અંતઃકરણની વૃત્તિ છે તે વિષય સંગાથે મળીને વિષયને આકારે થાય છે. જેમ ફૂલની સુગંધી તિલ સાથે મળે છે તેમ. અને જ્યાં જેવા વિષય ત્યાં તેવે આકારે થઈ જાય છે. તે પ્રથમ વૃત્તિને કર્તાવૃત્તિ કહીએ, ને અહંવૃત્તિ પણ તે કર્તા ભેળી છે. અને બીજી ક્રિયાવૃત્તિ ને ત્રીજી કર્મવૃત્તિ. અને પ્રથમ વૃત્તિને કર્તા કહીએ. તેમાં જ્ઞાતા ચૈતન્ય, ને ધ્યાતા ચૈતન્ય, અને પ્રમાતા ચૈતન્ય અને બોધક ચૈતન્ય; એવી રીતે ચાર ચૈતન્યે યુક્ત જે કર્તાવૃત્તિ તે પ્રથમ પુટ છે.

અને બીજી વૃત્તિ જે ક્રિયાવૃત્તિ, તેમાં જ્ઞાન ચૈતન્ય, ધ્યાન ચૈતન્ય, ને પ્રમાણ ચૈતન્ય અને બોધ ચૈતન્ય; એવી રીતે ચાર ચૈતન્યરૂપ ક્રિયાવૃત્તિ તે બીજો પુટ છે.

હવે ત્રીજી વૃત્તિને કર્મવૃત્તિ કહીએ. તેમાં જ્ઞેય ચૈતન્ય, ધ્યેય ચૈતન્ય, પ્રમેય ચૈતન્ય અને બોધ્ય ચૈતન્ય; એવી રીતે ચાર ચૈતન્યયુક્ત જે કર્મવૃત્તિ તે ત્રીજો પુટ છે.

૨૩૨. દ્રષ્ટાનુવેધ અને શબ્દાનુવેધ સમાધિનું નિરૂપણ

એ સર્વે જે ચાર ભેદ તે જીવના સામાન્ય અંશ છે. અને એ જ સામાન્ય અંશ તે કર્તા, ક્રિયા ને કર્મ જે સામાની વૃત્તિઓ તે સાથે પોતે મળ્યો છે. અને દૃષ્ટાંતને વિષે છીપને વિષે જે રૂપું કહ્યું છે અને દોરડીને વિષે જે સર્પ કહ્યો છે, તે જીવના સામાન્ય અંશને જ કહ્યા છે. બીજું પ્રકૃતિના આધારભૂત જે પુરુષ માયા શબલિત બ્રહ્મ તેના અંશે કરીને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃતનો જે અભિમાની ઈશ્વર તે વિશેષ અંશ છે. અને વ્યષ્ટિઉપાધિએ યુક્ત જે જીવ તે સામાન્ય અંશ છે. તે જો વાચ્યનો ત્યાગ કરે તો પોતાનું બ્રહ્મસ્વરૂપ છે તે રૂપ થાય છે.

તે બ્રહ્મ કેવા છે ? તો સાક્ષી છે, દ્રષ્ટા છે અને જીવ ને જીવની વૃત્તિઓ જે જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયાદિક તે સર્વે જીવે સહિત સાક્ષીનું દૃશ્ય છે.

અને સાક્ષી તો પોતે દ્રષ્ટા છે ને એ સર્વમાં અનુસ્યૂત છે. અને સર્વને પ્રકાશે છે અને સર્વે ભાવાભાવને દેખે છે એવો ભાવ જ્યારે હૃદયને વિષે દૃઢ રહે અને તે સાક્ષીરૂપે રહેવાય તેને દ્રષ્ટાનુવેધ સમાધિ કહીએ.

અને હું અસંગ છું, નિરંતર અસંગ છું, મને દૃશ્યનો સંગ નથી. હું તો સર્વ વૃત્તિઓ થકી અસંગ છું, મને વૃત્તિઓનો સંગ નથી. જેમ તમ ને પ્રકાશ ભેળાં ન હોય તેમ હું અસંગ છું. એવી રીતે હૃદયને વિષે જ્યારે દૃઢ રહે ત્યારે એને શબ્દાનુવેધ સમાધિ કહીએ. બીજું મોરે કહ્યું હતું એમ જે પ્રસાદ જમીને બે ઘડી વિચાર કરવો, તે આ કહ્યું તેવી રીતે મનમાં વિચાર કરવો.

।। ઈતિ શ્રીનિ:સ્વાદી વર્તમાન સંપૂર્ણ ।।



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ અથ નિર્માની વર્તમાન ॥



૨૩૩. શુકજી જેવી નિર્માનિતા તથા સમજણ રાખવી.

હે પરમહંસો ! આપણા મધ્યે શ્રેષ્ઠ જે શુકજી તેને નમસ્કાર કરવો. તે શુકજી નિર્માની વર્તમાન પાળ્યાને વિષે મુખ્ય છે. ને જે શુકજી જન્મીને પોતે નિર્માની થકા ચાલી નીકળ્યા અને જનોઈ ગ્રહણ કરવા પણ રહ્યા નહીં. અને કર્મમાર્ગને વિષે પણ પ્રવર્ત્યા નહીં. અને વિરહે કરીને દીન થયા એવા જે વ્યાસજી તે શુકજીને 'હે પુત્ર !' એવી રીતે સાદ કરતા હતા. તે વારે શુકરૂપતાએ કરીને વૃક્ષ ઉત્તર દેતા હતા (વૃક્ષરૂપે શુકજી ઉત્તર દેતા હતા).

અને જે શુકજી ભગવાનના યોગબળે કરીને સર્વભૂતના હૃદયને વિષે પ્રવેશ કરી જાય એવા છે, તોય પણ નિર્માની છે. અને વળી જે શુકજી અતિશે અંધતમરૂપ જે સંસાર તેને તરવાને ઈચ્છતા એવા જે સંસારી મુમુક્ષુ જીવ, તેના ઉપર દયાએ કરીને પુરાણ મધ્યે ગુપ્ત અને સ્વસ્વરૂપને સુખે પ્રકાશ કરવાને અર્થે દીપક તુલ્ય અને મોટો છે મહિમા જેનો અને સર્વે વેદનું સારરૂપ, અને એક જ કહેતાં એ જેવું બીજું નહિ એવું જે 'શ્રીમદ્‌ભાગવત', તેને કહેતા હતા. એવા પરમહંસો મધ્યે મોટા જે શુકજી તેમને નમવું.

૨૩૪. આત્માને સ્ત્રી-પુરુષના ભેદ નથી.

અને હે પરમહંસો ! શુકજીની કેડે(પાછળ) જાતા અને પહેર્યાં છે વસ્ત્ર જેણે એવા ઋષિ જે વ્યાસજી, તેને જોઈને દેવતાની સ્ત્રીઓ લાજે કરીને વસ્ત્રને પહેરતી હતી. અને નગ્ન એવા જે શુકજી તેની લાજે કરીને વસ્ત્ર ન પહેરતી હતી; તે આશ્ચર્યને જોઈને વ્યાસમુનિ પૂછતે સતે તે સ્ત્રીઓ ઉત્તર દેતી હતી જે, "હે વ્યાસજી ! તમને 'આ સ્ત્રી છે', 'આ પુરુષ છે' એવો ભેદ છે. **અને આત્મા સ્ત્રી જેવો નહિ તથા પુરુષ જેવો પણ નહીં. ને બે લિંગના ચિહ્ને રહિત એવો જે દ્રષ્ટા તે રૂપ પવિત્ર જે આત્મા, તે આકારે છે દૃષ્ટિ જેની એવા જે શુકજી, તેને સ્ત્રી-પુરુષરૂપની દૃષ્ટિ નથી.** કાં જે, શુકજી નિવૃત્તિપરાયણ છે અને તમે તો પ્રવૃત્તિપરાયણ છો," એમ કહ્યું. એવા જે દેહાભિમાને રહિત શુકજી તેને નમસ્કાર કરવો.

૨૩૫. શુકજીના વર્તન ઉપરથી પરમહંસોને શિક્ષા

અને વળી જે શુકજી દિશાઓ છે વસ્ત્ર જેને એવા, અને છૂટા અને વીંટાણા છે કેશ જેના એવા, ને સ્ત્રીઓ ને બાળકે વીંટાણા અને નથી જણાતું આશ્રમનું ચિહ્ન જેનું, ને અવધૂતનો છે વેશ જેનો એવા જે શુકજી, તેણે પરમહંસોને એમ શિક્ષા કરી છે જે, પૃથ્વીરૂપ શય્યા છે; તેથી ઢોલિયાને અર્થે પ્રયાસે કરીને શું પ્રયોજન છે ? અને પોતાના હાથરૂપ ઓશીકું સિદ્ધ છે; તે બીજા ઓશીકાનું શું પ્રયોજન છે ? અને પોતાની અંજલિરૂપ પાત્ર છે; તે બહુ પ્રકારના ભોજનના પાત્રનું શું પ્રયોજન છે ? અને દિશારૂપ વલ્કલવસ્ત્ર છે; તેને અન્ય વસ્ત્રોનું શું પ્રયોજન છે ?

અથવા કંથા(ઓઢવાની ગોદડી) કરવાને અર્થે માર્ગને વિષે ફાટ્યાં વસ્ત્રના કટકા નથી પડ્યા ? જ્યાં-ત્યાં પડ્યા જ હોય, તો તેની કંથા કરવી અને પરને અર્થે રહ્યાં એવાં જે વૃક્ષ તે શું ભિક્ષા નથી આપતા ? આપે જ છે. અને જળપાનને વિષે નદીઓ શું સુકાઈ ગઈ છે ? નથી

સુકાઈ ગઈ. અને બેસવા સારુ પર્વતની ગુફાઓ શું કોઈએ રોકી છે ? નથી રોકી. તે વારે કોઈ કહેશે જે એ કહી એવી જે વસ્તુ તે ન મળે તો અજિત એવા જે નારાયણ તે શરણાગતની શું રક્ષા નથી કરતા ? કરે જ છે. તે માટે **હે પરમહંસો ! ધનનો જે મોટો ભૂંડો મદ તેણે કરીને અંધ એવા જે જીવ તેને ભજવા(સેવવા) નહીં. દેહના સુખ અને માને રહિત રહેવું.**

૨૩૬. આત્મનિષ્ઠ યોગીનાં લક્ષણ

જેમ રાજા યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુળ ને સહદેવ તેણે રાજ સંબંધી જે સર્વ વસ્ત્ર ને સર્વ અલંકાર તેનો ત્યાગ કરીને અને દેહના મમત્વપણાનો ત્યાગ કર્યો અને અહંકારનો ત્યાગ કર્યો અને સર્વ બંધનનો ત્યાગ કરીને, જેમ ઘટાકાશ ને મઠાકાશની પ્રલયકાળે મહદાકાશને વિષે એકતા છે અને તે મહદાકાશ માયાએ સહિત ચિદાકાશને આશરે રહે છે, તેમ પોતાના જીવને ઈશ્વર સંગાથે એકતા કરીને બ્રહ્મરૂપ થઈને, શ્રીકૃષ્ણ પુરુષોત્તમનાં ચરણારવિંદને વિષે સ્થિતિ કરીને પાંચે ભાઈએ ફાટ્યાં લૂગડાં પહેર્યાં અને આહારનો ત્યાગ કર્યો. અને વાણી નિયમમાં રાખીને મુવાળા છૂટા રાખ્યા અને પોતાના દેહનું રૂપ જડ ઉન્મત્ત પિશાચની પેઠે જણાવ્યું અને સાંભળતા થકા જાણીએ નથી સાંભળતા, અને દેખતા થકા જાણીએ નથી દેખતા; એવી રીતે વર્તતા હતા.

બીજું એવી રીતના જે સિદ્ધ તે ઊઠ્યું, ઊભું થયું, બેઠું રહ્યું એવું જે દેહ તેને દેખતા નથી. માટે સ્વરૂપ જે બ્રહ્મ તેને પામ્યા છે. અને પ્રારબ્ધ થકી દેહ પાછું ઠેકાણે આવે અથવા ઠેકાણા થકી(ત્યાંથી) ચાલે; તેને દેખે નહીં. જેમ અતિશે મદે કરીને અંધ હોય તેનું વસ્ત્ર દેહ ઉપર રહ્યું છે અથવા પડી ગયું છે તેને કેફે કરીને દેખતો નથી; તેમ સ્વસ્વરૂપને પામ્યો જે સિદ્ધ તે પોતાના દેહને દેખતો નથી. અને દેહ તો પૂર્વસંસ્કાર વશાત્ ચાલે છે, તે જ્યાં લગી પોતાનું પ્રારબ્ધકર્મ છે ત્યાં લગી જીવે

છે ને ઇન્દ્રિયો ને પ્રાણે સહિત અને પુત્રાદિક પ્રપંચે સહિત એવા દેહને, પામ્યો છે સમાધિ પર્યંત યોગ જેણે અને જાણ્યું છે આત્મતત્ત્વ જેણે એવો જે જોગી, તે તેને સ્વપ્નતુલ્ય જાણીને પાછું ભજતો(સેવતો) નથી.

૨૩૭. રાજ્યાદિકનો ત્યાગ કરી નિર્માનીપણે વર્તનારાનાં નામ

એવી રીતે કર્દમ ઋષિ પણ રહ્યા ને દેવહૂતિ પણ રહ્યાં ને કપિલ પણ રહ્યા છે અને ધ્રુવ પણ રાજ્ય ત્યાગીને રહ્યા અને ધ્રુવના દીકરા જે ઉત્કલ આદિક જે રાજા તે તો જન્મ થકી જ નૈષ્ઠિકપણે રહ્યા ને પોતાના પ્રધાન તેણે ઉન્મત્ત કહ્યા, જડ કહ્યા તોપણ નિર્માની રહ્યા. અને એના ઘરડા જે સ્વાયંભુવ મનુ તેના પુત્ર જે ઉત્તાનપાદ, પ્રિયવ્રત તે પણ રાજ્યનો ત્યાગ કરીને એવી રીતે રહ્યા.

અને પૃથુ પણ રાજ ત્યાગીને એવી રીતે રહ્યા. વિદુરજી, ઉદ્ધવજી અને કવિ નામે રાજા, માંધાતા, મુચુકુંદ, અલર્ક, પૃષધ્ર, યયાતિ રાજા અને રંતિદેવ રાજા એ સર્વે રાજ્યનો ત્યાગ કરીને નિર્માની થકા રહ્યા. અને ઋષભદેવ ભગવાન પણ પોતાના દીકરાઓને શિક્ષા કરીને પરમહંસને શિક્ષા દેવાને અર્થે પોતે પરમહંસ થઈને નિર્માની થકા વિચરતા હતા.

૨૩૮. મનુષ્યદેહનું ખરું પ્રયોજન શું છે ?

હે પરમહંસો ! તે શિક્ષા કહીએ છીએ જે, મનુષ્યલોકને વિષે મનુષ્યદેહને પામ્યા એવા જે જીવ, તેનો આ મનુષ્યદેહ કષ્ટને આપે એવી જે કામના ને પદાર્થભોગ તેને યોગ્ય નથી. કાં જે એ કામના તો વિષ્ટાના ખાતલ કીડાને પણ છે. માટે મનુષ્યદેહ દિવ્ય તપ કરવાને યોગ્ય છે, જે તપે કરીને અંતઃકરણની શુદ્ધિ થાય છે. અને તે અંતઃકરણની શુદ્ધિ થયા થકી અપાર બ્રહ્મસુખ પ્રાપ્ત થાય છે.

હે પરમહંસો ! મોટા પુરુષની જે સેવા તે મોક્ષનું દ્વાર છે અને સ્ત્રીઓના સંગીનો જે સંગ તે નરકનું દ્વાર છે. અને મોટા પુરુષોની સેવાએ કરીને મોક્ષ થાય છે.

૨૩૯. સાચા સંતનાં લક્ષણ કેવાં હોય ?

તે સંત કેવા છે ? તો સમચિત્તવાળા છે, શાંત છે, ક્રોધે રહિત છે, સર્વનાં સગાં છે. ને મારી આજ્ઞાના પાળનારા છે, કૃપાળુ છે, દ્રોહે રહિત છે, ને સર્વના અપરાધને સહે છે. અને સત્યનું છે બળ જેને એવા છે ને રાગ-દ્વેષાદિકે કરીને રહિત છે. અને સર્વને વિષે સમ છે, ને સર્વના ઉપકાર કરવાવાળા છે, અને કામનાએ રહિત છે ને અતિશે ડાહ્યા છે, કોમળ છે, પવિત્રપણે વર્તે છે, અકિંચન છે. દેહની ચેષ્ટાએ રહિત છે, આહાર થોડો કરે છે, સ્થિરવૃત્તિવાળા છે. **મારે જ આશરે રહે છે, આત્મા-અનાત્માનો વિચાર કરે છે.** પ્રમાદે રહિત છે ને ગંભીર મનવાળા છે, ધીરજવાળા છે, રાગ-દ્વેષાદિક જે છ ગુણ તેના જીતનારા છે ને માને રહિત છે ને બીજાને માનના આપનારા છે. સમર્થ છે, સર્વના મિત્ર છે, કરુણાવાળા છે, બ્રહ્મનિરૂપણના કરનારા છે. ને ગ્રામ્યકથાએ રહિત છે, ને અનંત જ્ઞાનગોષ્ઠીના કરનારા છે.

૨૪૦. સંત આશરે આવનારને પોતા સરખા કરે છે.

અને નીચ પુરુષને પણ તત્કાળ શુદ્ધ કરે છે. જેમ ભમરી ઈયળને પોતા સરખી કરે છે, તેમ સંત નીચને પણ પોતા સરખો કરે છે. ને જેમ ચંદનનું વૃક્ષ બીજા વૃક્ષને ચંદન કરે છે, ને **જેમ ગંગા બીજા જળને ગંગા કરે છે, તેમ સંત પણ જે પોતા પાસે આવે છે તેને પોતા સરખો કરે છે.**

અને તે સંત વિવેકી છે ને વૈદ્ય તુલ્ય છે. તે સારુ જે જીવને જેવી રીતનો રોગ હોય તેવી રીતનો ઉપદેશ કરીને કર્મના કલંકને કાપી નાંખે છે. ને **જેમ સુવર્ણને સોની શુદ્ધ કરે છે, તેમ સંત જીવને શુદ્ધ કરે છે. અને જેમ ખેવટિયો જે આવે તેને નાવ ઉપર બેસારીને સમુદ્ર પાર ઉતારે છે, તેમ સંત જે પોતા પાસે આવે તેને ભગવાનનો નિશ્ચય કરાવીને સંસારસમુદ્રને પાર ઉતારે છે.**

૨૪૧. સંતની વિલક્ષણતા અને દુર્લભતા

અને તે સંત ધનને ધૂળ જેવું જાણે છે, ને સંસારના સુખને શૂળી જેવું જાણે છે, ને ભાગ્યવાનને ભૂલ્યો જાણે છે. કોઈક ગ્રામ્યજન સાથે ભાઈબંધાઈ તેને કાળ જેવી જાણે છે, ને પ્રભુતાઈને(લૌકિક મોટાઈને) પાપ જેવી જાણે છે, ને સન્માનને સર્પ જેવું જાણે છે, ને વડાઈને વીંછણ જેવી જાણે છે. અને સ્ત્રીને કાળી નાગણી જેવી જાણે છે, ને ઇન્દ્રના લોકને અગ્નિ જેવો જાણે છે, ને બ્રહ્માના લોકને વિઘ્ન જેવો જાણે છે, ને કીર્તિને કલંક જેવી જાણે છે, ને સિદ્ધિઓને તો ઠગારી જાણે છે, ને મદ-મત્સરે રહિત છે ને લેવા-દેવાને પસારે(વિસ્તારે) રહિત છે; ઇત્યાદિક લક્ષણે યુક્ત જે સંત તે એ જીવને મળવા ઘણા દુર્લભ છે.

અને બીજા પદાર્થ જે મા, બાપ, ભાઈ, સ્ત્રી, દીકરા, રાજ્ય, ઘોડા, હાથી, ભૂર્લોક, સ્વર્ગલોક, સત્યલોક, વૈકુંઠાદિક જે લોક તેની પ્રાપ્તિ એ જીવને થાય છે, પણ બ્રહ્મવેત્તા સંતનું મળવું(પ્રાપ્તિ થવી) અતિશે દુર્લભ છે. કાં જે, વૈકુંઠલોકને વિષે તો સાયુજ્યાદિક મુક્તિની પ્રાપ્તિ થાય છે અને **વર્તમાને યુક્ત જે બ્રહ્મવેત્તા સંત તેના સમાગમ થકી તો સાક્ષાત્કાર પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે ને અક્ષરરૂપ થવાય છે.**

અને વળી તે સંત કેવા છે ? તો સર્વના સ્વામી એવા જે પરબ્રહ્મ તેને વિષે કર્યું છે સુહૃદપણું જેણે એવા છે. અને દેહને પુષ્ટ કરનારા જે જન તેને વિષે પ્રીતિએ રહિત છે.

૨૪૨. અસંતનાં લક્ષણ કેવાં હોય ?

અને જે અસંત છે તે તો ઇન્દ્રિયોની પ્રીતિને અર્થે ભૂંડા કર્મને કરે છે અને સંતનો વેશ તો ઉપચારમાત્ર(કહેવામાત્ર) ગ્રહણ કર્યો છે, ને તેનાં વર્તમાન પણ ઉપચારમાત્ર છે. અને તે અસંત પોતાના દોષને દેખતો નથી અને બીજા પરમહંસના દોષને દેખે છે. ને ઈર્ષાએ યુક્ત

તેનું અંતઃકરણ છે, તેણે કરીને સંતને વિષે બીજા ગુણ બત્રીશ રહ્યા છે તેને નથી જોતો ને અવગુણને જ જુએ છે. જેમ સુંદર કળીચૂને કરીને મહેલ સમારી રાખ્યો હોય તેને વિષે કીડી આઠે પહોર છિદ્રને જ ગોતતી રહે છે તેમ.

હે પરમહંસો ! દુષ્ટ દુષ્ટતાએ કરીને ગુણનો ત્યાગ કરીને અવગુણોને જ ગ્રહણ કરે છે. અને તે દુષ્ટ દુષ્ટતાએ કરીને પોતે બળતો રહે છે તેને દેખતો નથી, ને બીજા સંતને કહે છે જે, 'તમે નખશિખા પર્યંત બળો છો.' અને પોતે તો કેવો છે ? તો, વ્યાવહારિક શબ્દને વિષે ડાહ્યો છે ને દેહાભિમાની છે. અને અનેક પ્રકારના શબ્દને પેચે કરીને યુક્ત વર્તે છે અને દુષ્ટ મુખે કરીને મીઠું મીઠું બોલે છે અને ચીતરા(એ નામના લુચ્ચા પંખી)ની પેઠે ભક્તિએ કરીને લોટપોટ કરે છે, પણ મનમાં તો એમ છે જે, 'એને ઉપદેશ કરું' અને તે ઉપદેશને વિષે ઉપરથી તો ટાઢું ટાઢું બોલે છે, પણ મનમાં તો એમ છે જે, 'શબ્દને મર્મે કરીને બાળી નાંખવો છે ને સત્સંગમાંથી કાઢી મૂકવો છે.'

અને પોતે તો પોતાના અંતરમાં ભગવાનના નિશ્ચયને બળે કરીને કલ્યાણ માને છે, પણ સાધુતાના અંગે કરીને નથી માનતો. જેમ વાઘરી લીલા વૃક્ષની ઝાડીની ઓથમાં રહીને મૃગલાને મારે છે, તેમ દુષ્ટ છે તે નિશ્ચયની ઓથમાં રહીને શાંતિએ યુક્ત જે સંત તેને મર્માળા વેણે કરીને મારે છે. તે મારવે કરીને સંતનું અંતર બળે તેણે કરીને પોતે રાજી થાય છે.

હે પરમહંસો ! આ વાત ખોટી કાંઈ નથી, એ તો અમે દેખીને કહીએ છીએ. દુષ્ટ છે તે શું ભૂંડું ન કરે ? તે તો પોતાના સ્વાર્થ સારુ બીજા સંતની નિંદા કરે છે, ને પોતાની મોટપ કરે છે. પોતે તો મોટો ક્યાંથી થાય ? પણ બીજા મોટાને નાનો કર્યાની ઇચ્છા છે. ને તે પોતાથી ગુણે કરીને મોટો હોય, તેને નિંદાએ કરીને હળવો(હલકો) કરી નાંખે છે.

અને પોતે તો કેવો છે ? તો બોલવામાં સુધો વિચક્ષણ છે, ને જે સંત છે તે તો સરળ સ્વભાવવાળા છે, અને કાંઈ આંટી-ઘૂંટીમાં જાણતા નથી. અને તે દુષ્ટ પોતાની પણ મોટપને ખુએ છે, ને મોટા સંતની મોટપને પણ ખુએ છે. અને વિશ્વાસી જે સંત તે તો એવા દુષ્ટને કળતા નથી, તે સારુ એને પણ દુષ્ટ ખુવાર કરી નાંખે છે, ને પોતે પણ ખુવાર થઈ જાય છે.

અને જેમ કોઈ ધર્મિષ્ઠ પુરુષ યજ્ઞ કરતો હોય ને બીજો કોઈક એની ઉત્કૃષ્ટતાને દેખી ન શકે ને તે પાસે કોઈક રાંક બ્રાહ્મણ જાય અને તે કહે જે, 'મારા છોકરાઓને સો રૂપિયા દે તો હું અગ્નિના કુંડમાં પડીને એના યજ્ઞને ભ્રષ્ટ કરી નાખું ને તને રાજી કરું.' ત્યારે તે ઈર્ષ્યાએ કરીને તેમ કરાવે છે, તેમ **દુષ્ટ કોઈક રૂડા સંત સારાં વર્તમાન પાળતા હોય ને પોતાથી પળતાં ન હોય ત્યારે તે સંતને મળીને, મિત્રાઈ કરીને તેને ભૂંડી વાતો કરીને અંતરમાંથી ભગવાનનો નિશ્ચય ટાળી નાંખે છે. ત્યારે તે સંતસમાજમાંથી જાતો રહે છે.**

અને જેમ સર્પ બીજા મનુષ્યને કરડે છે ને તે મરી જાય છે અને સર્પનું પેટ નથી ભરાતું, તેમ એ દુષ્ટ સંતને સંતસમાજમાંથી કાઢીને જન્મ-મરણને ભોગવાવે છે અને પોતાને મોટપની પ્રાપ્તિ થતી નથી. અને જેમ અગ્નિ લીલાં-સૂકાં લાકડાંને બાળીને પોતે ઓલાઈ જાય છે, તેમ એ દુષ્ટ સંતને વિમુખ કરીને પોતે પણ જન્મ-મરણને ભોગવે છે.

૨૪૩. દુષ્ટ સ્વભાવવાળો ભક્ત અસુર થાય છે.

જેમ અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચ દીકરા મારી નાંખ્યા ને તેમાંથી પોતાનું પણ સારું ન થયું, અને દુર્યોધનનું પણ સારું ન થયું, ને પાંડવોનું પણ સારું ન થયું; તેમ એવા દુષ્ટને અતિશે ભગવાનનો નિશ્ચય હોય તો જીવનમુક્ત થાય; પણ અશ્વત્થામા જેવો થાય, દુર્વાસા જેવો થાય, વૃત્રાસુર જેવો થાય, ભૈરવ જેવો થાય, વૃષપર્વા, મયદાનવ, બાણાસુર,

સહસ્રાર્જુન, કાલિકા એ આદિક જે મુક્તની પંક્તિ તેમાં ભળે, જો નિશ્ચયનું બળ હોય તો. અને નિશ્ચય ન હોય તો જન્મ-મરણ ભોગવે છે.

બીજું એ દુષ્ટપણું સ્વસ્વરૂપને જાણ્યાના જતન કરનારા જે મુમુક્ષુ રજોગુણ-તમોગુણે યુક્ત હોય તેને વિષે કહ્યું છે. **હે પરમહંસો ! તે સારુ એવી રીતનો ઈર્ષ્યાએ સહિત જે સ્વભાવ તે મને ગમતો નથી. જે સ્વભાવ થકી એ જીવને ક્લેશનો આપનારો જે દેહ તે થાય છે (દેહની પ્રાપ્તિ થાય છે).**

૨૪૪. ગુણ થકી જુદો પડે ત્યારે દુષ્ટ સ્વભાવ ટળે.

અને અજ્ઞાને કરીને થયો એવો જે પરાભવ તે ત્યાં સુધી થાય છે, જ્યાં સુધી આ જીવ અતિશેપણે કરીને આત્મસ્વરૂપને જાણવાને નથી ઈચ્છતો. જ્યારે એ અતિશેપણે કરીને ગુણ થકી જુદો થાશે ત્યારે એનો આ સ્વભાવ ટળશે. અને જ્યાં સુધી એને ગુણની ક્રિયા છે ત્યાં સુધી એનું મન કર્મસ્વભાવે (યુક્ત) વર્તે છે; જે મને કરીને એને શરીરનું બંધન થાય છે. અને જ્યારે એ જીવનો આત્મા અવિદ્યાએ કરીને ઢંકાય છે, ત્યારે એ મન જીવને કર્મવશ કરી નાંખે છે. અને **જ્યાં સુધી એ જીવને મારે વિષે પ્રીતિ નથી થાતી, ત્યાં સુધી એ દેહ થકી નથી મુકાતો.**

૨૪૫. આત્મારૂપે ન રહે તેને અનેક બંધન વળગે છે.

અને જ્યારે ઇન્દ્રિયોની જે ચેષ્ટા તેને વિવેકી થકો મિથ્યા નથી દેખતો અને પોતાના અર્થને(વિષયને) વિષે પ્રમત્ત(પાગલ) થાય છે, ત્યારે તત્કાળ ગઈ છે સ્વરૂપની સ્મૃતિ જેને એવો થકો આ જીવ, મૈથુન છે પ્રધાન જેને વિષે એવું જે ઘર, તેને પામીને તાપને પામે છે. અને સ્ત્રી સંગાથે એનું હૃદય બંધાય છે, ને સ્ત્રીનું હૃદય એ સંગાથે બંધાય છે; અને ઘરને વિષે બંધાય છે, ક્ષેત્રને વિષે બંધાય છે, દીકરાને વિષે, કુટુંબને વિષે, દ્રવ્યને વિષે બંધાય છે, ને 'હું ને મારું' એ રીતે મોહ થાય છે.

૨૪૬. બંધનથી છૂટવાનાં પચ્ચીશ સાધન

અને જ્યારે આ જીવનું કર્મે કરીને દઢ બંધાણું એવું જે હૃદય તે એ સર્વેમાંથી છૂટે છે, ત્યારે અહંકારનો ત્યાગ કરીને આત્મસ્વરૂપને પામે છે. અને જે સાધને કરીને એ મુમુક્ષુનું હૃદય સ્ત્રી આદિકમાંથી છૂટે છે, તે સાધન કહીએ છીએ : **૧.** હંસરૂપ એવા જે ગુરુ તેને વિષે અને મારે વિષે અત્યંત પ્રીતિ થાય અને **૨.** મારી આજ્ઞાને વિષે તત્પર રહે ને આધીન રહે ને **૩.** તૃષ્ણાએ રહિત રહે અને **૪.** સુખ-દુઃખને સહન કરે ને **૫.** ટાઢ-તડકો, ભૂખ-તરસ ઇત્યાદિને સહન કરે અને **૬.** જીવ ચૌદ લોકને વિષે જ્યાં જાય ત્યાં દુઃખ છે, સુખ નથી એવો વિચાર રાખે, ને **૭.** ભગવાનનો મહિમા જાણ્યાની ઇચ્છા રાખે ને **૮.** દેહ-ઇન્દ્રિયોનું દમન કરે અને **૯.** જગત સંબંધી જે કર્મ તેની નિવૃત્તિ રાખે ને **૧૦.** મારે અર્થે કર્મ કરે અને મારી કથા કરે.

અને **૧૧.** હું છું દેવતા જેમનો એવા જે સંત તેમનો નિત્ય સંગ રાખે ને **૧૨.** મારા ગુણ, મારાં ચરિત્ર, મારી લીલા તેનું કીર્તન કરે, ને **૧૩.** કોઈ સાથે વેર ન કરે ને **૧૪.** સર્વે ઠેકાણે મારો ભાવ રાખે, ને **૧૫.** ઇન્દ્રિયોને નિયમમાં રાખે ને **૧૬.** દેહને વિષે ને ઘરને વિષે આત્મબુદ્ધિ જે, 'આ દેહ તે હું છું ને આ ઘર તે મારું છે,' એ રીતની બુદ્ધિનો ત્યાગ રાખે અને **૧૭.** અધ્યાત્મયોગ જે આત્મા-અનાત્માનો વિવેક, તે જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્રનો સર્વ પ્રકારે અભ્યાસ રાખે અને **૧૮.** વિષયી પુરુષના સંગનો ત્યાગ રાખે અને **૧૯.** પ્રાણ, ઇન્દ્રિયો ને મન તેમને સમ્યક્ પ્રકારે જીતે.

અને **૨૦.** સત્પુરુષને વિષે શ્રદ્ધા રાખે ને **૨૧.** બ્રહ્મચર્ય જે અષ્ટ પ્રકારના મૈથુન તેનો નિરંતર ત્યાગ રાખે ને **૨૨.** ભજન કર્યામાં આળસ ન રાખે ને **૨૩.** વાણીનો નિયમ જે ભગવાનની વાર્તા વિના બીજી ગ્રામ્યકથા ન કરે. અને સર્વેને વિષે મારી ભાવના રાખે કહેતાં મારા સ્વામીનો

ભક્ત જે પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરુષ, તે સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા છે અને તે પુરુષના અધિષ્ઠાતા મારા સ્વામી જે પુરુષોત્તમ તે છે. એવી રીતના ડહાપણે યુક્ત રહે. અને **૨૪.** વિજ્ઞાન જે એનું સાક્ષાત્કારપણું તેણે કરીને શોભાયમાન એવું જે જ્ઞાન તેણે યુક્ત રહે અને **૨૫.** યોગ જે એ પુરુષોત્તમને વિષે પોતાનું ચિત્ત નિરંતર રહે પણ ક્યારેય નોખું ન પડે.

એ રીતે કહ્યાં એવાં પંચવીશ સાધન તેણે કરીને જુક્ત એવો ને ધીરજ, પ્રયત્ન, વિવેક તેણે યુક્ત એવો જે મુમુક્ષુ તે અહંકારનો ત્યાગ કરીને સ્ત્રીઆદિકનાં બંધનથી કુશળ થકો મુકાઈ જાય છે અને મને પામે છે અને દુષ્ટ સ્વભાવ પણ જાય છે.

હે પરમહંસો ! મારા લોકની છે ઇચ્છા જેને અને મારા અનુગ્રહની છે ઇચ્છા જેને એવો જે સંતગુરુ તે પોતાના શિષ્યોને આ રીતે ઉપદેશ કરે, પણ બીજા કર્મને વિષે ન જોડે.

અને જો બીજા કર્મને વિષે જોડે ને આવી રીતનો ઉપદેશ ન કરે તો તેને ગુરુ ન જાણવો, હેતુ(હિતેચ્છુ) ન જાણવો. અને તે ગુરુને મન તેણે ઠગ્યો જાણવો. અને એણે મનની પ્રતીતિ કરી તે સારુ એ ગુરુને ઘેલો જાણવો.

૨૪૭. મનની પ્રતીતિ ન રાખવી.

તે મન કેવું છે ? તો, ઘડીકમાં મરી જાય છે, ઘડીકમાં જીવે છે, ને ઘડીકમાં બીજાને હાથ વેંચાય છે, ને ઘડીકમાં નવખંડ ને સર્વે બ્રહ્માંડમાં ફરી આવે છે, ને દેખ્યું પણ કહે ને ન દેખ્યું પણ કહે, પણ જાતું જણાતું નથી ને આવતું દેખાતું નથી, **એવા મનની જેણે પ્રતીતિ કરી, તે ગુરુને મનરૂપ જાણવો; પણ બ્રહ્મરૂપ જાણવો નહીં.**

અને એવા બલારૂપ જે ગુરુ તેની સાથે જે શિષ્યનો પાનો(પનારો-કાયમી પ્રસંગ) પડ્યો તેનાં મોટાં અભાગ્ય છે. અને મોટા પુરુષ જે કોઈ બ્રહ્મવેત્તા હોય તેના પ્રશ્ન-ઉત્તરની આંટીમાં તો

આવતો જ નથી. અને હે પરમહંસો ! હું જે ઉપદેશ કરું છું, તે ઉપદેશને પણ કાન ધરતો નથી.

અને એ ગુરુ કેવો છે ? તો, નીતિ-અનીતિ, શુભ-અશુભ તેને તો દેખતો જ નથી. તે સારુ એ ગુરુને આંધળો જાણવો. અને એ કેવો છે ? તો, કોઈની શિખામણ તો માનતો જ નથી ને સાધુની, લોકની, વેદની શંકા, લાજ રાખતો નથી; તે સારું એને લાજ વિનાનો જાણવો. ને જેમ કોઈનું માનતો નથી, તેમ કોઈથી ડરતો પણ નથી. એવા જે ગુરુ તેની પ્રતીતિ કરવી નહીં; એ તો મનની મૂર્તિ છે, ગુરુ નહિ અપરાધી છે.

૨૪૮. કામ દોષની ભયંકરતા

અને જ્યારે એ કામવશ થાય છે ત્યારે સ્ત્રીની જાત-કુજાતને દેખતો નથી; એવાને કૂતરી-ગધેડીનો પતિ જાણવો. અને એને જ્યારે સ્ત્રીની પ્રાપ્તિ નથી થતી ત્યારે કામવશ થઈને અતિ ચંચળ થાય છે. ત્યારે એની શિશ્ન-ઇન્દ્રિયમાં ખરજ થાય છે; તે કેડે એ વીર્યને પોતાને હાથે કાઢી નાંખે છે, ત્યારે એને સુખ થાય છે. એવો જે હોય તેને આત્મજ્ઞાને રહિત જાણવો, દેહાભિમાની જાણવો, દુષ્ટ જાણવો અને વાતો તો બ્રહ્મની કરે છે ને કંડુએ(કામનાની ચળે) કરીને શિશ્ન-ઇન્દ્રિયને ચોળ્યા કરે છે, પણ મનને જીતી નથી શકતો. તે સારુ એને મનનું રૂપ જાણવો, દગાબાજ જાણવો.

અને જો ક્યાંક સ્ત્રી મળે છે તો ત્યાં અટકી જાય છે, પણ તેને મૂકી શકતો નથી. ને કોઈક સંતને ઉપદેશે કરીને (સ્ત્રીને) મૂકે છે, તોપણ અંતરમાંથી સ્ત્રીની વાસના જતી નથી અને શિશ્નમાંથી કંડુ જાતી નથી. ને અતિશે જ્યારે કંડુ વશ થાય છે, ત્યારે ભેખની મર્યાદાએ કરીને સ્ત્રીનો સંગ તો કરી શકતો નથી; પછી વીર્યને કાઢી નાંખે છે. કહેવાય છે તો નૈષ્ઠિક બ્રહ્મચારી અને નિરૂપણ તો 'તત્ત્વમસિ' આદિક જે મહાવાક્ય તેનું કરે છે, પણ એથી વશ તો કંડુ પણ નથી થાતી.

તે સારુ એવાને મનરૂપ જાણવો અને જ્યારે સ્ત્રીનું રૂપ દેખાય છે ત્યારે ત્યાં જ અટકી રહે છે અને સ્ત્રી જ્યારે નજરથી વેગળી થાય છે ત્યારે તેના રૂપને અંતરમાં ચિંતવે છે જે, 'આવી હતી.' અને સ્ત્રી બોલતી હોય ત્યારે તેના શબ્દને સાંભળતા ધરાતો જ નથી. અને બીજા આગળ તેનાં વખાણ કરે છે જે, 'આ તો બહુ ડાહી છે ને અતિશે ભગવાનમાં હેતવાળી છે.'

૨૪૯. કામી ગુરુ શાસ્ત્રના અવળા અર્થ કરી ભોગ ભોગવે છે.

હે પરમહંસો ! એ સ્ત્રીને જ જીવતી જાણે છે અને બીજા પુરુષ જે ભક્તિ કરે છે તેને તો મૂઆ જાણે છે; ને પુરુષના ગુણને વખાણતો નથી, સ્ત્રીના જ ગુણને વખાણે છે. તે સારુ એ ગુરુને મનનો જ રૂપ જાણવો અને એથી જગતમાં કોઈ અધમ નથી અને ઠેકાણે ઠેકાણે જોતો જ ફરે છે. અને હાડ-માંસરૂપ એવું જે સ્ત્રીનું અંગ - યોનિ તેને વિષે લીન થઈ જાય છે. જેમ બ્રહ્મવેત્તા બ્રહ્મને વિષે લીન થઈ જાય છે, તેમ એ પુરુષ સ્ત્રીના અંગમાં લીન થાય છે. અને એવું કરે છે તેમાં ઈશ્વરનો પણ ડર રાખતો નથી.

એક બ્રહ્મનું જ પ્રતિપાદન કરીને પોતાના સંગીના મોં આગળ ઈશ્વરના ડરને ખોટો કરે છે. અને કાળ, યમ, નરક, ચોરાશી એમને સ્ત્રીના વિષય સારુ ખોટાં કરી નાંખે છે. જેમ આત્મજ્ઞાનને અર્થે પ્રવર્ત્યો એવો જે મુમુક્ષુ તે વિષયને ખોટા કરી નાંખે છે, તેમ એ સ્ત્રીના વિષયને અર્થે સત્ય એવા જે પરમેશ્વર તેને શ્રુતિ-સ્મૃતિની સાખે કરીને ખોટા કરે છે. અને જે શ્રુતિ ઈશ્વરનાં વચન છે ને ઈશ્વરનું જ પ્રતિપાદન કરે છે; તેની તે શ્રુતિ-સ્મૃતિએ કરીને ઈશ્વરને ખોટા કરે છે, કાળને ખોટો કરે છે. એવો જે ગુરુ તેને દુષ્ટ જાણવો, પણ ગુરુ જાણવો નહીં.

અને ભગવાનના અવતાર જે રામ-કૃષ્ણાદિક તેને તો એમ કહે છે જે, 'એ તો માયાએ (કરીને) દેહ ધર્યા છે;' અને કાં એમ કહે છે જે,

'એ તો બ્રહ્મના અંશ છે', જેમ જીવ છે એમ. એવી રીતની વાર્તા કરીને પરમેશ્વરની આસ્થા વિશ્વાસી જીવને તોડાવી નાંખે છે. અને બીજા મુમુક્ષુને પણ ઘણાક અંતરાય કરે છે. એ જેવો કોઈ જગતમાં હરામજાદો ઠગ નથી.

અને પોતે સ્ત્રીઆદિકનો સંગ કરે છે તે દેખીને કોઈકને આશંકા થાય છે, તો તેને એમ કહે છે જે, 'બ્રહ્માએ પોતાની દીકરીનો સંગ કર્યો તેણે કરીને શું બ્રહ્માનું બ્રહ્માપણું જતું રહ્યું ? ને ચંદ્રમાએ પોતાના ગુરુની સ્ત્રીનો સંગ કર્યો તેણે કરીને શું ચંદ્રમાનો પ્રકાશ ઓછો થઈ ગયો ? અને ઈન્દ્રે ગૌતમની સ્ત્રીનો સંગ કર્યો તેણે કરીને શું ઈન્દ્રનું ઈન્દ્રપણું ગયું ?'

અને એવી જે વાતો શાસ્ત્રને વિષે છે તે તો એ મુક્તોને વિષે એવી રીતનાં લાંછન નથી, પણ પરમેશ્વરે બીજા જીવોને બિવાડ્યાને અર્થે કહ્યાં છે, જેણે કરીને જીવ એમ જાણે જે 'સ્ત્રી તો એવા મોટાને પણ છેતરે છે, તો બીજા જીવની તો શી વાત ?'

અને એમ કહેશો જે, બ્રહ્માએ તો સાચેસાચનો(ખરેખર) સંગ કર્યો, તો બ્રહ્માએ પાપના નિવારણને અર્થે પોતાના દેહનો ત્યાગ કરી દીધો, જે એ દેહ પાપિષ્ટ છે તે મારે રાખવો નહીં. અને ચંદ્રમાને પણ બ્રહ્માએ બહુ ઠપકો દીધો ને ત્યારે કામય(વાણીમય) યુદ્ધ થયું, તેણે કરી ચંદ્રમા અતિ દુઃખી થયો. અને ઈન્દ્રે અહલ્યાનો સંગ કર્યો તેણે કરીને ઈન્દ્રને ગૌતમે શાપ દીધો, તે સારુ સહસ્ર ભગ થયા; તેણે કરીને સ્ત્રીધર્મમાં નિત્યે આવવા માંડ્યો, તેણે કરીને દેહ વૈતરણી નદી જેવો થઈ ગયો ને પોતે કીડાની પેઠે અતિશે દુઃખિયો થયો. અને શાસ્ત્રમાં એવી જે વાતો તેને તો છાની રાખે છે ને બીજી રીતે વાતે કરીને આશંકાને ટાળે છે; તે સારુ એ ગુરુને મહાઠગારો જાણવો.

૨૫૦. ઠગગુરુ મુમુક્ષુને વિશ્વાસમાં લઈને છેતરે છે.

અને પોતે કેવો છે ? તો, સનાતન માર્ગને વિષે રહ્યા એવા જે સંત તેની તો આંટીમાં જ આવે નહીં અને મોટા મોટા સંત વાત કરી કરીને

થાકી જાય તોપણ આંટીમાં તો આવે જ નહીં, એવી એમાં કળા છે. તે સારુ સંત પણ એનો ત્યાગ કરી દે છે. અને એ ગુરુ પોતે કેવો છે ? તો જે કોઈ એની પાસે મુમુક્ષુ આવે છે, તેને કલ્યાણનો વિશ્વાસ દે છે; અને જે કોઈ ગૃહસ્થ આવે છે તેને એમ કહે છે, 'જે મારી ચાકરીએ કરીને દ્રવ્યની પ્રાપ્તિ થાશે.'

ને રાજાને પણ એમ કહે છે જે, 'મારી ચાકરીએ કરીને તારે બીજા દેશનું પણ રાજ્ય આવશે.' અને જેનું રાજ્ય જાતું રહ્યું હોય તેને એમ કહે જે, 'તારું રાજ્ય પાછું આવશે.' એવી રીતની એને વિષે ઝાઝી કળાઓ છે. અને શ્રુતિ-સ્મૃતિ સાખના શબ્દે કરીને જગતના જીવમાત્રને વશ કીધા છે ને ભેખધારીને પણ વશ કીધા છે; પણ આત્મા-અનાત્માના વિવેકના જાણનારા જે વૈરાગ્યે યુક્ત મુમુક્ષુ, તેને એ ગુરુ વશ નથી કરી શકતો.

૨૫૧. સ્ત્રી-દ્રવ્યમાં આસક્ત ગુરુ મનની મૂર્તિ છે.

હે પરમહંસો ! એને વિષે કેટલાક અવગુણ અમે દેખાડીએ ?! એ તો અમને માનતો જ નથી. અને વિષયસુખમાં રચીપચી રહ્યો છે. અને મનની મૂર્તિ છે. **તે મન કેવું છે ?** તો, એ ગુરુની આંખમાં આવીને રહ્યું છે, કાનમાં, નાકમાં, જીહ્વામાં, ત્વચામાં એ પાંચ જ્ઞાન ઈન્દ્રિયોમાં; ને પંચ કર્મ ઈન્દ્રિયોમાં; એ સર્વેમાં મને આવીને નિવાસ કર્યો છે. તે સારુ એને મનની મૂર્તિ જાણવો અને એ ગુરુ સ્ત્રીદ્રવ્ય સારુ દશોદિશને વિષે દોડતો ફરે છે, ને કોઈની લાજ-મર્યાદાને રાખતો નથી અને ભગવાને જે મર્યાદા બાંધી છે, તે મર્યાદાને ભાંગ્યાનો જ આગ્રહ છે જેને એવો છે.

૨૫૨. દુષ્ટ ગુરુની દુર્દશા

હે પરમહંસો ! વર્ણાશ્રમના ધર્મે કરીને રહિત એવો જે ગુરુ તેને શ્વાન કહીએ, શૃંગાળ કહીએ, બિડાલ કહીએ, ચાંડાળ કહીએ, ઝાંપડો કહીએ, ભાંડ કહીએ, ચોર કહીએ, વાટપાડો(ધાડપાડુ) કહીએ; એને એવી જેટલી ઉપમા કહીએ તેટલી સર્વે એમાં છે. તેની વિગત જે,

કેટલાક ગુરુ તો ભીખ માગે છે ને કેટલાકને માથે તો છત્ર ધરાય છે; ને કેટલાક હિંડોળા-ખાટે બેઠા છે અને કેટલાક તો સ્ત્રીઓએ વીંટાણા બેઠા છે, ને કેટલાક તો સ્ત્રી-દ્રવ્યને અર્થે ત્યાગી થઈને બેઠા છે. એવા જે ગુરુ તે મૂઆ કેડે કોઈક પ્રેત થાય છે, કોઈક પિશાચ થાય છે, કોઈક રાક્ષસ થાય છે. તે દેહોને વિષે ખાવે કરીને ધરાતો નથી, ને પાણી પીવે કરીને તરસ જાતી નથી; એવા દેહોની પ્રાપ્તિ થાય છે.

હે પરમહંસો ! **અમૃતરૂપ એવાં જે મારાં વચન તેનો જે ત્યાગ કરે છે, તેને માથે એવા સંસ્કાર થાય છે.** અને જ્યારે એ જીવતો હતો ત્યારે હું એને શિખામણનાં વચન કહેતો, તે વચનને હાંસીએ કરીને ઠેકડીએ કરીને ટાળી નાંખતો. અને બોલતો ત્યારે એમ બોલતો જે, ‘અમે તો, તો જ માનીએ જો તમે કાંઈક ચમત્કાર-કરામત દેખાડો તો, નહિ તો નહિ માનીએ.’ હે પરમહંસો ! તે સારુ ઋષભદેવની સ્થિતિને વિષે જે રહ્યા તેવા ગુરુને માનવા, પણ આ કહ્યા એવા જે ખોટા ગુરુ તેને માનવા નહીં.

૨૫૩. પરમહંસના ધર્મ શીખવવા ઋષભદેવજી પરમહંસ થયા.

તે ઋષભદેવની સ્થિતિ કેવી છે ? જે, જેમ અમે તમને કહ્યું છે તેમ ઋષભદેવ પણ પોતાના સો દીકરાને લોકને શિક્ષા કરવાને અર્થે શિક્ષા કરતા હતા. અને મહાનુભાવ કહેતાં મોટો છે મહિમા જેનો એવા છે. અને સર્વે ભૂત-પ્રાણીમાત્રના પરમ સગાં છે, એવા જે ઋષભદેવ ભગવાન તે ઈન્દ્રિયોને નિયમમાં રાખ્યાનો છે સ્વભાવ જેમનો એવા છે.

અને વિરામ પામ્યા છે કર્મ જેમનાં એવા છે અને મોટા મુનિઓને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ છે લક્ષણ જેને વિષે એવા જે પરમહંસ સંબંધી ધર્મો તે જેમણે શીખવ્યા છે એવા છે. અને પોતાના સો પુત્રને મધ્યે મોટા અને પરમ ભગવદી એવા અને ભગવાનના સંતોને આધીન એવા જે ભરત, તેને પૃથ્વીના પાલનને અર્થે રાજ્ય ઉપર બેસારીને પોતે ઘરને

વિષે જ ઘરેણાં-વસ્ત્રનો ત્યાગ કરીને શરીરમાત્ર છે પરિગ્રહ કહેતાં સામગ્રી જેને એવા છે.

અને ઉન્મત્તની પેઠે ગગન પરિધાન કહેતાં વસ્ત્રે રહિત એવા છે. અને છૂટા મૂક્યા છે કેશ જેણે એવા છે, પોતાને વિષે આરોપણ કર્યો છે અગ્નિહોત્ર જેણે એવા જે ઋષભદેવજી, તે પોતાનો દેશ જે બ્રહ્માવર્ત તે થકી ચાલી નીસરતા હતા. અને તેવી જ રીતે પોતાના દીકરા જે કવિ, હરિ, અંતરીક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમીલ, ચમસ, કરભાજન એ નવ પણ ચાલી નીસરતા હતા.

૨૫૪. ઋષભદેવજીએ ગ્રહણ કરેલી સ્થિતિ

અને તે ઋષભદેવજી કેવા છે ? તો, જડ કહેતાં મૂર્ખ, આંધળો, મૂંગો, બહેરો, પિશાચ ને ઉન્માદકની પેઠે નથી ઓળખાતો વેશ જેનો એવા છે. અને જનોના મધ્યને વિષે ગ્રહણ કર્યું છે મૌન જેણે એવા ને બોલાવ્યા છતાં પણ ન બોલતા થકા, તુષ્ણી કહેતાં મૌન થાતા હતા.

હે પરમહંસો ! ત્યાં ત્યાં પુર જે મોટાં શહેર, ને ગ્રામ જે બજારવાળા ગામ; આકર જે ખાણો, ને ખેટ જે ખેડુના ગામ, વાટી જે ફૂલની વાડીઓ, શિબિર જે લશ્કર ઉતર્યાનાં સ્થાનક, વ્રજ જે ગાયોનાં સ્થાનક, ઘોષ જે ગોપનાં સ્થાનક, ને સાર્થ જે તીર્થ જાનારાઓનો સંગાથ અને ગિરિ જે પર્વત, વન જે ઝાડી, આશ્રમ જે ઋષિઓનાં સ્થાનક; એ સર્વેને વિષે વનની માખી તેમણે પરાભવ પમાડ્યો એવો જે હાથી તેની પેઠે ફરતા હતા.

અને માણસ છે નામ જેનું એવા જે દુષ્ટ જન, તેણે માર્ગ માર્ગને વિષે તર્જન જે ભય ઉપજાવવું અને તાડન જે મારવું અને અવમેહન જે ઉપર મૂતરવું ને ષ્ઠીવન જે ઉપર થૂંકવું અને પાણા નાંખવા, વિષ્ટા નાંખવી, ધૂળ નાંખવી અને મૂતિવાત જે મુખ આગળ આવીને પાદવું(અધોવાયુ છોડવો), દુરુક્ત જે 'મરી જા' એ રીતે શાપ દેવો;

એટલાં વાનાંએ કરીને પરાભવ પમાડ્યા એવા જે ભગવાન ઋષભદેવ, તે દુષ્ટજનોના પરાભવને ન ગણતા થકા પૃથ્વી પ્રત્યે એકલા જ ફરતા હતા; કહેતાં તે દુષ્ટજનોના પરાભવને ન માનતા હતા.

૨૫૫. ઋષભદેવજીની સ્થિતિનું કારણ

હવે તેનું કારણ કહીએ છીએ. ખોટી છે રચના જેની એવો ને સાચું છે નામમાત્ર જેનું એવો જે દેહ, તેને વિષે 'હું ને મારો' એવા અભિમાને રહિત છે; એ હેતુ માટે (દેહને) ન માનતા હતા. અને કાર્ય-કારણનો જે અનુભવ ને તે અનુભવરૂપ જે સ્વરૂપ તેણે કરીને જે પોતાના મહિમાને વિષે રહેવું તે હેતુ માટે ન માનતા હતા.

૨૫૬. ઋષભદેવજીના સ્વરૂપનું વર્ણન

વળી તે ઋષભદેવ કેવા છે ? તો, વિશેષે નથી ખંડિત થયું મન જેનું એવા છે. અને વળી અતિશે સુકુમાર છે હાથ, પગ ને હૃદય જેનાં એવા છે. વળી વિશાળ છે ભુજા ને ખભાનું યુગલ ને મુખ આદિક અંગની રચના જેને એવા છે. અને સ્વભાવે કરીને જ રૂડા છે. અને સ્વભાવસિદ્ધ એવું જે હસવું તેણે કરીને રૂડું છે મુખ જેનું એવા છે. વળી નવું જે કમળ તેનાં પત્ર સરખાં અને તાપને હરી લે એવી જે કીકીઓ તે છે જેને વિષે એવા છે. અને અરુણ કહેતાં રાતા ને વિસ્તારવાન એવાં જે નેત્ર તેણે કરીને મનોહર છે.

વળી સરખાં ને રૂડાં છે કપોળ, કાન, કંઠ અને નાસિકા જેનાં એવા છે. વળી વિશેષે ગૂઢ છે હસવું જેને વિષે એવું જે મુખ, તેના વિલાસે કરીને શહેરની રહેનારી જે સ્ત્રીઓ તેમના મનને વિષે કામને ઉપજાવતા હતા. વળી મોઢાને આગળ નમી રહ્યા અને લાંબા, વાંકા ને લટ બંધાયેલ ને પીળા એવા જે કેશ તેમનો છે ઘણોક ભાર કહેતાં સમૂહ જેને એવા છે. વળી અવધૂત કહેતાં ઓળખાય નહિ એવા છે. અને મલિન કહેતાં

રજે મેલું એવું જે પોતાનું શરીર, તેણે કરીને બેઠો છે કઠણ ગ્રહ જેને એવા છે. અને તેથી નિસ્તેજ હોય ને શું ! તેમ જણાતા હતા.

૨૫૭. ઋષભદેવજીની અજગરવૃત્તિનું વર્ણન

જ્યારે સમર્થ એવા તે ઋષભદેવે આ લોકોને સાક્ષાત્કાર યોગના શત્રુ તરીકે જોયા. અને પોતે તે લોકોને શિક્ષા કરવાને સમર્થ છે તોપણ તે શિક્ષારૂપ જે કર્મ તેને નિંદિત તરીકે જોયું. અને પોતે વિચાર્યું જે, 'સમર્થ એવો જે હું તે આ લોકોનું શું ભૂંડું કરું ?' એ રીતે જાણીને ત્યારે તેમણે અજગરના વ્રતને ધારણ કર્યું. અને અજગરના વ્રતને ધારતા થકા સૂતાં સૂતાં જ ખાતા હતા. સૂતાં સૂતાં જ પાણી પીતા હતા. સૂતાં સૂતાં જ મૂતરતા હતા. સૂતાં સૂતાં જ ઝાડે ફરતા હતા. વળી વિષ્ટાએ કરીને ખરડાણાં છે અંગ જેનાં એવા થકા તે વિષ્ટાને વિષે આળોટતા હતા.

હે પરમહંસો ! તે ઋષભદેવની જે વિષ્ટા તેની રૂડી સુગંધીએ કરીને છે સુગંધી જેને એવો જે વાયુ, તે જે દેશમાં ઋષભદેવજી અજગરના વ્રતને લઈને સૂતા હતા તે દેશને ચાલીશ ચાલીશ ગાઉ ફરતો સુગંધીમાન કરતો હતો. એ પ્રકારે ગાય, મૃગ ને કાગડાની પેઠે ચાલતા થકા, ઊભા રહેતા થકા, બેઠતા થકા, સૂતા થકા, કાગડા ને ગાય ને મૃગલાની સરખું છે ચરિત્ર જેનું એવા ઋષભદેવ, કાગડાની પેઠે, બળદિયાની પેઠે, મૃગલાની પેઠે પાણી પીતા હતા, ખાતા હતા ને મૂતરતા હતા.

૨૫૮. પ્રભુ સાથે તાદાત્મ્ય પામ્યા છતાં સિદ્ધિઓ ગ્રહણ ન કરી.

હે પરમહંસો ! એ રીતે નાના પ્રકારની જે યોગની રીતિ તેને બીજા યોગીઓને દેખાડવાને અર્થે ઋષભદેવ આચરતા હતા. અને તે ઋષભદેવ કૈવલ્ય મોક્ષના પણ સ્વામી છે. અને પરમ મહાન કહેતાં નિરંતર અત્યંત મોટા આનંદરૂપ અનુભવવાળા છે. અને સર્વ ભૂતપ્રાણીમાત્રના આત્મા એવા જે ભગવાન વાસુદેવ, તેને વિષે ને પોતાને વિષે આત્માના અભેદે કરીને અંતરાય નથી એવા છે, કહેતાં બીજાની પેઠે મધ્યને વિષે દેહની

ઉપાધિનો ભાવ જેને નથી એવા છે. અને તે અભેદપણે કરીને પોતા થકી જ સિદ્ધ એવા જે સમસ્ત અર્થ તેણે કરીને પરિપૂર્ણ છે.

એવા જે ભગવાન ઋષભદેવ, તે યદચ્છાએ(વગર ઇચ્છાએ) કરીને પ્રાપ્ત થયું એવું જે આકાશને વિષે ગતિ કરવાપણું; ને મનોજવ કહેતાં મનના જેવો દેહનો વેગ, અને અંતરધાન જે બીજાના દેહને વિષે પ્રવેશ કરવો, ને છેટાની વાત કહી દેખાડવી એ આદિક જે યોગનાં ઐશ્વર્ય; તેમને હે સંતો ! મને કરીને સમગ્રપણે ન વખાણતા હતા. (અર્થાત્ મનથી પણ તે સિદ્ધિઓને પોતે સ્વીકારી નહીં.)

ત્યારે તમે કહેશો જે, યોગે કરીને પ્રજ્વલિત એવું જે જ્ઞાન તેણે કરીને બળી ગયાં છે કર્મનાં બીજ જેમનાં એવા, ને આત્માને વિષે છે આરામ જેમને એવા જે યોગી, તેમને યદચ્છાએ કરીને પ્રાપ્ત થયાં એવાં જે યોગનાં ઐશ્વર્ય, તે વળી કલેશના દાતા થવાને અર્થે યોગ્ય નથી, તે કારણપણા માટે કેમ ન વખાણતા હતા ?

૨૫૯. મનનો ક્યારેય વિશ્વાસ ન કરવો.

તો, હે પરમહંસો ! તમે સાચું કહ્યું, પણ કેટલાક વિવેકી માણસો ચંચળ એવા મનનો વિશ્વાસ, જેમ ખળ એવો જે ભીલ કહેતાં પારધી તે જેમ ઝાલ્યાં એવાં મૃગલાંનો પણ વિશ્વાસ નથી કરતો, તેમ વિશ્વાસને જથારથ નથી કરતા.

હે સંતો ! ચંચળ એવું જે મન તેને વિષે કોઈવારે પણ સખાપણું ન કરવું. એ મનના વિશ્વાસ થકી ઘણાંક કાળે કરીને ભેગું કર્યું એવું, જે સમર્થ એવા જે શિવ તેનું અથવા સમર્થ એવા જે સૌભરી આદિક બીજા ઋષિ તેમનું તપ તે સ્રવી જાતું હતું(નાશ થયું હતું). શિવનું વિષ્ણુના મોહિની રૂપનાં દર્શન કરીને સ્રવી ગયું, અને સૌભરીનું યમુનાજીને વિષે માછલાંના સંગમને જોઈને તપ ભંગ થયું. તે માંધાતા રાજાની પચાસ ને

પાંચ દીકરીઓ પરણ્યા; એટલા માટે **મનના વિશ્વાસ થકી મોટો અનર્થ થાય છે. તે સારુ મનનો વિશ્વાસ ન કરવો.**

હે સંતો ! કર્યો છે મનનો વિશ્વાસ જેણે એવો જે યોગી, તેનું જે મન તે કામને અવકાશ આપે છે; અને તેની કેડે ક્રોધ, લોભ, મદ, મત્સરાદિક જે બીજા શત્રુ તેમને પણ અવકાશ આપે છે. કેની પેઠે ? તો, કર્યો છે વિશ્વાસ જેણે એવો જે પતિ તેની વેશ્યા એવી જે સ્ત્રી, તે જેમ જાર પુરુષને અવકાશ આપીને પોતાના પતિને મરાવી નાંખે છે, તેમ મન પણ કામ-ક્રોધાદિકે કરીને યોગીને ભ્રષ્ટ કરે છે.

હે સંતો ! કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ, ભય ને કર્મનું બંધન એ સર્વનું કારણ મન છે. તેવા મનને જ્ઞાની 'પોતાને વશ છે' એ રીતે કોણ માને ? ન માને.

૨૬૦. ઋષભદેવની દેહાતીત સ્થિતિ અને દેહત્યાગ

હે સંતો ! (વળી ઋષભદેવ કેવા છે ? તો,) ત્યાર પછી અખિલ કહેતાં સર્વ એવા જે લોકપાળ તેમના આભૂષણરૂપ છે, તોય પણ જડની પેઠે અવધૂત એવો જે વેશ ને જડની પેઠે બોલવું અને જડની પેઠે આચરણ કરવું, એવાં જે નાના પ્રકારનાં લક્ષણ, તેણે કરીને નથી જણાતો ભગવાનપણાનો મહિમા જેનો એવા છે. અને તે ભગવાન ઋષભદેવ તે જોગીઓને દેહત્યાગની રીતને શીખવવા માટે પોતાના દેહનો ત્યાગ કરવા ઈચ્છતા થકા, આત્મા જે વાસુદેવ ભગવાન તેને વિષે અભેદે કરીને પોતાને જુદાપણે રહિત દેખતા થકા, વિરામ પામી છે વિષયાકાર વૃત્તિ જે થકે એવા થકા, વિરામ પામતા હતા; કહેતાં દેહાભિમાનનો ત્યાગ કરતા હતા.

હે પરમહંસો ! એ પ્રકારે મૂકી છે ઉપાધિ જેણે એવા ભગવાન ઋષભદેવ, તેના યોગની વાસનાએ કરીને અને અભિમાનના અભાવે કરીને દેહ, આ પૃથ્વી પ્રત્યે ફરતો થકો અને કોંક(દક્ષિણ કર્ણાટકનો

એક ભાગ) અને કુટક(કર્ણાટકનો એક દેશ જેને હાલમાં ગડગ શહેર કહે છે) અને વળી દક્ષિણ કર્ણાટક પ્રત્યે યદચ્છાએ કરીને ગયો થકો કુટકાચલ પર્વતના વનમાં પૂર્વે ખાધાને અભ્યાસે કરીને મુખને વિષે કર્યો છે પાણાનો કોળિયો જેણે એવો થકો, ગાંડાની પેઠે છૂટા મૂક્યા છે કેશ જેણે એવો થકો અને નગ્ન થકો જ વિચરતો હતો.

હે સંતો ! ત્યાર પછી વાયુના વેગે કરીને કંપ્યા એવા જે વાંસ, તેમના ઘસાવે કરીને ઉત્પન્ન થયો એવો જે અતિશય અગ્નિ તે સર્વ વનને ચારેપાસે બાળતો થકો તે વને સહિત ઋષભદેવના દેહને બાળી નાંખતો હતો.

૨૬૧. ઋષભદેવ ચરિત્રને અવળું લેનારની અધોગતિ

હે સંતો ! કોંક, વેંક, કુટક એવા દેશના જે રાજા અર્હત્(અરિહંત) તે (લોકો પાસેથી) ઋષભદેવ ભગવાનના ચરિત્રને સાંભળીને અને પોતે તે શીખીને (પોતે તેનું ગ્રહણ કરીને), કલિયુગને વિષે અધર્મ વૃદ્ધિ પામ્યે છતે, જીવોનાં પૂર્વ પાપે કરીને મોહ પામ્યો થકો, નથી કોઈ થકી ભય જેને એવો થકો, પોતાના ધર્મના માર્ગનો ત્યાગ કરીને, મંદ એવી પોતાની બુદ્ધિએ કરીને, ભૂંડો ને પાપરૂપ એવો જે પાખંડમાર્ગ તેને પ્રવર્તાવશે.

હે પરમહંસો ! તે માર્ગનો પ્રવર્તાવતલ અર્હત રાજા તેણે કરીને મનુષ્યને વિષે અત્યંત હીણા એવા; અને ભગવાનની માયાએ કરીને મોહને પામ્યા એવા; અને પોતપોતાના વર્ણાશ્રમનો જે વિધિ તેણે કરીને કહ્યો જે પવિત્રપણાનો આચાર તેણે રહિત એવા; અને દેવતાઓની અવગણનારૂપ એવા વ્રત જે નહાવું નહીં ને જમીને ચળું ન કરવું, ઝાડે ફરીને પાણી ન લેવું અને મુવાળા ઉખેડી નાંખવા; એ આદિ લઈને બીજું પાપરૂપ જે ભૂંડાં વ્રત, તેમને પોતપોતાની ઈચ્છાએ કરીને (મન ફાવે તેમ) ગ્રહણ કરતા એવા; ઘણોક છે અધર્મ જેને વિષે એવો જે કલિયુગ તેણે કરીને હણાઈ ગઈ છે બુદ્ધિ જેમની એવા; અને વળી વેદ,

બ્રાહ્મણ અને યજ્ઞપુરુષ જે વિષ્ણુ તેના લોકને દૂષણના દેતલ એવા દુષ્ટો કલિયુગને વિષે બહુ થાશે.

હે સંતો ! પોતાની ઇચ્છાએ કરી વેદે રહિત એવી અંધ પરંપરાની પ્રવૃત્તિ તેણે કરીને કર્યો છે વિશ્વાસ જેમણે એવા પુરુષ તે પોતાની મેળે અંધ નરકને વિષે પડશે.

૨૬૨. ઋષભદેવ અવતાર-ચરિત્રનો મહિમા

હે સંતો ! તમે એમ કહેશો જે, અનર્થકારી એવો આ ઋષભાવતાર તે ભગવાને શા સારુ લીધો ? ત્યાં કહીએ છીએ જે, આ ભગવાનનો ઋષભાવતાર તે રજોગુણે કરીને યુક્ત એવા જે જીવ તેમને મોક્ષમાર્ગની શિક્ષાને અર્થે છે. એ કૈવલ્યમાર્ગ જે મોક્ષ, તેની શિક્ષાને કરતા એવા જે ઋષભદેવજી, તેને યોગ્ય એવા જે શ્લોક, તેને સંત એ રીતે ગાય છે. અહો ! સાત સમુદ્રવાળી પૃથ્વી તેના જે સાત દ્વીપ અને નવ ખંડ, તેને વિષે આ ભરતખંડ અત્યંત પુણ્યવાળો છે, જે ભરતખંડને વિષે રહેનારી પ્રજા મુરદાનવના મારતલ ભગવાનના ઋષભાદિક અવતારે યુક્ત એવાં કલ્યાણકારી જે કર્મ(ચરિત્ર) તેનું ગાન કરે છે.

અહો ! આ પ્રિયવ્રતનો વંશ યશે કરીને શુદ્ધ છે. તે વંશમાં ધર્યો છે અવતાર જેણે એવા અને સનાતન એવા જે આદ્ય પુરુષ ઋષભદેવ, તે મોક્ષના કારણરૂપ ધર્મને આચરતા હતા.

હે પરમહંસો ! અજન્મા એવા જે ઋષભદેવ તેની જે દશા(સ્થિતિ) તેને બીજા યોગી મનોરથે કરીને પણ કોણ પામે ? ન પામે. જે યોગી ઋષભદેવે અવસ્તુપણાએ કરીને(અસત્ય જાણીને) ત્યાગ કરી એવી સિદ્ધિઓને ઇચ્છે છે, તે સિદ્ધિઓ કેવી છે ? તો, બીજા યોગીઓએ કર્યો છે દાખડો જેમને વિષે એવી છે, કહેતાં જે સિદ્ધિઓને અર્થે બીજા યોગી યત્ન કરે છે તોપણ નથી જડતી.

હે સંતો ! સર્વ વેદ ને સર્વ લોક ને સર્વ દેવ અને સર્વ બ્રાહ્મણ ને સર્વ ગાયો તેમના પરમગુરુ એવા જે ઋષભદેવ નામે ભગવાન, તેનું શુદ્ધ એવું જે આચરણ તેને વિષે કહ્યું એવું અને પુરુષમાત્રના સમસ્ત પાપને સર્વે પ્રકારે હરે એવું અને વળી પરમ કલ્યાણરૂપ એવાં જે મંગળ તેને રહ્યાનું ઠેકાણું એવું જે આ અવતાર-ચરિત્ર તેને અત્યંત શ્રદ્ધાએ કરીને સાવધાન થકો જે સાંભળે છે અને સંભળાવે છે, તો તે સાંભળતલને ને સંભળાવતલને પણ વાસુદેવ એવા જે ઋષભદેવ ભગવાન, તેને વિષે એકાંતિક ભક્તિ સર્વે પ્રકારે થાય છે.

૨૬૩. ભક્તિની મહત્તા

હે પરમહંસો ! નાના પ્રકારનાં દુઃખવાળા સંસારના પરિતાપે કરીને અત્યંત તપાયમાન થયેલા પોતાના મનને નિરંતર ત્રણ કાળને વિષે તે એકાંતિક ભક્તિમાં નવરાવતા થકા વિવેકી પુરુષો, પરમ નિવૃત્તિએ કરીને અત્યંત સુખરૂપ એવું; અને પરમ પુરુષાર્થ રૂપ એવું; અને ભગવાને પોતાની મેળે આપ્યું એવું છે; તોય પણ તે મોક્ષપદનો આદર નથી કરતા. શા હેતુ માટે ? જે, 'અમે ભગવાનના છીએ' એવો જે ભાવ તેણે કરીને જ પૂર્ણ થયા છે સર્વે અર્થ જેમના એવા છે; તે હેતુ માટે મોક્ષને પણ નથી ઇચ્છતા.

હે પરમહંસો ! પાંડવોના અને યાદવોના પતિ કહેતાં પાળનારા એવા; અને ગુરુ કહેતાં ઉપદેશના કરનારા એવા; ને દેવ કહેતાં ઉપાસના કરવા જોગ્ય એવા; ને પ્રિય કહેતાં સગાં એવા; અને કુળપતિ કહેતાં કુળના નિયંતા એવા; અને કોઈક વારે પાંડવોના કિંકર કહેતાં આજ્ઞામાં વર્તનારા એવા ભગવાન શ્રીકૃષ્ણ છે જ, તોય પણ મુકુંદ એવા જે શ્રીકૃષ્ણ તે ભજનારા પુરુષને ક્યારેક મુક્તિ આપે છે, પણ પ્રેમે સહિત ભક્તિનો યોગ નથી આપતા.

હે સંતો ! નિત્યે પ્રગટ એવું જે નિજરૂપ તે જ જે લાભ, તેણે કરીને નિવૃત્તિ પામી છે તૃષ્ણા જેની એવા જે ભગવાન ઋષભદેવ નામે

શ્રીકૃષ્ણ, તે દેહાદિકના મનોરથે(સંકલ્પે) કરીને કલ્યાણની બાબતમાં ઘણાક કાળથી સૂઈ રહી છે બુદ્ધિ જેની એવા લોકોને, નિર્ભય એવો જે પોતાનો લોક(ધામ) તેનો કરુણાએ કરીને ઉપદેશ દેતા હતા. એવા ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરવો.

૨૬૪. સંસારમાં ફસાયેલા જીવની દુર્દશા

હે પરમહંસો ! તે ઋષભદેવજીના પુત્ર જે ભરતજી તેમણે પણ રાજ્યનો ત્યાગ કરીને ઋષભદેવની સ્થિતિને વિષે રહીને, રાજા રહુગણને આત્મજ્ઞાન દઈને આ જગતને ભવાટવીરૂપે કહ્યું છે. શા સારુ જે, આત્મજ્ઞાનને અર્થે પ્રવર્ત્યો એવો જે રહુગણ, તેને આત્મજ્ઞાનના કારણરૂપ જે વૈરાગ્ય, વિવેક, શમ, દમ, ઉપરતિ ને તિતિક્ષા ઇત્યાદિકની રક્ષાને અર્થે કહ્યું છે. જેણે કરીને એ આત્માને સંસૃતિ ન થાય.

હે પરમહંસો ! એ ભવાટવીને જાણીએ તો સંસારમાં ક્યાંઈ બંધાઈએ નહીં. એ ભવાટવી કહીએ છીએ જે, દેહાભિમાની જીવના સત્ત્વ, રજ, તમ આદિક ગુણના ભેદે કરીને વહેંચ્યાં એવાં જે ધર્મ ને અધર્મે યુક્ત કર્મ, તેણે વિશેષે કરીને રચેલી નાના પ્રકારના દેહની પંક્તિઓ, તેણે કરીને સંયોગ-વિયોગાદિક રૂપ અનાદિ સંસારનો જે અનુભવ છે, તેનાં બારણારૂપ એવો જે છ ઇન્દ્રિયોનો સમૂહ, તે સમૂહના કારણે અતિશય ભૂંડા માર્ગની પેઠે અતિશય કઠણ એવા સંસારરૂપ માર્ગમાં સર્વ પ્રકારે પડ્યો છે, અને સમર્થ એવા ભગવાન વિષ્ણુની માયાએ કરીને અકલ્યાણકારી એવી જે ભવાટવી કહેતાં સંસારરૂપ મોટું ઉજ્જડ વન, તેને વિષે પડ્યો થકો આ જીવ, લોક કહેતાં અજ્ઞાની જીવોનો સંગાથ કરે છે.

તેથી આ સંસારરૂપ જે મોટું વન તેને વિષે જે તાપ તે તાપનો નાશ કરે એવા જે પુરુષોત્તમ ભગવાનરૂપ ગુરુનાં જે ચરણારવિંદ તેને વિષે ભમરાની પેઠે રમનારા જે ભક્ત, તેમની જે અનુપદવી કહેતાં તેમણે કર્યો એવો જે ભક્તિમાર્ગ તેને હમણાં સુધી પણ નથી પામતો.

તે અજ્ઞાની જીવોનો સમૂહ કેવો છે ? તો, વાણિયાના સંગાથની પેઠે દ્રવ્યના ઉપજાવવાને વિષે તત્પર છે, અને પોતાના દેહે કરીને ઉત્પન્ન કર્યાં જે કર્મ તેમનું ફળ જે સુખ-દુઃખ, તેણે કરીને છે અનુભવ જેને એવો છે. અને ખોટી ને ઘણાંક વિઘ્ન યુક્ત જેની ક્રિયા છે એવો છે; અને મસાણની પેઠે અકલ્યાણકારી એવો જે સંસારરૂપ માર્ગ, તેને વિષે પડ્યો છે. જે સંસારમાર્ગને વિષે એ છ ઈન્દ્રિયો છે નામ જેમનાં એવા જે ચોર છે, તે કર્મે કરીને આ અજ્ઞાનીના સંગાથને લૂંટે છે.

૨૬૫. છ ઇન્દ્રિયો ધર્મરૂપી ધનને લૂંટી લે છે.

તે છ ઈન્દ્રિયોના ચોરપણાનાં કર્મને કહીએ છીએ. આ પુરુષનું સાક્ષાત્ ધર્મનું કારણ એવું અને ઘણાંક કષ્ટ કરીને પામ્યું એવું જે કાંઈક ધન તેને અને વળી સાક્ષાત્ પરમપુરુષ એવા જે 'નારાયણ સ્વામી' તેના ભજનનું છે લક્ષણ જેને વિષે એવો જે આ ધર્મ, તે ધર્મને વિવેકી મોક્ષને અર્થે કહે છે. તે ભગવાનના ભજનરૂપ જે ધર્મ, તે જ જે ધન તેને એ છ ઈન્દ્રિયો લૂંટે છે.

કેવી રીતે ? તો, દર્શને કરીને, સ્પર્શે કરીને, શ્રવણે કરીને, સ્વાદે કરીને, સૂંઘવે કરીને, સંકલ્પે કરીને અને નિશ્ચયે કરીને, ઘરમાં રહેલા વિષય સંબંધી ભોગે કરીને નથી જીત્યાં ઈન્દ્રિયો જેણે એવો, અને ભૂંડો કુબુદ્ધિરૂપ વળાવિયો જેને છે એવા પુરુષનું ધન લૂંટે છે. જેમ અસાવધાન એવો અને ખૂટલ છે વળાવિયો જેનો એવો જે સંઘ તેના ધનને ચોર લૂંટે છે, તેમ નથી જીત્યાં ઈન્દ્રિયો જેણે એવો પુરુષ તેના ધર્મરૂપ ધનને ઈન્દ્રિયો લૂંટે છે.

૨૬૬. સંસાર કામદોષનો કરંડિયો છે.

અને સંસારને વિષે નામે કરીને સ્ત્રી, દીકરા આદિક જે કુટુંબી તે કર્મે કરીને તો નાર ને શિયાળિયાં જ છે. અને અતિશે લોભી એવો જે કુટુંબી પુરુષ, તેનું ધન ન ઈચ્છતે સતે પણ હરે છે. જેમ સર્વ પ્રકારે

રક્ષાને કર્યું એવું જે બકરીનું ટોળું તેને નાર ને શિયાળિયાં હરે છે, તેમ કુટુંબી પુરુષના ધનને નાર-શિયાળિયારૂપ જે બાયડી-છોકરાં તે હરે છે. જેમ વરસોવરસ ખેડ્યું છે, પણ જ્યાં સુધી માંહેથી બીજ નથી બળ્યું જેનું એવું જે ક્ષેત્ર, તે ફરીને વાવ્યાના કાળને વિષે ડાભડાના થૂમડાં અને ખડ અને વળી વેલ તેણે કરીને અતિશે ઘટાની પેઠે થાય છે. એ પ્રકારે જ આ ગૃહસ્થાશ્રમ કર્મનું ક્ષેત્ર છે.

અને આ ઘરને વિષે કર્મ નથી ઉખડતાં એ કારણપણા માટે **આ ગૃહસ્થાશ્રમ કામમાત્રનો કરંડિયો છે,** કહેતાં રહેવાનું ઠેકાણું છે. તે ઘરને વિષે રહ્યો થકો ડાંસ ને મચ્છર સરખા અને નીચ એવાં જે તીડડાં ને પક્ષી, ચોર ને ઉંદરો સરખા જે મનુષ્ય તેમણે રુંધ્યો છે બહિર્પ્રાણ કહેતાં ધન જેનો એવો, અને આ સંસારરૂપી માર્ગને વિષે વર્તતો એવો જે અજ્ઞાની ગૃહસ્થ, તે અવિદ્યા, કામ ને કર્મ તેણે જુક્ત એવું જે મન, તેણે કરીને ગંધર્વનગર સરખો અઘટમાન(અયોગ્ય-અપ્રમાણભૂત) અને નથી પ્રાપ્ત અર્થ જેને વિષે એવો જે નરલોક તેને સાચાપણાએ કરીને જુએ છે.

૨૬૭. અજ્ઞાની ગૃહસ્થનાં લક્ષણો

તે અજ્ઞાની ગૃહસ્થ કેવો છે ? તો, મિથ્યા છે દૃષ્ટિ જેની એવો છે, તે ગંધર્વનગરને વિષે રહ્યો એવો અને પાન, ભોજન અને સ્ત્રીનો સંગ એ આદિક જે વ્યસન તેણે કરીને લોલુપ્ત એવો જે અજ્ઞાની ગૃહસ્થ, તે મૃગતૃષ્ણાનાં જળ સરખા જે વિષય તે પ્રત્યે દોડે છે. કોઈવારે સર્વ દોષમાત્રનું સ્થાનક એવું; અને વળી પાતાળલોકને વિષે શિવ-પાર્વતીનાં રમણે કરીને વીર્યનદી વહે છે, તેને અગ્નિ ગળે છે; અને ગળીને ઝાડે ફરે છે તે વિષ્ટારૂપ એવું; અને પિશાચના ઉબાડિયા સરખું(બળતા લાકડા જેવું) જે સુવર્ણ, તે પ્રત્યે ગ્રહણ કરવાને અર્થે, અને સુવર્ણ સરખો છે વર્ણ જેનો એવો રજોગુણ, તેણે કરીને નિર્મિત છે મતિ જેની એવો અજ્ઞાનીનો સંગાથ દોડે છે. જેમ ભૂલો પડ્યો એવો જે સંગાથ તે

વગડાને વિષે પિશાચના અગ્નિને દેખીને ગ્રહણ કરવાને અર્થે દોડે છે, તેમ અજ્ઞાનીનો સમૂહ સુવર્ણને દેખી ગ્રહણ કરવાને અર્થે દોડે છે.

કોઈવારે નિવાસ, પાણી ને દ્રવ્ય એ આદિક જે અનેક પોતાના જીવ્યાના ઉપાય તેમને વિષે છે ચિત્ત જેનું એવો જે અજ્ઞાનીનો સંગાથ, તે આ સંસારરૂપી વગડાને વિષે જ્યાં-ત્યાં દોડતો ફરે છે. કોઈવારે વંટોળિયા સરખી જે સ્ત્રી તેણે ખોળા પ્રત્યે બેસાર્યો એવો ને અતિશે રજોગુણે કરી ઢંકાણી છે મતિ જેની એવો અજ્ઞાની; દિશા અને દેવતાઓને રાત્રીને વિષે ભૂતની પેઠે નથી જાણતો.

કોઈવારે પોતે જ એકવાર જાણ્યું છે વિષયનું ખોટાપણું જેણે એવો અને દેહના ધ્યાને કરીને ભ્રષ્ટ થઈ છે સ્મૃતિ જેની એવો જે અજ્ઞાની, તે વળી તે મતિના ભ્રષ્ટપણાએ કરીને જ ઝાંઝવાંનાં જળ સરખા જે વિષય તે પ્રત્યે જ ફરી દોડે છે. ક્યારેક ઘૂવડ ને તમરાં તેના શબ્દની પેઠે અતિ કઠણ એવો જે વેગ તેણે કરીને છે ભ્રમ જેને વિષે એવું અને પ્રત્યક્ષ અથવા પરોક્ષ શત્રુઓના અથવા રાજાના કુળના ભર્ત્સનાયે(તિરસ્કારે) યુક્ત જે વચન, તેણે કરીને અતિશે પીડાને પામ્યાં છે કાનનું મૂળ અને હૃદય જેનું, એવો અજ્ઞાની દુઃખને પામે છે.

જ્યારે ભોગવી લીધું છે પૂર્વજન્મનું પુણ્ય જેણે એવો (પુણ્ય રહિત) તે અજ્ઞાની થાય છે, ત્યારે કારસ્કર(કિંપાક વૃક્ષ) નામે અને કાકતુંડ(એક અપવિત્ર વૃક્ષ) નામે જે ઝાડવાં, તે ઝાડવાં કેવાં છે ? તો, પક્ષીરૂપી સુખ જેમને વિષે બેઠાં છે એવાં છે અને એવાં જે પાપરૂપ ઝાડવાં અને પાપરૂપ જે વેલ અને વળી વિષ કહેતાં ઝેરરૂપ છે જળ જેમનાં એવા જે કૂવા, તે પ્રત્યે વગડાને વિષે ભૂલો પડ્યો એવો જે અજ્ઞાનીનો સંગાથ તે દોડે છે. તેમ આ લોક-પરલોકને વિષે અર્થે રહિત એવા જે ધન તે પ્રત્યે અને વળી જીવતાં જ મરેલ એવા જે પુરુષ તે પ્રત્યે પોતે પણ જીવતો થકો જ મરેલ એવો જે અજ્ઞાની ગૃહસ્થ તે દોડે છે.

કોઈવારે અસત્ પુરુષોના સંગ થકી ઠગાણી છે મતિ જેની એવા અજ્ઞાની પાણી વિનાની જે નદીનો ખાડો તેને વિષે પડવાની પેઠે આ લોક-પરલોકને વિષે દુખનો દેનારો જે પાખંડ તે પ્રત્યે જાય છે (પાણી વિનાના ખાડામાં પડે તેમ પાખંડમાં પડીને દુઃખી થાય છે). અને જ્યારે પરની પીડાએ કરીને પણ પોતાને અન્ન ન મળે ત્યારે પોતાના પિતા કે ભાઈનું કોઈક માત્ર ઘાસ પણ લઈ જાય તો તેને પીડે છે અથવા પોતાના પિતા-પુત્રોને જ તે અજ્ઞાની પીડે છે (ભૂખ વડકા કરે છે).

કોઈવારે દાવાનળ અગ્નિની પેઠે હિતકારી અર્થે રહિત(અહિતકારી) એવું; ને વળી દુઃખનું ઊપજવું છે અંતે જેને વિષે એવું જે ઘર, તેને પામીને શોકના અગ્નિએ કરીને અતિશે બળતો થકો અજ્ઞાની અત્યંત વૈરાગ્યને પામે છે. અને કોઈવારે કાળે અવળું કર્યું જે રાજાનું કુળ તે રૂપી રાક્ષસે હર્યા છે અત્યંત વહાલા ધનરૂપ પ્રાણ જેનાં એવો; અને ગયાં છે જીવલક્ષણ કહેતાં હર્ષાદિક જેનાં એવો અજ્ઞાની મરેલની પેઠે રહે છે.

કોઈવારે મનોરથે(કલ્પનાએ) કરીને પ્રાપ્ત કહેતાં પામ્યાં એવાં જે પિતા અને દાદો-પરદાદો એ આદિક અસત્ય છે, તેને સાચા માનીને સ્વપ્નના સુખ જેવા લક્ષણવાળા પોતાનાં કુંટુંબીઓનાં સુખને ભોગવે છે.

અને કોઈવારે ગૃહસ્થાશ્રમને વિષે જે કર્મનો દેનાર કહેતાં ગૃહસ્થ સંબંધી જે કર્મોની પ્રેરણા, દીકરા-દીકરીને પરણાવવું, તેના વિસ્તારરૂપ પર્વત પ્રત્યે ચડવાને ઇચ્છતો એવો; અને લોકનાં વ્યસન(દુઃખ) જે કોઈક કરજ માગે, પોતાનાં કુટુંબનું ભરણપોષણ કરવું જોઈએ, એ આદિક જે અનંત દુઃખ તેણે કરીને દુઃખ પામ્યું છે મન જેનું, એવો જે અજ્ઞાની તે ઝાઝા કાંટા અને કાંકરે ભરેલ ક્ષેત્ર(ખેતર) તે પ્રત્યે જાણે પ્રવેશ કર્યો હોય ને શું ! તેની પેઠે પીડાને પામે છે.

અને કોઈવારે ન ખમાય એવો જે પેટ માંયલો અગ્નિ(ભૂખ) તેણે કરીને હરાઈ ગયું છે બળ જેનું એવો જે કુટુંબી તે પોતાના કુટુંબી સાથે

રીસ કરે છે; એ પ્રકારે જે નિદ્રારૂપ અજગર તેણે ગળ્યો એવો; અને અંધ કહેતાં ઘોર તમને વિષે બૂડ્યો એવો; અને મડાની પેઠે પડ્યો એવો ઉજ્જડ વગડાને વિષે હોય ને શું ? તેમ સૂવે છે, અને મડાની પેઠે પડ્યો થકો બીજાને નથી જાણતો.

૨૯૮. અજ્ઞાનીની દુર્દશા

અને કોઈવારે ભાંગી ગઈ છે માનરૂપ દાઢો જેની એવો, અને દુર્જનરૂપ જે કરડકણા જનાવર તેણે કરીને નથી પામ્યો નિદ્રાનો અવસર જે એવો, અને પીડાયે યુક્ત જે હૃદય તેણે કરીને નાશ થયું છે વિજ્ઞાન જેનું એવો અજ્ઞાની, અંધારા કૂવાને વિષે આંધળાની પેઠે પડે છે. કોઈવારે કામરૂપ જે મધનાં ટીપાં તેને ખોળતો થકો જ્યારે પરસ્ત્રી અને પરદ્રવ્યને પામવાને ઈચ્છે છે, ત્યારે રાજા તેણે અથવા તે સ્ત્રીનો સ્વામી તેણે માર્યો થકો અપાર નરકમાં પડે છે.

હે પરમહંસો ! એ કારણપણા માટે આ લોક-પરલોકમાં આ પ્રવૃત્તિમાર્ગને વિષે આત્માને જન્મ-મૃત્યુનું ક્ષેત્રરૂપ એવું જે કર્મ તેને વિવેકી કહે છે જે, જ્યારે કોઈની ચોરી કરે ત્યારે રાજા તેને બાંધે, અને પ્રારબ્ધના જોગ થકી જો બંધન થકી મુકાય છે, તો તે પાસે જે ધન હોય તેને બીજો ખૂંચવી લે છે, અને વળી તે પાસેથી પણ બીજો ખૂંચવી લે છે; એ રીતે નથી સ્થિતિ જેની એવો અજ્ઞાની ધનને ભોગવી નથી શકતો.

અને કોઈવારે ટાઢ-તડકો, ભૂખ-તરસ એ આદિક અનેક દેવ સંબંધી, ભૂત સંબંધી અને દેહ સંબંધી દુઃખની અવસ્થા તેના નિવારણને વિષે અસમર્થ એવો, અને દૂર છે અંત જેનો એવી જે ચિંતા તેણે કરીને પીડાણો થકો અજ્ઞાની ગૃહસ્થ રહે છે.

અને ક્યારેક માંહોમાંહી કાંઈ ધનનો વ્યવહાર કરતો થકો બીજાઓ થકી દમડીમાત્ર અથવા દમડીમાં પણ કાંઈક ઓછું જે ધન તેને ચોરતો થકો ધનના મૂરખપણા(ધનસંબંધી અજ્ઞાનતા) થકી દ્વેષને પામે છે. અને

આ સંસારરૂપી માર્ગને વિષે એવા ઘણાંક કષ્ટે યુક્ત એવા સ્વાભાવિક ધનની પીડા આદિક વિઘ્નો રહ્યાં છે.

અને વળી તેમ જ બીજાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, મત્સર, ઈર્ષા, અપમાન, ક્ષુધા, પિપાસા, આધિ, વ્યાધિ, જન્મ, જરા ને મૃત્યુ આદિક અનંત (વિઘ્નો સંસારમાં) રહ્યાં છે.

અને ક્યારેક ભગવાનની માયારૂપ જે સ્ત્રી તેણે હાથરૂપી વેલીએ કરીને ઢાંક્યો(સ્ત્રીએ આલિંગન લીધેલો) એવો; અને ભગવાનની માયાએ કરીને ગયાં છે વિજ્ઞાન અને વિવેક જેનાં એવો; અને તે સ્ત્રીનું જે રમ્યાનું ઘર તેના આરંભને વિષે (ઘર બનાવવા) આકુળ છે હૃદય જેનું એવો; અને તે ઘરના આશરાને વિષે ચોંટ્યાં એવાં જે દીકરા-દીકરી અને સ્ત્રી, તેનાં ભાષણ(મીઠાં મીઠાં બોલ), જોવાં(નેત્રકટાક્ષ) અને રમવાં(વિવિધ ચેષ્ટાઓ) તેણે કરીને હરાઈ ગયું છે હૃદય જેનું એવો; અને નથી જીત્યું મન જેણે એવો જે અજ્ઞાની ગૃહસ્થ, તે અપાર એવો જે અંધ નરક તેને વિષે પોતાના આત્માને નાંખે છે.

૨૬૯. સંસારી જીવનાં દુઃખોનું વર્ણન

અને ક્યારેક સમર્થ એવા જે ભગવાન તેનું ચક્રરૂપ એવો જે કાળ, તે કાળ કેવો છે ? તો, પરમાણુથી આરંભીને બ્રહ્માની આવરદાના અંતને કારણે જણાતો એવો; અને અતિશે શીઘ્રપણે ભમતું એવું જે કાળચક્ર, તેના ભ્રમણે કરીને જાતિ જે બાલ્યાદિક અવસ્થા, તેણે કરીને અશક્ત ને બ્રહ્માથી તૃણનાં થૂમડાં પર્યંત પ્રાણીમાત્રનો નાશ કરતો અને એક દૃષ્ટિએ કરીને જીવોને જોઈ રહેતો એવો જે કાળ, તે થકી બિન્યું છે હૃદય જેનું એવો થકો જીવ, કાળચક્ર છે નિત્ય આયુધ જેનું એવા જે સાક્ષાત્ યજ્ઞપુરુષ સમર્થ ભગવાન, તેનો અનાદર કરીને કંક(કાગડો), ગૃધ, બક ને બટ(બતકને મળતું હિંસક પક્ષી), એવાં જે પક્ષી તે તુલ્ય અને રૂડા

પુરુષ તેણે સર્વ પ્રકારે તજ્યા એવા જે પાખંડ દેવતા, તેની પાખંડશાસ્ત્રે કરીને ઉપાસના કરે છે. તે જેમ વનમાં સિંહ થકી ભય પામીને બગલાનો આશ્રય લે છે, તેમ આ સંસારી જીવ ભગવાનને મૂકીને બગલા જેવા જે બીજા દેવ તેનો આશ્રય લે છે.

જ્યારે પોતે આત્માએ કરીને ઠગાણા એવા જે પાખંડી તેણે અતિશે ઠગ્યો એવો જે સંસારી જીવ, તે બ્રહ્મવેત્તા જે બ્રાહ્મણ તેના કુળને ભજે છે (આશરો લે છે, પરંતુ) પછી તે બ્રહ્મવેત્તાઓનો સ્વભાવ જે ઉપવીતાદિક ને શ્રુતિ-સ્મૃતિસંબંધી કર્મ તેણે કરીને યજ્ઞપુરુષ જે ભગવાન તેનું આરાધન જ કરવું, તે તેને ગમતું નથી. પછી વેદે કહ્યો જે આચાર તેને વિષે પોતાના શુદ્ધપણાનો અભાવ છે. એ હેતુ માટે શૂદ્ર જે દેહાભિમાની તેના કુળને આ સંસારી જીવ ભજે છે(તેના ભેળો ભળે છે).

તે શૂદ્રનું કુળ કેવું છે ? તો, જેમ વાંદરાની જાતિમાં સ્ત્રી આદિનો નિયમ નથી, તેમ જ શૂદ્ર કુળને વિષે સ્ત્રી આદિકના નિયમ નથી. અને કેવળ કુટુંબનું જ ભરણ-પોષણ કરે છે, તેને સંસારી જીવ આશરે છે. અને શૂદ્ર કુળને વિષે પણ પ્રતિબંધ રહિત એવો ને પોતાની ઈચ્છાએ ક્રીડા કરતો એવો; અને અતિશે દીન છે બુદ્ધિ જેની એવો છે.

અને વટલેલ ને સ્ત્રીલંપટ એવો; ને અન્યોઅન્ય સ્ત્રીપુરુષ ભેળાં થઈને સ્ત્રી પુરુષના મોં સામું જુએ અને પુરુષ સ્ત્રીના મોં સામું જુએ, ઈત્યાદિક જે ગ્રામ્યકર્મ તેણે કરીને વીસરી ગયું છે મૃત્યુ જેને એવો જે અજ્ઞાની જીવ, તે જેમ ક્યારેક વાંદરાં, સ્ત્રી, પુરુષ, છોકરાં ભેગાં થઈને ઝાડવાંને માથે રમે છે, તેમ આ ઝાડવાં તુલ્ય જે પોતાનાં ઘર તેને વિષે રમતો થકો વાંદરાની પેઠે જ સ્ત્રીલંપટ થાય છે. કાં જે, **પોતાને જે ગુરુ મળ્યા છે, તે પણ વાંદરા તુલ્ય છે. તે સારુ પોતે પણ વિવેકે રહિત વાંદરાં જેવાં આચરણ કરે છે. એ પ્રકારે સંસારમાર્ગને વિષે પડ્યો થકો સુખ-દુઃખને પામે છે.**

અને પર્વતની ગુફા સરખો અને અંધારાએ યુક્ત જે રોગ આદિક આપદા તેને વિષે પડે છે. અને ક્યારેક ટાઢ, તડકો, વાયુ, ભય, વરસાદ ન થાય, કાળ પડે ઇત્યાદિક દેવતા સંબંધી આધિદૈવિક દુઃખ અને વળી ચોર લૂંટે, રાજા દંડે, કોઈક મારે, એ આદિક જે આધિભૌતિક દુઃખ, અને ક્યારેક તાવ આવે, માથું દુઃખે, પેટપીડા આવે, એ આદિક જે અનંત આધ્યાત્મિક દુઃખ, તેને જ્યારે અજ્ઞાની નિવારણ નથી કરી શકતો ત્યારે અસમર્થ થકો અતિ દુઃખને પામે છે.

અને ક્યારેક વિત્તના શઠપણાએ(કંજુસાયે) કરીને પરસ્પર વ્યવહારને કરતો થકો કાંઈક ધનને પામે છે, અને ક્યારેક નાશ પામ્યું છે ધન જેનું એવો; અને નથી મળ્યો ઢોલિયો, આસન, અન્ન-વસ્ત્રાદિક જેને એવો; અને મનોરથે કરીને પણ ન પમાય એવા જે પદાર્થ તેના ગ્રહણ કરવાને વિષે છે મતિ જેની એવો, જે અજ્ઞાનીનો સંગાથી તે જ્યાં-ત્યાં મનુષ્યો થકી અપમાનાદિકને પામે છે. એ પ્રકારે વિત્તને લેવે-દેવે કરીને વૃદ્ધિ પામ્યો છે વૈરભાવ જેનો એવો છે, તોય પણ પૂર્વના દ્રવ્યને લેવાની વાસનાએ કરીને પરસ્પર વ્યવહાર (લગ્ન વગેરે સંબંધ) કરે છે ને નથી કરતો (તોડતો રહે છે).

એ સંસાર માર્ગને વિષે નાના પ્રકારના ક્લેશનું ઊપજવું તેણે પીડાને પમાડ્યો એવો; અને મર્યો એવો જે પુરુષ, તેને બીજો પુરુષ ત્યાં જ મૂકીને અને જે જે ઊપજ્યો (નવા જન્મેલાઓ સાથે સંબંધ બાંધી) તેને લઈને શોચ કરતો મૂંઝાતો થકો; અને અનાદિ એવી જે અવિદ્યા તેણે કરીને બીતો થકો; અને શબ્દને કરતો સતો ને હર્ષને પામતો થકો; ને ગાતો થકો બંધાણો એવો; ને સાધુએ રહિત એવો જે અજ્ઞાનીનો સંગાથ, તે સંસાર માર્ગને વિષે હાલ્યો જ જાય છે; હમણાં સુધી પણ કોઈ પાછો નથી વળતો.

અને જે ભગવાન થકી આ મનુષ્યલોકનો આરંભ થયો છે, અને

જેને સંત આ સંસારનો પાર(મોક્ષ) કહે છે, તેને આ અજ્ઞાનીનો સંગાથ નથી પામતો. અને આ જે પરમેશ્વરને મળ્યાની શિક્ષા તેને પણ આ અજ્ઞાનીનો સંગાથ માનતો નથી.

૨૭૦. પુરંજનના રૂપક દ્વારા જીવની સ્થિતિનું વર્ણન

અને હે પરમહંસો ! જ્યારે એ જીવ પરમહંસ એવા જે માને રહિત ગુરુ તેનો સમાગમ કરે છે, ત્યારે એ જીવ જન્મ-મરણરૂપ જે ભવાટવી તેનો ત્યાગ કરે છે અને સંસારરૂપી સમુદ્રને તરે છે. અને એ જીવ તો પુરંજનરૂપે છે. તેના ઈશ્વર બ્રહ્મવેત્તા મિત્ર છે. તે જીવ આ દેહરૂપી પુરમાં રહ્યો છે. તેની કુબુદ્ધિરૂપ સ્ત્રી છે. તે સ્ત્રીના દસ ઇન્દ્રિયોરૂપ મિત્ર છે અને દસ ઇન્દ્રિયોની વૃત્તિરૂપ સખીઓ છે. પાંચ મસ્તકવાળો જે પ્રાણ તે રૂપ સર્પ તે રક્ષક છે. મોટા બળવાળું જે મન તે ઇન્દ્રિયોનું નાયક છે.

પંચવિષયરૂપ એ કુબુદ્ધિ તે પંચાળ દેશ છે. તે દેશમાં નવ બારણે યુક્ત દેહ છે. તેનાં આંખ, નાક ને મુખ એ પાંચ બારણાં ઉગમણાં છે. જમણો કાન તેનું દક્ષિણાદું બારણું છે, ડાબો કાન ઉત્તરાદું બારણું છે. ગુદા ને શિશ્ન તે આથમણાં બારણાં છે. એ નવ બારણે કરીને એ જીવ નવ પ્રકારના વિષયને ભોગવે છે.

અને હાથે કરીને લે દે છે અને પગે કરીને ચાલે છે. હૃદયને વિષે મન-ઇન્દ્રિય કરીને હર્ષ-શોકને પામે છે અને મનને કેડે વરતે છે. અને તે પુરંજનનાં ઇન્દ્રિયોનાં પરિણામરૂપ અગિયારસો દીકરા છે. તે પુરંજનની બુદ્ધિની વૃત્તિના પરિણામરૂપ અગિયારસો દીકરીઓ છે. હિત-અહિતની ચિંતારૂપ સ્ત્રીઓ સાથે દીકરાઓને પરણાવ્યા છે. ઉત્તમ વિષયના ભોગરૂપ જે વર તે સાથે દીકરીઓને પરણાવી છે. તેણે કરીને પુરંજનનો વંશ વૃદ્ધિ પામે છે. અને અતિ મમતાએ કરીને કુટુંબમાં બંધાણો છે.

હે પરમહંસો ! પુરંજન બે પ્રકારના છે. એક વ્યષ્ટાત્મક(જીવરૂપ) ને એક સમષ્ટ્યાત્મક(ઈશ્વરરૂપ). અને તે પુરંજનના પુરનો કાળ પોતાના

ગણે યુક્ત થઈને સો વરસને અંત્યે નાશ કરી નાંખે છે. હે પરમહંસો ! તે પુરંજનનો હું મિત્ર છું. મારે સંગે કરીને પુરનો ને પુરંજનીનો ત્યાગ કરવાને એ પુરંજન સમર્થ થાય છે અને જો ત્યાગ કરતો નથી તો એને તે કુટુંબ દુઃખ પમાડે છે.

૨૭૧. દત્તાત્રેયની સ્થિતિનું વર્ણન

હે પરમહંસો ! જે રીતે વિવેકદષ્ટિએ કરીને અવધૂત જે દત્તાત્રેય તેણે પોતાની બુદ્ધિએ કરીને જે રીતે આ સંસારરૂપી ભવાટવીનો ત્યાગ કર્યો છે, તે યદુરાજાના સંવાદે કરીને કહીએ છીએ.

હે પરમહંસો ! જેવી રીતે દત્તાત્રેયે ત્યાગ કહ્યો છે તેવી જ રીતે તમારે પણ દ્રષ્ટાને પોતાનું રૂપ માનીને ત્યાગ કરવો. અને બીજું નિર્માની એવા જે અવધૂત કહેતાં નાહ્યા ટાણે દેહ ચોળે નહીં, તેણે કરીને સર્વે મલિન દેહવાળા; અજ્ઞાનીને ન ગમે એવો છે વેષ જેનો અને બીજા કોઈને તો ગમે જ નહિ એવા; અને નથી કોઈ થકી ભય જેને, કહેતાં કોઈથી ન બીયે એવા; અને વિદ્વાન કહેતાં આત્મનિષ્ઠાવાળા, ને તરુણ કહેતાં યુવાન એવા દત્તાત્રેયને ધર્મનિષ્ઠાવાળા યદુરાજા પૂછતા હતા.

'હે બ્રાહ્મણ ! ઈન્દ્રિયોની પ્રીતિને અર્થે કર્મોને ન કરતા એવા જે તમે, તે તમારે આ અતિશે વિચક્ષણ એવી જે મતિ, તે શા હેતુ થકી ઉત્પન્ન થઈ છે ? જે મતિને પામીને સર્વજ્ઞ છો, તોપણ બાળકની પેઠે વિચરો છો. તમ વિના જે બીજા પુરુષ તે તો ધર્મ, અર્થ, કામને અર્થે અસમર્થ છે, તોય પણ ચેષ્ટા કરતા સતા વરતે છે. અને આવરદાને અર્થે, યશને અર્થે, લક્ષ્મીને અર્થે ચેષ્ટા કરતા સતા વર્તે છે અને તમે તો સમર્થ છો, વિદ્વાન છો, ડાહ્યા છો, રૂડાં ભાગ્યવાળા છો, અમૃત સરખું છે બોલવું જેનું એવા છો, તોય પણ જડ-ઉન્મત્ત પિશાચની પેઠે કામાદિક ભોગને અર્થે કાંઈ કરતાય નથી ! અને કાંઈ ઇચ્છતાય નથી ! અને બીજાં સર્વે જનો તો કામ ને લોભરૂપ જે દાવાનળ અગ્નિ તેણે

કરીને બળે છે ને તમે તે અગ્નિએ કરીને તપતા નથી. કેની પેઠે ? તો, જેમ દાવાનળ અગ્નિ થકી મુકાણો ને ગંગાના જળને વિષે રહ્યો એવો જે હસ્તિ તે નથી તપતો, તેમ તમે નથી તપતા.

હે બ્રાહ્મણ ! પૂછતા એવા જે અમે, તે અમને શબ્દાદિક વિષયના સ્પર્શે રહિત ને કેવલાત્મા કહેતાં દેહમાત્ર જ છે ઉપકરણ જેને એવા; અને બીજું કાંઈ વસ્ત્રાદિકમાં માત્ર ઝોળી પણ નથી જેને એવા જે તમે, તે તમારા મનને વિષે જેણે કરીને સુખ છે તે અમને કહો.'

૨૭૨. દત્તાત્રેયે કોનામાંથી કેવા ગુણ ગ્રહણ કર્યા ?

બ્રાહ્મણોવાચ : એ રીતે યદુ રાજાએ પૂછ્યા એવા જે દત્તાત્રેય તે બોલે છે, હે રાજા ! મારી બુદ્ધિએ કરીને (મેં જેમાંથી ગુણો) શીખ્યા એવા ઘણાક ગુરુ મારે છે. જે થકી શીખી એવી જે બુદ્ધિ તેને ગ્રહણ કરીને હું ત્રણ તાપ થકી મુકાણો થકો પૃથ્વી પ્રત્યે ફરું છું. તે ગુરુ તને કહું તે સાંભળ.

૧. **પૃથ્વી-પર્વત-વૃક્ષ** : દેવ કહેતાં પરમેશ્વર તેણે, જીવના પોતાના પ્રારબ્ધને અનુસારે પ્રેર્યા એવા જે મનુષ્ય, તેણે પીડાને પમાડ્યો એવો જે યોગી, ધીર થકો તે દુઃખે કરીને યોગના માર્ગ થકી ચળે નહીં, એવો જે ધર્મ તે હું **પૃથ્વી** થકી શીખ્યો છું. **જેમ પૃથ્વી ધારણાત્મક જે પોતાનો ધર્મ તેથી ચળતી નથી, તેમ હું જ્ઞાનમાર્ગ થકી ચળતો નથી.**

પર્વત અને વૃક્ષ : અને વૃક્ષનો શિષ્ય થયો થકો સાધુ, પરના ઉપકારને અર્થે છે સર્વે ચેષ્ટા જેની; અને પરને અર્થે જ એકાંતપણે છે જન્મ જેનો; અને પરને આધીનપણે જે રહેવું; એવી રીતે જે પોતાના શરીરનું વર્તન તેને **પર્વત** થકી ને **વૃક્ષ** થકી શીખે છે.

જેમ પર્વત તૃણ, કંદમૂળ ને નીઝરણાંનાં જળ ઇત્યાદિક જે ક્રિયા તે પરને અર્થે કરે છે. જેમ વૃક્ષ કોઈ તેને કાપતો હોય

અથવા કોઈક તેને ઉખેડતો હોય તો તેને વારતો નથી, તે ક્રિયાને માનતો પણ નથી; એમ સાધુને પણ નિર્માનીપણે રહેવું.

૨. **પ્રાણ-વાયુ** : અને મુનિ પ્રાણવૃત્તિ જે માત્ર આહાર, તેણે કરીને સંતોષવાળો વર્તે છે અને ઈન્દ્રિયને વહાલા જે શબ્દ-રસાદિક વિષય તેણે કરીને સંતોષ માને નહીં. જેમ પ્રાણવાયુ છે તે માત્ર આહારને ઈચ્છે છે, પણ સ્વાદને નથી ઈચ્છતો; એ તો મેં **પ્રાણ** થકી શિક્ષા લીધી છે. અને સ્વાદમાં રસ રાખ્યા વિના માત્ર જરૂર પૂરતા જ આહારે કરીને વર્તવું(જીવવું), તે તો વાણી ને મન શિથિલ ન થઈ જાય અને જ્ઞાન નાશ ન પામે તેને માટે છે.

વાયુ : વળી પ્રિય અને અપ્રિયરૂપ છે ધર્મ જેના એવા જે શબ્દાદિક વિષય તેને શ્રોત્રાદિક ઈન્દ્રિયે કરીને સર્વ પ્રકારે સ્પર્શ કરતો છે (ગ્રહણ કરે છે) ને ગુણ-દોષે કરીને રહિત છે મન જેનું એવો જે યોગી, તે વાયુની પેઠે તે વિષયને વિષે આસક્ત થતો નથી. જેમ વાયુ છે તે ચંદન અને અગ્નિને વિષે બંધાતો નથી; તેમ અનાસક્તિની શિક્ષા **વાયુ** થકી શીખ્યો છું.

વળી, આત્મારૂપ છે દૃષ્ટિ જેની એવો જે યોગી, તે પૃથ્વીના પરિણામરૂપ એવાં જે દેહ તેને વિષે પ્રવેશને કરે છે, ત્યારે તે દેહના ગુણ જે દેવતાપણું, મનુષ્યપણું, સ્થૂલપણું, કૃશપણું તેને આશરે હોય તેવો જણાય છે. તોય તે ગુણે કરીને જોડાતો નથી; કહેતાં 'હું સ્થૂળ છું', 'હું કૃશ છું' એવું માનતો નથી. તેટલા માટે દેહ થકી આત્માને જુદો દેખે છે. જેમ વાયુ સુગંધ-દુર્ગંધાદિક જે પદાર્થ તેને વિષે પ્રવેશ કરે છે, તોપણ ગંધે કરીને જોડાતો નથી; એ શિક્ષા **વાયુ** થકી લીધી છે.

૩. **આકાશ** : અને મુનિ 'તત્ત્વમસ્યાદિક' જે વેદાંતનાં વચન તેણે કરીને અનુસ્યૂતપણે સિદ્ધ થયું એવું જે સર્વ વસ્તુનું બ્રહ્માત્મકપણું

કહેતાં બ્રહ્મપણું, તેણે કરીને નિરંતર(સર્વત્ર) હોય તેમ, સર્વ સ્થાવર-જંગમરૂપ જે ભૂત તેને વિષે વ્યાપ્યો એવો જે પૂર્ણ આત્મા, તેનું માંહી-બહાર વ્યાપ્તિએ કરીને જે અસંગપણું, તેને આકાશની પેઠે ભાવના કરે; કહેતાં આત્મા આકાશની પેઠે અસંગ છે એમ ભાવના કરે; મેં દતાત્રેયે એ રીતે **આકાશની** શિક્ષા લીધી છે.

વળી તેજ, જળ અને પૃથ્વી તેના વિકારરૂપ અને વાયુએ પ્રેરેલ એવાં વાદળાં, તેણે કરીને આકાશને જેમ સ્પર્શ થાતો નથી, તેમ પરમ પુરુષનો નિમિત્તરૂપ (ભગવાને પ્રેરેલો) એવો જે કાળ, તેણે સૃજ્યાં એવાં જે સ્થાવર-જંગમ તેણે કરીને આત્માને સ્પર્શ થાતો નથી; એ આકાશની શિક્ષા છે.

૪. **જળ :** અને સ્વચ્છ કહેતાં નિર્મળ અને સ્વભાવે સ્નિગ્ધ કહેતાં પ્રાણીમાત્રને વિષે હેતવાળો, મીઠું બોલવાવાળો, મનુષ્યને પવિત્ર થવાનું ઠેકાણું અને જળ સરખો એવો જે મુનિ, તે દર્શને કરી, સ્પર્શે કરી, નામને લેવે કરી પવિત્ર કરે છે; એ શિક્ષા **જળ** થકી લીધી છે.

૫. **અગ્નિ :** અતિશે છે જ્ઞાન જેને અને તપસ્યાએ કરી દીપતો અને ક્ષોભને પામતો નહીં અને ઉદર તે જ છે અન્નાદિક રાખ્યાનું પાત્ર જેને એવો; સ્વાદ-કુસ્વાદની ઇચ્છાએ રહિત છે જમવું જેનું એવો; યુક્ત છે આત્મા જેનો એવો જે મુનિ, તે અગ્નિની પેઠે મળને ગ્રહણ કરતો નથી, કહેતાં અગ્નિની પેઠે નિર્મળ છે; એ શિક્ષા તો **અગ્નિ** થકી લીધી છે.

ક્યાંક તો પોતાના માહાત્મ્યને ઢાંક્યું રાખે છે; અને ક્યાંક પ્રગટ વર્તે છે અને કલ્યાણને ઇચ્છતા એવા જે જીવ, તેને ઉપાસના કરવા યોગ્ય છે. જેમ અગ્નિ પરની ઇચ્છાએ કરી હવિને ગ્રહણ કરે છે, તેમ મુનિ પણ પોતાને ભોજનાદિકને દેતા એવાં જે મનુષ્ય,

તેનું થઈ ગયું અને થાશે એવું જે પાપ, તે સર્વને બાળતો થકો ચાર વર્ણને વિષે ઘટે તેની ભિક્ષા કરે છે; એ **અગ્નિ** થકી શિક્ષા લીધી છે.

વળી, પોતાની માયાએ કરીને સૃજ્યું એવું આ જડ-ચિદાત્મક જે જગત, તે પ્રત્યે પ્રવેશને કરતા એવા જે પરમપુરુષ(પરમાત્મા) તે દેવ-મનુષ્યાદિકરૂપે જણાય છે, જેમ અગ્નિ કાષ્ઠને વિષે રહ્યો થકો તે કાષ્ઠરૂપે જણાય છે તેમ; એ **અગ્નિ**ની શિક્ષા લીધી છે.

૬. **ચંદ્ર :** વીર્ય ધારણથી આરંભીને સ્મશાનના અંતપર્યંત(મૃત્યુપર્યંત) જે વિકારો છે, તે નથી જણાતી ગતિ જેની એવો જે કાળ તેણે કરીને દેહને છે, પણ આત્માને નથી. જેમ ચંદ્રમાની કળાઓને વધવું અને ઘટવું છે, પણ ચંદ્રને નથી તેમ. અને પ્રવાહરૂપે છે વેગ જેનો એવો જે કાળ તેણે કરીને જીવોને જન્મ ને નાશ પ્રવાહરૂપે નિત્ય છે, તોય પણ તે જીવોને જ દેખાય છે, પણ આત્માને નથી. જેમ અગ્નિ તો વિદ્યમાન છે અને ઉત્પત્તિ ને નાશ તો અગ્નિની જ્વાળાઓને જ છે, પણ અગ્નિને નથી તેમ; એ રીતે **ચંદ્રથી** શિક્ષા લીધી છે.

૭. **સૂર્ય :** જેમ સૂર્ય પોતાનાં કિરણે કરીને જળનું ગ્રહણ કરે છે ને મૂકે છે, તેમ યોગી યથાયોગ્ય કાળ જેવી સાધન અવસ્થા તેને વિષે કર્મપ્રવૃત્તિનું ગ્રહણ રાખે અને **આત્મજ્ઞાનનો જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે સાધન અવસ્થાને વિષે જે શાસ્ત્રે કહ્યા શબ્દાદિક શુભ ભોગ તેને સિદ્ધ-દશાને વિષે ત્યાગ કરે છે;** એ શિક્ષા **સૂર્ય** થકી લીધી છે.

અને સ્થૂળ શરીરને વિષે છે બુદ્ધિ જેમની એવા જે (દેહાભિમાની) પુરુષ તે, અંતર્યામી આત્મા કહેતાં દેવ-મનુષ્યાદિક શરીરને વિષે રહ્યા એવા જે આત્મા તેને વિષે ભેદ છે નહિ, તોય પણ ભેદે કરીને જાણે છે. અને આત્મનિષ્ઠાની બુદ્ધિવાળાએ

દેહસ્વભાવની અસંબંધતાએ કરીને આત્માને દેખ્યો છે, કેની પેઠે ? તો, સૂર્યની પેઠે; જેમ સૂર્ય આકાશને વિષે રહ્યો છે અને દર્પણ, જળ ને તલવાર ઇત્યાદિકને વિષે જણાય છે, તોય પણ દર્પણાદિકના જે સ્વભાવ તેના સંબંધપણે કરીને જણાય છે, પણ સૂર્ય દર્પણાદિકની વ્યક્તિને વિષે નથી રહ્યો થકો જણાય છે, તેમ આત્મા ભ્રાંતિએ કરીને દેહાદિકને વિષે જણાય છે; એ શિક્ષા પણ **સૂર્ય** થકી લીધી છે.

૮. **હોલો :** યોગીને નારાયણનાં ચરણારવિંદ વિના કોઈવારે કોઈ સંગાથે સ્નેહ જે પ્રીતિ અને પ્રસંગ જે આસક્તિ તે કરવી નહીં. અને જો કોઈ સંગાથે પ્રીતિ કરે તો હોલાની પેઠે દીન થકો સંતાપને પામે છે. જેમ બચ્ચાંને સંગે કરીને હોલી મૂઈ અને હોલીને સંગે કરીને હોલો મૂઓ, તેમ અન્યની આસક્તિએ કરીને મુમુક્ષુ નાશ પામે છે; એ શિક્ષા **હોલા** થકી લીધી છે. જે મારે ક્યાંય પ્રીતિ બાંધવી નહીં.

૯. **અજગર :** અને અજગરની પેઠે ઉદ્યમે રહિત એવો યોગી, તે ગ્રાસ જે આહાર તે રસે યુક્ત હોય અથવા રસે રહિત હોય અને પોતાને પૂરો થાય એટલો હોય અથવા અલ્પ હોય, જે આહાર દૈવ(ભાગ્ય) થકી પ્રાપ્ત થયો તેને ખાય અને જો ન મળે તો ઘણા દહાડા ઉદ્યમ રહિત થકો સૂતો રહે અને મોટા અજગરની પેઠે પ્રારબ્ધને ભોગવે; એ શિક્ષા **અજગર** થકી લીધી છે.

૧૦. **સમુદ્ર :** મુનિ બહાર પ્રસન્ન રહે, અંતરમાં ગંભીર રહે, કોઈના કળ્યામાં આવે નહીં. તેજસ્વી રહે અને દેશકાળે કરીને ઢંકાઈ નહીં. અપાર રહે અને વિકારે રહિત રહે અને નિશ્ચળ છે જળ જેને વિષે એવા સમુદ્રની પેઠે રહે; એ શિક્ષા **સમુદ્ર** થકી લીધી છે.

નારાયણ પરાયણ એવો જે મુનિ, તે સારું સારું ખાવાનું મળ્યું તેણે કરીને રાજી ન થાય ને લૂખું-સૂકું ખાવા મળે તેણે

કરીને શોક ન કરે, જેમ સમુદ્ર વર્ષાકાળને વિષે વૃદ્ધિ પામતો નથી અને ઉષ્ણકાળને વિષે ઘટી જાતો નથી તેમ; એ શિક્ષા પણ **સમુદ્ર** થકી લીધી છે.

૧૧. **પતંગિયું :** હવે ઈશ્વરની માયારૂપ એવી જે સ્ત્રી તેને જોઈને અને તે સ્ત્રીને ભાવે કરીને અજિતેન્દ્રિય થકો લોભાય તો અગ્નિને વિષે પતંગિયાની પેઠે અંધતમ નરકને વિષે પડે. માટે રૂપને વિષે અનાસક્તિની શિક્ષા તો પતંગિયા થકી ગ્રહી છે. વળી સ્ત્રી, સુવર્ણ, ઘરેણાં, વસ્ત્રાદિક પદાર્થને વિષે ભોગબુદ્ધિએ કરીને યોગી જો લોભાય તો પતંગની પેઠે નાશ પામે; માટે રૂપને વિષે અનાસક્તિની શિક્ષા તો **પતંગિયા** થકી ગ્રહી છે.

૧૨. **ભમરો :** અને યોગી જેટલે અન્ને કરીને દેહનિર્વાહ થાય તેટલા જ ગ્રાસને લે, ગૃહસ્થને પીડા ન ઉપજાવે, પાંચ-સાત ઘેરથી થોડું થોડું અન્ન માંગી લે, એ રીતે ભમરા સંબંધી વૃત્તિને ગ્રહણ કરે. ભમરો જેમ સર્વ પુષ્પ થકી થોડો થોડો રસ લે છે; એ શિક્ષા તો **ભમરા** થકી ગ્રહણ કરી છે. અને ડાહ્યો એવો જે યોગી તે નાનાં-મોટાં એવાં જે સર્વ શાસ્ત્ર તેથી સારને ગ્રહણ કરે, જેમ પુષ્પ થકી સારને ભમરો ગ્રહણ કરે છે તેમ.

૧૩. **મધમાખી :** અને હાથનું અથવા ઉદરનું છે પાત્ર જેને એવો આ યોગી, 'આ અન્ન સાંજે જમ્યાને અર્થે છે', 'આ અન્ન કાલે જમ્યાને અર્થે છે', એ રીતે ભિક્ષા જમ્યાનું જે અન્ન તેને મક્ષિકાની પેઠે સંગ્રહ ન કરે. અને યોગી 'આ ભિક્ષા સાયંકાળે ને કાલ ખાશું' એ રીતે જો અન્નનો સંગ્રહ કરે, તો મધમાખીની પેઠે તે અન્ને સહિત નાશ પામે છે; એ શિક્ષા **મધમાખી** થકી લીધી છે.

(અને લોભિયો તેણે દેવા યોગ્ય પણ નહિ અને ભોગવવા યોગ્ય પણ નહીં એવું જે દુઃખે કરીને ભેળું કર્યું દ્રવ્ય, તે દ્રવ્યને

પણ દ્રવ્ય હરવાના ઉપાયને જાણે એવો જે અન્ય પુરુષ, તે ભોગવે છે; જેમ પારધી મક્ષિકાએ ભેળું કર્યું જે મધ તેને ખાય છે તેમ, દ્રવ્યાદિનો સંગ્રહ ન કરવો; એ શિક્ષા **મધમાખી** થકી લીધી છે.)

૧૪. **હાથી :** અને ભિક્ષુક જે યોગી તે કાષ્ઠની સ્ત્રીને પણ પગે કરીને સ્પર્શ ન કરે અને જો સ્પર્શ કરે તો હાથી જેમ કાષ્ઠની હાથણીના અંગના સંગ થકી બંધાઈ જાય, તેમ તે યોગી બંધાઈ જાય; એ શિક્ષા **હાથી** થકી લીધી છે.

અને વળી વિવેકી એવો જે યોગી, તે પોતાના મૃત્યુ તુલ્ય એવી જે સ્ત્રી તેને કોઈ દાડે પામે (ભોગવવા જાય) નહીં. અને જો પામે તો બળે અધિક એવો જે અન્ય પુરુષ તે એને મારે છે. જેમ હાથી હાથણી પ્રત્યે જાય છે, ત્યારે બળિયા જે અન્ય હાથી તે મારે છે; એ શિક્ષા **હાથી** થકી લીધી છે.

૧૫. **મૃગલું :** અને વનમાં રહેતો એવો જે યતિ, તે કોઈવારે ગ્રામ્યગીતને સાંભળે નહીં, એ શિક્ષા તો પારધીને ગીતે કરીને મોહને પામ્યું ને બંધાણું એવું જે **મૃગલું** તે થકી શીખ લીધી છે.

અને સ્ત્રીઓનાં ગ્રામ્ય એવાં જે નૃત્ય, વાજિંત્ર ને ગીત તેને સેવતાં ને સાંભળતાં એવા મૃગીના દીકરા જે ઋષ્યશૃંગ ઋષિ, તે એ સ્ત્રીઓને ક્રીડાના મૃગની પેઠે વશ થાતા હતા; માટે ગ્રામ્યગીતને સાંભળવું નહીં. માટે એ **મૃગલા** થકી શીખ લીધી છે.

૧૬. **માછલું** : અને અતિશે દુર્જય એવી જે જીહ્વા ઇન્દ્રિય તેણે કરીને રસને વિષે મોહને પામ્યો એવો જે યોગી, તે દુર્બુદ્ધિએ કરીને મૃત્યુને પામે છે. જેમ મત્સ્ય માંસે યુક્ત લોઢાનો કાંટો તેણે કરીને મૃત્યુને પામે છે. અને ઇન્દ્રિયને જીતવાને ઇચ્છતા એવા જે બુદ્ધિમાન પુરુષ તે નિરાહાર થકા એક રસના ઇન્દ્રિય વિના બીજી ઇન્દ્રિયોને તત્કાળ જીતે છે. અને અન્નનો ત્યાગી એવો જે

પુરુષ તેને રસના ઇન્દ્રિય તો વૃદ્ધિને પામે છે. અને જીતી છે બીજી ઇન્દ્રિયો જેણે એવો જે પુરુષ તે ત્યાં સુધી જિતેન્દ્રિય ન હોય, જ્યાં સુધી રસના ઇન્દ્રિય જીતી નથી. **અને રસના ઇન્દ્રિય જીતે સતે સર્વે ઇન્દ્રિયો જીતી જ છે;** એ રીતે રસના જીતવાની શિક્ષા તે **મત્સ્ય** થકી લીધી છે.

૧૭. **પિંગળા** : અને પિંગળા નામે મિથિલાપુરને વિષે વેશ્યા હતી. તે પોતાના દ્વારને વિષે ઊભી થકી દ્રવ્યના દેતલ જે પુરુષ તેને ધણી માનતી હતી. અને જે સાથે સંકેત કર્યો હતો તે પુરુષ તો આવ્યો નહીં. તે પુરુષ થકી જે દ્રવ્યની આશા તેણે કરી ઘરમાં જાય, વળી બારણે આવે; એવી રીતે કરતે કરતે તેનું ચિત્ત દીન થયું અને તેને વૈરાગ્ય ઊપજ્યો. તે વૈરાગ્ય તો આશારૂપ પાશને કાપવાને અર્થે તરવાર તુલ્ય છે.

અને તે વૈરાગ્યયુક્ત જે પિંગળા તેણે એમ કહ્યું જે, 'અહો ! મારા મોહનો વિસ્તાર તો જુઓ ! જે હું સમીપે રહ્યા ને અતિશે મનોહર ને પ્રીતિ કરવા યોગ્ય ને અપાર દ્રવ્યના દાતા એવા ચૈતન્યરૂપ નિત્ય જે નારાયણપતિ તેને મૂકીને દુઃખ, ભય, શોક, મોહ, પીડાના દેતલ ને હાડમાંસ-મળમૂત્રે યુક્ત એવા જે તુચ્છ બીજા પુરુષ તેને ભજું છું; માટે હું અજ્ઞાની છું. **હવે તો હું ભગવાને ઉપકાર કરી પમાડ્યો એવો જે વૈરાગ્ય, તેણે કરીને આશાને મૂકીને અને આ દેહને ભગવાનને અર્પણ કરીને તે ભગવાન સાથે લક્ષ્મીની પેઠે રમીશ.** અને તે ભગવાન વિના કાળરૂપ સર્પે ગળ્યો એવો જે આત્મા તેને મુકાવવાને બીજો પુરુષ સમર્થ નથી.'

એ રીતે પિંગલા આશાને મૂકીને ભગવાનને અંતરમાં ધારીને પરમ સુખને પામી. તે સારુ **આશા તે પરમ દુઃખનું કારણ છે, અને નિરાશા તે પરમ સુખરૂપ છે;** એ રીતે નિરાશપણારૂપ વૈરાગ્યની શિક્ષા તે **પિંગલા** થકી લીધી છે.

૧૮. **સમળી :** અને મનુષ્યને જે વહાલી વસ્તુનો સંગ્રહ તે અતિશય દુ:ખને અર્થે થાય છે. તે સંગ્રહને અતિ દુ:ખનું કારણ જાણે એવો અકિંચન(સંગ્રહરહિત) જે યોગી તે અનંત સુખને પામે છે. જેમ માંસે સહિત સમળી પક્ષી તેને માંસે રહિત જે બીજાં બળિયાં સિંચાણાં ને ગૃધ્ર પક્ષી તે મારતાં હતાં, તે વારે સમળી માંસનો ત્યાગ કરીને સુખને પામતી હતી; એ શિક્ષા તો **સમળી**ની પાસેથી લીધી છે.

૧૯. **બાળક :** અને મને માન ને અપમાન નથી. ઘરવાળાને, પુત્રવાળાને જેમ ચિંતા છે તેમ ચિંતા નથી. આત્મા સંગાથે છે ક્રીડા જેને ને આત્માને વિષે છે પ્રીતિ જેને, એવો હું આ લોકને વિષે બાળકની પેઠે ફરું છું. અને બે જ પુરુષ જે માન-અપમાનની ચિંતાએ કરીને મુકાણા છે અને પરમાનંદને વિષે મગ્ન છે. તે એક તો અતિશે મુગ્ધ, માન-અપમાનને જાણે નહીં ને ઉદ્યમે રહિત એવો બાળક; અને બીજો ગુણ થકી પર જે આત્મા તેને પામ્યો, એ બે સુખિયા છે; આ રીતે માન-અપમાનથી પર રહેવાની શિક્ષા તે **બાળક** થકી લીધી છે.

૨૦. **કન્યા :** કોઈક બ્રાહ્મણની કુમારી કન્યા પોતાના સસરાસંબંધી સગાંને અર્થે પોતે શાળને ઘરમાં ખાંડવા લાગી. ત્યારે તેના હાથનાં કાંડાને વિષે રહ્યાં જે બલૈયાં તેમણે શબ્દ કર્યો(ખખડ્યા), પછી તે શબ્દને ઢાંકવા નિમિત્ત બલૈયાં કાઢી નાખ્યાં અને એક રાખ્યું; ત્યારે એક બલૈયામાંથી શબ્દ ન થયો, તેમ બે હોય તો અન્ય વાર્તા થાય, માટે કુમારિકાનાં કંકણની પેઠે એકલા રહેવું અને આળસને મૂકીને વૈરાગ્ય અને અભ્યાસને બળે કરીને નારાયણને વિષે ચિત્ત જોડવું; તે શિક્ષા **કન્યા** થકી લીધી છે.

૨૧. **કમાનગર-લુહાર :** નારાયણને વિષે રુંધ્યું છે ચિત્ત જેણે એવો જે

જોગી તે બહાર ને માંહી કાંઈ જાણતો નથી, એક બ્રહ્મને જ દેખે છે. જેમ કમાનગર તીરને રંગવા(બનાવવા)ને વિષે રુંધ્યું છે મન જેણે એવો છતો પાસેથી નગારાં ને ભેરીને શબ્દે કરીને જાતો એવો જે રાજા તેને ન દેખતો હતો; એ ઉપદેશ તો **કમાનગર**થી લીધો છે.

૨૨. **સર્પ :** મુનિ પોતે એકલો જ ફરે છે, કોઈ જગે બંધાતો નથી. જ્યાં પોતાને જગતની ઉપાધિ પીડે નહિ ત્યાં રહે છે. આચારે કરીને ને ગતિએ કરીને ઓળખાતા નથી, ભગવાન વિના કોઈનો સંગાથ રાખે નહીં; એ શિક્ષા **સર્પ** થકી ગ્રહી છે.

ઘરનો જે આરંભ તે અસ્થિર એવો જે દેહ તેને અતિ દુઃખને અર્થે થાય છે, વળી નિષ્ફળ છે. સર્પ કેનોક કરેલો રાફડો તેને વિષે પ્રવેશ કરીને સુખે વૃદ્ધિ પામે છે, એ હેતુ માટે જોગીને જગા બાંધવી નહીં. સર્પની પેઠે જ્યાં-ત્યાં રહેવું; એ શિક્ષા **સર્પ** થકી ગ્રહી છે.

૨૩. **કરોળિયો :** એક એવા નારાયણ દેવ જે ઈશ્વર, તે પૂર્વે પોતાની માયાએ સૃજ્યું એવું જે વિશ્વ તેને કલ્પને અંતે કાલકળારૂપ જે પોતાની શક્તિ, તેણે કરીને સંહારીને પોતાનો મહિમારૂપ જે કાળ, તેણે કરીને સત્ત્વગુણ આદિક જે શક્તિઓ તે સામ્યતાને પામે સતે કહેતાં માયામાં લીન થયે સતે એક જ અદ્વિતીય, આત્માધાર, સર્વના આશ્રયરૂપ એવા થયા.

વળી આદિ પુરુષ એવા, અને પ્રધાન પુરુષના ઈશ્વર, અને પર જે બ્રહ્માદિક ને અવર જે મુક્ત તેને પામવા યોગ્ય (શ્રીહરિ પ્રલય સમયે) કૈવલ્યમોક્ષરૂપ એવા રહે છે. તે પોતાના મહિમારૂપ જે કાળ તેણે કરીને ત્રિગુણાત્મક એવી જે માયા તેને ક્ષોભને પમાડતા થકા પ્રથમ તે માયાએ કરીને સૂત્ર જે ક્રિયાશક્તિરૂપ મહત્તત્ત્વ તેને સૃજે છે. જે મહત્તત્ત્વને વિષે આ વિશ્વ રહેલું છે,

જે મહત્તત્ત્વે કરીને પુરુષ ગતિ કરે છે, એ રીતે સૃષ્ટિ કરે છે; તે જેમ ઊર્ણનાભિ જે કરોળિયો તે હૃદય થકી મુખદ્વારે લાળને વિસ્તારીને વળી તે લાળ સંઘાથે ક્રીડા કરીને વળી તે લાળને પોતે ગળી જાય છે; તેમ લાળરૂપ જે પુરુષ-પ્રકૃતિ તેને વિસ્તારીને અને તેમાં રહીને પોતે લીલા કરીને પછી તેને ગળી જાય છે; તે શિક્ષા **કરોળિયા** થકી લીધી છે.

૨૪. **ભમરી** : અને દેહી જે જીવ તે નિશ્ચયાત્મક બુદ્ધિએ કરીને જેને જેને વિષે મન નિશ્ચલ જેમ થાય તેમ સ્નેહ થકી, દ્વેષ થકી વા ભય થકી પણ ધારે છે, તે જીવ તેની સમાનરૂપતાને પામે છે. જેમ પેશસ્કૃત જે ભમરી તેણે પોતાના દરને વિષે પ્રવેશ કરાવ્યો ને રુંધ્યો એટલા માટે તે ભમરીને ભયે કરીને ધ્યાનને કરતો એવો જે કીડો, તે પોતાના પૂર્વ રૂપને તજતો થકો ભમરીના સમપણાને પામે છે; તેમ નારાયણના ભયે કરીને પરમહંસના ધર્મને વિષે રહેતો એવો જે યોગી, તે જો નારાયણનાં ચરણારવિંદને વિષે મનને ધારે તો તે નારાયણના રૂપને પામે છે; એ રીતે દત્તાત્રેયે **ચોવીસ ગુરુ** થકી શિક્ષા લીધી છે તે કહી.

૨૫. **નિજદેહ** : હવે મારા **દેહ** થકી શિક્ષા લીધી છે તે કહું છું જે, મારો દેહ છે તે ગુરુ છે. તેટલા માટે વૈરાગ્ય ને વિવેક તેનું કારણ દેહ છે. તેમાં વૈરાગ્યનો હેતુ તો એમ છે જે, ઉત્પત્તિ ને નાશ તેને દેહ પામે છે. નિરંતર આર્તિ જે પીડા તે રૂપ જે ફળ તેને એકબીજા કેડે પામે છે. તે વિવેકનો હેતુ કેમ છે ? તો, એ દેહે કરીને (આત્મા), માયા સંબંધી જે તત્ત્વ તેનો યથા પ્રકારે વિચાર કરે છે, તોય પણ દેહ પારકો છે કહેતાં શ્વાન-શૃગાલાદિકનું(કૂતરાં-શિયાળિયાંનું) ભક્ષ છે, એ રીતે નિશ્ચય કર્યો છે. (તેથી યોગી) એ દેહને વિષે અભિમાને રહિત થકો ફરે છે; (એ શિક્ષા મેં મારા **દેહ** થકી લીધી છે.) એ રીતે દત્તાત્રેયે રાજા યદુને ઉત્તર કહ્યો છે.

૨૭૩. જ્ઞાની પુરુષની ઓળખાણ

હે પરમહંસો ! જે યોગીના હૃદયને વિષે જ્ઞાન પ્રકાશે છે તેનો સ્વભાવ છાનો રહેતો નથી. અને વિષય થકી આળસીને વર્તતો એવો જે યોગી તેના નેત્રમાં જણાય છે, સમસ્યામાં(ઈશારામાં) જણાય છે, બોલ્યામાં જણાય છે, ઊઠ્યામાં જણાય છે, બેઠામાં જણાય છે; તે જેમ કોઈક પુરુષ સુગંધી અન્ન જમ્યો હોય તેની સુગંધ ઓડકારમાં છાની રહેતી નથી; તેમ જ્ઞાનીનો સ્વભાવ છાનો રહેતો નથી. વળી જેમ ડાંગરના ખેતરમાં પરાળે કરીને અન્નની ઊપજ પ્રસિદ્ધ જણાય છે, તેમ જ્ઞાનીનું જ્ઞાન દેહને વર્તમાને(દેહના વર્તને) કરીને પ્રસિદ્ધ જણાય છે.

અને જેના હૃદયને વિષે આત્મજ્ઞાનનો પ્રકાશ થયો છે તેનો દેહ કેમ છાનો રહેશે ? જેમ કાચના ફાનસમાં મીણનો દીવો છાનો નથી રહેતો, તેમ જ્ઞાની બોલે નહિ તોય પણ જ્ઞાનનો પ્રકાશ છાનો રહેતો નથી. અને જેમ કોઈ પુરુષ કસ્તૂરીને છાની રાખે છે, પણ સુગંધીએ કરીને તે જણાઈ આવે છે; તેમ જ્ઞાની નેત્રની સ્થિતિએ કરીને જણાઈ આવે છે. બીજું જેમ કોઈ દેશમાં મેઘ વરસતો હોય તે ગાજવીજે કરીને જણાય છે જે આ દેશમાં મેઘ વરસે છે, તેમ **સંસાર થકી વૈરાગ્યવાન જે મુમુક્ષુ તેને દેખીને જ્ઞાની આત્મજ્ઞાન સંબંધી શબ્દની વૃષ્ટિ કરે છે તેણે કરીને જ્ઞાની ઓળખાય છે.**

બીજું જ્ઞાની નિવૃત્તિપરાયણ જે વચન તેને બોલવે કરીને જણાય છે અને ચાલતે થકે જીવની દયા કરે છે તેણે કરીને જણાય છે. અને આત્મજ્ઞાનને મદે સહિત ઊઠવે કરીને જણાય છે અને ઘેલાની પેઠે બેસવે કરીને જણાય છે. અને ઘેલાની પેઠે પાણી પીવે કરીને જણાય છે. ને ઘેલાની પેઠે ખાવે કરીને જણાય છે અને સૂંઘવે કરીને જણાય છે. ને જ્ઞાની દેહે કરીને પાંચે વર્તમાન ડાહ્યાની પેઠે રાખે છે, પણ અંતરમાં તો દેહને ખોટો માને છે અને જ્ઞાની દેહે કરીને તો જેમ મુમુક્ષુ વિષયથી

બીતા હોય ને વર્તમાન રાખે તેમ રાખે છે અને પોતાની સ્થિતિ તો માયાથી પર છે અને વિષયને જીતી લીધા છે તોય પણ વર્તમાન રાખે છે. એવી રીતના જ્ઞાની છે તેને મુમુક્ષુ જાણે છે.

૨૭૪. જ્ઞાની પુરુષની સ્થિતિ

અને તે જ્ઞાનીને જાગ્રત અવસ્થામાં ઘોર સુષુપ્તિ અવસ્થા વર્તે છે ને સુષુપ્તિમાં જાગ્રત અવસ્થા વર્તે છે. તેણે કરીને દેહ ઊઠે-બેસે તેની ખબર રહેતી નથી. અને તે જ્ઞાની નેત્રની વૃત્તિએ કરીને, કાનની વૃત્તિએ કરીને, બ્રહ્મને દેખે છે. એ રીતે દશ ઈન્દ્રિયો, દશ દેવતા, ચાર અંતઃકરણે કરીને જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય; જે ત્રિપુટી તેના સાક્ષી જે બ્રહ્મ તેને દેખે છે. **ને સાક્ષાત્કાર જ્ઞાન થયું છે એવા જે મુક્ત છે, તે જ્યાં દેહ મૂકે છે ત્યાં બ્રહ્મમહોલ છે.**

૨૭૫. જ્ઞાની પુરુષની સમજણ

અને તે જ્ઞાની એમ સમજે છે જે, ગમે તો આ દેહ મારો કાશીમાં છૂટો, ગમે તો આ દેહ પૃથ્વીમાં બીજે કોઈ તીર્થસ્થાનકે છૂટો, અને ગમે તો આ દેહ મગહર ક્ષેત્રમાં છૂટો, અને ગમે તો બ્રાહ્મણે યુક્ત યજ્ઞશાળા હોય ત્યાં છૂટો, અને ગમે તો આ દેહ ચાંડાળના ઘરમાં છૂટો, અને ગમે તો આ દેહ વનમાં છૂટો, અને ગમે તો આ દેહ નગરમાં છૂટો, અને ગમે તો આ દેહ ગામડામાં છૂટો. **મારે તો ઈન્દ્રાદિકના લોક ને પૃથ્વીલોક એ બેય નરક તુલ્ય છે. તે સારુ આ દેહ સૂઝે ત્યાં છૂટો !**

અને વળી **ગમે તો આજ છૂટી જાઓ, ગમે તો બ્રહ્માના કલ્પ સુધી રહો; મારે તો આ પોતાના અને પરના દેહ બેય તુલ્ય છે.** તે સારુ આ દેહ સૂઝે તો ગ્રીષ્મઋતુમાં છૂટી જાઓ, ને સૂઝે તો વર્ષાઋતુમાં છૂટી જાઓ, ને ગમે તો શરદઋતુમાં છૂટી જાઓ, ને સૂઝે તો હેમંતઋતુમાં છૂટી જાઓ, ને ગમે તો વસંતઋતુમાં છૂટી જાઓ, ને ગમે તો દક્ષિણાયનમાં છૂટી જાઓ, ને ગમે તો ઉત્તરાયનમાં છૂટી જાઓ.

અને **હું તો બ્રહ્મ છું, અખંડ છું. મારે તો બ્રહ્મનું સ્વરૂપ જાણ્યામાં સંશય નથી, સાક્ષાત્કાર જાણું છું.** દેહનો હું જ્યારે ત્યાગ કરું, તે દેહત્યાગ કર્યા પછી પડ્યો હોય તે દેહને ચાંડાળ ઢસડી જાઓ ને સૂઝે ત્યાં નાંખી દો, ને સૂઝે તો ચંદનના લાકડામાં બ્રાહ્મણ પાસે ઉપાડીને બાળી આવો, ને હું જ્યારે દેહનો ત્યાગ કરું તે કેડે એ દેહને ગમે તો કૂતરાં-શિયાળિયાં ખાઈ જાઓ, ને ગમે તો નદીમાં વહી જાઓ, અને ગમે તો આ દેહને ડુંગરનાં શિખર ઉપર મેલી આવો, ને તે ઉપર દીપડા, સમડા, ગૃધ, શિયાળિયાં, ગર્ધવ પક્ષી ખાઈ જાઓ, અને ગમે તો આ દેહને કોઈ ધરતીમાં દાટી મૂકો; એ રીતે જેને આ દેહનું અહં-મમત્ત્વ છૂટ્યું છે એવો જે જ્ઞાની, તેના દેહની સૂઝે એવી સારી-ભૂંડી અવસ્થા થાઓ, પણ તેણે કરીને કાંઈ અવળું નથી.

૨૭૯. જ્ઞાનીનો દેહ ગમે તે રીતે છૂટે તેમાં સંશય ન કરવો.

માટે જ્ઞાનીનો દેહ સૂઝે એવી રીતે છૂટે તેનો મુમુક્ષુએ સંશય કાંઈ રાખવો નહીં. સૂઝે તો એ દેહ પિત્તને દુઃખે કરીને છૂટે ને સૂઝે તો આ દેહ કીડા પડીને છૂટે, સૂઝે તો બીજી વ્યાધિએ કરીને આ દેહ છૂટે અને સૂઝે તો સર્પ કરડે કે સાવજ ખાઈ જાય તેણે કરીને છૂટે, ને સૂઝે તો વીજળી પડીને આ દેહ છૂટે અને સૂઝે તો પાણીના પૂરમાં તણાઈને છૂટે, ને સૂઝે તો આ દેહને કોઈ અજ્ઞાની શૂળીએ ચડાવે ને છૂટે અને સૂઝે તો આ દેહને કોઈ ફાંસી દે ને છૂટે, સૂઝે તો આ દેહ ઉપર ઘર પડીને છૂટે અને સૂઝે તો આ દેહ મેડીએથી પડીને છૂટે, અને સૂઝે તો આ દેહનું કોઈ તલવારે માથું વાઢે ને છૂટે અને સૂઝે તો આ દેહ કૂવામાં પડીને છૂટે, ને સૂઝે તો આ દેહ હિમાળે ગળીને છૂટે, તે સારુ **જે ભગવાનનાં ભક્ત સ્ત્રી-પુરુષ હોય તેનો દેહ સૂઝે તે રીતે પડે તેનો સંશય રાખવો નહીં. (કેમ જે,) તેનો જીવ તો બ્રહ્મરૂપ થઈને સાક્ષાત્કાર પુરુષોત્તમને પામ્યો છે.**

૨૭૭. સાચા ગુરુ ભગવાન તુલ્ય છે.

એવા જે સત્સંગી તથા ગુરુ પરમહંસ **આઠ પ્રકારે કરીને સ્ત્રીના ત્યાગી અને જેમ સ્ત્રીના ત્યાગી તેમ જ દ્રવ્યના ત્યાગી એવા જે સંત, તે સંતને તો 'હરિ' જેવા જાણવા, ગોવિંદ જેવા જાણવા. એવા જે સંત તે જ ગુરુ છે, ને તે જ ગોવિંદ છે, ને તે જ હરિ છે.** અને એવા જે સંત તે દેહ છતે જ જે પોતાનો દેહ તેને કૃમિ, વિષ્ટા, ભસ્મ તુલ્ય જાણે છે.

હે પરમહંસો ! એવા જે સંત છે તેને જે કોઈ બ્રહ્માંડને વિષે મુમુક્ષુ હોય તે વિષ્ણુની વિભૂતિરૂપ જાણે છે. અને એવા સંતને પ્રતાપે વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતનો અભિમાની જે જીવ તેને વિષ્ણુની કળા સત્તારૂપ તેની પ્રાપ્તિ થાય છે, તે માટે ગુરુ તે બ્રહ્મ છે. તે સારુ ગુરુની સેવા કરવી. અને એ સત્તાથી પર જે મહાવિષ્ણુ, જેના એક રૂંવાડાના છિદ્રમાં જે જળ તેને વિષે જેની નાભિમાં પદ્મ છે, એવા ક્ષુદ્ર વિરાટ સાવકાશે સૂતા છે અને તે જેની નાભિમાંથી ક્ષુદ્ર વિરાટ પદ્મ નીસર્યું, તે પદ્મની દાંડીને વિષે અવકાશે સહિત ચૌદ લોક ચાર ખાણે યુક્ત રહ્યા છે. (એવા જે) તે મહાવિષ્ણુ તેની સત્તાને પમાડે છે, તે માટે ગુરુ તે બ્રહ્મ છે.

૨૭૮. અક્ષરબ્રહ્મનાં લક્ષણ

અને વળી તે મહાવિષ્ણુથી પર જે અક્ષરબ્રહ્મ તે કેવા છે ? તો, જેના રૂંવાડાના છિદ્રને વિષે જે જળ તેને વિષે એક એકથી દશ દશગણાં અધિક જે અષ્ટ આવરણ તેણે વીંટાણો એવો જે ક્ષુદ્ર વિરાટ તે મહાવિષ્ણુના રોમ રોમ પ્રત્યે છે. એવા જે મહાવિષ્ણુ તે અક્ષરના રૂંવાડાના છિદ્રને વિષે રહ્યું જે જળ, તેને વિષે અક્ષરની કાળશક્તિએ કરીને બુદબુદા તરંગની પેઠે અનંત કોટિ ઊપજે છે ને શમે છે. જેમ પ્રલયકાળના જળને વિષે અનંત લહેરો ને તરંગ ઊપજે છે ને શમે છે, તેમ અક્ષરબ્રહ્મની કાળશક્તિએ કરીને અનંત મહાવિરાટ(મહાવિષ્ણુ)

ઊપજે છે ને નાશ થઈ જાય છે. એવા જે અક્ષર તે તો ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ ત્રણ જે અવસ્થા તેણે કરીને રહિત છે.

અને **એ અક્ષરને તેજે કરીને કાળનો પણ નાશ થઈ જાય છે. તે અક્ષર સ્થિર છે, ને સનાતન છે, પરમેશ્વરને રહ્યાનું સ્થાનક છે, ને તે અક્ષરને વિષે બ્રહ્મસૃષ્ટિ રહી છે.** તે બ્રહ્મસૃષ્ટિવાળા જે સર્વે જન તે બ્રહ્મરૂપે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે. તે ધામને **પરાત્પર** કહીએ.

તે ધામ કેવું છે ? તો, એ ધામને વિષે રહ્યા જે સંત તેના એક એક રોમને વિષે પ્રલયકાળના જે બાર સૂર્ય તે સરખો દીપ્તિમાન પ્રકાશ જે તેજ તેને શાંત કરે એવા જે બાર ચંદ્રમા તેના જેવો જ શાંત પ્રકાશ છે. ને એવા જે અસંખ્યાત સંત તે પુરુષોત્તમનાં ચરણારવિંદની ઉપાસના કરે છે.

૨૭૯. પુરુષોત્તમનારાયણનો મહિમા

અને **તે પુરુષોત્તમ કેવા છે ?** તો, જેનાં ચરણારવિંદની એ સર્વે ઉપાસના કરે છે, તે પુરુષોત્તમનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને દેખાડીએ છીએ. બ્રહ્મસૃષ્ટિવાળા જે સર્વ અનંત મુક્ત તે સર્વના દેહનો જે પ્રકાશ તે અક્ષરબ્રહ્મના એક રોમને વિષે (લીન થાય) છે. એવો જે અક્ષરબ્રહ્મ તે અક્ષરબ્રહ્મના અનંત તેજને લીન કરી નાંખે એવું પુરુષોત્તમના એક રોમનું તેજ છે, એ જે **સાક્ષાત્કાર પુરુષોત્તમ (ધર્મ-ભક્તિ પુત્ર શ્રીહરિ) તેની હે પરમહંસો ! આજ તમને સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ છે.** અને સર્વે જે બાઈ-ભાઈ સત્સંગી તેને દેહત્યાગ કર્યા કેડે એ ધામની પ્રાપ્તિ થાય છે, એને બ્રહ્મમહોલ કહીએ, અક્ષરબ્રહ્મ કહીએ, પરમધામ કહીએ. **એ ધામને હું મારે બળે કરીને સર્વને પમાડીશ. સાધને કરીને એ ધામ પમાતું નથી.**

૨૮૦. અક્ષરમુક્તોમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી.

બીજું એ ધામને વિષે જે સંત રહ્યા છે તેના દેહનો જે આકાર તે કેવો છે ? તો, આ બ્રહ્માંડને વિષે જે સ્ત્રી-પુરુષ તેનો જે આકાર

છે તેના બે લિંગથી વિજાતીય તે સંતનો આકાર છે; સ્ત્રી જેવો આકાર નથી ને પુરુષ જેવો આકાર નથી. એ બે આકારે વર્જિત આકાર છે અને સ્ત્રીના અવયવ નથી. અને સ્ત્રીના મનને વિષે જે પુરુષની ભાવનાની ગાંઠ બંધાણી છે તેવી ગાંઠ પણ નથી. ને સ્ત્રીને પુરુષની જે ઈચ્છા તેવી ઈચ્છા પણ નથી. ને પુરુષને જે સ્ત્રીની ભાવનાની અંતરમાં ગાંઠ બંધાણી છે તેવી ગાંઠ પણ નથી. ને પુરુષને સ્ત્રીની ઈચ્છા છે તેવી ઈચ્છા પણ નથી.

અને પુરુષના દેહને વિષે શિશ્ન આદિક ચિહ્ન છે અને સ્ત્રીના દેહને વિષે યોનિ આદિક ચિહ્ન છે, એ બે ચિહ્ને યુક્ત જે સ્ત્રી-પુરુષના દેહ તે થકી વિજાતીય તે સંતનો આકાર છે. અને એ બે દેહનું જે સુખ ને એ બે દેહને વિષે જે ઈચ્છા તેણે વર્જિત અનંત જાતની ઈચ્છાઓ તે મુક્તોને પુરુષોત્તમને વિષે રહી છે. અને તે સર્વે મુક્તની જે સાધનકાળમાં ભગવાન સંબંધી સુખની ઈચ્છા છે, તે ઈચ્છાઓને તે ભગવાન એમને ત્રણ દેહ ત્યાગ કર્યા કેડે પોતા થકી પમાડે છે.

૨૮૧. અન્ય ધામોથી અક્ષરધામના સુખની વિલક્ષણતા

બીજું માયા થકી જે સર્વે બ્રહ્માંડનો સર્ગ છે, તે સર્ગને વિષે જે પુરુષોત્તમની મૂર્તિઓનું મનુષ્યદેહે કરીને પ્રગટપણું તેને જે સ્ત્રી-પુરુષ મળ્યા, તે પુરુષોત્તમને વિષે જે જે જાતના સુખની ભાવના બાંધે છે, તેની વાસનાએ યુક્ત જે ચિત્ત તે જ્યારે એ દેહનો ત્યાગ કરે છે ને અક્ષરરૂપ ધામને પામે છે, ત્યારે એ પુરુષ ત્યાં જઈને **ગોલોક, વૈકુંઠ તેથી વિજાતીય જે પુરુષોત્તમ સંબંધી સુખ તેને ભોગવે છે.** પણ જેમ બીજા લોકને વિષે સ્ત્રી-પુરુષ પોતે મૈથુનીભાવે યુક્ત થકા ગૃહસ્થ થઈને પુરુષોત્તમની ઉપાસના કરે છે, તેવી રીતે ત્યાં નથી.

અને બીજા ધામોને વિષે તો પુરુષ-સ્ત્રીની ઉપાસના મૈથુનને અર્થે કરે છે ને પુરુષોત્તમની પણ ઉપાસના કલ્યાણને અર્થે કરે છે અને સ્ત્રી

મૈથુનને અર્થે પુરુષની ઉપાસના કરે છે ને પુરુષોત્તમની પણ ઉપાસના કરે છે; તેવી જાતની જે ભક્તિ તે અક્ષરધામને વિષે નથી. **ત્યાં તો એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની ઉપાસના છે, ને તે સાથે જ રમણ છે.**

અને બીજાં ધામોને વિષે તો સ્ત્રી પોતાના પુરુષ સાથે પણ રમણ કરે છે, ને પુરુષોત્તમની જે મૂર્તિ છે તેની સાથે પણ રમણ કરે છે અને પુરુષ તે પણ પોતાની સ્ત્રીનાં ચરણારવિંદની સેવા તત્પર થઈને કરે છે. ને કોકશાસ્ત્રે(કોકદેવ નામના વિદ્વાને રચેલું કામશાસ્ત્રમાં) કહ્યા એવા જે શૃંગાર રસે કરીને સેવા કરે છે અને નવધા ભક્તિએ કરીને પુરુષોત્તમની મૂર્તિનાં ચરણારવિંદની પણ સેવા કરે છે. એવી જાતની જે ઉપાસના ને ભક્તિ તે અક્ષરરૂપ ધામને વિષે નથી; તે બીજાં ધામોને વિષે છે.

૨૮૨. કામી અક્ષરધામને ન જ પામી શકે.

એ અક્ષરરૂપ ધામ તે મારું છે. અને મુક્ત તે પણ જ્યાં લગી સ્ત્રીને સુખે કરીને યુક્ત વર્તે છે, ત્યાં લગી તે મુક્તને પણ અક્ષરરૂપ ધામને વિષે પરમેશ્વર રાખતા નથી. અને સ્ત્રી જ્યાં લગી ધણીની ઉપાસના કરે છે ને મુક્ત છે (ત્યાં લગી) તેને પણ અક્ષરરૂપ ધામને વિષે પરમેશ્વર રાખતા નથી. બીજાં ધામોને વિષે જે પોતાની મૂર્તિઓ છે તેની પાસે રાખે છે.

અને **જ્યારે એ મિથુનીભાવે રહિત સ્ત્રી થાય ત્યારે તે અક્ષરરૂપ ધામને પામે છે, અને જ્યારે એ પુરુષ મિથુનીભાવે રહિત થાય છે ત્યારે તે અક્ષરરૂપ ધામને પામે છે; પણ મિથુનીભાવે યુક્ત જે મુક્ત તેને તો એ અક્ષરધામ સ્વપ્નમાં પણ નથી દેખાતું.** તો જે બદ્ધ ભક્ત હોય તે તો તે ધામને ક્યાંથી દેખે ? ન દેખે.

૨૮૩. સાચા ગુરુને બ્રહ્મરૂપ જાણવા અને ધર્મભ્રષ્ટથી દૂર રહેવું.

અને એવું જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે ને મન વાણીને અગમ્ય છે. તે બ્રહ્મની જે ગુરુ વડે લક્ષની પ્રાપ્તિ થાય તે સારુ એ ગુરુને ને

બ્રહ્મને વિષે અભેદપણું જાણવું. જે ગુરુ પાંચ વર્તમાને યુક્ત હોય તેને અને જે ગુરુને વિષે એ પાંચ વર્તમાન ન હોય, ને '**तत्त्वमस्यादिक**' વચને કરીને બ્રહ્મનું પ્રતિપાદન કરતો હોય, ને દેહે કરીને આઠ પ્રકારમાં એકે પ્રકારે સ્ત્રીનો સંગ રાખતો હોય, ને દ્રવ્યનો પણ સંગ રાખતો હોય, ને ઘર પણ બાંધ્યું હોય, એવી રીતનો ગુરુ હોય અને ગૃહસ્થાશ્રમનો પ્રથમ ત્યાગ કર્યો હોય ને પછી મઠ, ધરતી, વાડી, દ્રવ્ય, સ્ત્રી તેનો ગ્રહણ કર્યો હોય, તો તેના મુખથી મુમુક્ષુને '**प्रज्ञानमानन्दं ब्रह्म, अहं ब्रह्मास्मि**' ઇત્યાદિક જે વચન છે તેનું શ્રવણ ન કરવું.

કાં જે, શ્રુતિ-સ્મૃતિએ કહ્યો જે આશ્રમનો ધર્મ, તે ધર્મે કરીને ભ્રષ્ટ થયો. તે સારુ મુમુક્ષુને એવા બ્રહ્મવેત્તાનો પતિત, શ્વપચ, ચાંડાળ તેની પેઠે ત્યાગ કરવો. શા માટે ? તો, એને મુખે કરીને દ્વાદશ મહાવાક્યનું શ્રવણ તેણે કરીને આત્મજ્ઞાનની ઉત્પત્તિ ન થાય તે સારુ એનો ત્યાગ કરવો.

૨૮૪. બ્રહ્મવેત્તા ગુરુનાં લક્ષણ અને મહિમા

અને જે બ્રહ્મવેત્તા આઠ પ્રકારે સ્ત્રીના ત્યાગી હોય ને આઠ પ્રકારે દ્રવ્યના ત્યાગી હોય, અને દ્રવ્યને પોતે પણ ન રાખે અને કોઈની પાસે પણ ન રખાવે. અને ધરતી-વાડી પોતે પણ ન રાખે અને કોઈની પાસે પણ ન રખાવે. ને ઘર-મેડી પોતાના સારુ પોતે ન ચણાવે ને પોતાના સારુ બીજા પાસે પણ ન ચણાવે. અને સ્ત્રીની શુશ્રુષા પોતે પણ ન કરે ને બીજા પાસે પણ ન કરાવે. ને સ્ત્રી આગળ જ્ઞાનવાર્તા પોતે પણ ન કરે ને બીજા પાસે પણ ન કરાવે. અને અજાણમાં સ્ત્રીનો છેડો અડી જાય તો પોતે પણ ઉપવાસ કરે ને બીજાને પણ ઉપવાસ કરાવે. અને ગળ્યું-ચીકણું પોતે પણ ન ખાય ને બીજાને પણ ન ખવાડે; એવી રીતના જે બ્રહ્મવેત્તા હોય તેના મુખ થકી મહાવાક્યનું ગ્રહણ કરવું, ને તે(ગુરુ)ને ને બ્રહ્મને વિષે અભેદપણું જાણવું.

અને **એવા ગુરુના પ્રતાપે કરીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ તેમને મોટપની પ્રાપ્તિ થઈ છે, તે કેવળ ગુરુના કૃપાપ્રસાદે કરીને થઈ છે;** પણ વટલેલ ને કનક-કામિનીના ગ્રહણ કરનારા જે ગુરુ તેના પ્રતાપે કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એમ કોઈ ઠેકાણે કહ્યું નથી. અને અષ્ટ પ્રકારે સ્ત્રી-દ્રવ્યના ત્યાગી જે ગુરુ તેની કૃપાએ કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને એવા ગુરુની કૃપાએ કરીને હૃદયને વિષે આત્મા ભાસ્યો, તે આત્માની સમજણે કરીને મનની સમજણ ફરી, તેણે કરીને માયાને ઠામે બ્રહ્મ ભાસ્યો અને સંસારનો સંભવ જે જન્મ-મરણ તે ટળ્યો.

૨૮૫. આત્મનિષ્ઠાની તાકાત

અને જેમ સૂર્યને તેજે કરીને હિમના પાણા ગળીને પાણી થઈ જાય છે, તેમ જેને આત્મા પ્રગટ થાય છે તેને માયાના દોષ સહેજે ગળી જાય છે. અને **માયાનું બળ ત્યાં લગી છે, જ્યાં લગી આત્મા જાણ્યો નથી.** આત્માને વિચારે તો માયા દેખાય જ નહિ. અને જેમ સૂર્યના ઉદય વિના ચક્ષુને અંધારું દુઃખ દે છે, તેમ આત્મજ્ઞાનના ઉદય વિના માયા દુઃખ દે છે.

અને જેમ નિદ્રાને વિષે સ્વપ્ન સંબંધી ભોગ જણાય છે ને જાગ્રતને વિષે નથી જણાતા, તેમ તુર્યાવસ્થા સહિત આત્મજ્ઞાન સંબંધી જાગ્રત અવસ્થાને પામ્યો તેને સંસાર સંબંધી ભોગ લીન થઈ જાય છે અને ચિત્તના સંકલ્પ પણ નાશ થઈ જાય છે. અને જેને આત્માની પ્રાપ્તિ થઈ છે, તે કલ્પાંતકાળે નારાયણની સન્મુખ રહે છે. અને જે દેહમાં પોતે રહે છે, તે દેહને પણ બીજાના દેહની પેઠે જાણે છે. અને પોતાના દેહને પણ મિથ્યા દેખે છે ને બીજા સર્વ દેહને પણ મિથ્યા દેખે છે.

અને બ્રહ્માથી પોતાના દેહપર્યંત પૂર્ણ એવા જે દ્રષ્ટા તેને દેખે છે. અને જેમ જન્મનો અંધ તે રૂપને દેખે નહિ, તેમ આત્મવેત્તા દેહને દેખે નહીં. અને જેમ અંજનવિદ્યાએ કરીને જેની દષ્ટિ યુક્ત હોય તે

નિરાવરણ થકો પૃથ્વીમાં જે દ્રવ્યમાત્ર તેને દેખે છે, તેમ આત્મદૃષ્ટિવાળા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ શરીર થકી ભિન્ન જે દ્રષ્ટા, તેને સર્વેને વિષે દેખે છે. તત્ત્વ જે આત્મા તેને સમાસે (અનુભવરૂપ પ્રાપ્તિએ) કરીને સ્વાધીન એકરસ થયા છે. જેમ હિમ ગળીને પાણી થઈ જાય તેમ લિંગ છૂટીને આકાશવત્ થયો છે. અને મન વાણીથી પર જે આત્મા, તેને વિષે સ્થિતિ થઈ છે. અને પોતાની જીવસત્તાને આકાશવત્ બ્રહ્મને વિષે લીન કરીને બોલે છે; એવા બ્રહ્મવેત્તાને મુમુક્ષુ જાણે છે.

૨૮૬. આત્મસ્વરૂપ નિરૂપણ

અને તે આત્મા દેહથકી ન્યારો છે, કૈવલ્ય છે, અમળ છે, એક છે, પૂર્ણ છે, અખંડ છે, અવિનાશી છે, અજર છે, અમર છે, અનંત છે. પૂર્ણ જ્યોતિ પ્રકાશરૂપ છે. ને આદ્ય, અંત ને મધ્ય તેણે રહિત છે. ને દેશકાળે રહિત છે, ને અતિ મોટો છે, ને આત્મા ઊંચો-નીચો કહેવાય નહીં. ને નીલ, પીત, રક્ત, શ્યામ, ઉજ્જવળ એ સર્વ આત્મા વડે ભાસે છે. અને આત્મા ખારો, ખાટો, મીઠો, મોળો, તીખો ને તમતમો - એ રીતે કહેવાય નહીં. ને આત્મા લાંબો-ટૂંકો નથી ને આત્મા ડાબો-જમણો કહેવાય નહિ. અને આત્મા સર્વથી રહિત કહેવાય ને સર્વમાંહી કહેવાય. અને આત્મા બાળક નહિ ને વૃદ્ધ નહિ. ને આત્મા ચારે અવસ્થાને વિષે સળંગસૂત્ર કહેવાય. અને આત્મા ઢૂંકડો, છેટો ને મધ્ય એ રીતે ન કહેવાય. **અવાચ્યરૂપ(ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર) વસ્તુરૂપ એવો જે આત્મા, તે હરિગુરુરૂપ એવા જે પરમહંસ તેની સેવાએ કરીને પમાય છે.**

૨૮૭. જીવનમુક્ત દેહમાં થોડા અને બ્રહ્મસત્તામાં વધુ રહે છે.

અને તે આત્મારૂપ જે ગુરુ તેને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિને વિષે સ્વતંત્રપણું છે. જેમ મહાજળમાં મોટો મગરમચ્છ છે, તે જળમાં આઘો રહે છે ને ઉપર આવીને અલ્પ વરતીને પાછો મહાજળમાં જાતો રહે છે, તેમ

જીવનમુક્ત તે મહા ચૈતન્યરૂપ જે સમુદ્ર તેમાંથી જાગ્રત અવસ્થાને વિષે દેહનાં જે પાંચ વર્તમાન તેની રક્ષાને અર્થે દેહમાં આવીને અલ્પ વર્તે છે ને પાછા બ્રહ્મરૂપ સમુદ્રમાં જાતા રહે છે. એવી રીતે દેહમાં આવે છે અને જાય છે.

અને જેમ સર્પની કાંચળી પાકી છે તે સર્પથી અળગી રહી છે, પણ દેહ ભેળે છે ને દેહ ઉપર ખડખડે છે ને સર્પનો દેહ ચાલે છે ત્યારે દેહને ભેળી (કાંચળી) ચાલે છે; તેમ જીવનમુક્ત સ્થૂળ, સૂક્ષ્મ, કારણ એ ત્રણ દેહ ને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થાને જે જીવસત્તા ધરી રહી છે, તે સત્તાને આકારે જીવનમુક્ત વર્તે છે. ને તે સત્તાને વિષે અતિશેપણે કરીને વરતવું છે જેનું એવા જીવનમુક્ત છે. ને તે વરતવે કરીને સત્તાથી દેહ જુદો ખડખડે છે. જેમ તલવાર ભેળે સંદૂક જે મિયાન તે ખડખડે છે, તેમ એ જીવનમુક્તને વિષે દેહ ખડખડે છે. અને જેમ આંબાની સૂકેલી ગોટલી ખડખડે છે, તેમ જ જીવનમુક્તને વિષે દેહ ખડખડે છે. એ રીતે જીવસત્તાને પામ્યા જે જીવનમુક્ત તેની રીતિ તો વ્યષ્ટિ(દેવ-મનુષ્યના) દેહને વિષે કહી.

૨૮૮. સમષ્ટિના ધારક જીવનું પ્રજ્ઞાન બ્રહ્મરૂપે નિરૂપણ

હવે સમષ્ટિ દેહને ધારી રહી જે જીવસત્તા, તેને સામ્યાવસ્થાનો જે સાક્ષી, તેની અવસ્થા જે તુર્યા, તે સાથે એકતાપણે કહીએ છીએ. અને તે સત્તાને પ્રજ્ઞાનરૂપે કરીને પણ કહીએ છીએ. અને તે સત્તાને વિષે સામ્યાવસ્થાના દ્રષ્ટાનું અન્વયપણું પણ કહીએ છીએ. તે સત્તા દ્રષ્ટાને અન્વયપણે કરીને અતિશે જ્ઞાનરૂપ છે. અને તે જ્ઞાન ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય અવસ્થાએ રહિત છે.

એ જ્ઞાનને જ્યારે પ્રજ્ઞાભિમાની જીવ પરમેશ્વરની કૃપાએ કરીને પામે છે, ત્યારે તે જીવ પણ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિએ રહિત વર્તે છે. અને તે જ્ઞાન સ્વતંત્ર છે ને વિશેષે મુક્ત છે. ને તે જ્ઞાને કરીને માયાના ચોવીસ તત્ત્વે યુક્ત વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત તે ચૈતન્ય થાય છે.

ત્યાં દૃષ્ટાંત : જેમ સૂર્યે કરીને ચક્ષુ, અગ્નિએ કરીને પાત્ર, ચમકે કરીને લોઢું, પુરુષે કરીને છાયા, વાયુએ કરીને રેણુ, ધનુર્ધારીએ કરીને બાણ, એ પ્રકારે કરીને પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરીરૂપે કરીને સમગ્ર વિરાટના દેહની ક્રિયાને ચૈતન્ય ઉપજાવે છે. જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિરૂપે કરીને ચૈતન્ય જે દ્રષ્ટા તે વિરાટરૂપે થાય છે. તે માટે પ્રજ્ઞાન શબ્દે કરીને વાસુદેવ પણ એને કહે છે.

અને દ્રષ્ટાના ઉત્કૃષ્ટ જ્ઞાનની પ્રાપ્તિએ કરીને વિરાટની જે જીવસત્તા તે જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય; કર્તા, ક્રિયા, કર્મ; એ જે અંતઃકરણની વૃત્તિઓ તે દ્વારે કરીને દશ ઈન્દ્રિયોની ક્રિયા અને દશ દેવતાઓની ક્રિયા, તેને ગ્રહણ કરે છે. અને અતિશે દ્રષ્ટાના જ્ઞાનની પ્રાપ્તિએ કરીને એ જીવને મૂળ પ્રકૃતિનું ને ત્રણ ગુણનું પ્રેરકપણું પ્રાપ્ત થાય છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને વિષે સ્વાધીનપણે વર્તે છે અને સર્વે જગતને સાક્ષીપણે કરીને દેખે છે, એને પ્રજ્ઞાન નામે બ્રહ્મ કહીએ.

અને વ્યષ્ટિ-ઉપાધિને વિષે રહ્યો જે પ્રજ્ઞાભિમાની જીવ, તેને પરમેશ્વરની કૃપાએ કરીને જ્યારે એવા જ્ઞાનની પ્રાપ્તિ થાય, ને સુષુપ્તિના સાક્ષીપણે કરીને રહેવાય, ત્યારે એ જીવને પણ પ્રજ્ઞાન નામે બ્રહ્મ કહીએ, બ્રહ્મવેત્તા કહીએ.

૨૮૯. જીવસત્તાનું આનંદ બ્રહ્મરૂપે નિરૂપણ

હવે તે જીવસત્તાને આનંદરૂપે કરીને કહીએ છીએ. તે આનંદરૂપે આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે. તે આનંદ ઉપાધિએ રહિત છે ને નિત્ય આનંદ છે, અખંડ આનંદ છે. અને જે જીવને એ આનંદની પ્રાપ્તિ થાય છે, તે જીવ દશ ઈન્દ્રિય કરીને ચાર અંતઃકરણે કરીને જે આનંદ થાય છે, તેનો ત્યાગ કરે છે. અને સમસ્ત પ્રપંચે થકી રહિત આનંદને ભોગવે છે, ને પોતે સત્તારૂપે વર્તે છે, અને પોતાને સચ્ચિદાનંદરૂપ માને છે. અને અન્નમય, પ્રાણમય, મનોમય,

વિજ્ઞાનમય, આનંદમય જે પાંચ કોશ તેનો ત્યાગ કરે છે. અને સુષુપ્તિ પર જે આનંદ તેને સત્તારૂપે કરીને ગ્રહણ કરે છે.

અને સુષુપ્તિ સામ્યાવસ્થા પર જે આનંદ છે, તે થકી મૂળપ્રકૃતિને આનંદની પ્રાપ્તિ થાય છે. અને મૂળપ્રકૃતિ થકી વિરાટ અને વિરાટનો જીવ તેને આનંદની પ્રાપ્તિ થાય છે. તે માયાનું કાર્ય જે સુષુપ્તિ તે થકી વિશ્વાભિમાનીને આનંદની પ્રાપ્તિ થાય છે. અને માયા થકી વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતના અભિમાની જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ તેમને આનંદની પ્રાપ્તિ થાય છે. ને માયાને દ્રષ્ટા થકી આનંદની પ્રાપ્તિ થાય છે. તે દ્રષ્ટાને આનંદ કહીએ, બ્રહ્મ કહીએ, ચૈતન્ય કહીએ, કૈવલ્ય કહીએ, તુર્યાવસ્થામાત્ર કહીએ - એ રીતે આનંદ કહ્યો.

૨૯૦. જીવસત્તાનું બ્રહ્મરૂપે નિરૂપણ

હવે એ જીવસત્તાને બ્રહ્મરૂપે કરીને કહીએ છીએ. તે બ્રહ્મ કેવા છે ? તો, માયા થકી આરંભીને શેષનાગ પર્યંત વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે પ્રપંચ તેને વિષે અન્વયપણે કરીને રહ્યા છે અને એ સમસ્ત પ્રપંચના ગુણદોષે રહિત છે, નિર્લેપ છે, અછેદ્ય છે, અભેદ્ય છે, અદાહ્ય છે, અક્લેદ્ય છે, અશોષ્ય છે, અને આકાશવત્ સદા શુદ્ધ છે ને સર્વ વસ્તુને વિષે રહ્યા છે, ને સર્વ વસ્તુ જેને સ્પર્શ કરતી નથી ને નિર્મળ છે, ને આકાશની પેઠે સર્વને વિષે વ્યાપક છે, ને સુષુપ્તિ સામ્યાવસ્થા સમગ્રના અંતર્યામી છે.

૨૯૧. પરા વાણીનો વિચાર

હે પરમહંસો ! એ બ્રહ્મ, મહાકારણ તુર્યાવસ્થાએ યુક્ત પોતે પોતાના સ્વરૂપને જણાવ્યાને અર્થે બોલે છે. તે વાણીને તો 'પરા' કહીએ.

તે પરા કેવી છે ? તો અવ્યક્તરૂપ છે, બુદ્ધિએ રહિત છે, નાદે રહિત છે, બિંદુએ રહિત છે, ને 'અ'કારાદિક અક્ષરે રહિત છે, ને 'ક'કાર આદિક જે સ્પર્શ (અક્ષરો) તેણે રહિત છે, ને અંતસ્થ (અક્ષરો)

એ રહિત છે, ઉષ્માણ (અક્ષરો)એ રહિત છે, ને કેવળ ચૈતન્યરૂપ પ્રકાશ માત્ર શોભે છે. અને તે પરા વાણી પ્રથમ જગતનાં કારણ જે પુરુષ, પ્રકૃતિ, જડ-ચૈતન્યરૂપ ત્યાં આવે છે. પછી ત્યાં થકી સમષ્ટ્યાત્મક જે વિરાટ તેના હૃદયને વિષે આવે છે. તે હૃદય થકી અંતઃકરણરૂપે થાય છે. પછી ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિશાદ - એ સપ્ત સ્વરરૂપે થઈને પછી 'પશ્યંતી'રૂપે થાય છે.

૨૯૨. પશ્યંતી વાણીનો વિચાર

તે પશ્યંતી વાણી કેવી છે ? તો, વિચાર-જ્ઞાનમય છે. અને તે પશ્યંતી વાણી બ્રહ્મ થકી ઊપજી એવી જે પરાવાણી તેના જ્ઞાનના પમાડ્યાને અર્થે થાય છે. તે વિચારે કરીને વિરાટપુરુષ બ્રહ્મના અનુભવે યુક્ત થાય છે. અને તે પછી એ પશ્યંતી વિરાટપુરુષના સંયોગે કરીને નાદરૂપે થાય છે, ને મધ્યમારૂપે થાય છે. ને તે નાદ વિરાટપુરુષના સંયોગ થકી પરમેશ્વરે વિરાટપુરુષના હૃદયને વિષે પ્રેર્યો જે વાયુ ને અગ્નિ, તેણે કરીને યુક્ત થકો બાવીશ શ્રુતિરૂપે થાય છે. અને બાવીશ શ્રુતિઓ થકી સપ્ત સ્વરરૂપે થાય છે. એ રીતે નાદના અનેક ભેદ છે. તે નાદની ઉપજાવનારી 'મધ્યમા' વાણી થાય છે.

૨૯૩. મધ્યમા વાણીનો વિચાર

(અને તે મધ્યમા વાણી કેવી છે ? તો,) તે મધ્યમા વાણી વિરાટ પુરુષના સંયોગ થકી વૈખરીરૂપે કરીને અક્ષરરૂપે થાય છે. 'અ'કાર આદિક લઈને સોળ સ્વરઅક્ષરો, ને 'ક'કાર આદિક લઈને પચ્ચીશ સ્પર્શઅક્ષરો, ને 'ય'કાર આદિક લઈને ચાર અંતઃસ્થઅક્ષરો, ને 'શ'કાર આદિ લઈને ચાર ઉષ્માણઅક્ષરો, ને ગજના માથા જેવી છે આકૃતિ જેની એવો જે 'ૐ'કાર, ને એક 'ઉ'કાર; એવી રીતે કરીને બાવન અક્ષરરૂપ જે વૈખરી વાણી, તે વિરાટ થકી શબ્દબ્રહ્મરૂપ જે વેદ તે રૂપે થાય છે. એ સર્વે વેદને વિશે પરાવાણીનું અન્વયપણું છે.

૨૯૪. 'अहं ब्रह्मास्मि' - મંત્રવિવેચન

अहं = હું, ब्रह्म = વિશાળ, अस्मि = છું.

૧. 'अहं' શબ્દનું વિવરણ

અને વિરાટને વિષે જે બ્રહ્મનું અન્વયપણું કહ્યું છે, તે બ્રહ્મના અહંકારને કહીએ છીએ. 'અહં' શબ્દ તે બ્રહ્મને અભિમાને યુક્ત છે. અને હું જગતનો કર્તા છું, હું જગતનો સાક્ષી છું, હું જગતનો પ્રેરક છું, હું જગતનો ભોક્તા છું. **હે પરમહંસો ! એ 'અહં' શબ્દ બ્રહ્મને આશરે રહ્યો છે. એને વિષે તમારે અહંપણું માનવું.**

૨. 'ब्रह्म' શબ્દનું વિવરણ

હવે 'બ્રહ્મ' શબ્દને કહીએ છીએ. તે બ્રહ્મ સર્વને વિષે અનુસ્યૂત છે, ને મોટું છે, ને સ્થૂળત્વાદિક ગુણે રહિત છે, ને દેશકાળ થકી અપરિમિત છે, ને મર્યાદાએ રહિત છે, ને આકાશાદિક જે તત્ત્વ તે થકી અળગું છે, ને માયા ને માયાનાં કાર્ય તેને વિષે પૂરણપણે કરીને રહ્યું છે, ને ધારી રહ્યું છે, ને બહાર પણ રહ્યું છે. અને મોટાપણા માટે બ્રહ્મ એવું કહેવાય છે. અને તે 'અક્ષરબ્રહ્મ' કહેવાય છે.

અને તે અક્ષરબ્રહ્મ કેવા છે ? તો, અનંતકોટી બ્રહ્માંડના આધારભૂત છે, ને અનંતકોટી બ્રહ્માંડના પ્રેરક છે, ને અનંતકોટી બ્રહ્માંડના મધ્યવર્તી છે, ને સુષુપ્તિના સાક્ષીપણે છે, ને નિર્લેપ છે, સૂક્ષ્મ થકી સૂક્ષ્મ છે, સર્વે પ્રપંચ થકી અગોચર છે, ને કેવળ છે, ને જીવસત્તાને વિષે વિચારે કરીને પમાય છે, ને મુમુક્ષુને પોતાની સત્તાને વિષે અનુભવે કરીને આકાશની પેઠે અખંડ ડંડાયમાન(સળંગ) પ્રાપ્ત છે. અને તે **બ્રહ્મ કેવા છે ?** તો, ઊંચા, નીચા, આસપાસ, માંહી, બહાર મર્યાદાએ રહિત છે; ને પૂર્ણ છે, ને એ બ્રહ્મ અનંત છે, ને કેવળ મુમુક્ષુને જ પ્રાપ્ત છે.

૩. 'अस्मि' શબ્દનું વિવરણ

હવે એ બ્રહ્મને 'અસ્મિ' શબ્દે કરીને કહીએ છીએ. હે પરમહંસો !

જેવી રીતે બ્રહ્મને વિષે 'અહં' શબ્દ રહ્યો છે, તેવી જ રીતે એ બ્રહ્મને વિષે 'અસ્મિ' શબ્દ રહ્યો છે. 'અહં' તો એ બ્રહ્મના અભિમાનને કહીએ, અને 'અસ્મિ' તો એ બ્રહ્મના સ્વરૂપના વિચારને કહીએ; એ બેય શબ્દ તો બ્રહ્મને આશરે છે. એ બેયને જાણવે કરીને મુમુક્ષુને સ્વસ્વરૂપની પ્રાપ્તિ છે.

અને પુરુષ-પ્રકૃતિમય જે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જગત, તેમાંથી **જ્યારે મુમુક્ષુ વિચારે કરીને 'અહં' શબ્દને ને 'અસ્મિ' શબ્દને જુદા કરે છે, ત્યારે મુમુક્ષુને એ જગતને વિષેથી સત્યતાની નિવૃત્તિ થઈ જાય છે, અને સત્ય તો બ્રહ્મ ભાસે છે અને સર્વે પ્રપંચ અસત્ય જણાય છે.**

અને જ્યારે પુરુષપ્રકૃતિને વિષે એ બ્રહ્મનું અન્વયપણું કહીએ, ત્યારે એ બ્રહ્મ કૂટસ્થપણે(વિકારે રહિત સ્થિરપણે) સર્વમાં મળ્યા થકા હોય છે. જેમ દૂધમાં ઘી, કાષ્ટમાં અગ્નિ, તિલમાં તેલ, પૃથ્વીમાં ગંધ, જળમાં રસ, આકાશમાં શબ્દ; એવી રીતે પુરુષપ્રકૃતિને વિષે બ્રહ્મ અનાદિ રહ્યા છે. ને જ્યારે એ મુમુક્ષુને સદ્‌ગુરુની કૃપાએ કરીને 'અસ્મિ' શબ્દના લક્ષ્યાર્થની પ્રાપ્તિ થાય છે, ત્યારે વિચારે કરીને એ બ્રહ્મને અક્રિય જાણે છે, અસંગ જાણે છે. અને બાધમાં રહ્યા છે તોપણ અબાધ સ્વરૂપ જાણે છે, સ્વપ્રકાશરૂપ જાણે છે, સ્વતઃ ચૈતન્ય જાણે છે, તુર્યારૂપ જાણે છે.

અને જ્યારે એ તુર્યારૂપ બ્રહ્મને આશરે પુરુષપ્રકૃતિ વર્તે છે, ત્યારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરવાને સમર્થ થાય છે. તે સારુ 'અસ્મિ' શબ્દ તે બ્રહ્મને આશ્રિત-આધીન રહ્યો છે, અને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે જગત તેને વિષે 'અસ્મિ' શબ્દ રહ્યો છે, તોય પણ બ્રહ્મને જ દેખાડે છે. જે બ્રહ્મ સર્વથી જુદો અને સર્વથી વિજાતીય છે, તેને જ દેખાડે છે.

અને તે બ્રહ્મના આશ્રય વિના પ્રકૃતિ તો અંધ છે. અને તે બ્રહ્મની દૃષ્ટિ વિના પુરુષ પાંગળો છે. તે પુરુષ પાંગળો કેમ છે ? તો, કર્તા,

ક્રિયા, કર્મ; અધ્યાત્મ, અધિભૂત, અધિદેવ; તે વિના એ વિરાટપુરુષ જગતના પંચવિષય ગ્રહણ કરવા સમર્થ થાતો નથી; તે સારુ એ પુરુષ પાંગળો છે. અને પ્રકૃતિ અંધ છે. તે કેમ ? તો, પ્રકૃતિનાં કાર્ય જે વિરાટ તે રૂપ જે પ્રકૃતિ તે વિરાટને વિષે રહ્યા જે પુરુષ, તે પુરુષ વિના તે પ્રકૃતિનાં કાર્ય જે ચોવિશ તત્ત્વનો ગણ(સમૂહ), તે કોઈ વિષયને દેખવાને સમર્થ થાતો નથી, તે સારુ પ્રકૃતિના ગણને અંધ જાણવો.

અને જ્યારે એ દેવતા, ઈન્દ્રિયો, અંતઃકરણ, પંચભૂત એ સર્વે પુરુષની દૃષ્ટિને પામે છે, ત્યારે વિષયને દેખવાને સમર્થ થાય છે. અને એનું કારણ જે માયા તે દ્રષ્ટાની દૃષ્ટિ વિના કાંઈ કરવાને સમર્થ થાતી નથી. તે સારુ એ 'અસ્મિ' શબ્દ દ્રષ્ટાને વિષે જ પ્રવર્તે, પણ બીજાને વિષે ન પ્રવર્તે. અને પ્રકાશરૂપ ને સ્વતઃ ચૈતન્ય એવા જે દ્રષ્ટા તેને લક્ષણાવૃત્તિ જે લક્ષ્યાર્થ તેણે કરીને જાણવા ને સાક્ષાત્કાર કરવા. વાચ્યને ત્યાગે કરીને એ 'અસ્મિ' શબ્દનો નિર્ણય છે. એ પ્રમાણે '**અહં બ્રહ્માસ્મિ**'નો અર્થ કર્યો.

૨૯૫. 'તત્ત્વમસિ' - મંત્રવિવેચન

તત્ = તે, ત્વમ્ = તું, અસિ = છો.

૧. 'તત્' પદનું નિરૂપણ

(તત્પદાત્મક ઈશ્વર વર્ણન) હે પરમહંસો ! હવે બ્રહ્માંડાભિમાની જે (વૈરાટનારાયણ) ઈશ્વર અને શુદ્ધ માયાભિમાની જે (મહાપુરુષરૂપ) ઈશ્વર તેનું 'તત્' પદે કરીને લક્ષ્યાર્થ જે સ્વરૂપ તે કહીએ છીએ. અને જે શુદ્ધ માયાભિમાની છે તે જ વાસુદેવાદિક વ્યૂહરૂપે છે, અને અનાદિ શુદ્ધ માયા તેને આશ્રિત રહી છે. તે ઈશ્વર સર્વજ્ઞ છે, સર્વેશ્વર છે, સર્વના સંહારક છે, સર્વના પ્રતિપાલક છે અને અણિમાદિક સિદ્ધિના અધિષ્ઠાતા છે. તેનું વિષ્ણુ એવું નામ છે. તે વિષ્ણુના એક દેશમાં પ્રલયકાળે માયા

લીન થાય છે. તેને નારાયણ કહીએ, સાક્ષી કહીએ અને એને આશરે શુદ્ધ માયા રહી છે. અને ઉત્પત્તિકાળે એ ઈશ્વર માયાએ યુક્ત વર્તે છે, તે સારુ એને વાચ્યે સહિત કહેવા.

હવે ઉત્પત્તિકાળે માયાની જે વિકાસ-વિકાર અવસ્થા તેણે કરીને અવ્યાકૃત, સૂત્રાત્મા અને વિરાટ એ ત્રણે શરીર માયામય છે અને તેના અભિમાની જુદા છે તે કહીએ છીએ. તે છે તો જીવ પણ અતિ મોટી ઉપાધિનું ગ્રહણ કરે છે, તે માટે ઈશ્વર કહીએ છીએ. અને જે ઈશ્વરને આશરે શુદ્ધ માયા રહી છે. તે ઈશ્વરને એ વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતના અભિમાની જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે વશ વર્તે છે. અને જે (મહાપુરુષરૂપ) ઈશ્વરને આશરે શુદ્ધ માયા રહી છે તેનું એ ત્રણેને વિષે અનાદિ અન્વયપણું છે.

તેમાં **બ્રહ્મા** તે ઈશ્વરની શક્તિએ યુક્ત ક્રિયાશક્તિરૂપે કરીને જગતની ઉત્પત્તિને કરે છે, અને એ ઈશ્વરની શક્તિએ યુક્ત **વિષ્ણુ** ઇચ્છાશક્તિરૂપે કરીને જગતના પ્રતિપાલનને કરે છે. અને એ ઈશ્વરની શક્તિએ યુક્ત **શિવજી** જ્ઞાનશક્તિને કાળશક્તિરૂપે કરીને જગતનો પ્રલય કરે છે.

અને જેને આશરે શુદ્ધ માયા રહી છે, તે ઈશ્વર કેવા છે ? તો, કોટી સૂર્ય જેવા તેજવંત છે ને કોટી યમ જેવા દુરાસદ(અજિત) છે. અને તે ઈશ્વર વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તેમની ઉત્પત્તિનું કારણ છે. અને વૈકુંઠ, કૈલાસ ને સત્યલોક તેની પણ ઉત્પત્તિનું કારણ છે. અને વૈકુંઠને વિષે જે વિષ્ણુની મૂર્તિ, ને કૈલાસને વિષે જે શિવની મૂર્તિ, ને સત્યલોકને વિષે જે બ્રહ્માની મૂર્તિ, તે મૂર્તિઓ પણ એની છે. તે જ્યારે શુદ્ધ માયાનો ત્યાગ કરે ત્યારે એને વાચ્યે રહિત લક્ષ્યાર્થરૂપ કહીએ.

એ બે પ્રકારે કરીને 'તત્' પદનું નિરૂપણ કહ્યું. એ ઈશ્વર શુદ્ધ માયાએ યુક્ત છે અને બ્રહ્માંડોને નાશે એ ત્રણ લોકનો નાશ નથી, ને સનાતન છે, ને બ્રહ્માંડ બહાર છે અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તે માયાની વિકાર અવસ્થા જે વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત તેણે યુક્ત છે ને વિદ્યાશક્તિએ યુક્ત છે. અને જ્યારે વિરાટ(રૂપ) ઉપાધિનો એ ઈશ્વર ત્યાગ કરે છે, ત્યારે ઈશ્વરનું સ્વરૂપ લક્ષ્યાર્થરૂપ છે ને સત્તામાત્રરૂપ છે. એ બે 'તત્' પદનો લક્ષ્યાર્થયુક્ત નિર્ણય છે.

૨. 'त्वं' પદનું નિરૂપણ

હે પરમહંસો ! હવે **'त्वं'** પદનો નિર્ણય કહીએ છીએ. એ **'त्वं'** પદ ત્રણ પ્રકારનાં છે. એક તો વાસુદેવ-અનિરુદ્ધાદિક અને બીજું અવિદ્યાએ યુક્ત જે પંચકોશાત્મક જીવ તેને વિષે પણ પ્રવર્તે છે, ને ત્રીજું વિરાટને વિષે પણ પ્રવર્તે છે. તેમાં એક માયાશક્તિએ યુક્ત છે, બીજો વિદ્યાશક્તિએ યુક્ત છે અને ત્રીજો અવિદ્યાશક્તિએ યુક્ત છે; તે કહીએ છીએ.

તેમાં વિકાર અવસ્થા જે માયા તેનું કાર્ય જે અવિદ્યાશક્તિ તેણે યુક્ત જે જીવ તેને કહીએ છીએ. તે અવિદ્યા શક્તિના પાંચ પ્રકાર છે, વિદ્યાશક્તિએ યુક્ત છે ને ગુણ શબલિત છે. તમ, મોહ, મહામોહ, તામિસ્ર ને અંધતામિસ્ર - એ રીતે પંચપર્વા અવિદ્યાશક્તિ છે. તેણે યુક્ત જે જીવ તે શિશુઅવસ્થા, કુમારઅવસ્થા, યૌવનઅવસ્થા, તરુણઅવસ્થા ને વૃદ્ધાવસ્થા - એ રીતે પાંચ અવસ્થાને ભોગવે છે. ને તેને વિષે જે જીવને વહેવારાદિકનું જ્ઞાન છે, તે અવિદ્યાસ્વરૂપ છે ને આત્મજ્ઞાને રહિત છે અને કેવળ દેહાભિમાન માત્ર છે.

૨૯૬. કારણ ઉપાધિવાળા જીવનું નિરૂપણ

હવે કારણ ઉપાધિએ યુક્ત જે જીવ તેને કહીએ છીએ. **પ્રથમ કોશ** તો માયા તેને વિષે રહ્યો જે જીવ, તે શુદ્ધ માયાશક્તિએ યુક્ત છે, ને

માયાશબલિત છે, ને મુખ્ય છે. ને **બીજો કોશ** શુદ્ધ ત્રણ ગુણ, તેને વિષે રહ્યો જે જીવ, તે ગુણશબલિત છે. ને **ત્રીજો કોશ** જે અવ્યાકૃત તેમાં રહ્યો જે જીવ, તે તમશબલિત છે. ને **ચોથો કોશ** સૂત્રાત્મા તેને વિષે રહ્યો જે જીવ, તે રજશબલિત છે. અને **પાંચમો કોશ** વિરાટ તેને વિષે રહ્યો જે જીવ, તે સત્ત્વશબલિત છે.

અને તે કેડે ચાર સનકાદિક ને સ્વાયંભુવમનુ અને મરિચ્યાદિક અને કશ્યપાદિક અને આદિત્ય અને સરસ્વતી, દેવતા, ગાંધર્વ, સિદ્ધ, યક્ષ, રાક્ષસ, ગુહ્યક, કિન્નર, મનુષ્ય, પશુ, પક્ષી, મૃગાદિક, નાગ, નદી, પર્વત, દ્રુમ, સ્થાવર, જંગમ, સમસ્ત ચોરાશી લક્ષ જીવજંતુ, ખેચર, ભૂચર, જલચર, સપ્ત પાતાળ, લોકચર ને પૃથ્વી આદિક સપ્ત સ્વર્ગ લોકચર, અસંખ્ય જીવયોનિ સદ્-અસદ્ વાસનાયે યુક્ત નાના પ્રકારની છે. તે સર્વ અસંખ્ય જીવયોનિ શુભ-અશુભ વાસનાએ યુક્ત અને કોશરૂપ જે દેહ તેણે યુક્ત માયારૂપી કોશને વિષે વર્તે છે. અને એ સર્વે બ્રહ્મથી ભિન્ન અભિમાને યુક્ત છે ને બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રાદિક રૂપે વર્તે છે; તે 'જીવ' શબ્દે કરીને કહેવાય છે.

અને તે સર્વે જીવોને વિષે કેટલાક જીવ તો પુણ્યરૂપ કર્મે યુક્ત છે. કેટલાક તો પાપરૂપ કર્મે કરીને યુક્ત છે. કેટલાંક પાપ, પુણ્યે યુક્ત જે કર્મ તેણે યુક્ત છે અને કેટલાક શુદ્ધ સત્વગુણે યુક્ત વૈરાગ્ય-વિવેકાદિક સાધને યુક્ત છે અને કેટલાક તો રામ-કૃષ્ણાદિક જે પરબ્રહ્મ પુરુષોત્તમના અવતાર તેનાં ચરણારવિંદની જે ભક્તિ તેના પ્રતાપે કરીને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિનો જે સાક્ષી તેણે યુક્ત છે કહેતાં તે સાક્ષીના સ્વરૂપાકારે વર્તે છે.

અને કેટલાક તો વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતના જે સાક્ષી તે સ્વરૂપે વર્તે છે, કેટલાક તો માયાના સાક્ષીરૂપે વર્તે છે, કેટલાક ભેદદૃષ્ટિએ વર્તે છે, કેટલાક અભેદદૃષ્ટિએ વર્તે છે, અને કેટલાક તો પૂજવા યોગ્ય છે, અને કેટલાક તો ધ્યાન કરવા યોગ્ય છે; એ સર્વે જે કહ્યા તે 'ત્વં' પદે

યુક્ત છે અને 'ત્વં' પદનો લક્ષ્યાર્થ તો એ છે જે વાચ્ય(દેહભાવ)નો ત્યાગ કરીને સુષુપ્તિના સાક્ષીને વિષે આત્મબુદ્ધિ, **તે આત્મબુદ્ધિ તો રામ-કૃષ્ણાદિક જે પરમેશ્વરના અવતાર તેનાં ચરણારવિંદની ભક્તિએ કરીને પ્રાપ્ત થાય છે, અથવા તે ભગવાનના જે ભક્ત તેના સંબંધે કરીને પ્રાપ્ત થાય છે.**

૨૯૭. બ્રહ્મરૂપ ઉપાસક પર પ્રભુ પ્રસન્ન રહે છે.

અને હે પરમહંસો ! બ્રહ્મા, વિષ્ણુ, શિવના દેહ પ્રાપ્ત થાય ને તે દેહે કરીને પરબ્રહ્મ જે પુરુષોત્તમ તેની ઉપાસના કરે, તેણે કરીને પરબ્રહ્મ જે પુરુષોત્તમ તે અતિશેપણે કરીને તે ભક્ત ઉપર પ્રસન્ન નથી થતા. અને જો જીવ છે તે એમ પોતાના સ્વરૂપને જાણે છે જે, **'હું તો સુષુપ્તિનો સાક્ષી છું, દ્રષ્ટા છું, બ્રહ્મ છું.' એવી માનીનતા લઈને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે, તેની ઉપર અતિશેપણે કરીને પુરુષોત્તમની પ્રસન્નતા થાય છે; પણ જો સંતને વિષે અને સત્સંગને વિષે આસ્તિકમતિ રાખે તો.**

હે પરમહંસો ! જેવી મોટપ બ્રહ્માભિમાનને વિષે રહી છે, તેવી મોટપ વિષ્ણુના દેહની પ્રાપ્તિ થાય તેને વિષે નથી. અને **જો તમારે સર્વેને મને પ્રસન્ન કરવો હોય તો અશરીરી આત્મસત્તારૂપે પોતાના આત્માને માનીને મારી ઉપાસના કરવી. તે ઉપાસનાએ કરીને હું અતિ પ્રસન્ન થઈશ.**

અને હે પરમહંસો ! બ્રહ્માદિથી લઈને કીટ પર્યંત સર્વે જીવ ભિન્ન ભિન્ન અભિમાનવાળા છે અને તે તે જાતના દેહનું અભિમાન ધરે છે જે, 'અહં સુખી, અહં દુઃખી, અહં કૃશ, અહં સ્થૂળ, અહં મૂક, અહં જડ, અહં પંડિત, અહં મૂર્ખ, અહં રાજા, અહં ભૃત્ય, અહં શ્રોત્રિય, અહં બ્રાહ્મણ, અહં ક્ષત્રિય, અહં વૈશ્ય, અહં શૂદ્ર, અહં ઈશ્વર, અહં દરિદ્ર, મમ ભાર્યા, મમ પુત્ર, મમ ધન, મમ ક્ષેત્ર;' ઇત્યાદિક નાના પ્રકારની કલ્પના પોતે પોતાના ગુણને અનુસારે કરે છે.

૨૯૮. બ્રહ્મનું લક્ષણ

અને એ બ્રહ્માદિક સર્વે દેહ થકી આત્મા જે બ્રહ્મ તે સજાતીય ભેદે(સ્વસમાન એવા બીજા કોઈ બ્રહ્મ તત્ત્વથી) રહિત છે, વિજાતીય ભેદે રહિત છે, ને સ્વગત-પરગત ભેદે રહિત છે. અને વળી તે બ્રહ્મ કેવા છે ? તો, જે બ્રહ્મ વડે એ સર્વે ભેદની સિદ્ધિ છે, ને તે સર્વના અંતર્યામી છે, ને સર્વના પ્રેરક છે, ને એકરસ સ્વરૂપ છે, ને અખંડ જ્ઞાનેયુક્ત છે, ને ત્રણ અવસ્થાના સાક્ષી છે, ને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના સાક્ષી છે, ને વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત જે ત્રણ લિંગ તેના સાક્ષી છે.

એટલા માટે બ્રહ્મને એ સર્વેનું જાણપણું છે, એ સર્વેનું ઈશ્વરપણું છે, ને એ સર્વેનું નિયંતાપણું છે, ને એ સર્વેનું કર્તાપણું છે, ને એ બ્રહ્મ કૂટસ્થ છે, ને પુરુષ-પ્રકૃતિ આદિક એ સર્વેમાં મળી રહ્યા છે, ને એ સર્વનાં મન-વાણીને અગોચર છે.

૨૯૯. મૂળ પ્રકૃતિનું નિરૂપણ

અને હે પરમહંસો ! તમે કહેશો જે, મૂળ પ્રકૃતિ તે આત્મા નહીં ? તો, મૂળ પ્રકૃતિ તો અનાદિ સિદ્ધ છે. સૂક્ષ્મપણું, અચળપણું, અખંડપણું, સર્વે બ્રહ્માંડને વિષે વ્યાપકપણું અને નિર્લેપપણું, અને અષ્ટ આવરણોને વિષે જે બ્રહ્માંડાભિમાની છે તે સંગાથે સંબંધપણું છે. અને તે માયાની સત્તાને વિષે અનંત બ્રહ્માંડ ઊપજે છે. ને તે માયા ચોવીશ તત્ત્વનું પણ કારણ છે. અને તે માયા કેવી છે ? તો, પોતાને સ્વરૂપે વિકારને પામતી નથી, ને ત્રણ ગુણનું કારણ છે, ને સમસ્ત કાર્યની ઉત્પત્તિનું કારણ છે, અને સમસ્ત કાર્ય થકી ભિન્નપણે કરીને રહે છે, અને માયા શુદ્ધપણે રહી છે તોય પણ માયા આત્મા નહીં.

૩૦૦. માયાના દ્રષ્ટા-બ્રહ્મનું નિરૂપણ

માયાના દ્રષ્ટા તે આત્મા છે, ને તે બ્રહ્મ છે, ને તે અકર્તાપણે રહ્યા છે, ને તે આત્મા અવિકારી છે, અને સ્થૂળાદિક ગુણે રહિત છે,

ને સચ્ચિદાનંદરૂપ છે, શુદ્ધ, બુદ્ધ, નિત્ય, માયા થકી મુક્તસ્વરૂપ છે, આદિત્ય વર્ણ છે, ને તમ થકી પર છે. અને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ આદિક ત્રણ અવસ્થા તેના સાક્ષીપણે કરીને રહ્યા છે ને પોતે સ્વપ્રકાશ છે. અને પોતા થકી જ ચૈતન્યરૂપ છે, અને અનંત છે, સૂક્ષ્મ છે, નિર્લેપ છે, અચળ છે, સત્ત્વાદિક ગુણે રહિત છે.

હે પરમહંસો ! **એ આત્માને વિષે આત્મબુદ્ધિ રાખીને('હું બ્રહ્મ છું' એમ માનીને) મારી ઉપાસના કરવી; તેણે કરીને હું પ્રસન્ન છું.** એ રીતે 'ત્વં' પદનો નિર્ણય કહ્યો.

૩. 'असि' પદ વિવેચન

હે પરમહંસો ! હવે **'असि'** પદને કહીએ છીએ. 'અસિ' પદે કરીને ચિદાનંદસ્વરૂપ જે બ્રહ્મ તેને કહીએ છીએ. એ બ્રહ્મ આકાશાદિક જે સમસ્ત પ્રપંચ તેના સાક્ષીરૂપ છે, અને જીવ-ઈશ્વરના નિયંતા છે, ને માયા ને વિદ્યા તેના પ્રવર્તાવનારા છે; અને કાળ, કર્મ ને સ્વભાવના ઉપાદાન કારણ છે. અને જેની સત્તાએ કરીને પુરુષ-પ્રકૃતિમય જે સમસ્ત પ્રપંચ તે ઊપજ્યો છે અને જેની સત્તાએ કરીને શોભે છે.

અને તે બ્રહ્મ અનંત શક્તિએ કરીને યુક્ત છે, ને સર્વમાં વ્યાપક છે ને સર્વેને ધારી રહ્યા છે અને સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જે વિરાટ તેનાં સર્વે અંગને ધરી રહ્યા છે. અને સર્વના જ્ઞાતાપણે છે, ને સર્વના કારણપણે છે, અને સર્વના કર્તાપણે છે, સર્વના પ્રતિપાલકપણે છે, ને સર્વના સંહારપણે છે ને સર્વના આત્મા છે, ને પ્રકૃતિ થકી પર છે, ને પ્રકાશવર્ણ છે, અને અતિ સૂક્ષ્મમાં અતિશે સૂક્ષ્મ છે, અને જે બ્રહ્મ બાહ્યદષ્ટિએ કરીને દૂર થકી પણ દૂર રહ્યા છે. હે પરમહંસો ! **તે બ્રહ્મ પોતાના હૃદયને વિષે સાક્ષીપણે કરીને સમીપે રહ્યા છે; તેને અંતરદષ્ટિએ કરીને જોવા.**

અને હે પરમહંસો ! **'ત્વં'** પદ **'તત્'** પદ **'અસિ'** પદ - એ ત્રણ પદે કરીને જીવ, ઈશ્વર ને બ્રહ્મનું અનાદિ સત્યપણું પ્રતિપાદન કર્યું છે.

અને એ બ્રહ્મ નિયંતા છે અને પ્રકૃતિપુરુષ (ઈશ્વર) નિયામ્ય છે. અને પ્રકૃતિપુરુષ નિયંતા છે, અને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક સર્વ જીવ નિયામ્ય છે. અને તે જીવ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય જે પંચકોશ તેને એક એક કેડે ભજે છે. અને એ પંચકોશને વિષે જીવ છે, તે વિવેકજ્ઞાને કરીને જણાય છે; ને જીવાડે છે તે માટે જીવ છે. અને એ પંચકોશાત્મક જે જીવ તે વિરુદ્ધ અંશી છે અને એની ઉત્પત્તિ માયાત્મક જીવ થકી છે.

૩૦૧. ચિદંશી જીવનું નિરૂપણ

હે પરમહંસો ! જે ચિદંશી જીવ છે તે કહીએ છીએ. અને તે **'ચિદંશી જીવ'** શબ્દ આટલે નામે કહેવાય છે. જીવ કહીએ, પુરુષ કહીએ, ક્ષેત્રજ્ઞ કહીએ, આત્મા કહીએ, સંકર્ષણ કહીએ, પ્રદ્યુમ્ન કહીએ, અનિરુદ્ધ કહીએ અને વાસુદેવ કહીએ, ચિદંશ કહીએ કહેતાં ચિદ્ જે બ્રહ્મ તેનો અંશ કહીએ; એ રીતે એક થકી એક વિશેષ કહ્યા છે.

અને એ જીવ પ્રકૃતિને વિષે રહી એવી મને સહિત જે છ ઈન્દ્રિયો તેને જાણે છે; તે સારુ એ જીવને બ્રહ્માંશ જાણવો. અને એ સર્વે જીવ બ્રહ્મ સાથે અભેદપણે વર્તે છે; તે સારુ એને બ્રહ્મની મૂર્તિઓ જાણવી. અને તે બીજા જીવના કલ્યાણને અર્થે પ્રગટ થાય છે. અને એમને વિષે પુરુષોત્તમનું અન્વયપણું જાણવું અને એને કર્તા કહીએ, એને પાલક કહીએ, એને સંહર્તા કહીએ અને પ્રકૃતિવશ જે સર્વ જીવ તેમના મોક્ષદાતા કહીએ. ને સદ્‌વાસનાએ યુક્ત જે સર્વ જીવ તેમને કર્મફળના પ્રદાતા કહીએ. ને એને વૈકુંઠનાથ કહીએ અને અનંતકોટી બ્રહ્માંડરૂપ છે શરીર જેનું એવા કહીએ, અને અક્ષરાત્મક કહીએ, અને સનાતન જે સત્યલોક, કૈલાસ, વૈકુંઠ તેમના અધિષ્ઠાતાપણે કરીને અને મહારાજાધિરાજપણે કરીને રહ્યા એવા કહીએ.

અને (સર્વ વેદને વિષે ૧. પ્રજ્ઞાનં, ૨. આનંદં, ૩. બ્રહ્મ, ૪. અહં, ૫. બ્રહ્મ, ૬. અસ્મિ, ૭. તત્, ૮. ત્વં, ૯. અસિ, ૧૦. અયં, ૧૧. આત્મા, ૧૨. બ્રહ્મ; એ) પ્રજ્ઞાનાદિક જે બાર મહાવાક્ય છે, તે એનાં સ્વરૂપના લક્ષ્ય(પુરુષોત્તમ)ને જણાવ્યાના અર્થે છે. અને સર્વ વેદો એને ગાય છે. અને કલ્યાણનો માર્ગ પણ એ થકી જ છે; કાં તો એના ભક્ત જે નારદાદિક તે થકી જ છે. અને કાં પોતે સ્વયં પુરુષોત્તમ તે રામ-કૃષ્ણાદિક મૂર્તિએ (રૂપે) પ્રગટ થાય છે; તે દ્વારે કરીને કલ્યાણ છે. ને એના સ્વરૂપના જ્ઞાનથકી કૈવલ્ય મોક્ષ થાય છે. એ પ્રમાણે **'तत्त्वमसि'**નો અર્થ કર્યો.

૩૦૨. 'अयमात्मा ब्रह्म' - મંત્રવિવેચન

૧. 'अयं' પદનું નિરૂપણ

અને હે પરમહંસો ! હવે **'અયં'** શબ્દનો નિર્ણય કહીએ છીએ. 'અયં' શબ્દ જે તે 'सोऽयं देवदत्तः'ની પેઠે સૃષ્ટિના આદ્ય ને સૃષ્ટિના મધ્યે ને સૃષ્ટિના અંતને વિષે રહ્યા એવા જે વ્યૂહરૂપે પુરુષ આત્મા તેને જણાવવા પરાયણ છે. એ 'અયં' શબ્દે કરીને કહ્યા જે આત્મારૂપ પુરુષ તે સમસ્ત પ્રપંચના દ્રષ્ટા છે. ને પ્રપંચને વિષે ભિન્ન થકા સાક્ષીપણે રહ્યા છે. અને જેમ સૂર્ય જગતને પ્રકાશે છે તેમ એ પુરુષ પ્રથમ માયાને પ્રકાશે છે અને માયા દ્વારે કરીને મહત્તત્ત્વાદિકને પ્રકાશે છે. ને મહત્તત્ત્વાદિક દ્વારે કરીને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃતને પ્રકાશે છે. અને તે દ્વારે કરીને સમસ્ત જગતને પૃથક્ પૃથક્પણે પ્રકાશે છે.

અને તે અનંતકોટી બ્રહ્માંડના આધારભૂત છે, ને અનંતકોટી બ્રહ્માંડને પૃથક્ પૃથક્પણે પ્રકાશે છે. અને તે 'અયં' શબ્દે કરીને કહેવાય. વાસુદેવાદિક વ્યૂહરૂપે કરીને અને સુષુપ્તિના સાક્ષીપણે કરીને, જેની ચૈતન્યમાત્ર સત્તાએ કરીને સમગ્ર જગત ચૈતન્ય થાય છે, **જેમ સૂર્યને**

પ્રકાશે કરીને ચક્ષુમાં પ્રકાશ થાય છે, ને ચક્ષુ તે પછી સૂર્યને દેખે છે તેમ એ બ્રહ્મની કૃપાએ કરીને મુમુક્ષુની બુદ્ધિને વિષે એનો પ્રકાશ આવે છે, તે બુદ્ધિએ કરીને બ્રહ્મને દેખે છે.

એવો જે આત્મા તે હે પરમહંસો ! જોવા યોગ્ય છે, સાંભળવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે, નિદિધ્યાસ કરવા યોગ્ય છે, અને સાક્ષાત્કાર કરવા યોગ્ય છે. અને એવો જે આત્મા તે 'અયં' શબ્દે કરીને કહીએ છીએ. એ રીતે 'અયં' શબ્દનો નિર્ણય કહ્યો.

૨. 'आत्मा' પદનું નિરૂપણ

હે પરમહંસો ! હવે **'આત્મા'** શબ્દનો નિર્ણય કહીએ છીએ. તે આત્માને જ બ્રહ્મ કહીએ. એને જ એ વ્યૂહરૂપ અંકુરના કંદરૂપ કહીએ. એ વ્યૂહરૂપ અંકુરને સત્, ચિત્, આનંદના દેનાર કહીએ. તે માટે એ આત્મા સમસ્ત વ્યૂહની ઉત્પત્તિનું કારણરૂપ છે. અને એ આત્મા નિર્ગુણ છે, નિરામય છે, નિરંજન છે અને એ આત્માની નવ પ્રકારની શક્તિ છે : ૧. સર્વજ્ઞતા, ૨. તૃપ્તિ, ૩. અનાદિ બોધ, ૪. સ્વતંત્રતા, ૫. નિત્યતા, ૬. અલુપ્ત શક્તિ, ૭. ઇચ્છા, ૮. ક્રિયા, ૯. જ્ઞાન; એ રીતે નવ શક્તિઓએ યુક્ત જે આત્મા તે એ વ્યૂહના બીજરૂપ છે ને મૂળ કંદરૂપ છે.

અને એ આત્મરૂપ કંદના ત્રણ બીજા પણ અંકુર છે. તે કયા ? તો, ૧. કાળ ૨. કર્મ ૩. સ્વભાવ; એ ત્રણ અંકુર વડે કરીને મૂળ પ્રકૃતિની ઉત્પત્તિ થાય છે. અને એને વિષે મૂળ પ્રકૃતિ રહે છે પણ ખરી. અને જેમ વ્યૂહના બીજ(કારણ) આત્મા છે, તેમ તે પ્રકૃતિ અનંત બ્રહ્માંડોના બીજરૂપ(કારણરૂપ) છે. તે મૂળ પ્રકૃતિનું કાળ ઉપાદાન સ્વરૂપ છે, અને કર્મ પ્રેરક સ્વરૂપ છે, ને સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છે. તેણે કરીને મૂળ પ્રકૃતિ વિકારાવસ્થાને પામીને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક અનંત સંતાનને જણે છે.

અને આત્મા એ સર્વનો પ્રેરક છે. તે આત્મા વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધરૂપે કરીને તત્ત્વરૂપે જાણવા અને (એ) ચાર પ્રકારે છે. તેમાં વાસુદેવ તે મહત્તત્ત્વરૂપે જાણવા, તેવી જ રીતે સંકર્ષણ કાળરૂપે જાણવા અને પ્રદ્યુમ્ન કર્મરૂપે જાણવા ને અનિરુદ્ધ સ્વભાવરૂપે જાણવા. એવી રીતે ચાર પ્રકારે આત્મા જે બ્રહ્મ તે થાય છે.

હવે વાસુદેવને મહત્તત્ત્વરૂપે કહ્યા, તે કેમ જાણવા ? તો, તે જગતના પ્રવર્તાવનાર બીજરૂપ(કારણરૂપ) જે મહત્તત્ત્વ તે રૂપે જાણવા. અને કાળના પ્રવર્તાવનારા સંકર્ષણ જાણવા અને કર્મના પ્રવર્તાવનારા પ્રદ્યુમ્નને જાણવા અને સ્વભાવના પ્રવર્તાવનારા અનિરુદ્ધ થાય છે. એ ચારે મૂર્તિઓ બ્રહ્મની છે. અને તે બ્રહ્મ અક્ષરરૂપ છે, ને અક્ષર પુરુષોત્તમરૂપ છે. અને માયા જે છે તે ચોવીશ તત્ત્વરૂપે છે અને પંચવીશમો તો વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃતનો જીવ જાણવો.

અને ચાર પ્રકારે જે બ્રહ્મ તે માયા સાથે મળીને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે જગત, તેને વૃક્ષાકારે કરીને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ તો વૈકુંઠ ઊપજે છે, તે વૈકુંઠ મહત્તત્ત્વાત્મક છે, ને સનાતન છે અને તે મહત્તત્ત્વ શુદ્ધ સત્ત્વાત્મક છે, ને જ્યોતિર્મય છે, અને તેજોમય છે, જ્ઞાનમય છે, આનંદમય છે, ને સુખમય છે, અને તે વૈકુંઠના અધિષ્ઠાતા વાસુદેવ આદિનારાયણરૂપે ચતુર્ભુજ છે. તે અલંકારે સહિત છે, અને અષ્ટ સિદ્ધિએ સહિત છે, અને આયુધે સહિત છે, અને અનંત શક્તિઓએ સહિત છે, ને કોટી સૂર્ય જેવા તેજસ્વી છે અને કોટી યમ જેવા દુર્ધર્ષ(જીતાય નહિ એવા) છે, ને લક્ષ્મીજીએ યુક્ત છે અને તે મહાપુરુષ સગુણ બ્રહ્મ કહેવાય છે.

અને દુઃખે જણાય એવું જે આત્મતત્ત્વ તે મુમુક્ષુને જણાવવાને અર્થે મૂર્તિઓનું ગ્રહણ કરે છે. અને તે વૈકુંઠવાસી સર્વે ચાર ભુજાવાળા છે ને સર્વે પોતાની સ્ત્રીઓએ યુક્ત થકા આત્મજ્ઞાનને અર્થે વૈકુંઠનાથની ઉપાસના કરે છે, એવો વૈકુંઠ છે.

અને તેની ડાબી કોરે શિવલોક છે. ત્યાં સ્ત્રીઓએ સહિત શિવ વસે છે. અને તે શિવના ભક્ત પણ આત્મજ્ઞાનને અર્થે શિવનાં ચરણારવિંદની ભક્તિ કરે છે. અને તેથી હેઠો સત્યલોક છે. તેને વિષે સાવિત્રીએ યુક્ત બ્રહ્મા રહે છે. તે બ્રહ્માનાં ચરણારવિંદની નૈષ્કર્મ્ય યુક્ત જે આત્મજ્ઞાન તેની પ્રાપ્તિને અર્થે નારદાદિક ભક્તિ કરે છે.

અને તે સત્યલોકની આસપાસ બીજા લોક છે : તપલોક, જનલોક, મહર્લોક, દેવલોક, ભુર્લોક, નક્ષત્રલોક, ચંદ્રલોક, સૂર્યલોક, ઇન્દ્રલોક, અગ્નિલોક, યમલોક, નૈરતલોક, વરુણલોક, વાયુલોક, કુબેરલોક, ઈશાનલોક, યોગીણીલોક, તેને હેઠે મેરુ સંબંધી બીજા લોક છે. અને તે મેરુને હેઠે પૃથ્વી છે, અને પૃથ્વીને હેઠે શેષનાગ પર્યંત સાત લોક છે. અને એ સર્વ લોક અને સર્વે લોકના નિવાસી તે સર્વ બ્રહ્મસત્તાને આશરે રહ્યા છે. તે સારુ **હે પરમહંસો ! એ આત્મસત્તા વિના સર્વે લોક રહેવાને સમર્થ નથી. તે સારુ આત્મારૂપે કરીને પરબ્રહ્મની ઉપાસના કરવી.** એ રીતે 'આત્મા' શબ્દનો નિર્ણય કહ્યો.

૩. 'બ્રહ્મ' પદનું નિરૂપણ

હે પરમહંસો ! હવે **'બ્રહ્મ'** શબ્દનો નિર્ણય કહીએ છીએ. આત્માનું એક બ્રહ્માંડને વિષે વ્યાપકપણું ને આધારપણું છે, ને બ્રહ્મનું અનંત બ્રહ્માંડને વિષે વ્યાપકપણું ને આધારપણું અને મોટાપણું છે; માટે બ્રહ્મ કહેવાય છે. અને આકાશવત્ પૂર્ણ છે ને અછેદ્ય, અભેદ્ય છે. અને જેમ આકાશ ચારે તત્ત્વને ધરી રહ્યો છે, ને માંહી-બાહેર સરખો છે ને સર્વના કારણપણે રહ્યો છે ને શુદ્ધ છે. ને જેમ આકાશ સર્વ પદાર્થને વિષે રહ્યો છે, તેમ બ્રહ્મ સર્વ બ્રહ્માંડને વિષે રહ્યો છે ને શુદ્ધ છે.

હે પરમહંસો ! એ બ્રહ્મની પ્રાપ્તિ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થાના સાક્ષીપણે રહેવે કરીને જ થાય છે. ને એ બ્રહ્મ જણાય છે,

ને પમાય છે, ને વિચારમાં આવે છે. અને સત્શાસ્ત્ર, સત્સંગ, સદ્‌ગુરુને પ્રતાપે કરીને એ બ્રહ્મ પમાય છે. એ રીતે 'બ્રહ્મ' શબ્દનો નિર્ણય કહ્યો.

૩૦૩. આત્મવર્ણન તથા તેના સાક્ષાત્કારનું ફળ

અને જે શાસ્ત્રમાં પરબ્રહ્મ જે પુરુષોત્તમ તે રામ-કૃષ્ણાદિકરૂપે કરીને મનુષ્યદેહને ગ્રહણ કરે છે. તેનું જેમાં પ્રતિપાદન હોય તેને સત્શાસ્ત્ર જાણવું. તે શાસ્ત્રે કરીને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. ને બ્રહ્મવિદ્યાએ કરીને હે પરમહંસો ! આત્માની સાક્ષાત્કાર પ્રાપ્તિ થાય; જેમ યજ્ઞે કરીને ઈન્દ્રાદિકના લોકની પ્રાપ્તિ થાય છે તેમ.

હે પરમહંસો ! હવે આત્માનો સિદ્ધાંત કહીએ છીએ. તે આત્મા કેવો છે ? તો, દેશકાળનાં આવરણે રહિત છે અને સત્તામાત્ર છે. અને પોતે પોતાને વિષે સ્થિત છે એવો જે આત્મા તે ચિત્તથી પર છે, અવિદ્યાથી પર છે, મનથી પર છે, જીવથી પર છે, અને એ સર્વેનો દ્રષ્ટા છે. અને **જીવને જ્યારે એ આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે ચિત્તનો નાશ થઈ જાય છે. જેમ સૂકું ખડ અગ્નિએ કરીને બળી જાય છે, તેમ આત્મજ્ઞાનરૂપ અગ્નિએ કરીને ચિત્ત બળી જાય છે.**

૩૦૪. જીવનમુક્તની સ્થિતિ તથા લક્ષણો

હે પરમહંસો ! જે જીવનમુક્ત પુરુષ છે તે પર-અવરને હસ્તામલવત્(હાથમાં રહેલા આમળાની જેમ) દેખે છે. અને બ્રહ્મદષ્ટિ આવી છે તેણે કરીને શુદ્ધ ચિત્ત ઉત્પન્ન થયો છે. અને વાસનારૂપી ચિત્તનો નાશ થઈ ગયો છે. અને **તે શુદ્ધ ચિત્ત બ્રહ્મનું જ ચિંતવન કરે છે.** અને તે ચિત્ત શાંત છે, ને ચૈતન્ય છે, અને તે ચિત્તને વિષે આત્મજ્યોતિ ભાસે છે, અને જગતની સત્યતાની નિવૃત્તિ થઈ ગઈ છે, અને દ્રષ્ટાને વિષે સ્થિત છે એવું જેનું ચિત્ત થયું છે, તે જીવનમુક્ત દેહે કરીને ક્રિયા કરે છે, પણ મોહને નથી પામતો. અને **દેહને પોતાથી છેટે દેખે છે, જેમ બીજા દેહ (છે) તેમ.**

અને જેમ શેકેલું બીજ ઊગતું નથી, તેમ જીવનમુક્ત પંચવર્તમાનને રાખે છે. તેનાં જે શુભ કર્મ થાય છે, તે કર્મે કરીને દેહને નથી ધરતો. અને અશુભ કર્મ તો કરે જ નહીં. નિવૃત્તિપરાયણ જ રહે છે. પ્રવૃત્તિનું તો ગ્રહણ કરે જ નહીં. અને તે જીવનમુક્ત ચૈતન્યપણે જ વિચરે છે, પણ દેહને તો માનતા જ નથી.

અને એ (અક્ષરબ્રહ્મરૂપ) ચૈતન્ય કેવું છે ? તો, એ ચૈતન્યની શક્તિ કાળ છે. ને શુદ્ધ માયા છે અને તે શુદ્ધ માયાને વિષે જોઈ રહ્યા છે. અને તે જોવે કરીને શુદ્ધ સત્ત્વાત્મક પુરુષ થકી ગોલોક ને વૈકુંઠ આદિક લોક પોતાને રહ્યાને અર્થે પ્રગટ થઈ આવે છે. અને વિકારાવસ્થા જે માયા તેને વિશે જોવે કરીને વિકારાવસ્થાત્મક અક્ષરપુરુષ(મહાપુરુષ) થકી આવરણે સહિત અંડના સમૂહ, તે બુદબુદા ને તરંગની પેઠે ઊઠે છે અને સમાય છે. જેમ મહાજળને વિષે અનંત બુદબુદા ને તરંગ ઊઠે છે ને શમે છે, તેમ એક શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિએ કરીને એ માયાને વિષે ક્ષુદ્ર વિરાટરૂપ(વૈરાટનારાયણ) અને મહાવિરાટરૂપ(પ્રધાનપુરુષ) બુદબુદા ને તરંગ તે ઉત્પત્તિકાળે કરીને ઊઠે છે અને પ્રલયકાળે કરીને શમે છે. અને તે ચૈતન્યને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ, અક્ષરબ્રહ્મ કહીએ, પુરુષોત્તમનું ધામ કહીએ; અને અનંતકોટી જે કૈવલ્યમુક્ત તેને રહ્યાનું સ્થાનક કહીએ; અને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિના સાક્ષી કહીએ.

હે નિષ્પાપ પરમહંસો ! **જેમ માયારૂપી સમુદ્રમાંથી અનંતકોટી મહાવિષ્ણુ(પ્રધાનપુરુષ) ને ક્ષુદ્ર વિરાટરૂપ(બ્રહ્માંડરૂપ) તરંગ ઊપજે છે અને સમાય છે, તેમ અક્ષરરૂપ ચૈતન્ય મહાસમુદ્રમાંથી મહાકારણ દેહ તુર્યાવસ્થાએ યુક્ત એવા અનંતકોટી જીવનમુક્ત પુરુષોત્તમની ઇચ્છાએ કરીને બદ્ધ જીવોના કલ્યાણને અર્થે તરંગ બુદબુદાની પેઠે ઊપજે છે અને વળી પાછા અક્ષરરૂપ ચૈતન્યને વિષે સમાય છે.**

તે જીવનમુક્ત કેવા છે ? તો, જેમની અક્ષરને વિષે આત્મબુદ્ધિ છે અને મહાકારણ શરીરે કરીને એ સર્વ જીવનમુક્તને માંહોમાંહી પૃથક્પણું છે. અને સર્વેને અક્ષરને વિષે જે આત્મબુદ્ધિ છે, તેણે કરીને એકપણું છે અને અદ્વિતીયપણું છે. અને **મહાકારણ દેહે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે, તે સારુ સર્વેને પૃથક્પણું છે. અને જ્યારે અક્ષરને વિષે એ સર્વે આત્મબુદ્ધિ માને છે, ત્યારે અક્ષરરૂપે કરીને પુરુષોત્તમની ઉપાસના કરે છે.**

હે પરમહંસો ! એવો જે અનંતરૂપ અક્ષર આત્મા છે, તે તમારું રૂપ છે. અને એવો જે ચિદાત્મા છે તેને તમે સુષુપ્તિનો સાક્ષી જાણજો. અને શુદ્ધ માયા ને કાળ તેના પણ એ દ્રષ્ટા જાણજો. અને મહત્તત્ત્વાદિકનું કારણ વિકારાવસ્થા જે માયા તેના અને તે થકી જે બ્રહ્માંડનો સર્ગ, તે સર્વેના એ દ્રષ્ટા જાણજો. અને પુરુષોત્તમની ઈચ્છાએ શુદ્ધ માયાના દ્રષ્ટા એવા જે પુરુષ તે આકાશની પેઠે વિસ્તારને પામે છે ત્યારે એ અક્ષરને વિષે પુરુષોત્તમ અને મહાકારણ દેહવાળા પુરુષ તે સર્વે રહે છે; જેમ આકાશને વિષે શબ્દ રહે છે તેમ પુરુષોત્તમ રહે છે.

અને ક્યારેક પુરુષોત્તમની ઈચ્છારૂપ જે શક્તિ પુરુષોત્તમને વિષે લીન થાય છે, ત્યારે એ અક્ષરપુરુષ(અક્ષરબ્રહ્મ) અણુની પેઠે પુરુષોત્તમને વિષે લીન થાય છે. જેમ આકાશ કાર્યે સહિત શબ્દને વિષે લીન થાય છે, તેમ પુરુષોત્તમને વિષે લીન થાય છે; ત્યારે એક અદ્વિતીયપણે કરીને પુરુષોત્તમ રહે છે, બીજું અક્ષરાદિ કાંઈ રહેતું નથી.

૩૦૫. આત્મા તથા અક્ષરબ્રહ્મ એકરૂપ જ છે.

હે પરમહંસો ! **મહાચૈતન્યરૂપ જે સમુદ્ર છે, તે તમારું સ્વરૂપ છે.** અને એવો જે આત્મા તત્ત્વ છે, તે જ સર્વે જગતનો પ્રકાશક છે. અને જેમ સૂર્ય થકી પ્રકાશ નોખો નથી, તેમ સુષુપ્તિનો સાક્ષી(આત્મા) અક્ષરબ્રહ્મ થકી નોખો નથી. અને સાક્ષીથી શુદ્ધ વિચાર નોખો નથી, એકરૂપ જ છે. અને શુદ્ધ વિચારથી '**अहं ब्रह्मास्मि**' એવો અહંકાર નોખો

નથી અને શુદ્ધ વિચારથી જીવ નોખો નથી. અને જીવથી મન નોખું નથી, ને મનથી ઇન્દ્રિયો નોખી નથી, ને ઇન્દ્રિયોથી દેહ નોખો નથી, ને દેહથી જગત નોખું નથી (અર્થાત્ બધું ભેળું ભેળું જ છે).

તે માટે વિચારે કરીને જીવને ત્રણ શરીર અને ત્રણ અવસ્થાથી નોખો પાડવો અને નોખો પાડીને સુષુપ્તિના સાક્ષીને વિષે આત્મબુદ્ધિ રાખવી (આત્મારૂપ થાવું). અને ત્રણ દેહ ને ત્રણ અવસ્થાને અસત્ય જાણવાં અને પરમાત્માની ઉપાસના કરવી. અને જેમ ઘટાકાશ મઠાકાશ સાથે એકપણે વરતે છે ને મઠાકાશ મહદાકાશ સાથે એકપણે વરતે છે, તેમ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિનો સાક્ષી(આત્મા) તે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના સાક્ષી(મહાપુરુષ) સાથે એકપણે વરતે છે. અને તે પ્રલયનો સાક્ષી તે શુદ્ધબ્રહ્મ(અક્ષરધામ) સાથે એકપણે વરતે છે. અને તે શુદ્ધબ્રહ્મની દૃષ્ટિ પરમાત્મા સામી છે અને પ્રતિલોમપણે વર્તે છે અને પુરુષોત્તમ લોમપણે કરીને વર્તે છે.

૩૦૬. પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ

તે પુરુષોત્તમના સ્વરૂપને કેમ જાણવું ? અને અક્ષરબ્રહ્મ લોમપણે કરીને વરતે છે, તે અક્ષરબ્રહ્મના સ્વરૂપને કેમ જાણવું ? તે એમ છે જે, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિનો જે સાક્ષી(આત્મા) અને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયનો જે સાક્ષી(વૈરાટથી મહાપુરુષ) અને તેથી પર જે શુદ્ધબ્રહ્મ(નિર્ગુણ અક્ષરધામ) અને તેથી પર જે પરમાત્મા, તે પરમાત્મા બ્રહ્મરૂપે(સગુણ અક્ષરરૂપે) કરીને જે એ બે સાક્ષી તેની સાક્ષતાને ગ્રહણ કરે છે. (એ જ અક્ષરબ્રહ્મનું લોમપણું કહેવાય.) અને એ બે જે સાક્ષી કહ્યા છે, તે બે રૂપે તો અક્ષર(સગુણ અક્ષર) થયા છે (પરમાત્મા નહીં). અને શુદ્ધબ્રહ્મ(નિર્ગુણ અક્ષરધામ) છે, તે તો દૃશ્ય સાથે જોડાતા નથી અને અક્ષર(સગુણ અક્ષર) તો દૃશ્ય સાથે જોડાય છે.

૩૦૭. અક્ષરનાં સગુણ-નિર્ગુણ બે સ્વરૂપ

બીજું અક્ષરનાં બે રૂપ છે. એક તો શુદ્ધ ચિદાકાશરૂપ છે, તે દેહે કરીને પુરુષોત્તમને અને શુદ્ધ બ્રહ્મસૃષ્ટિને ધરી રહ્યા છે, તે અક્ષરનું નિર્ગુણ સ્વરૂપ છે.

અને બીજું અક્ષરનું સગુણ સ્વરૂપ છે. તે રૂપે કરીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ એવા જે ઈશ્વરકોટી તેને; જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ અને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ બેય વ્યષ્ટિ-સમષ્ટિદેહને; સુષુપ્તિના સાક્ષીપણે કરીને અને માયાના સાક્ષીપણે કરીને અનેક કોટી બ્રહ્માંડાભિમાનીને; અને અનેક કોટિ પિંડાભિમાનીને ધરી રહ્યા છે અને નિર્ગુણરૂપે પૃથક્ પણ છે. (અને આ નિર્ગુણ અક્ષરધામરૂપે પુરુષોત્તમ સહિત સમગ્ર શુદ્ધ બ્રહ્મસૃષ્ટિને ધરી રહ્યા છે.)

અને અક્ષરબ્રહ્મ સગુણરૂપે કરીને કાળ, માયા, મહાવિષ્ણુ, વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ એ આદિક જે અનંત બ્રહ્માંડોની ઉપાધિ તેને ધરી રહ્યા છે. અને પોતે પુરુષોત્તમની ઉપાસનાને વિષે તત્પર છે. ને સાક્ષીપણે કરીને સમગ્ર બ્રહ્માંડ સંબંધી ઉપાધિ છે તેના અંતર્યામી છે, ને દ્રષ્ટા છે તે આપણે સમીપે વરતે છે, ને સુષુપ્તિના સાક્ષીરૂપે કરીને રહ્યા છે.

હે પરમહંસો ! **એને વિષે આત્મબુદ્ધિ રાખવી અને એ વિચારે કરીને જીવનમુક્ત થાવું.** અને એવા જે જ્ઞાનવાન છે તે મન, ઈન્દ્રિય ને દેહને પ્રવૃત્તિની ચેષ્ટા કરવા દેતા નથી.

૩૦૮. બ્રહ્મરૂપ થવા માટેની શ્રેષ્ઠ સમજણ

હે નિષ્પાપ પરમહંસો ! જ્ઞાનવાનને પ્રવૃત્તિમાર્ગનું(જગતને અર્થે કરવામાં આવતી પ્રવૃત્તિનું) ગ્રહણ ન કરવું, ને નિવૃત્તિમાર્ગનો(ભગવાનને અર્થે કરવામાં આવતી પ્રવૃત્તિનો) ત્યાગ ન કરવો અને અંતરે કરીને

આકાશવત્ જે આત્મા છે તેને વિષે સ્થિતિ રાખવી અને દેહે કરીને વર્તમાનને વિષે ખબરદાર રહેવું અને કાષ્ટ-પાષાણની પેઠે અંતરને વિષે હર્ષ-શોકે રહિત રહેવું.

હે પરમહંસો ! એમ સમજવું જે, **અમે અમારું સ્વરૂપ જે આત્મા તેને વિષે રહ્યા છીએ. હવે અમારી અવિદ્યા નિવૃત્તિ પામી છે ને આત્માના આનંદે કરીને તૃપ્ત થયા છીએ.** જેમ અનાવૃષ્ટિએ કરીને પૃથ્વી તપી હોય, તે વરસાદે કરીને તૃપ્ત થાય છે, તેમ અમે પોતાના સ્વરૂપના જ્ઞાને કરીને શીતળ થયા છીએ; અને અમને આત્મા ચારેપાસે ભાસે છે. ને જેને એમ ભાસે છે તે પૂરણ જ્ઞાનવાન છે. અને વર્તમાનને વિષે રહે છે. અને પ્રકાશરૂપ જે સત્તા ભાસે છે, તે નિર્મળ બ્રહ્મસત્તા પોતાના મહિમાને વિષે રહી છે. જેમ નાના પ્રકારના તરંગ સમુદ્રને વિષે રહે છે, તેમ બ્રહ્મસત્તા બ્રહ્મને વિષે રહે છે. તે સારુ ગ્રહણ કરવા યોગ્ય બ્રહ્મ છે ને જગત ત્યાગ કરવા યોગ્ય છે. અને જે જ્ઞાનદૃષ્ટિ પામ્યો છે, તે પ્રકાશરૂપે બ્રહ્મસત્તાને દેખે છે અને તેને બ્રહ્મસત્તા સુખે ભાસે છે.

અને જેને પરમેશ્વરનો વિશ્વાસ નથી, તે તો અતિ કષ્ટ કરે છે તોય પણ બ્રહ્મસત્તા નથી ભાસતી અને જ્ઞાનીનો તો નિશ્ચે શું છે ? જે, હું બ્રહ્મ છું, નિત્ય શુદ્ધ છું, સર્વને વિષે રહ્યો છું, અને હું મરતો નથી, ને જન્મતો નથી, ને શરીરને નાશે મારો નાશ નથી થાતો, ને શરીરને જન્મે જન્મ નથી થાતો, ને જીવ વિના દેહ જન્મતો-મરતો નથી અને તે જીવને ભૂંડી વાસનાએ કરીને શરીર ભેળું જન્મ-મરણ થાય છે. અને જ્યારે વાસના નાશ થાય છે, ત્યારે એ જીવ કલંકે રહિત થાય છે; ત્યારે એને આત્મતત્ત્વ ભાસે છે. અને **જેમ શુદ્ધ વસ્ત્ર પર કેસરના છાંટાના રંગ તરત ચઢી જાય છે, તેમ નિર્વાસનિક ચિત્તને વિષે બ્રહ્મ તત્કાળ ભાસી આવે છે.**

તે બ્રહ્મ સર્વ થકી રહિત છે અને ત્રણે કાળને વિષે નિત્ય શુદ્ધ શાંતરૂપ છે. અને જેને જ્ઞાન થાય છે તે એમ જાણે છે જે, હું બ્રહ્મ છું અને આકાશની પેઠે સર્વને વિષે વ્યાપીને રહ્યો છું. અને મને દુઃખ નથી, ને મને સુખ નથી, અને મને કર્મ નથી, ને મને કાળ નથી; **જો પરમેશ્વરને આશરે રહું તો. અને સર્વ ઇન્દ્રિયોના સુખનો જેણે કરીને અનુભવ થાય છે તે હું છું.**

૩૦૯. પ્રારબ્ધાદિક કર્મનું વિવરણ

બીજું (પ્રારબ્ધકર્મ કોને કહેવાય ? તો,) સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ ને કારણ દેહ; જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા ને સુષુપ્તિ અવસ્થાને વિષે જે પ્રથમ અનાદિ કર્મ તેની પક્વ અવસ્થા અને સંચિત (કર્મ), તે કર્મોમાંથી કોઈ એક કર્મ, તેણે કરીને મનુષ્યદેહને પામ્યો, તે કર્મને ભોગવવું એનું નામ પ્રારબ્ધકર્મ છે. તે બે પ્રકારે ભોગવાય - સ્થૂળ દેહે કરીને અને સૂક્ષ્મ દેહે કરીને. એ બે દેહે કરીને એક કોઈક સંચિતનું પક્વ કર્મ તે ભોગવાય છે અને જીવ ભોક્તા છે.

અને સ્થૂળ દેહે કરીને જે કર્મ કરવું તે ક્રિયમાણ કર્મ. ને તે કર્મનો અભિમાની જીવ, તે જીવ ઇન્દ્રિયો દ્વારા કર્મને કરતો, તે ઇન્દ્રિયો થાકી ને સ્થૂળ દેહ પણ થાક્યો, તે કેડે એ જીવ સ્થૂળ દેહના અભિમાનને મૂકીને અને સ્થૂળની ભાવનાએ રહિત ને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ નવ તત્ત્વનો જે વાસનાલિંગ દેહ, તે દેહે કરીને સ્વપ્ન સંબંધી જે કર્મ તેને કરે છે, ને ભોગ ભોગવે છે, એ ક્રિયમાણ કહીએ.

અને સ્થૂળ દેહ ને સૂક્ષ્મ દેહ એ બેયમાં જે ભોગવે છે એ પ્રારબ્ધ કહીએ. અને જેમ સ્થૂળ દેહે કરીને કર્મ કરતે કરતે થાકે છે ને સૂક્ષ્મ દેહનું ગ્રહણ થાય છે, તેમ સૂક્ષ્મ દેહે કર્મ કરતે કરતે થાકે છે ત્યારે સૂક્ષ્મ

દેહના અભિમાને રહિત કારણ દેહમાં પ્રવેશ કરે છે. બીજું કારણ દેહ તો એને કહીએ જે તામસાહંકાર, રાજસાહંકાર ને સાત્ત્વિકાહંકાર એ ત્રણની જેમાંથી ઉત્પત્તિ (થાય છે). તેને કારણદેહ કહીએ ને સુષુપ્તિ અવસ્થા કહીએ.

૩૧૦. દ્રષ્ટાના સ્વરૂપનું નિરૂપણ

બીજું, સ્થૂળ-સૂક્ષ્મ એ બે દેહમાં ભોગવનારો જે અભિમાની જીવ તેનો સુષુપ્તિમાં લય થઈ જાય છે અને જીવના લયને અંતે જે રહે છે તે દ્રષ્ટા છે, સાક્ષી છે, એ(આત્મા)ને પોતાનું સ્વરૂપ માનવું.

તે દ્રષ્ટા કેવો છે ? તો, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ (જીવાત્મા), વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત, ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (ઈશ્વર) એ સર્વને જાણે છે, તે સુષુપ્તિના સાક્ષી છે. બીજું વિશ્વાભિમાની નામે જે જીવ તે જેમ સ્વપ્ન અવસ્થાને ભોગવીને સુષુપ્તિમાં લીન થઈ જાય છે, તેમ જ વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતનો અભિમાની (ઈશ્વર) તે માયામાં લીન થાય છે. તે લીન થવાને અંતે જે માયાથી પર રહે છે, તેને પોતાનું સ્વરૂપ માનવું. અને તે જ સુષુપ્તિનો સાક્ષી છે ને તે જ માયાનો સાક્ષી છે. તેને સર્વે સત્સંગી બાઈ-ભાઈએ પોતાનું સ્વરૂપ માનવું, એ સર્વનું કારણ છે. એ વિના સમગ્ર પ્રપંચ મિથ્યા છે. અને એથી પર પુરુષોત્તમ છે, તે આપણા ઈષ્ટદેવ છે, સ્વામી છે, નારાયણ છે, સ્વામિનારાયણ છે, શ્રીકૃષ્ણ છે.

૩૧૧. અવસ્થા ભેદે જીવ ત્રણ નામ ધરાવે છે.

અને (જીવાત્મા કોને કહેવાય ? તો,) સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ; એ ત્રણ દેહ તે તો જડ છે. ને એ ત્રણ દેહમાં જીવ રહ્યો છે, તે તો ચૈતન્ય છે ને સત્ય છે. અને એ જીવ ત્રણ દેહમાં રહીને ત્રણે અવસ્થાને ભોગવે છે. સ્થૂળ દેહમાં રહીને જાગ્રત અવસ્થાને ભોગવે છે. ને વિશ્વાભિમાની એવા

નામને ધરે છે અને સૂક્ષ્મ દેહને વિષે જ્યારે જીવ પ્રવેશ કરે છે, ત્યારે સ્વપ્ન અવસ્થાએ કરીને વાસનામય સુખને ભોગવે છે (સ્વપ્નાવસ્થાને ભોગવે છે), ને તેજસાભિમાની એવું નામ ધરાવે છે. ને કારણદેહમાં જ્યારે જીવ પ્રવેશ કરે છે, ત્યારે પ્રજ્ઞાભિમાની એવું નામ ધરાવે છે ને અવિદ્યારૂપ સુખને ભોગવે છે ને સુષુપ્તિમાં લીન થાય છે (સુષુપ્તિ અવસ્થાને ભોગવે છે,) તે માટે એને જીવ કહીએ.

૩૧૨. ઈશ્વરના ત્રણ શરીરનું નિરૂપણ

અને (ઈશ્વર કોને કહેવાય ? તો,) વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ જે ત્રણ દેહ તે તો જડ છે, અને એ ત્રણ દેહને વિષે પ્રવેશ કરીને રહ્યો છે, ને વિરાટાદિક ત્રણ દેહને જેણે ચૈતન્ય કર્યા છે તેને ઈશ્વર કહીએ. તેની ત્રણ અવસ્થા છે. રાત્રિપ્રલય તો એની સુષુપ્તિ અવસ્થા છે. અને રાત્રિ વિત્યા પછી જે દિવસ આવે તે એની સ્વપ્ન અવસ્થા છે. તે સ્વપ્ન અવસ્થા કઈ ? તો, જેટલા માનસીસૃષ્ટિવાળા(સંકલ્પસૃષ્ટિવાળા) છે, તે એના સૂત્રાત્મા દેહે કરીને ઊપજ્યા છે, તે એની સ્વપ્ન અવસ્થા કહીએ. અને પંચીકૃત જે વિરાટ તેણે કરીને જે ઊપજ્યા મૈથુની સૃષ્ટિવાળા સ્થૂળ દેહધારી જીવ તે એની જાગ્રત અવસ્થા છે.

અને પંચીકૃત જે વિરાટ તેનું આવરદાની - કાળની ગણનાએ કરીને સો વરસનું પ્રમાણ છે. સો વરસ કેડે જે દેહ પડે તે તો એનું મૃત્યુ કહીએ; પણ સુષુપ્તિ અવસ્થા જેમ પ્રજ્ઞાભિમાનીની છે, તેમ એની એ સુષુપ્તિ અવસ્થા નહીં; એ તો એનું મૃત્યુ છે. જેમ વિશ્વાભિમાનીને સ્થૂળ દેહનો નાશ તેમ એ વિરાટનો નાશ. અને એ વિરાટની જે ત્રણ અવસ્થા તે તો હજાર ચોકડીને અંતે જે રાત્રિ તે એની પ્રલય અવસ્થા છે.

૩૧૩. પિંડ-બ્રહ્માંડમાં એકતા જાણવી.

જેમ વિશ્વાભિમાની પોતાના હૃદયને વિષે સુષુપ્તિમાં લીન થાય છે ને સ્થૂળ દેહ રહે છે, મરતો નથી. ઈન્દ્રિયોનો વહેવાર જીવ ભેળો

સુષુપ્તિમાં લીન થઈ જાય છે, તેમ આ વિરાટનો અભિમાની છે તે પોતાની શક્તિએ સહિત પોતાના હૃદયને વિષે જે સુષુપ્તિ તેમાં લીન થઈ જાય છે. અને જે અંતે રહે છે તેને સાક્ષી કહીએ, નારાયણ કહીએ. અને એ જે વિરાટના અભિમાની જ્યારે સુષુપ્તિમાં લીન થાય છે, ત્યારે એનો સ્થૂળ જે દેહ પંચીકૃત તે રહે છે. જેમ જીવનું રહે છે તેમ એનું પણ રહે છે.

અને પિંડને ને બ્રહ્માંડને એક કરી જાણવો, લિંગને ને સૂત્રાત્માને એક કરી જાણવો, કારણને ને અવ્યાકૃતને એક કરીને જાણવો, સુષુપ્તિને ને પ્રલયને એક કરી જાણવો, અને પ્રજ્ઞાભિમાનીને ને ઈશ્વરને એક કરી જાણવો. અને સ્વપ્નને ને ઉત્પત્તિને એક કરીને જાણવી, અને તેજસાભિમાનીને ને હિરણ્યગર્ભને એક કરીને જાણવો, અને સ્થિતિને ને જાગ્રતને એક કરી જાણવી, અને વિશ્વાભિમાનીને ને વિષ્ણુને એક કરી જાણવા.

૩૧૪. જહદ, અજહદ અને જહદાજહદ લક્ષણા

અને કાર્ય ઉપાધિ ને કારણ ઉપાધિનો લક્ષણાએ કરીને ત્યાગ કરવો. અને **જહદ** લક્ષણાએ કરીને વાચ્યનો ત્યાગ કરવો ને ચૈતન્યનું ગ્રહણ કરવું. તે જહદ લક્ષણાનું ઉદાહરણ કહીએ છીએ. જેમ કોઈએ આવીને એમ કહ્યું જે, 'ગંગાને વિષે ગાયોનો વાડો છે.' ત્યારે તે વચનનો ત્યાગ કરવો જે, ગંગાના પ્રવાહને વિષે હોય તો તે તણાઈ જાય, તે સારુ કાંઠાને વિષે હશે.

હવે **અજહદ** લક્ષણા કહીએ છીએ જે, વાચ્યનો ત્યાગ ન કરવો. કોઈ કહેશે જે, 'માળો બોલે છે', 'ધોળો ઘોડો બોલે છે;' એવી રીતની જે બોલી તેને અજહદ લક્ષણા કહીએ.

હવે **ભાગત્યાગ** લક્ષણા કહીએ છીએ. જેમ કોઈએ કહ્યું જે,

'કાશીમાં દીઠો હતો તે આ પુરુષ છે;' એવી રીતની જે બોલી તેને ભાગત્યાગ લક્ષણા કહીએ.

હવે એ ત્રણ લક્ષણાનો અર્થ કહીએ છીએ. (પ્રથમ જહદ લક્ષણાનો અર્થ કહીએ છીએ.) શ્રુતિઓએ કહ્યું જે, (**'एतत्सर्वं ब्रह्म'**) 'આ સર્વ બ્રહ્મ છે' ત્યારે તેને વિષે વિચાર કરવો જે, એ જ બ્રહ્મ હોય તો એને નાશે બ્રહ્મનો નાશ થઈ જાય. તે સારુ એ સર્વે ઘટપટાદિક બ્રહ્મ નહિ, બ્રહ્મ તો એથી જુદો છે અને અરૂપ છે. 'એતત્' પદ જે બ્રહ્માંડાભિમાની તે બ્રહ્માંડઉપાધિથી જુદું કરીને એને બ્રહ્મ કહ્યો છે, 'એતત્' પદનો લક્ષ્યાર્થરૂપ છે. વાચ્યનો ત્યાગ કર્યો છે, તે સારુ એ બ્રહ્મ છે.

હવે **અજહદ** લક્ષણાનો અર્થ કહીએ છીએ. શ્રુતિએ કહ્યું જે, 'આ સર્વે બ્રહ્મ છે.' ત્યારે વિચાર કરવો જે, ઠીક કહ્યું, કાં જે ક્રિયાની સિદ્ધિ ચૈતન્ય વિના હોય નહિ; ચૈતન્યને પણ દેહ-ઈન્દ્રિયાદિક ઉપાધિ વિના ક્રિયાની સિદ્ધિ નહિ, તે માટે સર્વ બ્રહ્મ છે. અને જેની ક્રિયા દેહ-ઈન્દ્રિયાદિકે કરીને થાય છે અને જેની ઉત્પત્તિ-લય છે તેને વિષે જીવપણું છે. અને જે ઈશ્વર છે તે તો બ્રહ્માંડરૂપ જે દેહ, તે દેહ વિના ક્રિયા કરવાને સમર્થ છે. ત્યાં શ્રુતિ **'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः। स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता।।'**(श्वेता.३/१९) એ પુરુષ તે તો માયા ને બ્રહ્માંડાભિમાની તે થકી જુદો છે ને સર્વનો પ્રેરક છે.

હવે **ભાગત્યાગ** લક્ષણા કહીએ છીએ. જેમ કોઈક પુરુષે કહ્યું કે, 'હું બ્રહ્મ છું' ત્યારે વિચાર કરવો જે, ઉપાધિએ સહિત હું બ્રહ્મ છું, એવું કહેવાય નહીં. ત્યારે કેમ સમજવું ? જે, ઈશ્વરની ઉપાધિ જે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ ને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ ત્રણ અવસ્થા એનો ત્યાગ કરે. અને જીવની ઉપાધિ જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ, અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા, એ સર્વનો ત્યાગ કરે અને ચૈતન્યમાત્રનું ગ્રહણ કરે એને ભાગત્યાગ કહીએ.

૩૧૫. અક્ષરના સ્વરૂપનું નિરૂપણ

અને હવે બીજી રીતે અક્ષરનું સ્વરૂપ કહીએ છીએ. અક્ષર શબ્દે કરીને દેખાડ્યા એવા જે પુરુષ તે કૂટસ્થ છે અને જડના સંબંધ થકી રહિત છે અને પોતાના સ્વરૂપે કરીને રહ્યા છે ને મુક્તાત્મા છે. વળી જડના સંબંધનો અભાવ છે. એ હેતુ માટે માયાના પરિણામ વિશેષ જે બ્રહ્માદિકના દેહ તે સરખો તેનો દેહ ન હોય, તે માટે કૂટસ્થ એ રીતે કહેવાય છે. અને અહીં(આ પ્રકરણમાં) પણ (બ્રહ્મનો) એકત્વપણે કરીને જે નિર્દેશ કહ્યો છે, તે જડના વિયોગરૂપ એક ઉપાધિએ કરીને કહ્યો છે.

અને પૂર્વે અનાદિ કાળને વિષે મુક્ત અનેક છે. તે કહ્યું છે જે, **ઘણાંક જ્ઞાનરૂપ તપે કરીને પવિત્ર થયા થકા મારા ભાવને પામ્યા છે કહેતાં મારા સાધર્મ્યપણાને પામ્યા છે.** તે સર્ગને(ઉત્પત્તિકાળને) વિષે ઊપજતા નથી અને પ્રલયને વિષે પીડા પામતા નથી.

અને વળી જે અક્ષર તે અનિર્દેશ છે અને દેહ થકી અન્યપણે કરીને દેવાદિક શબ્દે કરી દેખાડવાને તે અક્ષર અયોગ્ય છે. તે કારણપણા માટે જ ચક્ષુ આદિક જે ઇન્દ્રિય તેને અવ્યક્ત છે કહેતાં જણાતા નથી. અને વળી તે અક્ષર સર્વ બ્રહ્માંડને વિષે રહ્યા છે. અને તે અક્ષર ચિત્તના ચિંતવનમાં આવતા નથી અને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ આદિક જે દેવતાના દેહ તેને વિષે તે અક્ષર વરતે છે, તોય પણ તે થકી વિજાતીયપણે કરીને તે બ્રહ્માદિકને રૂપે કરીને ચિંતવન કરવાને કાજે અયોગ્ય છે. એટલા માટે તે અક્ષર નિર્વિકાર છે ને અપરિણામીપણે કરીને અસાધારણ એવો જે પોતાનો આકાર તે થકી ચળતો નથી અને ચ્યવતો નથી; એટલા માટે તે અક્ષર અચળ છે, ને ધ્રુવ છે અને તે અક્ષર નિત્ય છે.

અને તે અક્ષરનાં (સગુણ અને નિર્ગુણ) બે રૂપ છે. તેમાં સગુણ અક્ષર કહીએ છીએ જે, અનંત મહાવિષ્ણુ આદિકનો

ધરનારો જે (સગુણ) અક્ષર, તે અક્ષરના રોમકૂપમાંથી અનંત મહાવિષ્ણુ(પ્રધાનપુરુષ) ઊપજે છે ને લીન થાય છે; એવું સર્વ કારણ જે સગુણ અક્ષરનું સ્વરૂપ છે. એક તો એ (મહાપુરુષ)રૂપ, અને બીજો તો મહાવિરાટ(પ્રધાનપુરુષ) ને ત્રીજો ક્ષુદ્ર વિરાટ(વૈરાટનારાયણ; એ ત્રણેય સગુણ અક્ષરનાં સ્વરૂપ છે.)

૩૧૬. અક્ષરના ત્રણ સમસ્વરૂપનું નિરૂપણ

અને બીજું તે (સગુણ) અક્ષરનાં ત્રણ પ્રતિબિંબ (સમાન ગુણવાળા ચેતનો) છે. એક તો માયાનો સાક્ષી (મહાપુરુષ) તે, અને બીજો મહાવિરાટનો ધરતલ જે જીવ (પ્રધાનપુરુષ) જેને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ દેહ છે તે, અને ત્રીજો ક્ષુદ્ર વિરાટનો ધરતલ (વૈરાટનારાયણ) તે.

હવે માયાનો સાક્ષી જે (મહા)પુરુષ તેના ને પ્રકૃતિના સંગ થકી ઊપજ્યા જે વ્યષ્ટિ ઉપાધિવાળા જીવ. તે જીવ અવિદ્યાએ યુક્ત અનાદિ માયામાં રહ્યા છે પણ એને અને ક્ષુદ્ર વિરાટના અભિમાની(ઈશ્વર)ને વિભાગ તે અનાદિ રહ્યો છે; (તેથી જીવ-ઈશ્વર ભેદ પડ્યો.) અને વ્યષ્ટિ ઉપાધિવાળા જે જીવ અને સમષ્ટિ ઉપાધિવાળા જે જીવ તે ઉત્પત્તિકાળે માયામાંથી અનેક ઊપજે છે અને પ્રલયકાળે અનંત માયામાં લીન થાય છે, પણ એ બેનો વિભાગ તો એમનો એમ અનાદિનો છે. અને એ બેય સરખા નથી, અધિક ન્યૂન છે.

અને જેમ અક્ષરબ્રહ્મનાં પ્રતિબિંબ ત્રણ છે. તે એક માયાનો જે સાક્ષી(મહાપુરુષ) તે પ્રતિબિંબ, અને બીજો મહાવિષ્ણુ(પ્રધાનપુરુષ)ના દેહરૂપે કરીને પ્રતિબિંબ, અને ત્રીજો ક્ષુદ્ર વિરાટ(વૈરાટનારાયણ)ના દેહરૂપે પ્રતિબિંબ; એ ત્રણે પ્રતિબિંબ અક્ષરબ્રહ્મના અનાદિ છે. (તે સર્વે અનાદિ ઈશ્વરો કહેવાય છે.) તેમ જ વ્યષ્ટિ ઉપાધિવાળા જે જીવ તેનાં પણ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય - એ ત્રણ પ્રતિબિંબ છે.

૩૧૭. જીવ, ઈશ્વર અને બ્રહ્મના ભેદનું વર્ણન

અને એ જે જીવ તેને અને વિરાટ ઉપાધિવાળો જે જીવ(ઈશ્વર) તેને તો ઝાઝો ભેદ છે. કાં જે, વિરાટ ઉપાધિવાળા જીવને માયાશબલિત બ્રહ્મ કહીએ અને એને જીવની ઉપાધિ છે તે સારુ જીવ કહીએ, પણ બ્રહ્મ છે.

હે પરમહંસો ! તમે કહેશો જે એને વિષે જીવ-ઉપાધિ કેમ છે ? તો એ વિરાટનો જન્મ પણ છે અને કાળે કરીને સો વર્ષ પછી (એનું મરણ) પ્રલય છે; તે સારુ એને જીવ કહીએ.

અને પશુ, પર્વત, પક્ષી, સર્પ, દેવતા, દૈત્ય ને મનુષ્યાદિક તેણે વ્યાપ્ત, ને સ્થૂળ-સૂક્ષ્મ(રૂપ ઉપાધિ) છે વિશેષણ જેનાં અને મહત્તત્ત્વ આદિક લઈને જે તત્ત્વ તે છે જેને વિષે એવું જે સ્થૂળરૂપ (વૈરાટાદિક) તેને, ને એથી પર જે (પ્રધાનપુરુષાદિક) સૂક્ષ્મરૂપ તેને, ને તેથી પર જે (મહાપુરુષાદિક) કારણરૂપ તેને કોઈક જાણે છે; પણ જે (અક્ષર)બ્રહ્મને વિષે એ ત્રણ દેહ નથી. તેને મોટા જે બ્રહ્મવેત્તા તેના સંગ વિના કોઈ નથી જાણતો.

અને એ જે બ્રહ્મ તે ત્રણ સૃષ્ટિના (જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ ને બ્રહ્મસૃષ્ટિના) ઈશ છે, કૂટસ્થ છે, આત્મા છે, અને પોતાને વિષે એ ત્રણ સૃષ્ટિ પોતે રચી છે ને નાના પ્રકારે કરીને જણાય છે, તોય પણ મોટા પુરુષ (એ બ્રહ્મને) અર્થે (ત્રણ દેહરૂપ પદાર્થે) રહિત દેખે છે; કહેતાં એ બ્રહ્મને વિષે ત્રણ પ્રકારની સૃષ્ટિ નથી જાણતા; બ્રહ્મને કૂટસ્થ જાણે છે.

અને તે બ્રહ્મ વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે બે દેહ તેને વિષે રહ્યા જે જીવ તે બેયને પ્રકાશે છે; ને તે બેય જીવમાં વ્યાપીને માંહી રહ્યા છે. અને જે બ્રહ્મને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે સ્થૂળ-સૂક્ષ્મ (દેહ) તે સત્યતાએ કરીને ભાસે છે તે માયા છે. તે માટે માયાને વિષે સત્યની બુદ્ધિ છે.

૩૧૮. બ્રહ્મના સ્વરૂપનું વિસ્તૃત નિરૂપણ

હે પરમહંસો ! **તે માયા મોટા પુરુષના સમાગમ થકી વિવેકે કરીને ટળે છે. અને તે બ્રહ્મ તો નિત્યમુક્ત અતિશે શુદ્ધ છે અને તેને જાણવાવાળા તત્ત્વરૂપ(શ્રેષ્ઠ) છે.** તે બ્રહ્મ સમષ્ટ્યાત્મક જગતને વિષે રહ્યા છે; તેણે કરીને ડોળી પ્રકૃતિવાળા જણાય છે. હે પરમહંસો ! તે બ્રહ્મને જાણવા.

અને હે પરમહંસો ! સર્વ ગુણનું છે રહેવું જેને વિષે એવું જે મહત્તત્ત્વ તેને ગુણને વિષે લીન કરવું; અને માયાને માયામય જીવને વિષે લીન કરવી; અને માયામય જે જીવ તેને આત્મા જે બ્રહ્મ તેને વિષે લીન કરવો; એ રીતે માયાની નિવૃતિ થાય છે.

અને તે બ્રહ્મ કેવા છે ? તો, એક છે, ને આદ્ય છે, ને તે બ્રહ્મ વડે માયા થકી શુદ્ધ સત્ત્વ, શુદ્ધ રજ, શુદ્ધ તમ ઊપજે છે, ને તે થકી મહત્તત્ત્વ ઊપજે છે, ને મહત્તત્ત્વ થકી અહંકાર ઊપજે છે, અહંકાર થકી આકાશ આદિક સર્વે તત્ત્વ ઊપજે છે. જેમ આકાશને વિષે વાદળોનું ઊપજવું થાય છે ને નથી પણ થતું, તેમ એ બ્રહ્મ થકી માયા આદિક શક્તિનો જે પ્રવાહ તે કાળે કરીને થાય છે ને કોઈક દિ નથી પણ થાતો. અને તે એક એવા જે બ્રહ્મ તે સર્વ જીવમાત્રના દ્રષ્ટા છે. ને કાળ, માયા, પુરુષ ને બ્રહ્માદિક તેમના નિયંતા છે, ને પોતાને તેજે કરીને ટાળ્યો છે ગુણનો પ્રવાહ જેણે એવા જે એ બ્રહ્મ તેને પોતાના જીવાત્મા સંગાથે એકભાવે કરીને ભજવા (તે બ્રહ્મરૂપે થાવું).

અને પરમેશ્વર જે પરબ્રહ્મ તેના તેજે તેજરૂપ છે, અને તે બ્રહ્મ સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જીવને કર્મફળના દેનારા છે અને તે બ્રહ્મ પોતાની ચિદ્‌શક્તિએ કરીને સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જે જગત તે પ્રત્યે વળી પ્રવેશ કરીને ઇચ્છતો એવો જે હંસ(સંકલ્પ-વિકલ્પ કરતા જીવાત્મા) તેને

જુએ છે. અને **તે બ્રહ્મ મનુષ્યને વિષે રહી જે બુદ્ધિ તેમાં સત્ય-અસત્ય વિવેકના પ્રેરતલ છે.**

હે પરમહંસો ! **એવા બ્રહ્મના જાણતલ જે છે તેને શરણે રહેવું.** અને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે જીવ તે રૂપ જે ક્ષેત્ર તેના ક્ષેત્રજ્ઞ એવા જે બ્રહ્મ તે અશુદ્ધ કર્મના કરનાર ને શુદ્ધ કર્મના કરનાર એવા માયાએ રચિત(માયામાંથી ઊપજેલ) જીવ, તેને નિત્ય એવી જે સંકલ્પ-વિકલ્પાદિક મનની વિભૂતિઓ તે ક્યારેક પ્રગટ થઈ આવે છે, ને ક્યારેક લીન થઈ જાય છે, તે સર્વેને પોતે દેખે છે. અને તે બ્રહ્મ(મહાપુરુષ)ને ક્ષેત્રજ્ઞ કહીએ, આત્મા કહીએ, પુરુષ કહીએ, પૂરણ કહીએ, સાક્ષાત્ સ્વયં જ્યોતિ કહીએ, અજન્મા કહીએ ને પર જે બ્રહ્માદિક તેના ઈશ કહીએ, નારાયણ કહીએ, ભગવાન કહીએ, વાસુદેવ કહીએ.

અને પોતાની માયાએ કરીને સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જે જીવ તેને વિષે સાક્ષી થકા રહ્યા છે. અને તે બ્રહ્મ જ્ઞાને કરીને જાણવા યોગ્ય છે, ને પરમાર્થરૂપ છે અને અંતે રહિત છે, ને માંહી-બહાર છે, ને સત્ય છે, ને સર્વને વિષે છે, ને અતિશે શાંત છે. અને મોટા સંત તે બ્રહ્મ(મહાપુરુષ)ને ભગવાન શબ્દે કરીને કહે છે; ને વાસુદેવ એવે નામે કરીને કહે છે.

અને સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જે જીવ તેના મિત્ર એવા જે એ બ્રહ્મ, તેના મિત્રપણાને એ જીવ જાણતો નથી; અને એ જીવ, ઈન્દ્રિયો, દેહ, પ્રાણ, મન, પંચભૂત, પંચવિષય - એ સર્વે આત્મા જે સાક્ષી(મહાપુરુષ) તેને નથી જાણતા; અને સાક્ષીથી પર જે પરબ્રહ્મ તેને પણ નથી જાણતા; અને સર્વજ્ઞ એવા જે બ્રહ્મ તે એ સર્વને જાણે છે.

અને જ્યારે એ જીવના મનનો વિરામ થાય છે ને અંતરમાંથી અન્ય નામરૂપનો નાશ થાય છે, ત્યારે એ બ્રહ્મ પોતાની ઇચ્છાએ કરીને મુમુક્ષુને જણાઈ આવે છે. અને એ બ્રહ્મ નવ ને ત્રણ શક્તિઓએ

કરીને યુક્ત છે, તે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જીવ તેના અંતરહૃદયને વિષે ગૂઢ થકા રહ્યા છે.

જેમ કાષ્ઠને વિષે અગ્નિ રહ્યો છે, તેને મથીને કાઢે છે; તેમ મોટા સંત સદ્‌ગુરુને વિચારે કરીને એ બેયમાંથી(વ્યષ્ટ્યાત્મક જીવ અને સમષ્ટ્યાત્મક ઈશ્વરમાંથી) વિચારરૂપ મંથને કરીને બ્રહ્મને દેખે છે. **તે મુમુક્ષુ સદ્‌ગુરુના આપેલ વિચારે કરીને બ્રહ્મને વિશે સમગ્ર કાર્યકારણરૂપ જે માયા તેનો નિષેધ કરીને બ્રહ્મના સુખને ભોગવે છે.**

અને જે બ્રહ્મે સર્વ નામરૂપને પ્રકાશ કર્યા છે અને જેની ચિદ્‌શક્તિઓ કહ્યામાં નથી આવતી એવા છે. અને જે (કાંઈ) વચને કરીને કહ્યામાં આવે છે, ને બુદ્ધિએ કરીને નિરૂપણમાં આવે છે, ને ઈન્દ્રિયે કરીને દેખાય છે, ને મને કરીને કલ્પાય છે, ને ગુણે કરીને વૃદ્ધિ પામે છે, તે સર્વે બ્રહ્મના સ્વરૂપમાંથી થાય છે. ને બ્રહ્મ તો ગુણનું ઊપજવું ને લય થવું તેના દ્રષ્ટા છે.

અને વળી જે બ્રહ્મને આધારે આ જગત રહ્યું છે, ને જે બ્રહ્મ થકી થયું છે, ને જે બ્રહ્મે કરીને રહ્યું છે, ને જે બ્રહ્મને સંબંધે છે, ને જે બ્રહ્મને અર્થે છે, ને જે બ્રહ્મ જગતને કરે છે ને કરાવે છે, ને તે બ્રહ્મ કાર્ય-કારણ મધ્યે શ્રેષ્ઠ છે, ને તે બ્રહ્મ જગતનો હેતુ છે, ને તે બ્રહ્મ એક છે ને બ્રહ્મ બીજું નથી. અને ઉપાસના કરાવવા અર્થે એ બ્રહ્મ શુદ્ધ માયાને ગ્રહણ કરે છે.

અને જેને આશ્રિત માયા છે તેને ઈશ્વર કહીએ. તે ઈશ્વર 'આનંદ', 'બ્રહ્મ', 'તત્', 'આત્મા' - એ ચાર મહાવાક્યે કરીને કહેવાય છે.

અને એ બ્રહ્મની વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ ચાર મૂર્તિઓ છે. તેને 'પ્રજ્ઞાનં', 'અહં', 'ત્વં', 'અયં' એ ચાર પદે કરીને કહેવાય છે. એ આઠ વાક્ય વિના જે 'અસ્મિ', 'અસિ' એ આદ્યે ચાર

વચને કરીને આત્મા ને વાસુદેવ આદિક વ્યૂહ એ બેનાં કારણ જે બ્રહ્મ તેને 'અસ્મિ' દેખાડે છે.

૩૧૯. બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કોને થાય ?

અને **એ સ્વરૂપની તો, તો પ્રાપ્તિ થાય, જો વૈરાગ્ય હોય. અને સર્વ લોકનાં ભોગસુખને કાકની વિષ્ટાતુલ્ય દેખે અને બ્રહ્મલોકથી શેષનાગ પર્યંત એ સર્વ લોકને તો બળેલ રાખ તુલ્ય દેખે.**

અને તે વૈરાગ્ય ત્યાગે યુક્ત છે અને વિવેકેયુક્ત છે. અને વિવેકે કરીને આત્માને નિત્ય દેખે છે ને અનાત્માને અનિત્ય દેખે છે. અને વાસનામાત્ર સમાઈ જાય છે અને એક આત્માની જ વાસના રહે છે. જેમ અઠ્યાવીશ દીવા ભિન્ન ભિન્ન કર્યા હોય ને પ્રકાશ જુદો જુદો હોય, પછી સર્વેને એક ઠેકાણે ભેળા કર્યા હોય ત્યારે એક પ્રકાશ થાય, તેમ એ આત્મા સત્યાવીશરૂપે ભિન્ન ભિન્ન થયો હતો ને પછી એકરૂપે થયો.

૩૨૦. શમ-દમાદિક સાધનોનું વિવરણ

અને સર્વ ઇન્દ્રિયોએ કરીને એક આત્માની જ વાસના થાય, પણ ભિન્ન ભિન્ન નહિ તેને **શમ** કહીએ. અને બહાર જે ઇન્દ્રિયોની વૃત્તિ તે સર્વે મનને મળી અને જ્યારે મનનું સમપણું થયું ત્યારે ઇન્દ્રિયોનું પણ સમપણું થયું, તે સારુ બાહ્ય ઇન્દ્રિયોનું જે શમ તેને **દમ** કહીએ. અને ઇન્દ્રિયોની વૃત્તિ મન ભેળે એક વાસનાએ યુક્ત વર્તે ને સ્થિર રહે એને **ઉપરતિ** કહીએ. અને સુષુપ્તિ સમાન ઉપશમ રહે છે અને મન અમન રહે છે અને ઇન્દ્રિયો અચળ રહે છે એને **ઉપશમ** કહીએ.

હવે શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, માન-અપમાન, અશન-પિપાસા, તૃપ્તિ-અતૃપ્તિ, લાભ-અલાભ ને સ્તુતિ-નિંદા એ સર્વને વિષે સમબુદ્ધિ રહે, વિષમ બુદ્ધિ થાય નહિ એને **તિતિક્ષા** કહીએ. અને હવે શ્રદ્ધાનું રૂપ કહીએ છીએ. જે ગુરુના વચનને વિષે વિશ્વાસ,

સત્શાસ્ત્રને વિષે વિશ્વાસ, રામ-કૃષ્ણાદિક અવતારને વિષે વિશ્વાસ, સત્સંગને વિષે વિશ્વાસ, વેદને વિષે વિશ્વાસ, અને 'પ્રજ્ઞાનમાનંદ બ્રહ્મ', 'અહં બ્રહ્માસ્મિ', 'તત્ત્વમસિ', 'અયમાત્મા બ્રહ્મ' એને વિવેકે કરીને જાણવું; ગુરુને વચને કરીને જાણવું તેને **શ્રદ્ધા** કહીએ. અને સાક્ષાત્કાર દ્રષ્ટાની પ્રાપ્તિ થાય તેને **સમાધાન** કહીએ. અને દ્રષ્ટારૂપ પોતાના આત્માને માનીને પછી પુરુષોત્તમની ઉપાસના કરવી તેને **ઉપાસના** કહીએ.

૩૨૧. પ્રલયકાળે સર્વે ચિત્શક્તિ પુરુષોત્તમમાં લીન હોય છે.

અને હે પરમહંસો ! કેટલાક એમ કહે છે જે, આ જગત પ્રથમ જ્યારે ઊપજ્યું નહોતું ત્યારે એક સત્ય અદ્વિતીય બ્રહ્મ જ હતા અને માયાદિક શક્તિઓ ન હતી, તે એમ નહિ, પણ માયાદિક શક્તિઓ લીન હતી ને ચિદ્શક્તિઓ જાગ્રત હતી. અને જ્ઞાનશક્તિ, સત્યશક્તિ, ચિદ્શક્તિ, આનંદશક્તિ, અખંડશક્તિ, પૂર્ણશક્તિ, વ્યાપકશક્તિ, પ્રેરકશક્તિ એ આદિક અનંત શક્તિઓ માયા ઊપજ્યા મોર પુરુષોત્તમને વિષે લીન હતી અને માયા તો પુરુષને વિષે લીન હતી.

તે પુરુષને કેટલાક એમ કહે છે જે, પ્રલયકાળે પુરુષને વિષે માયા ભેળી જ હતી. ને કેટલાક કહે છે જે, સૃષ્ટિકાળે પુરુષ માયાનું ગ્રહણ કરે છે. અને જો માયાથી વિલક્ષણ પુરુષને કહીએ તો વસ્તુ (વાસ્તવિક તત્ત્વ) જે પુરુષ તેને વિષે અનંતપણું નહિ આવે. અને જો પુરુષને માયાત્મક કહેશે તો તે પુરુષને વિષે સત્ય, જ્ઞાન, અનંત ને બ્રહ્મ એવાં જે લક્ષણ તે નહિ સંભવે. કેમ ? તો, (એ) માયાત્મક છે એ હેતુ માટે.

૩૨૨. અધ્યાસવાદનું ખંડન

અને કેટલાક એમ કહે છે જે, જીવ ને માયા તો કલ્પિત છે. અને હે પરમહંસો ! આપણે તો જીવ સત્ય છે, ઈશ્વર સત્ય છે, માયા સત્ય

છે, બ્રહ્મ સત્ય છે, પરબ્રહ્મ સત્ય છે, ગુરુ સત્ય છે ને શિષ્ય સત્ય છે. અને બીજા તો કહે છે જે, શિષ્યના ઉપદેશને અર્થે અધ્યારોપાપવાદ ન્યાયે કરીને માયાને સત્ય કરવી એમ કહે છે. અને સર્પ નથી એવી જે દોરડી તેને વિષે સર્પના આરોપની પેઠે વસ્તુને વિષે અવસ્તુનો જે આરોપ તેને અધ્યારોપ કહે છે. અને વસ્તુ તો સચ્ચિદાનંદ બ્રહ્મને કહે છે. અને અજ્ઞાનાદિક જે સકળ જડ સમૂહ તેને અવસ્તુ કહે છે અને જગતને પણ અવસ્તુ કહે છે.

હે પરમહંસો ! ત્યારે તેને મતે તો બદ્ધ-મુક્તપણું ખોટું થશે. કાં જે, જગતને વિષે શિષ્યને ને આચાર્યને રહેવાપણું છે. અને તેણે ઉપદેશ કર્યું જે જ્ઞાન 'તત્ત્વમસ્યાદિક' વાક્યે કરીને તે પણ જગતમાં રહ્યા જે આચાર્ય તેને વિષે છે; એ હેતુ માટે (માયા તથા જગતને કલ્પિત કહેવાય નહીં). અને માયાને ને જગતને કલ્પિત કહે છે, ત્યારે કલ્પિત આચાર્યે કહ્યું એવું જે, કલ્પિત જ્ઞાન તેણે કરીને કલ્પિત શિષ્યને શો અર્થ સિદ્ધ થશે ?

૩૨૩. નિર્વિશેષ વાદીના મતે શ્રવણાદિક સાધન વ્યર્થ થાય છે.

અને એક નિર્વિશેષ ચૈતન્યમાત્ર વિના સર્વને મિથ્યા કહેનારાને મતે મોક્ષને અર્થે શ્રવણ, મનન, નિદિધ્યાસ આદિક પ્રયત્ન જે મુમુક્ષુ કરે તે વ્યર્થ થશે. કાં જે, એને મતે તો મોક્ષનાં સાધનો અવિદ્યાનાં કાર્ય છે એ હેતુ માટે. જેમ છીપમાંથી રૂપું લેવાને માટે યત્ન કરે તે વ્યર્થ છે, તેમ એને મતે મોક્ષનો યત્ન પણ વ્યર્થ થશે. કાં જે, કલ્પિત એવા જે આચાર્ય તેને આધીન એવું જે જ્ઞાન તેનું કાર્ય છે એ હેતુ માટે.

શુકદેવ, પ્રહ્લાદ, વામદેવાદિકના પ્રયત્નની પેઠે એનો પ્રયત્ન સિદ્ધ નહિ થાય. અને કલ્પિત આચાર્યે કહ્યું એવું જે તત્ત્વમસ્યાદિક વાક્ય તેથી ઊપજ્યું જે જ્ઞાન તે બંધનનું ટાળનારું નહિ થાય. કાં જે, અવિદ્યાએ કલ્પિત જે વાક્ય તે થકી ઊપજ્યું છે. અને જ્ઞાનનો

કહેનારો પોતે પણ અવિદ્યારૂપ છે એ હેતુ માટે. અને જેમ સ્વપ્ન સંબંધી જે બંધ તેને ટાળે એવા જે સ્વપ્ન સંબંધી વચન તેથી ઊપજ્યું જે જ્ઞાન તે જેમ મિથ્યા છે, તેમ 'તત્ત્વમસ્યાદિક' વચનથી ઊપજ્યું જે જ્ઞાન તે પણ મિથ્યા થાશે.

૩૨૪. અદ્વૈતવાદમાં આવતો શાસ્ત્રીય બાધ

અને તે કહે છે જે, આચાર્ય ને આચાર્યનાં જ્ઞાનને કલ્પિતપણું છે, તોપણ સ્વપ્નામાં દીઠા જે સિંહ, સર્પ, ચોર તેના ભયે કરીને જેમ જગાય જાય છે, તેમ અમારે જ્ઞાનની ઉત્પત્તિનો સંભવ છે.

હે પરમહંસો ! એમ ન ઘટે; કાં જે, દૃષ્ટાંતને વિષે પોતાના અજ્ઞાનરૂપ જે સ્વપ્ન તે સ્વપ્નમાં દીઠા જે સિંહ, સર્પ ને ચોર તેની જાગ્રત અવસ્થાને વિષે જે સત્યતા તેણે કરીને સ્વપ્નને વિષે પણ પુરુષને ભય રહે છે; કાં જે, પોતે પણ સત્ય છે, અને સ્વપ્નમાં સ્વપ્ન પણ સત્ય છે, ને સ્વપ્નમાં દેખાણા જે સિંહાદિક તે પણ સત્ય છે, ને ભય પણ સત્ય છે, ને જાગનારો પણ સત્ય છે. અને એ તો સર્વને અસત્ય કહે છે, તે સારુ એને મતે તો એ દૃષ્ટાંત પણ ન સંભવે. ને દૃષ્ટાંતે કરીને જે જ્ઞાન સિદ્ધ થયું તે જ્ઞાન પણ ન સંભવે. કાં જે, એને તો સર્વે અસત્ય છે. અને એના સિદ્ધાંતને વિષે તો પ્રથમ બ્રહ્માએ નારાયણ ગુરુ કર્યા, તે પણ કલ્પિત થાય.

અને પૂર્ણ બ્રહ્મ સનાતન પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ તે અર્જુને ગુરુ કર્યા તે પણ કલ્પિત થાય. અને તે શ્રીકૃષ્ણે કહી એવી જે સર્વ શાસ્ત્રમય ગીતા તે પણ કલ્પિત થાય, ને બ્રહ્મા અને અર્જુન તે પણ કલ્પિત થાય, ને એના મતમાં તો જે ગુરુ, શિષ્ય અને મોક્ષ તે પણ કલ્પિત થાય. ને જો એમ સમજે તો એવા સિદ્ધાંતમાં આવ્યો જે એ મોટો દોષ તે બુદ્ધિમાન તેણે કોઈ પ્રકારે વિચાર કરવા યોગ્ય નથી. મોટા પુરુષ તો એ સિદ્ધાંત માને જ નહીં.

અને વળી એ સિદ્ધાંતને વિષે નિષ્ઠાવાળા જે પુરુષ તે પણ પોતપોતાના ગુરુને વિષે માયાએ સહિત કલ્પિતપણું કહે છે. ખરું જોતા તો, **તે ગુરુ તે જ પરમ ગતિરૂપ છે. ને ગુરુ તે જ પરબ્રહ્મ છે. ને વળી નિશ્ચે તે ગુરુ બ્રહ્મવિદ્યા થકી તે શિષ્યને ચૈતન્યમય દેહને ઉપજાવે છે. અને તે સદ્‌ગુરુ થકી થયો જે જન્મ તે શ્રેષ્ઠ છે. અને એવા સદ્‌ગુરુનો શિષ્યે કોઈવારે દ્રોહ ન કરવો.** અને શ્રીકૃષ્ણે પોતે એમ કહ્યું છે જે, બ્રહ્મવેત્તા આચાર્ય તો મને જ જાણવો. એ આદિક જે શ્રુતિ-સ્મૃતિનો દ્રોહ થાય ને મોટા પુરુષના વચનનો દ્રોહ થાય છે તેને એ નથી વિચારતા.

૩૨૫. અદ્વૈતમતની બાધિતાનુવૃત્તિનું ખંડન

(પૂર્વપક્ષ) અને વળી, એ ખોટા સિદ્ધાંતવાળા એમ કહે છે જે, અજ્ઞાન દશાને વિષે પાંચ વર્તમાન, વર્ણાશ્રમનો ધર્મ, ને ગુરુના ઉપદેશ, ને ઈશ્વર એ સર્વે સાચા જણાય છે; પણ જ્યારે એને સર્વે આત્મારૂપ જણાય છે, ત્યારે એ(આત્મરૂપ જાણનારો) સર્વે દ્વૈતદર્શન, ગુરુના ઉપદેશને ખોટા છે એમ કહે છે.

(સિદ્ધાંતપક્ષ) પણ (એમાં) મોટો દ્રોહ થાય છે, તેને જાણતા નથી. અને એને જ્યારે અદ્વૈત આત્માનો સાક્ષાત્કાર થયો, ત્યારે કારણ અજ્ઞાન ને કાર્ય અજ્ઞાન નાશ પામ્યું; ત્યારે એ ખોટા સિદ્ધાંતવાળા દ્વૈતદર્શનપૂર્વક (‘આ શિષ્ય અજ્ઞાની છે અને હું જ્ઞાની છું’ આવું માનીને) ઉપદેશાદિક વહેવાર કેમ કરે છે ?

(પૂ.પ.) ત્યારે કહેશે જે, અમારે મતે બાધિતાનુવૃત્તિ રહે છે, ને જ્ઞાનની પણ પ્રાપ્તિ છે, તે બાધિતાનુવૃત્તિને આલંબને કરીને ઉપદેશ કરીએ છીએ. તે બાધિતાનુવૃત્તિ તો દગ્ધ(બળી ગયેલ પણ પૂર્વની માફક જણાતા) પટની પેઠે છે.

(સિ.પ.) ત્યારે એને એમ પૂછવું જે, સમ્યક્‌જ્ઞાન જ્યારે ઊપજે છે, ત્યારે દગ્ધ પટવત્ જે બાધિતાનુવૃત્તિરૂપ અજ્ઞાન તે રહે છે કે નહિ ? તે

કહેશે જે, રહે છે. તો એને એ બાધ આવશે જે, આત્મજ્ઞાનની પ્રાપ્તિએ કરીને આકાશવત્ જે બ્રહ્મસૂર્યરૂપ પ્રકાશ થાય છે, ત્યારે દગ્ધ પટવત્ આકારવિશેષ રહેતો નથી. (માટે જો દગ્ધ વસ્ત્રની જેમ બાધિતાનુવૃત્તિ રહે છે એમ કહે તો) કાર્યકારણે સહિત એ બાધ આવશે. શા સારુ જે, (એકમાત્ર બ્રહ્મસ્વરૂપના યથાર્થ અનુભવમાં તો) અલિંગ-અશરીરી આત્મસત્તા જ ભાસે છે, એ હેતુ માટે.

અને જેમ સીંદરીનો સાક્ષાત્કાર થયે સતે સર્પરૂપ જે ભ્રમ તેનો લેશમાત્ર પણ રહેતો નથી. તે માટે બાધિતાનુવૃત્તિ રહે તો એ વચનમાં વિરોધ આવે અને અનુભવમાં પણ વિરોધ આવે છે.

(પૂ.પ.) અને એ કહેશે જે, બાધિતાનુવૃત્તિ નથી રહેતી.

(સિ.પ.) તો એ એના શિષ્યાદિકને ઉપદેશ કેમ કરે છે ?

અને ઉદ્ધવને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયે સતે બાધિતાનુવૃત્તિ ન હોત તો, 'હે મોટા યોગી ! તમને હું નમું છું, ને તમારે શરણે આવ્યો એવો જે હું તે મને જેમ તમારાં ચરણારવિંદને વિષે અખંડ પ્રીતિ થાય તેમ આજ્ઞા આપો.' (એવું ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને કહ્યું છે.) એ રીતે ભેદદર્શને યુક્ત જણાવું, તે કેમ સંભવે ? માટે અદ્વિતીય આત્મા સાક્ષાત્કાર થયે સતે બાધિતાનુવૃત્તિની ઉત્પત્તિ ન હોય એમ ન કહેવું.

અને અર્જુનને પણ તત્ત્વસાક્ષાત્કાર થયે સતે બાધિતાનુવૃત્તિ ન હોત તો, "હે મહારાજ ! તમારી કૃપા થકી ઊભો રહ્યો છું ને મારો સંદેહ ગયો ને દુર્યોધનાદિક પ્રત્યે યુદ્ધ સંબધી જે તમારું વચન તેને સત્ય કરીશ." એ રીતે દ્વૈતદર્શનમૂલક અર્જુનનું વચન કેમ ઘટે ? તે સારુ અદ્વૈત જ્ઞાન થયે સતે પણ બાધિતાનુવૃત્તિ રહે છે.

(પૂર્વપક્ષ) અને એ કહેશે જે, 'બાધિતાનુવૃત્તિ જીવને તો હોય, પણ સર્વજ્ઞ એવા જે ઈશ્વર(પરમેશ્વર) તેને તો કોઈ રીતે બાધિતાનુવૃત્તિ કહેવાને સમર્થ થઈએ નહીં.'

(સિદ્ધાંતપક્ષ) ત્યારે તે ઈશ્વરને દ્વૈતદર્શનપૂર્વક ઉપદેશાદિક વ્યવહાર કેમ છે ? તેનું એ નિરૂપણ કેમ કરશે ?

૩૨૯. ઈશ્વરનું દ્રષ્ટાપણું મિથ્યા માનવાના દોષો

(પૂ.પ.) ત્યારે એ કહેશે જે, ઈશ્વર તો મિથ્યા છે. તે મિથ્યાપણે કરીને જુએ છે, તે સમ્યક્‌જ્ઞાનનું વિરોધી નથી.

(સિ.પ.) એ રીતે જો કહેશે તો, ઈશ્વર જે દ્રષ્ટા તે જ પોતા થકી જુદું જે પ્રકૃતિ-પુરુષાત્મક જગત તેને જો મિથ્યાપણે કરીને જાણે છે, તો તે જગતમાં કોઈકને દંડવો, કોઈકને અનુગ્રહ કરવો ઇત્યાદિક ક્રિયાને વિષે ન પ્રવર્તે. તેટલા માટે ડાહ્યો પુરુષ મિથ્યાપણે કરીને જે પદાર્થને જાણ્યા હોય તેનો ઉપદેશ કરીને કાંઈ પણ કરતો નથી.

અને ઈશ્વરને પણ નિષેધને અંતે રહે એવું જે બ્રહ્મસ્વરૂપ તે સાક્ષાત્કાર સતે બ્રહ્મને આવરણરૂપ જે ઇન્દ્રિયો ને દ્વૈતનું દર્શન તે મિથ્યાપણે કરીને પણ સંભવે નહીં. અને જેમ છીપ જે તે છીપને રૂપે યથાર્થ ભાસે સતે તે છીપને વિશે રૂપાના ભાસની પૂર્વે પુરુષને પ્રાપ્તિ હતી, તે જ્ઞાનકાળે ન હોય; તેમ ઈશ્વરને નિષેધાવધિ જે સ્વસ્વરૂપ તેનો પ્રકાશ છતે દ્વૈતદર્શન ન હોય.

(પૂર્વપક્ષ) અને જો એ કહેશે કે, ઈશ્વરને બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર નથી.

(સિદ્ધાંતપક્ષ) તો એ રીતે જે ઈશ્વર જગતના કરનારા છે, વિશ્વના જાણનારા છે, ને આત્મયોનિ છે, કાળના કાળ છે, સર્વે ગુણે યુક્ત છે, સર્વના જાણનારા છે, ને મુમુક્ષુ ઉપર દયાયે કરીને અજ્ઞાન અંધકારનો નાશ કરનારા છે; ઇત્યાદિક શ્રુતિ-સ્મૃતિનો વિરોધ આવે. માટે એટલી ક્રિયા કરતે પણ ઈશ્વરને તો બ્રહ્મનું સાક્ષાત્કારપણું છે.

અને જીવને પણ આત્મદર્શન એકત્વપણે હોય અને બાધિતાનુવૃત્તિ પણ હોય. જેમ એક ચંદ્રમાનો નિશ્ચે કીધો છે તોપણ બીજો ચંદ્રમા દેખાય

છે, તેમ અવિદ્યારૂપ બાધિતાનુવૃત્તિ રહે છે. જેમ જીવ (જ્ઞાનકાળે) સુષુપ્તિ આદિ લઈને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ પ્રપંચથી જુદો રહે છે. અને ઈશ્વર તો સર્વે પ્રપંચે યુક્ત છે, તોપણ અદ્વિતીય છે. તેમ જીવ પણ જ્ઞાનકાળે પ્રપંચે યુક્ત અદ્વિતીય રહે છે.

(પૂ.પ.) અને વાદી કહેશે જે, ઈશ્વર તો મિથ્યાપણે કરીને દ્વૈત દેખે છે.

(સિ.પ.) એ રીતે કરીને કહેશે તોપણ અવિદ્યા જ આવશે. કેમ જે, તે અવિદ્યા અજ્ઞાન વિના સંભવે નહીં. અને એને અજ્ઞાન કહે સતે એ બાધ આવશે જે, શુદ્ધ મહા વિભૂતિ છે નામ જેનું એવું જે બ્રહ્મ, તેમને વિષે ભગવદ્‌શબ્દ કહ્યો છે; અને તે બ્રહ્મ સર્વ કારણના પણ કારણ છે; અને સર્વ જડ થકી રહિત છે; અને વિષ્ણુ નામે પરમપદરૂપ છે; અને મોટાઓ મધ્યે મોટા છે; અને જેને વિષે સર્વ ક્લેશાદિક નથી; અને કાર્ય-કારણના પણ ઈશ છે; ઇત્યાદિક નિર્દોષ પ્રતિપાદન કરનારાં જે શાસ્ત્ર તેનો વિરોધ થાય, જો ઈશ્વરને વિશે અજ્ઞાન કહે તો.

હે પરમહંસો ! તેટલા માટે જેમ તિમિરાદિક (તિમિર = યથાર્થ દેખાય નહીં એવો રોગ) દોષે રહિત નેત્રવાળો જે પુરુષ તેને બે ચંદ્રનું દર્શન મિથ્યાપણે કરીને પણ સંભવે નહિ, તેમ સમગ્ર હેય જે તજવા યોગ્ય પદાર્થ તેણે રહિત એવા જે ઈશ્વર, તેને વિષે મિથ્યાપણે કરીને પણ દ્વૈતદર્શનની સંભાવના કરવી નહીં.

અને વળી નીલપૃષ્ઠાદિક આકારે કરીને જાણી એવી જે છીપ તેને વિષે મિથ્યાપણે કરીને પણ રૂપાની પ્રતીતિ થતી નથી. જો તે છીપમાંથી રૂપું લેવાને અર્થે ડાહ્યા પુરુષની પ્રવૃત્તિ દેખીએ તો ઈશ્વરને પણ સર્વ કાળે અપરોક્ષપણે કરીને અદ્વય(અદ્વૈત) આનંદરૂપ આત્માનો સાક્ષાત્કાર સતે મિથ્યાપણે કરીને પણ દ્વૈતદર્શન ને તે દ્વૈતદર્શન નિમિત્ત ઉપદેશાદિક વહેવાર પ્રાપ્ત થાય (પણ એમ થતું નથી).

૩૨૭. બ્રહ્મના સગુણપણાનું યુક્તિપૂર્વક પ્રતિપાદન

વળી રજ્જુ(દોરડી)ને વિષે સર્પની પેઠે નિર્વિશેષ જ્ઞાનમાત્ર એવા જે બ્રહ્મ, તેને વિષે આરોપિત એવો જે પ્રપંચ તેના દ્રષ્ટા એ બ્રહ્મ થકી બીજા નથી.

(પૂર્વપક્ષ) અને કહેશે જે, બ્રહ્મ જ દ્રષ્ટા છે. (સિદ્ધાંતપક્ષ) તો જ્ઞાનમાત્ર સ્વરૂપ જે બ્રહ્મ તેને દ્રષ્ટાપણું જ્ઞાન વિના કેમ કહેવાય ?

(પૂ.પ.) અને ભ્રમરૂપ જે પ્રપંચ તેના દ્રષ્ટા માયાના યોગે કરીને છે એમ કહેશે. (સિ.પ.) તો શું, એ બ્રહ્મને માયાનો યોગ પરમેશ્વરે પ્રેર્યો થકો છે કે એને વિષે સ્વાભાવિક છે ? (પૂ.પ.) અને જો એમ કહેશે જે, પરમેશ્વરનો પ્રેર્યો થકો આવ્યો છે. (સિ.પ.) તો, બ્રહ્મને વિષે વિભુપણું નહિ રહે. વિભુપણું તો પરમેશ્વરને વિષે આવશે. (પૂ.પ.) અને કહેશે જે, એ યોગ સ્વાભાવિક છે જ. (સિ.પ.) ત્યારે પ્રથમ પણ માયાશબલિત(અનાદિ અજ્ઞાન યુક્ત) બ્રહ્મ કહેવાશે. એટલા માટે સર્વ કાળે માયાએ યુક્ત બ્રહ્મની સિદ્ધિ થશે. અને એમ વિશિષ્ટ સતે વિજાતીય-સજાતીય રહિત કેમ કહેવાશે ?

(પૂર્વપક્ષ) ત્યારે કહેશે જે, માયાશબલિત બ્રહ્મ છે. (સિદ્ધાંતપક્ષ) તો સબલપણાને વિષે પણ પ્રથમ પ્રપંચની અપ્રતીતિ કહેતાં અદૃશ્યપણું હતું, તેનું શું કારણ કહેશે ? (પૂ.પ.) ત્યારે કહેશે જે, બ્રહ્મને જોયાનો અભાવ હતો તે થકી પ્રપંચની અપ્રતીતિ છે. (સિ.પ.) ત્યારે બ્રહ્મને જોયાના અભાવને વિષે શું કારણ ? (પૂ.પ.) તો કહેશે જે, બ્રહ્મની ઈચ્છા જ કારણ છે. (સિ.પ.) તો શું, સૃષ્ટિથી પૂર્વે પણ ઈચ્છાયે યુક્ત બ્રહ્મ છે ? ત્યારે તો સર્વ કાળે સવિશેષણ જ બ્રહ્મ સિદ્ધ થયું.

અને વળી અંગીકાર કર્યા થકી પૂર્વે માયા કોને આશરે હોય ? (પૂ.પ.) તો કહેશે જે, બ્રહ્મને આશ્રિત હોય. (સિ.પ.) તો, સર્વ કાળે

વિશિષ્ટપણાનો પ્રસંગ કહેવાશે ને અદ્વૈતની હાનિ થશે. (પૂ.પ.) ત્યારે એમ કહેશે જે, માયાનું અપરમાર્થપણું(વાસ્તવિકરૂપે ન હોવાપણું) છે, એ હેતુ માટે કહ્યા એવા જે દોષ તેનો પ્રસંગ બ્રહ્મને વિષે ન હોય. (સિ.પ.) તો અપરમાર્થ શબ્દે કરીને માયાને શું કહેવું છે ? જે રજ્જુને વિષે સર્પની પેઠે મિથ્યાપણું છે કે વિકારે યુક્તપણે કરીને બ્રહ્મ સમાન સત્તાનું અભાવપણું છે.

૩૨૮. માયા દોરડીમાં ભાસતા સર્પ જેમ મિથ્યા નથી.

તેમાં આદ્ય (પ્રથમ પક્ષ) જે મિથ્યાપણું તે તો નહિ કહેવાય; કાં જે, અજ્ઞાન જે માયા તેને ત્રિગુણાત્મિકા કહી છે, જ્ઞાનની વિરોધી કહી છે ને ભાવરૂપ(સત્ય) કહી છે. એ રીતે વેદાંતીના સંપ્રદાય(સંબંધી) વચનનો વિરોધ થશે.

અને હે પરમહંસો ! એમ કહ્યું છે જે, બ્રહ્મ તો માયા સામું જુએ છે તેણે કરીને સચરાચર જગતની ઉત્પત્તિ થાય છે. તે જો કારણ માયાનો અભાવ હોય તો કાર્યરૂપ જે જગત તે ક્યાંથી ઊપજે ? તે સારુ બ્રહ્મને વિષે રહી એવી જે માયા તેને રજ્જુસર્પની પેઠે ખોટી તો ન જ કહેવાય. જેમ બ્રહ્મને વિષે સત્યપણું આવ્યું, તેમ શુદ્ધમાયાને વિષે સત્યપણું આવે છે. અને તે(માયા)નાં કાર્ય એવા ગુણ, મહત્તત્ત્વ, અહંકારાદિકને વિષે તો ઉત્પત્તિ-પ્રલય દ્વારાએ કરીને સત્ય-અસત્યપણું આવે છે.

(પૂર્વપક્ષ) ત્યારે એ કહેશે જે, કાર્યનું પણ અસત્યપણું છે તેણે કરીને એ દોષ નહિ આવે. જેમ સ્વપ્નમાં માથાં છેદ્યાંનાં કાર્ય પ્રત્યે સ્વપ્ન સંબંધી ચોરનું કારણપણું દેખાય છે, તેમ માયાનું કારણપણું છે એમ કહેશે. (સિદ્ધાંતપક્ષ) તો એમ નહિ; કાં જે, જાગ્રત-સ્વપ્નને તો વૈધર્મ્યપણું છે. તે વ્યાસસૂત્રને વિશે જાગ્રત અવસ્થાના પદાર્થોને ને સ્વપ્ન અવસ્થાના પદાર્થોને સાદૃશ્યપણું નથી કહ્યું. અને વળી જેમ ત્રણે કાળને વિષે બ્રહ્મ

સત્યપણાને નથી મેલતા, તેમ માયાનું કાર્યરૂપ જે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જગત તે ત્રણે કાળને વિષે સત્યપણાને નથી મેલતું; એ રીતે કાર્યનું સત્યપણું છે. અને જગતને ને જીવ, ઈશ્વર, માયાને અસત્યના કહેનારા તેને તો મોટા પુરુષ આસુરી સિદ્ધાંતના પ્રસંગી કહે છે.

અને (ગીતામાં ભગવાને) માયાને '**मम योनिर्महद्ब्रह्म**' અને '**मम माया दुरत्यया**' એમ કહ્યું છે. અને પ્રકૃતિપુરુષને તો અનાદિ જાણવા ઈત્યાદિક વચન છે. અને વળી માયાને 'गौरनाद्यन्तवती' એવી રીતે કહી છે. તે જો માયાને અસત્ય કહેશે, તો ઈત્યાદિક શ્રુતિ-સ્મૃતિનો વિરોધ આવે, અને જો માયા મિથ્યા જ હોય તો અક્ષરપણે-ધ્રુવપણે ઈત્યાદિક વચને કરીને કહેવાય નહીં. (માટે માયા સર્પરજ્જુની પેઠે મિથ્યા ન કહેવાય.)

અને બીજો પક્ષ જે બ્રહ્મ સમાન સત્તાનો અભાવ છે, તે તો એમ છે જે, બ્રહ્મ તો પરિણામે રહિત છે અને માયા તો વ્યભિચારને પામે છે, તે સારુ માયાને વિષે બ્રહ્મના જેટલી સત્તા નથી. તેમ માયા અસત્ય પણ નહિ, સત્ય છે. અને માયાનું કાર્ય તે તો સત્ય-અસત્યપણે કરીને વૃદ્ધિ પામ્યું છે. અને વ્યાસસૂત્રવાળે પણ એમ કહ્યું છે જે, 'સત્યપણે કરીને જણાય છે, પમાય છે,' તે સારુ માયાના કાર્યનો પણ અભાવ ન કહેવાય.

૩૨૯. નારાયણના સર્વ કારણપણાનું શાસ્ત્રીય પ્રતિપાદન

(પૂર્વપક્ષ) ત્યારે એ વાદી એમ કહેશે જે, એક જ અદ્વિતીય બ્રહ્મ છે. એ રીતે શ્રુતિ પ્રગટ અદ્વિતીયપણે બ્રહ્મને કહે છે. ને બીજી વસ્તુનો સદ્‌ભાવ છે, તે સિદ્ધિ કેમ થશે ? (સિદ્ધાંતપક્ષ) તો કહીએ છીએ જે, વસ્ત્વંતર(બીજી વસ્તુ) જે માયા આદિક કાર્ય તેણે વિશિષ્ટ જે બ્રહ્મ તેનું જ અદ્વિતીયપણું છે, એમ શ્રુતિનો અભિપ્રાય છે. તે કહીએ છીએ જે, ભિન્ન-ભિન્ન જે નામરૂપ તેણે કરીને સ્થિતિકાળે બહુ પ્રકારે રહ્યું એવું જે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જગત, તેને સૃષ્ટિથી મોર(પહેલાં) વહેચાણાં નહિ

એવાં જે નામરૂપ તેણે કરીને એકત્વપણું છે. અને અધિષ્ઠાન જે બ્રહ્મ તે સંગાથે અંતરે રહિત સત્ય હોતું હવું. તે સત્ય શબ્દ વિશેષ્યભૂત જે બ્રહ્મ તેનો વાચક છે, તોપણ કારણ-વિષયપણાના સામર્થ્ય થકી કારણપણાને યોગ્ય એવા જે ગુણ તેણે યુક્ત એવી જે પ્રકૃતિ ને કાળ તે છે શરીર જેનું એવા જે આત્મા તેનું સત્ શબ્દ જે તે સ્થાપન કરે છે.

તેમ 'સત્ એવ' એને વિશે જે એવકાર તેણે કરીને નૈયાયિકને અભિમત ઉત્પત્તિ થકી પ્રથમ જગતનું અસત્યપણું ટાળે છે. અને 'એકમ્ એવ' એ રીતે એવકારે કરીને **'बहु स्याम्'** એ રીતે સૃજાશે એવું જે કાર્ય જગત, તેની બહુત્વપણે જે અવસ્થા તે ટાળે છે.

અને સર્વ કારણવાદી જે શ્રુતિઓ તેનું એકતાનું વચન તે અવશ્યપણે છે. તેને વિશે (શ્રુતિ-સ્મૃતિના પ્રમાણરૂપે) વિષ્ણુ હરિ એક હોતા હવા. અને નિષ્કલ(અવિકસિત) એક નારાયણ હોતા હવા. અને બ્રહ્મા, શિવ, આકાશ, પૃથ્વી, નક્ષત્ર, જળ, અગ્નિ, સોમ, સૂર્ય એ સર્વે ન હોતા હવાં. અને તે નારાયણ એકલા નથી રમતા. અને ધ્યાને કરીને અંતઃસ્થ એવા જે નારાયણ તેની એક નહિ દશ ઇન્દ્રિયો છે; ઇત્યાદિક સવાલ ઉપનિષદને વિશે કહ્યા છે.

વળી શું તે વારે હોતું હવું નહિ ? જ્યાં કાંઈ પ્રથમ હોતું હવું. મૂળ અનાધાર. આ પ્રજા ઊપજે છે. ને તે દિવ્ય દેવ એક નારાયણ છે. ઇત્યાદિક અનુસાર થકી.

અને તે આ, તે વારે અવ્યાકૃત હોતું હવું. અને તે અવ્યાકૃત નામરૂપે કરીને વિકાર પામે છે. એ રીતે નામરૂપને કરવામાત્રના શ્રવણ થકી પણ એ જ શ્રુતિનો અર્થ છે. અને એમ ન કહીએ તો પરસ્પર વ્યાઘાત પ્રસંગ (આવતો હોવા)થી એ શ્રુતિનો અભિપ્રાય દેખાડ્યો છે. ભગવાન તેણે એકાદશ સ્કંધને વિશે કહ્યું છે જે, એક નારાયણ દેવ છે, તે પૂર્વે સૃજ્યું તેને કલ્પને અંતે કાળકળા એવી જે માયા તેણે કરીને

આ જગતને સંહારીને એક જ ઈશ્વર અદ્વિતીય, આત્માધાર, અખિલના આશ્રય એવા હોતા હવા. અને આત્માના મહિમારૂપ જે કાળ તે સત્ત્વાદિક શક્તિઓને સામ્યપણાને પમાડે છે.

અને તે પ્રધાનપુરુષના ઈશ્વર, આદિપુરુષ, પરઅવર મધ્યે શ્રેષ્ઠ કૈવલ્ય નામે રહે છે. એ રીતે એ શ્રુતિઓને વિષે સર્વના આશ્રય છે, તે જ અદ્વિતીયપણાને નિર્દેશે કરીને વિશેષણે યુક્ત એવા જે બ્રહ્મ તેનું જ અદ્વિતીયપણું પ્રગટપણે સિદ્ધ છે.

અને વળી વરાહ પુરાણને વિષે કહ્યું છે જે, મારે વિષે જ સમગ્ર જગત ઊપજ્યું છે અને મારે વિષે સર્વ રહ્યું છે અને મારે વિષે સર્વ લય પામે છે. તે બ્રહ્મ અદ્વૈત હું છું. વળી શ્વેતાશ્વતરોપનિષદને વિષે કહ્યું છે જે, મંત્રાભિમાની દેવતા તેણે જે સૂક્ષ્મ ચિત્-અચિત્ તેણે વિશિષ્ટ એવા જે પરમાત્મા તેનું પરમ કારણપણું નિર્ણય કર્યું છે. અને વેદાંત સૂત્રના કરનારા વ્યાસજી પોતાના યોગમહિમાએ કરીને એને જ નિશ્ચે કરીને કહેતા હવા.

અને શ્રીમદ્‌ભાગવતને વિષે જે ભક્તિયોગે કરીને નિર્મળ જે મન તે રૂડી રીતે નિશ્ચલ થયે સતે પૂર્ણપુરુષને દેખતા હવા. વળી તે પુરુષને આશરે રહી જે માયા તેને દેખતા હવા. જે માયાએ કરીને મોહને પામ્યો એવો જે જીવ તે (માયા) પર છે, તોય પણ પોતાને ત્રિગુણાત્મક માને છે; અને તે ગુણે કર્યું જે અનર્થ - સંસૃતિ તેને પામે છે. અને સાક્ષાત્ ભગવાનને વિષે જે ભક્તિયોગ તે અનર્થને સમાવે છે. તેને ન જાણતા લોકોને અર્થે સાત્વતસંહિતા(ભાગવત)ને કરતા હવા.

૩૩૦. છેવટે સર્વે નારાયણમાં જ લય પામે છે.

અને વળી ‘અગ્રે’ એ પદે કરીને જે વારે(સમયે) પ્રલયકાળ કહ્યો છે, તે વારે અક્ષર જે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક માયાશબલિત (પ્રધાનપુરુષ સુધીના) જીવ, તે ‘તમ’(મહામાયા)ને વિષે લીન થાય છે. અને તે ‘તમ’

પરદેવ જે (મહા)પુરુષ તેને વિષે એક થાય છે. અને વળી પુરાણાંતરને વિષે કહ્યું છે જે વ્યક્ત-અવ્યક્ત સ્વરૂપી જે મેં પ્રકૃતિ કહી છે તે (મૂળ) પ્રકૃતિ અને (મહા)પુરુષ તે બે પરમાત્માને વિષે લીન થાય છે. અને પરમાત્મા સર્વના આધાર છે, પુરુષોત્તમ છે, તે વિષ્ણુ નામે વેદવેદાંતને વિષે ગવાય છે.

અને વળી ભારતને વિષે કહ્યું છે જે, બ્રહ્મા આદ્ય લઈને માયાને વિષે લીન થયે સતે અને ચરાચર લોક નાશ પામે સતે અને પ્રાણીમાત્રનો લય પામે સતે પ્રકૃતિને વિષે મહત્તત્ત્વ લય પામે છે. અને એક સર્વના આત્મા નારાયણ જે પ્રભુ તે રહે છે. અને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જગત નથી રહેતું ઇત્યાદિક અનેક પ્રમાણે કરીને તે વારે સૂક્ષ્મ ચિત્-અચિત્પણે યુક્ત બ્રહ્મના સિદ્ધપણા માટે વિશિષ્ટને જ અદ્વિતીયપણું સિદ્ધ છે.

અને વળી પૂર્વે ક્યારેક પણ સૃષ્ટિનો સદ્ભાવ નથી કહ્યો, તે તો કાળની અગ્રઅવસ્થા જે પ્રલયઅવસ્થા તે છે. અને તે વારે વળી સૂર્ય-ચંદ્રમાને ધાતા જે વિરાટપુરુષ તે યથાપૂર્વે કલ્પતા(સૃજતા) હતા. અને વળી તે વારે પ્રલયકાળે જીવોના પોતપોતાના કર્મના ભાવ થકી દેવાદિક વિષમ સૃષ્ટિ ઈશ્વરની ઇચ્છાએ કરીને પોતાના કર્મના અનુસારે ઊપજતી હતી.

૩૩૧. બ્રહ્મનું અવિદ્યાથી ઢંકાઈ જવાનું ખંડન

તે વારે(ઉત્પત્તિ કાળે) સત્તામાત્ર જે બ્રહ્મ તેને વિષે આરોપ્યું એવું જે પ્રપંચ(સંસાર) તેના દ્રષ્ટા કોણ છે ? (પૂર્વપક્ષ) તો કહેશે જે, 'બ્રહ્મ જ અનાદિ અવિદ્યાએ તિરોહિત સ્વરૂપ થકા પોતાને પ્રાપ્ત થયું જે નાનાપણું તેને દેખે છે.' (સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં. કાં જે, નિત્યમુક્ત ને અખંડ એકરસ પ્રકાશ, જ્ઞાનમાત્ર સ્વરૂપ અને અંશે રહિત એવા જે બ્રહ્મ તેને તિરોધાન ન થાય, કહેતાં ઢંકાવું ન થાય.

અને પ્રકાશ છે પર્યાય જેનો એવા જ્ઞાનરૂપ જે બ્રહ્મ તેને જો તિરોધાન કહીએ તો સ્વરૂપના નાશનો પ્રસંગ થાય. અને તિરોધાન એવું જે નામ છે, તે વસ્તુ સ્વરૂપ વિદ્યમાન સતે તેના પ્રકાશની નિવૃત્તિ છે. અને પ્રકાશ તે જ વસ્તુ સ્વરૂપ છે; એ રીતે જ્યારે કહે ત્યારે તિરોધાનનો અભાવ છે. અને પ્રકાશનો તિરોધાન કહીએ તો વસ્તુને વિષે નાશવંતપણું આવે. કાં જે, વસ્તુ પ્રકાશરૂપ છે. અને વળી એમ ન કહેવું જે, સ્વરૂપ જે પ્રકાશ તેનું નિત્યપણું સતે પણ તેનો અંશમાત્ર અવિદ્યાએ તિરોહિત છે, એમ અંશને પણ ન કહેવું. કેમ જે, અંશને સ્વરૂપ થકી અભિન્નપણું છે. માટે પ્રથમ કહ્યો દોષ જે તિરોધાન તે બ્રહ્મને વિષે આવે; કાં જે, તે અંશ તેને વિષે રહ્યો છે. અને અંશને જુદાપણું સતે સવિષેશપણાનો પ્રસંગ થાય.

૩૩૨. બ્રહ્મને વિશે ભ્રમ કે અજ્ઞાન સંભવે જ નહીં.

અને વળી નિર્વિશેષ પ્રકાશમાત્ર એવા જે બ્રહ્મ તેને અજ્ઞાનનું સાક્ષીપણું અને અહંકારાદિક જે જગત તેનો ભ્રમ તે પ્રાપ્ત ન થાય. અને સાક્ષીપણું ને ભ્રમ આદિ તે પણ જે જ્ઞાતાવિશેષ હોય તેને પામ્યા એવા દીઠા હોય છે, પણ જ્ઞાનમાત્ર જે બ્રહ્મ તેને વિષે રહ્યું જે સાક્ષીપણું અને અહંકાર આદિક જગતનું ભ્રમાદિકપણું તે રહ્યું નથી દીઠું. અને વળી શું જે, જો બ્રહ્મ જ અનાદિ અવિદ્યા વશ થકા પોતાને વિષે પામ્યું જે નાનાપણું તેને દેખે છે, તો પ્રલયકાળને વિષે અજ્ઞાનપણું વિદ્યમાન સતે પણ પ્રપંચ જે જગત તેના અદર્શન(પ્રલય)ને વિષે શું કારણ છે ?

વળી બ્રહ્મને અજ્ઞાન છે એવા પક્ષને વિષે પોતાના અજ્ઞાનની નિવૃત્તિએ કરીને તે બ્રહ્મને જ મોક્ષ માનવાપણું કહેવાશે; કહેતાં બ્રહ્મને જ મોક્ષ કહેવાશે.

અને તે બ્રહ્મની અવિદ્યા જે માયા તેણે યુક્ત એવા જે જીવ તેમને મોક્ષને અર્થે જે શ્રવણ-મનનાદિક પ્રયત્ન તે અવિદ્યાનું જ કાર્ય હોવાથી

નિષ્ફળ થાય. અને સ્વપ્નસંબંધી જે મુમુક્ષુ તેના પ્રયત્નની પેઠે અને છીપને વિષે જે રૂપું આદિક તેના લેવાના પ્રયત્નની પેઠે, મોક્ષને અર્થે પ્રયત્ન પણ વૃથા થાય. કેમ જે, કલ્પિત આચાર્ય થકી પામ્યું જે જ્ઞાન તેનું જ કાર્ય હોવાથી મોક્ષનો પ્રયત્ન વ્યર્થ થશે.

અને જો એક જ બ્રહ્મ સર્વ શરીરને વિષે જીવભાવને અનુભવે છે તો 'મારા પગને વિષે વેદના છે' ને 'મારા મસ્તકને વિષે સુખ છે' એ અનુભવની પેઠે સર્વેના શરીરને વિષે જે સુખ-દુઃખ હોય છે, તેનું પ્રતિસંધાન(એકને જ અનુભવ થવાપણું) હોવું જોઈએ. અને જીવ, ઈશ્વર, બદ્ધ, મુક્ત, શિષ્ય, આચાર્ય, જાણનાર, અજાણનાર ઇત્યાદિક અવસ્થા ન હોવી જોઈએ. અને પૂર્વે સૌભરી આદિકને વિષે આત્માનું એકત્વપણું સતે અનેક શરીરે પ્રેર્યું એવું સુખદુઃખ આદિકનું પ્રતિસંધાન એકને જ દેખાય છે.

333. કાલ્પનિક પ્રપંચનો બ્રહ્મને વિશે અધ્યારોપ સંભવે નહીં.

અને વળી 'અહં'અર્થને જ્ઞાતાપણા માટે ભેદ થકી પ્રતિસંધાનનો ભાવ નથી. અને આત્માના ભેદ થકી અનુભવમાં ભેદ છે એ રીતે કહેવાને યોગ્ય નહીં. ને આત્મા તો જ્ઞાતા જ છે. તે અહં અર્થરૂપે જ છે. વળી અંતઃકરણરૂપ જે અહંકાર તે જડ છે, માટે કરણપણું જે ઇન્દ્રિયપણું છે; માટે શરીર ઇત્યાદિકની પેઠે જ જડ છે, એને જ્ઞાતાપણું નથી. અને વિકારની જનની એવી કાર્યકારણરૂપ અજ્ઞાનમાયા સામ્યાવસ્થા સુષુપ્તિરૂપ તેને જે જાણે છે તે વિના બીજો દ્રષ્ટા નથી. અને એને વિષે જે 'અહં'અર્થ છે તે તો સત્ય છે. અને અહંકાર અંતઃકરણ દ્વારા જે છે તે જડ છે અને એ જે દ્રષ્ટા તે તો જાણે જ છે. અને વળી મોક્ષધર્મને વિષે પણ કહ્યું છે જે, અવબુધ્યમાન(જાણી શકાય) એવી જે પ્રકૃતિ તેને પચ્ચીશમા એવા જે દ્રષ્ટા તે જાણે છે અને ગંધર્વ પ્રકૃતિ જે જીવ તે દ્રષ્ટાને નથી જાણતો એમ કહ્યું છે.

અને વળી અન્ય ઠેકાણે હોય જ તેનો બીજાને વિશે આરોપ થાય એવો નિયમ છે; પણ મનુષ્યને શિંગડાંની પેઠે સ્વરૂપે કરી અણછતો (અપ્રસિદ્ધ) એવો જે પ્રપંચ, તેનો બ્રહ્મને વિષે આરોપ ન સંભવે, તે નિશ્ચય દેખાય છે. રજ્જુ આદિકને વિષે સાચા જ સર્પાદિકનો આરોપ સંભવે છે.

વળી 'नीलं नभः' ('આકાશ વાદળી છે' એવું સ્થાપન કરતા) પૂર્વે અનુભવમાં આવ્યું એવું જે નીલપણું તેની પ્રતીતિ આકાશને વિષે છે. અને સ્વપ્નને વિષે પણ આ જન્મને વિશે અથવા જન્માન્તરને વિષે દીઠો અથવા સાંભળ્યો એવો જે વિષયરૂપ ભાવ તેની પ્રાપ્તિ થાય છે. ને દીઠો નહિ ને સાંભળ્યોય નહિ એવો જે ભાવ તે થકી ઇચ્છા ઊપજતી નથી. એ રીતે એકાદશ સ્કંધને વિષે ભગવાનનું વચન છે.

(પૂર્વપક્ષ) અને વળી એમ કહેશે જે, આરોપ 'ખ' કહેતાં આકાશરૂપ વિષયની પ્રતીતિમાત્ર અપેક્ષા કરે છે, અને સત્યપણાની અપેક્ષા નથી કરતો એ રીતે કહેશે. (સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં, કાં જે, પ્રતીતિમાં પણ નથી એવું જે સસલાનાં શિંગડાંની પેઠે એ અસંભવે છે.

(પૂ.પ.) વળી એમ કહેશે જે, રજ્જુને વિષે સર્પની પ્રતીતિની પેઠે પ્રપંચની પ્રતીતિનું પણ દોષમાત્ર જ કારણ અપેક્ષિત છે. એ રીતે વિષયનો સદ્‌ભાવ અપેક્ષિત નથી. (સિ.પ.) તો એમ નહીં. કાં જે, દોષરૂપ જે કારણ તેનું મિથ્યાપણું હોવાથી પરપક્ષને વિશે વિષયની પ્રતીતિરૂપ જે કાર્યની ઉત્પત્તિ તેનો અસંભવ હોય. કહેતાં, કારણરૂપ સર્પ ન હોય, તો સીંદરીને વિષે ભ્રાંતિરૂપ સર્પની પ્રતીતિ ન હોય. તેટલા માટે કાર્યને કારણસત્તાની અપેક્ષાપણાનો નિયમ છે.

(પૂ.પ.) અને એમ કહેશે જે, અણછતો છે તોપણ આરોપિત એવો જે સર્પ તેનું ભયાદિક કાર્ય પ્રત્યે કારણપણું દેખવાથી કાર્ય અને કારણસત્તાની અપેક્ષાપણાનો નિયમ નથી. (સિ.પ.) તો એમ નહિ;

કાં જે, ખોટાને પરની ઉત્પત્તિને અનુકૂળ એવો જે શક્તિરૂપ કારણ તેનો અસંભવ છે. અને ભ્રાંતિસ્થળને વિષે પણ આરોપિત એવું જે અહિ(સર્પ) વિષયજ્ઞાન તેનું જ ભયાદિક કાર્યનું હેતુપણું હોવાથી વિષય જે સીંદરીને વિષે સર્પ તેને ભયાદિક કાર્યના હેતુનો અભાવ છે. અને કારણમાત્રના મિથ્યાત્વપક્ષને વિષે કાર્યની ઉત્પત્તિનું જે વર્ણન કરવું તેની જ અપ્રાપ્તિ છે.

(પૂ.પ.) અને એમ કહેશે જે, અસત્ એવો જે સર્પાદિક તેને પણ જ્ઞાનના કારણપણાની પ્રાપ્તિની પેઠે ભયને કારણપણાની પ્રાપ્તિ શું ન થાય ? (સિ.પ.) તો એમ નહીં. દોષને જ ખોટા અર્થના આલંબનરૂપ જ્ઞાનકારણપણે કરીને ભ્રમસ્થળને વિષે અહિ(સર્પ) વિષય જ્ઞાનકારણ-પણાની અનુત્પત્તિ છે (અસત્યથી સત્યનું જ્ઞાન ન થાય).

(પૂર્વપક્ષ) અને એમ કહેશે જે, ઘટપટાદિકોનું વ્યવહાર સંબંધી સત્યપણું અંગીકાર કીધું જ છે. (સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં; કાં જે, સ્વરૂપે કરીને મિથ્યારૂપ એવું જે છીપને વિષે રૂપું તેને વ્યવહારને વિષે યોગ્યપણાનો અસંભવ છે. (પૂ.પ.) ત્યારે એમ આશંકા કરશે જે, અણછતો એવો જે સ્વપ્ન સંબંધી પદાર્થ તેને પણ પોતાનો કાળ જે સ્વપ્ન, તેને વિષે (સ્વપ્ન સમયમાં) અવિચ્છિન્ન(અખંડ) વ્યવહારનું ઉપયોગીપણું દેખાય છે. (સિ.પ.) એમ કહેશે તો જાગ્રતપણાના અને સ્વપ્નપણાના વ્યવહારિક પદાર્થનો ભેળાપણાનો પ્રસંગ થાશે.

અને વળી સીંદરીને વિષે આરોપ્યો એવો જે સર્પ, ને પૃથ્વીની ફાટેલ ચીર ને જળની ધારા, તેમના અસત્યપણાને વિષે જો કાંઈ પણ ભેદ કહેવાને કાજે સમર્થ થાય તો સત્તામાત્રને વિષે આરોપ્યો એવો જે વ્યવહાર તેની આ વ્યવહાર સંબંધી સત્તા છે, ને આ પ્રાતિભાસિક(કાલ્પનિક) સત્તા છે એ રીતે ભેદ કહેવો.

૩૩૪. અવચ્છેદવાદનું નિરૂપણ

જેમ **અવચ્છેદવાદ**ને વિષે વૃક્ષનો સમષ્ટિ અભિપ્રાયે કરીને ‘વન’ એ રીતે એકત્વપણાનો વ્યપદેશ છે કહેતાં દેખાડવું છે; તેમ નાના પ્રકારપણે કરીને જણાતા એવા જે જીવ તેને વિષે રહ્યાં જે અજ્ઞાન તેના સમષ્ટિ અભિપ્રાયે કરીને તે જીવોનું એકપણું દેખાડવું છે.

એ સમષ્ટિમાં ઉત્કૃષ્ટઉપાધિ વિશુદ્ધ સત્ત્વપ્રધાન છે. અને એ સમષ્ટિઉપાધિએ ઢંકાણું એવું જે ચૈતન્ય, તે સર્વેશ્વરપણું, સર્વનિયંતાપણું ઈત્યાદિક ગુણે યુક્ત છે. તે અંતર્યામી, જગતકારણ, ઈશ્વર એ રીતે કહેવાય છે. કાં જે, સમગ્ર જ્ઞાનને પ્રકાશે છે, તે માટે સર્વજ્ઞ છે, સર્વવિત્ છે. અને એની એ સમષ્ટિઉપાધિ સમગ્રનું કારણ હોવાથી કારણશરીર કહેવાય. આનંદપ્રચૂરપણું હોવાથી અને કોશની પેઠે આચ્છાદકપણું હોવાથી તે આનંદમય કોશ કહેવાય છે. ને તે સર્વનો ઉપરમ(વિરામ) છે, તે માટે સુષુપ્તિ કહીએ. એટલા કારણપણા માટે સ્થૂળ, સૂક્ષ્મ એ આદિક જે પ્રપંચ તેના લયનું સ્થાનક કહેવાય છે.

જેમ વનને વ્યષ્ટિને અભિપ્રાયે કરીને ‘વૃક્ષો’ એ રીતે અનેકપણે કહેવાય છે, તેમ અજ્ઞાનને વ્યષ્ટિન્યાયે કરીને અનેકપણે કરીને કહેવું છે. અને એ વ્યષ્ટિ કનિષ્ઠઉપાધિએ કરીને મલિન સત્ત્વપ્રધાન છે. અને એ વ્યષ્ટિઉપાધિએ કરીને ઢંકાણું એવું જે ચૈતન્ય, તે અલ્પજ્ઞત્વ આદિક ગુણ છે જેના એવું પ્રજ્ઞાભિમાની(જીવ) એ રીતે કરીને કહેવાય છે.

અને એક અજ્ઞાને કરીને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક એ બે યુક્ત છે. તે માટે વન ને વૃક્ષની પેઠે એ વ્યષ્ટિસમષ્ટિનો અભેદ છે. અને એ વ્યષ્ટિસમષ્ટિઉપાધિએ ઢંકાણા એવા જે ઈશ્વર ને પ્રજ્ઞાભિમાની(જીવ) તેમનો પણ વનાકાશ ને વૃક્ષાકાશની પેઠે અભેદ છે.

અને વૃક્ષાકાશ કહેતાં સુષુપ્તિમાં ઢંકાણો જે ચૈતન્ય, અને વનાકાશ કહેતાં સામ્યાવસ્થાએ ઢંકાણો જે ચૈતન્ય એ બેયનો આધારભૂત, ને

કાર્યકારણ અજ્ઞાનમાં ઢંકાણો નહીં, અને સમષ્ટિવ્યષ્ટિ ઉપાધિમાં પણ ઢંકાણો નહીં, અને એ સર્વથી જુદો ને સર્વનો પ્રેરક અને સર્વનો જાણનાર જે ચૈતન્ય તેને તુર્યા કહીએ, જેને શિવ કહીએ, અદ્વૈત કહીએ, ને જેને ચોથો પદ કહીએ, એને તુર્યા તત્ત્વ કહીએ, એને શુદ્ધ ચૈતન્ય કહીએ.

૩૩૫. જીવ, ઈશ્વર અને બ્રહ્મના ભેદનું તાત્ત્વિક નિરૂપણ

અને કાર્યઅજ્ઞાને ઢંકાયેલા જીવ અને કારણઅજ્ઞાને ઢંકાયેલા ઈશ્વર એવાં જે બે ચૈતન્ય, તે બે ચૈતન્યે યુક્ત અને વાચ્યરૂપે જે તુર્યાને કહે છે, તે ખોટું કહે છે. અને જીવ-ઈશ્વરનાં લક્ષ્યાર્થરૂપે જે તુર્યા કહે છે, તે પણ ખોટું કહે છે. કાં જે, વાચ્યરૂપે પણ જીવ-ઈશ્વરને કહેવાય, અને જહદ લક્ષણાએ ને ભાગત્યાગ લક્ષણાએ કરીને લક્ષ્યાર્થરૂપ તે જીવ-ઈશ્વરનું નિત્ય રહે છે. અને તે લક્ષ્યાર્થરૂપ જે જીવ-ઈશ્વર તેનો આધાર, તેનો પ્રેરક, તે તો તુર્યાને કહીએ, તેને દિવ્ય દેવ કહીએ, નારાયણ કહીએ, એક કહીએ, આત્માધાર કહીએ, સમગ્રના આશ્રય કહીએ. અને જો એને જીવ-ઈશ્વર કહીએ તો બાધ આવે; કાં જે, જીવ-ઈશ્વરની ઉત્પત્તિ, સ્થિતિ, લય છે. અને જે વૃક્ષાકાશરૂપે જીવસત્તા કહી અને વનાકાશરૂપે ઈશ્વરસત્તા કહી, એ બે ચૈતન્યને જો એક કહીએ તોપણ બાધ આવે, તે સારુ એક ન કહેવા.

૩૩૬. જીવ, ઈશ્વર, માયા અને તુર્ય જુદા જ છે.

અને એમ પણ ન કહેવું જે, ઈશ્વરની જે જીવસત્તા તે સમગ્ર જીવરૂપે થઈ છે. કાં જે, ઈશ્વર તો વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતનો અભિમાની છે. તેણે કરીને જીવને ને ઈશ્વરને તો ઝાઝો ભેદ છે. તેમ વનાકાશને પણ ન કહેવું જે વૃક્ષાકાશરૂપે થઈ ગયો છે. કાં જે, જીવને પણ એમ કહ્યો છે જે, અછેદ્ય છે, અભેદ્ય છે. અને ઈશ્વરને પણ એમ કહ્યા છે

જે, ઈશ્વર અછેદ્ય છે ને અભેદ્ય છે. (કારણ કે, ઈશ્વરનો ટુકડો થઈને જીવ બનતો નથી. કેમ જે, તે બંને અવિકારી તત્ત્વો છે.)

અને જો એમ કહેશે જે, જીવ પણ ઈશ્વરનો કટકો છે, તો એ બાધ આવશે જે ઈશ્વરને અછેદ્ય-અભેદ્ય કહ્યો છે, તે સારુ અછેદ્ય-અભેદ્યનો કટકો કેમ થાય ? માટે જીવ પણ અનાદિ છે ને ઈશ્વર પણ અનાદિ છે. માયાને વિષે અપરિમિત(અગણિત) જીવ ને ઈશ્વર રહ્યા છે. અને જીવ પણ અનાદિ કર્મે યુક્ત છે અને ઈશ્વર પણ જીવનો અનાદિ આધારભૂત છે અને માયા તો અનંત જીવ-ઈશ્વરની આધારભૂત છે અને તુર્યા તે પણ અનાદિ માયાનો આધાર ને પ્રેરકરૂપ છે. અને માયાને વિષે જે રહ્યા જીવ-ઈશ્વર તે વિભાગે કરીને રહ્યા છે.

અને તે **માયા કેવી છે ?** તો, વિભાગે યુક્ત છે ને સંબંધે યુક્ત છે, ને જીવ-ઈશ્વરને વિષે વ્યાપકપણે યુક્ત છે, ને જીવ-ઈશ્વરે યુક્ત છે અને તુર્યાને આભાસે યુક્ત છે.

હે પરમહંસો ! એ માયાનો આધાર જે તુર્યા તેને (પ્રતાપે કરીને) તથા સત્સંગ, સદ્‌ગુરુ, સત્શાસ્ત્રને પ્રતાપે કરીને, સમાધિને લક્ષ્યે કરીને, સ્થૂળ દેહે કરીને, નિર્ભય થકો (જીવ) પૃથ્વીરૂપે થાય છે, જળરૂપે થાય છે, ને તેજરૂપે થાય છે, ને વાયુરૂપે થાય છે, આકાશરૂપે થાય છે. તે વાર પછી ઘ્રાણ ઈન્દ્રિયે કરીને ગંધરૂપ થાય છે, ને રસના ઈન્દ્રિયે કરીને રસરૂપ થાય છે, ને ચક્ષુ ઈન્દ્રિયે કરીને રૂપને આકારે થાય છે, ને ત્વચા ઈન્દ્રિયે કરીને સ્પર્શરૂપે થાય છે, ને શ્રોત્ર ઈન્દ્રિયે કરીને શબ્દરૂપે થાય છે, અહંકાર ને બુદ્ધિએ સહિત પંચકર્મેન્દ્રિયની ક્રિયારૂપ થાય છે, તે કેડે માયામય જીવરૂપ થાય છે, તે કેડે માયારૂપે થાય છે, તે કેડે તુર્યારૂપે થાય છે.

૩૩૭. 'બ્રહ્મ જ જીવ છે' એ માન્યતાના દોષોનું નિરૂપણ

(પૂર્વપક્ષ) અને વળી (અદ્વૈત)વાદી કહેશે જે, આ માયામય જીવરૂપ-આત્માએ કરીને બ્રહ્મને જ જીવભાવની પ્રાપ્તિ સંભળાય છે.

ત્યારે એમ વિચાર કરવો જે, સંકલ્પપૂર્વક જીવની પ્રાપ્તિ શું નિર્વિશેષ બ્રહ્મને છે ? કે માયાની ઉપાધિવાળા એવા ઈશ્વરને જીવભાવની પ્રાપ્તિ છે ? (સિદ્ધાંતપક્ષ) તેમાં નિર્વિશેષ એવા જે બ્રહ્મ તેને સંકલ્પે શૂન્યપણું છે. માટે જીવ-ઈશ્વરભાવને બ્રહ્મ પામે નહીં. અને વળી બીજા ઈશ્વર સંકલ્પે યુક્ત છે, પણ વિશુદ્ધ સત્ત્વપ્રધાન ઉપાધિવાળા છે. તેથી તેને મલિન સત્ત્વઉપાધિવાળો જીવ, 'હું થાઉં' એ રીતે સંકલ્પ પણ ન થાય. અને કોઈ ડાહ્યા પુરુષ પોતાના અનર્થનો સંકલ્પ કરે નહીં.

અને વળી સંકલ્પ સતે પણ ઈશ્વર પોતાની ઉપાધિને પરિત્યાગે કરીને જો બીજે પ્રકારે થવાને વિષે સમર્થ છે; તો તે વારે નિર્વિશેષ જે બ્રહ્મ તે રૂપ જ કાં થાય નહીં ! અને વળી વિદ્યાઉપાધિએ કરીને યુક્ત એવા જે ઈશ્વર તેને જ અવિદ્યાઉપાધિપણું ને જીવપણું ન સંભવે. અને વળી વિદ્યા-અવિદ્યાનો માંહોમાંહી સાંકર્યપ્રસંગ(મિશ્રણ થવાનો સંભવ) થાય. અને વળી માંહી પ્રવેશને કરતા, ને જીવોના શાસ્તા, ને સર્વેના આત્મા, એ રીતે કરીને પોતે જ ઈશ્વર જીવરૂપે પોતાના શાસ્તા કહેવાય, તે પણ ન સંભવે. અને અગ્નિ પોતાને બાળે છે, એની પેઠે એ ઈશ્વર જીવ થઈને પોતાને શિક્ષા કરે છે, એ અત્યંત અયોગ્ય છે.

અને વળી ઈશ્વર જ જેને નરકમાં નાંખવા ઇચ્છે છે, તેને અસાધુ કર્મને(અયોગ્ય કર્મને) કરાવે છે. એ રીતે સર્વજ્ઞ છે તોય પણ જીવરૂપ થયો એવો જે પોતાનો આત્મા તેને નરકને પમાડે એવાં જે કર્મ તેના કરાવનાર થાય. અને પાપરૂપ કર્મને ટાળવાને સમર્થ થકા પણ પાપરૂપ કર્મને ટાળતા નથી ને પોતાના જ આત્માને નરકમાં નાંખે છે, એ રીતે સર્વે અયોગ્ય થાશે. અને વળી ઈશ્વરને જ જીવભાવની પ્રાપ્તિ સતે વળી પાછી ઈશ્વરપણાની જે પ્રાપ્તિ તે જ મોક્ષ કહેવાશે. અને એમ સતે નિર્ગુણ મોક્ષવાદ નહિ કહેવાય.

૩૩૮. 'બ્રહ્મ જ જગતરૂપે થયું છે' એ મતમાં આવતા દોષો

અને જગતને અને બ્રહ્મને શ્રુતિએ કરીને એકપણાના પ્રતિપાદનના કરનારા તેના(શુદ્ધાદ્વૈત) મતને વિષે એમ દોષ આવશે જે, બ્રહ્મ સર્વજ્ઞ-સત્યસંકલ્પાદિક ગુણે યુક્ત છે, તે બ્રહ્મને પોતાને સુખરૂપ જગતને ન કરવું અને પોતાને દુઃખ દે એવા જગતને કરવું. વળી આ જગત તો આધ્યાત્મિક, અધિદૈવ, અધિભૂતરૂપ જે અનંત દુઃખ તેની ખાણરૂપ છે.

અને વળી એવા પોતાના અનર્થને વિષે સ્વાધીન એવો બુદ્ધિમાન પ્રવર્તે નહીં; તો સર્વજ્ઞ એવા બ્રહ્મ તે પોતાને દુઃખ થાય તેમ કેમ પ્રવર્તે ? કાં જે, કોઈક ડાહ્યો મનુષ્ય પોતાને દુઃખ થાય એમ પ્રવર્તતો નથી ને સુખને અર્થે પ્રવર્તે છે, જે મારો જીવ બ્રહ્મ થાય તો હું સુખી થાઉં, તો બ્રહ્મ જીવરૂપ ઉપાધિને વિષે દુઃખને અર્થે કેમ પ્રવર્તે ?

અને વળી સ્વભાવે કરીને પોતા થકી અભિન્ન એવો જે જીવ તેને જગતના કારણ એવા જે બ્રહ્મ, તે શું જાણે છે કે નથી જાણતા ? કહેશે જે, નથી જાણતા; તો બ્રહ્મને સર્વજ્ઞપણાની હાનિ થાશે. અને કહેશે જે, જાણે છે; તો પોતા થકી અભિન્ન એવો જે જીવ તેના દુઃખને ને સુખને જાણે છે એવા જે બ્રહ્મ તેને હિત ન કરવું ને અહિત કરવું ઇત્યાદિક દોષ વળગશે. તે દોષ બ્રહ્મને વિષે કેમ ટળશે ? કાં જે, બ્રહ્મ જ જીવનું અવળું કરે છે.

૩૩૯. પ્રતિબિંબવાદનું ખંડન

(પૂર્વપક્ષ) અને વળી (અદ્વૈત)વાદી કહેશે જે, માયા આભાસે કરીને જીવને ને ઈશ્વરને કરે છે. એ રીતે જીવ-ઈશ્વરને બ્રહ્મના પ્રતિબિંબ કહે છે. તે બુદ્ધિપ્રતિબિંબિત જીવને કહે છે ને માયાપ્રતિબિંબિત ઈશ્વરને કહે છે. (સિદ્ધાંતપક્ષ) તેને શ્રુતિનો તાત્પર્ય નથી જણાતો. કાં જે, નિર્વિશેષ જ્ઞાનમાત્રને સજાતીય, વિજાતીય, સ્વગત ભેદે રહિત એવા જે બ્રહ્મ તેને પ્રતિબિંબ હોય નહીં. અને જો એ બ્રહ્મને પ્રતિબિંબ કહેશે તો તે બ્રહ્મને

વિષે સજાતીય, વિજાતીય, સ્વગત ભેદ આવશે. તે બ્રહ્મ કેવા છે ? તો, કારણરૂપ છે ને જીવ-ઈશ્વરના પણ અધિપતિ છે. એ ઊપજે નહિ ને મરે નહિ, ને સર્વના જાણવાવાળા છે, અને નિત્ય એવા જે જીવ, ઈશ્વર તેને બુદ્ધિ, ઇન્દ્રિય, મન, પ્રાણના સૃજનાર છે, ને સમર્થ છે.

૩૪૦. માયાને લીધે જીવ-ઈશ્વરમાં આવતું વિપરીતપણું

અને માયા એ જીવ-ઈશ્વરને અનાત્માના અભિમાને કરીને ઉપજાવે છે. ને જીવ-ઈશ્વરના તત્ત્વને વિષે વિપરીતપણું ઉપજાવે છે.

તેમાં પ્રથમ **જીવનું વિપરીતપણું** કહીએ છીએ : જે અજ, નિત્ય, શાશ્વત એવો આ જીવ અસમર્થ થકો શોક કરે છે, મૂંઝાય છે, ને પોતે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી એ રીતે કહેવાય. અને જીવતત્ત્વને વિષે દેહાત્મભ્રમ, સ્વતંત્રાત્મભ્રમને માયા ઉપજાવે છે. તેણે કરીને આ જીવ 'દેહોઽહં મનુષ્યોઽહં, ઈશ્વરોઽહં, અહં ભોગી, અહં સુખી, અહં દુ:ખી' એ રીતે બોલનાર થાય છે.

હવે **ઈશ્વરને વિષે જે માયાનું વિપરીતપણું** તે કહીએ છીએ : તે ઈશ્વર કેવા છે ? તો, સમષ્ટિ-વ્યષ્ટ્યાત્મક જગતના પતિ છે ને શાશ્વત છે ને અચ્યુત છે ને શિવ(પવિત્ર) છે, ને અજન્મા છે, ને અનાદિ છે, આત્માના આધાર છે, ને સર્વના આશ્રય છે એ રીતે કહેવાય. તે ઈશ્વર તત્ત્વને વિષે માયાનું વિપરીતપણું જે કાર્યને વિષે આત્મબુદ્ધિ, અને બ્રહ્મને વિષે આધારપણું ન મનાવું, ને માયાત્મકપણું, અને પોતાને વિષે ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયપણું, ને ક્ષેત્રજ્ઞપણું, એ જાતનું વિપરીતપણું મનાવે તેને આભાસ કહીએ.

૩૪૧. 'तत्त्वमसि' આદિક વાક્ય કોને વિશે પ્રવર્તે છે ?

(પૂર્વપક્ષ) અને જો (અદ્વૈતીઓ) એમ કહેશે-પૂછશે જે, (તમારા મતે) આ જીવ તે બ્રહ્મ થકી ભિન્ન છે, તો **'तत्त्वमसि'** આદિક વાક્યે

કરીને એકત્વપણાનો વ્યપદેશ(ઉપદેશ) કેમ થાશે ? (સિદ્ધાંતપક્ષ) તો અહીંયાં (શાસ્ત્રમાં) અંશ(જીવ) અનેક પ્રકારે દેખાડ્યા છે તેથી, તથા બીજે પ્રકારે પણ કોઈક અંશ તો દાસ કહેવાય છે તેથી, અને કોઈક અંશ તો મલિન કહેવાય છે.

અને 'બ્રહ્માંશ જીવ છે' તે તો બ્રહ્મ સાથે એકત્વપણે દેખાડ્યો છે. ને તેને વિષે 'तत्त्वमस्यादिक' વચન પ્રવર્તે છે. અને તે જીવ વિના જે નાના વ્યપદેશે યુક્ત જીવ છે તેને વિષે તો જે બ્રહ્મ સાથે એકત્વપણું લઈને રહ્યો છે એવો જે જીવ તેને સાથે એકત્વપણું લઈએ ત્યારે એને વિષે 'तत्त्वमस्यादिक' વચન પ્રવર્તે છે.

૩૪૨. સમષ્ટ્યાત્મક અને વ્યષ્ટ્યાત્મક જીવનું નિરૂપણ

અને **તે (ઈશ્વર કોટીનો) જીવ કેવો છે ?** તો, વ્યષ્ટિઉપાધિએ યુક્ત જે જીવ તેના સ્રષ્ટા છે, પોતે તો માયાત્મક છે, અને વ્યષ્ટિઉપાધિવાળા તો તેના સૃજ્ય છે. અને તે તો નિયંતા છે. અને અવિદ્યાએ યુક્ત જે જીવ તે તો નિયામ્ય છે; અને તે તો સર્વજ્ઞ છે, ને સ્વાધીન છે, અને વ્યષ્ટિઉપાધિવાળો તો અલ્પજ્ઞ છે, અને પરાધીન છે. અને શુદ્ધ માયાત્મક જે જીવ(ઈશ્વર) છે તે તો શુદ્ધ સત્ત્વાદિકગુણે યુક્ત છે અને તેને કલ્યાણગુણનું આકારપણું(કલ્યાણકારી ગુણોને પામવાની યોગ્યતા) છે અને તેના ઉપાસકને પણ કલ્યાણગુણપણું છે, ને નૈષ્કર્મ્યપણું છે.

અને વ્યષ્ટિઉપાધિવાળો જે અવિદ્યા યુક્ત જીવ તેને વિષે તો વિપરીતપણું છે, ને પતીતપણું છે, ને શુદ્ધ માયાત્મક જે જીવ તેને તો બ્રહ્મ સાથે એકત્વપણું છે. અને અભેદપણે કરીને જે બ્રહ્માંશ છે તેને વિષે તો **'तत्त्वमसि' 'अयं आत्मा ब्रह्म'**, એ વચન પ્રવર્તે છે. અને **એ બ્રહ્મના દાસ તે બ્રહ્મ જ છે.** અને જે જીવોને બ્રહ્મ સાથે ભેદ દેખાડ્યો છે, તે ભેદ પ્રત્યક્ષપણે કરીને ને પ્રસિદ્ધપણે કરીને સિદ્ધ છે.

૩૪૩. બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ

અને બ્રહ્મ(મહાપુરુષ) તો માયાદિક એ સર્વેનો સૃજનાર છે, ને સર્વેને નિયમમાં રાખનાર છે, અને એ સર્વેને પાળનાર છે, ને એ સર્વેથી શ્રેષ્ઠ છે, ને એ સર્વેના આધાર છે, અને માયાદિક એ સર્વેને લય કરનાર છે, એ સર્વેને ઉપાસના કરવા યોગ્ય છે. અને તે બ્રહ્મને પ્રસાદે(કૃપાએ) કરીને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ઈત્યાદિક જે પુરુષાર્થ તેની એ સર્વેને પ્રાપ્તિ છે. અને ભોક્તાપણું-નિયંતાદિકપણું પમાય છે.

૩૪૪. પાંચ ભેદની સ્પષ્ટતા

એટલા માટે શાસ્ત્રે કરીને ને અનુભવે કરીને એ રીતે ભેદ પ્રસિદ્ધ દેખાડ્યો છે. તે સારુ સદ્‌ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, બદ્ધ-મુક્તપણું ને ઉપદેશપણું એ સર્વેને વિષે મિથ્યાપણું નથી. અને (જેવી માયા છે તેવો જીવ નથી.) જેવો જીવ છે તેવા ઈશ્વર નથી. અને જેવા ઈશ્વર છે તેવા બ્રહ્મ નથી. (અને જેવા બ્રહ્મ છે તેવા પરબ્રહ્મ નથી.) અને જેમ કાંતિ થકી કાંતિવાળો જે પુરુષ તે નિશ્ચય બીજી રીતનો હોય, તેમ પ્રભાને ઠેકાણે અંશ જે જીવ તે થકી અંશી જે બ્રહ્મ તે બીજી રીતના હોય. એ રીતે જીવ બ્રહ્મનું વિશેષણ-વિશેષ્યપણે કહ્યું જે સ્વભાવ થકી વિલક્ષણપણું તેને આશરીને ભેદના નિર્દેશ છે તે પ્રવર્તે છે.

અને વળી જે અભેદનો નિર્દેશ છે તે પૃથક્ સિદ્ધિને યોગ્ય નહિ એવાં જે વિશેષણ તેને વિશેષ્ય સંગાથે એકત્વપણાને આશરીને મુખ્યપણે થાય છે. અને **'तत्त्वमसि' 'अयं आत्मा ब्रह्म'**, ઈત્યાદિકને વિષે **'तत्'** શબ્દની પેઠે **'त्वं'**, **'अयं'**, **'आत्मा'** એ રીતે જે શબ્દ તે પણ જીવ છે શરીર જેનું એવા જે બ્રહ્મ તેના વાચકપણે કરીને એક અર્થવાળા કહ્યા છે. માટે એ અર્થ છે તે પ્રથમ જ નિશ્ચય કર્યો છે.

૩૪૫. જ્ઞાનકાળે લક્ષ્યાર્થરૂપે જીવની બ્રહ્મ સાથે એકતા કહી છે.

(પૂર્વપક્ષ) ત્યારે (વાદી) એમ કહેશે જે, શ્રુતિએ એમ કહ્યું છે જે,

'સત્' જે બ્રહ્મ તે સંગાથે જીવ પામ્યો હોય છે અને 'સ્વ' જે પોતાનું બ્રહ્મસ્વરૂપ તેને પણ પામ્યો હોય છે; એ રીતે જીવને અને બ્રહ્મને સ્વરૂપે એકતા સંભળાય છે, એ રીતે કહેશે.

અને જો 'પ્રાજ્ઞ' જે સુષુપ્તિનો સાક્ષી આત્મા(બ્રહ્મ) તે સંગાથે (જીવ) મળ્યો થકો બાહ્ય કાંઈ જાણતો નથી, ને માંહી કાંઈ જાણતો નથી; એ રીતે સુષુપ્તિ દશાને વિષે જીવને સર્વજ્ઞ એવા જે બ્રહ્મ તેણે કરીને ટળ્યો છે સઘળો શ્રમ જેનો એવો જે જીવ, તેને બાહેર ને માંહી જ્ઞાનનો લોપ થાય છે એમ કહેશે. (સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં; કાં જે, કાંઈ જાણે નહિ એવો જે જીવ તે સુષુપ્તિકાળને વિષે સર્વજ્ઞ એવા જે બ્રહ્મ તે સંગાથે મળ્યો એમ સંભવે નહીં. અને જેમ સુષુપ્તિકાળે જીવ અને બ્રહ્મની એકતા નથી કહી, તેમ પ્રલયકાળે પણ બ્રહ્માંડાભિમાનીની બ્રહ્મ સંગાથે એકતા નથી કહી, અને **જ્ઞાનકાળે લક્ષ્યાર્થરૂપે કરીને એકતા કહી છે.**

૩૪૬. જીવ-બ્રહ્મની ભિન્નતા

હે પરમહંસો ! હવે પ્રતિબિંબવાદ કહીએ છીએ. (પૂર્વપક્ષ) તે પ્રતિબિંબવાદે કરીને વાદી એમ કહેશે જે, હૃદયને વિષે છાયા-આતપ જે જીવ ને બ્રહ્મ તે પ્રવેશ કરીને રહ્યા છે. એ રીતે શ્રુતિ તેણે જીવને બ્રહ્મનું પ્રતિબિંબપણું પ્રતિપાદન કર્યું છે.

(સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં; કાં જે, એક દેશને વિષે રહ્યા છે તોપણ જીવને ને બ્રહ્મને સજાતીયપણું નથી. શા સારુ જે, જીવ તો અભાસ્કર કહેતાં પ્રકાશે રહિત છે, બ્રહ્મ તો પ્રકાશપણે છે. જેમ છાયા ને તડકો બેય ભેળા રહે તોય પણ છાયાને અપ્રકાશપણું છે અને તડકાને પ્રકાશે સહિતપણું છે. અને શ્રુતિમાં પણ એમ જણાવ્યું છે જે, જીવને છાયારૂપ કહ્યો છે ને બ્રહ્મને આતપરૂપ કહ્યો છે. એ રીતે એ બેયના રૂપ સ્વભાવની વ્યવસ્થામાત્ર જણાવી છે, પણ જીવને પ્રતિબિંબપણું નથી કહ્યું.

૩૪૭. બ્રહ્મવેત્તાના સંગે જીવ બ્રહ્મરૂપ થાય.

(પૂર્વપક્ષ) ત્યારે વાદી કહેશે જે, એ જીવ તે બ્રહ્મ કેમ થશે ? કાં જે, બ્રહ્મથી વિજાતીયપણું છે. (સિદ્ધાંતપક્ષ) તે સારુ દૃષ્ટાંતે કરીને એ આશંકાનો ઉત્તર કહીએ છીએ. જેમ કીડાને ને ભમરીને વિજાતીયપણું છે. કાં જે, કીડો તે પૃથ્વીને વિષે ચાલનારો છે અને ભમરી તે આકાશને વિષે ઊડનારી છે. તે ભમરી જેમ કીડાને પોતારૂપ કરી મૂકે છે અને પોતા ભેળે આકાશમાં ઊડે છે, ને તે કીડો ભમરીને સજાતીય થાય છે તેમ. **અપ્રકાશરૂપ જે જીવ, બદ્ધઅવસ્થાને વિષે તે જીવને બ્રહ્મ, બ્રહ્મવેત્તારૂપે કરીને મળે છે. ત્યારે એ જીવ બ્રહ્મ થાય છે. ને બ્રહ્મ સાથે જે વિજાતીયપણું છે તે ટળે છે ને બ્રહ્મને સજાતીય થાય છે.**

અને બ્રહ્મને આતપ(તાપ દેવા)પણું છે જ નહીં. એ તો દૃષ્ટાંતે કરીને બ્રહ્મનું પ્રકાશપણું જણાવ્યું છે. અને જીવને છાયાનો અભાવ છે, તોપણ છાયાની પેઠે જીવને બદ્ધદશાને વિશે અપ્રકાશપણું જણાવ્યું છે.

અને વળી શ્રુતિમાં કહ્યું છે કે, ‘બે પંખી છે તેનો ભેળો યોગ છે ને બેય મિત્ર છે. ને સમાન વૃક્ષ જે પિંડ-બ્રહ્માંડ તે પ્રત્યે બેઠાં છે. અને તે બેમાં એક જે જીવ તે સ્વાદુ એવું જે પિપલ કહેતાં વિષયસુખને ખાય(ભોગવે) છે. અને બીજા જે બ્રહ્મ તે વિષયસુખને નથી ખાતા(ભોગવતા), તોય પણ પ્રકાશવાન રહે છે, ને પોતાના યોગબળે કરીને અતિશે પુષ્ટ રહે છે.’

અને **બ્રહ્મ કેવા છે ?** તો, અસ્થૂળ છે, ને અનણુ છે (સૂક્ષ્મ નથી), ને હ્રસ્વ નથી, ને દીર્ઘ નથી, ને અલોહિત છે (લાલ નથી), ને અછાય(છાયા રહિત) છે; એવા જે બ્રહ્મ તેને પ્રતિબિંબ ન હોય.

૩૪૮. પ્રતિબિંબવાદનું ખંડન

અને (પૂર્વપક્ષ) વાદી એમ કહેશે જે, એક જ નિશ્ચે ભૂતાત્મા(બ્રહ્મ), ભૂત ભૂતને(જીવપ્રાણીમાત્રને) વિષે રહ્યા છે. અને એક પ્રકારે અને બહુ

પ્રકારે જળને વિશે ચંદ્રમાની પેઠે દેખાય છે. જેમ આકાશ એક છે, તે ઘટાદિકને વિષે ભિન્ન ભિન્ન જણાય છે; તેમ આત્મા(બ્રહ્મ) એક છે, તે અનેકને વિશે રહ્યા છે. જેમ જળાધાર(જળાશય)ને વિષે સૂર્ય છે તેની પેઠે. ઈત્યાદિક શાસ્ત્રાનુસારે કરીને તળાવ-વીરડા કહ્યાં તેનાં જળ તેને વિષે છે વ્યષ્ટિ(વ્યક્તિગત ઉપસ્થિતિ) જેની એવાં જે ચંદ્રમાના પ્રતિબિંબ; તેની પેઠે માયા, અહંકાર ને તે અહંકારના વિકાર જે પૃથવ્યાદિ સર્વ તત્ત્વ; તેને વિષે જણાતા એવા બ્રહ્મની છાયારૂપ ઈશ્વર અને જીવની વૃત્તિઓના જ્ઞાન; તેમને ઉપાધિ સંબંધી ભેદને કહેવે કરીને તે ઉપાધિને નિબંધને(કારણે) એ જીવ ને ઈશ્વર છે.

(સિદ્ધાંતપક્ષ) એ રીતે જો કહે તો એમ નહીં. કાં જે, પરિચ્છિન્ન એવા જે આકાશાદિક તે થકી વિલક્ષણવસ્તુ એવા જે બ્રહ્મ, તેને છાયાસંપત્તિનો(પડછાયારૂપે થવાનો) અભાવ છે. (કેમ જે,) અલોહિત ને અછાય એ રીતે બ્રહ્મને કહ્યા છે.

અને કળ્યામાં આવે એવી જે છાયા, તેનો અંગીકાર કર્યે સતે જીવ-ઈશ્વરને પણ મિથ્યાપણાનો પ્રસંગ આવે. અને મિથ્યાપણા સતે 'આત્મા જોવા યોગ્ય છે, સાંભળવા યોગ્ય છે, ને જે એ આત્માને જાણે છે તે પુરુષ અમૃત થાય છે.' ઈત્યાદિક વાક્યોને અનર્થપણાનો પ્રસંગ આવે. અને તે અનર્થપણે સતે બ્રહ્મને બીજ માને કરી અવિષયપણા માટે અને પોતાના અનુભવને પણ મિથ્યાભૂત જે જીવ તે થકી અભિન્નપણે કરીને અવભાસકપણું છે.

વળી જ્યાં લગી પ્રમાણ ને પ્રમેયનું મિથ્યાત્વાદિ(ખોટું માનવાપણું વગેરે) છે ત્યાં લગી તેને કહેવાને વિષે અધિકારની અપ્રાપ્તિ છે. અને જળચંદ્રના દૃષ્ટાંતે કરીને તમે દેખાડ્યા એવા જે જીવ ને ઈશ્વર તેમાં બ્રહ્મના શરીરરૂપ જડ-ચૈતન્યમાં રહેલા દોષ, અપશબ્દે કરીને પ્રતિપાદન કરવાપણાની પ્રાપ્તિ થાય છે.

અને વાક્યાંતરે કરીને દેખાડ્યા એવા જે જીવ ને ઈશ્વરનાં સ્વરૂપ, તેને સ્વભાવે યથાર્થ બોધકનો અભાવ છે. અને વળી સંભળાય છે જે, 'અંતર્યામી' એવું નિર્દેશપણું બ્રહ્મને વિષે છે. એક દેવ જે સર્વભૂતને વિષે ગૂઢ છે. જેમ અગ્નિ એક છે, તે ઘર ઘર પ્રત્યે પ્રવેશ કરે છે અને કાષ્ઠ પ્રત્યે પ્રવેશ કર્યો છે, ને જ્યાં જેવું રૂપ ત્યાં તેવો થયો છે; તેમ એક સર્વભૂતના અંતરાત્મા જે બ્રહ્મ, તે રૂપ રૂપ પ્રત્યે રૂપવાન થયા છે.

અને જેમ સૂર્ય સર્વ લોકનાં ચક્ષુ પ્રત્યે છે, પણ ચક્ષુ સંબંધી બાહ્યદોષે કરીને લેપાતા નથી; તેમ એક સર્વભૂતના અંતરાત્મા, લોકના કહેતાં જીવ ને ઈશ્વરના દુઃખે કરીને રહિત છે ને લેપાતા નથી. અને જો એમ ન કહીએ તો આકાશ એક છે, તે જેમ ઘટાદિકને વિષે ભિન્ન-ભિન્ન થયો છે એ રીતે દૃષ્ટાંતનું જે સંપાદન તેનો વ્યર્થ પ્રસંગ થાય.

૩૪૯. એકાત્મવાદનું ખંડન

(પૂર્વપક્ષ) અને વાદી એમ કહેશે જે, એક આકાશ જેમ પીત-નીલાદિક ભેદે કરીને દેખાય છે, તેમ એક આત્માને ભ્રાંતિદૃષ્ટિવાળાએ પૃથક્ પૃથક્પણે દીઠા છે, એ આદિક આત્માના એકપણાના વાદ કેવા અવિલક્ષણપણા(અભિન્નપણા) થકી છે ?

(સિદ્ધાંતપક્ષ) તો કહીએ છીએ જે, ભેદ શબ્દ નિશ્ચે વિલક્ષણતાનો કહેનાર છે. તે લોકને વિષે પ્રસિદ્ધ છે. અને 'અતિ સદૃશને વિષે એને કાંઈ ભેદ નથી' એ રીતે કહેવાવાળા હોય છે; તેમ આત્માઓને પણ નર, પશુ, તિર્યક(પક્ષી) એ ભેદે કરીને ભિન્ન શરીરપણે વર્તતા તેમને શરીરસંબંધને ટાળીને કેવળ તત્ત્વરૂપે કરીને નિરૂપણ કીધા છે. તે કમળની રજને પરમાણુની પેઠે કાંઈ પણ વિલક્ષણપણું નથી, એ અભિપ્રાયે કરીને એકત્વવાદ નાનાપ્રકારપણાને(અનેકત્વનો) નિષેધ કરે છે.

તે અભિપ્રાયને લઈને જ આ ભગવાનનું વચન છે જે, 'વિદ્યા ને વિનય તેણે સંપન્ન એવો જે બ્રાહ્મણ તેને વિશે, ગાયને વિષે, હાથીને વિષે, શુની(કૂતરા)ને વિષે, ચાંડાળને વિષે, બ્રહ્મનિષ્ઠાવાળા જે પંડિત તે સમ દેખે છે. અને વળી નિર્દોષ છે, સમ છે. અને પ્રકૃતિનો જે સંબંધ તેના દોષરહિતપણે કરીને આત્મવસ્તુ સમ ને બ્રહ્મરૂપ છે. અને સર્વભૂતના ઈશ છે. તે એ વિષ્ણુ બ્રહ્મચારીને પામવા યોગ્ય છે.'

અને વળી વારાહપુરાણને વિષે કહ્યું છે જે, 'જે સત્ત્વ છે તે હરિ દેવ છે. અને જે હરિ છે તે જ પરમપદ છે. અને સત્ત્વે કરીને જીવ મુકાય છે. અને સત્ત્વ નારાયણાત્મક છે.' અને વળી લિંગપુરાણમાં કહ્યું છે જે, 'સત્ત્વસ્વરૂપ તે પોતે વિષ્ણુ ભગવાન છે અને સર્વના ઈશ્વર છે. એવા જે હરિ તે વિના પાળ્યાની સામર્થી નથી.'

ઈત્યાદિક જે(ને) પ્રામાણિક વચન છે તેને ચેતન થકી બીજી શંકા નથી ઊપજતી. અને બ્રહ્મા, ને ઈન્દ્ર, ને રુદ્ર, ને યમ, ને વરુણને ઝાલીને હરે છે, ને નાશ કરે છે; તે કારણપણા માટે અહીંયાં 'હરિ' એવું કહેવાય છે. વળી નારાયણને કહે છે જે, 'એક નારાયણ હોતા હવા અને નિશ્ચે નારાયણ નિત્ય છે.'

૩૫૦. શ્રુતિએ કહેલ એકત્વનો નિર્વાહ

(પૂર્વપક્ષ) ત્યારે વાદી કહેશે જે, આ જગત પ્રથમ આત્મરૂપે હોતું હવું. એ રીતે સૃષ્ટિ થકી મોર(પહેલાં) એકત્વપણાનું અવધારણ છે. (સિદ્ધાંતપક્ષ) તો કહીએ છીએ જે, સૂક્ષ્મ ચૈતન્ય-જડ, તેણે વિશિષ્ટ એવા નારાયણને વિષે કારણપણું છે. જે થકી આ ભૂત ઊપજે છે, ને ઊપજ્યા થકી જેણે કરીને જીવે છે, અને જે પ્રત્યે લય પામે છે; એ રીતે તજ્યો છે સ્થૂળાકાર જેણે એવા જે ભૂત, તેમને સૂક્ષ્માકારની પ્રાપ્તિએ કરીને બ્રહ્મને વિષે વૃત્તિ(રહેવાનું) પ્રતિપાદન છે, પણ સ્વરૂપની નિવૃત્તિ તો નથી થતી, સૂક્ષ્મપણે રહે છે.

અને 'જે બ્રહ્માંડાભિમાની ઈશ્વર છે તે 'તમ'ને વિષે લીન થાય છે. ને 'તમ' શબ્દ વાચ્ય જે પ્રકૃતિ, તે પરદેવ જે નારાયણ તેને વિષે લીન થાય છે.' એ રીતે પ્રકૃતિનું નારાયણને વિષે એકીભાવનું શ્રવણ છે. અને પૃથક્ગ્રહણરહિતપણે કરીને જે વર્તવું તેને એકીભાવ કહીએ. તે એકીભાવ લયશબ્દાર્થ છે. જેમ વૃક્ષને વિષે પતંગ(પક્ષી) લીન હોય છે. ને વનને વિશે સારંગ(મૃગ) લીન હોય છે. (માટે પ્રલયકાળે એકત્વ જણાય છે કે કહેવાય છે, પરંતુ સ્વરૂપની નિવૃત્તિ નથી થતી; માત્ર તેમાં લય પામે છે.)

એટલા માટે પ્રથમ તમે(માયાએ) કરીને જગત ગુપ્ત હોતું હવું (લીન થતું હવું). ને માયાપર એવા નારાયણ એ તમ થકી આ વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક વિશ્વને સર્જે છે. ને તેને વિષે અન્ય જે વ્યષ્ટિ-સમષ્ટ્યાભિમાની તે માયાએ કરીને એ રીતે સૂક્ષ્મપણે કરીને રૂંધાણા છે.

૩૫૧. એકત્વ માનવાથી આવતા દોષો

વળી (એકત્વપણું જ માનીએ તો,) ઈશ્વર નારાયણ તેને એમ કહ્યું છે જે, 'અંતરમાં પ્રવેશ કરીને જીવોના શાસ્તા છે.' ને સર્વાત્મા એણે કરીને પોતાના આત્માના પોતે જ આત્મા નિયમમાં રાખનાર થાય. જેમ અગ્નિ પોતાના આત્માને બાળે તેની પેઠે અત્યંત અયોગ્ય છે.

અને વળી એમ કહીએ જે, 'એ નારાયણ જેને નરકમાં નાંખવાને ઈચ્છે છે તેને અસાધુ કર્મ કરાવે છે.' એ રીતે સર્વજ્ઞ છે તોય પણ જીવભૂત જે પોતે, તે પોતાને નરકકર્મના અનુભવનું હેતુરૂપ એવું જે પાપકર્મ તેના કરાવનાર થાય. અને પાપકર્મને અતિશે નિવર્તન કરવાને સમર્થ છે, તોય પણ નિયંતા છે; ઈત્યાદિક જે સર્વે કહેવું તે સર્વે માન્યામાં નહિ આવે એવું થશે.

૩૫૨. પ્રમાણો દ્વારા બ્રહ્મની જીવ-ઈશ્વરથી ભિન્નતા

તે માટે પ્રત્યગ્ આત્મા જે સમષ્ટિ-વ્યષ્ટ્યાભિમાની(ઈશ્વર-જીવ) તે થકી ભેદે કરીને બ્રહ્મને દેખાડ્યા છે જે, 'બ્રહ્મ આત્માને વિષે રહ્યા છે ને

આત્માથી જુદા છે. અને જેને આત્મા જાણતો નથી. અને જેનું આત્મા શરીર છે. ને જે આત્માને માંહી રહ્યા થકા નિયમમાં રાખે છે. અને સત્ જે કાર્ય તેના આત્મા છે, અંતર્યામી છે અને અમૃતરૂપ છે. અને પ્રધાન ને ક્ષેત્રજ્ઞના પતિ છે. ને ગુણમાત્રના ઈશ છે ને નિત્યની મધ્યે નિત્ય છે. ને જે અક્ષરના મધ્યને વિષે ગતિ કરે છે, ને જેનું અક્ષર શરીર છે, ને જેને અક્ષર નથી જાણતા. ને એ સર્વભૂતપ્રાણીમાત્રના અંતરાત્મા છે. તેને બ્રહ્મ કહીએ, નારાયણ કહીએ. અને અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ કોશને વિશે જે જીવ રહ્યા છે તેના પણ અંતર્યામી છે.'

૩૫૩. શાસ્ત્રપ્રતિપાદિત ભિન્નતા વાસ્તવિક છે.

અને (પૂર્વપક્ષ) જો વાદી એમ કહેશે જે, અન્નમયાદિક કોશ પરમાર્થપણે નથી. (સિદ્ધાંતપક્ષ) તો એમ નહીં; કાં જે, **'सर्वत्र प्रसिद्धोपदेशात्'** જે, 'સર્વ વેદાંતને વિશે પ્રસિદ્ધ બ્રહ્મ છે.' એ સૂત્રનો વિરોધ આવશે. અને વળી અહીંયાં એમ કહ્યું છે જે, 'નિશ્ચે આ સર્વ બ્રહ્મ છે.' અને એમ પણ કહ્યું છે જે, તે વચન અભાવ જણાવ્યાને અર્થે નથી. અને એ વચન જો અભાવ જણાવ્યાને અર્થે કહીએ તો, 'યજ્ઞને કરે.' એ રીતે સગુણ ઉપાસનાની જે વિધિ તે અનર્થ થાય. કાં જે, આ વિશ્વ પુરુષરૂપે છે. ને તે (પુરુષ) વિશ્વને જીવાડે છે ને વિશ્વના પતિ છે, આત્માના ઈશ્વર છે, શાશ્વત છે, શિવ છે, અચ્યુત છે. અને જે વિરાટ પુરુષ નારાયણને અંતઃસમુદ્રને વિષે કવિ જાણે છે. તે પર **'सर्वं खल्विदं ब्रह्म'** એ શ્રુતિ છે. (આમ, આ શ્રુતિઓ પુરુષોત્તમનારાયણ સિવાય બીજા બધાનો અભાવ છે એવું જણાવવા નહીં; પણ તે સર્વેમાં પુરુષોત્તમનારાયણની મતિ કરાવનારી છે.)

૩૫૪. અંતિમ સત્ય નારાયણને વિશે સર્વની લીનતા

અને હે પરમહંસો ! તે (વિરાટ)નારાયણથી પર અક્ષરબ્રહ્મ છે. ને **તે અક્ષરથી પર પ્રલયને અંતે એક પુરુષોત્તમ રહે છે,** તે કહીએ

છીએ. જ્યારે જગતનો પ્રલય થયો હતો ત્યારે એક જ ભગવાન હતા. **તે ભગવાન કેવા છે ?** તો, આત્માઓના આત્મા છે અને સમર્થ છે. અને જે સૃષ્ટિને વિષે અનંત શક્તિએ યુક્ત જણાતા હતા. તે પ્રલય સમયને વિષે એક જ હોતા હવા.

અને પોતાની શક્તિ જે પુરુષ ને માયા, તે પોતપોતાનાં કાર્યે સહિત લીન હતી. તે માયાનાં કાર્ય જે મહત્તત્ત્વાદિક તેણે સહિત માયા લીન હતી. અને સચ્ચિદાનંદાદિક જે પુરુષની શક્તિઓ તેણે સહિત ને પોતાના કાર્ય સહિત પુરુષ લીન હતા.

તે અનંત શક્તિઓ તે કઈ ? તો, જે પુરુષોત્તમે અક્ષરરૂપે કરીને (મહા)પુરુષ દ્વારા અનંતકોટિ (પ્રધાનપુરુષરૂપ)મહાવિરાટ ને ક્ષુદ્રવિરાટ(નારાયણ)ની જે કાળમાયાદિક શક્તિઓ પ્રગટ કરી હતી, તે સર્વેને (મહા)પુરુષના એક દેશને વિષે લીન કરી.

અને એવી જ રીતે અનંતકોટિ બ્રહ્માંડને વિષે ઉત્પત્તિકાળની જે કાળ-માયાદિક શક્તિઓ, તેને (પ્રધાન)પુરુષ (પ્રધાન)પુરુષ પ્રત્યે એક એક દેશમાં લીન કરીને; ને સર્વે (પ્રધાન)પુરુષને (મહામાયાને વિષે લીન કરીને અને તે મહામાયાને મહાપુરુષને વિષે લીન કરીને અને તે મહાપુરુષને) અક્ષરના એક દેશને વિષે લીન કરીને પોતે એક જ શોભતા હતા.

અને તે સર્વે બ્રહ્માંડાભિમાની જે (વૈરાજ) પુરુષકોટિ તે પોતપોતાની જે પ્રલયાવસ્થારૂપ માયા તેને વિષે પોતપોતાની વિક્ષેપશક્તિએ સહિત માયાને વિષે લીન હતા. અને તે માયા વિકારાવસ્થારૂપ (પ્રધાન)માયાને વિષે લીન થાય છે અને તે સામ્યરૂપ છે. અને તે સામ્યરૂપ માયા (પ્રધાનપતિ)પુરુષના એક દેશને વિષે લીન હતી. ને તે (પ્રધાન)પુરુષ સર્વે (મહામાયા અને મહાપુરુષ દ્વારા) અક્ષરના એક દેશને વિષે લીન હતા. ને **તે અક્ષર મારે વિષે લીન હતા.**

૩૫૫. સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન

તે પછી અક્ષરની ઉત્પત્તિકાળની જે કાળશક્તિ, તેણે કરીને બ્રહ્માંડ બ્રહ્માંડના જે દ્રષ્ટા, તે પોતપોતાના આત્માને અક્ષર થકી નોખો માનીને પોતપોતાના બ્રહ્માંડોને રચ્યાની જે શક્તિઓ તેમને ન દેખતા હતા. ને પોતે પોતાને જ દેખતા હતા, પણ પોતપોતનાં બ્રહ્માંડોની શક્તિઓને ન દેખતા હતા.

અને તે સર્વે (પુરુષો જેવો) છે એવો જે પોતપોતાનો આત્મા, તેને તે નહિ એવાને માનતા હતા. જેમ કોઈક મોટો રાજા તે પોતાના દેશને વિષે પ્રજાને ન જોઈને પોતાના આત્માને અણછતો(જાણ્યે રાજા ન હોય એવો) માને તેમ સર્વે પુરુષ માનતા હતા. અને તે પુરુષ કેવા છે ? તો, લીન થઈ છે શક્તિઓ જેની એવા અને નથી લીન થઈ ચિત્તદષ્ટિ જેની એવા છે.

અને એ સર્વે પુરુષને એવી ઇચ્છા ઊપજી જે 'અમે નહીં ?' તેનું જ નામ માયા છે. તે માયા જડ-ચૈતન્યાત્મક છે. ને જેણે કરીને સમર્થ એવા જે પુરુષ તે આ વિશ્વને સૃજતા હતા. અને કાળશક્તિએ કરીને ક્ષોભ પામ્યા છે ગુણ જેમાં એવી જે માયા તેને વિષે પરમાત્મા પોતાના આત્માને અક્ષરરૂપે કરીને અક્ષરનો અંશરૂપ જે (મહા)પુરુષ તે દ્વારે વીર્યને ધરતા હતા.

૩૫૬. ત્રણ ગુણ, મહત્તત્ત્વ અને અહંકારની ઉત્પત્તિ

તે વારે કાળે પ્રેરી એવી જે (મહા)માયા તે થકી (અનંત પ્રધાનપુરુષ ઊપજે છે અને તે દ્વારા) **શુદ્ધ સત્ત્વાદિક ગુણ** ઊપજે છે. અને તે ગુણ થકી વિજ્ઞાનરૂપ છે આત્મા જેનો એવો; અને પોતાના દેહને વિષે રહ્યું એવું જે વિશ્વ તેને પ્રગટ કરતો થકો; ને 'તમ'ને ટાળતો થકો **મહત્તત્ત્વ** થયો.

અને અંશ જે સ્થૂળ-સૂક્ષ્મ બે દેહે યુક્ત એવો; ને માયામાં લીન થાય એવો; અને શુદ્ધ સત્ત્વ, શુદ્ધ રજ ને શુદ્ધ તમ તેણે યુક્ત એવો

જે સમષ્ટ્યાત્મક જીવ તે, ને ગુણ જે સત્ત્વાદિક, ને કાળ જે ક્ષોભનો કરનારો, એ ત્રણને આધીન એવો; ને ભગવાનની દૃષ્ટિને ગોચર એવો જે મહત્તત્ત્વ, તે આ વિશ્વને સૃજ્યાની ઈચ્છાએ કરીને વિકાર પામ્યો. એવો જે (મહત્તત્ત્વ) તે થકી **અહંકાર** થયો.

તે અહંકાર કેવો છે ? તો, કાર્ય જે અધિભૂત ને કારણ જે અધ્યાત્મ ને કર્તા જે અધિદૈવ એમનો આત્મા છે કહેતાં આશ્રય છે. ને ભૂત, ઈન્દ્રિયો ને મન તે મય છે. અને તે અહંકાર ત્રણ પ્રકારનો છે : સાત્ત્વિક, રાજસ ને તામસ.

૩૫૭. ચોવીસ તત્ત્વોની ઉત્પત્તિ

તેમાંથી સાત્ત્વિક અહંકાર વિકારને પામ્યો તેથી મન થયું ને દેવતા થયા. જે દેવતા થકી શબ્દાદિકનો પ્રકાશ થાય છે. ને રાજસ અહંકાર થકી દશ ઈન્દ્રિયો થઈ. ને તામસ અહંકાર થકી શબ્દ થયો. ને તે શબ્દ થકી આકાશ થયું. તે આકાશ પોતાની માત્રા જે શબ્દ તે રૂપે કરીને આત્માનો પ્રકાશક છે. અને કાળ, માયા ને અંશ તેના યોગે કરીને વિકારને પામ્યો અને ભગવાને સામું જોયું એવો જે આકાશ તે થકી સ્પર્શ થયો. અને સ્પર્શ થકી વાયુ થયો. ને તે વાયુ ઘણાંક બળે યુક્ત ને આકાશે સહિત વિકારને પામતો સતો રૂપ તન્માત્રાને સૃજતો હતો.

અને તે રૂપ થકી તેજ થયું. ને વાયુએ યુક્ત ને ભગવાને જોયું એવું જે તેજ તે કાળ, માયા ને અંશ તેના યોગે કરીને વિકાર પામ્યું સતું રસને સૃજતું હતું. અને તે રસ થકી જળ થયું; ને તેજે સહિત ને ભગવાને જોયું એવું જે જળ તે કાળ, માયા ને અંશ તેના યોગે કરીને વિકાર પામતું સતું ગંધને સૃજતું હતું. ને તે ગંધ થકી પૃથ્વી થઈ; ને આકાશાદિક જે પંચભૂત તેમાં જે જે પછવાડે થયો, તેમાં જે પ્રથમ થયો તેનો અન્વય છે. એ હેતુ માટે અનુક્રમે કરીને એકથી એકમાં શબ્દાદિક ગુણનું અધિકપણું છે.

૩૫૮. વિરાટ દેહના સર્જનની રીત

એ સર્વે તત્ત્વ થયાં પણ બ્રહ્માંડ સૃજવાને સમર્થ ન થતાં હતાં. તેમને જોઈને (પ્રધાન)માયાના અધિષ્ઠાતા જે પુરુષ તે કાળ એવે નામે જે શક્તિ, તેને ગ્રહણ કરતા સતા (ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, પંચભૂત અને પંચમાત્રા એ) ત્રેવીશ તત્ત્વનો જે ગણ(સમૂહ), તે પ્રત્યે એક કાળે પ્રવેશ કરતા હતા.

અને ક્રિયાશક્તિએ કરીને પ્રવેશ કર્યો છે જેણે એવા જે (પ્રધાન) પુરુષ તે ભિન્ન એવો જે તે તત્ત્વનો ગણ(સમૂહ), તેને ભેળો જોડતા હતા. (ભેળો જોડ્યો એટલે) શું ? તે એવી જે તેમની ક્રિયા તેને જગાડતા હતા. પછી પુરુષે જગાડી છે ક્રિયાશક્તિ જેની એવો જે ત્રેવીશ તત્ત્વનો ગણ, તે પુરુષે પ્રેર્યો થકો પોતપોતાના અંશે કરીને વિરાટ દેહને ઉપજાવતો હતો અને વ્યષ્ટિ દેહને ઉપજાવતો હતો અને પોતે વિશેષ રહ્યા.

અને તે પંચીકૃત તત્ત્વરૂપ જે વિરાટ દેહ તે કેવો છે ? તો, હિરણ્યમય છે, અને સર્વે વ્યષ્ટિઉપાધિવાળા જે જીવ તેના સ્થૂળ દેહે સહિત છે, તે જળને વિષે હજાર વર્ષ સુધી રહેતા હતા, તેને વિષે પ્રકૃતિના અધિષ્ઠાતા જે (પ્રધાન)પુરુષ તેણે પ્રવેશ કરીને તપાડ્યો. તે તપાડવે કરીને રુંઢ(મૂંઢ) એવો જે વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક (વિરાટ) દેહ તેમાં દેવતાઓનાં સ્થાનક ભેદ પામ્યાં.

૩૫૯. વિરાટ દેહમાં ઇન્દ્રિય-દેવતાદિનો પ્રવેશ

પ્રથમ તો તે વૈરાટ પુરુષનું મુખ ભેદ પામ્યું. તે પ્રત્યે પોતાનો અંશ જે વાક્ ઇન્દ્રિય તેણે સહિત અગ્નિ દેવતાએ પ્રવેશ કર્યો; જે વાક્ ઇન્દ્રિયે કરીને આ વિરાટ પુરુષ શબ્દને ઉચ્ચારે છે. અને એ વિરાટનો તાળું ભેદ પામ્યો, તે પ્રત્યે પોતાનો અંશ જે જીહ્વા તેણે સહિત વરુણ દેવતાએ પ્રવેશ કર્યો; જે જીહ્વા ઇન્દ્રિયે કરીને આ વિરાટ રસને પામે છે.

અને એ વિરાટની નાસિકા ભેદ પામી, તે પ્રત્યે પોતાનો અંશ જે ઘ્રાણ ઇન્દ્રિય તેણે સહિત અશ્વિનીકુમાર દેવતાએ પ્રવેશ કર્યો; જે ઘ્રાણ ઇન્દ્રિયે કરીને આ વિરાટ ગંધને પામે છે. અને એ વિરાટની આંખ ભેદ પામી, તે પ્રત્યે પોતાનો અંશ જે ચક્ષુ ઇન્દ્રિય તેણે સહિત સૂર્ય દેવતાએ પ્રવેશ કર્યો; જે ચક્ષુ ઇન્દ્રિયે કરીને આ વિરાટ રૂપને પામે(દેખે) છે.

અને એ વિરાટનાં ચર્મ ભેદ પામ્યાં, તે પ્રત્યે પ્રાણ(સ્પર્શ ઇન્દ્રિય) જે પોતાનો અંશ તેણે સહિત વાયુ દેવતાએ પ્રવેશ કર્યો; જે પ્રાણ ઇન્દ્રિયે કરીને આ વિરાટ સ્પર્શને પામે છે. અને એ વિરાટના કાન ભેદ પામ્યા, તે પ્રત્યે પોતાનો અંશ જે શ્રોત્ર ઇન્દ્રિય તેણે સહિત દિગ્ દેવતાએ પ્રવેશ કર્યો; જે શ્રોત્ર ઇન્દ્રિયે કરીને આ વિરાટ શબ્દને પામે છે.

અને આ વિરાટની ત્વચા ભેદ પામી, તે પ્રત્યે પોતાનો જે અંશ રોમ તેણે સહિત ઔષધિ દેવતા જે જંબુ, પુષ્કર, કુશ, શાલ્મલી, પ્લક્ષ ઇત્યાદિક વૃક્ષ તેણે પ્રવેશ કર્યો; જે રોમ ઇન્દ્રિએ કરીને આ વિરાટ ખરજ(ખંજવાળ)ને પામે છે. અને એ વિરાટનો શિશ્ન ભેદ પામ્યો, તે પ્રત્યે રેત(વીર્ય) જે પોતાનો અંશ તેણે સહિત પ્રજાપતિ દેવતાએ પ્રવેશ કર્યો; જે રેત ઇન્દ્રિયે કરીને આનંદને પામે છે.

અને એ વિરાટની ગુદા ભેદ પામી, તે પ્રત્યે પોતાનો અંશ જે પાયુ તેણે સહિત મિત્ર(યમ) દેવતાએ પ્રવેશ કર્યો; જે પાયુ ઇન્દ્રિયે કરીને એ વિરાટ વિસર્ગને પામે છે. અને એ વિરાટના હાથ ભેદ પામ્યા, તે પ્રત્યે વાર્તારૂપ(આજીવિકા રૂપ) જે પોતાનો અંશ તેણે સહિત ઇન્દ્ર દેવતાએ પ્રવેશ કર્યો; જે વાર્તારૂપ ઇન્દ્રિયે કરીને આ વિરાટ જીવિકારૂપ વૃત્તિને પામે છે. અને આ વિરાટના પગ ભેદ પામતા હતા, તે પ્રત્યે ગતિ જે પોતાનો અંશ તેણે સહિત વિષ્ણુ દેવતા પ્રવેશ કરતા હતા; જે ગતિ ઇન્દ્રિયે કરીને એ વિરાટ પામવા યોગ્યને પામે છે.

અને એ વિરાટની બુદ્ધિ ભેદ પામી, તે પ્રત્યે બોધ જે પોતાનો અંશ તેણે સહિત અને પોતાને ઉપાસ્ય જે અનિરુદ્ધ તેણે સહિત બ્રહ્માએ પ્રવેશ કર્યો; જે બોધ ઇન્દ્રિયે કરીને બોદ્ધવ્ય જે જાણવા યોગ્ય તેને પામે છે. અને એ વિરાટનું હૃદય ભેદ પામ્યું, તે પ્રત્યે મન જે પોતાનો અંશ તેણે સહિત અને પોતાના ઉપાસ્ય પ્રદ્યુમ્ન તેણે સહિત ચંદ્રમા દેવતાએ પ્રવેશ કર્યો; જે મન ઇન્દ્રિયે કરીને આ વિરાટ પુરુષ સંકલ્પ-વિકલ્પને પામે છે.

અને એ વિરાટનો અહંકાર ભેદ પામ્યો, તે પ્રત્યે કર્મ જે પોતાનો અંશ તેણે સહિત અને પોતાને ઉપાસ્ય જે સંકર્ષણ તેણે સહિત રુદ્ર દેવતાએ પ્રવેશ કર્યો; જે કર્મરૂપી ઇન્દ્રિયોએ કરીને આ વિરાટ કર્તવ્યતાને પામે છે. અને એ વિરાટનો સત્ત્વ ભેદ પામ્યો, તે પ્રત્યે પોતાનો જે અંશ ચિત્ત તેણે સહિત અને પોતાના ઉપાસ્ય જે વાસુદેવ તેણે સહિત મહત્તત્ત્વે પ્રવેશ કર્યો; જે ચિત્ત ઇન્દ્રિયે કરીને આ વિરાટ વિજ્ઞાનને પામે છે.

અને આ (સ્થૂળ) શરીર જે વિરાટ, ને તેને માંહી સૂક્ષ્મ શરીર, તેના હૃદયને વિશે જે આકાશ, તે આકાશને વિષે રહ્યો જે અવ્યાકૃત-કારણ શરીર, તે કારણ શરીરને વિષે રહ્યો એવો જે જીવ, તે જીવને વિશે પર જે દ્રષ્ટા(મહાપુરુષ), તે પ્રવેશ કરીને, જીવરૂપ થઈને, કારણ દેહરૂપે થઈને, સૂક્ષ્મ દેહના હૃદયને વિષે પ્રવેશ કરીને, ચેષ્ટા કરતે સતે **ઓજ** જે ઇન્દ્રિયોની શક્તિ, **સહ** જે મનની શક્તિ અને **બળ** જે દેહની શક્તિ એ ત્રણ શક્તિઓ અને **મુખ્ય પ્રાણ,** એ ચાર (ઉત્પન્ન) થયાં.

એ મુખ્યપ્રાણ કેવો છે ? તો, એને કેડે બ્રહ્મા આદ્યે લઈને જે સ્વેદજ, ઉદ્‌ભિજ, જરાયુજ ને અંડજ એ ચાર ખાણના જીવપ્રાણીમાત્ર તેના પ્રાણની ક્રિયા છે. જેમ રાજાને કેડે રાજાના ચાકરની ક્રિયા છે, તેમ એ પ્રાણને કેડે સર્વે જીવપ્રાણીમાત્રના પ્રાણ ચેષ્ટા કરે છે. અને રાત્રિપ્રલયને વિષે એ પ્રાણ જ્યારે ચેષ્ટાનો ત્યાગ કરે છે, ત્યારે સર્વેના પ્રાણ-ચેષ્ટાનો ત્યાગ કરી દે છે.

૩૬૦. પુરુષોત્તમની ઉપાસના કરે તે જ પુરુષોત્તમને પામે.

બીજું જે અવ્યાકૃત ને સૂક્ષ્મ શરીર કહ્યાં અને તેને વિષે જીવરૂપે કરીને જે દ્રષ્ટા કહ્યા છે, તેને (વૈરાટ)નારાયણ કહીએ, **પુરુષાવતાર** કહીએ, પદ્મનાભ કહીએ, વિરાટ કહીએ.

બીજું દ્રષ્ટા જે (વૈરાટ)નારાયણ તેને વિષે અક્ષરરૂપે કરીને પુરુષોત્તમનો અવતાર(પુરુષાવતાર) કહીએ. અને **તે (પુરુષોત્તમ) નારાયણને પુરુષોત્તમરૂપે કરીને (કહેતાં પુરુષોત્તમ જાણીને) જે ઉપાસે, તે પુરુષોત્તમના સાધર્મ્યપણાની જે મુક્તિ છે તેને પામે છે.** અને એને અક્ષરરૂપે કરીને જે ઉપાસે છે, તે અક્ષરના સાધર્મ્યપણાની જે મુક્તિ તેને પામે છે. અને એને જે નારાયણ દ્રષ્ટારૂપે(મહાપુરુષરૂપે) કરીને ઉપાસે છે, તે દ્રષ્ટા(મહાપુરુષ)ના સાધર્મ્યપણાની મુક્તિને પામે છે. અને એને જે વિરાટરૂપે કરીને ઉપાસે છે, તે બ્રહ્મા, વિષ્ણુ ને શિવના સાધર્મ્યપણાની જે મુક્તિ તેને પામે છે.

૩૬૧. વિરાટ દેહની ઉત્પત્તિ

અને જે થકી એ **(મુખ્ય) પ્રાણ** ઊપજ્યો છે એવો જે સૂત્રાત્મા, તેના દેહની ચેષ્ટાને કેડે બ્રહ્મા આદ્યે લઈને ચાર ખાણના જે જીવ, તેના સૂક્ષ્મ દેહની ચેષ્ટા છે. અને વળી તે પ્રાણે ક્ષુધા ને તૃષા પ્રત્યે પ્રેર્યો ત્યારે એ વિરાટને પેટ થઈ આવતું હતું. અને જ્યારે એ વિરાટને ખાધાની ને પીધાની ઈચ્છા થઈ ત્યારે કુક્ષિ ને આંતરડાં ને નાડીઓ થાતી હતી. અને દેહ થકી દેહાંતરને ઈચ્છતા ને મરવાને ઈચ્છતા એવા જે વિરાટ પુરુષ તેની નાભિ ભેદ પામી, તે પ્રત્યે અપાન ઈન્દ્રિયે સહિત મૃત્યુ દેવતાએ પ્રવેશ કર્યો; જે અપાને કરીને એ પુરુષ મરણને પામે છે.

અને ત્વક્, ચર્મ, માંસ, રુધિર, મેદ, મજ્જા, અસ્થિ એ સાત ધાતુએ યુક્ત વિરાટ શરીર છે. ને બહાર આઠ આવરણે યુક્ત છે. અને

એ થકી પર સૂક્ષ્મ શરીર છે, ને સૂક્ષ્મ થકી પર કારણ શરીર છે, ને કારણ થકી પર મહાકારણ શરીર છે.

બીજું વિરાટના સ્રષ્ટા જે (એક અહંકાર, ત્રણ ગુણ, દસ ઇન્દ્રિય, પંચભૂત, પંચમાત્રા એ ચોવિશ) તત્ત્વ, તેને અંશે કરીને તો વિરાટ દેહ છે. અને તે (તત્ત્વો) પોતે તો એ વિરાટના આવરણરૂપે કરીને છે.

૩૬૨. વિશ્વની ઉત્પત્તિનું નિરૂપણ

અને ચૈતન્ય જે દ્રષ્ટા (અક્ષરબ્રહ્મ) તેના એક દેશમાં માયા છે. તે માયા શુદ્ધ છે, વિકારે રહિત છે, અનિર્વચનીય છે. જ્યારે પ્રલયકાળ પ્રવર્તે છે અને કાળ પણ દ્રષ્ટાને વિષે સામ્યધર્મને પામે છે, ત્યારે માયા પણ દ્રષ્ટાના સાધર્મ્યપણાએ (તેમાં લીન રહેવાપણે) કરીને રહે છે.

ત્યાં દૃષ્ટાંત : જેમ વર્ષાઋતુ કેડે શિયાળાને વિષે વાદળાં આકાશના સાધર્મ્યપણાને પામે છે, તેમ માયા દ્રષ્ટાના સાધર્મ્યપણાને પામે છે. અને વળી જેમ જેઠ મહિનો આવે છે, ત્યારે આકાશમાંથી વાદળાંની વિકારાવસ્થા થાય છે. ને આકાશના ધર્મને ત્યાગીને રક્ત, પીત, શ્વેત, કૃષ્ણરૂપે વાદળાં, જળે સહિત ને વીજળીએ સહિત દેખાઈ આવે છે; તેમ ઉત્પત્તિકાળ આવ્યા કેડે માયા શુદ્ધ સત્ત્વ, શુદ્ધ રજ, શુદ્ધ તમરૂપે થઈને દેખાઈ આવે છે. (ને એ માયા) વ્યષ્ટિ-સમષ્ટિ જીવે સહિત કારણ સૂક્ષ્મ દેહે સહિત સર્વ પ્રગટ થઈ આવે છે. જેમાં વીજળી સ્થાનકે કાળ, ને વાયુ સ્થાનકે દ્રષ્ટાની ઇચ્છા છે, ને આકાશરૂપી દ્રષ્ટાને વિષે એ માયા ગર્જનાટ કરીને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે જીવ તેને વરસે છે.

અને પોતે પણ વિકારને પામી જાય છે; શુદ્ધ સત્ત્વ, રજ, તમરૂપે પરિણામને પામે છે. તે ગુણ પરિણામને પામીને મહત્તત્ત્વરૂપે થાય છે, મહત્તત્ત્વ અહંકારરૂપે થાય છે, અહંકાર ચૌદ ઇન્દ્રિયોરૂપે થાય છે, ચૌદ દેવતારૂપે થાય છે, પંચભૂત-પંચમાત્રારૂપે થાય છે. એ રીતે કાળશક્તિ

ને જીવ તેણે સહિત માયા અસંખ્ય બ્રહ્માંડરૂપે થાય છે. પણ એ સર્વેને જીવ તેણે સહિત માયા કાંઈ કરવાને સમર્થ થાતી નથી; ત્યારે એ માયા દ્રષ્ટા જે બ્રહ્મ(મહાપુરુષ) તેની પ્રાર્થના કરે છે.

ત્યારે દ્રષ્ટા પોતે વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન રૂપે કરીને, બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એ ચાર ચાર મૂર્તિએ કરીને બ્રહ્માંડોને ક્રિયાને વિષે પ્રવર્તાવે છે. અને વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે બ્રહ્માંડ તેને કાળશક્તિએ સહિત ઉત્પત્તિ, સ્થિતિ ને લયને કરે છે. અને દ્રષ્ટા જે બ્રહ્મ તે સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્નરૂપે છે, તેને પણ બ્રહ્મા, વિષ્ણુ, શિવ કહે છે. અને એ તો વૈરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતના પ્રેરક છે. અને એ ત્રણથી બીજા જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે તે તો એથી વિજાતીય છે, એની સજાતીય નથી.

૩૬૩. માયાશબલિત જીવનું નિરૂપણ

બીજું વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન - એ ચારના આત્મા દ્રષ્ટા જે બ્રહ્મ(મહાપુરુષ) તે છે. અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણથી વિજાતીય છે, તેનો આત્મા તો જે માયામય જીવ(વૈરાટ) કહ્યો છે તે છે, જેને માયાશબલિત કહીએ. તે વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતનો અભિમાની છે. જે માયામય જીવ(વૈરાટ)ને વિષે ત્રણ ગુણની લીનતા કહી છે, ને ગુણને વિશે મહત્તત્ત્વની લીનતા કહી છે. અને તે માયામય જીવના(વૈરાટના) અંશ જેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે, તેમ જ નારદ-સનકાદિક જે નૈષ્ઠિક બ્રહ્મચારી ને વશિષ્ઠ-મરિચ્યાદિક જે પ્રજાપતિ એ સર્વે માયાશબલિત જીવ(વૈરાટ)ના અંશ છે. તેને માયાશબલિત જીવ પણ કહે છે, ને માયાશબલિત બ્રહ્મ પણ કહે છે.

૩૬૪. જેની ઉપાસના કરે તેની પ્રાપ્તિ થાય છે.

તે એ સર્વે જ્યાં લગી માયાશબલિત જે હિરણ્યગર્ભ(વૈરાટ) તેની ઉપાસના ધ્યેય-ધ્યાતાપણે ને સ્વામી-સેવકપણે કરે છે, ત્યાં લગી

એ(વૈરાટ) ભેળે માયામાં લીન થાય છે. અને એને ને પોતાના આત્માને જ્યારે અભેદપણે કરીને વિચારે છે, ને વાસુદેવની ઉપાસના અભેદપણે કરીને કરે છે, તે પછી વાસુદેવરૂપે થઈને દ્રષ્ટા જે બ્રહ્મ તે રૂપ થાય છે; ને દ્વૈતની નિવૃત્તિ થાય છે, ને પોતાને વિશે અદ્વૈતપણું આવે છે, ને અદ્વૈતરૂપે કરીને પરબ્રહ્મની ઉપાસના કરે છે.

૩૬૫. સદ્‌વાસના યુક્ત જીવનાં લક્ષણો

હવે અવિદ્યામય જે વ્યષ્ટિ ઉપાધિવાળા જીવ તેને કહે છે. જે હમણાં સદ્‌વાસનાએ કરીને વર્તતા એવા જીવ છે, તે પૂર્વે અનાદિકાળને વિષે નહોતા હવા એમ નહિ, પણ હોતા જ હવા. અને વળી આજ વર્તમાનકાળ થકી આગળ આવશે એવો જે કાળ તેને વિષે નહિ થાય એમ નહિ, થશે જ. એ રીતે સદ્-અસદ્ વાસનાવાળા જે જીવ તે ત્રણે કાળે નિત્ય છે.

હે પરમહંસો ! જેમ એક દેહને વિષે જીવને કુમાર, યુવાન, જરા અવસ્થાની પ્રાપ્તિ છે, તેમ વ્યષ્ટિ ઉપાધિવાળા જીવને આ દેહ થકી બીજા દેહની પ્રાપ્તિ છે. તેને વિષે **સદ્‌વાસનાએ યુક્ત એવો જે મુમુક્ષુ, તે યોગભ્રષ્ટ જો થાય ને બીજા દેહને પામે, તોય મૂંઝાતો નથી; ને તે પોતાના જીવને નિત્ય જાણે છે. અને અસદ્‌વાસનાએ યુક્ત જે જીવ તે મૂંઝાય છે.**

અને તે યોગભ્રષ્ટ મુમુક્ષુ પૂર્વના યોગબળના અભ્યાસે કરીને શીત, ઉષ્ણ, કોમળ, કઠણ એવે રૂપે કરીને સુખ-દુઃખના દેનારા એવા જે પંચ ઈન્દ્રિયોના વિષય તેને આવે ને જાય એવા, ને અનિત્ય જાણે છે; ને તેનું સહન કરે છે. અને **અસદ્ જે દેહ તેનો સદ્‌ભાવ નથી અને સત્ જે જીવ તેનો અસદ્‌ભાવ નથી.** તે માટે સદ્‌વાસનાએ યુક્ત જે જીવ તે અસત્ય એવો જે દેહ અને સત્ય એવો જે આત્મા તેના નિર્ણયને દેખે છે. દેહને અસત્ય જ જાણે છે, આત્માને સત્ય જ જાણે છે.

૩૬૯. આત્મસ્વરૂપનું નિરૂપણ

અને જીવ જડ દેહ પ્રત્યે વ્યાપી રહ્યો છે, તે પોતે નાશ પામતો નથી. અને અવિનાશી એવો જે જીવ ચૈતન્યરૂપ તેને શસ્ત્ર, જળ, અગ્નિ, વાયુ ઈત્યાદિક નાશ કરવાને સમર્થ નથી. અને જીવ ઊપજતો નથી અને કોઈવારે મરતો નથી. જન્મ ને મરણ દેહનો ધર્મ છે. અને જીવ અજન્મા છે, નિત્ય છે. અને જેવો છે તેવો ને તેવો જ રહે છે, પણ દેહને સંગે જાડો-ઝીણો થતો નથી ને જૂનો છે (અનાદિ છે), અને શરીરને હણાણે સતે આત્મા જે જીવ તે હણાતો નથી જ.

જેમ જૂનાં એવાં જે વસ્ત્ર તેને મૂકીને મનુષ્ય નવાં વસ્ત્રને ગ્રહણ કરે છે, તેમ દેહી જે જીવ તે જીર્ણ એવાં જે શરીર તેને મૂકીને નવા જે બીજા દેહ તેને પામે છે; પણ જીવ પોતે તો જીર્ણ થાતો નથી, ને નવો પણ થાતો નથી, જેવો છે તેવો જ છે.

અને એ જીવને શસ્ત્ર છેદતાં નથી, ને એ જીવને અગ્નિ બાળતો નથી, ને એ જીવને જળ સોડવી નાંખતું નથી, ને એ જીવને વાયુ શોષણ કરી શકતો નથી. અને એ જીવ અછેદ્ય છે, ને અદાહ્ય છે, ને અક્લેદ્ય છે, ને અશોષ્ય છે, ને નિત્ય છે, ને સર્વગત છે, ને સ્થાણુ(સ્થિર) છે, ને અચળ છે અને આ જીવ સનાતન છે.

અને આ જીવ જેમ ઘટપદાદિક પદાર્થ જણાય છે, તેમ જણાતો નથી. અને જીવ અચિંત્ય છે, ચિત્તના ચિંતવન કર્યામાં આવે નહીં, અને આ જીવ અવિકાર્ય કહેતાં વિકારી નથી. અને જીવને કોઈક મોટા પુન્યવાન આશ્ચર્યની પેઠે - અતિ મનોહરની પેઠે રહ્યો છે - તેને દેખે છે, ને અતિ મનોહર એવો જે જીવ તેને બીજો કોઈક પુણ્યવાન જે કોઈના આગળ કહે છે. અને વળી એ જીવને બીજો કોઈક પુન્યવાન અતિ મનોહર એવાને સાંભળે છે. અને સાંભળીને પણ એ આત્માને

યથાર્થ કોઈ જાણતો નથી. એવો જે જીવ તે સર્વના દેહને વિશે રહ્યો છે, તે નિત્ય છે, ને અવધ્ય છે, મરી જતો નથી. હે પરમહંસો ! એવો જે આત્મા તેને જાણવો. તેનાં શ્રવણ-મનનાદિક સાધન છે.

૩૬૭. સ્થિતપ્રજ્ઞ યોગીનાં લક્ષણો

હવે સિદ્ધ અવસ્થાને કહે છે. હે પરમહંસો ! આત્માને વિષે કહેતાં પોતાના સ્વરૂપને વિશે જ (રહેલા) આત્માનું કહેતાં આત્માના આત્મા જે પરમાત્મા તેનું જ છે એક અવલંબન જેને એવું જે મન, તેણે કરીને તુષ્ટ એવો જે પુરુષ, તે સંતોષે કરીને આત્મા થકી નોખા ને મનને વિષે રહ્યા એવાં જે સર્વે કામ(વાસના), તેમને જ્યારે પ્રકર્ષે(કહેતાં સારી રીતે) કરીને ત્યાગ કરે છે, ત્યારે એ પુરુષ સ્થિતપ્રજ્ઞાવાળો કહીએ છીએ, કહેતાં આત્મનિષ્ઠ કહ્યો છે.

અને હે પરમહંસો ! હવે આગળ જ્ઞાનનિષ્ઠાવાળાની જે પૂર્વે કહી તે થકી ઓરી, ને જ્ઞાનીને ઢૂંકડી, ને અજ્ઞાનીને છેટે એવી અવસ્થા કહીએ છીએ. પોતાને જે પ્રિય હોય તેના વિયોગ આદિક જે દુઃખનાં નિમિત્ત તે સમીપે આવે સતે અનુદ્વિગ્ન(ઉદ્વેગ રહિત) મન રહે કહેતાં દુઃખી ન થાય. અને જે પોતાને પ્રિય હોય તે સમીપ પ્રાપ્ત થયે સતે પણ નિઃસ્પૃહી રહે. અને વિતરાગ-ભય-ક્રોધ કહેતાં ન પ્રાપ્ત થયાં એવાં જે સુખ તેને વિષે જે સ્પૃહા તેને **રાગ** કહીએ; માટે તેણે રહિત રહે. અને પ્રિયનો વિયોગ ને અપ્રિયના આગમનનો જે હેતુ, તેનાં દર્શન-નિમિત્ત જે દુઃખ તે **ભય** કહીએ; માટે તેણે રહિત રહે. અને વળી પ્રિયનો વિયોગ અને અપ્રિયના આગમનનો હેતુરૂપ એવો જે બીજો કોક પુરુષ, તેને વિષે રહ્યો ને દુઃખનો હેતુ એવો જે પોતાના મનનો વિકાર તેને **ક્રોધ** કહીએ; તેણે રહિત રહે. એવો જે આત્માના મનનનો કરનારો પુરુષ તે સ્થિરબુદ્ધિવાળો કહીએ.

૩૬૮. સ્થિરબુદ્ધિવાળાનાં લક્ષણ

હે પરમહંસો ! હવે એ થકી ઓરી દશાને કહીએ છીએ. જે સર્વ પ્રિયને વિષે ઉદાસ રહે અને પ્રિયના સંયોગરૂપ જે શુભ તેને પામીને રાજી ન થાય અને પ્રિયના વિયોગરૂપ અશુભને પામીને દ્વેષ ન કરે, તેને પણ સ્થિરબુદ્ધિવાળો કહીએ.

હે પરમહંસો ! હવે તે થકી ઓરી અવસ્થાને કહે છે. જ્યારે ઈન્દ્રિયો, તે ઈન્દ્રિયોના અર્થ જે વિષય, તેમને સૃજવાને અર્થે ઉદ્યમે યુક્ત થાય, તે વારે કાચબો જેમ પોતાનાં અંગને પાછાં વાળે છે, તેમ વિષય થકી સર્વ પ્રકારે મને કરીને ઈન્દ્રિયોને પાછાં વાળીને તે મનને આત્માને વિષે જ સ્થાપન કરે, તે પણ સ્થિરબુદ્ધિવાળો કહીએ.

એવી સિદ્ધ અવસ્થા પુરુષોત્તમનાં ચરણારવિંદને સંબંધે કરીને થાય છે. અને પુરુષોત્તમનાં ચરણારવિંદને વિષે નથી પ્રવેશ કરાવ્યું મન જેણે એવો જે પુરુષ, તે ઈન્દ્રિયોને નિયમમાં કરીને રહ્યો છે તોપણ તેને અનાદિ પાપની વાસનાએ કરીને વિષયનું ધ્યાન અવર્જનીય થાય છે, કહેતાં ટાળ્યું ટળતું નથી.

૩૬૯. વિષયનું ચિંતન કરનારાનું પતન થાય છે.

અને વિષયનું ધ્યાન કરતો એવો જે પુરુષ તેને વળી પણ વિષયમાં સંગ અતિશે મોટો થાય છે. અને તે સંગ થકી કામ ઉત્પન્ન થાય છે. કામ તે સંગના ફળને કહીએ, કહેતાં પુરુષ જે દશાને પામ્યો થકો વિષયને ન ભોગવીને રહેવાને સમર્થ ન થાય, તે દશાને કામ કહીએ. અને કામ થકી ક્રોધ ઉત્પન્ન થાય છે. કેમ જે, કામ વર્તતો હોય ને વિષય છેટે થાય તો પોતાને પાસે જે પુરુષ તે પ્રત્યે ક્રોધ થાય છે.

હે પરમહંસો ! ક્રોધ થકી સંમોહ થાય છે, કહેતાં આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવા વિવેકની શૂન્યતાએ કરીને સર્વ કરે

છે. તે વાર પછી તે સંમોહ થકી આરંભ્યો એવો જે ઇન્દ્રિયોના જય આદિકનો પ્રયત્ન તેને વિષે સ્મૃતિનો ભ્રંશ થાય છે. અને સ્મૃતિના ભ્રંશ થકી બુદ્ધિનો નાશ થાય છે, કહેતાં આત્મજ્ઞાનને અર્થે કર્યો એવો જે નિશ્ચય તેનો નાશ થાય. અને બુદ્ધિના નાશ થકી વળી પણ સંસારને વિષે બૂડ્યો થકો (પોતે) નાશ થઈ જાય છે.

૩૭૦. ઇન્દ્રિયસંયમથી બુદ્ધિ આત્મામાં સ્થિર થાય છે.

હે પરમહંસો ! તે કારણપણા માટે કહ્યો એવો જે પ્રકાર તેણે કરીને શુભ આશ્રય કરવા યોગ્ય એવા જે પુરુષોત્તમ તેને વિષે પ્રવેશ કરાવ્યું છે મન જેણે એવો જે પુરુષ, તેણે ઇન્દ્રિયોના વિષય થકી સર્વ પ્રકારે નિગ્રહ કર્યા હોય છે, તેની જ આત્માને વિષે બુદ્ધિ સ્થિર છે. જેમ પોતાને સ્વરૂપે કરીને પરિપૂર્ણ ને એકરૂપ એવો જે સમુદ્ર તે પ્રત્યે નદીઓનાં જળ પ્રવેશ કરે છે, પણ તે જળના પ્રવેશ સતે અને અપ્રવેશ સતે સમુદ્ર કાંઈ વિશેષપણાને નથી પામતો (કહેતાં વધતો-ઘટતો નથી).

એ પ્રકારે સર્વ શબ્દાદિક વિષય એ જે ઇન્દ્રિયોને નિયમમાં રાખનારો પુરુષ તે પ્રત્યે પ્રવેશ કરે છે, કહેતાં તેનાં ઇન્દ્રિયોના ગોચરપણાને પામે છે. અને તે પુરુષ શાંતિને પામે છે, કહેતાં શબ્દાદિક વિષય, ઇન્દ્રિયોના ગોચરપણાને પામે સતે અથવા ન પામે સતે શુદ્ધ આત્માના અવલોકને કરીને તૃપ્ત એવો જે પુરુષ તે વિકારને નથી પામતો, તે જ શાંતિને પામે છે. ને કામકામી કહેતાં શબ્દાદિક વિષયે કરીને જે વિકારને પામે છે, તે ક્યારેય પણ શાંતિને ન પામે.

૩૭૧. સાધનદશામાં મુક્ત પુરુષનાં લક્ષણો

હે પરમહંસો ! અને લક્ષ્યરૂપ જે પોતાના આત્માનું દર્શન તેને વિષે જે પ્રવર્તે તે શાંતિને પામે છે. **તે આત્મદર્શનની રીત કહીએ છીએ.** બહાર એવો જે બાહ્ય ઇન્દ્રિયોનો વ્યાપાર તેને સ્પર્શાદિક જે વિષય તે

થકી પાછા વાળીને અને યોગને વિષે યોગ્ય એવું જે આસન તેને વિષે દેહને પાધરો રાખીને, બેસીને, અને નાસિકાના અગ્રને વિષે ચક્ષુને રાખીને, નાસિકાને માંહે ગતિ કરતા જે પ્રાણ, અપાન વાયુ તેને સમ કરીને, અને આત્માનાં દર્શન થકી બીજે ઠેકાણે નથી પ્રવર્ત્યાં ઇન્દ્રિયો-મન-બુદ્ધિ જેનાં ને ગયાં છે ઇચ્છા, ભય, ક્રોધ જેનાં અને મોક્ષનું જ છે પ્રયોજન જેને ને આત્માને જોયાનો છે સ્વભાવ જેનો એવો જે મુમુક્ષુ પુરુષ, તે સદા મુક્ત જ છે.

તે સિદ્ધદશાની પેઠે જ સાધનદશાને વિષે પણ મુક્ત જ છે. અને સ્વભાવ થકી જ શુદ્ધ એવું જે આત્મસ્વરૂપ, તેની નિષ્ઠાએ કરીને પ્રાકૃત વસ્તુના ભોગવવાનો અભાવ છે. તે માટે કચરો, પાણો, લોઢું, સોનું તેને વિષે મુક્તને તુલ્યપણું છે.

૩૭૨. ધ્યાનને યોગ્ય આસનાદિકની વિગત

હે પરમહંસો ! આત્માનાં દર્શનને વિષે આસન કરવા યોગ્ય એવો જે **દેશ** તે કહીએ છીએ. સ્ત્રીસંગના કરનારા અને મદ્ય, માંસ, હિંસાએ યુક્ત એવા જે પુરુષ તેને આવવે રહિત એવો; અને સ્ત્રીના સંગની ક્રિયા અને હિંસાની ક્રિયા અને મદ્યમાંસની ક્રિયા જ્યાં થતી ન હોય; ને માંસ, અસ્થિ, મળ, મૂત્રાદિક, વસ્તુનો જ્યાં સ્પર્શ ન હોય એવો જે પવિત્ર દેશ તેને વિષે પોતાનું આસન કરીને; તે આસનને વિષે પોતાના દેહને પાધરો રાખી બેસીને; અને શાંત મને કરીને; શબ્દાદિક વિષય થકી પાછી વાળી છે ઇન્દ્રિયો ને ચિત્તની ક્રિયા જેણે એવો જે પુરુષ; તે આત્માને બંધન થકી મુકાવાને અર્થે આત્માનાં દર્શનને કરે છે.

૩૭૩. આત્મશાંતિને કોણ પામે છે ?

અને અત્યંત શાંત છે મન જેનું એવો; ને ગઈ છે બીક જેને ને બ્રહ્મચર્યવ્રતને વિષે રહ્યો; અને **મનને નિયમમાં રાખીને આત્માના**

વિષે છે ચિત્ત જેનું એવો જે યુક્ત યોગી, તે આત્માનું ચિંતવન કરતો થકો રહે છે. અને શુભ આશ્રયરૂપ એવા જે આત્મા તેને વિષે એ રીતે સદા મનને જોડતો અને **આત્માને સ્પર્શે કરી પવિત્ર ને નિશ્ચલ છે મન જેનું એવો યોગી બ્રહ્મસુખરૂપ આત્માને વિષે રહી એવી જે શાંતિ તેને પામે છે.**

૩૭૪. યોગ્ય આહાર-વિહારવાળાને યોગ સિદ્ધ થાય છે.

હે પરમહંસો ! અતિશય ખાવું, અતિશય ન ખાવું, એ બે યોગના વિરોધી છે. ને અતિશય ફરવું-હરવું અને અતિશય ન ફરવું, એ બે યોગના વિરોધી છે. ને અતિશય સૂવું ને અતિશય જાગવું, એ બે યોગના વિરોધી છે. ને અતિ દાખડો કરવો ને અતિ ન કરવો, એ બે યોગના વિરોધી છે. ને **થોડો છે આહાર ને વિહાર જેને, વળી થોડો છે કર્મને વિષે દાખડો જેને, અને થોડું છે સૂવું ને જાગવું જેને, એવો જે યોગી તેને સમગ્ર બંધનનો નાશ કરનારો એવો આત્મપ્રાપ્તિરૂપ જે યોગ તે સિદ્ધ થાય છે.**

અને જ્યારે બીજા પ્રયોજનને મૂકીને ચિત્ત આત્માને વિષે જ પ્રયોજને કરીને નિશ્ચલ રહે છે, ત્યારે સર્વ કામ થકી નિઃસ્પૃહ એવો જે યોગી, તે આત્માનાં દર્શનને પામ્યો એ રીતે કહીએ છીએ. જેમ વાયુએ રહિત ઠેકાણાને વિષે રહ્યો એવો જે દીપ તે અચલ ને પ્રભાએ સહિત રહે છે, તેમ નિવૃત્તિ પામી છે સમગ્ર બીજી મનની વૃત્તિઓ જેની એવો ને આત્માને વિષે યોગને જોડતો એવો જે યોગી, તેના આત્મસ્વરૂપની તે ઉપમા કહીએ છીએ કહેતાં તેને આત્મદર્શન થયું છે.

૩૭૫. કેવા યોગીને બ્રહ્માનુભવ થાય છે ?

અને હે પરમહંસો ! ચંચળ સ્વભાવે કરીને અસ્થિર એવું જે મન તે વિષયમાં પ્રવીણ છે. તે માટે જ્યાં જ્યાં મન જાય છે, ત્યાં ત્યાં થકી

નિયમમાં રાખીને આત્માને વિષે જ અતિશે સુખની ભાવનાએ કરીને વશ કરવું. અને **આત્માને વિષે નિશ્ચલ છે મન જેનું, તેણે ટળી ગયાં છે સમગ્ર પાપ જેનાં એવો, અને શાંત પામ્યો છે રજોગુણ જેને એવો, ને પોતાને સ્વરૂપે રહ્યો એવો જે યોગી, તેને આત્માનું અનુભવ સ્વરૂપ જે ઉત્તમ સુખ તે પ્રાપ્ત થાય છે.** એ રીતે કહ્યો જે પ્રકાર તેણે કરીને આત્માને જોડતો અને તે આત્માને જોડવે કરીને ગયું છે પૂર્વનું સમસ્ત કર્મ જેનું એવો જે યોગી, તે બ્રહ્મના અનુભવરૂપ જે અપાર સુખ તેને દાખડા વિના નિરંતર પામે છે.

૩૭૯. ચેતન-અચેતન બંને પ્રકૃતિ અક્ષરબ્રહ્મની છે.

હે પરમહંસો ! આ જે બ્રહ્મનું સ્વરૂપ કહ્યું છે તે વ્યષ્ટ્યાત્મક જીવનો લક્ષ્યાર્થ કહ્યો છે. હવે સમષ્ટિ જીવ જે વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃતનો અભિમાની, ને જે માયાશબલિત પુરુષ છે, તેને હવે કહીએ છીએ. હવે જીવને જુદો કરીને કહીએ છીએ ને પ્રકૃતિને જુદી કરીને કહીએ છીએ.

એક જીવરૂપ પ્રકૃતિ ને એક અજીવરૂપ પ્રકૃતિ, એ બે પ્રકૃતિ અક્ષરબ્રહ્મની છે. તેમાં અચેતન આ(જડ) પ્રકૃતિ જે જે ગંધ આદ્યે લઈને છે ગુણ જેના એવી ૧. પૃથ્વી, ૨. જળ, ૩. તેજ, ૪. વાયુ, ૫. આકાશરૂપે કરીને ૬. મન, ૭. બુદ્ધિ આદિ ઇન્દ્રિયે કરીને અને ૮. મહત્તત્ત્વ-અહંકારરૂપે કરીને આઠ પ્રકારે ભેદને પામી છે.

હે પરમહંસો ! એ જગતના કારણરૂપ પ્રકૃતિ અક્ષરબ્રહ્મની જાણવી. અને આ અપરા બીજી (ચેતન) પ્રકૃતિ, તે કહી એવી જે અચેતન પ્રકૃતિ તે થકી વિજાતીય છે આકાર જેનો (એવી છે.) અને જીવરૂપ, ને અચેતન પ્રકૃતિને ભોક્તાપણે કરીને ચૈતન્યરૂપ, એવી તે બીજી પ્રકૃતિ અક્ષરબ્રહ્મની જાણવી.

હે પરમહંસો ! જે (ચેતન) પ્રકૃતિએ અચેતન એવું જે આ સમગ્ર જગત તેને ધાર્યું છે. ને એ જે ચેતન ને અચેતન સમષ્ટિરૂપ જે

અક્ષરબ્રહ્મની પ્રકૃતિનું યુગ્મ તે થકી છે ઉત્પત્તિ જેની એવા બ્રહ્મા, આદ્યે લઈને સ્તંબપર્યંત, અને ઊંચ-નીચ ભાવે કરીને રહ્યા અને જડ-ચૈતન્ય મિશ્રિત એવા સર્વભૂત અક્ષરબ્રહ્મના છે.

૩૭૭. સર્વેનું કારણ પુરુષોત્તમનારાયણ છે.

હે પરમહંસો ! એ રીતે જાણવું અને સમગ્ર જગતનો ઉત્પત્તિ કરનાર અને પ્રલય કરનાર અને શેષપણે(પ્રલય થઈ ગયા પછી પણ જીવંત) રહેનાર અક્ષરબ્રહ્મ છે. જેમ સર્વનું કારણ જે પ્રકૃતિઓ બે છે, તેને કારણપણે કરીને શેષ અક્ષરબ્રહ્મ છે. **તે અક્ષરબ્રહ્મના પણ શેષપણે કરીને, કારણપણે કરીને પુરુષોત્તમ છે અને પુરુષોત્તમ થકી જુદું બીજું કાંઈ નથી.** ચૈતન્ય ને જડ વસ્તુનો સમૂહ, જે કાર્ય અવસ્થાએ રહ્યો ને કારણ અવસ્થાએ રહ્યો, તે સર્વે પુરુષોત્તમનું શરીરરૂપ છે. જેમ સૂત્રને વિષે પારાના સમૂહ રહ્યા છે, તેમ એ સર્વ પુરુષોત્તમને વિષે આશ્રિત છે.

હે પરમહંસો ! તે પુરુષોત્તમ પરમ અક્ષરરૂપ આત્માએ કરીને (તે રૂપે રહીને) સર્વ વ્યષ્ટિ-સમષ્ટ્યાત્મક જે જગત, તેના હૃદયને વિષે પ્રવેશ કરીને રહ્યા છે. અને તે અક્ષર થકી સર્વને સ્મૃતિ જે જીવે પૂર્વે પાંચ જ્ઞાન ઇન્દ્રિયે કરીને, પાંચ કર્મ ઇન્દ્રિયે કરીને, જે ક્રિયમાણ એવું જે કર્મ, ને સંચિત એવું જે કર્મ, તેમાંથી પ્રારબ્ધરૂપ જે કર્મ, તેણે કરીને દેહ-દેહાંતરની પ્રાપ્તિ થાય છે. અને તે દેહને વિષે પૂર્વકર્મ અનુસારે કરીને જે વર્તવું તે કર્મ અનુસારે જે એ જીવોને અનુભવ, ને તે અનુભવને અનુસારે જે વર્તવું તેની સ્મૃતિ તે અક્ષર થકી છે.

અને વર્તમાનકાળને વિષે જે દેહ-ઇન્દ્રિયે કરીને ક્રિયમાણ કર્મ કરે છે, શુભ-અશુભ ને વિવેકે સહિત એવો જે અનુભવ તે પણ અક્ષર થકી છે. બીજું આત્માને સાંખ્યશાસ્ત્રે કરીને જે જાણવો એ રીતનો જે અનુભવ તે પણ અક્ષર થકી છે.

તે અક્ષર સર્વના દ્રષ્ટા છે, સર્વના સાક્ષી છે, ને સર્વ વેદે કરીને જાણવા યોગ્ય અક્ષર છે. અને વેદે કહ્યાં એવાં જે ફળ તેનાં દેનારા પણ અક્ષર છે. ને અક્ષરબ્રહ્મનું પ્રતિપાદન કરતા એવા જે વેદ તેના જાણનારા પણ અક્ષરબ્રહ્મ છે, ને કૂટસ્થ છે, ને જડના સંબંધ થકી રહિત છે, પોતાને સ્વરૂપે કરીને રહ્યા છે.

તે અક્ષરને માન્યો છે પોતાનો આત્મા જેણે એવા અક્ષરરૂપ પુરુષ, કહેતાં તે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા તે ઘણા છે ને અક્ષર પોતે એક છે. **અને પુરુષોત્તમ તે તો અક્ષર થકી અન્ય છે, ને ઉત્તમ પુરુષ છે, ને પરમાત્મા છે, ને પરબ્રહ્મ છે, પરમેશ્વર છે, અક્ષર આદ્યે જે બીજા સર્વ છે તેના દ્રષ્ટા છે.** અને અક્ષરબ્રહ્મ ને માયાશબલિત બ્રહ્મ સર્વે કાર્ય-કારણરૂપ જે જગત તેને અંતર્યામીપણે કરીને ધરી રહ્યા છે.

૩૭૮. આ રીતે ઉપાસના કરે તેને ધન્ય છે.

હે પરમહંસો ! નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્પૃહી, નિર્માની - એ **પાંચ વર્તમાનમાં રહીને પોતાના જીવને અને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે, તે પુરુષ ધન્ય છે.**

અને **અક્ષર ને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે ને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે કરીને નથી વિચારતા ને સ્વામી-સેવકપણે કરીને વિચારે છે તેને ધિક્કાર છે. અને અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે, તેની સ્વામી-સેવકપણે જે ઉપાસના કરે છે, તે પુરુષ ધન્ય છે.** અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા ને એકત્વપણે વરતે છે, તેને પણ ધિક્કાર છે.

હે પરમહંસો ! એ જે વાર્તા પાંચ વર્તમાનને વિષે અમે તમને લખી મૂકી છે; તે વાર્તા સર્વે વેદાંતનું રહસ્ય છે. ને એ સર્વે વાતો ને સર્વે અનુભવ તે સર્વે મેં મારા સ્વરૂપને વિષે દેખીને લખ્યાં છે. અને એ સર્વે હું છું, મારાથી વ્યતિરેક એકે નથી; એ સર્વે મારે વિષે છે, તે નિશ્ચે જ જાણજો.

હે પરમહંસો ! એને જાણીને અર્થાત્ આ કહ્યું એમ જાણ્યા પછી તેને કાંઈ જાણવું રહેતું નથી. એ વાર્તારૂપ પત્ર જે તમને મેં લખીને મૂક્યો છે, તે તમારે સર્વે ઉપર મારે અતિશે હેત છે તેણે કરીને તમને લખી દેખાડ્યો છે. એ મારાં વચનને તમે સર્વે વિચારશો, તો મારી કૃપાએ કરીને સ્વસ્વરૂપ જે અક્ષર તેની તમને સર્વે સત્સંગી બાઈ-ભાઈને પ્રાપ્તિ થાશે, આ વચન સત્ય છે.

॥ ઇતિ શ્રીનિર્માની વર્તમાન સંપૂર્ણ ॥

ઇતિ શ્રીનિર્લોભી, નિષ્કામી, નિઃસ્પૃહી, નિઃસ્વાદી, નિર્માની પાંચે વર્તમાન સંપૂર્ણ સમાપ્ત



૩૭૯. શ્રીહરિએ આ પત્રની જણાવેલી ગરિમા

બીજું, ૧.ભાઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામી ! તમને આ બ્રહ્મવિદ્યારૂપ કાગળ લખીને અમે મોકલ્યો છે, તે બ્રહ્મવિદ્યાનો તો, તો સાક્ષાત્કાર થાય, જો શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય જે ૨.શ્રીમુક્તાનંદ સ્વામી તથા ૩.શ્રીબ્રહ્માનંદ સ્વામી તથા ૪.ભાઈ રામદાસજી તથા ૫.શ્રીપાત્ દેવાનંદ સ્વામી તથા મારા શિષ્ય ૬.આનંદાનંદ સ્વામી તથા ૭.નિત્યાનંદ સ્વામી તથા ૮.ચૈતન્યાનંદ સ્વામી તથા ૯.વિશ્વચૈતન્યાનંદ સ્વામી તથા ૧૦.હર્યાનંદ સ્વામી તથા ૧૧.નિર્વિકારાનંદ સ્વામી તથા ૧૨.પરમાનંદ સ્વામી તથા ૧૩.પરમહંસાનંદ સ્વામી તથા ૧૪.નિષ્કુળાનંદ સ્વામી તથા ૧૫.ચિદ્રૂપાનંદ સ્વામી તથા ૧૬.આત્માનંદ સ્વામી તથા ૧૭.કૃપાનંદ સ્વામી તથા ૧૮.ત્યાગાનંદ સ્વામી તથા ૧૯.નરનારાયણાનંદ સ્વામી તથા ૨૦.કૃષ્ણાનંદ સ્વામી તથા ૨૧.મહાનુભાવાનંદ સ્વામી તથા ૨૨.ભજનાનંદ સ્વામી તથા ૨૩.અદ્વૈતાનંદ સ્વામી તથા ૨૪.વૈરાગ્યાનંદ સ્વામી તથા ૨૫.સ્વયંપ્રકાશાનંદ સ્વામી તથા ૨૬.વિરક્તાનંદ સ્વામી તથા ૨૭.નિર્માનાનંદ સ્વામી તથા ૨૮.કૈવલ્યાનંદ સ્વામી તથા ૨૯.અક્ષરાનંદ સ્વામી તથા ૩૦.પૂર્ણાનંદ સ્વામી તથા ૩૧.દયાનંદ સ્વામી તથા ૩૨.શ્રીગુરુચરણરતાનંદ સ્વામી તથા ૩૩.સત્યાનંદ સ્વામી તથા ૩૪.શાંતાનંદ સ્વામી તથા ૩૫.અદ્ભુતાનંદ સ્વામી તથા ૩૬.આધારાનંદ સ્વામી તથા ૩૭.અખંડાનંદ સ્વામી તથા ૩૮.વિશ્વરૂપાનંદ સ્વામી તથા ૩૯-૪૦.સચ્ચિદાનંદ સ્વામી બે-૨ તથા ૪૧.નિર્લોભાનંદ સ્વામી તથા ૪૨.ગુણાતીતાનંદ સ્વામી તથા ૪૩.અનંતાનંદ સ્વામી તથા ૪૪.સજ્જનાનંદ સ્વામી તથા ૪૫.શિવાનંદ સ્વામી તથા ૪૬.રાઘવાનંદ સ્વામી તથા ૪૭.ચિન્મયાનંદ સ્વામી તથા મારા ગુરુ જે તે મુક્તાનંદ સ્વામી આદિ લઈને અને મારા શિષ્ય જે આનંદાનંદ સ્વામી આદિ એ સર્વે જે સુડતાલીસ પરમહંસ તેનાં

ચરણારવિંદને વિષે ભક્તિ હોય ને એમના મુખ થકી આ કાગળના અનુભવની પ્રાપ્તિ થાય તો બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર થાય.

અને (હે સંતો !) એ સર્વેને તમે તમારે બરોબર જાણજો ને એમને દેશકાળ જોઈને અમારે પાસે મૂક્યા ઘટે તો મૂકજો. બીજું તમારી આજ્ઞા વિના અમારી પાસે આવે તોપણ એમને બાધ નથી. એ વિના બીજા તમારી આજ્ઞાને ઉલ્લંઘીને આવે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે. બીજું અમારી પાસે એ સર્વેને આવવું તે ચાર-ચાર, પાંચ-પાંચ થઈને આવવું, ને જ્યારે ચાર જાય ત્યારે બીજા ચાર આવે, પણ ઝાઝો અમ પાસે ગડગચો(ભીડો) કરવો નહીં. અને એમને આવવું ત્યારે પોતપોતાની મંડળીને કોઈક પરમહંસને પાસે ભલામણ દઈને આવવું.

બીજું, જે પરમહંસોનાં આ કાગળમાં નામ લખ્યાં છે, તે પરમહંસોને આ કાગળ ઈષ્ટદેવ તુલ્ય છે. આ કાગળમાં સર્વે મારાં વચન છે તે 'હું' (કહેતાં મારા) તુલ્ય છે.

સંવત ૧૮૫૯ (? ૧૮૬૯) ના વર્ષે આસો સુદી ૧૫ને દિવસ આ કાગળ સંપૂર્ણ થયો છે.

॥ ઈતિ શ્રીવેદરસ સંપૂર્ણઃ ॥



INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થયેલા નીચે મુજબના તમામ સદ્ગ્રંથો ફ્રીમાં ડાઉનલોડ પણ થઈ શકશે.

 **www.swaminarayanbhagwan.org**

100% Free Download

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. શ્રીહરિલીલામૃતમ્ (ભાગ : ૧ થી ૪)
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર (ભાગ :૧ થી ૧૨)
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીની વાતો
૭. સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. જ્ઞાનદીપ (ભાગ : ૧ થી ૫)
૧૧. કીર્તનમાળા (ભાગ : ૧, ૨, ૩)
૧૨. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૩. કીર્તન દીપાવલી (ભાગ-૧)
૧૪. સાગર સાર (ભાગ : ૧ થી ૧૨)
૧૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૧૬. સદ્.શ્રીઅદ્ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૧૭. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૧૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૧૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૨૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૨૧. શ્રીહરિલીલામૃતગ્રંથ(શ્રીભૂમાનંદ સ્વામી કૃત)
૨૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૨૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૨૪. લીલાચરિત્રની વાતો(પ.ભ.શ્રીરામજી શેઠ કૃત)
૨૫. લીલાચિંતામણિ(પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત)
૨૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીપુરુષોત્તમલીલા
૩૦. શ્રીસ્વા.વિચરણલીલામૃત(પૂર્વાર્ધ,ઉત્તરાર્ધ)
૩૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૩૨. વાલપનાં વેણ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)
૩૩. આધારાનંદ કીર્તનાવલી
૩૪. મનગંજન વિવેચન
૩૫. શિક્ષાપત્રી
૩૬. હરિસ્મૃતિ
૩૭. હરિરસામૃત
૩૮. નિત્યનિયમ
૩૯. શાંતિપાઠ
૪૦. સંત આખ્યાન
૪૧. ભક્તાખ્યાન
૪૨. વેદરસ
૪૩. સ્વાસ્થ્ય સુધા
૪૪. યમયાતના
૪૫. જનમંગલ
૪૬. શ્રીહરિ દર્શન
૪૭. કીર્તનસાર
૪૮. શ્રીજીની લીલા
૪૯. લોજપુરલીલા

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)
३. वात्सल्यामृतम् (वालपनां वेण : हिन्दी-मराठी)

संस्कृत प्रकाशन

१. सद्.श्रीगोपालानंदस्वामिविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

English Publishing

1. Words of Affection (Valap na Ven)
2. Spiritual Leadership

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામના શ્રીમુખે ગવાયેલ કથા-કીર્તનોનો ઓડિયો-વિડિયો ફ્રીમાં ડાઉનલોડ કરી શકાશે.

www.swaminarayanbhagwan.org

YouTube channel : swaminarayanbhagwan1

100% Free Download

ઓડિયો કીર્તન

વિડિયો કીર્તન

3D Animation

ધૂન

ઈન્સ્ટ્રુમેન્ટલ

કથા

કીર્તન વિવેચન

જનરલ

ઘરમંદિર સામગ્રી ફોટા

ગુજરાતી ટેલીફિલ્મ

हिन्दी टेलीफिल्म

નાટક

USB AUDIO

પેનડ્રાઈવ USB 2.0

કથા તથા કીર્તનો ભાગ : ૧૭ થી ૨૬

Applications

Audio-Video

Books

Images

Youtube Channel



હે પરમહંસો ! નિર્લોભી, નિષ્કામી, નિ:સ્વાદી, નિ:સ્પૃહી, નિર્માની – એ પાંચ વર્તમાનમાં રહીને પોતાના જીવને અને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે, તે પુરુષ ધન્ય છે.

અને અક્ષર ને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે ને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે કરીને નથી વિચારતા ને સ્વામી-સેવકપણે કરીને વિચારે છે તેને ધિક્કાર છે. અને અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે, તેની સ્વામી-સેવકપણે જે ઉપાસના કરે છે, તે પુરુષ ધન્ય છે. અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા ને એકત્વપણે વરતે છે, તેને પણ ધિક્કાર છે.





Visit us :

www.swaminarayanbhagwan.org

karelibaug@gmail.com

 9601290051      swaminarayanbhagwan